# ભુવનભાનુ

## એન્સાઈક્લોપીડિયા

## દિવ્યદર્શન "પ્રવચન મહોદધિ"

## ભાગ-૫૯

(નવપદ પ્રકાશ)

ઉપાધ્યાય + સાધુપદ + માર્ગાનુસારીજીવન +
ષોડશક + ગણધરવાદ(૨ થી ૧૧)



લેખક : પ.પૂ.આચાર્ય શ્રી ભુવનભાનુસૂરિ મ.સા.



॥ નમો નમઃ શ્રી પ્રેમસૂરયે ॥

# ભુવનભાનુ એન્સાઈક્લોપીડિયા

## (દિવ્ય-દર્શન પ્રવચન મહોદધિ)

**નવપદ પ્રકાશ**

**ઉપાધ્યાય + સાધુપદ + માર્ગાનુસારીજીવન + ષોડશક + ગણધરવાદ(૨થી૧૧)**

## ભાગ-૫૯

**:: પ્રવચનકાર ::**


ન્યાય વિશારદ,
સેંકડો ભવ્યાત્માઓના રાહબર
પ.પૂ. આચાર્ય શ્રી વિજય
ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજા



:: પ્રકાશક ::
કુમારપાળભાઈ વિ. શાહ
દિવ્યદર્શન-ટ્રસ્ટ
૩૯, કલિકુંડ સોસાયટી,
કલિકુંડ-ધોળકા, (અમદાવાદ)

સકલાગમરહસ્યવેદી પૂ.સ્વ. આચાર્યદેવ શ્રી વિજય દાનસૂરીશ્વરજી મહારાજના પટ્ટાલંકાર સિદ્ધાન્તમહોદધિ પૂ. આચાર્યદેવ શ્રી વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજના વિદ્વાન શિષ્યરત્ન પૂ. મુનિરાજ શ્રી ભાનુવિજયજી મહારાજના મનનીય આર્હત્ પ્રવચનોનું પ્રકાશન એટલે...

**ભુવનભાનુ એન્સાઈક્લોપીડિયા (ભાગ-૫૯)**

**દિવ્ય-દર્શન પ્રવચન મહોદધિ (નવપદ પ્રકાશ)**

**ઉપાધ્યાય + સાધુપદ + માર્ગાનુસારીજીવન + ષોડશક + ગણધરવાદ(૨થી૧૧)**

**:: શુભાશિષ ::**

તપાગચ્છ ભૂષણ સુવિશાલ ગચ્છાધિપતિ આચાર્ય
શ્રી વિજય જયઘોષસૂરીશ્વરજી મહારાજા

**:: પ્રેરક-માર્ગદર્શક ::**

સંઘ શાસન કૌશલ્યાધાર પ.પૂ. આચાર્ય શ્રી વિજય જયસુંદરસૂરીશ્વરજી મહારાજા

**:: સહાયક ::**

સરળ સ્વભાવી પ.પૂ.પં.શ્રી પદ્મસેનવિજયજી મ.સા.

**પ્રથમ આવૃત્તિ : ૨૫૦** **કિંમત : ૧૫૦/-**

**વિમોચન : અષાઢ વદ-૨, વિ.સં.૨૦૬૮, તા.૫-૭-૨૦૧૨, ગુરુવાર
સિદ્ધાન્ત દિવાકર પૂ.ગચ્છાધિપતિ આચાર્ય શ્રીમદ્ વિજય
જયઘોષસૂરીશ્વરજી મહારાજાનો ૭૭મો જન્મદિન**

**:: પ્રાપ્તિસ્થાન ::**

| દિવ્યદર્શન ટ્રસ્ટ | દિવ્યદર્શન ટ્રસ્ટ | શ્રી ભુવનભાનુસૂરિ જૈન જ્ઞાન શાળા |
| --- | --- | --- |
| ૩૯, કલિકુંડ સોસાયટી, ધોળકા | ૨૯/૩૦, વાસૂપૂજ્ય બંગલોઝ, સેટેલાઈટ, અમદાવાદ | ૩૬, જ્ઞાનમંદિર સોસાયટી, નવકાર જૈન દેરાસર સામે, વાસણા, અમદાવાદ-૩૮૦૦૦૭ |
| ડૉ. હેમંતભાઈ-અમદાવાદ (૦૭૯)-૨૬૬૩૦૦૦૬ | ડૉ. સંજયભાઈ-સુરત ૯૮૨૫૧ ૨૧૪૫૫ | મો. ૯૪૨૭૦ ૩૭૪૯૧ (રાહુલભાઈ) |

**શ્રેયસ્કર અંધેરી ગુજરાતી જૈન સંઘ**
૧૦૬, એસ.વી.રોડ, ઈર્લા-પાર્લા (વેસ્ટ)
ફોન : ૨૬૭૧૯૩૫૭

ટાઈપ સેટીંગ - મુદ્રક
**જય જિનેન્દ્ર ગ્રાફીક્સ (નીતિન શાહ - જય જિનેન્દ્ર)**
૩૦, સ્વાતિ સોસાયટી, સેન્ટ ઝેવીયર્સ હાઈસ્કુલ રોડ,
નવરંગપુરા, અમદાવાદ-૧૪. મો. ૯૮૨૫૦ ૨૪૨૦૪
ફોન : (ઓ) ૨૫૬૨ ૧૬૨૩ (ઘર) ૨૬૫૬ ૨૭૯૫
E-mail : jayjinendra90@yahoo.com

# : પ્રકાશકીય :

અપ્રમત્ત, મૈત્રીભાવના સ્વામી, અનાસક્ત યોગી **પ.પૂ.આ.શ્રી વિ. ભુવનભાનુસૂરીશ્વરજી** મહારાજાએ જીવોના રગેરગમાં જિનશાસનને વસાવવા, શાસન પ્રભાવનાના ઉત્કૃષ્ટ કાર્યો સાથે ચાંદનીના પ્રકાશમાં પણ, પોતાની નિદ્રાનો ત્યાગ કરી જે ચિંતનો લખેલા હતા તે દિવ્યદર્શન ટ્રસ્ટ વતી દિવ્યદર્શન સાપ્તાહિકમાં છપાયેલા હતા.

વર્તમાનકાળમાં સકલ સંઘના કલ્યાણ અર્થે **શ્રી ભુવનભાનુ સૂરિજન્મશતાબ્દીનું નિમિત્ત પામી** જેઓશ્રીની સતત કૃપા અમારા ટ્રસ્ટ ઉપર છે એવા સુવિશાલ ગચ્છાધિપતિ **પ.પૂ.આ.શ્રી વિ. જયઘોષસૂરીશ્વરજી મહારાજા**ના આશિષ પામી તેમના વિનીત પટ્ટધર **પ.પૂ.આ.શ્રી વિ. જયસુંદરસૂરીશ્વરજી મહારાજા**ના માર્ગદર્શન હેઠળ તે અમૂલ્ય ચિંતનો-પ્રવચનોનો રસથાળ **"ભુવનભાનુ એન્સાઈક્લોપીડિયા"**માં સંગૃહિત કરવાનું નક્કી કર્યું છે.

વર્ષોથી સ્વર્ગસ્થ પૂજ્યપાદ ગુરુદેવશ્રીની અનન્ય ભક્તિ-વૈયાવચ્ચ કરનાર **પ.પૂ.પં.શ્રી પદ્મસેનવિજયજી મ.સા.** તથા **એમના સહયોગી પૂ.મુનિશ્રી યુગરત્નવિજયજી મ.સા.** તથા **પૂ.મુનિશ્રી કળશરત્નવિજયજી મ.સા.** તથા **પૂ.મુનિશ્રી ઋષભરત્નવિજયજી મ.સા.** તેમજ **પ.પૂ.પં.શ્રી ગુણસુંદરવિજયજી મ.સા.** એ પુર્નમુદ્રણ માટે પરિમાર્જન કરી આપ્યું તે બદલ તેઓશ્રીને ખૂબ ધન્યવાદ.

આ સેટના મુદ્રણમાં જ્ઞાનખાતાનું દ્રવ્ય વાપરી સુકૃતના સહભાગી બનેલા સંઘો તથા વ્યક્તિગત લાભ લઈ સંપતિનો સદુપયોગ કરવા બદલ તેઓના તથા ગ્રંથનું ટાઈપ સેટીંગ તથા મુદ્રણ કરનાર **જય જિનેન્દ્ર ગ્રાફીક્સ, અમદાવાદ (નીતીન શાહ - જય જિનેન્દ્ર)** ના અમે આભારી છીએ.

આ પુસ્તકમાં કોઈ પણ પ્રિન્ટિંગાદિ ભૂલ રહી ગયેલ હોય તો પ્રબુદ્ધજનો જણાવીને અનુગ્રહ કરશો.

**કુમારપાળભાઈ વિ. શાહ**

# સુકૃત અનુમોદન

સિદ્ધાન્ત દિવાકર સુવિશાલ ગચ્છાધિપતિ
પ.પૂ. આ.શ્રી વિ. જયઘોષસૂરીશ્વરજી મહારાજા,
સંઘશાસન કૌશલ્યાધાર પ.પૂ. આ.શ્રી વિ.
જયસુંદરસૂરીશ્વરજી મહારાજાની પાવન પ્રેરણાથી
**શ્રી કલ્યાણ કલ્પતરુ શ્વે.મૂ. તપાગચ્છ જૈનસંઘ**
**મંછુભાઇ રોડ, મલાડ(પૂર્વ), મુંબઇ તરફથી**
જ્ઞાનનિધિમાંથી આ પુસ્તક પ્રકાશનમાં
સદ્વ્યય કર્યો છે.

ધન્યવાદ !

ગુરુસેવામાં રાતદિન ગુરુમય બનીને સદા ગુરુકૃપાને
ઝીલતા ગુરુદેવશ્રી.

"ગુરુ દીવો ગુરુ દેવતા ગુરુ વિણ ઘોર અંધાર
ગુરુવાણીથી વેગળા રઝળ્યા તે સંસાર"

સંયમ જીવનનો પ્રાણ, હૈયામાં જિનની આણ અને રગે રગે શાસનની શાન એવા શ્રી શાસનપ્રભાવક પરમપૂજ્ય સિદ્ધાંત મહોદધિ સચ્ચારિત્રચૂડામણિ ચારિત્રનિપુણમતિ આચાર્યદેવ શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી મ.સાહેબના શિષ્ય તરીકે ગુરુમય બનીને તેમની આજ્ઞાનું સંપૂર્ણ પાલન કરીને અપૂર્વ કોટીની કૃપા સંપાદનાર...

ઉન્માર્ગે જતા યુવાનોની શિબિરના આદ્યપિતા બનીને હજારો યુવાનોને સન્માર્ગે વાળી શાસનને વિશિષ્ટ ક્વૉલિટીના સાધુરત્નોની તથા શ્રાવકરત્નોની ભેટ ધરનાર...

એવા પૂજ્યશ્રીના જીવનમાં વૈરાગ્ય સંયમ અને શાસનપ્રેમનો જોશ જોમ અને જુસ્સો હતો જે માત્ર જીવનમાં નહીં વાણીમાં પણ એટલું જ એ જીવન વાણી સાથે ભગવાનની [illegible] સામટી. એ જીવન વાણી અને કલમે અનેક સંસાર રસિયાને શાસનના રસિયા બનાવ્યા... પાપરસિક આત્માઓને પુણ્યવૈભવથી ભરપૂર બનાવ્યા... વ્યસનીઓને વૈરાગી બનાવ્યા... વિલાસીઓને જૈનશાસનના ઉપાસકો બનાવ્યા. તેમના પુસ્તકોમાં વાક્યે વાક્યે આત્માની વાતો મળશે.. શબ્દે શબ્દે આત્માનું સૌંદર્ય મળશે.. વાક્યે વાક્યે દેવગુરુ ધર્મની ખુમારી મળશે... પાને પાને જીવન જીવવાની કળા મળશે.. તમારા હાથમાં આવેલું પુસ્તક

આ પુસ્તક માત્ર નથી આ પુસ્તકમાં એક ગુરુભક્ત, સંયમી, સ્વાધ્યાયી, જ્ઞાની, ધ્યાની, તપસ્વી, વૈરાગ્યરસી અપ્રમત્ત શાસનપ્રભાવક એવા પૂજ્યપાદશ્રીની સાધનાની ઝલક જોવા મળે અને ગુણો જાણવા મળશે.

હવે આ પુસ્તકમાંથી શાસન દેવ ગુરુ ધર્મ પ્રત્યેનો જોયા એ ગુણો અને વૈરાગ્ય આદિ જીવનમાં કેળવીને પુસ્તકને અનેક પુણ્યાત્માઓના હાથમાં પહોંચાડવાની જવાબદારી વાચકવર્ગની છે.

પૂજ્યપાદશ્રીનો એક અદનો ચરણકિંકર

આસો વદ ૧૦ સોમવાર કાંદીવલી

**મુનિરાજ શ્રી ધર્મબોધિવિજયજી મ.સા.**



# ભુવનભાનુ એન્સાઈક્લોપીડિયા ભાગની વિગત

ભાગ - ૧ થી ૧૦, અગ્રલેખામૃત

**સુકૃત અનુમોદન :** કે.પી. સંઘવી પરિવાર,(સ્વદ્રવ્ય) માલગાંવ, સુરત,અમદાવાદ.
શ્રી ધર્મનાથ પો.હે. જૈનનગર જૈન સંઘ(જ્ઞાનખાતા)અમદાવાદ.
શ્રી મુલુંડ ઘોઘારી વિશાશ્રીમાળી જૈન સમાજ(જ્ઞાનખાતા)મુલુંડ, મુંબઈ.
શ્રી નમિનાથ ગૃહ જિનાલય (જ્ઞાનખાતા) ઘાટકોપર-ઈસ્ટ, મુંબઈ.

ભાગ - ૧૧, અગ્રલેખામૃત + દિવ્યદર્શન + ગણધરવાદ

**સુકૃત અનુમોદન :** શેઠ શ્રી ઘેલાભાઈ કરમચંદ સેનિટોરિયમ ટ્રસ્ટ (જ્ઞાનખાતા), વિલેપાર્લે, મુંબઈ.

ભાગ - ૧૨, સાધર્મિક ભક્તિ + જીવનના આદર્શ + અનંતના પ્રવાસે

**સુકૃત અનુમોદન :** શ્રી ગીતાંજલી શ્વે.મૂ.પૂ.જૈન સંઘ (જ્ઞાનખાતા), બોરીવલી,મુંબઈ.

ભાગ - ૧૩ / ૧૪, શ્રી યોગદૃષ્ટિ સમુચ્ચય

ભાગ - ૧૫, શ્રી યોગદૃષ્ટિ સમુચ્ચય + નિશ્ચય અને વ્યવહાર

**સુકૃત અનુમોદન :** શ્રી શાંતિ નિકેતન જૈન સંઘ (જ્ઞાનખાતા), સુરત.

ભાગ - ૧૬, અનાથી મુનિ + મદનરેખા + કલ્યાણ મિત્ર + નમિરાજર્ષિ

ભાગ - ૧૭, સંસારની જડ + જીવનમાં દિશાનું પરિમાણ+ સંસારના ત્રિવિધ તાપ

ભાગ - ૧૮, ગૃહસ્થ ધર્મ કેમ દીપે ? + દર્શનની ષડ્વિધ કલા + અરિહંત પરમાત્માની ઓળખાણ + જૈનશાસનમાં ભાગવતી દીક્ષાનું સ્થાન + સંસ્કૃતિના સંરક્ષણ

**સુકૃત અનુમોદન :** શ્રી રિદ્ધિ સિદ્ધિ આદર્શ શ્વે.મૂ. જૈન સંઘ (જ્ઞાનખાતા),મલાડ, મુંબઈ-૬૪.

ભાગ - ૧૯, ધ્યાન અને જીવન

ભાગ - ૨૦, ધ્યાન અને જીવન + ચિંતા ચાર પ્રકારની

**સુકૃત અનુમોદન :** શ્રી લબ્ધિનિધાન સીમંધરસ્વામી જૈન સંઘની આરાધક
શ્રાવિકાઓ(જ્ઞાનખાતા) એલફીન્સ્ટન, વરલી, મુંબઈ.

ભાગ - ૨૧/૨૨/૨૩, શ્રી સમરાદિત્ય કથા

**સુકૃત અનુમોદન :** શ્રી નવજીવન શ્વેતાંમ્બર મૂર્તિપૂજક જૈન સંઘ (જ્ઞાનખાતા), મુંબઈ.

ભાગ - ૨૪/૨૫, શ્રી સમરાદિત્ય કથા, ભાગ - ૨૬, શ્રી સમરાદિત્ય કથા + અમીચંદની અમીદૃષ્ટિ + મહાસતી દેવસિકા + રૂપસેન અને સુનંદા

**સુકૃત અનુમોદન :** શ્રી વિલેપાર્લે શ્વેતાંમ્બર મૂર્તિપૂજક જૈન સંઘ એન્ડ ચેરિટી ટ્રસ્ટ
(જ્ઞાનખાતા) પાર્લા- ઈસ્ટ, મુંબઈ.

ભાગ - ૨૭, પર્યુષણ પર્વના પ્રવચનો

ભાગ - ૨૮/૨૯, આત્માનો વિકાસ અને મહાસતી સીતાજી

**સુકૃત અનુમોદન :** શ્રી જગવલ્લભ પાર્શ્વનાથ જૈન શ્વેતાંમ્બર મંદિર ટ્રસ્ટ
શ્રી કુંભોજગિરિ જૈન તીર્થ (જ્ઞાનખાતા)

ભાગ - ૨૧ થી ૩૦ - સ્વ. શેઠશ્રી નેમચંદ્ર જે. મહેતા (ઘાટકોપર) સાધારણ ખાતામાંથી

ભાગ - ૩૦, લલિત વિસ્તરા + સતી દમયંતી

ભાગ - ૩૧, શ્રી શાંતિનાથ ભવ - ૧ થી ૪

ભાગ - ૩૨, શ્રી શાંતિનાથ ભવ - ૪ થી ૬

**સુકૃત અનુમોદન :** પૂજ્ય સાધ્વી શ્રી રત્નત્રયીશ્રીજી મ.સા.ની દીક્ષામાં થયેલ ઉપજમાંથી

ભાગ - ૩૩, શ્રી શાંતિનાથ ભવ - ૬ થી ૮
ભાગ - ૩૪, શ્રી શાંતિનાથ ભવ - ૮ થી ૧૦
ભાગ - ૩૫, શ્રી શાંતિનાથ ભવ - ૮ થી ૧૦ + પ્રારબ્ધ પર પુરુષાર્થનો વિજય
+ ઉબ્બુડ્ડો મા પુણો નિબ્રડ્ડિજ્જા

**સુકૃત અનુમોદન :** શ્રી શાંતિસુધા પાર્ક જૈન સંઘ (જ્ઞાનખાતા), ઘાટકોપર(ઈ), મુંબઈ.

---

ભાગ - ૩૬, શાંતસુધારસ અને ઋષિદત્તા - ૧
ભાગ - ૩૭, શાંતસુધારસ અને ઋષિદત્તા - ૨
ભાગ - ૩૮, વીસસ્થાનક-અરિહંત પદ-દેવપાલની સાધના + તામસભાવના તાંડવ
ભાગ - ૩૯, વીસસ્થાનક-સિદ્ધપદ - હસ્તિપાલની સાધના + રાગદ્વેષ કરાવે કલેશ
ભાગ - ૪૦, રાગદ્વેષ કરાવે કલેશ + નરસિંહની કથા + દાનધર્મ
ભાગ - ૪૧, શ્રી કુવલયમાળા-ચરિત્ર વ્યાખ્યાન -૧
ભાગ - ૪૨, શ્રી કુવલયમાળા-ચરિત્ર વ્યાખ્યાન -૨

**સુકૃત અનુમોદન :** શ્રી ચિંતામણી પાર્શ્વનાથ જૈન સંઘ (જ્ઞાનખાતા),
સાંઘાણી એસ્ટેટ, ઘાટકોપર (વેસ્ટ), મુંબઈ.

---

ભાગ - ૪૩, શ્રી કુવલયમાળા-ચરિત્ર વ્યાખ્યાન -૩ + કષાય રોકોઃ છૂટવાનો મોકો

**સુકૃત અનુમોદન :** અમદાવાદ વાસણાની આરાધક બહેનો (જ્ઞાનખાતા),અમદાવાદ.

---

ભાગ - ૪૪, કષાય રોકોઃ છૂટવાનો મોકો
ભાગ - ૪૫, શ્રી પંચસૂત્ર-૧
ભાગ - ૪૬, શ્રી પંચસૂત્ર ભાગ-૨ + ભવાભિનંદીજીવના ૮ દુર્ગુણ + જીવનસંગ્રામ

**સુકૃત અનુમોદન :** શ્રી વર્ધમાન જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ (જ્ઞાનખાતા), નાસિક.

---

ભાગ - ૪૭, સંદેશો પ્રભુવીરનો + કામલતાની કરુણ કહાની
ભાગ - ૪૮, સુલાસાચરિત્ર + ભોગોપભોગ પરિમાણવ્રત
ભાગ - ૪૯, તરંગવતી-૧

**સુકૃત અનુમોદન :** શ્રી મરીનડ્રાઈવ જૈન અરિહંત ટ્રસ્ટ, શંખેશ્વર પાર્શ્વનાથ જિનાલય

---

ભાગ - ૫૦, તરંગવતી-૨ + અસંખ્ય જીવિયં મા પમાયએ

**સુકૃત અનુમોદન :** કરબટીયા-પિપળધન(ધર્મપુરી) શ્વે.મૂ.પૂ.જૈન સંઘ

---

ભાગ - ૫૧/૫૨, રુક્મિરાજાનું પતન અને ઉત્થાન-૧/૨
ભાગ - ૫૩ રાજપુત્ર આર્દ્રકુમાર

**સુકૃત અનુમોદન :** શ્રી શ્વેતાંબર મૂ.પૂ.જૈન સંઘ (શિવ) સાયન-મુંબઈ.

---

ભાગ - ૫૪ આનંદઘનજી કૃત સ્તવન રહસ્યાર્થ -૧ થી ૫
ભાગ - ૫૫ આનંદઘનજી કૃત સ્તવન રહસ્યાર્થ -૬
+ ઉપા. યશોવિજય કૃત ચોવિશી રહસ્યાર્થ ૧ થી ૭
ભાગ - ૫૬ ઉપા. યશોવિજય કૃત ચોવિશી રહસ્યાર્થ ૮ થી ૧૫

**સુકૃત અનુમોદન :** શ્રી મુલુન્ડ શ્વેતાંબર મૂ.પૂ.જૈન સંઘ, મુલુન્ડ-મુંબઈ.

---

ભાગ - ૫૭

**સુકૃત અનુમોદન :**

---

ભાગ - ૫૮ અરિહંત-સિદ્ધ-આચાર્યપદ પૂજા

**સુકૃત અનુમોદન :** શ્રી મલાડ શ્વે.મૂ.પૂ. જૈન સંઘ, મલાડ-મુંબઈ.

---

ભાગ - ૫૯ ઉપાધ્યાય+સાધુપદ+માર્ગાનુસારી જીવન+ષોડશક+ગણધરવાદ (૨થી૧૧)

**સુકૃત અનુમોદન :** શ્રી કલ્યાણ કલ્પતરુ શ્વે.મૂ. તપાગચ્છ જૈન સંઘ, મલાડ-મુંબઈ.

## :: અનુક્રમણિકા ::


| ક્રમ | વિષય | પે.નં. |
|---|---|---|
| | **ઉપાધ્યાય પદ પૂજા-વાચના** | |
| ૧. | ચતુર્થ શ્રી ઉપાધ્યાયપદ પૂજા | ૧ |
| ૨. | સુત્તત્થ વિત્થારણ તપ્પરાણં, નમો નમો વાયગ કુંજરાણં | ૩ |
| ૩. | નમું વાચકા ત્યક્ત મદ-મોહ-માયા | ૫ |
| ૪. | ગણી ગચ્છ સંધારણે સ્થંભભૂતા | ૮ |
| ૫. | આત્મપર વિભજનકરા છે. | ૧૩ |
| ૬. | શાસન-વહન ધોરી મુનિવરા | ૧૫ |
| ૭. | તપ સજ્ઝાયે રત સદા, દ્વાદશ અંગના ધ્યાતા રે. | ૨૪ |
| ૮. | ઉપાધ્યાય તે આતમા, જગબાંધવ જગભ્રાતા રે. | ૩૧ |


❋ ❋ ❋


| ક્રમ | વિષય | પે.નં. |
|---|---|---|
| | **સાધુપદ પૂજા-વાચના** | |
| ૧. | સત્ સાધના કોને કેહવાય ? | ૪૦ |
| ૨. | શુદ્ધ દયા અને દમ. | ૪૨ |
| ૩. | મોક્ષને યોગ્ય કોણ બની શકે ? | ૫૦ |
| ૪. | મુનિ અષ્ટાંગી છે ? | ૫૨ |
| ૫. | વિષયોનું વિષ એટલે ? | ૬૦ |
| ૬. | શરીર સંયમનું ખૂની - દૃષ્ટાંત | ૬૫ |
| ૭. | અધ્યાત્મની વ્યાખ્યા - સ્વરૂપ | ૭૫ |
| ૮. | મુનિ ષટ્કાય પ્રતિપાળ | ૮૬ |
| ૯. | મુનિ ૧૮૦૦૦ શિલાંગધોરી | ૯૦ |
| ૧૦. | નવવિધ બ્રહ્મગુપ્તિ | ૯૩ |
| ૧૧. | સાધુના દર્શનથી અપૂર્વપુણ્ય પ્રગટ થાય | ૧૦૦ |
| ૧૨. | વિકાર બંધથી પ્રશમ સુખ વધે | ૧૨૧ |
| ૧૩. | રતિ-અરતિને દબાવવાના ઉપાય | ૧૨૩ |
| ૧૪. | પ્રમાદ કોને હોય ? | ૧૨૭ |
| ૧૫. | આસક્તિ વગર આહાર વપરાય ? | ૧૩૫ |

## માર્ગાનુસારી જીવન


| ક્રમ | વિષય | | | પે.નં. |
|---|---|---|---|---|
| ૧. | માનવજીવનનું મૂલ્ય | | | ૧૩૭ |
| ૨. | લૌકિક-આધ્યાત્મિક પારલૌકિક દૃષ્ટિ, | | | ૧૩૮ |
| | માર્ગાનુસારી ગુણોનું મહત્ત્વ ૩૫ ગુણો ૪ વિભાગમાં | | | ૧૩૮ |
| ૩. | **૧૧ કર્તવ્ય** | | | |
| | **(૧) ન્યાય સંપન્ન-વિભવ** | | | ૧૩૯ |
| | A. ન્યાયિતા ક્યાં ક્યાં ? ધંધો | B. નોકરી | C. સ્ત્રીઓ | |
| | D. વિદ્યાર્થી   E. દલાલી | F. ધીરધાર | G. હુન્નર | |
| | H. વૈદ્ય-ડૉક્ટર   I. વકિલાત | J. અમલદારિપણું | | |
| | **(૨) ઉચિત વ્યય** | **(૬) અજીર્ણે અ-ભોજન** | | |
| | **(૩) ઉચિત વેશ** | અર્જીણના અનર્થ | | |
| | ઉદ્ભટવેશના અનર્થ | પૂજાભક્તિના ૧૧ નિયમ | | |
| | **(૪) ઉચિત ઘર** | **(૭) કાળે સાત્મ્યવાળું ભોજન** | | |
| | **(૫) ઉચિત વિવાહ** | રાત્રિભોજનના દોષ | | |
| | સમાન ગોત્રી, અસમાન | સાત્મ્યવાળુ એટલે ? | | |
| | કુળવાળા સાથે લગ્નમાં દોષ | માતાપિતાનો ઉપકાર | | |
| | **(૮) માતાપિતાની પૂજા** | **(૯) પોષ્ય-પોષણ** | | |
| | **(૧૦) અતિથિ-સાધુ-દીનની પ્રતિપત્તિ** | | | ૧૪૬ |
| | **(૧૧) જ્ઞાનવૃદ્ધ અને ચારિત્રપાત્રની સેવા** | | | ૧૪૭ |
| ૪. | **૮ દોષનો ત્યાગ** | | | |
| | **(૧) નિન્દા ત્યાગ** | | | ૧૪૭ |
| | નિન્દા કેમ થાય છે ? | | | ૧૪૭ |
| | નિન્દાના અનર્થ | | | ૧૪૭ |
| | **(૨) નિંદ્ય પ્રવૃત્તિનો ત્યાગ** | | | ૧૪૮ |
| | **(૩) ઈન્દ્રિયોની ગુલામીનો ત્યાગ** | | | ૧૪૮ |
| | ઈન્દ્રિયોના અનર્થ | | | ૧૪૯ |
| | ૫ ઈન્દ્રિયોના દુરુપયોગો-સદુપયોગો | | | ૧૪૯ |
| | **(૪) આંતરશત્રુ-જય** | | | ૧૫૦ |
| | (i) કામ | (v) લોભ | | |
| | (ii) વાસના રોકવા ઉપાય | (vi) લોભ રોકવા ઉપાય | | |

| ક્રમ | વિષય | પે.નં. |
| --- | --- | --- |
| | (iii) ક્રોધ | |
| | (iv) ક્રોધ રોકવા ઉપાય | |
| | (ix) આંતર-શત્રુ દાબવા ઉપાય | |
| | (x) મદ | |
| | (xi) મદ રોકવા ઉપાય | |
| | (xii) હર્ષ | |
| | (vii) માન | |
| | (viii) માન રોકવા શું કરવું ? | |
| | (xiii) હર્ષ-હાસ્ય રોકવા શું કરવું ? | |
| | (xiv) રાગદ્વેષ રોકવા શું કરવું ? | |
| | (xv) દંભ રોકવા શું કરવું ? | |
| | (xvi) શોક રોકવા શું કરવું ? | |
| | **(૫) અભિનિવેશ ત્યાગ** | ૧૫૫ |
| | **(૬) ત્રિવર્ગમાં અબાધા** | ૧૫૬ |
| | (A) એકલા ધર્મપુરુષાર્થથી હાનિ | |
| | (B) એકલા અર્થ પુરુષાર્થથી અનર્થ | |
| | (C) એકલા કામપુરુષાર્થથી અનર્થ | |
| | (D) ધર્મપુરુષાર્થમાં શું શું કરવું ? | |
| | (E) દાનાદિ ૪, દેવગુરુભક્તિ-દર્શન-જ્ઞાન-ચારિત્રયોગાદિ | |
| | **(૭) ઉપદ્રવવાળા સ્થાનનો ત્યાગ** | ૧૫૮ |
| | **(૮) અદેશ-કાલચર્યાનો ત્યાગ** | ૧૫૯ |
| ૫. | **૮ ગુણ ગ્રહણ** | ૧૬૦ |
| | **(૧) પાપનો ભય** | |
| | **(૨) ૬ રીતે લજ્જા** | |
| | ★ લજ્જા ક્યાં નહિ ? | |
| | **(૩) ૪ સ્થાને સૌમ્યતા** | |
| | ★ સૌમ્યતા માટે ઉપાય | |
| | **(૪) લોકપ્રિયતા** | |
| | ★ વિવેક | |
| | ★ લોકપ્રિયતાના ઉપાય | |
| | **(૫) દીર્ઘદૃષ્ટિ** | |
| | **(૬) બલાબલની વિચારણા** | |
| | **(૭) વિશેષજ્ઞતા** | |
| | **(૮) ગુણપક્ષપાત** | |
| | ★ કર્તવ્યજ્ઞાન | |
| | ★ નવું નવું તત્ત્વજ્ઞાન | |
| ૬. | **૮ સાધના** | ૧૬૮ |
| | **(૧) કૃતજ્ઞતા** | |
| | (A) કુદરતની કૃતજ્ઞતા | |
| | (B) ઉપકારી કોણ ? | |
| | **(૨) પરોપકાર** | |
| | (A) પરોપકારના લાભ | |
| | **(૩) દયા** | |
| | (i) ૩ પ્રકારે દયા | |
| | (ii) દયામાં શું શું કરવું ? | |
| | (iii) બીજાને દુઃખ ન આપવાના પ્રકાર | |
| | (iv) ભાવ દુઃખ ન દેવા શું શું ? | |

| ક્રમ | વિષય | પે.નં. |
|---|---|---|
| | (B) પરોપકાર માટે શું જોઈએ ? **(૪) સત્સંગ** | |
| | (C) તન-મન-ધનના વિવિધ પરોપકાર **(૫) ધર્મશ્રવણ** | |
| | (D) દ્રવ્ય-ભાવ ઉપકાર | |
| | (E) ધર્મશ્રવણના ૧૨ લાભ | |
| | (F) શ્રવણ ગુરુ પાસે કેમ ? | |
| | (G) સાંભળીને ભૂલાઈ જાય એવા શ્રવણથી શું ? | |
| | (H) ધર્મ કયો સાંભળવો | |
| | (I) શ્રવણવિધિ | |
| **(૬)** | **બુદ્ધિના ૮ ગુણ.** | ૧૭૫ |
| | (i) શુશ્રૂષા (✹) પદાર્થોની કડી જોડવી | |
| | (ii) શ્રવણ (v)(vi) ઊહાપોહ (ઉહા-અપોહ) | |
| | (iii) ગ્રહણ (vii) અર્થવિજ્ઞાન | |
| | (iv) ધારણા (viii) તત્ત્વજ્ઞાન | |
| | **(૭) પ્રસિદ્ધ-દેશાચાર-પાલન** | ૧૭૭ |
| | **(૮) શિષ્ટાચાર પ્રશંસા** | ૧૭૭ |
| | **(✹) શિષ્ટના આચારો** | ૧૭૭ |


❈ ❈ ❈

## 'ષોડશક'ના ૧૬ પ્રકરણના વિષયો


| ક્રમ | વિષય | પે.નં. |
|---|---|---|
| ૧. | **ષોડશક - ૧** | ૧૭૯ |
| | ધર્મપરીક્ષક : ૩ પ્રકારના ધર્માર્થી જીવ | |
| | જીવનની મહત્તા શાથી ? | |
| ૨. | બાળ-મધ્યમ-પંડિતની ધર્મદૃષ્ટિ | |
| ૩. | **બાળ** | ૧૭૯ |
| ૪. | **મધ્યમ** | ૧૭૯ |
| ૫. | **પંડિત** | ૧૮૦ |
| ૬. | **આગમશુદ્ધિ ૪ પ્રકારે** | ૧૮૦ |
| | **(૧) દૃષ્ટ-ઈષ્ટ અવિરોધ એટલે ? (૨) ઉત્સર્ગ-અપવાદ** | |
| | **(૩) આત્મા-બંધ-મોક્ષ (૪) ઐદંપર્ય** | |
| ૭. | પરસ્થાનદેશના પાપદેશના | |

| ક્રમ | વિષય | પે.નં. |
| --- | --- | --- |
| ૮. | **ષોડશક - ૨** | ૧૮૩ |
| | બાળ-મધ્યમ-બુધને શી દેશના આપવી ? | |
| | બાલને દેશના કષ્ટમય આચારની | |
| ૯. | **ત્રિકોટીપરિશુદ્ધ ૩ રીતે** | ૧૮૪ |
| | **(૧) નિર્દોષચર્યા-પ્રવચનમાતાની** | ૧૮૪ |
| | **(૨) આગમપરિશીલનની** | ૧૮૪ |
| | **(૩) ગુરુપારતન્ત્ર્યની** | ૧૮૪ |
| ૧૦. | પરમગુરુની પ્રાપ્તિ | ૧૮૪ |
| ૧૧. | બુધને દેશના | ૧૮૫ |
| | ૧. નિર્દોષ-આગમની ૨. ભાવપ્રધાન | |
| | ૩. વચનારાધનથી ધર્મ. આગમ કેમ ધર્મ સર્વસ્વ ? | |
| | ૪. વીતરાગ-સમાપત્તિ ૫. ધર્મદેશનાના ૩ પ્રયોજન | |
| ૧૨. | **ષોડશક - ૩** | ૧૮૬ |
| | ધર્મનું સ્વરૂપ : ૫ આશય | ૧૮૬ |
| | ત્રિકાલાબાધ્ય સર્વાંગમાવિરુદ્ધ. આદિ મધ્યાન્તે કલ્યાણરૂપ | ૧૮૬ |
| | ધર્મ એક સર્જક ચિત્ત | ૧૮૬ |
| | આગમ અને સદ્‌યોગથી મળનાશ | ૧૮૬ |
| | પુષ્ટિ : શુદ્ધિ | ૧૮૭ |
| | વિધિનિષેધ-પાલન એ કારણ ને કાર્ય | ૧૮૭ |
| | એકલા જ્ઞાનથી રાગ ન ટળે ? | ૧૮૭ |
| | પુણ્ય-બંધનની શી જરૂર ? | ૧૮૭ |
| | પ્રણિધાનાદિનું મહત્ત્વ | ૧૮૮ |
| | પુષ્ટિ-શુદ્ધિ પ્રણિધાનાદિથી જ સાનુબંધ | ૧૮૮ |
| ૧૩. | **પાંચ આશય** | ૧૮૯ |
| | **૧. પ્રણિધાનનાં ૪ લક્ષણ ૨. પ્રવૃત્તિનાં ૪ લક્ષણ** | |
| | **૩. વિઘ્નજય કંટક-જ્વર-દિગ્મોહ-વિઘ્ન. ૩ ઉપાય** | |
| | **૪. સિદ્ધિનાં ૩ લક્ષણ ૫. વિનિયોગથી ભવાંતરે ધર્મપ્રવાહ** | |
| | ભાવનું મહત્ત્વ | ૧૯૧ |
| | ભાવ એ વિમુક્તિ-રસ | ૧૯૧ |
| ૧૪. | **ષોડશક - ૪ ધર્મના લક્ષણ** | ૧૯૨ |
| | **૫ લોકોત્તર ભાવ** | ૧૯૨ |

| ક્રમ | વિષય | પે.નં. |
|---|---|---|
| | **૪ પાપ વિકાર** | ૧૯૨ |
| ૧૫. | **(૧) ઔદાર્ય** | ૧૯૩ |
| | ક્ષુદ્રતાનો ત્યાગ | ૧૯૩ |
| | ઉચિત વર્તાવ | ૧૯૩ |
| | પરકાર્યનો ઉત્સાહ | ૧૯૩ |
| ૧૬. | **(૨) દાક્ષિણ્ય** | ૧૯૪ |
| | ગાંભીર્ય-ધૈર્ય-સ્થૈર્ય | ૧૯૫ |
| ૧૭. | **(૩) પાપ-જુગુપ્સા** | ૧૯૫ |
| ૧૮. | **(૪) નિર્મળ બોધ** | ૧૯૬ |
| | શ્રુત-ચિન્તા-ભાવના | ૧૯૬ |
| ૧૯. | **(૫) જનપ્રિયતા** | ૧૯૭ |
| | પાંચનો ટૂંક સાર | ૧૯૭ |
| ૨૦. | **(૧) અતિ વિષયતૃષ્ણા** | ૧૯૮ |
| ૨૧. | **(૨) દૃષ્ટિસંમોહ** | ૧૯૮ |
| ૨૨. | **(૩) ધર્મપથ્યની અરુચિ** | ૧૯૯ |
| ૨૩. | **(૪) ક્રોધની ખણજ** | ૧૯૯ |
| ૨૪. | **મૈત્રી આદિ ૪ ગુણ** | ૨૦૦ |
| | મૈત્રી આદિથી પાપ વિકારો કેમ અટકે ? | ૨૦૦ |
| | પુણ્યના ૪ ઉપાય | ૨૦૧ |
| ૨૫. | **ષોડશક - ૫** | ૨૦૧ |
| | આગમ-પરિણતિ લોકોત્તર-તત્ત્વપ્રાપ્તિ ચરમાવર્તમાં જ | ૨૦૧ |
| | આગમાનુસારી જ ધર્મપુરુષાર્થ | ૨૦૨ |
| ૨૬. | **સદનુષ્ઠાના ૪ ઉપાય** | ૨૦૨ |
| | ૧. વૈદ્યવચનવત્ આગમ-વચનશ્રદ્ધા ૨. સંજ્ઞા-નિરોધ | ૨૦૨ |
| | ૩. પરાર્થરક્તતા ૪. ગંભીરોદારચિત્ત | ૨૦૨ |
| ૨૭. | **લોકોત્તરતત્ત્વ ૪** | ૨૦૩ |
| | ૧ દાનાદિ ૨ દેવપૂજા | ૨૦૩ |
| | ૩ ગુરુસેવા ૪ સદ્‌યોગ | ૨૦૩ |
| ૨૮. | **ષોડશક - ૬** જિનભવન-નિર્માણ | ૨૦૪ |
| | • નિર્માતાના ૫ લક્ષણ • નિર્માણમાં ૪ જરૂરી વસ્તુ | ૨૦૪ |
| | • શુદ્ધભૂમિનાં ૩ લક્ષણ • ધર્મનિષ્પત્તિનાં ૩ કારણ | ૨૦૪ |

| ક્રમ | વિષય | પે.નં. |
|---|---|---|
| ૨૯. | **મંદિરનિર્માણમાં હિંસા થાય તેનું શું ?** | ૨૦૫ |
| | ૧. યતના ૨. વિપાકે અહિંસા | ૨૦૫ |
| | ૩. વર્તમાન હિંસા નિવૃત્તિ ૪. શાસ્ત્રવિહિત | ૨૦૫ |
| ૩૦. | **ષોડશક - ૭ જિનબિંબ-નિર્માણ** | ૨૦૫ |
| | સાધન | ૨૦૫ |
| | કારીગર પર અરુચિ એ ભગવાન પર અરુચિ | ૨૦૫ |
| | મંત્રન્યાસ | ૨૦૫ |
| | ભાવ બળવાન | ૨૦૫ |
| | પ્રશસ્ત ભાવનાં ૩ કારણ | ૨૦૬ |
| ૩૧. | **ષોડશક - ૮ જિનબિંબ-પ્રતિષ્ઠા** | ૨૦૬ |
| | પ્રતિષ્ઠા ૩ પ્રકારે | ૨૦૬ |
| | પ્રતિષ્ઠા એટલે ? | ૨૦૬ |
| | બિંબમાં ઔપચારિક સ્થાપન | ૨૦૬ |
| | ૪ સ્થાપના | ૨૦૭ |
| | આત્મા સુવર્ણ-કર્મ કચરો-જિનવચનાગ્નિ-શુભક્રિયા ઈંધન-ભાવરસેન્દ્ર | ૨૦૭ |
| | ભાવવૃદ્ધિ એ બીજન્યાસ, મંત્રરાજ, અસંગ | ૨૦૭ |
| ૩૨. | **ષોડશક - ૯ જિનબિંબ-પૂજા** | ૨૦૮ |
| | પૂજામાં ૯ સાધન | ૨૦૮ |
| | એક રીતે ૩ પૂજા | ૨૦૮ |
| | સમરસ | ૨૦૮ |
| | બીજી રીતે ૩ પૂજા-વિઘ્નોપશમની અભ્યુદયસાધની નિર્વાણસાધની | ૨૦૯ |
| | સ્નાનાદિમાં જીવવધ છે. પૂજાથી જીવ વધ ગુણકારી | ૨૦૯ |
| ૩૩. | **ષોડશક - ૧૦ અનુષ્ઠાન ૪ પ્રકારે** | ૨૧૦ |
| | પ્રીતિ-ભક્તિ-વચન-અસંગ અનુષ્ઠાન | ૨૧૦ |
| | ૫ પ્રકારની ક્ષમા | ૨૧૦ |
| | શ્રુતમય ચિન્તા-ભાવનાજ્ઞાન | ૨૧૧ |
| ૩૪. | **ષોડશક - ૧૧** | ૨૧૨ |
| | શુશ્રૂષા પરમ-અપરમ, શ્રુતચિન્તા-ભાવનાજ્ઞાનનો કોઠો | ૨૧૨ |
| | મિથ્યાજ્ઞાન-સમ્યગ્જ્ઞાન | ૨૧૩ |
| ૩૫. | **ષોડશક - ૧૨** દીક્ષાધિકારી, દીક્ષાના નિક્ષેપનું સ્થાપન | ૨૧૪ |
| | દીક્ષામાં કર્તવ્ય | ૨૧૫ |
| ૩૬. | **ષોડશક - ૧૩** | ૨૧૬ |
| | સાધુક્રિયા ૧ ગુરુવિનય, ૨ સ્વાધ્યાય, ૩ યોગાભ્યાસ, | ૨૧૬ |

| ક્રમ | વિષય | પે.નં. |
|---|---|---|
| | ૪ પરાર્થકરણ, ૫ ઈતિકર્તવ્યતા. | ૨૧૬ |
| | ૪-૪ પ્રકારે મૈત્રી આદિ, નિષ્પન્નયોગી, કુલયોગી, | ૨૧૭ |
| | સર્વ યોગમાર્ગના ઉપાય. | ૨૧૭ |
| ૩૭. | **ષોડશક - ૧૪ ખેદાદિ ૮ દોષ** | ૨૧૮ |
| | ૧ ખેદ, ૨ ઉદ્વેગ, ૩ ક્ષેપ, ૪ ઉત્થાન, | ૨૨૦ |
| | ૫ ભ્રાન્તિ, ૬ અન્યમુદ્, ૭ રોગ, ૮ આસંગ | ૨૨૧ |
| ૩૮. | **ષોડશક - ૧૫** | ૨૨૨ |
| | જિનેન્દ્ર રૂપનું ૨૧ વિશેષણથી ધ્યાન | ૨૨૨ |
| | પર-અપરતત્ત્વ | ૨૨૩ |
| | સ્વાલંબન-નિરાલંબનધ્યાન | ૨૨૩ |
| | વસ્તુનો ભૂત-ભાવી પર્યાયો સાથે સંબંધ | ૨૨૪ |
| | પરતત્ત્વના ૨૩ વિશેષણ | ૨૨૫ |
| ૩૯. | **ષોડશક - ૧૬** | ૨૨૬ |
| | અંશે નિર્ગુણ મુક્તિ | ૨૨૭ |
| | બંધ-મોક્ષની સમર્થક ૩ વસ્તુ | ૨૨૭ |
| | ૧ પરિણામી આત્મા, ૨ સત્કર્મ, ૩ ઉભય માટે યોગ્યતા | ૨૨૮ |
| | આગમાન્તર પર દ્વેષ નહિ તત્ત્વપ્રવૃત્તિના ૮ અંગ | ૨૨૮ |


❖ ❖ ❖

## ગણધરવાદ


| ક્રમ | વિષય | પે.નં. |
|---|---|---|
| ૧. | બીજા ગણધર શ્રી **અગ્નિભૂતિ** | ૨૨૯ |
| ૨. | કર્મસિદ્ધિનાં અનુમાન | ૨૪૨ |
| ૩. | ત્રીજા ગણધર-**વાયુભૂતિ**-શરીર એ જ જીવ છે ? | ૨૪૮ |
| ૪. | ચોથા ગણધર - **વ્યક્ત** સ્વામી - પંચભૂત સત્ કે અસત્ | ૨૫૪ |
| ૫. | પાંચમાં ગણધર - **સુધર્મા** સ્વામી - પરભવ સમાન કે અસમાન | ૨૬૩ |
| ૬. | છઠ્ઠા ગણધર - **મંડિતસ્વામી** - બંધમોક્ષ છે ? | ૨૬૬ |
| ૭. | સાતમા ગણધર - **મૌર્યપુત્ર** - દેવતાઓ છે ? | ૨૭૦ |
| ૮. | આઠમાં ગણધર - **અકંપિત** - નારક છે ? | ૨૭૨ |
| ૯. | નવમાં ગણધર - **અચલભ્રાતા** - પુણ્ય-પાપ છે ? | ૨૭૩ |
| ૧૦. | દસમાં ગણધર - **મેતાર્ય** - પરલોક છે ? | ૨૭૮ |
| ૧૧. | અગિયારમાં ગણધર - **પ્રભાસ** - મોક્ષ છે ? | ૨૭૯ |

પૂ. ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજ કૃત
શ્રી નવપદજીની પૂજા.

# ચતુર્થ શ્રી ઉપાધ્યાયપદ પૂજા

## (આદ્ય કાવ્યં - ઈંદ્રવજા વૃત્તમ્)

સુત્તત્થ વિત્થારણ તપ્પરાણં નમો નમો વાયગ કુંજરાણં
ગણસ્સ સાધારણ સારયાણં, સવ્વક્ખણા વજ્જિયમંથરાણં !

## (ભુજંગ પ્રયાત વૃત્તમ્)

નહિ સૂરિ પણ સૂરિગણને સહાયા, નમું વાચકા, ત્યક્ત મદ-મોહ-માયા
વળી દ્વાદશાંગાદિ સૂત્રાર્થ-દાને, જિકે સાવધાના નિરુદ્ધાભિમાને... ૧

ધરે પંચને વર્ગ વર્ગિત ગુણૌઘા, પ્રવાદિ દ્વીપોચ્છેદને તુલ્ય સિંઘા,
ગણી ગચ્છ-સંધારણે સ્થંભભૂતા, ઉપાધ્યાય તે વંદીએ ચિત્ પ્રભુતા... ૨

## (ઢાળ-ઉલાળાની દેશી)

ખંતિજુઆ મુત્તિજુઆ અજ્જવ મદ્દવ જુત્તાજી,
સચ્ચં સોયં અકિંચણા, તવ સંજમ ગુણરત્તાજી. ૧

જે રમ્ય બ્રહ્મ સુગુપ્તિ-ગુત્તા, સમિતિ-સમિતા શ્રુતધરા;
સ્યાદ્વાદ વાદે તત્ત્વવાદક, આત્મપર-વિભજનકરા. ૨

## (કાવ્ય)

ભવભીરુ સાધય ધીર સાધન, વહન ધોરી મુનિવરા
સિદ્ધાંતવાયણદાન સમરથ, નમો પાઠક પદધરા. ॥૧॥

## ॥ પૂજા ઢાળ - ॥ શ્રીપાળ રાસની દેશી ॥

દ્વાદશ અંગ સજ્ઝાય કરે જે, પારગ ધારગ તાસ
સૂત્ર અર્થ વિસ્તાર રસિક તે, નમો ઉવજ્ઝાય ઉલ્લાસ રે ભવિકા૦ ॥ ૧૬ ॥

અર્થ સૂત્રને દાન વિભાગે, આચારજ ઉવજ્ઝાય
ભવ ત્રીજે જે લહે શિવસંપદ, નમિયે તે સુપસાય રે ભવિકા૦ ॥ ૧૭ ॥

મુરખ શિષ્ય નિપાઈ જે પ્રભુ, પાહાણને પલ્લવ આણે
તે ઉવજ્ઝાય સકલજન પૂજિત, સૂત્ર અર્થ સવિ જાણે રે ભવિકા૦ ॥ ૧૮ ॥

રાજકુંવર સરિખા ગણચિંતક; આચારજ પદ યોગ,
ઉવજ્ઝાય સદા જે નમતાં, નાવે ભવભય સોગ રે. ભવિકા૦ ॥ ૧૯ ॥

બાવના ચંદન રસ સમ વયણે અહિત તાપ સવિ ટાળે
તે ઉવજ્ઝાય નમી જે વળી, જિનશાસન અજુવાળે રે ભવિકા૦ ॥ ૨૦ ॥

## ॥ ઢાળ ॥

**તપ સજ્ઝાયે રત સદા, દ્વાદશ અંગના ધ્યાતા રે;**
**ઉપાધ્યાય તે આતમા જગ બંધવ જગ ભ્રાતા રે ॥ વીર૦ ॥ ૫ ॥**

## ॥ શ્રી ઉપાધ્યાય પદ કાવ્યં ॥

**સુત્તત્થ સંવેગમયં સુએણ. સંનીરખીરામય વિસ્સુએણં;**
**પીણંતિ જે તે ઉવજ્ઝાયરાએ, ઝાએહ નિચ્ચંપિ કયપ્પસાએ.**

❋ ❋ ❋

# શ્રી ઉપાધ્યાય પદ પૂજા પર વાચના

હવે નવપદમાંના ચોથા પદ **'ઉપાધ્યાય પદ'**ની પૂજાના પદોના અર્થનો વિચાર કરવામાં આવે છે. આચાર્ય શ્રી રત્નશેખરસૂરિજી મહારાજ ઉપાધ્યાયની આ ઓળખ આપે છે.

**'સુત્તત્થ વિત્થારણ તપ્પરાણં, નમો નમો વાયગ કુંજરાણં'**

અર્થાત્ ઉપાધ્યાય સૂત્રાર્થનો વિસ્તાર કરવામાં તત્પર છે, સામાન્ય રીતે ઉપાધ્યાય સૂત્રદાતા અને આચાર્ય અર્થદાતા કહેવાય.

અહીં સૂત્રાર્થ વિસ્તારણ-તત્પરનો અર્થ એ છે કે સૂત્ર અને અર્થનો લાંબો વિસ્તાર કરવામાં અર્થાત્ એની પરંપરાને ચલાવવાને તત્પર, એટલે કે પોતે તો પામ્યા. હવે જો પોતાના શિષ્યને આપે તો પોતાને મળેલ સૂત્ર અર્થને શિષ્ય સુધી વિસ્તાર્યો કહેવાય. એ શિષ્ય વળી પોતાના શિષ્યને આપશે. એ એમના શિષ્યને આપશે એમ સૂત્ર-અર્થનું વિસ્તરણ યાને પરંપરા ચાલુ રહે, તે માટે તત્પર ઉપાધ્યાય છે.

સૂત્રાર્થ એટલે સૂત્ર અને તેનો અર્થ એટલે કે સૂત્ર પર ભાષ્યનો અર્થ, ભાષ્ય પર નિર્યુક્તિનો અર્થ, નિર્યુક્તિ પર ચૂર્ણી-ટીકાનો અર્થ, આ બધું સૂત્રના અર્થમાં આવે. આચાર્ય અર્થની દેશના એટલે કે સૂત્રના ભાવોના બોધ થાય એવા પદાર્થોનો ઉપદેશ આપે છે. ત્યારે ઉપાધ્યાય સૂત્ર ભણાવે, સૂત્રનો ભાષ્ય નિર્યુક્તિ ચૂર્ણી-ટીકામાં વર્ણવેલા અર્થ ભણાવે. સૂત્ર અને અર્થના વિસ્તારણને શિષ્યમાં તેનો વિસ્તાર કરવામાં તત્પર એવા વાચકમાં હાથી સમાન ઉપાધ્યાયને વારંવાર હું નમું છું.

**"ગણસ્સ સાધારણ સાહયાણં"**

શ્રી ઉપાધ્યાય ભગવંતો માત્ર સૂત્રાર્થનું રટણ જ નથી કરતા પણ ગણ-ગચ્છના મોટા આધાર છે. સંયમ-સ્વાધ્યાય-ક્ષમા-વિનય વગેરે અનેક ગુણોનો ઉદ્ભવ અને રક્ષણ કરવા માટે સતત ચિન્તા કરતા હોય છે. નાનામાં નાના સાધુથી માંડીને મોટા સાધુઓ-બધાની એક સરખી સાર સંભાળ કરનારા હોય છે. નાનાની ઉપેક્ષા કે મોટાને મહત્તા એવો ભેદ્ભાવ રાખ્યા વગર જેને જે કહેવા જેવું હોય તે હિંમતથી કહી શકે છે. સગાવાદ રાખતા નથી.

એક મોટી કંપનીનો મેનેજર જેમ સતત કંપનીના ઉત્કર્ષ માટે સક્રિય રહેતો હોય તેમ શ્રી જિનશાસનના ઉત્કર્ષ માટે શ્રી ઉપાધ્યાય ભગવંતો પણ સદા વિના વિલંબે નહીં કે મંથરગતિએ ઝડપથી કાર્યવાહી શરૂ કરી દેનારા હોય છે. એક બાજુ જૈન શાસનને કંઈ નુકસાન થવાની પૂરી સમ્ભાવના હોય એના માટે તાત્ક્ષલિક

સંરક્ષક પગલા લેવાની જરૂર હોય, ત્યારે બીજી બાજુ ખાલી વાતોના વડા કરીને ઢીલી ઢીલી નીતિ અપનાવીને હોતી હૈ, ચલતી હૈ, એવી પદ્ધતિએ સમય બગાડે નહીં, પણ સ્વસ્થ તંદુરસ્ત અને ઝડપી નિર્ણય લઈને નુકસાનને રોકવામાં ક્ષણે ક્ષણે તત્પર હોય છે એવા ઉપાધ્યાય ભગવંતોને આપણા કોટિ કોટિ વંદન.

**કાવ્ય : 'નહિ સૂરિ, પણ સૂરિગણને સહાયા'**

(૧) ઉપાધ્યાય અલબત્ત સૂરિ આચાર્ય નથી. આચાર્ય પદે બિરાજમાન નથી, ઉપાધ્યાય એ બધું ભણાવવામાં તત્પર ઉદ્યત રહે છે. આચાર્ય શાસન પરંપરા આગળ આગળ વિસ્તારે છે, ઉપાધ્યાય સૂત્ર-અર્થ પરંપરા આગળ આગળ વિસ્તારે છે; એટલે ઉપાધ્યાય અલબત્ત સૂરિ નથી.

પરંતુ સૂરિગણને આચાર્યના સમુદાયને સહાયરૂપ છે. આચાર્યનો ગણ એટલે તેમના શિષ્ય-સમુદાયને સહાયક છે, કેમ કે તેઓ એમને સૂત્ર-અર્થની વાચનાઓ આપે છે. મુનિઓને તેમાંથી સૂત્ર-બોધ થાય છે, અર્થ-બોધ થાય છે. પછી મુનિઓ એના રોજિંદા સ્વાધ્યાયમાં લાગ્યા રહે છે, જે મુનિઓનું રોજનું કર્તવ્ય છે. કહ્યું છે 'ચાઉક્કાલં સજ્ઝાયસ્સ' આમ ઉપાધ્યાય મુનિઓને જ્ઞાનના દાનથી મુખ્યતયા સહાયભૂત થાય છે. જ્ઞાનદાન કરે છે.

મુનિઓને ગોચરી લાવી આપવી, માંદા હોય તો એમની વૈયાવચ્ચ કરવી તે બધી નાની સહાય છે, ને જ્ઞાનદાન તે મોટી સહાય છે. જો જ્ઞાન આવે તો જીવોની વિશેષ જયણા થાય, દયા થાય. વળી, હેય-ઉપાદેય વગેરે પદાર્થો અંગેનું જ્ઞાન થાય તો તેનો અમલ સારી રીતે કરી શકે. મુનિ બન્યા એટલે શાસ્ત્રનો કાંઈ વિશિષ્ટ બોધ લઈને નથી બન્યા, પણ મુનિ થયા પછી તે ભણવાનું હોય છે; તેથી તેમને એ માટે સહાયની જરૂર છે. શ્રુત-આગમનો એક પણ અક્ષર જે આપે તે મોટા ઉપકારી છે. એમનો વિનય શિષ્યે હંમેશા જાળવવાનો છે. ઈતરોમાં ગુરુ કરતાં વિદ્યાર્થી જ્ઞાનમાં આગળ વધી ગયા હોય છતાંય ગુરુને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરે, તેનો થોડો પણ ઉપકાર નહિ ભૂલે. બાકી આજે તો નિશાળમાં ફી લેવાય છે, તેથી વિદ્યાર્થીઓ ગુરુનો ઉપકાર નથી માનતા તેથી અંદર જે પરિણતિ ઊભી થવી જોઈએ તે થતી નથી; અને પછી મળેલ જ્ઞાન કેટલું સાર્થક બને ? જો કે વાસ્તવમાં સ્કૂલ-કૉલેજની વિદ્યા એ સમ્યગ્ જ્ઞાન જ નથી, છતાં એ સાંસારિક વિદ્યા શિખવનારને પણ ઉપકારી માનવાના છે.

જ્ઞાનદાન ઉપાધ્યાય કરે એટલે સુગતિનો માર્ગ દર્શાવે છે. જો ઉપાધ્યાયે જ્ઞાનદાન ન કર્યું હોત ને શિષ્યની અજ્ઞાન દશા હોત તો તે ગમે તે રવાડે ચડી દુર્ગતિમાં જાત. પણ ઉપાધ્યાય જ્ઞાનનું દાન કરે છે તેથી દુર્ગતિના દરવાજા બંધ

થાય, સદ્‌વર્તાવ, સન્માર્ગગમન અને સદ્‌ગતિ સર્જાય છે.

અહીં એક પ્રશ્ન થાય કે 'જે સાધુ ભણે છે, તે સાધુ ઉપાધ્યાયને તો કશું આપતા નતી તો કૃતજ્ઞતા ક્યાં રહી ?'

ઉ. - ઉપાધ્યાયને તેની અપેક્ષા નથી. ઉપાધ્યાયે મદ-મોહ-માયા મૂકી દીધેલ છે, બાધક મોહને છોડેલ છે. તેથી તેમના મનમાં એ વિચાર નથી આવતો કે 'હું આટલું ભણાવું ને તે કાંઈ ન કરે ?' પણ એવો વિચાર આવે છે કે 'હું તે શું છું ?' 'ભગવાને જે આપ્યું તેમાંનું હું શું આપું છું ?' આમ ઉપાધ્યાયે મદને છોડ્યો છે. જિન શાસનમાં તો ગુરુ ઉપાધ્યાય પોતે બદલો કશો જ લીધા વિના જ્ઞાન આપે છે. તેથી શિષ્ય ગુરુને મહાન માને, મહાઉપકારી માને, એ સહજ છે.

**'નહિ સૂરિ, પણ સૂરિગણને સહાયા' અર્થાત્'**

ઉપાધ્યાય પોતે સૂરિ આચાર્ય નથી, તો પણ સૂરિ-ગણને સહાયક છે. અહીં 'સૂરિગણ'ને દ્વન્દ્વ સમાસ તરીકે લઈએ તો 'સૂરિ' અને 'ગણ' બંનેને સહાયક થનાર ઉપાધ્યાય છે. તેઓ શિષ્યોના અધ્યયનને સંભાળી લઈ આચાર્યની ચિંતા ઓછી કરવા રૂપે એમને સહાયક બને છે. તેમજ મદ-મોહ-માયા રહિત બનીને મુનિઓને જ્ઞાનદાન આપવા દ્વારા ગણને સહાયક બને છે. હવે 'સૂરિગણ' એ ષષ્ઠી તત્પુરુષ સમાસ લઈએ તો સૂરિના ગણને સહાયક એવો અર્થ ભલે થાય. ભલે ગચ્છ ભણાવી તૈયાર કરે ઉપાધ્યાય પરંતુ ગણ-ગચ્છ આચાર્યનો જ ગણાય. આચાર્યના સમુદાયને ઉપાધ્યાય સહાયભૂત બને છે. એ પછી કહ્યું.

**'નમું વાચકા ત્યક્ત મદ-મોહ-માયા'** (૧) આ એટલા માટે કહ્યું કે મદ-અભિમાન હોય તો ઉપાધ્યાય સહાયક ન બની શકે.

દા.ત. 'હું હોશિયાર છું, મારુ જુદું ગ્રુપ સ્થાપીશ. આચાર્યના ગ્રુપને હું શા માટે સહાયક બનું ?' આ મદ છે. આ મદ હોય તો સહાયક થવાનું મન ન થાય; પોતાનું સ્વતંત્ર સ્થાપવાનું મન થાય. એમ બહુ ચાપલુસી કરનારને વધુ ભણાવે; બીજાને ઓછું આ મોહ છે. અથવા ભણાવે પણ શાસ્ત્રોમાં શંકા દેખાડે, એ મોહ છે. માયા હોય તો તે સ્વાર્થીલા હોય, કપટભાવવાળા હોય તેને થાય 'હું ભણાવું ને બીજા મારા જેવા હોશિયાર થઈ જાય તો ? તેવા ભયથી ભણાવે પણ ઓછું ભણાવે. અર્થ આપે પણ ઓછા આપે, એ માયા છે. પરંતુ ઉપાધ્યાયમાં મદ નથી, માયા નથી, મોહ નથી.'

'વળી, **દ્વાદશાંગાદિ સૂત્રાર્થ દાને, જિકે સાવધાના નિરુદ્ધાભિમાના.'** દ્વાદશાંગ આદિ સૂત્ર તથા તેના અર્થને આપવામાં ઉપાધ્યાય સાવધાન છે, જાગ્રત છે, ઉદ્યમશીલ છે; કારણ તેનામાં અભિમાન નથી.

પ્ર.- પહેલાં 'મદ નથી, કહ્યું અહીં 'નિરુદ્ધ-અભિમાન' મદ અને અભિમાનમાં શો ફેર છે ?'

ઉ.- 'મદ એટલે જાતિ-કુળ-બળ-રૂપ-ઐશ્વર્ય-જ્ઞાન ઈત્યાદિના ગર્વ; અને અભિમાન એટલે અહંત્વ આપમતિ. એમાં જાતિ, કુળ, બળ એવા કશા ભેદ નહિ પણ "હું ક્યાં નવરો બેઠો છું ! મને કેમ આમ બોલે છે ? આવા વિચારો તે અહંત્વ છે."

(૨) ઉપાધ્યાયે મદ છોડ્યો, મોહ પણ છોડ્યો, ને માયા પણ છોડી છે. મોહ એટલે અજ્ઞાન-મિથ્યાજ્ઞાન. પોતે ગુરુ પાસે ભણ્યા છે. એટલે પોતાનું અજ્ઞાન ટાળી દીધું તેથી જ્ઞાનના પ્રકાશવાળા બન્યા છે. તેમજ 'મદ નથી' એટલે શાસ્ત્રથી બહાર જઈને કોઈ મિથ્યા વાતની પક્કડનું અભિમાન નથી. અથવા 'મોહ' એટલે જ્ઞાનદાનમાં કોઈ સ્વાર્થ મોહ નથી. તો શિષ્યોને જ્ઞાન કેમ આપે છે ? એટલા માટે કે એમણે જોયું કે 'સામો જીવ જ્ઞાનાવરણીય કર્મથી પીડિત છે, માટે અજ્ઞાન છે. તો લાવ તેના અજ્ઞાનને દૂર કરું' એમ કરુણા ભાવ તેમનામાં છે, તેથી જ્ઞાન આપે છે. એ કરુણાભાવથી આપે છે. તેમને જ્ઞાન આપવામાં કોઈ મોહ નથી અને

(૩) ઉપાધ્યાયે માયા તજી દીધી છે.

માયા બે પ્રકારની છે.

(i) કપટ માયા-કપટ ભાવ, (ii) સ્વાર્થ માયા, (૧) ઉપાધ્યાયે કપટભાવ રાખ્યો નથી. તેઓ સરળ હૃદયી છે. જો કપટ ભાવ હોય તો શાસ્ત્રોના ઘણા રહસ્યોમાંથી કપટથી થોડાં જ દે, અને દે તો પણ ઉપરથી દે, ને શિષ્યને મનાવે કે 'મેં તમને ઘણું ઘણું અને સૂક્ષ્મ ભણાવ્યું' ઉપાધ્યાય કપટભાવ વગર યોગ્યતા પ્રમાણે યોગ્ય જ્ઞાન દાન કરે છે.

(૨) સ્વાર્થ-માયા એટલે કે લૌકિક અપેક્ષાએ માન-સન્માન-સેવા. શિષ્યને પોતે જ્ઞાન આપે, સામે 'શિષ્ય' એના બદલામાં 'ગુરુનું કાંઈ કરે' તેવી અપેક્ષા ઉપાધ્યાયને નથી. તે ત્યક્ત માયાથી જ્ઞાનદાન સારું કરે છે.

આવા વાચક ઉપાધ્યાયને હું નમસ્કાર કરું છું.

વળી ઉપાધ્યાય દ્વાદશાંગી આદિ સૂત્ર અને તેના અર્થને આપવામાં સદા સાવધાન છે. દ્વાદશાંગી વગેરે શ્રુત બે પ્રકારના છે. (૧) અંગ પ્રવિષ્ટ શ્રુત, ને (૨) અંગ બાહ્ય શ્રુત. દ્વાદશાંગીમાં પહેલા આચારાંગથી બારમા દૃષ્ટિવાદ સુધીના ૧૨ અંગ એ 'અંગપ્રવિષ્ટ શ્રુત' કહેવાય. તે સિવાયના આવશ્યક દશવૈકાલિક ઉત્તરાધ્યયન વગેરે શ્રુત એ 'અંગબાહ્ય શ્રુત' કહેવાય. આ બંને પ્રકારના શ્રુત અને આ શ્રુતના અર્થ આપવામાં સાવધાન છે.

(૧) જાગ્રત છે, ઉપયોગવંતા અને વિવેકવંતા છે. તે લેનારમાં પાત્રતા ને તત્પરતા જોઈને આપે છે. તેમજ,

(૨) સાવધાન એટલે આપવામાં પોતે થાકતા નથી. કેમ કે સાવધાન છે કે જો પોતે થાક દેખાડે તો શિષ્યો સુસ્ત થઈ જાય વળી.

(૩) સૂત્રાર્થ દાનમાં સાવધાન છે કે સૂત્રનો જરાય એક અક્ષર કે એક પદાર્થ પણ દેવામાં ફરેફાર ન થઈ જાય, નહિતર સૂત્ર-વિપર્યાસ કે અર્થ-વિપર્યાસનો મોટો દોષ લાગે વળી.

(૪) સૂત્રાર્થ દાનમાં સાવધાન એટલે ભણાવવામાં જે તે ને જેવું તેવું ભણાવવામાં સંતોષ નથી માનતા, જે ભણાવે છે તે સરળ ભાવે વ્યવસ્થિત અને સંપૂર્ણ ભણાવે છે.

આવા ઉપાધ્યાયને નમસ્કાર કરવા પણ મળે એ આપણું કેટલું બધું અહોભાગ્ય ! દુનિયામાં કેટલાને આવા ઉપાધ્યાય નમન-સ્મરણ માટે મળ્યા છે ?

ઉપાધ્યાય અભિમાનને દબાવનારા છે. આઠ પ્રકારના મદ રહિત અહંત્વ ને અભિમાન રહિત છે, કેમ કે જુએ છે કે તીર્થંકર ભગવાનના અનંતજ્ઞાન આગળ પોતાનું જ્ઞાન કેટલું ! એ જોઈને તેમણે મદ-માન-અભિમાન છોડી દીધું છે. અભિમાનનો બીજો અર્થ થાય 'આપમતિ' તે પણ છોડી દીધી છે-આપમતિ હોય તો સૂત્ર ને સૂત્રનો અર્થ પણ પોતાની મરજી અને બુદ્ધિ મુજબનો બતાવે. શાસ્ત્રને બરાબર વળગી રહીને કે અર્થમાં પૂવાચાર્યની ટીકાઓને બરાબર વળગી રહીને બતાવે.

**'ધરે પંચને વર્ગ વર્ગિત ગુણૌઘા'**

ઉપાધ્યાય પાંચના વર્ગીથી વર્ગિત થાય એટલા ગુણસમુદાયને ધરે છે. એટલે પાંચનો વર્ગ ૫ x ૫ = ૨૫; એવી પચીસ પચીસી એટલે ૨૫ x ૨૫ = ૬૨૫ ગુણોને ધારણ કરનારા હોય છે. દા.ત ૧૪ પૂર્વ + ૧૧ અંગ = ૨૫ આગમના જ્ઞાતા. ૧૧ અંગ + ૧૨ ઉપાંગ + નંદી, અનુયોગ એમ ૨૫ના જ્ઞાતા.

**'પ્રવાદી દીપોચ્છેદને તુલ્યસિંઘા'**

ઉપાધ્યાય વળી કેવા છે ? તો કે પ્રવાદી અર્થાત્ પ્રકૃષ્ટ ઉત્કૃષ્ટ વાદીઓ રૂપી હાથીઓને ભગાડી મૂકવા માટે સિંહ સમાન છે. એમની પાસે અનેકાન્ત સિદ્ધાંત પર રચાયેલ વિપુલ જિનાગમનું જ્ઞાન એવું મહાન છે કે એની આગળ એકાંતવાદી વાદીઓનું જ્ઞાન ક્ષુદ્ર છે, તુચ્છ છે, એકાન્વાદી સિદ્ધાંત પર નક્કી કરેલ તત્ત્વની વાત તો એ પ્રવાદી ચલાવે, પણ સામેથી જિનાગમની અનેકાંત શૈલીની દલીલો આવે એટલે એ લાંબે ચાલી શકે નહિં.

ખૂબી એ છે કે એકાન્તવાદી વાદીઓમાં પરસ્પરમાં જ વિરુદ્ધ માન્યતાઓ હોય છે. દા.ત. વેદાન્ત દર્શન એક જ આત્મામય વિશ્વ માને છે. બાકી બધું સ્વપ્નની માયા યાને મિથ્યા માને છે. જ્યારે ન્યાયાદિ દર્શનો અનંત આત્મા ઉપરાંત અચેતન ભૂતો પણ માને છે. એટલે એ બંને જ સામસામા ટકરાય છે એમ સાંખ્ય દર્શન આત્મા તો અનંત માને પરંતુ જડ આત્માને અક્રિય, અકર્તા-અભોક્તા માને છે અને જડ પ્રકૃતિને સક્રિય, કર્તા, ભોક્તા માને છે અને એની સામે ન્યાય વૈશેષિક દર્શન આત્માને કર્તા ભોક્તા માને છે એટલે બંનેની સામસામી તર્કબાજી કેવી ચાલે ? તો કે બંનેમાંથી એકેય પાછો ન પડે. ત્યારે અનેકાંતવાદી જૈનદર્શનને કશોં કર્તૃત્વ કે અકર્તૃત્વ વગેરેનો એકાન્ત માન્ય નથી. એટલે પેલા એકાન્તવાદી અને પરપક્ષના વિરુદ્ધ મતનાં નિષેધ કરનાર દર્શનોનું અનેકાંતવાદથી ખંડન કરી શકે છે, કંથચિત્ ન્યાય પણ આપી શકે છે.

આ એકાન્તવાદી દર્શનો પાછા એકલા સિદ્ધાંતમાં જ એકાન્તવાદી નથી હોતા, કિન્તુ મોક્ષમાર્ગ અંગે પણ એકાન્તવાદી હોય છે. જેમ કે ન્યાય દર્શન કહે છે 'તત્ત્વજ્ઞાનાદ્ મુક્તિઃ' તત્ત્વજ્ઞાનથી અર્થાત્ એકલા જ્ઞાનથી મોક્ષ થાય. ત્યારે મીમાંસકો યજ્ઞાદિ ક્રિયાને જ માર્ગ માને છે. યોગદર્શનવાળા વૈરાગ્ય-યોગથી મોક્ષ થવાનું કહે છે; તો વેદાન્ત 'નેતિ' 'નેતિ' કરતા ચલો અર્થાત્ 'જે કાંઈ તમને ભાસે એ વાસ્તવમાં નથી એમ છેલ્લે હું પણ નથી.' એ સ્થિતિમાં પહોંચો તો મોક્ષ થાય. એટલે શું આવ્યું ? બિલકુલ જ્ઞાનરહિત થાઓ તો મોક્ષ થાય. કેવો વિચિત્ર મોક્ષમાર્ગ !'

ઉપાધ્યાય પાસે જિનાગમનું જ્ઞાન એવું સચોટ અને સંગીન છે કે એમને આ બધા દર્શન-વાદીઓના તત્ત્વની જેમ માર્ગના સિદ્ધાંતો પણ ખંડન કરવા સહેલા છે. વાદીઓને ચૂપ થઈ જવું પડે. દર્શનોના પરસ્પરના પોતાના જ ઘરમાં સામસામા મોક્ષમાર્ગ ઊભા રહે, ને પરસ્પરથી જ ખંડિત થઈ જાય એ એકાન્તવાદી દર્શનવાળાઓ અનેકાંતવાદી સામે શું ટકી શકે ! એટલે ઉપાધ્યાય સિંહના જેમ વાદીઓરૂપી હાથીઓને ઉચ્છેદી નાંખે છે, ભગાડી મૂકે છે, નિરસ્ત કરી દે છે.

**'ગણી ગચ્છ સંધારણે સ્થંભભૂતા'**

ઉપાધ્યાય વળી સ્તંભરૂપ છે; કોના માટે ? તો કે ગણી અર્થાત્ આચાર્ય અને ગચ્છને સમ્યક્ ધારી રાખવા માટે સ્તંભરૂપ છે. અહીં પ્રશ્ન થાય,-

પ્ર.- આચાર્ય સ્તંભરૂપ ! ઉપાધ્યાય ?

ઉ.- અનેકાંત છે, અપેક્ષાએ આચાર્ય પણ સ્તંભરૂપ અને અપેક્ષાએ ઉપાધ્યાય પણ સ્તંભરૂપ છે. આચાર્ય સમગ્ર શાસનની ઈમારતના સ્તભરૂપ છે. એમના પર

તીર્થંકર ભગવાનનું શાસન ટકે છે, અવિછિન્ન ચાલ્યું આવે છે. આચાર્ય ચતુર્વિધ સંઘના નેતા છે. એમની આજ્ઞામાં સંઘનું સંચાલન ચાલે છે. આમ આચાર્ય સ્તંભ સમાન થયા.

હવે ઉપાધ્યાય સ્તંભ સમાન એ રીતે કે આચાર્ય સાધુઓના નેતા ખરા, પરંતુ સાધુઓને મુખ્ય કામ આગમોનો સ્વાધ્યાય કરવાનું, આગમો રટતા રહેવાનું છે. આ રટતા રાખવાનું કાર્ય ઉપાધ્યાય સૂત્રદાન કરીને બજાવે છે. એ આચાર્યના માથેની ગચ્છ-પાલનની જવાબદારી વહન કરવામાં ઉપાધ્યાય મોટો ટેકો કરે છે. તેથી આચાર્યને માટે પણ એ સ્તંભ સમાન છે. આચાર્ય એકલે હાથે સંઘ તથા શાસનની મહાન જવાબદારીઓ સાથે ગચ્છ-સંચાલનની જવાબદારી વહન ન કરી શકે, તેથી ઉપાધ્યાય એમાં સ્તંભની જેમ ટેકા થાય છે. માટે કહ્યું ઉપાધ્યાય ગણી-આચાર્યને માટે સ્તંભરૂપ છે.

એમ ઉપાધ્યાય ગચ્છને માટે પણ સ્તંભરૂપ છે જેમ કે ગચ્છને ઉપાધ્યાય પાસેથી શાસ્ત્રધ્યયન મળે તો જ એ સ્વાધ્યાય જ્ઞાન ધ્યાન કરી શકે, ભણ્યા વિના શાનો સ્વાધ્યાય અને સ્વાધ્યાય વિના સાધુ જીવન શું ?

સાધુ જીવનમાં તો સ્વાધ્યાય ન હોય તો સાધુની ક્રિયાઓ તો બહુ અલ્પ સમયની છે, તો બાકીના સમયમાં સાધુ શું કરવાનો ? વાતો, ટહેલ-ટપ્પા, છાપાછૂપી ? જો ધર્મના ખપી સારા શ્રાવકો એ નથી કરતા તો સાધુ જો એ કરતાં દિવસ રાત પસાર કરે તો એમનું જીવન સારા શ્રાવકના જીવન કરતાં ય અધમ જીવન થયું. જેમ સાધુ અને બેનોનો સંબંધ એમ સાધુ અને વાતોચીતો એ તદ્દન અજુગતી બાબત છે, અસાધુતા છે. સ્વાધ્યાયનો ભરચક વ્યવસાય હોય તો વાતોચીતો વગેરેનો સમય જ ન મળે. તેમ જીવનમાં જો સ્વાધ્યાયનું એવું જોર નથી તો માનસિક વિચારો તો એટલા બધા આડા અવળા ચાલશે જેમાં રાગદ્વેષ અસમાધિ-આતર્ધ્યાન વગેરેના ખૂબ પોષણ થતાં રહેવાના તેથી ચારિત્ર લીધેલું એળે જવાનું ! એટલું જ નહિ પણ જાલિમ કર્મબંધ કરાવનારું અને દુર્ગતિઓમાં ભટકાવનારું બનવાનું ! કેવી ભયંકર દુર્દશા ! ઉપાધ્યાય ગચ્છને સ્વાધ્યાય આપીને આ ભયંકર દુર્દશાથી અને દુર્ગતિ પતનથી બચાવે છે. માટે ગચ્છ માટે એક એક જબરદસ્ત સ્તંભ સમાન બને છે. ગચ્છને સ્તંભની જેમ સારી રીતે સાધુતામાં ધારી રાખે છે.

**'ઉપાધ્યાય તે વંદીએ ચિત્-પ્રભુતા'**

જે ઉપાધ્યાય (૧) ગણી એટલે કે આચાર્યને અને (૨) ગચ્છ માટે સ્તંભ સમાન છે, એવા ઉપાધ્યાયને હું નિત્ય નમુ છું, વળી તે 'ચિત્-પ્રભુતા' ચિત્ એટલે જ્ઞાન, એના પર પ્રભુતાવાળા છે, જ્ઞાન પર જેમને પ્રભુત્વ છે, જે સિદ્ધજ્ઞાનવાળા

છે, અગાધ જ્ઞાની છે, એવા ઉપાધ્યાયને વંદન કરીએ.

**'ખંતિ જુઆ, મુત્તિ જુઆ અજ્જવ-મદ્દવ જુત્તાજી'**

ઉપાધ્યાય ક્ષમાયુક્ત હોય છે, એમણે ગુસ્સાને દેશવટો દઈ દીધો છે, કેમ કે એમણે અગાધ જ્ઞાન એવું પચાવ્યું છે કે આત્માને અનંત કાળથી ચાલી આવતા અનિષ્ટ જડચેતન પરના ક્રોધ-ઉકળાટ એમણે શમાવી દીધા છે આ સમજવા જેવું છે. ઉકળાટ એ ગુસ્સો છે ને તે જીવે પ્રત્યે જ થાય એટલું જ નહિ, પણ જડ પ્રત્યે પણ થાય. દા.ત. દાળમાં સહેજ મીઠું વધારે પડ્યું છે તો ખાતા એના પર ઉકળાટ થાય છે, 'માળી કેટલી બધી ખારી ?' એમ મકાન બરાબર નથી તો વારેવારે એના પ્રત્યે દ્વેષ, અરુચિ, અણગમો થાય છે. આ બધો ક્રોધ-કષાય છે. ક્ષમા લાવવી છે તો જડ પ્રત્યે પણ સહિષ્ણુ ભાવ લાવવો જોઈએ, 'બધું બરાબર' કરીને ચાલવું જોઈએ. બધું બરાબર કેમ ? તો કે બધું જ પાંચ કારણના સમવાય મુજબ થાય એ બરોબર એટલે કે નિયમસર જ ગણાય. એમાં પછી ઉકળાટ શાનો કરવાનો ! જડ ચેતન બંને પ્રત્યે ઉપાધ્યાય ક્ષમાયુક્ત હોય છે.

ઉપાધ્યાય 'મુત્તિ જુઆ-મુક્તિયુક્ત હોય છે એટલે કે એ લોભથી મુક્ત, નિર્લોભી હોય છે, કોઈ જડ વસ્તુનો લોભ એમનામાં નથી હોતો.'

પ્ર.- તો શું શિષ્યનો લોભ હોય ?

ઉ.- શિષ્યનો લોભ એ શિષ્યના શરીરનો લોભ છે, આત્માનો લોભ નહિ. એટલે જડનો લોભ નહિ એમ કહ્યું ત્યાં જડના લોભમાં એ લોભ આવી ગયો. એનોય ત્યાગ હોય. 'અજ્જવ-મદ્દવ જુત્તાજી' અર્થાત્ ઋજુતા-મૃદુતા વગેરે તેમનામાં છે, ઋજુતા એટલે સરળતા-નિખાલસતા કશો દંભ નહિ. મૃદુતામાં અભિમાન નહિ, લઘુભાવ હોય.

**'સચ્ચં સોયં, અકિંચણા તવ સંજમ ગુણરત્તાજી...'**

ઉપાધ્યાય સત્યમાં રક્ત છે, શૌચ એટલે મનની પવિત્રતામાં રક્ત રહે છે. અકિંચણા, અપરિગ્રહમાં રક્ત રહે છે. એમ તપ સંયમ ગુણોમાં રક્ત રહે છે.

મનની પવિત્રતામાં ઉદારતા-ઉમદાપણું, ગંભીરતા, તૃપ્તતા વગેરે ગુણો આવે. પછી ત્યાં ક્ષુદ્રતા-નીચતા તામસીપણું વગેરે ન હોય. અહીં એક પ્રશ્ન થાય કે-

પ્ર.- આ બધાં ગુણો તો મુનિના છે, ૧૦ પ્રકારના યતિધર્મના એ ગુણો છે તો તે ઉપાધ્યાયમાં કેમ ગણાવ્યા ?

ઉ.- ઉપાધ્યાય પણ મુનિ છે, તેથી એ ગુણો એમનામાં હોય એ સહજ છે, પરંતુ એ વિશેષરૂપે હોય. એ બતાવવા અહીં ગણાવ્યા છે. જેમ આચાર્યની છત્રીસ છત્રીસીમાં મુનિના ગુણો આવે છે તેમ ઉપાધ્યાયની પચ્ચીસ પચ્ચીસીમાં મુનિના

ગુણો આવે છે. ઉપાધ્યાય મુનિને જ્ઞાનદાન કરવા સાથે પોતાનામાં રહેલ એ વિશેષ ગુણોની અસર પાડે છે.

**'જે રમ્ય બ્રહ્મ સુગુત્તિ-ગુત્તા, સમિતિ-સમિતાશ્રુતધરા'**

ઉપાધ્યાય કેવા છે ! તો કે રમ્ય મનોહર બ્રહ્મચર્યવાળા છે. સ્પષ્ટ છે કે અબ્રહ્મ બિભત્સ છે, અને બ્રહ્મચર્ય રમણીય છે. એટલે કે શુદ્ધ આત્માને સદાય નજર સામે રાખે છે. તેથી કર્મના ઉદય ભોગવવામાં શુદ્ધ આત્માને પ્રાધાન્ય આપે છે. દા.ત. તાવ આવ્યો છે ? તો તેઓ માનશે કે 'ના, તાવ તો શરીરે છે, આત્માને નહિ. શુદ્ધ આત્મા તો રોગરહિત છે.' ઉપાધ્યાય શુદ્ધ આત્માને નજર સામે રાખે છે અને શુદ્ધ આત્માને મહત્ત્વ આપે છે. તેથી કર્મના ઉદયમાં ઉપાધ્યાય બ્રહ્મ-શુદ્ધ આત્મામાં રમણતા કરનારા એટલે આત્માથી અન્યની બાબત અંગે સદા અલિપ્ત નિર્લેપ રહે છે; જેમ કે માન-અપમાનમાં અલિપ્ત રહે છે. દા.ત. એમને દુનિયાને મોટું માન આપ્યું તો તેઓ સમજશે કે,

**માન-અપમાનથી શુદ્ધ આત્મામાં શું ફરક પડે છે ! કશું નવું નથી આવતું, કે છે તેમાંથી જતું નથી. આ માન-સન્માનથી કાંઈ થોડું જ આત્માનું સુંદર-સ્વરૂપ થવાનું છે ? કે અપમાનથી શુદ્ધ સ્વરૂપ થોડું જ બગડવાનું છે ?'**

ઉપાધ્યાય આત્માના શુદ્ધ સ્વરૂપને સામે રાખે છે, તેથી તેઓ મહાન ત્યાગી છે. મહાન સંયમી છે, મહાન સહિષ્ણુ છે, મહા કષ્ટ ઉઠાવનારા છે.

'સંયમ' એટલે ક્ષમાદિ દસ પ્રકારનો યતિ-ધર્મ છે. તે સંયમ શુદ્ધ આત્માનો અંશ છે. શુદ્ધ આત્મા ક્ષાયિક ક્ષમાવાળા છે. યતિધર્મ અને શુદ્ધ આત્માને મેળ છે, અશુદ્ધ આત્માને નથી.

ઉપાધ્યાયની શુદ્ધ આત્મા પર નજર છે, તેથી તે સહિષ્ણુ બને છે, કષ્ટ સહનારા બને છે. કારણ કે એ શુદ્ધ આત્મામાં રમણ કરનારા છે, તેથી જગતનું દર્શન ઉદાસીન ભાવે કરે છે. જગતની કોઈ અસર નહિ લેવાની. વર્તમાનમાં જ્ઞાનદાન કરે છે, તે ઉદાસીન ભાવે કરે છે; એટલે કે કોઈ માનાદિ લેવા માટે નહિ. શુદ્ધ આત્માનું એક જ કામ-ફક્ત જગત-દર્શન, જગતને માત્ર જોવાનું, એનું જ્ઞાન કરવાનું કામ છે, તે એટલા માટે કે તેઓ એટલા બધા શ્રુતોપયોગમાં સૂત્ર-અર્થ પારાયણમાં લીન રહેનારા છે કે જેના પ્રભાવે તેઓને આડા-અવળા વિચાર કલ્પના-વિકલ્પો આવતા નથી, ઊઠતા જ નથી. તે સમજે છે કે જો હું શાસ્ત્રના પદાર્થો વિચારું-મમરાવું તો જ શુદ્ધ આત્મામાં રમણતા થાય.

**આતમરામ બનવા માટે શુદ્ધ આત્માને નજર સામે રાખવો પડે; શુદ્ધ આત્માનું લક્ષ-ધ્યાન જરૂરી ને સહાયક છે.**

'ઉપાધ્યાય વળી કેવા છે !'

**'ઉપાધ્યાય સુગુપ્તિ-ગુપ્ત છે'** સારી ગુપ્તિથી સુરક્ષિત છે. ગુપ્તિ એટલે મન-વચન કાયામાં અસત્‌નો નિરોધ, ને સત્‌ની પ્રવૃત્તિ, ગુપ્તિમાં સુવિવેક છે, એટલે મનઃકલ્પિત ગુપ્તિથી ગુપ્ત નહિ. એમ તો જંગલમાં રહેનાર તાપસ ગુપ્તિ કરે છે, ઘણું સહન કરે છે પણ, તે ગુપ્તિ છે ?

મનોગુપ્તિ-વચનગુપ્તિ, કાયગુપ્તિ ત્રણેય ગુપ્તિએ ગુપ્ત. આ ગુપ્ત એટલે અસત્‌થી નિવૃત્તિ, ને સત્‌માં પ્રવૃત્તિ; કેમ કે; ગુપ્તિ પ્રવૃત્તિ, નિવૃત્તિ ઉભયરૂપ છે. એ પ્રવૃત્તિ અંગે અનંતજ્ઞાનીએ જે રીતે કહ્યું હોય તે જ રીતે ગુપ્તિ આરાધવાની, પણ મનઃકલ્પિત રીતે નહિ. હા, મન કલ્પિત ગુપ્તિમાં બહારના માણસોને દેખાય કે 'આ તાપસનો કેટલો બધો ત્યાગ છે ! કેટલો બધો આત્મનિગ્રહ છે ! પરંતુ એ જિનાજ્ઞાનુસાર નથી. તો તે સમ્યક્ નથી. દા.ત. જિનોક્ત કાયગુપ્તિમાં કાચા ફળ પાણીને સ્પર્શવાનું નથી, પરંતુ તાપસ એને અડે છે, વાપરે છે,'

ઉપાધ્યાય સમિતિએ સમિત છે, એટલે સમ્યક્ પ્રવૃત્તિવાળા છે, ચાલે તો ઈર્યા-સમિતિ સાચવે, બોલે તો ભાષા સમિતિ સાચવે, ભિક્ષા લે તો એષણા સમિતિ જુએ...

પ્ર.- સ્વાધ્યાય કરે તો ત્યાં કઈ સમિતિ પાળે ?

ઉ.- સ્વાધ્યાય કરે ત્યારે મુખ્યતયા ભાષા સમિતિ પાળે; મોઢે મુહપત્તિ રાખીને સ્વાધ્યાય કરે, તેમજ સૂત્રાર્થમાં એક અક્ષર પણ ફેરફાર ન બોલાય એની જયણા સાવધાની સાચવે.

ઉપાધ્યાય શ્રુતધર છે, એટલે કે અંગબાહ્યશ્રુત તથા અંગ પ્રવિષ્ટશ્રુતને ધારણ કરનારા છે.

ગૃહસ્થ જેમ ધનની મોટી મૂડીથી લક્ષ્મીધર, એમ ઉપાધ્યાય શ્રુતની મોટી મૂડીથી શ્રુતધાર. એની બલિહારી છે, આ મૂડી પર પોતે કેટલા નિશ્ચિંત અને નિત્ય આનંદવાલા ! કે જીવનભર દિવસ-રાત મોટો ભાગ શ્રુતના પારાયણમાં જ મસ્ત લાગેલા હોય ! અને મૂડીથી બહુશ્રુત બનાવનારા હોય ! લક્ષ્મીધરને તો મૂડીમાંથી બીજાને આપે એટલી મૂડી ઓછી થાય, જ્યારે અહીં ઉપાધ્યાય પોતાની શ્રુતમૂડી-માંથી બીજાને આપે છતાં પોતાની મૂડી જરાય ઓછી થતી નથી, ઊલટું આપતા રહેવામાં પોતાનો ક્ષયોપશમ વધે છે. ચિંતન અનુપ્રેક્ષાથી ક્ષયોશમ વધે છે, એટલે મૂડી વધે છે.

ઉપાધ્યાય મહારાજા આવા શ્રુતધર હોઈને શાસનની પરંપરા અવિચ્છિન્ન ટકાવનારા છે, કેમકે; શાસન ટકે છે શાસનના આગમશાસ્ત્રોનો બોધ ચાલુ રહેવા

પર. એ જો ન હોય તો આગમબોધ વિના માર્ગનું જ્ઞાન જ શાના પર ? એ નહિ તો યર્થાથ માર્ગ પાળે શો ? એટલે તો કહ્યું- **'કિરિયા જ્ઞાનની દાસી'** જ્ઞાન બતાવે એ પ્રમાણે જ ક્રિયાએ ચાલવાનું. આમ ઉપાધ્યાયની શ્રુતધરતા એક મહાન વિશેષતા છે. શ્રુત એમની સમૃદ્ધિ છે.

ઉપાધ્યાય એટલા બધા વિદ્વાન, શાસ્ત્રજ્ઞ અને શિષ્યોને ભણાવનારા હોવા છતાં તેમનામાં અભિમાન નથી.

"ધરે પંચને વર્ગ વર્ગિત ગુણૌઘા" એવા ઉપાધ્યાય પાંચના વર્ગને વર્ગિત એટલે કે ૨૫ x ૨૫ અર્થાત્ ૨૫-૨૫ના ગુણોના ૨૫ સમૂહને ધારણ કરે છે. એક ગુણ પચ્ચીશી એવી ૨૫ ગુણ પચ્ચીશીને ધારણ કરનારા છે.

'પ્રવાદી દ્વીપોચ્છેદને તુલ્ય સિંઘા' ઉપાધ્યાય તે 'પ્રવાદી' એટલે મિથ્યા બકવાદ કરનાર વાદીરૂપી હાથીનો ઉચ્છેદ કરનારા, એટલે કે તેમને ચૂપ કરનારા સિંહ સમાન છે. એટલે ઉપાધ્યાય પાસે મિથ્યા બકવાદ કરનારા ટકી શકતા નથી.

**'ગણી ગચ્છ સંધારણે સ્થંભભૂતા, ઉપાધ્યાય તે વંદીએ ચિત્પ્રભૂતા'**

પ્ર.- પહેલાં કહ્યું - 'સૂરિ-ગણને સહાયા' અહીં કહે છે ગણી ગચ્છ સંધારણે સ્થંભભૂતા' એમાં શો ફરક પડ્યો ? ફરક ન હોય તો એનું એ ફરી કહેવામાં પુનરુક્તિ નથી ?

ઉ.- ના, પુનરુક્તિ નથી. કારણ કે

પહેલાં ગણી અને ગણના સહાયક કહ્યું તે સામાન્યથી કહ્યું. કહ્યું એટલે એ કથનમાં સામાન્ય વિશેષનો ફરક છે. સહાયક એ સામાન્ય કથન એટલા માટે છે કે સહાયક તો ઉપાધ્યાય સિવાય બીજા પણ હોય છે દા.ત. વૈયાવચ્ચી મુનિ હોય એ પણ ગણી ગણને સહાયક છે પરંતુ એમને ગણી-ગણના સંધારણ કરનારા ન કહેવાય. ત્યારે ઉપાધ્યાય શ્રુતધરપણાથી અને શ્રુતદાયકપણાથી ગચ્છના સંધારક કહેવાય ગચ્છના પ્રાણ શ્રુતધર્મ અને ચારિત્રધર્મ છે. શ્રુતધર્મના પ્રેરક પોષક ઉપાધ્યાય છે. તો શ્રુતધર્મરૂપી પ્રાણના પોષક એ સંધારક કહેવાયા.

**ઉપાધ્યાય 'આત્મપર વિભજનકરા' છે.**

આ વિશેષતા એટલા માટે છે કે ભવિ જીવોને ઉપાધ્યાય જે સૂત્રાર્થનો બોધ આપે છે તેમાં આત્મા અને પર એટલે કે જડ, એનો સચોટ વિભાગ કરી આપે છે. તેથી સામાને આત્મા અને પર અંગેનું સ્વરૂપ નિશ્ચિત થઈ જાય છે, ને તેવો નિર્ણય થઈ જવાથી જડનો રાગ ઓછો થાય છે.

આ જડનો રાગ ઓછો ન થાય તો બીજું, ત્રીજું ભણી ભણીને શું વળ્યું ! ઊલટું ભણ્યા પર અભિમાન થાય પણ ઉપાધ્યાય કુશળ કારીગર છે, સુબુદ્ધ શિક્ષક

છે, ને તે સામાને ભણાવે છે કે "આત્મા જુદો, ને પર જુંદુ." ખાનપાન-માન-સન્માન તે બધું પરની યાને પુદ્‌ગલની સરભરા છે, જડ પુદ્‌ગલની જાહોજલાલી છે તેથી આત્માને ફુલાવાનું શું ? દા.ત. લોકો કહે, શો મહારાજનો પ્રભાવ ! હવે આ સાંભળી મહારાજ ખુશ ન થાય, કેમકે એ સમજે છે કે આ તો જડ કાયાની વાહવાહ થઈ, આત્માની નહિ.

પ્ર.- તો માણસ સન્માનમાં ભૂલો કેમ પડે છે ?

ઉ.- સન્માન વાહવાહમાં ભૂલો પડવાનું કારણ કાયા પુદ્‌ગલની વિશેષતાઓને પોતાના આત્માની વિશેષતા માની લે. સત્કાર-સન્માન મળે એને પોતાના આત્માના સન્માન માની લે ! કાયા પુષ્ટ થઈ તો પોતાની પુષ્ટતા માની લે છે ખરેખર આમાં ભ્રમણા છે વસ્તુસ્થિતિએ જોવા જાય તો

**સત્કાર-સન્માન કાયાને મળ્યા કે ન મળ્યા, આત્મામાં કશો ફરક નથી પડતો. 'આત્માને એની જ્ઞાન સંપત્તિ, ગુણ સંપત્તિ-સુકૃત સંપત્તિમાં કશો ફરક નથી પડતો.'**

લોકોએ 'મહારાજ'ની વ્યાખ્યાન શક્તિ બહુ સારી છે. તેવી પ્રશંસા કરી કે ન કરી તે મહારાજની આત્માની જ્ઞાનસંપત્તિ માટે સરખું છે. પ્રશંસા ન કરી તો ય જ્ઞાન-સંપત્તિ ઘટતી નથી, ને પ્રશંસા કરી તો ય જ્ઞાન-સંપત્તિ વધતી નથી, પછી ફુલાવા-કરમાવાનું શું ? આત્માને પરનો વિભાગ બરાબર નજર સામે હોય, તો પ્રશંસા ન કરે તો કાંઈ કરમાવા જેવું લાગતું નથી, કેમકે પ્રશંસા કાયાને વાગવાની હતી, આત્માને તો પોતાની જ્ઞાન સંપત્તિ અકબંધ રહે છે પ્રશંસા ન કરે તો કાંઈ કરમાવા જેવું લાગતું નથી, કેમકે પ્રશંસા કાયાને વાગવાની હતી, આત્માને તો પોતાની જ્ઞાન સંપત્તિ અકબંધ રહે છે પ્રશંસા ન થઈ તો એમાં કાંઈ ઘાટો પડતો નથી. અને ઉપાધ્યાય આ મહાન કાર્ય કરે છે **'આત્મ-પર વિભજનકરા'** એટલે કે, સ્વ અને પરનો એટલે કે આત્મા અને જડ કાયાનો વિભાગ શ્રોતાઓને બરાબર ઠસાવી દે છે. કહે છે. 'આ ઉચ્ચ જનમમાં આત્માની વડાઈ કરી લો એટલે જ્ઞાનની વૃદ્ધિ, દર્શનની વૃદ્ધિ, ચારિત્રની વૃદ્ધિ કરી લો.' દુન્યવી પ્રસંગોથી એમાં હ્રાસ કરતા નહિ કાયા-માયામાં તણાયા, કષાય કરશો તો અજ્ઞાન, અસંયમ, અચારિત્રની પુષ્ટિ થશે.

આત્મા ને પરનું વિભાજન કરી આપે તો સામાના જીવનની ગાડી આરાધનાની સરસ સીધી લાઈન પર ચાલે.

જ્ઞાનદાતા ઉપાધ્યાયની આ જે વિશેષતા છે, તે નક્કર માલ પર વિશેષતા છે. ઉપાધ્યાયને સૂત્રો બધા કંઠસ્થ તેમ તેના અર્થનું જ્ઞાન તૈયાર, સૂત્ર અર્થનું

પારાયણ, પુનરાવર્તન ચાલુ, અને જ્યારે મોકો મળે ત્યારે અનુપ્રેક્ષા કર્યા કરે. તેમના મગજમાં સૂત્ર અર્થ જ રમ્યા કરતા હોય. તેમજ મુનિઓને તૈયાર કર્યે જતા હોય. તેથી આ બધા વિશેષણો સાર્થક છે.

ઉપાધ્યાય ગણિને તથા ગચ્છને સંધારણ કરવામાં એટલે સમ્યક્ રીતે ધારણ કરવામાં સ્તંભ સમાન છે.

આચાર્ય માટે ઉપાધ્યાયપદ ટેકારૂપ એટલા માટે કહેવાય છે કે આચાર્ય ગચ્છના નેતા છે. ગચ્છનું સંચાલન બરાબર થાય એ માટે સહાયતામાં ઉપાધ્યાય છે. મુનિઓને આચાર્ય પ્રતિ વિનય વગેરે ગુણોનું ગણિત શીખવાડનાર ઉપાધ્યાય છે. આવા ગુણ સંપન્ન ઉપાધ્યાયથી આચાર્ય નિશ્ચિત છે. એમના પદના હિસાબે એમને શાસનની અનેકવિધ જવાબદારીઓ હોય, ગચ્છનું કેમ બરાબર સંચાલન થાય એ પણ એક જવાબદારી; એમાં અઢળક સહાય આપનારા ઉપાધ્યાય છે. તેટલા માટે કહ્યું કે 'સૂરિગણને સહાયા' સૂરિને અને ગણને સહાયરૂપ છે.

ઉપાધ્યાય સૂરિ ઉપરાંત ગણને સહાયક, મુનિગણને સૂત્ર અર્થજ્ઞાન દાન એવું કરે કે આખો ગચ્છ તેના હિસાબે સાધુતા-સામાચારી, સાધ્વાચારનું પાલન કરવામાં ભડવીર બને. જેટલું જ્ઞાન વધારે તેટલી તેમની આરાધના વધારે થાય. આ આપનાર ઉપાધ્યાય છે જેથી તેઓ ગણને ટેકારૂપ છે.

**(કાવ્ય) 'સ્યાદ્વાદ વાદે તત્ત્વવાદક, આત્મ પર વિભજનકરા'** ઉપાધ્યાય તત્ત્વાદી છે. સ્યાદવાદના સિદ્ધાંત પર તત્ત્વને કહેનાર અથવા તત્ત્વ અંગે વાદ કરનારા, તત્ત્વનું તાત્ત્વિક ચર્ચાથી પ્રતિપાદન કરનાર છે.

એકાંતવાદનો સિદ્ધાંત મિથ્યા છે તે બતાવનારા તથા જીવ અજીવ વગેરેમાં અનેકાંતની ઘઠના કરનાર, દા.ત. આત્મા નિત્ય છે અને અનિત્ય પણ છે તે સમજાવનાર ઉપાધ્યાય છે.

**(કાવ્ય) 'ભવભીરુ સાધક ધીર સાધન; વહન ધોરી મુનિવરા'** ઉપાધ્યાય ભવભીરુ સાધક છે. 'ભવભીરુ એટલે ભવ વધી ન જાય, ભવમાં ફસી ન જવાય. તેના ભયવાળા તેની ચિંતાવાળા સાધક છે.'

ભવ વધે નહિ એટલે કે અહીંથી પાછું બીજા ભવમાં ન પડવું પડે તેની ચિંતા છે. એટલે અહીંથી બીજો ભવ તેમને નથી જોઈતો તેમજ પોતાના નિમિત્તથી બીજાનાય ભવ ન વધે એની ચિંતાવાળા હોય છે. એ પણ ભવભીરુતા છે.

આ કારણે ઉપાધ્યાય સૂત્રાર્થદાન યથાર્થ કરે છે. એક શબ્દ ઓછો નહિ કે એક વધારે નહિ, આડોઅવળો કે આઘોપાછો નહિ, આપમતિથી મતિ કલ્પનાથી કાંઈ ન બોલે, અસ્થાને ન બોલે કેમ કે સૂત્રઅર્થ વિપર્યાસથી પોતાનો ભવ વધે

છે, ને સામાના ય ભવ વધે છે. તેમજ સૂત્ર-અર્થ અયોગ્યને આપો તો ય ભવ વધે છે.

જે શિષ્યની જેટલી પાત્રતા છે તેટલું જ તેને અપાય કારણ-સમજે છે કે જેમ પાપ કરવાથી ભવ વધે છે, તેમ પાપ કરાવવાથી ય ભવ વધે છે. યોગ્યતા ન હોય તો ય તેને જો આપે તો પેલાને પચે નહિ અને અજીર્ણ થાય, એટલે કે એ મળેલા જ્ઞાન પર અભિમાનાદિ કાંઈક દોષ સેવે, તે પાપ કરે છે. તે પાપ કરવા કરાવવામાં બંનેના ભવ વધી જાય.

આપણે સ્વયં તો રાગદ્વેષથી બચવાનું છે જ પણ બીજાને આપણાં તેવા વચનના નિમિત્તે **કે આપણા કોઈ વર્તનના નિમિત્તે રાગદ્વેષની ઉદીરણા ન થાય તેનું ય ખાસ ધ્યાન રાખવાનું છે.**

તેમ જો ધ્યાન રખાય તો આપણે સાચા ભવભીરુ છીએ. શું ભવભીરુ આત્મા પોતાના ભવ ન વધે એની ચિંતાવાળો હોય અને બીજાના ભવ વધે એની પરવા વિનાનો હોય ? ધ્યાનમાં રહે કે આપણે જો બીજાને રવાડે ચઢાવ્યા તો આપણે પાપના ભાગીદાર બન્યા તો તેથી આપણા ભવ વધી જાય છે.

જેને કહેવાનો અધિકાર નથી, ને તે કહેવા જાય તો તેના ય ભવ વધી જાય છે. ઉપાધ્યાય મોક્ષમાર્ગના સાધક છે, પરંતુ ભવભીરુ સાધક છે.

'ધીર સાધન' ઉપાધ્યાય સાધના કરવામાં 'ધીરુ' એટલે કે ધૈર્યવાળા છે. એટલે સાધના કરવામાં ડરનારા નહિ ડગનારા નહિ પણ ધીર-અડગ-નીડર છે.

આ ધીરતા હોય તો સાધનાની એક પળ ન મૂકાય સાધનાની અખંડ પરંપરા સતત ચાલુ રહે, ધીરતા ન હોય તો સાધના તૂટક બને, સાધનામાં ભંગ વ્યાઘાત થાય. આ ક્યારે બને ? કે

સાધનામાં વિઘ્નમાંય સ્થિરતા કેમ રહે ?

સાધના કરનાર સમજીને સાધના કરે કે કર્મના વિચિત્ર તોફાનો આવવાના છે, પણ મારું જીવન-સૂત્ર આ છે. "સાધના" તો મારે કર્યે જ જવાની, દા.ત. કોઈ વિદ્યાની સાધના કરવા, વિદ્યાનો જાપ કરવા છ માસ ગુફામાં જઈને બેઠા, તે એ સમજીને જાય છે કે ઉપદ્રવ આવવાના છે, પણ ધીર-અડગ થઈને બેઠા છે. તો તે ઉપદ્રવ પાછા પડતા નથી. ફક્ત એક જ નિશ્ચય 'વિદ્યાં સાધયામિ દેહં વા પાતયામિ' આવી સાધના માંડનાર તે સાધનાવીર કહેવાય, ને ઉપાધ્યાય તેવા સાધના વીર છે.

**'શાસન-વહન ધોરી મુનિવરા'** ઉપાધ્યાય શાસનની ધુરા વહન કરનાર ધોરી મુનિવર છે. 'ધોરી' એટલે વૃષભ-બળદ. શાસનનું ગાડું વહન કરવામાં વૃષભ સમાન

મુનિવર છે. ઉપાધ્યાય મુનિ તો છે જ પણ 'મુનિવર' છે, મુનિઓમાં શ્રેષ્ઠ છે.

શાસ્ત્રમાં સ્થવિર-આર્ય-વૃષભ શબ્દો આવે છે. બધા વૃષભો ઉપાધ્યાય હોય છે એવું નથી. વૃષભ એટલે એવા પીઢ સાધુઓ, જે કેટલાયને સંભાળે. દરેકની જરૂરિયાત સંભાળે તેમને સંયમમાં સ્થિર કરે, કેટલાય મુનિઓને માનસિક પરમશાતા આપનાર હોય, એ વૃષભ કહેવાય.

ગાડામાં બેઠા હોઈએ ને બળદ બરાબર જોરદાર તાકાતવાન અને સીધો સરળ હોય તો ગાડામાં બેસનાર નિશ્ચિંત હોય છે, તેમ આવા ઉપાધ્યાય મળવાથી મુનિઓ નિશ્ચિંત હોય છે કે અમારી સાધનાની ગાડી સડસડાસ ચાલવાની આમ તેમને માનસિક પરમ શાંતિ થાય છે.

પછી તે સાધનાથી પરમશાંતિ અનુભવનાર મુનિઓ માન આપનાર, વડાઈ-હલકાઈ, કશા પર આધાર ન રાખે એટલે તે શુદ્ધ આરાધનારક્ત બની જાય છે. આવી દૃષ્ટિ ઉપાધ્યાયે આપી છે તેથી એમનો કેટલો બધો ઉપકાર ! મુનિઓનો સાધન-ભાર વહન કરવામાં ઉપાધ્યાય ધોરી સમાન છે.

અહીં એક વાત સમજવાની છે : 'શાસનનેતા' એમ શાસન શબ્દનો જ્યાં જ્યાં પ્રયોગ કરીએ છીએ ત્યાં તેના બદલે 'સંઘના નેતા' કહેવા જોઈએ. પણ શાસનના નેતા નહિ. શાસન તો દ્વાદશાંગી છે. તેના નેતા શું ? માટે "સંઘના નેતા" કહેવું યથાર્થ છે. શાસન એટલે ભગવાનનું દ્વાદશાંગી પ્રવચન, તેનું વહન કરવામાં ધોરી તે ઉપાધ્યાય છે.

"જૈનં જયતિ શાસનં"માં 'શાસન' એટલે પ્રવચન. જૈન પ્રવચન જગતમાં જયવંતું છે. ઉપાધ્યાયજી મહારાજ ભગવાનના પ્રવચનની પરંપરાને વહેતી રાખે છે. તેઓ મુનિઓને જ્ઞાનદાન કરે છે, સૂત્રોનું દાન કરે છે, તેથી પ્રવચન ચાલુ રહે છે. આમ શાસન-પ્રવચન વહેતું રાખવામાં ઉપાધ્યાય ધોરી સમાન-વૃષભ સમાન છે.

જેમ બળદ એક ગામથી બીજે ગામ માલ લઈ જાય ને માલને વહેતો રાખે, તેમ ઉપાધ્યાય પણ શિષ્યોને, તે શિષ્યો તેમના શિષ્યોને... પ્રવચન આપી પ્રવચન વહેતું રાખે છે. તેથી ઉપાધ્યાય 'શાસન વહન ધોરી મુનિવરા' છે.

**"સિદ્ધાન્ત વાયણ દાન સમરથ નમો પાઠકપદ-ધરા"** ઉપાધ્યાય સિદ્ધાન્તની વાચનાનું દાન કરવામાં સમર્થ છે. આગમની વાચના કરવામાં પાઠક પદે એટલે ઉપાધ્યાય પદે છે તે પદને ધરનારાને હું નમસ્કાર કરૂં છું.

(પૂજાઢાળ)

**દ્વાદશ અંગ સજ્ઝાય કરે જે, પારગ ધારગ તાસ,**
**સૂત્ર-અર્થ વિસ્તાર રસિક તે, નમો ઉવજ્ઝાય ઉલ્લાસ રે ભવિકા સિ૰**

ઉપાધ્યાય આચારાંગ વગેરે બાર અંગ-દ્વાદશાંગીનો સ્વાધ્યાય કરે છે. બાર અંગ કંઠસ્થ કરી લીધા હોવા છતાં વારંવાર તેનું પારાયણ પુનરાવર્તન કરનારા છે. તે 'પારગ' સૂત્રોનો પાર પામી ગયા, છતાંય એને 'ધારગ' ધારી રાખવામાં એટલે કે ફરી ફરીને યાદ કરવામાં એમને જરાય ખેદ નહિ, કંટાળો નહિ, સંતોષ નહિ. તેથી ધારણા કરનાર એટલે કે સ્થિર દૃઢ સ્મૃતિ સંસ્કાર રહે એમ કરે છે.

પ્ર. : કેમ રોજ ને રોજ સૂત્ર-સ્વાધ્યાય ?

ઉ. : કારણ એ, કે (૧) પ્રાપ્ત કરેલ જ્ઞાન-સમૃદ્ધિ પ્રમાદમાં ગુમાવાઈ ન જાય. (૨) વિષયોના કે ફાલતુ વિકલ્પોથી બચવા મનને આલંબન જોઈએ. સ્વાધ્યાયના આલંબને ખોટા વિકલ્પોથી બચાય.

ઉપાધ્યાય અર્થ-વિસ્તારના રસિક છે એટલે કે ભણી ગયા પછી પુનઃ પુનઃ રટણ કરે છે તથા સૂત્ર અને અર્થનું વિસ્તરણ, ફેલાવો પ્રચાર કરવામાં અર્થાત્ યોગ્ય વધુ ને વધુ મુનિઓને દાન કરવામાં રસિયા છે; તેમજ અર્થ વિસ્તાર એટલે કે (૧) સ્વયં અર્થને અનેક માર્ગણા દ્વારથી અનેક નયથી, અનેક દૃષ્ટિથી, અનેક સંબંધથી વિસ્તૃત રૂપે વિચારવામાં રસિયા છે. અથવા (૨) વિસ્તાર રસિકનો બીજો અર્થ, સૂત્ર-અર્થને યોગ્ય શિષ્યોમાં વિસ્તારવામાં અર્થાત્ શિષ્ય-પ્રશિષ્યોમાં વિસ્તારે, એના રસિયા રસવાળા છે. એથી સૂત્રાર્થ શિષ્ય-પ્રશિષ્યની પરંપરામાં વિસ્તરતો રહે અને શાસનની પરંપરા અવિચ્છિન્ન ધારાએ ચાલ્યા કરે. તેથી ઉપાધ્યાયને એમ કરવામાં પોતાની કૃતજ્ઞતા સચવાય છે, શાસનના ઉપકારની સામે શાસન પ્રત્યે કૃતજ્ઞતા સચવાય છે, ને શાસનની અખંડિતતા જળવાય છે.

ઉપકારી પ્રત્યે કૃતજ્ઞતા જાળવીએ તો ફરીથી આપણને તેમનો ઉપકાર મળે છે. શાસન રસિક મહાઉપકારી છે. એવા શાસનના સૂત્ર-અર્થના વિસ્તારના રસિક ઉપાધ્યાયજી મહારાજ તે શાસનની પરંપરાને આગળ ધપાવનારા છે, શાસનનો વધુને વધુ વિસ્તાર કરવામાં તત્પર એવા ઉપાધ્યાય ભગવાનને ઉલ્લાસ પૂર્વક નમસ્કાર કરીએ.

**કાવ્ય :- "અર્થ-સૂત્રને દાન વિભાગે આચાર જ ઉવજ્ઝાય;**
**ભવ ત્રીજે જે લહે શિવસંપદ, નમિયે તે સુપસાય રે. ભવિકા૦**

સૂત્ર અને અર્થના દાનની આચાર્ય અને ઉપાધ્યાયમાં વહેંચણી થઈ છે. આચાર્ય અર્થ-દાન કરે છે. ઉપાધ્યાય સૂત્ર દાન કરે છે. પણ અહીં એક પ્રશ્ન થાય.

પ્ર. : અહીં પૂજા કાવ્યમાં પહેલાં આવેલ કે ઉપાધ્યાય સૂત્રાર્થ દાન કરે છે એટલે કે તેઓ અર્થ સહિત સૂત્ર આપે છે, તો ત્યાં આચાર્યનું કાર્ય શું રહ્યું ?

ઉ. : આચાર્ય વિશિષ્ટ જ્ઞાનવાળા અને પદવાળા હોવાથી વિશેષ અર્થને

સમજાવનારા છે. અર્થની વિસ્તૃત વ્યાખ્યા કરે છે; અર્થાત્ ઉપાધ્યાય તો સૂત્રનો સામાન્યથી શબ્દાર્થ અર્થ વિવેચન બતાવે છે, જ્યારે આચાર્ય સૂત્રના અર્થ પર વિશેષ રૂપે વિસ્તારથી વ્યાખ્યાન કરે છે.

ઉપાધ્યાયની આ જે સૂત્રની ઉપાસના છે, જિન આગમની ઉપાસના છે, જિનવચનની ઉપાસના છે, તે તેમને ત્રીજે ભવે મોક્ષની સંપત્તિ આપે છે, તેવા ઉપાધ્યાયને નમસ્કાર કરીએ છીએ. જેમ, ઋષભદેવ ભગવાન છેલ્લા ભવથી ત્રીજા ભવમાં ચૌદ પૂર્વ નામના જિનાગમના પારગામી બન્યા, ધારક અને વિસ્તારક બન્યા તો તે ત્રીજે ભવે મોક્ષે ગયા.

પ્ર. : આપણે ઉપાધ્યાયને નમસ્કાર કરીએ તેમાં શો લાભ ?

ઉ. : કવિ કહે છે, 'નમિયે તે સુપસાય રે.' અર્થાત્ ઉપાધ્યાય સુપસાય એટલે સુંદર કોટિનો પ્રસાદ-કૃપા-ઉપકાર કરવાવાળા છે, તે માટે તેમને નમસ્કાર કરવાથી એ સુપ્રસાદનો લાભ થાય છે. ઉપાધ્યાયને નમસ્કાર કરીએ એમાં ઉપાધ્યાય શાસ્ત્રજ્ઞ અને શાસ્ત્રદાતા આદિ સુકૃતની અનુમોદના થાય છે. સુકૃતાનુમોદના એ સુકૃત બીજ છે. એમાંથી સુકૃત પાક નીપજે. એ મૂળ ઉપાધ્યાયનો જ પ્રસાદ કહેવાય.

**નમસ્કાર એ જ્ઞાન-પ્રાપ્તિનું પ્રથમ પગથિયું છે.**

દા.ત. પુસ્તક લઈને ભણવા બેઠા, તો પહેલાં પુસ્તકને નમસ્કાર કરવો જોઈએ. પુસ્તકને હાથ જોડી માથું નમાવી **नमो सुयस्स नमो नाणस्स नमो तवस्स नमो तवस्सीणं** નમસ્કારથી વિનય થાય છે. માટે 'સિદ્ધચક્રવર સેવા કીજે' એ સ્તવનમાં પંડિત પદ્મવિજયજી મહારાજે કહ્યું છે **'તે તપ નમીયે ભાવ ધરીને ભવસાયરમાં સેતુ'** આમ ઉપાધ્યાયને નમસ્કાર કરવાથી તેમનો વિનય થાય છે અને એમની કૃપા મળે છે;

**કાવ્ય :- મૂરખ શિષ્ય નિપાઈ જે પ્રભુ, પાહાણને પલ્લ આણે.**
**તે ઉવજ્ઝાય સકલ જન પૂજિત સૂત્ર અર્થ સવિ જાણે રે ભવિકા૦**

ઉપાધ્યાય મૂર્ખ શિષ્યોને વિદ્યાના પ્રભુ નીપજાવનારા છે વિદ્યાના જ્ઞાનના સ્વામી બનાવનારા છે. આ જાણે પાષાણ પથ્થર પર પલ્લવ અંકુર ઉગાડવા જેવું કામ કરે છે. વળી તે બધા સૂત્રો અર્થને જાણે છે તેથી સકલ જનથી પૂજિત છે. જેમ અરિહંત પરમાત્માનો એક ગુણ ઉત્કૃષ્ટ પુણ્ય છે, તેમ ઉપાધ્યાયનો ગુણ ઉત્કૃષ્ટ દાન છે. ઉપાધ્યાય જેવું દાન કરે, તેવું દાન જગતનો કોઈ માનવી ન કરી શકે. ધનાઢ્ય માણસ કરોડોની સંપત્તિ આપી શકે, રાજા રાજ્ય આપી શકે, પણ એ બધું તો જીવનના અંતે ખૂંચવાઈ જાય એવી નાશવંત સંપત્તિ છે, ત્યારે જ્ઞાન-સંપત્તિ તે

અમર સંપત્તિ છે. ધન સંપત્તિ પરલોકે સદ્‌ગતિ અપાવનાર નથી, જ્ઞાન-સંપત્તિ પરલોકે સદ્‌ગતિ અપાવનારને પરલોક સુધારનાર છે. ધન સંપત્તિથી રાગદ્વેષ વગેરે દોષો ઊભા થાય છે, ત્યારે જ્ઞાન સંપત્તિથી રાગદ્વેષ વગેરે દોષો નિર્મૂળ થાય છે.

ધન-સંપત્તિ તે ઝેરી લાડુ સમાન છે.

જ્ઞાન-સંપત્તિ એ અમૃત કુંભ સમાન છે.

ધન-સંપત્તિથી કષાયાંધતાને વિષય-લોલુપતા આવે, જ્ઞાન સંપત્તિથી સમતા ને સ્થિરતા આવે.

આવું જ્ઞાન-દાન કરનાર ઉપાધ્યાય-જેવો જગતમાં કોઈ માનવી મોટો ઉપકારી નથી. માટે તે ઉવજ્ઝાય સકલ **'જન-પૂજિત'**

ઉપાધ્યાય બધા લોકોને પૂજ્ય છે, કારણ કે **विद्वान् सर्वत्र पूज्यते** વિદ્વાન જ્યાં જાય ત્યાં વિદ્યાનો ચમકારો એવો બતાવે કે બધા તેને હાથ જોડે !

પ્ર. : ધનવાન જ્યાં જાય ત્યાં ન પૂજાય ? તે પૈસા ઉછાળે તો ?

ઉ. : ધનવાન પૈસા ઉછાળે તો તે દાનથી પૂજાય છે, ધનથી નહિ. વળી દાનથી એ પૂજાય, તે જેને દાન મળે એનાથી પૂજાય છે, બધાથી નહિ. પણ વિદ્વાન બધાથી પૂજાય છે, મોટા રાજાથી પણ પૂજ્ય છે કેમકે એની વિદ્યાથી બધા આકર્ષાયે છે. પૂર્વના કાળમાં વિદ્યાનું માન હતું. મોટા રાજાઓ વિદ્વાનોનો આદર કરતા, રોજ રાજસભામાં વિદ્વાનોની ચર્ચા સાંભળી ખુશ ખુશ થઈ જતા ને મોટા માન-સન્માન-પુરસ્કાર દેતા.

**"રાજકુંવર સરિખા ગણચિંતક, આચાર જ પદ યોગ;**
**ઉવજ્ઝાય સદા જે નમતાં, નાવે ભવ ભય સોગરે ભવિકા૦"**

ઉપાધ્યાય રાજકુંવર જેવા છે કારણ કે તે ગણચિંતક છે આચાર્યનો જે સમુદાય છે, તેના હિતની ચિંતા કરનાર છે. શાસન એક સામ્રાજ્ય છે તે સામ્રાજ્યના રાજા આચાર્ય છે, ને ઉપાધ્યાય રાજકુમાર યુવરાજ છે, યુવરાજ હોશિયાર ને ખબરદાર હોય તો તે રાજાના ઘણાં કામ પતાવી દે છે. એમ ગચ્છના આચાર્યનું કામ, ગચ્છની સંભાળ કરવાનું, તે ઉપાધ્યાય પતાવી દે છે, એટલે ઉપાધ્યાય રાજકુમાર સરીખા છે. તે 'આચારજ પદ' યોગ, એટલે કે આચાર્ય પદને યોગ્ય છે, યુવરાજ તે રાજા થાય છે. 'પદ-યોગ'નો બીજો અર્થ પદયોગ એટલે આચાર્યપદના યોગમાં ઉપાધ્યાય તે રાજકુમાર સરખા છે. અર્થાત્ આચાર્યના સ્થાનના યોગ-સંબંધને અનુલક્ષીને, ઉપાધ્યાય તે યુવરાજ છે. રાજા છે તો જ યુવરાજ છે. એવા ઉપાધ્યાયને હંમેશા નમસ્કાર કરતાં ભવનો ભય અને શોક આવતા નથી ઊભા રહેતા નથી.'

પ્ર. : ઉપાધ્યાયને નમસ્કાર કરીએ એટલામાં ભવભય ટળે ?

ઉ. : નમસ્કારમાં નમસ્કરણીય ઉપાધ્યાયના ગુણોની અનુમોદના છે. એટલા માટે તો મિથ્યાદૃષ્ટિને નમસ્કાર નહિ કરવાનો, કેમ કે મિથ્યાદૃષ્ટિને નમસ્કાર કરીએ તો એમાં એના મિથ્યાત્વાદિ દોષોની અનુમોદના થાય. આચારહીનને નમસ્કાર કરીએ તો એની આચારહીનતાની અનુમોદના થાય. એ મિથ્યાદૃષ્ટિ આદિને નમસ્કાર તેના મિથ્યાત્વ અને દુરાચારને પહોંચે છે.

ઉપાધ્યાયને નમસ્કાર કરીએ છીએ ત્યારે તેમના ગુણો (૧) સ્વાધ્યાય મગ્નતા, (૨) સૂત્રાર્થદાન-પ્રવીણતા, (૩) સૂત્રાર્થ વિચાર રસિકતા, વગેરેની અનુમોદના થાય છે, કેમ કે નમસ્કાર કરતાં આપણને એવો અહોભાવ થાય છે કે 'અહો શું આ મગ્નતા ! શું આ જ્ઞાન-દાન રસિકતા !'

ગુણના અહોભાવથી ગુણસિદ્ધિના બીજનું વાવેતર થાય છે. અહોભાવ તે બીજ છે. જેનો અહોભાવ કરીએ તેનું બીજ આત્મામાં પડે છે. ઉપાધ્યાયને નમસ્કારથી સ્વાધ્યાય મગ્નતા સૂત્રાર્થ-પ્રવીણતા અને સૂત્રાર્ત-રસિકતા આપણામાં આવે, કહ્યું છે, **'बीजं सत्प्रशंसादि'** કોઈ પણ ધર્મ કે ગુણનું બીજ એની સત્પ્રશંસા છે, એની પ્રત્યે અહોભાવ છે.

નમસ્કાર એ અનુમોદનાભર્યો છે. તેમાં અહોભાવ જોઈએ. દા.ત. 'શું એમની ક્ષમા !' ક્ષમાનો અહોભાવ લાવીએ તો આત્મામાં ક્ષમાનું બીજ પડે, તેમાંથી ક્ષમાનો અભિલાષ, ક્ષમાનું શ્રવણ, ક્ષમા લાવનારી પ્રવૃત્તિ વગેરે અંકુર ફૂટે, ડાંડી પાન ફુલ આવે, ને ફળરૂપે તેવો ક્ષમાનો ગુણ આપણામાં સિદ્ધ થાય, આત્મસાત્ બની જાય. આમ ઉપાધ્યાયના ગુણ સિદ્ધ થતાં ક્રમશઃ વીતરાગતા સુધી પહોંચાય. એ તેમણે એમ ભવ-ભય હરવાનું કામ કર્યું.

**ગુણ સિદ્ધનું બીજું કારણ :-** સૂત્રમાં મગ્નતા ને રસિકતા પર અહોભાવ થયો તો પછી તેની સામેની બધી વાતો માલ વગરની લાગે. દા.ત. 'વાહ ! શું સૂત્ર રસિકતા ! શું સ્વાધ્યાય !' આમ મનમાં લાવીએ ત્યારે સ્વાધ્યાય મગ્નતા જ કરવા જેવી લાગે. 'સ્વાધ્યાય-સૂત્રની રસિકતા થાય તે સાચી, બીજી બધી દુન્યવી પ્રવૃત્તિ અને રસિકતા ખોટી' એમ મનને લાગે એટલે પ્રતિપક્ષી દોષો પર અભાવ થાય ને ગુણો પ્રત્યે સદ્ભાવ થાય. આ પાયા પર કર્તવ્યોની ઈમારત રચાય એ બીજ પડે એટલે બીજી બાજુ અકર્તવ્યો, જેવા કે વાતોચીતો, કુથલી, ડાફોળિયાં, હરવું-ફરવું, વિષયોના રંગરાગ વગેરે પર અભાવ થાય. મનને થાય કે તેમાં શું માલ છે ? સ્વાધ્યાય એ જ ખરી ચીજ ! તેમાં જ સ્વર્ગનું સાચું સુખ છે.

વાતચીતો વગેરેમાં સુખ નથી, પણ આત્મગુણોની હોળી છે, વિનાશ છે.

## નમસ્કારથી વૈરાગ્ય : એથી ભવ ભય ટળે :

સ્વાધ્યાયમાં મગ્નતા રસિકતામાં દિવ્ય આનંદ છે. ઉપાધ્યાયને નમસ્કારથી એમની આ મગ્નતા ને રસિકતા પર જે અહોભાવ થાય છે, તેથી વિષયાદિક પ્રમાદ ને મિથ્યા જ્ઞાન પ્રત્યે અભાવ થાય. તે અભાવ થાય તો વૈરાગ્ય જાગીને ભવનો ભય ટળે, ને સ્વાધ્યાય-મગ્નતા પર અહોભાવ થાય, એટલે બીજું બધું દુનિયાનું ધૂળ જેવું લાગે. ત્યાં વૈરાગ્યનો પાયો નંખાય. આમ ભવ-ભય-વૈરાગ્ય થાય. ભવ ભય ટળે તે માટે ભર્તૃહરિએ કહ્યું છે.

**'भोगे रोग-भयम्... वैराग्यमेवाऽभयम्'**

ભોગમાં રોગનો ભય છે... વૈરાગ્ય જ ભયરહિત છે. પૈસો હોય તો રાજાનો ભય ને ચોર આદિનો ભય લાગે. ક્યાં ભય નથી ? બધે ભય ભય ને ભય છે. ભય ફક્ત વૈરાગ્યમાં નથી. ભય નથી તો ભવ નથી. આમ ઉપાધ્યાયને નમતાં ભવનો ભય ટળે છે. એમ ઉપાધ્યાયને નમતાં આપણો શોક ટળે છે; કારણ કે એમને નમસ્કાર કરતાં શોકના જે કારણો છે તે દૂર થઈ જાય, એટલે શોકનાં કારણ વાહિયાત લાગે.

દા.ત. કોઈનો દીકરો મરી ગયો. તે રડે છે, શોક કરે છે. તો ઉપાધ્યાયને જો એ નમે તો તે છોકરાનું મૃત્યુ અકિંચિત્કર અર્થાત્ માલ વિનાનું કરી નાંખે. કેમ કે ઉપાધ્યાયને નમસ્કાર કરતાં એમની પાસે જ્ઞાન મળે છે, તે જ્ઞાન એવો પ્રકાશ આપે છે કે "આ છોકરો મર્યો તે તો ઘરે મહેમાન આવ્યો હતો તો ગયો." એવું જ્ઞાન થાય, પછી રૂદન રહે નહિ.

પ્ર. : આમ, ઉપાધ્યાયને નમતાં જ્ઞાન મળ્યું, તો જ્ઞાનથી શોક ગયો, શોક નમસ્કારથી ક્યાં ગયો ?

ઉ. : જ્ઞાન નમસ્કાર દ્વારા જ મળ્યું છે. તેથી જ્ઞાનથી શોક ગયો એ નમસ્કારથી ગયો કહેવાય. જેમ દાનથી પુણ્ય મળે અને પુણ્યથી સ્વર્ગ મળે, ત્યાં કહેવાય કે દાનથી સ્વર્ગ મળે. અથવા ઉપાધ્યાયને ઓળખીને નમસ્કાર કરે તે સાચો નમસ્કાર છે. ઓળખાણ મશગુલ છે. એક જ વેપાર "આવો, ભગવાનનું જ્ઞાન લઈ જાઓ" બસ, તે આપતાં થાકે જ નહિ ! જડ પાષાણ જેવા મૂર્ખને પંડિત બનાવે ! આવી વિશેષતાવાળા ઉપાધ્યાયને ઓળખીને નમસ્કાર કરીએ તે એવો અહોભાવ ને આનંદ થાય કે ત્યાં દુન્યવી વસ્તુ બગડ્યાના શોક ભુલાઈ જાય.

તે નમસ્કાર મહાયોગ છે. કેમ કે તેથી એટલો બધો આનંદ આલ્હાદ હોય કે તેની આગળ બધો શોક નકામો લાગે. આપણને અરિહંત અને સિદ્ધ ભગવાન

મળ્યા, આચાર્ય મળ્યા, ઉપાધ્યાય મળ્યા, મુનિ મળ્યા, પણ આપણને તેમની હૃદયસ્પર્શી હૃદયવેધી ઓળખાણ કરતાં નથી આવડતી, તેથી મન હાલતુ-ફાલતુમાં જાય છે, રહે છે.

દા.ત. નાનો બાળક કાંકરાથી રમતા હોય તેમાંથી બે કાંકરા ખોવાઈ જાય તો તે રડે. પણ ત્યાં તેને સોનાની કે રૂપાની બે લખોટી આપો તો ? તો તે રડે ? કદાપિ નહિ; તેમ દેવ-ગુરુ-ધર્મની ઓળખ હોય તો એમની પ્રાપ્તિના આનંદમાં દુન્યવી શોક ન રહે.

**'બાવના ચંદનરસ સમ વયણે અહિત તાપ સવિ ટાળે' 'અહિતના તાપ શું ?'**

જીવોના સમસ્ત અહિત અને સમસ્ત તાપને ઉપાધ્યાય બાવના ચંદન રસ જેવા વચનથી ટાળનારા છે. બાવના ચંદનરસનું એક ટીપું તપેલા લોઢાના ગોળા પર પડે તો તે ગોળો (આઈસ કોલ્ડ) ઠંડો હિમ બને; તેમ ઉપાધ્યાયના મુખમાંથી ઝરતાં વચન આવા છે, તે આત્માની બધી ગરમી ઠારી દે છે. તે ગરમી છે અહિતના અકલ્યાણની. નાદાન જીવો જીવનમાં જે બધું કરે છે, તે પોતાના અહિતનું કરે છે. જેમ કે ખાય પીએ, પૈસો ભેગો કરે, રંગરાગ કરે, તે બધું અહિતનું છે. આ બધા આત્માના અહિતને ટાળનારા ચંદન રસ જેવા ઉપાધ્યાયના વચન છે.

**'અહિત તાપ'**ના બે અર્થ લઈ શકાય. એક કર્મધારય સમાસ તરીકે-અહિતરૂપી તાપ, અને બીજો દ્વન્દ્વ સમાસ તરીકે-અહિત અને તાપ.

ઉપાધ્યાયના મુખમાંથી સૂત્રાર્થ આગમના વચનો નીકળે છે, તેથી સાંભળનારો આત્માના હિત અહિતને ઓળખનારો થાય છે, તેથી તે અહિતને ટાળનારો થાય છે.

રાગદ્વેષ આદિ કષાયના, દુર્ધ્યાનના તથા અસદ્ વિકલ્પોના તાપ જીવનને આકુળ વ્યાકુળ કરનારા છે. તેને ટાળનાર, તેને શાંત કરનારા ઉપાધ્યાયના વચન છે. તે ઉપાધ્યાય જિન શાસનને અજવાળે છે. એટલે કે ઉજ્જવળ કરે છે, અર્થાત્ બીજા જીવોમાં જિનશાસન પ્રકાશિત કરનારા છે, એમને જિનશાસન પ્રત્યે આકર્ષનારા છે. કહે છે ને કે, 'સારો દીકરો કુળ અજવાળે' એટલે કે કુળને લોકમાં વિખ્યાત કરે. લોકોમાં પ્રશંસા થાય કે, 'અહો ! કેવું સુંદર આનું કુળ !' તેમજ જિનશાસનને ઉજાળનાર ઉપાધ્યાય ભગવાન છે. એટલે બીજાઓને પ્રશંસા થાય, અહો કેવું સુંદર જિનશાસન !

**(કાવ્ય) 'તપ સજ્ઝાયે રત સદા, દ્વાદશ અંગના ધ્યાતા રે'**

ઉપાધ્યાય બાહ્ય અને અભ્યંતર તપમાં રક્ત છે. માત્ર ઉપવાસ આયંબિલ નહિ, પરંતુ અનશન-ઉણોદરી-વૃત્તિ સંક્ષેપાદિ બાહ્યતપ તથા પ્રાયશ્ચિત, વિનય, વૈયાવચ્ચ આદિ અભ્યંતર તપમાં પણ સતત રક્ત છે, મગ્ન છે, ઓતપ્રોત છે.

પૂછો, મોટા ઉપાધ્યાય શું કામ તપ કરે ?

પ્ર. : ઉપાધ્યાય મુનિઓથી ઉપરની કક્ષાએ છે તો પણ અને આ ઉપાધ્યાય બનતાં પહેલાં તપમાં ઘણું ઘણું આરાધ્યું છે તો પણ એમને આ બાહ્ય અભ્યંતર તપના પ્રકારો આરાધવાના ?

ઉ. : હા, આ તો જિનશાસન છે એ ન ભૂલશો.

જિનશાસન એટલે વીતરાગ ન થાઓ ત્યાં સુધી અવશ્ય આરાધવાના સંવર-નિર્જરા (તપ)ના પ્રકારો ઉપદેશનારું ધર્મશાસન.

પછી એ પામીને ઉપાધ્યાય પણ સમજે છે, કે 'હું હજી વીતરાગ નથી થયો ત્યાં સુધી સંવર-નિર્જરા અવશ્ય આરાધવા જરૂરી છે.' પછી કેમ એ તપમાં રક્ત ન હોય ?

## ઉપાધ્યાય તપ શું કામ આચરે એનું બીજું કારણ :

વળી તે મુનિઓ માટે આલંબન રૂપ છે. પોતે તપના ૧૨ પ્રકાર આરાધે, તો એ દેખીને મુનિઓ પણ આરાધે. ઉપાધ્યાયને તપમાં સુસ્ત દેખે તો મુનિઓ ય સુસ્ત થાય. આ સૂચવે છે કે આપણા માથે બેવડો ભાર છે,-

(૧) કર્મનિર્જરા અને આત્મશુદ્ધિનો, તથા

(૨) સાથે સાથે બીજાને અસદ્ આલંબન ન બનીયે એનો પણ ભાર છે. આ ભારને વહન કરીએ તો સ્વપરના હિતકારી બનીએ. ભાર માથે ન હોય તો સ્વપરના અહિતકારી થવાના.

**સ્વાધ્યાયનું મહત્ત્વ :-** ઉપાધ્યાય સ્વાધ્યાયમાં સદા રક્ત છે.

પ્ર. : તપમાં રક્ત કહ્યું ત્યાં આભ્યંતર તપમાં સ્વાધ્યાય તો આવી ગયો. છતાં ય 'સ્વાધ્યાય રક્ત'નો અલગ નિર્દેશ કેમ ?

ઉ. : અલગ નિર્દેશ એટલા માટે કર્યો કે, બહુ સમય સ્વાધ્યાયમાં કાઢવાનો છે. બીજી પ્રવૃત્તિ ઓછી હોઈ બાકીનો બધો સમય સ્વાધ્યાયમાં કાઢવાનો છે. ચારિત્ર જીવનમાં ૧ પહોર આહાર-વિહાર, ૨ પહોર નિદ્રા, પણ સ્વાધ્યાય ૫ પહોર કરવાનો છે.

## 'જાપને બદલે સ્વાધ્યાયનું કેમ મહત્ત્વ :'

સ્વાધ્યાયનો એક મુખ્ય ઉદ્દેશ 'અશુભ વિકલ્પો'માંથી બચી શુભ વિકલ્પોમાં રહેવાનું'. જાપમાં બેસે, કે ભાવના ભાવે તો શુભ વિકલ્પમાં સ્થિર ન રહેવાય. કારણ કે એકની એક ચીજ હોય તો મન કેળવાયેલું નથી તેથી તેમાં સ્થિરતા નથી રહેતી. મન વિવિધતા પ્રિય છે, એટલે દા.ત. ભીમપલાસ વગેરે ગમે તેટલા સુંદર રાગમાં ગવાતું ગીત, પરંતુ શ્રોતા એ રાગમાં ગીતની ૩ થી ૪ કડી સાંભળે એટલે

મન સુસ્ત થવા માંડે છે. ત્યાં જો ગવૈયો એના એ જ રાગમાં બીજી કડીઓ ગાશે તો શ્રોતા સુસ્તીથી સાંભળશે. પરંતુ રાગ ફરશે તો શ્રોતા નવા આનંદમાં આવી જશે. જાપમાં વિવિધતા નથી તેથી મન સુસ્ત બને છે, તેથી તેનામાં સ્થિરતા નથી રહેતી. પણ શાસ્ત્ર-સ્વાધ્યાયમાં જુદી જુદી ચીજ હોય છે તો મન એક પછી બીજા શુભમાં, બીજા પછી ત્રીજા શુભમાં રમ્યા કરે છે. એક સરખા જાપ મુશ્કેલ. ધ્યાનમાં આ ન બને-સ્વાધ્યાયમાં નવા નવા શાસ્ત્રવચન અને શાસ્ત્રના પદાર્થ આવે તો મન બરાબર તેમાં પરોવાયેલું રહે છે.

સ્વાધ્યાયનો એક વિશિષ્ટ હેતુ એ છે કે મનને એ શુભમાં લગાડી આત્મામાં સંવેગભાવ વધારે છે.

'સંવેગભાવ' એટલે દેવ, ગુરુ, ધર્મ, ધર્મના અંગ ઉપર શ્રદ્ધા-પ્રીતિ-ભક્તિભાવ.

સ્વાધ્યાય છોડી જાપ અને ધ્યાનમાં લાગી જવામાં આ સંવેગભાવ વધવાનો પ્રાયઃ અવકાશ નથી દા.ત.

મૂર્તિ પર ધ્યાન લગાવ્યું તો શુભ ભાવમાં મન રોક્યું અને એમાં અમુક કોટિનો સંવેગભાવ જાગ્યો, પરંતુ સંવેગભાવ વધતો કેવી રીતે ચાલે ?

સંવેગભાવ વધારવાની તાકાત નવ નવા શાસ્ત્ર વચનમાં ને વચનના અર્થોમાં છે.

નવી નવી ગાથા ને નવા નવા અર્થ વિચારાય તો ધર્મની નવ નવી વાત આવવાથી સંવેગ વધે છે. સ્વાધ્યાયથી સંવેગ વધે છે એટલે કે ધર્મરાગ વધે. આરાધનાનો રાગ વધે, આ બધા સંવેગ છે. સ્વાધ્યાયથી સંવેગ વધે છે. માટે સ્વાધ્યાયનું પ્રાધાન્ય છે, વિશેષતા છે. તેથી ઉપાધ્યાય તપ ને સ્વાધ્યાયમાં હંમેશાં રક્ત રહે છે. હંમેશાં રક્ત એટલા માટે કે જ્યાં સુધી ક્ષાયોપશિક ભાવમાં છીએ, ત્યાં સુધી ઔદયિક ભાવોના આક્રમણ સામે ઝઝુમે છે.

એટલે જ્યાં ક્ષાયોપશમિક ભાવ જરાક મોળો પડ્યો કે ત્યાં તરત ઔદયિક ભાવ આત્મામાં ઉતરી પડ્યા સમજો.

'ઔદયિક ભાવ' એટલે મોહનીયાદિ કર્મના ઉદયનો ભાવ. એમાં કામ-ક્રોધ-લોભ વગેરે જાગતા રહે.

'ક્ષયોપશમિક ભાવ' એટલે મોહનીય-જ્ઞાનાવરણ આદિ કર્મ દબાઈને ક્ષમાદિ ધર્મ સમકિત આદિ ગુણ પ્રગટ થાય તે.

તેથી ક્ષયોપશમિક ભાવ ક્યારેક મોળો ન પડે એ માટે હંમેશા તપ સ્વાધ્યાયમાં રક્તતા જોઈએ.

દા.ત. ભગવાનની સ્તુતિ કરી, વીતરાગ પર રાગ વધ્યો, સંવેગ વધ્યો સમ્યગ્ દર્શન વધુ નિર્મળ થયું એટલે ક્ષાયોપશમિક ભાવ વધ્યો પરંતુ સમ્યક્ત્વને નિર્મળ કરનાર જે અર્હદ્ ભક્તિ છે, તે પત્યા પછી હવે જો બીજા શુભ યોગમાં દાખલ ન થાઓ તો પ્રમાદના અશુભ યોગમાં ઔદયિક ભાવ આવી જાય. પણ નિરંતર સ્વાધ્યાયમાં રહીએ તો ક્ષયોપશમ બન્યો રહે.

શાસ્ત્ર સ્વાધ્યાય સમ્યક્ત્વને તો નિર્મળ કરે ઉપરાંત બીજું શું કરે છે ? આ કે, મોહનીય કર્મના ભાવ હિંસામય આરંભ સમારંભાદિના ભાવ, કષાયના ભાવ, ઈન્દ્રિય આસક્તિના ભાવ, આ બધા મોહના ભાવ છે. તેનો નિગ્રહ અને ક્ષયોપશમ કરે છે.

દ્વૈપાયન દ્વારિકા બાળી નાંખવા તૈયાર થયો, ત્યારે ભગવાન નેમનાથે કહ્યું, "ધર્મ કરો, જયાં સુધી ધર્મ કરશો ત્યાં સુધી દેવતા દ્વારિકા નહિ બાળી શકે." બસ ભગવાને કહ્યું ને આખી દ્વારિકામાં ધર્મનો જુવાળ ઉપડ્યો. પેલો દેવ બાર વર્ષ આકાશમાં વ્યર્થ આંટા મારતો રહ્યો. અગ્નિ મૂકી શક્યો નહિ; કેમ કે દ્વારિકામાં બારે વર્ષ ધર્મનું તેજ એટલું ઊંચું વ્યાપી રહ્યું કે,-

તેથી પેલો દેવ બાર વર્ષ સુધી અંજાઈ જાય છે ! દ્વારિકાના ખૂણે-ખૂણે રોજ ને રોજ ધર્મની જ્યોત જળહળતી હતી, તે ક્યાંય એ દેવને પ્રવેશ નથી મળતો છતાં આશામાં ને આશામાં બાર વરસ આંટા માર માર કરે છે. આ દેવ કેટલો કષાયવાળો હશે ? કેટલો આવેશ તેને હશે ? કે દ્વારિકા આખી બાળી નાંખવાની લેશ્યાથી બાર બાર વર્ષ નગરી પર આંટા માર્યા ?

તે સૂચવે છે કે, **'કષાયાવેશ મન-ઘરમાં ન ઘાલશો; નહિ તો મન બગાડીને જીવન બગાડી મૂકશે.'**

હવે ૧૨ વર્ષ સુધી દેવતાઓએ કાંઈ ન કર્યું તેથી નગરીના લોકો ભરોસે ભ્રમમાં રહ્યા કે, "બાર બાર વર્ષ થઈ ગયા, કાંઈ થયું નહિ, તેથી લાગે છે કે દેવતા સ્વર્ગના સુખમાં આ ભૂલી ગયો હશે. દેવતા તે કેટલો પૂંઠે પડે ? તે તો તેની જગ્યાએ સ્વર્ગના સુખમાં મહાલતો બેસી ગયો હશે ! માટે કરો હવે પારણાં !" શાના પારણાં ? જે પ્રભુ-ભક્તિ અને આયંબિલાદિ તપસ્યા કરતા હતા તેના પારણાં ! એટલે ? પ્રભુ ભક્તિ અને તપસ્યા બંધ. હવે તો નાટક-ચેટક, ગીત-ગાન, ખાનપાન વધી ગયાં ! ધર્મ તેજ ઓસરી ગયું, તે દેવને છીંડું મળી ગયું, ને તેણે દ્વારિકાને આગ લગાડી દીધી ! ધર્મ કરાવનારો, મોહનીયનો ક્ષયોપશમભાવ જો બંધ, તો સુખ લીલાનો-લાલસાનો ઔદયિકભાવ ચાલુ થઈ ગયો.

આમ ધર્મના ક્ષયોપશમ ભાવમાં જો થાકો, તો દિલમાં મોહનો ઔદયિક

ભાવરૂપી દ્વૈપાયન દેવ દાખલ થઈ જવાનો, માટે તે ક્ષયોપશમભાવ ટકાવી રાખવા માટે તપ ને સ્વાધ્યાયમાં રક્ત સદા રહો.

**ઉપાધ્યાય દ્વાદશાંગના ધ્યાતા છે.** એટલે કે બાર અંગનું રટણ કરનારા છે. સ્વાધ્યાય એટલે કે માત્ર રટણ કરી બેસી રહેવાનું નહિ, પણ રટણથી આગળનું પગથિયું 'ધ્યાન' છે એ કરવાનું. એ ઉપાધ્યાય કરે છે. 'ધ્યાન' એટલે એકાગ્ર ચિંતન છે. એમાં પ્રણિધાન જોઈએ. પ્રણિધાનની વ્યાખ્યા આ પ્રમાણે શાસ્ત્ર કહે છે,-

પ્રણિધાન મનનું સમર્પણ એટલે ?

**'विशुद्धभावनासारम् तदर्थार्पितमानसम् ।**

**यथाशक्ति क्रिया-लिंगं प्रणिधानं जगुर्जिनाः ॥'**

અર્થાત્ વિશુદ્ધ ભાવનાના બળવાળું અને યથાશક્તિ ક્રિયાથી જ્ઞાપિત-સૂચિત, તથા તેના અર્થમાં સમર્પિત મનને જિનેશ્વર ભગવંતો પ્રણિધાન કહે છે.

પ્રણિધાન એ સૂત્રના અર્થમાં કે ક્રિયાના ભાવમાં સમર્પિત મન છે. એ વિશુદ્ધ ભાવનાના સામર્થ્યવાળું હોય તથા યથાશક્તિ ક્રિયાથી યુક્ત હોય, એમ જિનેશ્વર ભગવંતો કહે છે.

મનનું **'प्रकर्षेण निधान'** તે પ્રણિધાન, અર્થાત્ ધ્યેયમાં ઉત્કૃષ્ટ સ્થાપન. માટે ધ્યાનને પ્રણિધાન પણ કહેવાય.

મનને સ્થાપિત કરવા માટે જે સૂત્ર-શાસ્ત્ર ભણીએ, તેના પદાર્થોમાં મન સમર્પિત કરી દેવું.

**ધ્યાન-પ્રણિધાન એટલે મનનું સમર્પણ.** સમર્પણ એટલે શું ?

સમર્પણ એટલે પોતાનું બધું બાજુએ મૂકી સામામાં એકતાન થઈ જવું તે.

દા.ત. કન્યાને મનગમતો યુવાન પતિ મળ્યો, તો તે સ્ત્રી પતિમાં સમર્પિત થાય છે. પછી તે સ્ત્રી પોતાની રુચિ, રસ, શોખ, પોતાની ઈચ્છા, પોતાની દૃષ્ટિ બધું બાજુએ મૂકી દઈ પતિમાં એકતાન થઈ જાય છે. પતિની રુચિ એ પોતાની રુચિ, પતિનો રસ-શોખ એ પોતાનો રસ-શોખ, પતિની ઈચ્છા એ જ પોતાની ઈચ્છા; પતિના કાર્ય એ જ પોતાનાં કાર્ય, પતિની દૃષ્ટિએ જ પોતાની દૃષ્ટિ કરે છે.

ગૌતમ મહારાજ ભગવાન મહાવીર દેવને સમર્પિત થયા એટલે આ બધું કર્યું. પોતાની રુચિ-રસ-ઈચ્છા-સ્વભાવ-દૃષ્ટિ બધું ભગવાનને સોંપી દીધું, હવે ભગવાનની રુચિ વગેરે પકડ્યાં અર્થાત્ 'પ્રભુ ! તમારી દૃષ્ટિ એ મારી દૃષ્ટિ, તમારી ઈચ્છા તે મારી ઈચ્છા, તમારી રુચિ તે મારી રુચિ...' આ કર્યું.

સીતાએ રામને મનનું સમર્પણ કર્યું, તો ૧૨-૧૨ વર્ષ રામ સાથે વનમાં

ગાળ્યા, કશું પોતાનું ન રાખ્યું, બધું રામનું. આ છે મનનું સમર્પણ.

તેમ શાસ્ત્રના પદાર્થોને મનનું સમર્પણ એટલે કે સૂત્ર ભણતાં યાદ કરતાં.

(૧) મનનાં બધા લફરા હટાવી દે.

(૨) મનની આપમતિ નીકળી જાય.

(૩) મનની બીજી-ત્રીજી કલ્પનાઓ નીકળી જાય, બીજા-ત્રીજા વિચારો બંધ થઈ જાય, અને

(૪) શાસ્ત્રના સૂત્રના પદાર્થમાં જ મનની રમણતા બની રહે.

ત્યારે મનનું સમર્પણ થયું કહેવાય. ત્યારે સાચું પ્રણિધાન લાગે. પછી મન સૂત્રાર્થમાં લીન એકાકાર હોય.

શાસ્ત્રના પદાર્થોને સમર્પિત મન રહે પછી શાસ્ત્રમાં જ્યાં ઉત્સર્ગ, રાજમાર્ગ, લગાડવાનો હોય, ત્યાં અપવાદ ન લગાવે, ને અપવાદ લગાડવાનો હોય ત્યાં ઉત્સર્ગ ન લગાવે.

(અહીં વાચનામાં એક પ્રશ્ન ઉઠ્યો કે, આ બધું વર્ણન આવે છે તેવું આજે ગુરુમાં ક્યાં દેખાય છે ?)

જવાબ છે કાળાનુસારે ગુરુના લક્ષણ જોવાં.

કાળાનુસાર એટલે મનનું બળ, સંઘયણનું બળ વગેરેનો હ્રાસ થયો છે, તો ઉત્કર્ષ ન હોય. પણ એ જોવાનું કે કાળાનુસારે અંશ તેમનામાં છે કે નહિ ? તે રીતે જોઈએ તો ગુરુમાં ઉત્કૃષ્ટતામાં ઓછાશ જોઈ ગુરુ પર અભાવ કરવાનું ન થાય. તેમ 'આજે આવા આચાર્યો નથી, સાધુઓ નથી...' આવું આવું કહેવાનું મન ન થાય; એવો અભાવ ન થાય, કેમ કે એમ કહેવામાં શાસન આચાર્ય વગેરેનો અપલાપ છે.

તેથી આપણો સદ્ભાવ રહે એટલો માટે એમ વિચારો કે વર્તમાન કાળે બળ-જ્ઞાન-સત્વ ઓછું થયું છે, તેથી એના પ્રમાણમાં શાસ્ત્ર વાતો મળે. બાકી કરવા જેવું વાસ્તવમાં આ છે કે આપણે ફક્ત આપણી પોતાના વ્રત-નિયમ-આદિની આરાધના માટે પૂર્વના આદર્શો સામે રાખવા પોતાની આરાધના જોવી, એ કેમ વધે એનું જ ધ્યાન રાખવું.

(૧) કોણ શું ઓછું કરે છે, શી ભૂલ કરે છે તે તરફ દૃષ્ટિ ન નાંખવી.

(૨) આપણે આપણાં આચરણ માટે ઉત્કર્ષ માટે પૂર્વ પુરુષોના આદર્શો સામે રાખી આરાધના બળ વધારવું.

(૩) બીજાને માટે કાલાનુસાર જોવું.

તો જ શ્રદ્ધા ભાવ-મૈત્રીભાવ-પ્રમોદભાવ બન્યા રહે.

**મન પ્રસન્ન-પ્રશાંત-પ્રફુલ્લિત ત્યારે જ હોય જ્યારે મૈત્રી આદિ ભાવોને સતત જાળવી રાખ્યા હોય.**

તેટલા માટે જ મૈત્રી આદિ ભાવોને ધર્મના સ્વરૂપમાં મૂકેલ છે. ધર્મનું સ્વરૂપ એટલે વીતરાગ વચન અનુસાર અનુષ્ઠાન, પરંતુ એ મૈત્રી આદિ ભાવથી યુક્ત હોય તો જ ધર્મરૂપ છે. તમે ચારિત્ર કઠોર પાળો ને સાધુ પ્રત્યે સૂગ કરો, સાધુ પ્રત્યે ઈર્ષ્યા કરો, તો તમે કરુણા ભાવ ને પ્રમોદભાવને ગુમાવ્યો, ત્યાં ધર્મ ગયો સમજવો. ધર્મનું સ્વરૂપ એ માગે છે કે ધર્મના અનુષ્ઠાન સાથે મૈત્રીભાવ કરુણાભાવ-પ્રમોદભાવ-ઉપેક્ષાભાવ જીવતા રાખો. ધર્મ-સ્વરૂપમાં મૈત્રીભાવ કરુણાભાવ આદિ ઊંચા હેતુપૂર્વક મૂક્યા છે. પોતે તપ સારો કરે છે, પણ અંદર ધર્મ-પરિણતિ ત્યારે થઈ કહેવાય કે જ્યારે તપ ન કરનાર પ્રત્યે અમૈત્રી-અભાવ ન થાય. કોઈ તપસ્વી પ્રત્યે સૂગ ન થાય, કે તેની ઈર્ષ્યા ન થાય. આ અમૈત્રીભાવ વગેરે એ અશુભ ભાવ છે, ને અશુભ ભાવ દિલમાં આવ્યો તો ધર્મપરિણતિનો શુભભાવ ત્યાં ન ઊભો રહે.

તપથી શુભભાવની ધર્મ પરિણતિ ઘડવાની છે. એ ઘડવા મૈત્રી વગેરે ભાવોનો પણ ખપ અવશ્ય કરવાનો છે.

**સાધુપણાના કે શ્રાવકપણાના આચારો અનુષ્ઠાનોનો ખપ કરીએ, તેમ (૧) વૈરાગ્યની પરિણતિ, (૨) મૈત્રી આદિ ભાવો, તથા (૩) આરાધક ભાવની પરિણતિનો પણ ખપ કરીએ, એ ધ્યાન રાખવું બહું જ જરૂરી છે.**

ધર્મનું સ્વરૂપ ધર્મના અનુષ્ઠાન સાથે મૈત્રીભાવ-કરુણાભાવ વગેરે જીવતાં રાખવાનું માંગે છે. બ્રહ્મચર્ય પાળવા છતાં એ ન પાળનાર પર અમૈત્રી દુર્ભાવ તિરસ્કાર છે, તો ધર્મના નામનું મીડું થશે. એમ કષાય-પ્રમાદમાં પડ્યા, સ્નેહભાવ-કરુણાભાવ નહિ હોય તો દુર્ભાવ થશે, અને તેથી બધું જશે.

ઉપાધ્યાય દ્વાદશાંગના ધ્યાતા, ધ્યાન ધરનાર છે, અને તેના પદાર્થ મનને સમર્પિત કરનારા છે. સમર્પિત અટેલે ઉત્સર્ગ તે ઉત્સર્ગ અને અપવાદ તે અપવાદ સમજે.

કાલાનુસાર માટે કહ્યું છે કે, 'અચેલ એટલે કે જિન કલ્પી સાધુ એ જ ચારિત્રવાન' એમ માની જે નગ્નને જ મુનિ માની એક વસ્ત્ર યા બે કે ત્રણ વસ્ત્ર પહેરનારનું અપમાન કરે છે, તે તો જિનાજ્ઞાની વિરુદ્ધ છે. સાધુ જિન-કલ્પી સ્થવીર-કલ્પી વગેરે જુદા જુદા કલ્પ આચારવાળા હોય છે. કારણ કે જીવોમાં

સંઘયણ બળ ઓછું વત્તું હોય છે.

આજે વર્તમાનકાળમાં સંઘયણ બળ ઓછું, સત્ત્વબળ ઓછું તેથી આરાધના ખાતર પ્રતિસેવના અર્થાત્ દોષિતગ્રહણ કરવું પડે. મુનિઓ ભગવાનની આજ્ઞા પ્રમાણે કર્મક્ષય માટે ઉદ્યમી છે, એ જે પ્રમાણે પોતાનાથી સમ્યક્ શક્ય છે તે પ્રમાણે માર્ગસ્થ થઈ શકે, પરંતું જે ઉત્કૃષ્ટ ન પાળી શકે તો તેથી કાંઈ તેની હીલના ન થાય, અપમાન ન થાય. સાધકને આવો અધિકાર નથી.

માટે બે બાબતો ધ્યાનમાં રાખવી.

(૧) જાત માટે મહામુનિના ઊંચા આદર્શો સામે રાખવા.

(૨) બીજા ઢીલા માટે અભાવ ન કરવો, બીજા માટે શક્યતા જોવી, ને એમના પ્રત્યે મૈત્રી ભાવના કરુણા ભાવના વગેરે ભાવના ભાવવી. તો જ સાધનામાં સમર્પિત થવાય.

**'તપ સજ્ઝાયે રત સદા, દ્વાદશ અંગના ધ્યાતા રે.'**

ઉપાધ્યાય દ્વાદશાંગીને સ્વનામવત્ પરિચિત કરી શકે છે, જેટલું નામ પરિચિત, તેટલી દ્વાદશાંગી પરિચિત છે.

**'ઉપાધ્યાય તે આતમા, જગબાંધવ જગભ્રાતા રે.'**

આવા ઉપાધ્યાય તો જગબાંધવ છે - જગતના સગા છે, અને જગભ્રાતા છે, જગતના ભાઈ છે.

ભ્રાતા અને બાંધવની વિશેષતા એ છે કે ભ્રાતા સહાયભૂત છે અને બાંધવ આશ્વાસનરૂપ છે. દા.ત. કોઈ પરદેશમાં ગયો, ત્યાં કોઈ ભારતનો માણસ મળે તો તેને સગા-સ્નેહી બાંધવ જેવો લાગે છે, તેથી તેને આશ્વાસનરૂપ બને છે. સગા-સ્નેહી આશ્વાસન આપે. ઘરમાં કોઈ માંદુ હોય ત્યારે ભાઈ સહાય કરે છે. માવજત કરે છે; ત્યારે સગા-સ્નેહી આવે તે હુંફ-આશ્વાસન આપે છે. તેમ,

**ઉપાધ્યાય જગતના બાંધવ યાને સગાં-સ્નેહી છે.** ઉપાધ્યાય જગતને માટે હુંફ આશ્વાસનરૂપ છે. તે એવા પ્રકારનો શાસ્ત્રબોધ આપે છે કે જેનાથી જગતને હુંફ ને આશ્વાસન મળે છે. લાખો રૂપિયા કોઈએ ગુમાવ્યા અને તે ખૂબ હતાશ-નિરાશ થઈ ગયો, ને તે ઉપાધ્યાય પાસે આવે તો ઉપાધ્યાય કહે;

"તારું તો શું ગયું છે ? મોટાં ચક્રવર્તી છ ખંડના રાજાના ખંડના ખંડ ઉપડી ગયા, તેના ચૌદ રત્નો ગયા, તેના પ્રમાણમાં તારા આ થોડા લાખ ગયા શી વિસાતમાં ?"

**ઉપાધ્યાય જગતના ભ્રાત છે.** ભાઈની વિશેષતા એ છે કે તે સહાયક છે, સુખ-દુઃખમાં સાથે રહેનાર છે. તે સહાનુભૂતિ તથા સમસંવેદન કરનાર હોય છે. જો એક ભાઈને ખોટ આવી, તો બીજો ભાઈ કહેશે, 'મારું છે તે તારું જ છે; ચિંતા ન કરીશ. કોણ માગવા-લેવા આવે છે ? પરંતુ આટલા શબ્દ હિંમત આપે છે. આમ ભાઈ માફક ઉપાધ્યાય સહાનુભૂતિ બતાવી તેને સહાયરૂપ બને છે.'

પ્ર. : ઉપાધ્યાય તો જગતની સર્વ વસ્તુઓના સંબંધો છોડીને બેઠા છે, તો તે શી રીતે સહાનુભૂતિ બતાવવા જાય ?

ઉ. : ઉપાધ્યાય દુઃખિયારા જગતને એવી શાસ્ત્રસમજ આપે છે કે,

"જુઓ તમે બાહ્ય વસ્તુની ખોટ કે અભાવથી દુઃખિત નથી; કિન્તુ તમે તમારા નિરાશ બનેલા મનથી દુઃખિત છો. જો તમે એમ વિચારો કે મારા કરતાં ભારે તંગીવાળા દુનિયામાં હજી ઘણાં છે, અને ઓછું થયું તો તે કર્માધીન છે, કર્મને આધીન વસ્તુમાં મારું કાંઈ ચાલવાનું નથી તો એની ખાતર હું શું કામ દુઃખી થાઉં? મારે મારા દિલમાં લાખ રૂપિયાના દેવ-ગુરુ-ધર્મ સલામત છે, ને ખરેખર તો એ જ મારી કિંમતી મૂડી છે, માટે મારે દુઃખ કરવાની કશી જરૂર નથી. રામ-નળ પાંડવો વગેરે જંગલમાં પણ એમ જ સુખી હતાં."

આવી આવી શાસ્ત્ર-સમજ ઉપાધ્યાય આપી જગતને દુઃખમાં સહાયક, હિંમત અને રાહત આપનાર બને છે. સમજાવે છે કે, 'સુખ-દુઃખ એ પોતાની આંતરિક પરિણતિ પર આધાર રાખે છે.' એથી ઉપાધ્યાય સુખ દુઃખના ભાગીદાર છે." આમ જગતને જે સહાનુભૂતિ કૌટુંબિક ભાઈ કે સગા-વ્હાલા નથી આપતાં, તે ઉપાધ્યાય કે આચાર્ય આપી શકે છે.

આનું તાત્પર્ય એ છે કે ઉપાધ્યાય જ્ઞાન-બોધથી જગતને દુઃખમાં થતા ચિત્ત-સંક્લેશ, આર્તધ્યાન અને અસમાધિ દૂર કરે છે, ગરીબી દુઃખ નથી, ઓછું ખાવા મળે તે દુઃખ નથી, પણ ચિત્તનો સંક્લેશ એ દુઃખ છે. જો એ ન હોય તો ગરીબને કે શ્રીમંતને ઓછું ખાવા મળે એનું કશું દુઃખ નથી. એ દુઃખી નથી. આવું જ્ઞાન આપનાર ને સમજાવનાર ઉપાધ્યાય છે. ઉપાધ્યાય નિરાશા હતાશા આર્તધ્યાનને દૂર કરનાર હોવાથી તે ભ્રાતા સમાન છે.

**જીવની વિશેષતા : પરસ્પર ઉપકાર** -

ઉપાધ્યાયનો આ ગુણ આપણે પણ જીવનમાં ઉતારવાનો છે. ને આપણે બીજાને સહાનુભૂતિ આપનારા બનવાનું છે, કેમકે તત્ત્વાર્થ સૂત્ર કહે છે કે

**'परस्परानुग्रहो जीवानाम्'** અર્થાત્ જડ કરતાં જીવની આ વિશેષતા છે કે જીવો પરસ્પર ઉપકાર કરી શકે છે. ગૃહસ્થો સાધુને આહારાદિનું દાન કરી સાધુના સંયમજીવન પર ઉપકાર કરી શકે છે, ને સાધુ ગૃહસ્થોને ઉપદેશ આપી એમના પર ધર્મ-જીવનનો ઉપકાર કરી શકે છે. દુઃખમાં તત્ત્વ સમજાવી સમાધિ-શુભધ્યાન આપવાનો ઉપકાર કરી શકે છે. આમ જોઈએ તો દેખાશે કે

**માનવ જીવન અંગત જીવન ઉપરાંત સામુહિક જીવન છે, સંઘ જીવન છે.**

એકલ પંડે જંગલમાં રહેતાં હોય તેને અન્યનો વિચાર કરવાનો રહેતો નથી. **પણ સમુહમાં રહેવું છે તો તો સ્વસ્થ કેવી રીતે રહેવું એ જ વિચારવાનું છે.**

ત્યાં મૈત્રી આદિ ભાવના ઉપયોગી થાય છે. પોતાના વૈયક્તિક **અંગત જીવન** માટે તો પોતાની સામે આદર્શ આલંબન રાખવાનું; દા.ત. ત્યાગ-જપ માટે ધન્ના અણગાર જેવાનું જીવન નજર સામે રાખ્યા કરવાનું છે. પરંતુ **સંઘજીવન માટે તો** બીજા માટે મૈત્રીકરુણા-પ્રમોદ-માધ્યસ્થ રાખવાના. બીજાની ન્યૂનતાથી આપણે દીનહીન ન બનીએ, આપણી ન્યૂનતામાં આપણે સંતોષી ન બનીએ. સંઘે જીવનમાં પોતે જો ડીપ્રેસ્ડ નિરાશ થઈ જાય તો તે સંઘને ઉપયોગી ન થાય. ત્યાં તો વિચાર એ જ કરવો કે 'સંઘની ગમે તેવી પરિસ્થિતિમાં પણ પોતે સંઘને કેવી રીતે ઉપયોગી થાય !' 'સંઘમાં આમ બગડી ગયું છે, તેમ બગડી ગયું છે, ટ્રસ્ટી આવા છે, શ્રીમંતો આવા છે, શિક્ષકો બગડી ગયા, સરકાર બગડી ગઈ...' વગેરે બખાળા કાઢ્યેથી શું વળે ? ઊલટું એમાં પોતાના જ દિલમાં નરદમ દ્વેષ ગુસ્સો ને અહંકાર પોષાય છે, ને સામાનું સંઘનું કશું ભલું કરી શકતો નથી. એટલે એ બખાળા વગેરે સદંતર બંધ કરી પોતે સંઘને ક્યાં કેટલો કેવી રીતે ઉપયોગી થઈ શકે એ જ જોવાનું કરવાનું છે.

'ઉપાધ્યાય જગતના બાંધવ સગા અને જગતના ભ્રાતા છે.' એ ગુણમાંથી આ શીખવાનું છે કે સંઘ જીવનમાં બીજાને નક્કર આશ્વાસન હુંફ અને સહાનુભૂતિ આપનારા બનીએ.

**કાવ્ય :- 'सुत्तत्थ-संवेगमयस्सुएणं संनीर खीरामय विस्सुएण ।**
**पीणंति जे ते उवज्झायराए झाएह निच्चंपि कयप्पसाए ॥'**

અર્થાત્ જીવનદાયી સમ્યક્ નીર સમાન સૂત્રમય અને પુષ્ટિદાયી દૂધ સમાન અર્થમય, તથા અમૃત સમાન સંવેગમય તરીકે પ્રસિદ્ધ શ્રુત-આગમ વડે જે ઉપાધ્યાય રાજા ભવ્યાત્માને ખુશ-રંજિત કરે છે, અને જે 'કયપ્પસાએ' જગતની ઉપર પ્રસાદ-

કૃપા કરનારા બન્યા છે, એવા રાજમાન રાજેશ્રી ઉપાધ્યાયનું હંમેશાં પણ ધ્યાન કરો."

ભવ્યાત્મા શ્રુતથી કેમ રંજિત થાય છે ? તો કે સૂત્ર અને તેનો અર્થ સંવેગમય છે. 'સુત્તત્થમય' એટલે શ્રુત તે સૂત્રમય છે, ને અર્થમય છે. આમ તો શ્રુત એ આગમ સૂત્રો છે. કિન્તુ સૂત્રમાં અર્થ ભરેલો છે; જેમ દૂધમાં સાકર ભળેલી હોય તેમ સૂત્રમાં અર્થ ભળેલો છે; તેથી શ્રુત અર્થમય પણ કહેવાય. સૂત્ર અને અર્થનો વાચ્ય-વાચક ભાવ છે. અભિધેય-અભિધાન ભાવ છે. સૂત્ર વાચક છે, અર્થ વાચ્ય છે. સૂત્ર શબ્દમય છે, અને એ શબ્દોના અર્થનું સૂચન કરે છે. સૂચન કરે છે, માટે સૂત્ર કહેવાય છે. તેથી સૂત્ર સાથે અર્થ જોડાયેલો છે.

સૂત્ર અને અર્થ એકમેક જોડાયેલા છે. પદાર્થ, શબ્દ અને જ્ઞાન ત્રણેનો સંબંધ છે. જેમ કે,-

**घटशब्दोऽपि घटः घटअर्थोऽपि घटः घटज्ञानमपि घटः**

ઘડાને માટે પૂછે 'શું છે આ ?' તો કે ઘડો

'તમે શું બોલ્યા ?' તો કહે ઘડો.

'તમારા મનમાં શું છે ?' તો કહે ઘડો

આ કહેવાનો મતલબ એ છે કે સૂત્રમાં અર્થ સંમીલિત છે. એટલે કે જેમ શ્રુત-આગમ એ સૂત્રમય છે. તેમ અર્થમય છે.

**આગમની ત્રીજી વિશેષતા** આ છે કે આગમ સંવેગમય છે, સંવેગભર્યો છે. આગમથી સંવેગ મળે છે. તીવ્ર ધર્મનો રાગ, મોક્ષનો રાગ, દેવગુરુનો રાગ, ધર્મ અનુષ્ઠાનનો રાગ, તે બધા 'સંવેગ' છે. દા.ત. 'પ્રભુદર્શન કર્યા વિના મોમાં પાણીનું ટીપું ન નાંખવું.' યા 'દેવવંદન કર્યા સિવાય પચ્ચક્ખાણ ન પારવું' એ દેવ-દર્શનાદિ ધર્માનુષ્ઠાનનો રાગ છે, એને સંવેગ કહેવાય. આગમના શ્રવણથી આ સંવેગ મળે છે. એટલે આગમમાં સૂત્રને અર્થની સાથે સંવેગ વણાયેલ છે એમ કહેવાય. આ સૂચવે છે કે આગમથી સૂત્ર ને અર્થ જાણ્યા, પણ સાથે સંવેગ ન લીધો, તો આત્માને લાભદાયી હિતકારી ન બને; કેમ કે જો સંવેગ નથી તો એનાં હૈયામાં એ સંસાર-રાગ જ ઊભો રહે છે, પછી ભલે ગમે તેવો મોટો વિદ્વાન હોય.

સંવેગ-જનક અને સંવેગ વર્ધક શ્રુતનું પઠન-પાઠન હોય તો તે આત્માને લાભકારી છે. એમાં પણ સૂત્ર છે એ દોરો છે, ને અર્થ છે એ મણીઓ છે. મણીઓ દોરામાં પરોવાયેલા રહે. દોરા વિના મણીઓ વેરણ-છેરણ થઈ જાય. એમ અર્થ સૂત્ર વિના ભુલાઈ જાય એટલે હવે કોઈ કહે, 'હું એકલા અર્થ કરી લઈશ, ગાથા તો નહિ કરું' તો તેમ કરતાં જતે દહાડે અર્થ ભૂલી જશે ! ગાથાઓ કરી હોય તો એનું પુનરાવર્તન ઘુંટતા ભુલાય નહિ, સરળતાથી ગાથાઓ લાંબે ગાળે પણ યાદ

આવે, અને એના પર અર્થચિંતન પણ સારી રીતે કરી શકે. ત્યારે એકલું સૂત્ર ગોખ્યું હોય ને અર્થને ન સમજ્યા હોય તો પદાર્થ જ્ઞાન વિનાનું સૂત્ર શા કામનું ? અલબત્ત સૂત્ર ગોખ્યા એટલી જિનવચનની શ્રદ્ધાનો લાભ મળ્યો, ઉપરાંત સૂત્ર-મંગળરૂપ થાય, પણ તેથી તત્ત્વનો બોધ ન થાય.

- સૂત્ર તે કેવું છે ?
- સૂત્ર તે નીર ખીર ને અમૃતરૂપે વિશ્રુત છે, પ્રસિદ્ધ છે.
- સૂત્ર તે નીર સમાન છે.
- અર્થ તે ખીર-દૂધ સમાન છે.
- સંવેગ તે અમૃત સમાન છે.

(૧) નીર શું કામ કરે ? પ્રક્ષાલન. પ્રક્ષાલન એટલે કે એ વિશુદ્ધિકરણ કરે છે. મનમાં સૂત્ર રટે તો મનના કચરા સાફ થાય છે. તે મહિમા છે. સૂત્રના અક્ષરોનો.

(૨) ક્ષીર એટલે કે દુધ પુષ્ટિદાયક છે.

પહેલા, સૂત્રથી મન ચોક્ખું થયું, હવે મન અર્થથી તગડું બને, પુષ્ટ બને, જેટલા પ્રમાણમાં શાસ્ત્રોના શાસનના પદાર્થો મનમાં રમતા થાય તેટલા પ્રમાણમાં મન તગડું, બળવાન, પુષ્ટ થાય.

(૩) સંવેગ અમૃતનું કામ કરે છે, મનને ચેતનામય રાખે છે.

પહેલા સૂત્રથી પ્રક્ષાલિત મન હોય, પછી મન અર્થથી પુષ્ટ કર્યું હોય કિન્તુ જડાસક્તિના ઝેરથી બેભાન આત્મા સજીવન ન થાય તો બધું નકામું છે. મોટો પંડિત હોય ને શુદ્ધ ચેતના ન હોય તો બધું નકામું છે, તેથી સંવેગ એ અમૃત છે. શુદ્ધ ચેતનાને સજાગ કરે છે.

તેમ સૂત્ર-અર્થ અને સંવેગ વડે ઉપાધ્યાય શિષ્યના મનને વિશુદ્ધ બનાવે છે. શિષ્યને પુષ્ટ બનાવે છે ને ખુશ કરે છે તેવા મહાન ઉપકારી ઉપાધ્યાયનું હંમેશા ધ્યાન કરો.

"હંમેશા" શબ્દ એટલા માટે મૂક્યો છે કે જો ધ્યાન સતત, ચાલુ ન હોય અને વચમાં તુટક પડ્યું તો સંસ્કારનું દઢીકરણ નહિ થાય અને નિત્ય ધ્યાન કરો *તો સંસ્કારનું દઢીકરણ થાય.*

આ ઉપરથી એ ફલિત થાય છે કે

***જે સારી ચીજ છે, તે સતત કર્યા કરો તો તેના સંસ્કાર દઢ થઈ જાય ને ભવાંતરે બહુ ઉપયોગી થઈ જાય.***

ભવાંતરમાં દઢ સંસ્કારની વસ્તુ સુલભ બને છે.

તેથી આજે વર્તમાનમાં સારું કરતાં રહેવાનું છે, ને નરસું બિલકુલ નહિ. એક મિનિટની ફોગટિયા વાત કે ડાફોળિયું ય નહિ. જો તે કરવા જાય, તો ધર્મયોગ પર છાર ફરી વળે. એ શેના જેવું થયું તો કે અગ્નિ સળગાવે ને તે ઉપર રાખ ઢાંકી રાખે તેના જેવું થયું.

જો ભવાંતરમાં સારી ચીજ જોઈતી હોય તો આજે સારું ખૂબ કરો, નિરાશંસભાવે કરો, જેથી તેના સંસ્કાર દઢ થઈ જાય. પછી સરળતા ને સુગમતા રહે.

સારી બાબતની વિપરીત બાબત તે ખોટી ચીજ છે. સતત તો શું કોઈ કોઈ વાર પણ ન કરો. કારણ કે પેલું સારું નિત્ય કરો તો સુસંસ્કાર પુષ્ટ થવાનો લાભ થાય, પણ નરસું કોઈ વાર કરો તો ય નુકસાન થાય.

પ્ર. : એવું કેમ થાય છે કે મન કરીને સારું કરતાં કરતાં નરસું મનમાં સહેજે આવી જાય છે ?

ઉ. : સારી ચીજના સંસ્કાર જુગ જુના નથી. નવા ઊભા કરવાના છે, એટલે મન મારીને સારું કરવું પડે છે. જ્યારે નરસી ચીજના સંસ્કાર તો વારસામાં પડેલા છે. જુગજુના છે. તેથી જો એ સાવધાની ન રાખે તો સહેજે ઉદયમાં આવી પાપ-બુદ્ધિ કરાવે છે.

એકાદ વાર સારી ચીજ પણ જો સતત કરો તો તેના સંસ્કારોનું દઢીકરણ થાય. કદાચ કોઈવાર ન થાય તો તેથી નુકસાન ન થાય પરંતુ નરસી ચીજ કોઈવાર કરો તોય નુકસાન થાય.

અનેક વિશેષણોથી સદ્ગુણોથી યુક્ત એવા ઉપાધ્યાયનું સતત ધ્યાન કરો.

**ગુણોનું ધ્યાન એ ધ્યાન કરનાર ધ્યાનીને ગુણવાન બનાવે છે.**

માટે અરિહંત આદિનું ધ્યાન તેના વિશેષણો સહિત કરો, 'અરિહંતા મે શરણમ્' એટલું જ નહિ, તેને બદલે પરમ ત્રિલોકનાથ, અચિંત્ય ચિંતામણિ ઉત્કૃષ્ટ પુણ્ય સમૂહવંતા, ભવજલ નિધિ પોત વગેરે વિશેષણોથી યુક્ત અરિહંત મારે શરણં' એમ ધ્યાન કરવાનું. વિશેષણો તે તે વસ્તુનું સ્વરૂપ છે એટલે ધ્યાન કરતાં એક એક વિશેષણનું સ્વરૂપ મનની સામે આવી અરિહંત એ સ્વરૂપવાળા મનમાં આવે.

❉ ❉ ❉

# ॥ પંચમ શ્રી સાધુપદ પૂજા ॥

## ॥ કાવ્યં ઈન્દ્રવજ્રાવૃત્તમ્ ॥

સાહૂણ સંસાહિઅ સંજમાણં, નમો નમો સુદ્ધદયાદમાણં ॥
તિગુત્તિગુત્તાણ સમાહિયાણં, મુણીંદમાણંદપયટ્ઠિયાણં ॥૧॥

## ॥ ભુજંગ પ્રયાતવૃત્તમ્ ॥

**કરે સેવના સૂરિવાચગ ગણિની, કરું વર્ણના તેહની શી મુણિની ॥**
**સમેતા સદા પંચસમિતિ ત્રિગુપ્તા, ત્રિગુપ્તે નહિ કામભોગેષુ લિપ્તા ॥૧॥**

**વળી બાહ્ય અભ્યંતર ગ્રંથિ ટાળી, હોયે મુક્તિને યોગ્ય ચારિત્ર પાળી ॥**
**શુભાષ્ટાંગ યોગે રમે ચિત્ત વાળી, નમું સાધુને તેહ નિજ પાપ ટાળી ॥૨॥**

## ॥ ઢાળ ઉલાલાની દેશી ॥

સકલ વિષય વિષ વારીને, નિ:કામી નિ:સંગીજી ॥
ભવદવ તાપ સમાવવા, આતમસાધન રંગીજી ॥ ૧ ॥ ઉલાલો ॥

જે રમ્યા શુદ્ધ સ્વરૂપ રમણે, દેહ નિર્મમ નિર્મદા ॥
કાઉસ્સગ્ગ મુદ્રા ધીર આસન, ધ્યાન અભ્યાસી સદા ॥

તપ તેજ દીપે કર્મ ઝીપે, નૈવ છીપે પરભણી ॥
મુનિરાજ કરુણાસિંધુ ત્રિભુવન-બંધુ પ્રણમું હિત ભણી ॥ ૨ ॥

## ॥ પૂજા ઢાળ ॥ શ્રીપાળના રાસની ॥

જેમ તરુ ફૂલે ભમરો બેસે, પીડા તસ નવ ઉપાવે ॥
લેઈ રસ આતમ સંતોષે, તેમ મુનિ ગોચરી જાવે રે ॥ ભવિકા ॥ સિ. ॥૨૧॥

પાંચ ઇન્દ્રિયને જે નિત્ય ઝીપે, ષટ્ કાયક પ્રતિપાલ ॥
સંયમ સત્તર પ્રકારે આધારે, વંદું તેહ દયાળ રે ॥ ભવિકા ॥ સિ. ॥૨૨॥

અઢાર સહસ્સ શીલાંગના ધોરી, અચળ આચાર ચરિત્ર ॥
મુનિમહંત જયણાયુત વંદી, કીજે જન્મ પવિત્ર રે ॥ ભવિકા ॥ સિ. ॥૨૩॥

નવવિધ બ્રહ્મગુપ્તિ જે પાળે, બારસવિહ તપ શૂરા ॥
એહવા મુનિ નમિયે જો પ્રગટે, પૂરવ પુણ્ય અંકુરા રે ॥ ભવિકા ॥ સિ. ॥૨૪॥

સોનાતણી પરે પરીક્ષા દીસે, દિન દિન ચઢતે વાને ॥
સંજમખપ કરતા મુનિ નમિયે, દેશ કાળ અનુમાને રે ॥ ભવિકા ॥ સિ. ॥૨૫॥

## ॥ ઢાળ ॥

અપ્રમત્ત જે નિત્ય રહે, નવિ હરખે નવિ શોચે રે ॥
સાધુ સાધુ તે આત્મા, શું મૂંડે શું લોચે છે ॥ વીર. ॥૬॥

## ॥ શ્રી સાધુપદ કાવ્ય ॥

ખંતે ચ દંતે ચ સુગુત્તિગુતે, મુત્તે ચ સંતે ગુણ જોગજુત્તે ॥
ગયપ્પમાએ ગયમોહમાએ, ઝાએહ નિચ્ચં મુણિરાયપાએ ॥

# સાધુપદપૂજા પર વાચનાઓ

**साहूण संसाहिअ संजमाणं**
**नमो नमो सुद्ध दयादमाणं ॥**

જેમણે સંયમને ખૂબ સાધેલ છે, જેમનામાં શુદ્ધ દમ ને દયા છે, તેવા સાધુને વારંવાર વંદન-નમસ્કાર કરું છું.

**साधति असौ साधु –** (સંયમ) સાધે છે, તેનું નામ સાધુ. બધા ધર્મનો સમાવેશ કરીને એક જ ધર્મ બતાવવો હોય તો આ 'સંયમ' જ બતાવવો. સંયમ એટલે અસદ્ મન-વચન-કાયાના યોગોનું સંયમન.

**પ્રશ્ન - અસદ્ મન-વચન ને કાયાના યોગ એટલે અસદ્ વાણી, વિચાર, વર્તન થાય તેને બંધ કરી દો. તેનું સંયમન કરો. તેને દબાવીને બેસી જાવ તો તે ચાલે ને ?**

**ઉત્તર :** ના, ન ચાલે. કારણ કે તેમાં અસદ્ નિવર્તન આવ્યું, પણ સત્ પ્રવર્તન નથી. અસદ્વિચારને રોકવા હોય તો સદ્વિચાર જોઈએ. સદ્વિચાર વગર અસદ્વિચાર નહિ રોકાય. તેથી સદ્વિચાર કરવો પડશે. આમ 'સંયમન'માં સત્પ્રવૃત્તિ અંતર્ગત છે, તે સામેલ છે.

મન એવું છે કે તેને કામ જોઈએ. સદ્ની પ્રવૃત્તિ તે કામ છે. તો તે કરતાં તે અસત્ પ્રવૃત્તિ નહિ કરે.

દા.ત. પાપની વાણી બંધ કરવી હોય તો ધર્મની વાણી બોલવી. અસદ્ની નિવૃત્તિ કરવી હોય તો સત્ની પ્રવૃત્તિ ઘણી કરવી. સારા વિચાર ઘણા કરવા. સારા વિચાર તે અસત્ના પ્રતિપક્ષી છે. દા.ત. કામક્રોધાદિના વિચાર તે અસદ્વિચાર આવે તો તેની સામે સારા વિચાર કરવાના. એટલે કાયાની મમતા થતી હોય તો તેની જુગુપ્સા, તે પ્રતિ સૂગ. કાયાની અશૂચિતા વગેરે પ્રતિપક્ષી વિચારો કરવાના.

**દૃષ્ટાંત**

નાયલોન કુશન સુંદર, અતિ સુંદર ને સુકોમળ લાગે. તેની આગળ ડનલોપ પીલો કઠિન લાગે. આવા નાયલોન કુશન પર માથું ટેકવીને સૂતો ને તેમાં પડ્યું કાણું. ને તે કાણામાંથી વિષ્ટાની પિચકારી છૂટે તો ? કેવી સૂગ ચડે તે સુંવાળા-સુકોમળ નાયલોન કુશન પર ? તે પર ઘૃણા થાય - આવું નાયલોન કુશન જેવું શરીર છે. એમાં માત્ર માંસ ચરબી લોહી વગેરે છે.

ઘૃણા કરવી તે એક પ્રકારનો સદ્વિચાર છે. તે કર્યા બાદ ખૂબ સદ્વિચાર કરે. જેમ કે સમકિતના ૬૭ બોલ-વ્યવહાર વિચારે. એનો એકેએક બોલ વ્યવહારમાં લાભદાયી છે. તેના એકેક બધા બોલનું વિચારે - આ થયો સદ્વિચાર.

તેમાં પહેલો વ્યવહાર છે : પરમાર્થ સંસ્તવ.

પરમાર્થ = તત્ત્વ. - પરમ અર્થ શ્રેષ્ઠ તત્ત્વ.

**સંસ્તવ** = પરિચય. એટલે શ્રેષ્ઠ તત્ત્વનો પરિચય. દર્શનાચાર, જ્ઞાનાચારનો પરિચય, તેનાથી બોધ મેળવે, તે પર ખૂબ ચિંતન કરે ને ચિંતનથી પરમાર્થને અતિ પરિચિત કરે. જીવાદિ તત્ત્વોનું જ્ઞેય હેય ઉપાદેયનું ચિંતન કરે પછી કોઈ વસ્તુ દેખે ત્યાં જ્ઞેય હેય ઉપાદેય તરીકે તત્ત્વ દેખાય. દા.ત. હીરો જુઓ તો આશ્રવ દેખાય.

દયા જુઓ તો મહા સંવર દેખાય.

ઈતર લોકો કહે છે કે - બધામાં ભગવાન જુઓ.

કૂતરામાં પણ ભગવાન દેખાય, કારણ કે ભગવાન અતિ પરિચિત કરેલ છે.

ચંદનબાળાને બધામાં ભગવાન દેખાતા. શેઠે કહ્યું, આ તારા વાળ કપાયા !

ચંદનબાળા બોલી : સારું થયું. ભગવાન વધુ ભજવાના મળ્યા. વાળ હોત તો ઓળવાની, તેલ નાખવાની, સેંથો પાડવાની પંચાત રહેત. આ છે પરમાર્થ સંસ્તવ.

**તત્ત્વ પરિચયના ઘણા લાભ છે.**

તત્ત્વ પરિચય ન હોય તો નુકસાન કેટલું થાય ? તત્ત્વ પરિચય ન હોય તો કંચન-કામિનીનો પરિચય હોય, કાયાનો-કીર્તિનો-કુટુંબનો-એવા કક્કાનો પરિચય હોય-આ બધાનો સારી રીતે પરિચય હોય તો દુર્ગતિમાં ભમવાનું ઘણું બને-આવું સમજીને તમે સાધુ થયા છો.

તત્ત્વ પરિચય ન હોય તો ૬૭ પ્રકારના નુકસાન થાય. તત્ત્વ પરિચયમાં મન લગાવી દેવામાં આવે તો કામ-ક્રોધાદિ કષાયનો વિચાર મુડદાલ થઈ જાય.

સંયમ એટલે અસમ્યક્ પ્રવૃત્તિનું સંયમન-તે છે ધર્મ. અસંયમમાં અસદ્વિચારનું સંયમન અંતર્ગત છે. આવા સંયમની જે સાધના કરે તે સાધુ છે.

મોંઘવારી વધી જાય કે રાજકારણમાં ઊથલપાથલ થઈ જાય, પણ સાધુ સંયમમાં મસ્ત હોય. તે તો અરિહંતના ૩૪ અતિશયો જોશે, ભગવાનની વાણીના ૩૫ ગુણો વિચારશે, કર્મની ૧૨૦ પ્રકૃતિનો પરિચય કરશે-૧૪ ગુણઠાણા, બંધ, ઉદય, કર્મ-આ બધાનો સ્ટોક તેની પાસે હોય-આવી રીતે સાધુ સંયમ સારો સાધી રહ્યા હોય છે.

**પ્રશ્ન - 'સાધે' તેમાં વળી 'સારી' સાધના શું? સંયમની સારી સાધના કોને કહેવાય ?**

**ઉત્તર** : 'સારી સાધના' તેને કહેવાય કે જે સ્વકીય વસ્તુ બની જાય અને અસંયમ તે પરકીય વસ્તુ બની જાય. દા.ત. ક્રોધ એ અસંયમ છે, ક્ષમા એ સંયમ છે.

એટલે ક્ષમા પોતાની સ્વકીય ચીજ થઈ જાય-સહેજે તે ઊઠે અને ક્રોધ ભાડુતી થઈ જાય-પરાણે બોલાવવો પડે.

લૂખું ખાવાનું તે સ્વાભાવિક પોતાની ચીજ છે. મિષ્ટાન્ન ખાવાનું હોય તો મન મનાવવું પડે.

**પ્રશ્ન - સંયમની સારી સાધનાની પરાકાષ્ટા ક્યાં ?**

**ઉત્તર** : જેમ ચંદનમાં સુગંધ ચંદન સાથે એકમેક છે. ચંદનને બાળો-કાપો તોય સુગંધ અંદર રહ્યા જ કરે. **चंदनगंधन्यायेन** - પ્રમાણે **क्षमाऽपि धर्मो** - ક્ષમા ધર્મ પણ આત્મામાં એકરસ થઈ જાય-આવી વાત તે સંયમની સારી સાધનાની પરાકાષ્ટા છે. આવી સંયમની સારી સાધનાએ પહોંચતાં જિંદગી ઓછી પડવાની.

સાધુ શુદ્ધ દયા ને દમવાળા છે એટલે શુદ્ધ કરુણા અને દમન કરવાવાળા છે.

અહીં સવાલ થાય કે 'શમદમ' સાથે કહેવાને બદલે 'દયા ને દમ' કેમ કહ્યા ?

અહીં 'દયા'નો અર્થ 'શમ' કરી દીધો છે. સાધુમાં શુદ્ધ શમ ને શુદ્ધ દયા છે. દયા એટલે શમ ને શમ એટલે ઉપશમ એટલે કે સામા જીવની દયા વિચારો તો ઉપશમ આવે. દયા ભૂલો તો શમ ન આવે, પણ દ્વેષ આવે.

વળી અહીં સવાલ ઊભો થાય કે લોભનો શમ-અભિમાનનો શમ વગેરેમાં દયા ક્યાં આવી ? દયામાં લોભનો પણ શમ છે, કારણ કે લોભ દુનિયાની ચીજનો થાય છે, ને દુનિયાની ચીજમાં હિંસા ભરેલ છે. લોભના અંગ હીરા તે એકેન્દ્રિય જીવ છે, તો તેનો લોભ થાય તો દયા જાય.

જીવ પર દયા તે વ્યાપક દયા છે. તે દયા હોય તો તેના કલેવર પર મોહ શેનો થાય ? હીરા એકેન્દ્રિયના જીવ છે. જીવ પર દયા છે, તો તેના કલેવર પર દયા હોય જ. દયા હોવાથી લોભનો શમ થાય.

**પ્રશ્ન - દયામાં માનનો-અભિમાનનો શમ ક્યાં આવ્યો ?**

**ઉત્તર** : દયા એટલે 'પર દયા' નથી, 'સ્વ પર દયા' છે. સ્વની એટલે આત્માની દયા હોય તો અભિમાન ન થાય.

'આત્મા અભિમાન કરે છે, તો તે પોતાની દયા ગુમાવે છે' - (i) 'મારા આત્માનું ગમે તે થાય'-આમ જે બોલે છે, તે દુરાગ્રહ છે, તેમાં તે દયા ભૂલે છે.

(ii) કોઈ કહે : 'હું પગે નથી પડતો-મારી ભૂલ ક્યાં છે'-આમ અભિમાન કરનાર પોતાના આત્માની દયાનો નાશ કરે છે.

જે અનંતા કર્મનો ગુલામ છે, તેવા ગુલામને અહંકારનો અધિકાર શો છે ? ઉદાહરણ - અમેરિકામાં ગુલામ પદ્ધતિ ચાલતી હતી. એક વાર એક શેઠે એક ગુલામને બહાર જવાની રજા આપી. તે બહાર ગયો. તે જોઈને તે બહાર આવ્યો. બીજો ગુલામ પણ બહાર આવ્યો. બંને ફોગટ વાતચીત કરે છે - એક કહે છે કે 'તેં લૂખી રોટલી ખાધી ! મેં તો ચોપડેલ ખાધી !' મેં તો આમ કર્યું, તેમ કર્યું ! બસ અભિમાનમાં તે ફુલાતો ગયો. ત્યાં તો શેઠની બૂમ પડી : 'ક્યાં મરી ગયો ગધેડો ?' તે અંદર ગયો તો તેને ઢોરની માફક માર પડ્યો.

હવે આ બધું જોનાર કોઈ ત્રાહિત ત્યાં હોય તો તેને પેલાનું અભિમાન કેવું લાગે ? હમણાં મોટાઈ બતાવતો હતો અને તરત જ ધીબાઈ ગયો.

આવી તુમાખી છે. પણ પોતાના આત્માની દયા હોય તો - એ વિચાર થાય કે 'આત્મા એક તો કર્મથી પીડાઈ રહ્યો છે ને ત્યાં વળી આ અભિમાન કરી નવા કર્મ બાંધી રહ્યો છે તેની પીડા વધવાની !'

દમ એટલે દમન - ઈન્દ્રિયોનું નિયંત્રણ. માનમાં માયા પણ સમજી લેવાની. જેને પોતાના આત્માની દયા હોય તે માયા ન કરે. માન કરતાં માયા ચઢી જાય તેથી માયાનું શમન કરવાનું, કારણ કે માયામાં જે ચઢે તે ન ઊતરે, પણ આત્મા પર દયા છે, તો તે તેમ ન કરે.

ઈન્દ્રિયોનું દમન એટલે વિષય-વિકારમાં ઈન્દ્રિયને ન જોડે એટલે વિષયોને ટકાવારી ન આપે. 'આ કપડું મેલું, આ કપડું ઊજળું' - એવું ન બોલે. દા.ત.

(i) લાડુ સારો, એના કરતાં પેંડો વધુ સારો

(ii) મોતી કરતાં હીરો વધુ કિંમતી.

આ બધી ટકાવારી ન આપવી.

વિષયવિકાર એટલે વિષયોની તરતમતામાં ઈન્દ્રિયો ન જોડવી. તે ઈન્દ્રિયોને અનુરૂપ અસર ન લે. દા.ત. દૂધપાક સારો કે કઢી ! સરબત સારું કે કરિયાતું ! કોઈને ટકાવારી ન આપે, પણ એવું વિચારે : કશુંય સારું નથી, કશુંય ખરાબ નથી. જગતના વિષયો સારાયે નથી, ખરાબે નથી.

ઈન્દ્રિયોનું દમન કરવું એટલે ટકાવારી બંધ કરવી એટલે વિષયોની ઈન્દ્રિયો ઉપર અસર ન હોવી. રાગ-દ્વેષ ન કરવા.

ગુલાબજાંબુ હોય તો ખુશ થવાય, ઉકરડાનો માલ હોય તો નાખુશ થવાય, ત્યાં નાક-મોં મચકોડાય. નગર બહાર ગટર પાસે આવતાં બધાએ ગટરની દુર્ગંધથી નાકે ડૂચો દીધો, પરંતુ સુબુદ્ધિ મંત્રીએ કાંઈ કર્યું નહિ.

**• દયા અને દમ અંગે વિવેચન**

દયા તે શુદ્ધ દયા ને દમ તે શુદ્ધ દમ.

દયાથી દમ લાવી શકાય, દમથી દયા લાવી શકાય.

દયામાં દમ આવી જાય.

શમ છે ઈન્દ્રિયોનું દમન અને

દમ છે મનનું દમન.

કષાયો મનથી થાય - તેનું દમન ઉપશમથી થાય. મનથી કષાયોનો ઉકળાટ થાય છે, તેનું દમન કરીએ તો ઉપશમ થાય.

**'શુદ્ધ'ના બે અર્થ થાય :**

'શુદ્ધ' એટલે સર્વજ્ઞ કથિત દયા. તે દયા કહેવાય. પણ દયા તો દુનિયાના લાખો લોકો બોલે છે, પરંતુ તે શુદ્ધ નથી, અશુદ્ધ છે - વિવેક વિનાની - તે મિશ્રિત દયા હોય છે.

ફક્ત સર્વજ્ઞ કથિત દયા, સર્વજ્ઞ કથિત શમ તે શુદ્ધ છે - તે વિવેકયુક્ત છે.

સર્વજ્ઞ કથિત દયા ને દમન એ શુદ્ધ એટલા માટે છે કે તે પરાકાષ્ટાએ એટલે વીતરાગ દશા સુધી લઈ જાય છે, તે માટે ભગવાને કહેલ દયા ને દમ જીવનમાં લાવવા જોઈએ.

## બીજો અર્થ

'શુદ્ધ' એટલે નિરાશંસ ભાવયુક્ત. આશંસાથી દમન કરે તો તે અશુદ્ધ દયા કહેવાય. દા.ત. ટી.બી. થયો હોય - તો બે વર્ષનું બ્રહ્મચર્યનું વ્રત લે. તે વ્રત બે વર્ષનું શા માટે લે છે ? શરીરે તગડો થવા માટે તે લે છે તો તે શુદ્ધ નહિ. ત્યાં આશંસા રહેલી છે. દયા એટલે દયા. ને દમન એટલે દમન. દયા કે દમનના બદલામાં કોઈ આશંસા - ઈચ્છા ન હોય. અને આ જ જીવનમાં કરવા જેવું છે.

દયા કરું તો સ્વર્ગનાં સુખ મળે - આવું વિચારે તો ત્યાં સ્વસુખની લાલસા થઈ ગઈ. સ્વર્ગના સુખની લાલસા થઈ એટલે હિંસા ઈચ્છી. સ્વર્ગના સુખમાં રાગ

એ પોતાના આત્માની હિંસા છે.

**સુખમાં રાગ તે આત્મઘાતક શસ્ત્ર છે.**

તલવાર તે પરઘાતક શસ્ત્ર છે.

સુખનો રાગ તે સ્વઘાતક શસ્ત્ર છે.

**• તિગુત્તિગુત્તાણં સમાહિયાણં :-**

શુદ્ધ દયા અને દમ ગુણોને આત્મસાત્ કરવા માટે અને પોતાની અન્ય અનેક આત્મશક્તિઓ જાગ્રત કરવા માટે ત્રણ ગુપ્તિનું પાલન બહુ જરૂરી છે - પંચિંદિયસૂત્રમાં બોલો છો ને - પંચ સમિઓ તિગુત્તો - એ ત્રણ ગુપ્તિ એટલે મન-વચન-કાયા ત્રણેને પોતાના પૂર્ણ અંકુશ હેઠળ રાખવા. બે ફામ પણે મનથી કુવિકલ્પોની માયાજાળ ગૂંથ્યા કરે ફોગટ બકવાસ કર્યા કરે અને બેસે-સુએ-ઊભો રહે પણ શરીરથી કુચેષ્ટાઓ અને નાટકીયા હાવભાવ કર્યા કરે તો ચંચળતા વધવાથી અશુભ કર્મો બંધાયા જ કરે. સાધુ તો સતત સમાધિ ભાવમાં રહે, ગમે એટલા વિપરીત કડવા-મીઠા સંયોગો ઊભા થાય પણ સાધુ પોતાના મન કે દિમાગ ઉપરનો કાબુ ગુમાવે નહિ ? ઘરાક ગમે એવી કડવી ગાળ સંભળાવે પણ દુકાનદાર તરીકે તમે સમતા રાખો છો ને ? ગળી જાઓ છો ને ! એ રીતે સાધુ તો કડવા ઝેર જેવા અપમાન વગેરેને ગળી જઈને પણ સમાધિ ટકાવી રાખે. જે સમાધિની કળા ન શીખે તેને ઉપાધિઓ હેરાન કર્યા વગર રહે નહીં.

**'મુણિંદમાણંદપયટ્ઠિયાણં:' :-**

ઉપાધીઓ અશુભ કર્મના ઉદયે પણ આવે, તો કયારેક પેટ ચોળીને શૂળ ઊભું કર્યું હોય તો પણ આવે. સાધુ તો એવું કરે નહીં, જશ-અપજશ, લાભ-ગેરલાભ, ગોચરી મળે ના મળે કોઈ ભગત સાતા પૂછે ના પૂછે સાધુ તો સદા નિજાનંદમાં મસ્ત રહે. આનંદઘનજી મહારાજે પેલા રાજા-રાણીને કહી ના દીધું,- રાજા કી રાની કો લડકા હોવે ના હોવે આનંદઘન કો કયા ?

સાધુ તો આનંદનો ઘન આનંદનો ડુંગરો આનંદનો ભરેલો કસ્તૂરીનો ડબ્બો. માણસ દુઃખી થાય છે મનથી અને સુખી પણ થાય મનથી. એ મનના કુવિકલ્પોને ફગાવીને, ઊંધા ગણિતોને ઊલટાવીને મનથી સીધા જ ગણિતો ગણતો હોય. સ્વજન મરે તો કહે ભલુ થયું ભાંગી જંજાળ - આ જ તો મોટું આનંદ-પદ છે આનંદનું ઉદ્ગમ સ્થાન છે એવા સીધા ગણિતોને અપનાવી લેવનાર આનંદમાં જ રહે આ હિસાબ છે.

અહીં કવિશ્રી કહે છે કે મુનિનાં તે શું ગુણ ગાઉં ? તેમના વર્ણન શું કરું ? તે શું કામ કરે છે ?

મુનિ તે સૂરિ એટલે આચાર્ય; વાયગ એટલે વાચક, ઉપાધ્યાય ને ગણી - આ ત્રણેની સારસંભાળ રાખનાર છે. આ ત્રણેની સેવા કરનાર મુનિના તે કેટલા ગુણ ગવાય ?

મુનિ સેવા કરે છે, એ ઘણી મોટી વસ્તુ છે, કારણ કે આચાર્ય ઉપાધ્યાય ને ગણચિંતક તે ચતુર્વિધ સંઘના સ્તંભ છે.

તેમની સારણ-વારણા આદિ ઉપર સાધુ-સાધ્વી નિર્મળ સંયમની આરાધના કરે છે.

આચાર્ય બરાબર હોય તો ચતુર્વિધ સંઘ દીપે. ઉપાધ્યાય બરાબર હોય તો રાતદિવસ સૂત્રાર્થનું જ્ઞાનદાન કર્યે જતા હોય તો તે દીપે.

ગણિથી સમુદાય નિશ્ચિંત રહે. સાધુ-સાધ્વીનો સંઘ સારો તો શ્રાવક-શ્રાવિકાનો સંઘ સારો કારણ કે શ્રાવક-શ્રાવિકા પામી જાય.

સંયમી તરીકે સાધુ-સાધ્વીના દર્શનથી શ્રાવક-શ્રાવિકા પામી જાય - **साधूनाम् दर्शनम् पुण्यम्** - સાધુઓનાં દર્શનમાં પુણ્ય થાય છે.

સાધુ-સાધ્વી ઈર્યાસમિતિથી ચાલતા હોય, ભાષા-સમિતિથી બોલતા હોય, કંચન, કામિનીના ત્યાગી હોય, રાતદિવસ આધ્યાત્મિક ઉપાસના-ક્રિયારત હોય - તે જોઈને શ્રાવક-શ્રાવિકા પામી જાય અને તેમને તપ, ત્યાગ, સંયમ માટે પ્રોત્સાહન મળે.

માટે આવા સાધુ જે આચાર્ય, ઉપાધ્યાય અને ગણિની સેવા કરનારા છે તે મહાન છે, તેમની પ્રશંસા શબ્દોમાં થઈ શકે તેમ નથી - તે માટે શબ્દો ઓછા પડે તેમ છે. આચાર્ય, ઉપાધ્યાય ને ગણિને સ્વસ્થ રાખ્યા, તો તે ચતુર્વિધ સંઘને સ્વસ્થ રાખેલ ગણાય.

જગતમાં જે મોહથી સેવા કરે છે. તેની કિંમત નથી, પણ જે આચાર્ય, ઉપાધ્યાય અને ગણિની સેવા કરે છે, તેની કિંમત ઘણી છે.

વળી સાધુ - **'સમેતા સદા પંચ સમિતિ ત્રિગુપ્તા',**

**'ત્રિગુપ્તે નહિ કામભોગે-ષુલિપ્તા'** છે.

સાધુ પાંચ સમિતિથી સમિતિ-યુક્ત-એટલે ઉપયોગવાળા છે તેમજ ત્રણ ગુપ્તિએ ગુપ્ત છે. વળી કામભોગમાં આસક્ત નથી.

સમિતિમાં એટલે હાલવા-ચાલવામાં, બોલવામાં, ગોચરી લેવામાં, વસ્તુ લેવા મૂકવામાં ને બિનજરૂરી છોડવામાં સાવધાની રાખનારા છે.

આ પાંચે ક્રિયામાં બે વાત આવી : (૧) જીવદયા ને (૨) નિરવદ્યતા-નિષ્પાપતા.

સાધુ હાલે ચાલે તો તે જુએ કે જીવ ન મરે અને સાથે નિરવદ્યતા જુએ એટલે પાપ ન લાગે તે જુએ.

**પ્રશ્ન : જોઈને ચાલે તો પાપ લાગે ? શા માટે લાગે ?**

**ઉત્તર :** જોઈને ચાલે તોય પાપ લાગે. દા.ત. જરા બહાર આંટો મારી આવું - જરા તીર્થજાત્રા કરી આવું - તો સંયમવાળા માટે આ ખોટી વસ્તુ છે.

યાત્રા માટે વિહાર નહિ, પણ સંયમ માટે વિહાર છે. સાધુકલ્પ પ્રમાણે એક જગ્યાએ વધુ સમય ન રહેવું, તે માટે વિહાર છે. વિહારમાં યાત્રા આવે તો યાત્રા કરી લેવાની - સ્વાભાવિક યાત્રા વચમાં રસ્તામાં આવી જાય તો જાત્રા કરી લેવી.

આમ જો ન હોય તો પછી જાત્રાના ધામમાં જ સાધુના વિહાર ચાલ્યા કરે. માસકલ્પના અન્ય સ્થળો રહી જાય. વિહારમાં જીવદયા ને નિરવદ્યતા જોઈએ.

જ્યાં સાધુ ચાતુર્માસ કરે ત્યાં તેણે દેરાસરે જવું જોઈએ, વિહારમાં એવી જરૂર નથી. પર્વ તિથિએ ચૈત્યપરિપાટી - એ વિધાન છે, બાકી રોજ એક દેરાસરે જવું, પરંતુ ઉપાશ્રયના કમ્પાઉન્ડમાં દેરાસર હોય તો સાંજે પણ દર્શન કરવા. કમ્પાઉન્ડમાં દેરાસર ન હોય તો સાંજે અન્ય સ્થળે દેરાસરે ન જવું. કમ્પાઉન્ડમાં દેરાસર હોય ત્યાં સાંજે એટલા માટે જવું - જેમ કમ્પાઉન્ડમાં ગુરુ હોય છે, તો તેમને બે વાર વંદન કરીએ છીએ તો પછી ભગવાન તો મહાન છે, તો તેમને બે વાર વંદન કરવાં.

સમિતિ સાચવી ગોચરી માટે જરૂરી પાંચને બદલે પંદર ઘેર કોઈ જાય તો તે સાવદ્ય કહેવાય.

સાધુને ગોચરી જોઈએ રોટલો ને દાળ. તે મળે છે, ને બીજું મળતું નથી, માટે સાધુ ફર્યા કરે તો તે સાવદ્ય કહેવાય.

પરંતુ થોડું થોડું લે ને તે માટે પંદર ઘર ફરે તો તે સાવદ્ય નથી, પણ પેલો મેવો-માલ લેવા પંદર ઘર ફરે તો તે સાવદ્ય કહેવાય.

મુનિ બોલે ત્યારે મુહપત્તિ મુખ આગળ રાખીને બોલે.

બોલવામાં બહુ સાવધાન રહેવાનું છે. સાવધાન એટલા માટે કે સીધો હિંસાનો આદેશ ન હોય પણ આડકતરો થઈ પણ જાય.

ગૃહસ્થને દવા પણ ન બતાવાય કે ડૉક્ટર વૈદ્ય ન બતાવાય. બતાવો તો તે તે ડૉક્ટર કે વૈદ્ય પાસે જાય અથવા બતાવેલ દવા વાપરે તો તે તગડો થઈ જાય. પછી તે મહારંભ કરશે. તેથી તે સાવદ્ય છે.

કોઈ બાઈ કહે : 'મહારાજ ! ચાર દિવસથી તાવ ઊતરતો નથી.'

મહારાજ કહે : 'અમને શું પૂછો છો ?' આવું પણ ન કહેવાય. એ કહેવામાં શું થાય ? એ કહેવામાં એ સમજાય કે 'ડૉક્ટરને પૂછો' તો ગર્ભિત પણ ડૉક્ટરનો નિર્દેશ ન કરાય અને નિર્દેશ કરો ને પેલી બાઈ ભાવથી વહોરાવે તો તે ચિકિત્સા પિંડ કહેવાય.

એટલા માટે આપણું સાધુનું નામ મુનિ પાડ્યું છે. મુનિ એટલે મૌની. મોટે ભાગે મૌન રાખવાનું છે.

બોલીને તો બોળવાનું છે. ગોચરીમાં પણ મોટે ભાગે દોષો છે, તેમાં જીવહિંસા છે, માટે ત્યાગ-ગવેષણા જીવદયા પાળવા માટે છે.

ધારો કે કોઈએ પૂરી તળી રાખી. તે સાધુ માટે રાખી. તે પૂરી સાધુ માટે બનાવી નથી, પણ બનાવ્યા પછી સાધુ માટે અલગ રાખી મૂકી છે.તે લઈએ તો સ્થાપના પિંડ થયો તેમાં હિંસા છે. પૂરી અલગ રાખી મૂકી, તેમાં કીડી ચઢે, તો તેમાં સાધુની ભાગીદારી સમજવાની. તે જીવહિંસાનું પ્રયોજન છે. માટે સ્થાપના પિંડ ન લેવો.

જીવદયા સાથે નિરવદ્યતા પણ જોઈએ.

**પ્રશ્ન : જીવહિંસા ન હોય તો તો લઈ લેવાય કે નહિ ?**

**ઉત્તર :** ના. લેતા પહેલાં તે જોવું કે તે નિરવદ્ય છે કે નહિ ?

**પ્રશ્ન : નિરવદ્ય છે કે નહિ તેની ખબર શી રીતે પડે છે ?**

**ઉત્તર :** વહોરવા ગયા. વહોરાવનારનો ભાવ ઓછો છે. ને તમે આંખો મીંચી દઈને 'બહું નાખ્યું, બહુ નાખ્યું' - એમ કહો તો તે માયા છે. વહોરાવનારનો ભાવ છે, તે વિચારે કે 'આ મહારાજ છે, વિવેકી છે, તેથી 'બસ-બસ' કહેશે.' - તમે આંખ મીંચી દીધી ને પેલાએ ભરી દીધું તો તે માયા છે.

લેવા મૂકવામાં જીવદયા ને નિરવદ્યતા છે. જેટલું ઉપયોગી હોય તેટલું જ લેવું - તેટલું જ કરવું.

દા.ત. ટટ્ટાર બેસી શકીએ, પણ છતાં આરામથી બેસવું છે. અહીં આદાનભંડમત્ત નિક્ખેવણા સમિતિ સાચી, પણ તે નિરવદ્ય નહિ. નકામી પ્રવૃત્તિ કરો તો તે સાવદ્ય છે. તમે બેસો ત્યારે ટેકો ન દેવો. ટેકો એવો છે, તે લગની-

તે લત સુસ્તી માટે છે - તેથી સુસ્તી સ્વાભાવિક લાગે. બેસતાં, ઊઠતાં, ચાલતાં સ્ફૂર્તિ જોઈએ.

દા.ત. મચ્છર બેઠો હોય તો સહન કરવું. તાકાત સહન કરવાની ન હોય અને અસમાધિ થતી હોય તો નિરવદ્ય ઉપયોગ કરવો. કાઉસ્સગ્ગ મોટો હોય તો ઓઢીને કરવો.

આ નિરવદ્યતા ને જીવદયા રાખીને સમિતિ બરાબર પાળનાર સાધુનાં દર્શન કરનાર પામી જાય. સાધુ માટે 'ત્રિગુપ્ત'માં મન, વચન ને કાયાના દુષ્પ્રણિધાનનો ત્યાગ જોઈએ. દુષ્પ્રણિધાન એટલે અસત્ પ્રયોગ એટલે સાધુએ સુપ્રણિધાનનો ઉપયોગ કરવો. સુપ્રણિધાનનો આદર કરવો.

મન-વચન-કાયાથી સત્ પ્રવૃત્તિને સેવે અને અસત્ પ્રવૃતિને સાધુ છોડે.

મનમાં આડાઅવળા વિચાર આવે - કષાયના વિચાર આવે તો તે મનની અસત્ પ્રવૃત્તિ છે. તેથી આર્ત્તધ્યાન - દુર્ધ્યાન થાય છે માટે તેનો ત્યાગ કરવો.

સાધુ વિચારે કે - 'હું સાધુ છું. મારા પર પાંચ મહાવ્રત પાળવાનો ભાર છે - ભાર એટલે જવાબદારી છે, તેમ સમિતિ ગુપ્તિનો ભાર છે - જવાબદારી છે - તે પાળવી જોઈએ.'

**પ્રશ્ન : 'ભગવાન પાસે મહાવ્રત ઉચ્ચરેલ છે, પણ સમિતિ ગુપ્તિ ઉચ્ચરેલ નથી તો તે ભાર લાગે ખરો ?'**

**ઉત્તર :** જવાબ એ છે કે - સમિતિ ગુપ્તિના પાલન વગર મહાવ્રતનું શુદ્ધ પાલન ન થાય. તો આ જ મહાજવાબદારી સમજવી. જવાબદારીને અદા કરે તેવું જીવન પાળે તો તે જીવનની બલિહારી છે.

**'ત્રિગુપ્તા ત્રિગુપ્તે'**માં 'ત્રિ'નો અર્થ એ થાય છે કે ત્રિગુપ્તા એટલે મન-વચન-કાયાની ગુપ્તિથી.

ત્રિગુપ્તા એટલે કરણ, કરાવણ ને અનુમોદનથી એટલે મન, વચન, કાયાથી અસદ્ પ્રવૃત્તિ કરે નહિ, કરાવે નહિ, કરનારને સારી ન સમજે.

વળી સુપ્રણિધાનના આદરમાં ત્રિગુપ્તા એટલે પોતે આદર કરે, બીજા મુનિને આદર કરાવે અને જે આદર કરતા હોય તેની ખૂબ ઉપબૃંહણા - પ્રશંસા કરે.

અનુમોદના - પ્રશંસા કરતા એ એ ન જુએ કે મારે તેની સાથે કેવો મેળ છે ? તે વિચારે કે જુએ તો તે આદર ન કહેવાય. અનુમોદના એટલે અનુમોદના. પછી તે વિરોધી હોય તો પણ, તે વચમાં નહિ લાવવાનું. દુશ્મનના પણ ગુણ અનુમોદનીય છે. તે ગુપ્તિ કેવી રીતે પાળે છે, તે જોવાનું.

એટલે દુષ્પ્રણિધાનનો ત્યાગ એટલે ત્રિવિધ ત્યાગ અને સુપ્રણિધાનનો આદર એટલે ત્રિવિધ આદર જોઈએ.

**મુનિ કામભોગમાં આસક્ત નથી** - એટલે કામ-શબ્દાદિ વિષયોના ભોગવટામાં આસક્ત બનતા નથી.

દા.ત. ગોચરી મળી ! તો તે ઘા પર મલમ લગાડવા બરાબર છે. ઘા પર મલમ લગાડવો પડે છે, તે શોખનો નથી લગાડતા, તેમ ક્ષુધા લાગી છે, તો આ મલમપટ્ટા લગાડવા પડે તેમાં શોભા-શણગાર - રાજીખુશી નહિ.

સાધુ કામ એટલે વિષયોનો ભોગ કે તેનો ભોગવટો ન કરે.

દા.ત. સંગીત તરફ આકર્ષણ, સન્માન તરફ આકર્ષણ, 'આવા તપસ્વી મહારાજ ! આવા વિદ્વાન મહારાજ' - આવું સાંભળી ખુશી થાય તો ઈષ્ટ શબ્દોનો ભોગવટો થયો.

તમે કહો કે મનમાં સમજો કે 'મારી શું પ્રશંસા કરો છો ?' તો તે કર્મથી ન લેપાય.

**બીજું ઉદાહરણ** - શબ્દ રૂપની આસક્તિ -

નખ ઉતારીએ ને બોલીએ 'બરાબર' તો તે તે શબ્દમાં લેખાય. પોતે જાતે બોલે 'ગોળાકાર' બરાબર છે, તો તે રૂપમાં લેખાય - રૂપની આસક્તિ આ થઈ.

પરંતુ તેને બદલે એમ વિચારે કે - પડિલેહણ - વંદન કરતાં વાગી જાય માટે નખ ન રાખવો. તો 'ઉતારી લો' - તો હવે આશાતનાનો પ્રસંગ નહિ રહે, તેથી ખુશી થાય.

તે ખુશી શાની થઈ ?

નખ ઉતાર્યો સુંદર રીતે તેમાં તે ખુશી નથી થઈ, પણ આશાતના દૂર થઈ તેની ખુશી થઈ. બીજું નખમાં ભરાયેલ મેલ કાઢી નાખવો તે શોભા માટે નહિ, પણ પાણી લેતાં - આપતાં આંગળી તેમાં પડવા સંભવ છે. આમ આશય ફેરવી શકાય છે. વ્યક્તિમાં આશાતનાનો ત્યાગ તે મોટો ગુણ છે. તે માટે ઉદાહરણ,

રસ્તેથી મુનિ ચાલ્યા જાય તો તે તેલ ભરેલ વાડકો લઈને ચાલતા શેઠના છોકરાના માફક ઉપયોગ પૂર્વક ચાલે. તે છોકરાને એક જ લેશ્યા હોય : 'તેલનું એક ટીપું નીચે પડે નહિ' તેમ મુનિ ચાલ્યા જતા હોય ત્યારે એક જ લેશ્યા હોય કે - 'એક પણ જીવજંતુ ન મરે.' ઈર્યા સમિતિની તીવ્ર ભૂખ હોય તો જીવદયા ને નિરવદ્યતા બરાબર પાળે.

ઉદાહરણ તરીકે લગ્નકાર્યમાં મશગૂલ બાઈ.

ઘરમાં લગ્નનો અવસર હોય તો ઘરની મુખ્ય બાઈ અલંકાર, સાડી વગેરેની સજાવટ કરે અને તે પોતાના ઘોડો ભૂખ્યો થયો છે, તેને ચંદી આપવા જાય છે ને ઘોડા આગળ ચંદી ધરે છે - તો ઘોડાની નજર તે બાઈની સજાવટ પર નથી, ચંદી પર છે. કારણ કે ભૂખ એટલી લાગી છે. તેમ મુનિને ઈર્યા સમિતિની ભૂખ છે. તે ગોચરીએ જાય તો ગવેષણાની ભૂખ છે. તેથી તે આડીચોડી નજર ન નાખે.

મુનિ શબ્દાદિ વિષયોના ભોગમાં લિપ્ત થતા નથી - તેમાં આસક્તિવાળા નથી એટલે તેને કાંઈ મહત્ત્વ આપતા નથી, ભોગને રોગ સમાન ગણે છે.

કોઈ વસ્તુનું આકર્ષણ બંધ કરવું હોય તો તેમાં અપાય દેખવો જોઈએ, એમાં અનિષ્ટકારિતાનું દર્શન થવું જોઈએ.

એ પ્રમાણે ભોગને રોગ ગણે અને રોગ સહેજે અનિષ્ટ હોય છે, તેને અનિષ્ટ તરીકે ગણે એટલે તેનું આકર્ષણ ન થાય. તે શબ્દાદિ વિષયો, રંગરાગ તો **બાહ્ય ગ્રંથિ - બાહ્ય બંધન છે.** મારો બંગલો - મારો પરિવાર વગેરે બાહ્ય ગ્રંથિ છે; તેની સાથેનો સંબંધ, મમતા વગેરે અપાયકારી છે, તે જાણીને તમે સંયમ લીધું. સંયમ લેવા છતાં અંતરમાં તેની આશા-અપેક્ષા-મમતા રાખ્યા તો 'Failure' નિષ્ફળતા મળવાની. બાહ્ય ગ્રંથિ ટાળી એટલે વર્તમાન કાળનો ત્યાગ કર્યો - પણ જો ભવિષ્યના દિવ્ય વિષયોની આશા ટકી તો તે આભ્યંતર ગ્રંથિ છે, તેનો ત્યાગ કરવાનો છે. આભ્યંતર ગ્રંથિ તે વિષયોની મમતા નથી, પણ તેની સાથે સંકળાયેલા અહંત્વ-ઈર્ષ્યા ઈત્યાદિ અંતરના દોષો છે, તે બંધન છે.

મુનિઓને મૂળમાં જ વિષયો નથી જોઈતા. દા.ત. સ્વમાન એ બાહ્ય વિષય છે, તે નથી જોઈતા.

સ્વમાન પર કોઈ આક્રમણ કરે, ત્યારે ક્રોધ-દ્વેષ કે ક્ષુદ્રતા આવે, હિંસાની ભાવના થાય. જેમ કે 'આણે મારું અપમાન કર્યું ? તેને બતાવી આપું વગેરે ગ્રંથિઓનો ત્યાગ કરનારો મુનિ છે. આ રીતે બાહ્ય અને આભ્યંતર ગ્રંથિ ટાળીને મુનિઓ ચારિત્ર પાળે છે.'

**પ્રશ્ન : ગ્રંથિ તો ટાળી દીધી, પછી ચારિત્ર શું પાળવાનું ?**

**ઉત્તર :** જવાબ એ છે કે, ચારિત્ર પાળે છે એટલે ચારિત્રના ૧૪૦ પ્રકાર - ચરણ સિત્તરી - કરણ સિત્તરીનું પાલન કરે છે. તેથી **'હોયે મુક્તિને યોગ્ય ચારિત્ર પાળી.'** તેવા મુનિઓ મોક્ષ માટે યોગ્ય બને છે. હવે અંશ માત્ર પણ બંધન નથી. આમ ગ્રંથિ ટાળી, ચારિત્ર પાળ્યું ને મુનિ મુક્તિ યોગ્ય બન્યા છે. ચારિત્રમાં મુખ્ય જ્ઞાન ધ્યાન - તત્ત્વોના પદાર્થોમાં રમણતા છે ને મુક્તિમાં અનંતજ્ઞાનમાં

રમણતા છે. - શ્રુતજ્ઞાનમાં રમણતા - તત્ત્વજ્ઞાનમાં રમણતા લાવ્યા, તો તેથી અનંતજ્ઞાનની રમણતાની ભૂમિકા ઊભી થઈ.

**પ્રશ્ન : મોક્ષને યોગ્ય કોણ બની શકે ?**

**ઉત્તર :** (i) જે બાહ્ય ને આભ્યંતર ગ્રંથિઓને-બંધનોને ટાળતો આવે અને (ii) અલ્પ ક્ષણ પણ જ્ઞાનમાં રમણ કરતો આવે તે મોક્ષને યોગ્ય બને છે.

**પ્રશ્ન : તો સાધુ શું કરે છે ?**

**ઉત્તર :** સાધુ બાહ્ય પદાર્થોમાંથી ચિત્ત વાળી સુંદર - શુભ અષ્ટાંગમાં રમણતા કરે છે.

મુનિ અષ્ટાંગી [૧]યમ, [૨]નિયમ, [૩]આસન, [૪]પ્રાણાયામ, [૫]પ્રત્યાહાર, [૬]ધારણા, [૭]ધ્યાન અને [૮]સમાધિવાળા છે.

**(૧) યમ :** યમ તો મુનિ પાસે છે.

અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય, અપરિગ્રહ આ પાંચ યમ મુનિ પાસે છે. પાંચ મહાવ્રત લીધા છે એટલે તે પાંચ મહાવ્રતમાં રમણતા છે. એટલે તેમને મહાવ્રત તે પોતાની ચીજ લાગી જાય છે. જેમ કે 'ભાઈ, મારી ચીજ તો અહિંસા જ. હિંસા તે મારી ચીજ નહિ. સત્ય તો મારી ચીજ, અસત્ય તે મારી ચીજ નહિ. બ્રહ્મચર્ય, અસ્તેય-અપરિગ્રહ વગેરે મારાં જ. આમ હિંસા, જુઠ વગેરેમાંથી ચિત્ત વાળીને અહિંસા, સત્ય, બ્રહ્મચર્ય વગેરે યમમાં રમણતા કરે. દા.ત. નાહી ધોઈને બહાર નીકળ્યા હોય, ચોમાસાના દિવસો હોય, જ્યાં ત્યાં કાદવ કીચડ હોય, પણ બાજુમાં ચાર આંગળીની કોરી જગ્યા રહી ગયેલી હોય - તો પહેલાં ચાલતો હતો કોરા પગે - પણ આ કાદવવાળી જગ્યા આવતાં, તે અટકી જાય. તે કાદવમાં નથી ચાલતો, કાદવમાં પગ નથી મૂકતો, કારણ કે તે જાણે છે કે 'આ કાદવ મારી ચીજ નથી' - તેથી તે સાચવી સાચવીને કોરામાં પગ મૂકીને ચાલે છે.

તેવી રીતે હિંસાદિ પોતાની ચીજ ન લાગે, તેમાંથી મન વાળે ને તે સાથે પાંચ નિયમોનું પાલન કરે.

**(૨) નિયમ :** પાંચ નિયમ - શૌચ, સંતોષ તપ, સ્વાધ્યાય અને ઈશ્વર પ્રણિધાન છે.

આ પાંચ **નિયમોનું** પાલન કરે તો **યમ** સારી રીતે પાળી શકે.

અહિંસાદિ યમ પાળવા છે અને જો નિયમ પ્રતિ આંખમિંચામણાં કરે - તેની પરવા ન કરે તો તે મહાવ્રત જ તોડી નાખે.

(i) **શૌચ** - શારીરિક ને માનસિક પવિત્રતા.

(ii) **સંતોષ** - તૃપ્તિ. ક્યાંય ક્યારેય અતૃપ્તિ જોવા ન મળે.

તૃપ્તિ એટલે તૃપ્તિ. 'બધું બરાબર છે.' 'Everything is o.k.' આવી વૃત્તિ તે છે તૃપ્તિ.

(iii) તપ

(iv) સ્વાધ્યાય અને (v) ઈશ્વર પ્રણિધાન - (પરમાત્માનું ધ્યાન)

માત્ર નિયત સમય પરમાત્માનું ધ્યાન નહિ, ચોવીસે કલાક પરમાત્માનું લક્ષ લાગેલ હોય. કાંઈ કરે, ખાય - પીએ - તપ કરે - સ્વાધ્યાય કરે તો તે કહે : 'આ તો ભગવાનની આજ્ઞા છે.'

દરેક સાધનામાં ભગવાનનું અર્થાત્ ભગવાનના વચનનું અનુસંધાન એ ખરેખર ઈશ્વર પ્રણિધાન છે.

દા.ત. ગુરુને વંદન કરે તોય ત્યાં ભગવાનનું અનુસંધાન કરે - જેમકે આ ગુરુ તે તે દેવના - પરમાત્માના અંશ છે. ગુરુતત્ત્વમાંથી દેવતત્ત્વ આવે.

નિયમથી પ્રતિપક્ષી ચીજોમાંથી મન ઉઠાવી લઈને પાંચ યમમાં તે રોકે. તે નિયમોનું સુંદર પાલન કરે, તેમાં રમણતા કરે એટલે ખૂબ પરિચિત બને.

કોઈ પણ વસ્તુને - ચીજને મનથી પોતાની લગાડવી હોય તો તે માટે તેનો મનથી અતિ પરિચય થાય એટલે પછી તે પોતાની સ્વાભાવિક બની જાય.

(i) **શૌચ** સામે શારીરિક અને માનસિક પવિત્રતાનો વિચાર કરવાનો.

(ii) **સંતોષ** માટે પુદ્ગલની અધીરાઈનો - અતૃપ્તિનો વિચાર નહીં કરવાનો. જેમ કે સરસ સરબત આપ્યું - પણ તે કહે : કેવો ગંદો ગ્લાસ છે ? આ જે ચીંતવ્યું - તેમાંથી ચિત્તને ઉઠાડી મૂકો. મનને એમ સમજાવી મૂકો કે 'પુદ્ગલનું કોઈ દિ' પૂરું થવાનું નથી. પુદ્ગલની પૂંઠે લાગ્યા તો (તમો) કોઈ પણ દિ' પુદ્ગલમાંથી નવરા પડવાના નથી, તેમાં જ જિંદગી પૂરી થાય ! મારે સંતોષ - મારે તો તૃપ્તિ - 'થોડું છે - તે પૂરું છે.' આમ થાય તો પછી તેમાં અધૂરું લાગતું નથી તેથી પછી કાંઈ અધૃતિ કરવાનું રહેતું નથી.

પુદ્ગલમાંથી ફારેગ થાય તે પરમાત્માને ભજે. જેમકે - ચૈત્યવંદન કરી રહ્યા હો - કપડાં વ્યવસ્થિત ન લાગે - પહેરેલાની કિનારી બરાબર નથી લાગતી - તે અધૂરું લાગે ને તે પૂરું કરવા મન-કાયા રહે તો પરમાત્માને ભજી ન શકાય.

પરમાત્માને ભજવા બેઠો પછી પુદ્ગલનું કાંઈ મનમાં રહ્યું નહિ.

(iii) **તપ :** ખાનપાનમાંથી ચિત્ત વાળ્યું પછી તપ થાય. જેમ કે - 'આજે ઉપવાસ છે, દૂધ નથી લેવું. આવતી કાલે એકને બદલે બે લિટર લઈશ' અહીં તપ તો કર્યો, પણ ચિત્તને વાળ્યા વગર તપ કર્યો.

તપ કે સ્વાધ્યાય કે કોઈ શુભની સાધના માટે તેના પ્રતિપક્ષીમાંથી ચિત્ત વાળી લેવાનું ને અષ્ટાંગમાં જોડી દેવાનું -

તો તે માટે બે બાબત કરવાની છે : (૧) સાધના પકડવાની અને (૨) સાથે સાથે તેના પ્રતિપક્ષીમાંથી ચિત્ત ઉઠાવી દેવાનું.

(iv) **સ્વાધ્યાયમાં** ચિત્તની રમણતા માટે સ્વાધ્યાય સિવાયની જે ચીજ હોય તેમાંથી ચિત્ત ઉઠાડી દેવું.

(v) **ઈશ્વર પણિધાન :** એટલે ઈશ્વરનું ધ્યાન ફક્ત 'ઓમ અર્હમ્ નમઃ' બોલવાથી ન પતે, તે માટે ઈશ્વરનું અનુસંધાન કરવાનું : જેમ કે - ભગવાન આવા છે, ભગવાનની આજ્ઞા આવી છે, ભગવાનની આજ્ઞા આરાધના માટે છે - ભગવાને આવો ઉપદેશ આપ્યો છે.

કોઈ પણ પ્રતિકૂળતા આવી, તો તરત જ ભગવાનનું અનુસંધાન કરવાનું. દા.ત. ભગવાને મેઘકુમારને આવું કહ્યું : 'સાધુની પગની રજથી શું ગભરાય છે? મુનિની રજથી પવિત્ર થવાય. જેને તું મુનિ તરફથી પ્રતિકૂળતા સમજે છે, તે તારા મહા લાભ માટે છે.'

કાયાને પાલીસ માલીસ રાખે તો કર્મ ન છૂટે. અન્યમાંથી મન ધીમે ધીમે પરમાત્મા તરફ વાળે : ભગવાન દેવાધિદેવ છે, લોકોત્તર પુરુષ છે. આવા લોકોત્તર પુરુષ પર ધ્યાન લગાવવું હોય તો લૌકિક ચીજોનું અનુસંધાન પડતું મૂકવું જોઈએ.

**(3) આસન :** મુનિ આસનમાં રમે છે.

આસન એટલે તે તે ક્રિયાની યથાયોગ્ય મુદ્રા. જેમ કે, ગુરુ આગળ જે કાંઈ કહેવાનું હોય તે અંજલિબદ્ધ મુદ્રા સાથે કહેવાનું.

સ્વાધ્યાય યથાયોગ્ય મુદ્રાથી કરવો જોઈએ.

સ્વાધ્યાય કરતાં પલાંઠી ન મંડાય, પગ ઊભો કરવાનો. એક પગ થાકે તો બીજો ઊભો કરવાનો. ટેકો કરવાનો નહિ અને અંજલિબદ્ધ મુદ્રા જોઈએ.

આસનનું પ્રતિપક્ષી પ્રમાદનું સ્થાન છે. તેમાંથી ધીમે ધીમે ચિત્તને વાળવાનું. આસનમાં ચિત્ત સ્થાપ્યું, તેટલા માત્રથી નહિ, પણ તેમાં ચિત્તને રમતું કરે એટલે આસન જ મનગમતું કરે. પછી પ્રમાદસ્થાન નહિ, ટેકો-થંભો નહિ, ફક્ત મુદ્રાયુક્ત

આસન જ. જેમ કે ચૈત્યવંદન કરવાનું હોય, નમુત્થુણં બોલવાનું છે. તો ઢીંચણ બે જમીન પર નીચે મૂકવાના તો તેમાં રમણતા આવે. હાથ પેટ પર ને અંજલિબદ્ધ રાખવા, ત્યારે ભાવ આવે. આસન બરાબર હોય તો સૂત્રના - ક્રિયાના સુંદર ભાવ ઉપસ્થિત થાય.

**(૪) પ્રાણાયામ :-** 'યોગદર્શન'માં જે પ્રાણાયામ કહ્યો છે, તે દ્રવ્ય પ્રાણાયામ છે. પણ જૈનદર્શનમાં ભાવ પ્રાણાયામને પ્રાધાન્ય આપેલ છે.

પ્રાણાયામમાં રેચક, પૂરક ને કુંભક કરવાનું હોય. શ્વાસ કાઢે તે રેચક; શ્વાસ પૂરે તે પૂરક અને શ્વાસને સ્થિર કરે તે કુંભક કહેવાય.

બાહ્ય પ્રાણનું કરીએ તે દ્રવ્ય પ્રાણાયામ થાય, તેની માત્રા વધે તેમ રેચક, પૂરક, કુંભકમાં લગની લાગે. જેમ જેમ વધુ સમય લાગે, તેમ તેમ આત્માનું બળ વધે. સમય જાણવા માટે નવકાર ગણવા. આ અભ્યાસની વસ્તુ છે.

આવા દ્રવ્ય પ્રાણાયામથી (i) આત્મબળ વધે છે. (ii) મનની સ્થિરતા આવે છે. (iii) મનની સ્વસ્થતા થાય છે.

આ દ્રવ્ય પ્રાણાયામ પછી ભાવ પ્રાણાયામ જરૂરી છે.

રેચક તે બાહ્ય ભાવનું કરવાનું ને આંતરભાવનું પૂરક કરવાનું - અને પછી આંતરભાવનું કુંભક કરવાનું - ત્યારે તો સાચો પ્રાણાયામ થાય.

**પ્રશ્ન : બાહ્ય ભાવ શું છે ?**

**ઉત્તર : 'આત્મ બુદ્ધે કાયાદિ ગ્રહ્યો'** - કાયાદિની સાથે સંબંધ રાખવાની વસ્તુમાં રમણતા - તેમાં તન્મય થવું તે બાહ્ય ભાવ છે. આત્માથી જે પર છે તેમાં રમવું તે બાહ્ય ભાવ છે. પરને પોતાનું માનવું - પરના વિકાસમાં પોતાનો વિકાસ માનવો તે બાહ્ય ભાવ છે.

પણ પરના વિકાસમાં પોતાના આત્માની ખરાબી માનવી તે આંતર ભાવ છે, તે સ્વ ભાવ છે. જેમ કે - અહીં શહેરમાં પ્રવેશ કર્યો. સામૈયું સરસ થયું. બે હાથી લાવ્યા'તા. તો આમાં આપણે શું કર્યું ? આ બાહ્ય ભાવ છે, આ આંતર ભાવ નથી, કારણ કે સામૈયું થયું તે કાયાનું હતું, આત્માને કાંઈ નહિ.

બીજું ઉદાહરણ - (i) વાણિયો છે. તે પાંચ લાખ કમાયો. તમે સાધુ કહો કે, 'સારું થયું.' તો અહીં પરના વિકાસમાં પોતાનો વિકાસ માન્યો. તો આ બાહ્ય ભાવ છે.

પૈસા વધ્યા - ખરાબી વધી. સાધુને માન વધ્યું. આ બધા બાહ્ય ભાવનું રેચક કરવાનું.

(ii) ગોચરીએ ગયા. દૂધ લાવ્યા. દૂધ ગરમ-ઠંડું-ગળ્યું-ફીક્કું વગેરેનો હિસાબ માંડે તે બાહ્ય ભાવ છે.

પુદ્ગલનો હિસાબ માંડવો તે બાહ્ય ભાવ કહેવાય.

(iii) ધર્મ કેવો ? આવું મોટું રાજ્ય તેને મળ્યું ? આ મિશ્રિત ભાવ છે. તો ત્યાં બાહ્ય ભાવને ન જોવો. પ્રાધાન્ય આંતર ભાવનું છે.

(iv) શ્રેણિકે શાલિભદ્રનાં વખાણ કર્યાં. તે શાનાં કર્યાં ? તેનાં ભોગનાં વખાણ કર્યાં. ના !

આવડો મોટો સમ્રાટ છતાં ભોગનાં નહિ પણ તેમાં ભોગની નમ્રતા જોઈ - આ છે બહિર્ભાવનું રેચક.

આત્માથી જે બાહ્ય છે, જે પર છે, તેના ગુણનાં લેખાં ન માંડવાં. જેમ કે કાપ સારો કાઢ્યો ! કપડું સારું છે - તો તે કપડાનો બાહ્ય ભાવ છે, તેનું રેચક કરી નાખવું અને આંતર ભાવનું પૂરક કરવું. તેમાં આત્માના ગુણદોષોનો મુખ્ય વિચાર કરવો. આત્માને મહત્ત્વ આપવું. એટલે જ્યાં જ્યાં બાહ્ય ભાવ ઊઠવા જાય ત્યાં આંતરભાવ દાખલ કરવો :

જેમ કે શાલિભદ્ર આવો ભોગી ? કંચન કામિનીનો ભોગી ? - તો આ બાહ્ય ભાવ છે. તે બાહ્ય ભાવને આંતર ભાવથી ઉથલાવવો.

જેમકે હું સત્તાના પુણ્યમાં મરું છું. સત્તા ચાલે છે, છતાંય ખરો શેઠ તો શાલિભદ્ર !

શ્રેણિક મગધ સમ્રાટ છે. શાલિભદ્ર એક પ્રજાજન છે, છતાંય તે એક પ્રજાજનને ત્યાં શ્રેણિક જાય છે. તેનામાં લઘુભાવ આવી ગયો, કે ખરો ભાગ્યશાળી તો શાલિભદ્ર ! આ છે આંતરભાવનું પૂરક.

**પુણ્યાનુબંધી-પુણ્યનો** બંધ તે ઉપબૃંહણા કરવાથી થાય ને તેથી આંતર ભાવ આવે.

ઉદાહરણ - તપસ્વીની ભક્તિ કરતા હો. તમે ગોચરી લાવ્યા ને તપસ્વીને કહો : 'આ ગરમ છે, આ સારું છે, આથી શક્તિ સારી આવશે.'

તો અહીં ગરમ-સારું કર્યું તે પુદ્ગલનું કર્યું, તે બાહ્ય ભાવ થયો ને આંતરિક ભાવ ગયો.

આના ઉપર સાધુ મહારાજ સારી તપશ્ચર્યા કરે તેની આગામી અનુમોદના કરે. એટલે 'આ ગરમ છે, સારું છે, તે લો, સંયમમાં - તપશ્ચર્યામાં અનુકૂળતા આવશે !... આ દેખાય છે તો બાહ્ય ભાવ - પણ તેને આંતર ભાવમાં ફેરવ્યું -

'આપ લેશો તો આખા સાધુ સમુદાયને કામ આવશે.'

**સાધુજીવન એટલે ઊઠવા જતા બાહ્ય ભાવોને આંતર ભાવોમાં વાળી દેવાનું જીવન.**

કાપ કાઢતાં કે સાબુ વધારે દેતા સાધુ વિચારે કે 'આથી આ કપડું ચાર દિવસ વધુ ચાલશે. તેથી વિરાધના ઓછી થશે.' તો આ છે આંતર ભાવ.

બીજો કહે : 'સાબુ દે તો કપડું ઊજળું બગલાની પાંખ જેવું થશે.' તો આ છે બહિર્ભાવ.

એટલે બાહ્ય ભાવનું રેચક અને આંતર ભાવનું પૂરક કરો. એટલે કે બાહ્ય ભાવ ઊઠવા ગયા, તેને ખાલી કરતા જાવ અને અંદરના ભાવ ભરતા જાવ. આત્માને અનુલક્ષીને ભાવના - ચિંતન - સાધના ગુણાનુવાદ બધું કરવાનું છે.

દા.ત. છક્કા કર્મના ભાંગા ગણતા હો તો તે આંતર ભાવ છે.

**પ્રશ્ન : ભાંગા ગણતાં ગણતાં ક્યાં આત્માનો વિચાર આવ્યો ?**

**ઉત્તર :** તે ભાંગામાં ચિત્તની તન્મયતા રહે તો તે આંતરભાવ છે. ભંગી એટલે ભાંગા - ચતુર્ભંગી - ષટ્ભંગી વગેરેમાં ચિત્તની તન્મયતા થઈ જાય તો તે આંતર ભાવ છે.

પહેલાં બહિર્ભાવનું રેચક કરે, પછી આંતરભાવનું પૂરક કરે ને ત્યાર પછી આંતરભાવનું કુંભક કરવાનું.

ઉદાહરણ - કોઈએ કાજો કાઢ્યો - થોડો આપણા આસન પર પડ્યો - ગુસ્સો ઊઠ્યો - ત્યાં કરો રેચક. 'આસન પર કચરો પડ્યો તો જરા ખંખેરીશ તો તે નીકળી જશે, પણ આત્મામાં જે ક્રોધ કષાયનો કચરો પડ્યો તે હવે કર્મના દશ દંડા ખાઈશ ત્યારે નીકળશે !'

ગુસ્સો કર્યો. તેથી અશાતા કર્મ બંધાય. તે ભોગવાય તો નીકળી જાય. પણ તે સાનુબંધ હોય તો તે કષાય ન નીકળે. મારા ચારિત્ર પર નકામો કચરો નાખ્યો.

તે વિચારે કે - મારા જેવા સાધુ ! તેને આ કષાય થઈ ગયો ! તેથી કર્મબંધ થાય - સાનુબંધ અશુભ કર્મબંધ થાય છે. તે કષાય કર્મબંધ પૂર્ણ થાય, પણ સાનુબંધ પૂર્ણ નહિ થાય તે ભવાંતરે નહિ છૂટે. ક્રોધ આવે તો ક્ષમા કરવાની.

અહીં બહિર્ભાવનું રેચક થયું ને આંતર ભાવનું પૂરક થયું.

હવે પૂરક, પછી કુંભક કરવાનું એટલે ક્ષમા કરી તેની આત્મામાં સ્થિરતા કરી.

ગુણો લાવવાની સાથે ગુણોની સ્થિરતા કરવાની. ક્ષમા ગુણ છે, તે સમજીને ક્ષમા ધારણ કરવી, ક્ષમાની સ્થિરતા કરવી. પછી ભલે ને ગમે તે સમજાવવા

આવે, પણ તેમાં ફરક ન પડે. ચલિત બિલકુલ થવાનું નહિ, તો જ આ ભાવ પ્રાણાયામ નામનો યોગ સધાય.

પ્રતિપક્ષીમાંથી ચિત્તને વાળીને અષ્ટાંગ યોગમાં વાળે, ત્યાં સ્થિર કરે તો યોગ સધાય.

**(૫) પાંચમું યોગાંગ - પ્રત્યાહાર :-** પ્રત્યાહાર એટલે પાછું ખેંચી લેવું - ઈન્દ્રિયોને વિષયોમાંથી પાછી ખેંચી લેવી તે. ઈન્દ્રિયો વિષયમાં જવાના સ્વભાવવાળી છે. 'મારે સુગંધ, મારે રૂપ, સન્માન વગેરે નથી જોઈતા.' - એમ ઈન્દ્રિયોને તે તે વિષયો પરથી પાછી ખેંચી લીધી.

તો અહીં સવાલ એ થાય કે - ઈન્દ્રિયો જ્યાં છે, ત્યાં છે, તો તેને પાછી કેમ ખેંચાય ?

એટલે 'વિષય વિકારે ઈન્દ્રિય ન જોડે' - વિષયના વિકાર એટલે વિષયના ગુણદોષમાં ઈન્દ્રિયને જોડે નહિ એટલે કે ઈન્દ્રિયથી તેનું માપ ન કાઢે. વિષયના ગુણદોષોથી ઈન્દ્રિયોની ટકાવારી ન કરે.

જેમકે આજે દૂધ ફીક્કું - સારું - ગળ્યું - ઠંડું એવું ન કરે.

**ઉદાહરણ** - એક વખત એક શિષ્યે હીરવિજયજીસૂરિને કહ્યું : 'ગરમાગરમ ખીચડી છે, સાહેબ. લાભ આપો.'- સૂરિએ તે ખીચડી વાપરી. ને ત્યાં તો વહોરાવનાર શ્રાવક દોડતો આવ્યો. 'અરે ! ખીચડી વાપરશો નહિ ! ખીચડી વાપરશો નહી !'

સાધુએ પૂછ્યું : 'શું થયું ?'

શ્રાવક બોલ્યો : 'અરે ! હું ખાવા બેઠો. ખીચડી ખાધી તો ખારી ખારી અગર ! એક કોળિયો પણ ગળે ઊતરે કેમ ? રાંધનારીને પૂછ્યું, તો તેણે કહ્યું : 'હાં, પહેલાં એક મુઠો ભરી મીઠું નાખ્યું હતું. ખબર ન રહી ને બીજો નાખ્યો.'

સાધુ તો આ સાંભળી ચોંકી ગયા. આચાર્ય મહારાજ બોલ્યા : 'ચૂપ રહે.'

સાધુ બોલ્યા : 'પણ સાહેબ ! ખીચડીમાં ભારોભાર મીઠું છે.'

જગતગુરુ બોલ્યા : 'અરે ! એમાં શું ?'

સાધુ : 'તો શું આપે ખીચડી વાપરી લીધી ?'

જગતગુરુ : 'અરે, કંઈ કબજિયાત હશે, તો તેથી તે દૂર થઈ જશે.' તેનું નામ તે નેતા કહેવાય.

તે ઈન્દ્રિયોના વિષયના ગુણદોષમાં ઈન્દ્રિયની ખુશી-નાખુશી ન રાખે. તે છે પ્રત્યાહાર.

યોગમાં પહેલાં યમ, પછી નિયમ, આસન ને પ્રાણાયામ. ત્યાર પછી પાંચમું અંગ પ્રત્યાહાર છે.

**પ્રશ્ન : તો પ્રાણાયામ પછી પ્રત્યાહાર કેમ મૂક્યું ?**

**ઉત્તર :** પ્રાણાયામ સાચા ત્યારે કહેવાય કે જેમાંથી પ્રત્યાહાર જન્મે અને સાધુ આ કરી રહ્યા છે. સાધુ પોતાના ચિત્તને વિષયવિકારમાંથી ઈન્દ્રિયોને વાળીને આત્મામાં સ્થાપે છે. સાધુ પોતાના આત્માને શિખામણ આપે છે કે - 'બહારનું શું જુએ છે ? અંદરનું જો.'

માણસ રાગદ્વેષ, અભિમાન, માન, અપમાન, મોહ, માયા વગેરે બાહ્ય ભાવમાં ભૂલો પડે છે, પરંતુ તે અંદર જુએ અને રાગદ્વેષ, અભિમાન, મોહમાયા ન થાય તેવી સ્થિતિ આવે ત્યારે છઠ્ઠું અષ્ટાંગ.

## (૬) ધારણા એટલે અવિસ્મૃતિ.

**પ્રશ્ન : ધારણા શાની કરવાની ?**

**ઉત્તર :** ૧. પ્રથમ ધારણા ઈષ્ટદેવના પટ્ટની કરવી. આંખ મીંચીને જુએ તો હૃદયમાં તે પટ્ટ દેખાય.

(ધારણાના ૩૩ કર્તવ્ય છે, તે લલિત વિસ્તરામાં મુકાયેલાં છે) પટ્ટનું આલેખન તે પ્રથમ કર્તવ્ય છે.

૨. પટ્ટની ધારણા. પટ્ટનું આલેખન કર્યા પછી તેના પર જાપ કરે, ધારણા કરે, પટ્ટ અંતરમાં કોતરાઈ જાય. પટ્ટમાં મંત્રાક્ષરો હોય, તે અંતરમાં કોતરાઈ જાય.

૩. ત્યાર બાદ તત્ત્વની ધારણા. નવ તત્ત્વ, આઠ કર્મવર્ગણા - ૧૪ ગુણસ્થાનક, બંધ, ઉદય વગેરેની ધારણા કરે.

પ્રત્યાહાર કરે તો ધારણા સાચી થાય.

દા.ત. વાચના લીધી તેની મનમાં ધારણા કરવાની છે, પણ જો સાથે પ્રત્યાહાર હોય તો ધારણા થાય.

ગુરુ ભણાવતા હોય ત્યારે આડુંઅવળું ન જોવાય. જુએ તો ધારણા ન થાય.

ગુરુએ એક વાત કહી, વચમાં પાનું ઉથલાવતાં એક મિનિટ મળી. તો તે વખતે પહેલી જે ધારણા કરી તેને દોહરાવવાની છે : પહેલી વાતનું બીજી વાત સાથે અનુસંધાન થવું જોઈએ.

ભગવાનની આગળ સ્તવન બોલીએ છીએ, પણ ધારણા નથી કરતા. પહેલી

કડી બોલીએ છીએ ને બીજી કડી વખતે પહેલીની ખબર નથી રહેતી.

જ્યાં સુધી ઈન્દ્રિયોનો વિષયોથી પ્રત્યાહાર નથી, ત્યાં સુધી ધારણા થતી નથી.

પહેલાના કાળમાં મહાપુરુષોને શાસ્ત્રોનાં શાસ્ત્રો મોઢે થઈ જતા અને કહેવા બેસે ત્યારે દસ વીસ શાસ્ત્રોનો સંબંધ એકી સાથે કહે.

ઈન્દ્રિયોને વિષયોમાં ન જવા દે એટલે ન રમવા દે તો પ્રત્યાહાર થાય, તો મન તેનું કામ કરે.

**(૭) ધ્યાન :-** ધારણા પછી ધ્યાન આવે. એકાદ પદાર્થ લઈને ધ્યાન કરે. બધા પદાર્થો લઈ ચિંતન કરે તો તે ભાવના થઈ. ધ્યાનમાં મન એકાગ્ર કરવા માટે એક જ વિષય સામે જોઈએ. એક જ ચીજ પર મનને કેન્દ્રિત કરવાનું, ધારણાપૂર્વક ધ્યાન કરવાનું.

દા.ત. ભાવનામાં ૧૪ ગુણઠાણા વિચારી રહ્યા હોઈએ એક વખત તેનો ખ્યાલ આવી ગયો. પછી ધ્યાન કરવા બેસે તે પહેલાં એક ગુણઠાણું લે તેમાં એકાગ્ર થાય - તેમાં મનને કેન્દ્રિત કરે. ત્યાર પછી બીજા ત્રીજા એમ એક પછી એક ગુણઠાણા પર એકાગ્ર થાય. આમ જ્યારે મન એક તત્ત્વ પર સ્થિર થવા લાગે, એકમાં મન સ્થિર થવા માંડ્યું એટલે મન વિષયોના વિકલ્પોમાંથી બચ્યું.

ધારણા ચોક્કસ હોય તો ધ્યાન બરાબર થાય.

**(૮) સમાધિ :-** ધ્યાન પછી સમાધિ પર આવવાનું છે.

સમાધિને જૈન ધર્મમાં અપૂર્વકરણ કહે છે, તેને મહાસમાધિ કહી છે. તે છે સામર્થ્ય યોગ. સમાધિમાં ચિત્તની લીનતા - ચિત્તની એકાકારતા - ચિત્તની સ્વસ્થતા એવી થઈ જાય કે જગત આખું ભુલાઈ જવાય.

પહેલા ધારણા, પછી ધ્યાન ને છેલ્લે સમાધિ જોઈએ. ધ્યાન વખતે વિકલ્પો અટકાવ્યા છે, મન એક વિષય પર કેન્દ્રિત કરેલ છે. ધ્યાન ભેદ સંધાન છે અને સમાધિ લીનતા છે. સમાધિમાં અભેદ સંધાન છે.

વસ્તુનું વસ્તુ તરીકેનું ધ્યાન અલગ થાય છે. ભેદ ધ્યાનમાં એમ થાય છે કે ભગવાન જુદા છે ને હું જુદો છું. પોતાની જાતને ભગવાન સ્વરૂપ સમજે, ત્યારે એમ લાગે કે પોતાની જાત કર્મથી મુક્ત છે. કર્મના બંધન તો જડને છે, શુદ્ધ સ્વરૂપ આત્માને તે કાંઈ બંધન નથી - આનું નામ છે સમાધિ.

મોક્ષ સાથે સમાધિ કરવી છે, તો હું સંસારમાં છું તે ભૂલી જવાનું, પણ મોક્ષમાં છું એમ સમજવાનું.

સમાધિ કરવામાં આત્માના જે પદાર્થો નથી, તેમાંથી ખસી જવાનું. સમાધિ એટલે અનાસંગ યોગ એટલે કે દુનિયાના કોઈ પણ પદાર્થ પર આસંગ નહિ તેનું આકર્ષણ નહિ.

આ શુભ અષ્ટાંગથી ચિત્તને વાળીને મુનિ રમણતા કરે એટલે વિષયોના પ્રતિપક્ષી તરફથી વાળીને અષ્ટાંગમાં ચિત્તને મુનિ રમણતા કરાવે છે.

પ્રત્યાહારનું પ્રતિપક્ષી પ્રત્યાસક્તિ છે. ઈન્દ્રિયો વિષયમાં જોડાઈ જાય તો પ્રત્યાહારને બદલે પ્રત્યાસક્તિ આવી, પણ ઈન્દ્રિયોના જોડાણમાંથી ચિત્તને વાળે, પ્રતિપક્ષીમાંથી ચિત્તને ઉઠાવી લે તો પ્રત્યાહાર થાય.

ધારણા - તત્ત્વની કે યોગપટ્ટની. તો તેના પ્રતિપક્ષીમાં દુન્યવી ધારણા બંધ કરવી. કોઈ કહે : 'હું તો આમેય કરીશ અને આમેય પણ કરીશ.' તો આ પ્રમાણે બે કામ એકી સાથે ન થાય. એક સમયે બે ઘોડે બેસી ન શકાય.

શુભ ધ્યાન સામે અશુભ ધ્યાન છે. અશુભ ધ્યાનને પડતું મૂકે ને શુભ ધ્યાન કરે. ધ્યાન અરિહંતનું કરવું છે તો દુન્યવી પદાર્થોને કાઢી નાખવા. ધ્યાન કરવામાં કાળની ખબર ન રહે તો તે તત્પરતા છે, તે છે ખરું ધ્યાન.

સમાધિ સામે ચિત્તની ચંચળતા છે. ચિત્તની જે ચંચળતા છે, તે ચિત્તનો પ્રમાદ છે. એમાંથી ઈન્દ્રિયોને પાછી વાળે.

આવા અષ્ટાંગ યોગી સાધુ મહારાજને મારાં પોતાનાં પાપને ટાળીને હું નમું છું.

**પ્રશ્ન : 'પાપ ટાળી' એટલે શું ?**

**ઉત્તર :** (૧) પોતાનાં પાપ ટાળીને અષ્ટાંગ યોગમાં ચિત્તની રમણતા કરે છે, તેવા મુનિને હું નમું છું.

(૨) મારાં નિજ પાપ એટલે જે ભવસ્થિતિનું પોષક મહામોહ છે, તેને પડતું મૂકીને હું આવા અષ્ટાંગ યોગમાં ચિત્તની રમણતા કરે છે, તેવા મુનિને હું નમું છું.

ભવસ્થિતિનું પોષક મોહ છે, તેને મૂકીને એટલે કે લઘુસ્થિતિ કરીને નમસ્કાર કરે તો તે નમસ્કાર ફળે. એટલે કે ભવસ્થિતિનો પરિપાક કરીને પોતાના મહામોહનું પાપ ટાળીને હું આવા મુનિને નમસ્કાર કરું છું.

આજે મહામોહનું પાપ છે, તેમાં દુરભિનિવેશ આવે છે. (દુરભિનિવેશ એટલે ક્ષુદ્રતા; હૃદયની તુચ્છતા)

તત્ત્વનો અભિનિવેશ સારો, પણ માયા કપટ લઈને સાધુ પાસે જાય તો સાધુ ફળે નહિ. સાધુ પાસે માયા - પ્રપંચ - ક્ષુદ્રતા - પુદ્ગલની રતિ ટાળીને ન જાય તો કાંઈ ન પામે. મનમાં એમ ન થવું જોઈએ કે સાધુને નમીએ એટલે પુણ્ય થાય જેથી પૈસા મળે !

સાધુ સકલ વિષય વિષ વારીને નિષ્કામી બનેલા છે એટલે કે પાંચે ઈન્દ્રિયોના સમસ્ત વિષને - ઝેરને દૂર કરીને સાધુ નિષ્કામી બનેલા છે.

કામી એટલે ઇચ્છાઓથી ભરેલા હોય - જેમ કે આવું મકાન જોઈએ, આવી ગોચરી જોઈએ તો કામનાથી એટલે ઇચ્છાથી ભરેલા તો તે સાધુ નહિ. સાધુ એટલે નિષ્કામી. તેથી જ સંસાર ખોટો છે, કારણ કે (સંસાર ખોટો કેમ ?) સંસારમાં કેટલીય ઇચ્છાઓ કરવી પડે છે. જેમકે જરૂરિયાતની ઇચ્છાઓ, પોઝિશનની ઇચ્છાઓ, ખાનપાનની ઇચ્છાઓ એવી ઘણી ઘણી ઇચ્છાઓ કરવી પડે છે, એટલા માટે સાધુ - નિષ્કામી કહ્યા, બધા વિષયોનું વિષ દૂર કરીને સાધુ બનાય.

**પ્રશ્ન : વિષયોનું વિષ એટલે શું ?**

**ઉત્તર :** અહીં બે ચીજ છે : (૧) વિષયોરૂપી વિષ - કર્મધારય સમાસ (૨) વિષયોનું વિષ - ષષ્ઠી તત્પુરુષ સમાસ.

(૧) વિષયો રૂપી વિષ એટલે વિષયો એ જ વિષ-ઝેર.

વિષયો એ ઝેર એટલા માટે છે કે જેમ સામાન્ય ઝેર ચેતના નષ્ટ કરે છે, તેમ આ વિષયો પણ સત્ ચેતનાનો નાશ કરે છે. દા.ત. પરમાત્માના દર્શન તે સત્ ચેતના છે - શુદ્ધ ચેતના છે; ત્યાં અન્ય રૂપ દર્શન થયું એટલે (તો) પૂર્વ જ્ઞાનનો ચેતનાનો નાશ થયો. ઉત્તર જ્ઞાનરૂપ દર્શન થયું તો પૂર્વજ્ઞાન પરમાત્મા દર્શન નષ્ટ થવાનું.

જેમ, પહેલાં ઘડો દેખાયો. પછી વસ્ત્ર જોયું. તો ઘડાનું જ્ઞાન ગયું.

પરમાત્મ દર્શન તે સત્ ચેતના હતી, તેને નષ્ટ કરનાર આ અન્ય રૂપદર્શન છે.

દા.ત. કપડું સુંવાળું જોઈએ. સ્થળ દુર્ગંધવાળું ન જોઈએ. આ બધું સદ્ ચેતનાનો નાશ કરે છે, તેથી વિષયોને વિષ કહ્યા.

પરલોકની સાધના તે સદ્ચેતના છે, જો વિષયોના સંપર્કમાં બેસો તો પરલોક ને પરલોકની સાધના ભુલાઈ જાય. કોઈ એમ બોલે : અરે ભાઈ, ખબર છે બધી પરલોકની સાધના ! પરલોક... પરલોક શું કરો છો ? - આમ બોલવું તે પરલોક તરફ વિષય આંખ મિંચાવે છે.

(૨) વિષયોનું વિષ = આસક્તિ.

દા.ત. સાપની દાઢમાંથી ઝેર કાઢી નાખ્યું, પછી તેની બીક નહિ, તેમ વિષયોમાંથી વિષ ગયું, પછી તે નિર્ભિક બને. કોઈ કહે : શું સાહેબ ! ત્યાગ ત્યાગ કહો છો ? છઠ્ઠને પારણે મોદક ! તમે ત્યાગ કરો છો અને આ તો સૂઝતું હોય તે લઈ લેવાનું ! એમ કહે છે.

મહાપુરુષ જે વાપરતા તે તેનું ઝેર કાઢીને વાપરતા. વિષયોનું ઝેર એટલે આસક્તિ, રાગદ્વેષ, ઈષ્ટતા, અનિષ્ટતા આ ઝેર છે. ઈષ્ટ વસ્તુમાંથી ઈષ્ટતા નીકળી જાય અને અનિષ્ટ વસ્તુમાંથી અનિષ્ટતા નીકળી જાય. મહાપુરુષો ઝેર કાઢી નાખતા હતા. મીઠાઈનો કોળિયો સાપ દરમાં ચાલી જાય તેમ ખાય. તેને સીધો નીચે ઉતારે.

**પ્રશ્ન : 'વિષયોના નિવારણ વખતે સાવધાન હતા, પણ વિષય ત્યાં વચમાં આવી ગયો તો શું કરવું ?'**

**ઉત્તર :** રસ્તા પર નીચે જોઈને ચાલતા હતા ત્યાં તોતિંગ હોર્ન વાગ્યું ને ઊંચે જોયું કે રૂપ દર્શન થઈ ગયું - વિષય આવી ગયો તો તે વિષયની ઈષ્ટતા-અનિષ્ટતા - ઝેર કાઢી નાખ્યું. ઈષ્ટતા દેખાય ત્યાં અનિષ્ટતા જોવાની અને અનિષ્ટતા દેખાય ત્યાં ઈષ્ટતા દેખવાની. આ અચાનક આવી પડનાર વિષયના વિષને દૂર કરવાની રીત છે ને તેથી કર્મને વધુ ખપાવે છે.

ઈષ્ટતામાં અનિષ્ટતા જોવાય તો વિષયોનાં ઝેર ઉતરે;

**અહીં 'વિષયો' કહેવાને બદલે 'સકલ વિષયો' એટલા માટે કહ્યા છે કે વિષયો અનેક છે. તે બધા કાઢી નાખ્યા. ફક્ત એકને રાખ્યો તો તે ઘાસની ગંજીમાં ચિનગારી સમાન છે, માટે બધા વિષયોને તે તે વિષયોની પ્રતિપક્ષી ભાવનાથી તે તે વિષયોના ઝેરની ભાવનાથી રોકવા. વિષય અપકારી છે, તેનાં રૂપ અપાયકારી છે.**

આવા મુનિને મહામાયાનું - ભારે કર્મીપણાનું પોતાનું પાપ દૂર કરીને નમું છું. - જ્યાં સુધી મહામોહ નડતો હોય - ભવાભિનંદીપણું હોય ત્યાં સુધી આવું નમસ્કાર કરવાનું સૂઝે નહિ.

સાધુને નમસ્કાર કરવાનું સૂઝે છે - તે સારું ચિહ્ન છે, આશ્વાસન છે, હુંફ છે કે આપણાં કર્મો હળવાં થયાં. સાધુ વિષયોના વિષને રોકનારા છે. એટલે વિષયોરૂપી વિષને તથા વિષયોના વિષને રોકનારા છે.

**પ્રશ્ન : સંસાર છોડ્યો - વિષયો છોડ્યા તો હવે વિષયો નથી સાધુને ?**

**ઉત્તર :** છે. ઉપકરણ પણ વિષય છે. જાડું પાતળું કપડું, મેલું ચોખ્ખું વસ્ત્ર - આ બધા વિષય છે.

**પ્રશ્ન : તો શું દિગંબર થઈ જઈએ ? અનશન કરીએ ?**

**ઉત્તર :** તો જવાબ એ છે કે દિગંબર થવાય તેમ નથી, અનશન કરાય તેમ નથી. ત્યાં વિષયો કાઢી શકાય તેમ નથી, પણ વિષયોનાં વિષ તો કાઢી નખાય.

(વિષયોનું વિષ તે) ઇષ્ટતા - અનિષ્ટતાનો ખ્યાલ તે વિષયોનું વિષ છે.

ઠીક - નહિ ઠીક તે વિષયોનું ઝેર છે. એ ઝેર કાઢી નાખ્યું. એટલે નિર્ભીક બન્યા. જેમ કે- 'આવ્યું તે ઓઢી લીધું, આવ્યું તે ખાઈ લીધું !' સાપની દાઢમાંથી ઝેર કાઢ્યા પછી મદારી તેને હાથમાં લઈને રમાડે, પણ બીજા પ્રેક્ષકો ડરે - ગભરાય તેમ. 'આ ઠીક ને આ ઠીક નહિ' વગેરે વિષય વિષ વારીને સાધુ નિષ્કામી બન્યા છે; ઇચ્છા વિનાના - નિઃસ્પૃહી છે.

**પ્રશ્ન : સાધુને કશી ઇચ્છા નહિ ? સાધુને મોક્ષની પણ ઇચ્છા નહિ ? મોક્ષની ઇચ્છા હોય તો તે સ્પૃહી કહેવાય. તો પછી સાધુ નિઃસ્પૃહી કેમ કહેવાય ?**

**ઉત્તર :** જવાબ એ છે કે મોક્ષની ઇચ્છા શા માટે છે ? સંસાર કેમ જોઈતો નથી ? સંસારમાં અનેકવિધ ઇચ્છાઓ કરવી પડે છે, મોક્ષમાં તે છે જ નહિ.

ઇચ્છાઓ પાછળ બધી ખટપટ બાવાજીની કફની માફક કરવી પડે છે.

**ઉદાહરણ :** બાવાજીની કફનીમાં કાણું પડ્યું. એટલે એમ ઇચ્છા થઈ કે આજે તો ઉંદરે એક કાણું પાડ્યું છે કાલે વધારે પાડે તો ?

તો ઇચ્છા થઈ કે બિલાડી રાખું. આ ઇચ્છા પર રામાયણ થઈ.

બિલાડીને રોજ દૂધ પાઉં તો બિલાડી રોજ આવે ને ઉંદર ન આવે ને કાણું ન પડે. તો દૂધની ઇચ્છા થઈ.

વળી થયું કે દૂધની ભીક્ષા તે કેટલા દિવસ મંગાય ? તો ગાય જ રાખી લઉં ! તો ગાય રાજા પાસેથી માંગી લઉં. તેને ખવડાવવું તો પડશે. તો ખેતર માગી લઉં ! ગાયની સંભાળ રાખવા માણસ રાખું.

આમ કફનીમાં કાણું તો એક થયું, પણ ઇચ્છાઓ અનેક થઈ ! આ છે સંસારની મોહજાળ ! માટે જ સંસાર નથી જોઈતો એટલે કોઈ પણ ઇચ્છાની ખટપટ ન હોય તો મોક્ષે જવાય.

હવે ખ્યાલ આવ્યો હશે કે - મોક્ષ કેમ જોઈએ છે ને સંસાર કેમ નથી જોઈતો.

મોક્ષ એટલે અનિચ્છા. ત્યાં ઇચ્છા કરવી જ ન પડે. જ્યારે સાધુ નિષ્કામી છે; નિઃસંગી છે. સાધુ નિષ્કામી એટલે ઇચ્છાઓ વગરના છે. તેમને ઇચ્છાઓ નથી, પણ સાધુનું જીવન જગત વચ્ચેનું જીવન છે. મોક્ષ નથી પામતા, ત્યાં સુધી સંસાર વચ્ચે બેઠા છે તો કાંઈ ને કાંઈ સંબંધો તો રહેવાના. પણ તે સંબંધો પર મમતા નથી, આસક્તિ નથી. તેથી સાધુ નિઃસંગી છે.

દા.ત. વિહાર કરીને એક ગામ ગયા. ત્યાં અનુકૂળ આવ્યું. શ્રાવકો ભાવિક છે, સારા છે ને સ્થળ સારું છે. તો અનુકુળતા ભલે ગમે તેવી સારી હોય પછી તે પર આસક્તિ નહિ. આસક્તિ થઈ તો માસકલ્પનો જે કાયદો છે, તેની બહાર રહેવાનું મન થાય, પછી બીજી બધી આસક્તિઓ ફૂટી નીકળે : શ્રાવકોની આસક્તિ, ગોચરીની આસક્તિ, માન-સન્માનની આસક્તિ વગેરે વધતું જાય.

જેમ ઇચ્છા પાછળ રામાયણ છે, ખટપટ છે, તેમ આસક્તિ પાછળ પણ સાધના ચુકાવાની છે. વળી કાયદા બહારના સ્વાધ્યાયની પણ આસક્તિ થાય તો તેથી પણ સાધના ચુકાવાય છે.

**પ્રશ્ન : કાયદા બહાર સ્વાધ્યાય હોય ? સ્વાધ્યાય તે શું પાપની પ્રવૃત્તિ છે ?**

**ઉત્તર :** કાયદા બહારનો સ્વાધ્યાય એટલે અકાળ સ્વાધ્યાય છે. ગુરુભક્તિ બહુમાન ભૂલીને સ્વાધ્યાય તે અકાળ સ્વાધ્યાય છે. ગ્લાનાદિ સાધુની વૈયાવચ્ચ ચૂકવીને થતો સ્વાધ્યાય તે અકાળ સ્વાધ્યાય છે.

કાયદા બહારની આસક્તિ-લગની લાગી તો આ બધું - ગુરુભક્તિ, બહુમાન, ગ્લાનાદિ સાધુની વૈયાવચ્ચ વગેરે ચૂકાય.

સ્વાધ્યાય યોગ તે સારો યોગ છે, તેમાં પણ કાળાદિની સાપેક્ષતાપૂર્વક નિઃસંગી બનવાનું છે, તો દુનિયાની ચીજોમાં તો નિઃસંગી બનવું જોઈએ.

જે નથી મળ્યું, તેને માટે કામના નહિ, ઈચ્છા નહિ. જે મળ્યુ છે, તેના પર આસક્તિ નહિ. આ સાચવવા માટે ઝીણવટભરી સાવધાની જોઈએ, ચોકસાઈ જોઈએ. તો જ ખબર પડે કે 'આ જગ્યાએ હું કામનાવાળો છું - આ જગ્યાએ હું નિઃસંગી છું.'

ઉદાહરણ - ભર્તૃહરિ સંન્યાસ લીધા પછી પસ્તાવો કરે છે કે 'હજુય મને વિષયો છોડતા નથી !'

રાજ્ય છોડ્યું, પત્ની છોડી, વિલાસ છોડ્યા - હતું તે બધું છોડ્યું. તો આમ કેમ તે કહે છે ? તેની ઝીણવટભરી ચોકસાઈ હતી. શિલા પર સૂઈ રહેતા. લોટ

માગીને રોટલો કરી ખાઈ લેતા. તો હવે કોઈ વિષય રહ્યો ખરો ?

પણ છતાંય ભર્તૃહરિને વિષય લાગે છે. આજે આ શિલા સુંવાળી છે, કાલે ખરબચડી હતી. આજે લોટ ખોરો છે - કાલે સારો હતો... આ છે વિષય છે. કેટલું ઝીણવટભર્યું Marking હશે ?

વાપરવામાં નાનકડો વાળનો ટૂકડો આવી જાય તો તે બહાર કાઢી નાખો છો, તેમ સૂક્ષ્મ આત્મ નિરીક્ષણ હોય તો જ સાધુપણું પળે - ટકે.

એટલે કે ન મળ્યાની ઇચ્છા નહિ, મળેલાની આસક્તિ નહિ.

સાધુ જ્યારે આવું જીવન જીવે ત્યારે સંસારરૂપી વિષય કષાયના દાવાનળને શાંત કરી રહ્યા છે, એમ મનાય.

કષાયનો તાપ એટલે દાવાનળનો તાપ - તે સંતપ્તતા.

કષાયનો તાપ એટલે કષાયોનો આવેશ, ઉકળાટ, સંકલેશ. સંકલેશ ન દેખાતા લોભનો પણ હોય. બાકીના ત્રણ કષાય તો દૃશ્ય છે. આ લોભ અદૃશ્ય છે.

એક વસ્તુ સારી મળી હોય તો તેમાં વારંવાર મન જાય.

દા.ત. એક ઓઘો બદલ્યો, નવો આવ્યો. તો જ્યારે જ્યારે નજર પડે ત્યારે ચિત્ત તેમાં જાય. ત્યારે 'જો ચમકારો થાય તો **શાંતિ** છે, ને હાશ.' થાય તો **તાપ** છે ! તાપ એટલા માટે કે રાગ થાય છે. ચમકારો એટલા માટે કે રખને તે પર રાગ થાય ?

ઓઘો સારો સારો કરી આત્માને ઉકળાવીએ છીએ-રાગના કૂચડા મારીએ છીએ.

જ્યારે વિષયોની કામના મૂકી દીધી. તેની આસક્તિ, મમતા મૂકી દીધી તો હવે તે વિષયોને મહત્ત્વ આપવાની જરૂર નથી. એમ વિષયોને મચક આપવાની જરૂર નથી.

અંદર કષાય ઉઠ્યો તો તેના ઊઠતાંવેંત જ કહેવાનું 'ચંડાળ, તું છે !' અભિમાનને Get out કરો તો કેવળજ્ઞાન થાય. બાહુબલીજીને તેમ જ થયું. તેમણે બાર મહિના અભિમાન રાખ્યું. બેન સાધ્વીએ ચેતવ્યા, ત્યારે એમને થયું કે, 'આ ચંડાળને મેં અંદર રાખ્યો છે ! તો કેવળજ્ઞાન ક્યાંથી આવે ?'

આત્મઘરમાં કેવળજ્ઞાન તે રાજા સમાન છે. તો જ્યાં ભંગીઓ હોય ત્યાં રાજા આવે ?

પહેલાં હતું કે - 'નાનાભાઈને હું વંદન કરું ?' પણ હવે ? રોજના બે વાર વંદન તો વર્ષના ૭૨૦ વંદન ચૂક્યો ! તો હવે ૭૨૦ વાર નહિ પણ ૭૦૨૦ વાર

વંદન કરું ! ને તોડી નાખ્યું અભિમાનને... ને થયું તરત જ કેવળજ્ઞાન...

**પ્રશ્ન : મુનિઓ નિષ્કામી છે ને નિઃસંગી છે. એટલે શું મુનિ પથ્થર પૂતળા બની ગયા ?**

**પથ્થરને ઈચ્છા છે ? આસક્તિ છે ? તો જેમ પથ્થરને ઈચ્છા નથી ને આસક્તિ નથી તો સાધુને પણ ઈચ્છા નથી ને આસક્તિ નથી. તો સાધુ પથ્થર પૂતળા જેવા કેમ ન કહેવાય ?**

**ઉત્તર :** મુનિ આવા નથી, મુનિ તો આત્મસાધનાના રંગી છે.

તમારે આત્મસાધનાના રંગી થવું હોય તો કામના ને આસક્તિને છોડો. 'મળ્યું નથી તે જોઈતું નથી, મળ્યું છે એ ગમતું નથી' આ જો હોય તો તમે આત્મસાધનાના રંગીલાનાથ કહેવાઓ.

આત્મસાધના જુદી છે અને આત્મસાધનાનો રંગ જુદો છે.

દા.ત. કોઈ કાંઈ કામ બતાવે તો તે કામ કરે, પણ મોઢું ચઢાવીને કરે. તો અહીં સાધના કરી, પણ સાધનારંગી થઈને નહિ. તેને બદલે એમ કહો : 'બાપજી, મને કામ આપો, બાપજી મને કામ આપો. મને જ આ લાભ આપો.'

આ માગણી બતાવે છે કે ત્યાં બહુમાન છે, કૃતજ્ઞતા છે. 'મને જ' શબ્દમાં એ ભાવ આવ્યો કે તેને (શિષ્યને) થયું કે 'હું કર્મથી વધારે કચડાયેલો છું.' તેથી કર્મનિર્જરાનો ખ્યાલ આવે. તેથી લઘુતા આવે.

આમ એક સાધનામાં કેટલી સાધના આવી ?

સાધુ આત્મસાધનારંગી છે એટલે આત્માનું હિત સાધનારા છે. આત્મા મલિન છે, તેને નિર્મળ કરનારા તેનું શુદ્ધિકરણ કરનારા સાધુ છે.

રાગ-દ્વેષ, ઈર્ષ્યા, સ્વાર્થપટુતા, હરામહાડકાપણું આ બધા આત્મામાં પડેલ મળ છે. તે બધા કચરાને સાફ કરતાં ચાલીએ તો તે આત્મા સાધનારંગી કહેવાય.

આત્મસાધનાનો રંગ લાગ્યો છે એટલે જડ પુદ્ગલની આસક્તિ - ઈચ્છા પડતી મૂકી છે, તેથી આત્મસાધનાનો રંગ સારો લાગ્યો.

દા.ત. સવારે ભગવાનનાં દર્શન વગર ચાલે ? ના. તો જેમ ભગવાનનાં દર્શન કર્યા વગર ન ચાલે તેમ દર્શનના રંગી બન્યા વગર પણ ન ચાલે.

પ્રતિક્રમણના રંગ વગર ન ચાલે એટલે પ્રતિક્રમણ કરતાં પહેલાં ઊલટ હોય અને તેથી તે પાપોની ગર્હા કરી શકે.

મંદિરે જાય તે પહેલાં જવાની હોંશ હોય, ઊલટ હોય, 'વીતરાગનાં દર્શન કરું.'

જેને દર્શન ઉપરાંત દર્શનના રંગીપણાનો ખપ હોય તે દર્શન કરી શકે.

સાધના જેટલી જરૂરી છે, તેના કરતાં વધારે જરૂરી સાધનાનો રંગ છે. જેમકે દુનિયાનો કોઈ માણસ રેઢિયાળ માલ પર 'હું માલવાળો છું.' એમ નહિ કહે.

પ્રતિક્રમણ ન કરીએ તો દંડ આવે, પણ પ્રતિક્રમણના રંગી ન બનીએ તો કોઈ પ્રાયશ્ચિત્ત આવે ખરું ?

હા આવે. ચૈત્યવંદન ન કરીએ તો દંડ આવે, પણ ચૈત્યવંદનમાં રંગી ન બનીએ તો દંડ આવે ખરો ?

હા આવે. આટલા માટે સાધુએ સાધનારંગી બનવું જોઈએ. મુનિ નિત્ય પ્રસન્ન હોય છે. સાધનાના રંગીપણા પર પ્રસન્નતા અવલંબે છે.

દા.ત. રોગ આવ્યો તોય પ્રસન્ન રહે, કેમકે રોગ પરિષહ જીતવો એ સંવર નામનો ધર્મ છે અને સંવર ધર્મ તે ધર્મની સાધના છે. તેથી મુનિ સાધનારંગી છે ને પ્રસન્ન છે.

કોઈ ભક્ત પૂછે : મહારાજ ! તમને તાવ આવ્યો ?

મહારાજ કહે : અરે ! મને તે ગમે છે !

એક કપડું સારું મળ્યું ને પછી બીજું તેનાથી વધુ સારું મળે તો પહેલાને જતું કરે. આ સાધનારંગીપણું નથી.

સાધુ સાધનાના રંગી છે, તેથી જ્યાં ને ત્યાં સાધના શોધી કાઢે. દા.ત. કોઈ કહે : આ સાધુ ભિખારી છે. 'અહીં તું ક્યાં આવ્યો ?' અથવા તો કોઈએ ગાળ દીધી તો સાધુ સમજે કે આ તો આક્રોશ સંવર પરિષહ છે અને તેના જીતવાના તો આપણે શોખીન છીએ !

આત્માની સાધના એટલે (i) સંવર સાધના અને (ii) નિર્જરા સાધના.

સાધુ સાધનારંગી હોય એટલે તે નિત્ય પ્રસન્ન હોય.

**પ્રશ્ન : હા, પણ સાધના હોય ને તેનો રંગી ન હોય તો ?**

**ઉત્તર :** તો લાખનો માલ પાંચમાં લિલામ થાય.

સાધના હોય ને રંગીપણું હોય ન તો ફાસફુસિયા ફળ મળે.

સાધના હોય ને રંગીપણું હોય તો અવ્વલ કોટિનું ફળ મળે. સુદર્શન શેઠને શૂળી તે સિંહાસન થઈ, કારણ કે સાધનાના તે રંગી હતા. તેથી શૂળી પર 'નમો અરિહંતાણં' યાદ આવ્યું.

સાધનાના સંગી એટલે વ્યસનવાળા બનવા માટે નીચેની વિધિ છે.

(૧) સાધના વગર ચેન ન પડે.

(૨) સાધના વગર ચેન નથી પડતું તેથી સાધના મળવાથી અપરંપાર આનંદ થાય, જાણે નવનિધાન મળ્યાં !

(૩) સાધના પર ઉત્કટ બહુમાન હોય.

સાધનાના સંગી બનવા માટે સંજ્ઞાઓ ફગાવી દેવાની.

સાધનાના રંગીને પરમાત્માનું દર્શન એટલે શી વાત ? તેને એમ થાય કે જગતમાં તેના જેવું બીજું કોઈ ચઢિયાતું કાર્ય નથી.

ચક્રવર્તીપણાની સત્તા ચલાવવાની ક્રિયા એ કર્મની ગુલામી ભોગવવા જેવી છે.

વીતરાગના દર્શન કરવાની ક્રિયા એ કર્મને તમાચા મારવા જેવી છે.

ભગવાનનાં દર્શનનો રંગ લાગે તો એક સ્તવન પર બીજું લલકારે. બીજા પર ત્રીજું ચોથું ત્યારે સમયનો પણ ખ્યાલ ન રહે.

સાધનાના રંગી બનવા માટે સાધના પ્રત્યે ઉત્કટ બહુમાન જોઈએ તથા સાધનાને એકમેવ કર્તવ્ય સમજવું જોઈએ.

**'સાધુ - જે રમ્યા શુદ્ધ સ્વરૂપ રમણે, દેહ નિર્મમ નિર્મદા.'**

સાધુ આત્માના શુદ્ધ સ્વરૂપ એટલે રાગદ્વેષ વિનાના વીતરાગ સ્વરૂપની રમણતામાં રમ્યા એટલે વસ્તુના રાગદ્વેષમાં રમનારા સાધુ નથી. તેઓ પોતાના શુદ્ધ દર્શન - વીતરાગ સ્વરૂપમાં રમનારા છે અને તેને જ પ્રગટ રાખનારા છે.

શુદ્ધ સ્વરૂપને પ્રગટ રાખવું હોય તો તેને રાગદ્વેષથી **કલુષિત** ન થવા દેવું જોઈએ. શુદ્ધ સ્વરૂપની રમણતામાં રમનારાનો ભાવ એ છે કે આપણાં દર્શન - શ્રવણ ને સ્મરણને વિશુદ્ધ સ્વરૂપવાળા પ્રગટ રાખવાનાં. તેમને રાગદોષિત ને દ્વેષદોષિત ન થવા દેવા.

મુનિ પોતાના શરીર પર મમતા વગરના છે. જેને શરીરની મમતા નથી તેને બાહ્યની શી મમતા હોય ? શરીર આત્મા સાથે એકમેક છે, પછી બાહ્યની મમતા શી ?

**પ્રશ્ન : મુનિ દેહની મમતા વગરના છે, તો શું તેઓ દેહધર્મ નથી બજાવતા ?**

**ઉત્તર :** દેહધર્મ મુનિ જરૂર બજાવે છે, પણ મમતા વગર બજાવે છે. દેહને દુશ્મન સમજીને બજાવે છે. જ્યારે છૂટકો ન હોય ત્યારે દુશ્મનને પણ ખવડાવવું પડે.

**ઉદાહરણ :** શેઠના દીકરાને મારી નાખનાર ખૂની જે જેલમાં હતો, તે જેલમાં શેઠને કોઈ ગુનાસર આવવું પડ્યું. બન્નેના પગ એક હેડમાં નાખ્યા એટલે એકને ચાલવું હોય તો બીજાને તે સાથે ચાલવું પડે.

શેઠને તો ખાવાનું ઘરેથી આવ્યું. શેઠ ખાવા બેઠા. પેલો ખૂની કહે : 'મને ખાવાનું આપો.' તો શેઠ કહે : 'તને મારા પુત્રના ખૂનીને આપું ? એક દાણોય ન આપું.'

શેઠ જમી રહ્યા. થાળી નોકર લઈ ગયો.

હવે શેઠને સંડાસ જવું હતું તો તે બોલ્યા : હેંડ ભાઈ !

ખૂની : ન આવું. ખાવા ન આપ્યું તો હવે કેમ આવું ?

શેઠ : મહેરબાની કર.

ખૂની : કબૂલ કરો કે આવતી કાલથી ખાવાનું આપીશ.

શેઠ : આપીશ. હવે આવીશ કે નહિ ?

ત્યાં છૂટકો નથી તો આપવું પડે, દુશ્મન તરીકે આપવું પડે, મિત્ર સમજીને નહિ.

બીજો દિવસ થયો. નોકર જમવાનું લાવ્યો. શેઠે ખૂનીને આપ્યું. નોકરે બધી વાત ઘરે શેઠાણીને કરી. શેઠાણી તો રીસાયા...

મહિનો પૂરો થયો. શેઠ છૂટીને ઘરે આવ્યા. તેમના મનમાં હતું કે ઘરે કેવુંય સરસ સન્માન થશે ? તેને બદલે શેઠને જોતાં જ શેઠાણીએ મોં બગાડ્યું.

તો શેઠ બોલ્યા : સજા ભોગવીને મહિને ઘરે આવું છું ને તને કાંઈ થતું નથી ?

શેઠાણી બોલ્યા : કેમ થાય ? પોતાના સગા દીકરાના પેલા ખૂનીને - દુશ્મનને ખવડાવ્યું ! પછી શેઠે બધી વાત કહી. સંડાસ જવા ખાતર ન છૂટકે ખવડાવવું પડ્યું !

અહીં શેઠાણી તે આચાર્ય, **ચોર તે શરીર અને બાબો તે સંયમ.**

સાધુનો બાબો તો તેમનો સંયમ છે.

શરીર તે સંયમનો ખૂની છે. વારેવારે શરીરને અસંયમ કરવા જોઈએ છીએ. તો એવા શરીરને દેવું પડે છે. આત્મા-સ્ત્રી તે આચાર્ય છે.

ગોચરી લાવ્યા. તે વાપરી તો આચાર્ય રિસાયા. તે બોલ્યા ચારિત્ર લીધું હતું તે ખાવા માટે લીધું હતું ?

તો શરીરે ખુલાસો કર્યો : દીક્ષા લીધી પણ આ પાપિયાને ન છૂટકે આપવું પડે છે. ન આપું તો બીજે દિવસે અંધારા આવે છે. પછી પ્રતિક્રમણ ઊભા ઊભા ન થાય. ઈરિયાવહી ન થાય. વૈયાવચ્ચ ન થાય. આમ શરીર વાંકું થઈને બેઠું તો આ બધું કરવું પડ્યું. માટે ભલે તેને આપીએ. તેથી સંયમ સાધના તો થાય.

'દેહ નિર્મળ નિર્મદા...' સાધુ નિર્મળ છે એટલે આવા દેહ પર મમતા વગરના છે. મમતા ન હોય તો અસંયમનું આચરણ ન હોય.

સાધુ નિર્મળ છે, સાથે નિર્મદ છે.

**પ્રશ્ન : સાધુને શરીરની કોઈ મમતા નથી પછી 'નિર્મદ - અભિમાન વગરના છે' એમ કહેવાનો અર્થ શો ?**

**ઉત્તર :** સાધુએ સાધના કરી, તે તીર્થંકર ભગવાનને સામે રાખીને કરી. એટલે તીર્થંકર ભગવાને જે સાધના કરી, તેના પ્રમાણમાં પોતાની સાધના શા પ્રમાણમાં છે ? આ વિચારથી અભિમાન ન થાય.

**'કાઉસ્સગ્ગ મુદ્રા ધીર આસન, ધ્યાન અભ્યાસી સદા.'**

ભગવાનની સાધના મોટે ભાગે કાયોત્સર્ગની મુદ્રાએ રહીને થયેલ છે.

**પ્રશ્ન : સાધુ જો કાઉસ્સગ્ગની મુદ્રાએ રહે તો તે ધ્યાન, પડિલેહણ કરે કે નહિ ? ત્યાં ક્યાં કાયોત્સર્ગ છે ?**

**ઉત્તર :** કાયોત્સર્ગમાં એક ધ્યાન છે, એક તાન છે, તેમાં એકમેક છે. એવી રીતે જે સ્વાધ્યાય કરે છે, ક્રિયા કરે છે, તે સાધ્વાચાર માટે છે. તે કાઉસ્સગ્ગ મુદ્રામાં એકતાન એટલે એકમેક છે.

ધ્યાનમાં એકાગ્રતા છે, તાનમાં એકરૂપતા છે એટલે સાધુ કાઉસ્સગ્ગ મુદ્રાએ છે અને ધીર આસને છે.

દરેક ક્રિયાનું આસન છે, બેઠક છે. તે આસન ધીરતાવાળું છે, સ્થિરતાવાળું છે.

**પ્રશ્ન : અહીં 'ધીર' આસન કેમ કહ્યું છે ?**

**ઉત્તર :** તે એટલા માટે કહ્યું છે કે સ્થિરતામાં હલવા ચાલવાનું નહિ, પણ ધીરતામાં સાત્ત્વિકતા છે.

દા.ત. કાઉસ્સગ્ગમાં રહ્યા ને મચ્છર કરડ્યો તો હાલ્યા ચાલ્યા નહિ તે સ્થિરતા છે. ભલે હાલ્યા ચાલ્યા નહિ, પણ મન ત્યાં ગયું કે 'ક્યારે કાઉસ્સગ્ગ પૂરો કરું ને મચ્છરને ઉડાડું.' આવો વિચાર ન આવ્યો, તે 'ધીરતા' છે.

**ઉદાહરણ :** સુવ્રત શેઠ મૌન એકાદશીને દિવસે પૌષધ લઈને બેઠા હતા. તેમની નજર સામે ચોરે માલના ગાંસડા બાંધ્યા, છતાં કાઉસ્સગ્ગ ન છોડ્યો, કારણ કે તે સ્થિર હતા ને ધૈર્યવાન પણ હતા.

જે કાઉસ્સગ્ગ લીધો તેમાં સત્ત્વથી ચીટકી રહ્યા. હાય વોય ન કરી. તેમણે વિચારણા કરી કે, 'જે જાય છે તે મારું નથી, મારી પાસે તો દર્શન જ્ઞાન - ચારિત્રનું સાચું ઝવેરાત છે. મારું તો કાંઈ નથી જતું.'

એવા મોટા ઉપદ્રવ આવે પણ મહાન આત્મા ધીરતા છોડતા ન હતા. આપણી તુચ્છ વસ્તુ કોઈએ આઘીપાછી કરી, તેમાં ધીરતા ગુમાવીએ શા માટે ?

**પ્રશ્ન : જો ન બોલીએ તો બધા જેમ તેમ આડું અવળું કર્યા કરે તેનું કેમ ?**

**ઉત્તર** : જવાબ એ છે કે જે બોલીએ તેમાં ઉપશમ ભાવ સમતા ભાવને ડહોળ્યા વગર બોલીએ કે 'મહાનુભાવ, મારી ચીજ આમ તેમ ન મૂકતા.'

બહારનું જે મામૂલી છે, તેને ખાતર અંદરનું જે મહાકિંમતી છે, તેનો ખાસ ખ્યાલ રાખવો.

મહાત્માનું ઘણું ડહોળાતું છતાં 'સવ્વે જીવા ખમંતુ મે ! કહેતા, પણ ધીરતા ન જતી.'

**ઉદાહરણ :** ગજસુકુમારને માથે પાળ કરી સગડી મુકાઈ હતી. બધું બળવા માંડ્યું. છતાં વિચાર કરે છે. 'મારું કાંઈ બળતું નથી. મારું તો જ્ઞાન દર્શન ચારિત્ર છે, તેને સળગાવવાની કોઈની તાકાત નથી.'

**મારું છે તે બળતું નથી અને બળે છે તે મારું નથી.**

મુનિ ધ્યાનના અભ્યાસી છે એટલે દરેક સાધનામાં મનને સ્થિર - એકાગ્ર પુનઃ પુનઃ કરે છે એટલે કે તે અભ્યાસ કરે છે. દરેકે દરેક ક્રિયામાં, એકેએક પદમાં ધ્યાન લગાડવાનું, તે છે અભ્યાસ. તેની જરૂર છે, કારણ કે અભ્યાસ ન રાખીએ તો એકેએક ક્રિયામાં એટલે કે એકેએક પદમાં મન એકાગ્ર કરવાનો અભ્યાસ ન રાખીએ તો તે યોગ **વ્યાઘાત** થાય એટલે યોગ તૂટક થાય. તૂટોફૂટો યોગ થાય ને તેવા તૂટ્યા ફૂટ્યા યોગથી મહાયોગ ન આવે.

**મહાયોગ** તે આઠમા ગુણ સ્થાનનો યોગ છે, તેને **મહાસ્થિતિ** પણ કહે છે.

મહાયોગમાં પાકી સ્થિરતા જોઈએ છે પણ પહેલાં કાચી સ્થિરતાનો અભ્યાસ ન હોય તો પાકી સ્થિરતા ન આવે, માટે દરેકે દરેક ક્રિયામાં, દરેકે દરેક પદમાં, સ્વાધ્યાયમાં મનની સ્થિરતા હોય તો અખંડ મહાયોગ થાય. ખોટા **વ્યાઘાત** ન થાય.

દા.ત. ચૈત્યવંદન કરતાં પહેલા ત્રણ દિશાનો ત્યાગ કરવાનો હોય. ફક્ત ભગવાનની એક દિશા માત્ર જોઈએ. તેનો હેતુ **વ્યાઘાત** ન થાય તે છે. ત્રણ દિશામાં નજર જાય તો આંખ ભગવાન પરથી ઊઠી ચૈત્યવંદનના યોગમાંથી બીજે ગઈ. ભગવાનની સામે દૃષ્ટિ રાખી એક સરખી સ્તુતિ-સ્તવના કરવાની. ત્યાંથી દૃષ્ટિ ઊઠી તો તે ક્રિયા પત્તાનો મહેલ સમજવો. ચૈત્યવંદન તે નાજુક યોગ છે.

મુનિને ધ્યાનનો અભ્યાસ હોય તો ઈરિયાવહી કરે તો **અતિમુક્તા** મુનિ

જેવી કરે.

ધ્યાન અભ્યાસનો બીજો અર્થ પણ છે. ધ્યાન એટલે ધર્મધ્યાન. ધર્મધ્યાનના ચાર પ્રકાર છે. તે પ્રકારને 'વિચય' કહેવાય.

**ધર્મધ્યાનના ચાર પ્રકાર છે :**

(૧) આજ્ઞા વિચય. (૨) અપાય વિચય.

(૩) વિપાક વિચય. (૪) સંસ્થાન વિચય.

વિચય એટલે વિચાર. મનને તેમાં ડૂબાડવું તે. વિચય એટલે મનની અંદર સંગ્રહ કરવો તે.

**પ્રશ્ન : આચારનો અભ્યાસ હોય તો આજ્ઞા વિચય ક્યાં કરવાનું ? તેનું સ્થાન શું છે ?**

**ઉત્તર : (૧) આજ્ઞા વિચયનું** સ્થાન આપણી ક્રિયાઓ છે. ત્યાં ભગવાનની આજ્ઞાના ગુણ ગાવાના. તે પર અહોભાવ દર્શાવવો. જેમ કે ભગવાન કેવા સત્યાર્થને કહેનારા ! કેવા ત્રિભુવનના તારણહાર ! કેવા મોટા મોટા ગણધરો વડે સ્તુતિ કરાયેલા ! ભગવાને કેવી સુંદર ક્રિયા બતાવી !

ક્રિયામાં સહેજ અહોભાવ કરીએ છીએ તે ક્રિયા સાથે અહોભાવ સંકળાયેલા છે, માટે વ્યાઘાત નહિ. કેવા ભગવાનના વિચાર ? વીતરાગતા - સર્વજ્ઞતામાંથી ઉઠેલાં આ વચનો છે.

**(૨) અપાય વિચયનું** ધ્યાન ડગલે ને પગલે થાય. કારણ કે આપણે કષાયમાં બેઠા છીએ. ત્યાં રાગ, દ્વેષ, મોહ, મત્સર, અભિમાન વગેરે અપાય છે. એટલે અનર્થ - નુકસાન કરે તેવાં છે. આ ઊઠવા જાય તો "અહોહો ! રાગદ્વેષનાં કેવાં ભયંકર અનર્થ આવે ? ત્યારે ખંધક મુનિ જેવા યાદ આવે. એમની ચામડી ઊતરે છે. ચરડ, ચરડ... પણ તે વખતે તેમણે તે વેદનાને તેટલી ભયંકર ન દેખી, જેટલી સામા પરના ગુસ્સાની ભયંકરતા જોરદાર દેખી."

જો ગુસ્સાની ભયંકરતા ૧૦૦ ટકા તો ચામડી ઊતરવાની વેદના એક ટકો ! કારણ કે ગુસ્સાના પેટમાં નરકની વેદના છે. ચામડી ઊતરવાની વેદના કરતાં નરકની વેદના અનંતગુણી છે, તેટલા માટે તે ભયંકરતા દેખાયેલી, તે પછી શરીરની વેદનાને મચક નહિ આપેલી... તે છે અપાય વિચય. જ્યાં જ્યાં ગુસ્સો, હાસ્ય, હાહા, હીહી થાય ત્યાં આ બધાં અપાય કરનારાં તત્ત્વો છે, તેની ભયંકરતા જોવાની. સાધુ થઈને ખડખડાટ ન હસાય, કારણ કે તેને માથે અનંતા કર્મોનો - અનંતા કુસંસ્કારોનો ભાર છે, તે તોડવા સાધુપણું લીધું છે.

જેમકે લાખોપતિ હોય તેના લાખો ડૂબી ગયા ને તેને માથે લાખોનું દેવું થઈ ગયું, તો તેને કોઈ હસાવી શકે ? કેમ ન હસાવી શકે ? કેમકે, તેના માથે દેવાનો ભાર છે. તેમ સાધુને માથે ભાર છે. તેથી તેને હાસ્ય, ઠઠ્ઠા, ગુસ્સો, અભિમાન ન સૂઝે.

**(૩) વિપાક વિચયનું ધ્યાન :-** વિપાક વિચય એટલે કર્મના વિપાકનો વિચાર. અનુકૂળ બન્યું તો મન ખીલતું હોય અને પ્રતિકૂળ બન્યું તો મન દુઃખી થતું હોય, ત્યારે વિપાકનો વિચય થાય. આમાં ખીલવાનું શું ને કરમાવાનું શું ? આ તો કર્મનો વિપાક છે.

**બીમારી - ગાળ તે કર્મનો વિપાક છે.**

**સામૈયું - સન્માન તે કર્મનો વિપાક છે.** તે માટે લક્ષ્ય જોઈએ કે મારે ધ્યાનમાં આ વિપાક વિચય લગાડવું છે.

**(૪) સંસ્થાન વિચય :-** 'સંસ્થાન' શબ્દ ચૌદપૂર્વ જેવો છે. જેમ ચૌદપૂર્વમાં કાંઈ બાકી નથી. તેમાં આચારાંગ - સૂયંગડાંગ બધું આવી જાય - તેમ આ 'સંસ્થાન' શબ્દમાં આખું વિશ્વ છે : અધોલોક, ઉર્ધ્વલોક, મધ્યલોક, ખગોળ, ભૂગોળ છે. સંસ્થાન માત્ર ચૌદ રાજલોકની સંપત્તિ નહિ, પરંતુ આખું વિશ્વ, કર્મની આખી મશીનરી, મંત્ર - તંત્ર, તત્ત્વ બધું તેમાં છે.

**પ્રશ્ન : સંસ્થાન વિચયને આપણા જીવનમાં ક્યાં સ્થાન છે ?**

**ઉત્તર :** કર્મના શુભાશુભના ઉદયમાં વિપાક વિચય છે, પરંતુ સંસ્થાન વિચયનું સ્થાન સર્વત્ર છે. મુનિ છીએ, તો મોટા ભાગે ઉદાસીન ભાવમાં રહેવાનું છે. ઉદાસીન એટલે ઉદ્ + આસીન. આસીન એટલે બેઠેલો અને ઉદાસીન એટલે ઉઠેલો.

**આસ્તે ભગ આસીન :-** બેઠેલાનું નસીબ બેઠેલું હોય છે.

ઉદાસીન એટલે ઉઠેલ. જગતના ભાવો પરથી ઉઠેલ તે મુનિ અને જગતના ભાવો પર બેઠેલ હોય તે ગૃહસ્થ.

જગતના ભાવ પરથી ઉઠેલો મુનિ સંયમના ભાવમાં બેઠેલો હોય. મુનિ જગતની ફક્ત ઘટમાળ જુએ પણ તે ક્યાંય આસક્ત ન થાય. મુનિ ઉદાસીન ભાવમાં છે, તેથી તેને વિશ્વની ઘટમાળમાં આશ્ચર્ય કે દુઃખ જેવું કરવાનું નથી. મુનિ **'તપ તેજ દીપે, કર્મ જીપે'** છે એટલે મુનિ તપના તેજથી દીપ્તિમાન છે, તેજસ્વી છે. મુનિનું તેજ મલાઈ માખણ-ભોજનનું નથી. તે તેજ તપનું છે. તેથી તેજથી દીપનારા છે.

**પ્રશ્ન : તપના તેજમાં દીપવાનું ક્યાંથી આવે ? તપથી તો હાડકાં બહાર આવ્યાં, ત્યાં તેજ ક્યાંથી આવ્યું ?**

**ઉત્તર : તે માટે ઉદાહરણ–**

**શ્રી બદ્રીનાથ પંડિત** હતા. ૧૯૯૬માં કોલ્હાપુર ચાતુર્માસમાં સાથે ભણાવવા માટે રાખ્યા હતા. તે એકવાર ફરવા ગયેલા. ત્યાંથી આવીને તેમણે એક વાત કરી. સાહેબ, આજે ફરવા ગયો ત્યારે એક ભાઈ મળ્યા. વાતચીતમાં મેં કહ્યું : હું કાશીથી આવું છું, જૈન સાધુને ભણાવું છું. ત્યારે તે ભાઈ બોલ્યા : 'અરે પંડિતજી ! આ જૈન સાધુઓ તો જુઓ ! તેમનાં મોઢાં ફીક્કાં, લુખ્ખાં, સુકાયેલાં... તેજ વગરનાં !'

પંડિત બોલ્યા, 'મેં તેને જવાબ આપ્યો કે 'તમને માલૂમ નથી. તે જે તપસ્યા કરે છે તે અલગ ચીજ છે.'

તેણે પૂછ્યું : કેવી રીતે અલગ ચીજ ?

મેં કહ્યું : 'તમારી સામે યુવાન સ્ત્રી આવે તો તરત તમારી નજર ત્યાં જાય. આ મુનિઓ સમક્ષ ઇન્દ્રાણી જેવી ધનાઢ્ય સ્ત્રીઓ આવે, તોય તેમની સામે નજર જાય નહિ ! ક્યાં તમારું તેજ ને ક્યાં તેમના તપનું તેજ !'

દુનિયામાં કોઈથી અંજાઈ ન જાય તેવું તે તપનું તેજ છે. ઇન્દ્રાણી સામે ન આકર્ષાઈ જવાનું તે તપનું તેજ છે. મુનિ તપના તેજથી દીપે છે. પુદ્ગલ માત્રની ગુલામી છોડી દીધી. પુદ્ગલ માત્રની સામે અડીખમ છાતી કાઢી મુનિ ઊભા રહ્યા છે. મુનિ એટલે ભગવાનના સેવક ! તેની સામે લાખો રૂપિયાનો ઢગલો કોઈ કરે તોય તે કુછ નહિ ! તે છે તેજ.

સાધુ બન્યા છો, તો તેજસ્વી બનો, તો સાચા સત્ત્વનો વિકાસ થાય.

સત્ત્વનો વિકાસ આ છે : કોઈએ ચીડવ્યા. તો ગુસ્સો કરે તે બીજા ! તું દશ વાર ચીડવને, આપણે તો મૈત્રીભાવ. તેનું નામ તપનું તેજ. તેનાથી વિજય મેળવી શકાય છે. જેમ લડાઈમાં તેજસ્વી યોદ્ધો લડાઈ જીતે છે તેમ મુનિ તપથી તેજસ્વી બનેલા છે. તેથી કર્મને જીપે એટલે કર્મને જીતે છે.

'જીપે' માં બે ક્રિયા છે :

૧. સામે લશ્કર આવી ગયું તો તેનો ખોડો કાઢી નાખે.

૨. સામે જે નથી આવ્યું, તેને પડકાર કરે તો તે નાસી જાય.

તેમ (i) કર્મ જે ઉદયમાં આવ્યાં તેનો ખોડો કાઢી નાખે ને (ii) કર્મ જે

ઉદયમાં નથી આવ્યાં તેને પડકાર દે. એટલે સંચિત કર્મોનો ક્ષય કરે છે અને નવાં કર્મનો અબંધ કરે છે. ત્યારે કર્મ પર વિજય થાય છે.

દા.ત. તાવ આવ્યો તો તેને વધાવે. કર્મનો ક્ષય થવા દે. ત્યાં મલિનતા નથી, દીનતા નથી. વળી ત્યાં રાગાદિના ભાવ નથી કે જેથી નવાં કર્મ બંધાય.

તપનું તેજ જે એવું છે કે ગમે તેવા કર્મના ઉદયમાં તે અવિકૃત રહે છે. વિકૃત થતું નથી.

જિનેશ્વર ભગવાને બાર પ્રકારનો તપ બતાવ્યો છે. તપશ્ચર્યાની એ તાકાત છે, કે તે આત્માને અવિકૃત રાખે છે. ભગવાન મહાવીર બાહ્ય તપ તેટલા માટે ખૂબ કરતા, કારણ કે આત્માનું તેજ - તપનું તેજ વધારવા માટે તે કરતા.

આ માટે અભ્યાસ પાડવાનો છે.

કર્મ ઉદયમાં આવ્યાં તો તેનો નાશ થાય પછી આત્મા અવિકૃત રહે છે. તેની સાથે મિથ્યાત્વ - અવિરતિ - કષાયને ઉઠવા દેતા નથી.

તપનું તેજ છે, તો મિથ્યાત્વને સ્થાને સમ્યક્ દર્શન છે, આસક્તિ સામે વિરતિ છે.

અવિરતિ બે જાતની છે :

(૧) એક પચ્ચક્ખાણ ન થાય તે. અને

(૨) વિરતિ ન થાય

છ અવિરતિ - હિંસા જૂઠ વગેરેમાં છે.

છ અવિરતિ - પાંચ ઇન્દ્રિયો અને મનમાં છે.

આંખની અવિરતિ એટલે આસક્તિ - વિષયો તરફ આકર્ષણ. વિષયો ઠીકઠાક લાગવા તે. દા.ત. પેંડો સારો, લાડુ નહિ. ઝીણાં કપડાં સારાં, જાડાં નહિ.

આ ઠીકાઠીક લાગે છે, તે આસક્તિ છે. તે જાય તો તપનું તેજ વધે. તપથી સમ્યક્ત્વ ખીલે. બાર પ્રકારના તપમાં તપસ્વી છ બાહ્ય ઇન્દ્રિયોની આસક્તિ તોડી નાખે છે.

જેમ જ્ઞાન-ધ્યાનક્રિયા સાધંતા કાઢે પૂર્વના કાળ. કષાયને મચક નથી આપતા તેટલા તે તન્મય છે. તે શુભ યોગ છે.

બાર પ્રકારનો તપ તે શુભ યોગ છે. તે હોય પછી અશુભ યોગ ન રહે એટલે તપથી તેજ વધે છે. પછી આત્મા ગમે તેવા કર્મના ઉદયમાં અવિકૃત રહે છે.

તપના તેજથી અવિરતિ વગેરેને સ્થાન નથી મળતું. તેથી નવા કર્મ બંધાતાં નથી.

અવિરતિપણું અને મિથ્યાત્વાદિનો ત્યાગ કર્મને જીતી લે છે.

**'નૈવ છીપે પરભણી'** :- સાધુ પરમાં આનંદ માનતા નથી એટલે પર તરફ આકર્ષાતા નથી. આત્માથી જે પર છે પછી જડ કે ચેતન - તે તરફ મુનિ આકર્ષાતા નથી એટલે પરમાં તેમને શાંતિ દેખાતી નથી, આરામ દેખાતો નથી. પરમાં હૂંફ દેખાતી નથી. પરમાં આશ્વાસન નથી દેખાતું. પરમાં કોઈ કાળે તૃપ્તિ થાય તેવું દેખાતું નથી. તાત્પર્ય એ છે કે મુનિ પરમાં ઠરતા નથી, તે આત્મામાં ઠરે છે. પરમાં જવું પડ્યું હોય તો એમ લાગે કે પારકે ઘેર ગયા અને આત્મામાં આવે તો જાણે પોતાના ઘરે આવ્યા તેવું લાગે.

મુનિ પરમાં નથી ઠરતા એટલે કે તેમને પરમાં વ્યાકુળતા લાગે છે. દા.ત. ગોચરી - આહાર તે પર છે. તેમાં ઠરતા નથી, તેમાં હૂંફ કે આશ્વાસન કાંઈ દેખાતું નથી. ચારિત્ર લીધું, ત્યારથી નક્કી કરી દીધું કે હવે મારે સ્વમાં ઠરવાનું, હૂંફ આશ્વાસન સ્વમાંથી લેવાના.

ભગવાન, તમારે છ કારક આત્મતત્ત્વમાં થયા. આત્મતત્ત્વ એટલે આત્માને આત્માથી આત્મા માટે આત્મામાં જાણે છે - રમે છે - તૃપ્ત થાય છે - ઠરે છે તે.

(i) આત્માને જાણે છે. (ii) આત્માથી જાણે છે.

(iii) આત્મા માટે જાણે છે. (iv) આત્મામાં જાણે છે.

(v) આત્મા જાણે છે એટલે અંતરઆત્મા બની જગતને જુએ છે.

(vi) આત્માને જાણે છે એટલે એમ કહેવાય કે જીવનમાં ષટ્કાયનું ચિંતન કરે છે.

(vii) આત્માને જાણે છે એટલે ધર્માસ્તિકાય વગેરેને જાણે છે. તે આત્મા સાથે સંલગ્ન થયેલ જાણે છે. આત્માને અનુલક્ષીને જાણે છે.

**गतमोहाधिकाराणामात्मानम् अधिकृत्य या ।**
**प्रवर्तते क्रिया शुद्धा, तदध्यात्मं जगुर्जिनाः ॥**

**અધ્યાત્મની વ્યાખ્યા** :- મોહનો અધિકાર ઉઠાડી લઈને આત્માનો અધિકાર સ્થાપવો તે અધ્યાત્મ કહેવાય.

અત્યાર સુધી અજ્ઞાન અવસ્થા હતી, તો મોહનો અધિકાર હતો. મોહનું વર્ચસ્વ આત્મા પર હતું. આણ મોહની ચાલતી હતી. મોહ કહે તેમ ચાલતા. દા.ત. આહાર પણ મોહના અધિકાર તળે લેતા. મોહ કહેતો કે આ સારું કે સ્વાદિષ્ટ છે કે નહિ ? આ શરીરને પુષ્ટ તુષ્ટ કરે તેવું છે કે નહિ ? તે મોહનો

અધિકાર ઉઠાડી મૂક્યો તો આત્માનો અધિકાર આવ્યો. તેથી હવે જ્યારે સાધુ આહાર લે છે, ત્યારે જુએ છે કે 'આ આહારથી આત્માનો સંયમ સચવાય છે કે નહિ ? તે નિર્દોષ રૂપ છે કે નહિ ?'

નિરાશંસ ભાવે આહાર લેવાય તે આત્માને ઉપયોગી આહાર છે. આત્માને ઉદ્દેશીને-આત્માને અધિકાર ગણીને આહાર લેવાય તે ઉપયોગી છે. હવે આહાર કાયાના-મોહના અધિકારથી નહિ લેવાનો. આત્માનો અધિકાર એટલે સંયમ સાચવવાનો-કાયાને નહિ. આત્માને અનુલક્ષીને જે ક્રિયા પ્રવર્તે તે અધ્યાત્મ કહેવાય.

પ્રભુ આત્માને જાણે છે એટલે કે આત્માને અનુલક્ષીને જાણે છે. તત્ત્વનું ધ્યાન - ષડ્પદાર્થનું ધ્યાન કરે છે, તે આત્માને અનુલક્ષીને કરે છે.

આત્મા વડે જાણે છે એટલે શાસ્ત્ર પ્રમાણે નહિ, પણ આત્મા જ આમ કહે છે કે આમ જ હોવું જોઈએ.

**પ્રશ્ન : આત્મા વડે જાણે છે, તો શાસ્ત્ર વડે જાણે છે - તો તે ખોટું છે ?**

**ઉત્તર :** શાસ્ત્ર કહે છે કે, ક્રોધ ન કરાય. ક્રોધ ખરાબ છે. એમ શાસ્ત્રો વડે જાણે તો તેમાં વાંધો છે ? હા. વાંધો છે.

શાસ્ત્ર વડે જાણે છે એટલે શું ? જો કોઈ વાર શાસ્ત્ર ખસી ગયું તો પેલું જ્ઞાન ખસી જાય.

**પ્રશ્ન : પણ શાસ્ત્ર કેવી રીતે ખસી જાય ?**

**ઉત્તર :** જ્યારે સામેથી મોટું આક્રમણ આવે તો શાસ્ત્ર ખસી જાય. દા.ત. તમારો પોતાનો કોઈ ગુનો નથી, છતાંય કોઈ એકદમ કહેવા માંડે, 'તમે ચોર છો, લબાડ છો, દુરાચારી છો.' તો આ મોટું આક્રમણ લાગે તો તમો 'શાસ્ત્ર બાજુએ જાય' કરી કૂદી પડો. ભલે શાસ્ત્ર કહે : ગુસ્સો ન કરવો, પણ શું આવા પર ગુસ્સો ન થાય ? આમ તમને થવાનું.

તો શાસ્ત્રનું જ્ઞાન પરાધીન છે.

દા.ત. ધન કે વિષયનું સુખ તે પરાધીન છે.

ધન જાય તો સુખ જાય, વિષય જાય તો સુખ જાય, પણ આત્મા વડે જાણ્યું એટલે કે આત્માએ કહ્યું છે કે ક્રોધ થાય જ નહિ, કારણ કે આત્મા પોતાનું શુદ્ધ સ્વરૂપ જોતો બેઠો છે. 'મારું સ્વરૂપ તો ક્ષમા છે, જ્ઞાન છે, દર્શન છે, આ ક્રોધાદિ કષાય તો લફરાબાજી છે.'

વચનાનુષ્ઠાન એટલે શાસ્ત્રે કહ્યા મુજબનું અનુષ્ઠાન એટલે શાસ્ત્રને અવલંબીને

જ્ઞાન... પણ તેમાં બેસી ન રહેવાય કારણ કે તે ક્ષાયિક જ્ઞાન નથી. આ જ્ઞાન ક્ષાયોપક્ષમિક કર્મના ક્ષયથી ઊભું થયેલું જ્ઞાન છે. તે શાસ્ત્રના અવલંબન પર ઊભું થયેલું જ્ઞાન છે, તે ન રહે. તે પરાવલંબી જ્ઞાન છે, તે સ્વાભાવિક જ્ઞાન ન બને, માટે પરનું અવલંબન મૂકવું પડે એટલે વચનાનુષ્ઠાન પછી અસંગાનુષ્ઠાન કહેલ છે.

**અનુષ્ઠાન ચાર છે.**

(૧) પ્રીતિ અનુષ્ઠાન (૨) ભક્તિ અનુષ્ઠાન

(૩) વચન અનુષ્ઠાન (૪) અસંગ અનુષ્ઠાન

**(૧) પ્રીતિ અનુષ્ઠાન :-** પ્રીતિથી - પ્રેમથી થયેલ અનુષ્ઠાન તે પ્રીતિ અનુષ્ઠાન.

ભગવાનની પૂજા કરે તે ભગવાન પરના પ્રેમને કારણે કરે છે. પૂજા વખતે બીજી બધી આશંસાઓ ત્યારે જતી રહે.

શંખેશ્વર દાદાને ભજે તે શાના પ્રેમથી ?

ભગવાન પરના પ્રેમથી કે પૈસાના પ્રેમથી ?

પૈસાના પ્રેમથી એટલા માટે પૈસા કમાવાની શક્તિ સારી રહે પણ તે યોગ્ય નથી. પણ ભગવાન પર પ્રેમ છે, માટે ભગવાનની પૂજા કરો.

**(૨) ભક્તિ અનુષ્ઠાન :-** પ્રીતિ તો છે, પણ ઉપરથી બહુમાન છે તો તે ભક્તિ અનુષ્ઠાન કહેવાય. પ્રીતી + બહુમાન = ભક્તિ. માટે કહેવાય છે કે પત્ની પર પ્રીતિ ને માતા પર ભક્તિ એટલે માતા પર પ્રેમ અને બહુમાન છે. પત્નીનું કામ કરે છે પ્રીતિથી, તેથી ઉપરનું પ્રીતિ + બહુમાન છે.

જ્યારે પ્રમાદ નડતો હોય ત્યારે પ્રતિક્રમણ કરે, તો તે વચમાં વાત કરશે, મુદ્રા સાચવશે નહિ, જ્યાં ત્યાં જોયા કરશે તો ત્યાં અનુષ્ઠાન માટે પ્રીતિ હોય પણ તે માટે ભક્તિ ન હોય.

**(3) વચન અનુષ્ઠાન :-** શાસ્ત્રે કહેલ હોય તે પ્રમાણે બરાબર અનુષ્ઠાન તે વચન અનુષ્ઠાન.

વચનાનુષ્ઠાનમાં પ્રીતિ-ભક્તિ કરતાં સામર્થ્ય વધારે છે. તે વધારે ચીવટ માગે છે, વધારે શ્રદ્ધા માગે છે. કોઈ ક્રિયા પ્રીતિથી કરે, ને કોઈ ભક્તિથી કરે, પણ પ્રમાદ - વિકથા હોય તો શ્રદ્ધાની ત્યાં કમી હોય. વચનાનુષ્ઠાનમાં તીવ્ર શ્રદ્ધા જોઈએ. દા.ત. 'શાસ્ત્રે આમ કહ્યું છે, તેનું ઉલ્લંઘન થઈ શકે નહિ' આ છે તીવ્ર શ્રદ્ધા.

સેનામાં સુભટ જે કાંઈ કરે છે, તે સેનાપતિ પરના પ્રેમથી કરે છે. પછી ગમે તેવી મોતની પળ આવે તો તે તેની ફીકર કરતો નથી.

શ્રદ્ધા વિનાના જે હોય, ને કાર્ય કરે, તો વચમાં આપમતિ ઘૂસાડે. દા.ત. સેનાપતિ કહે : આમ કરો તો સુભટ તે ન માને.

આપણી અક્કલની ડખલ ત્યાં નહિ લાવવાની. પ્રીતિ છે, ભક્તિ પણ છે, પણ તે ઉપરાંત તીવ્ર શ્રદ્ધા કરવી જ પડે, કારણ કે જે ક્રિયા કરીએ છીએ તે ક્રિયાની દરેકે દરેક મુદ્રાનું ફળ અતીન્દ્રિય છે. તેથી કર્મનો ઉપશમ આંતરિક થાય તે આપણે કેવી રીતે જાણી શકીએ ?

આત્માના કર્મ પર - આત્માના અધ્યવસાય પર ક્રિયાનું જે ફળ છે તે આપણે દેખી શકતા નથી, તે અતીન્દ્રિય છે.

'આ જ ફાવે, આમ કરાય' - આમ કરવા જાય એટલે પોતાની મતિ લડાવવા જાય તો 'કરવા જાય પકવાન્ન ને થઈ જાય લોચો' - જેવું થાય.

તેથી અનુષ્ઠાન તેની વિધિથી કરવું પડે છે. તેનાં ફળ અતીન્દ્રિય છે.

જે અતીન્દ્રિય છે, તે ફળના જે દૃષ્ટા છે, તેમણે જે જોયું છે, તેમણે જે વિધિ બતાવી છે, તે પ્રમાણે વિધિ કરવાની.

વચનાનુષ્ઠાન એટલે જ્ઞાની પર અને જ્ઞાનીનાં વચન પર તીવ્ર શ્રદ્ધા.

**(૪) અસંગ અનુષ્ઠાન :-** માત્ર પ્રીતિ-ભક્તિ ને શ્રદ્ધાથી સંતોષ ન મનાય, તેથી આગળ વધવાનું છે.

વચનાનુષ્ઠાન શાસ્ત્ર આધીન છે એટલે સકલ કર્મનો ક્ષય નહિ થાય, તો જે અનુષ્ઠાન છે, તેને સ્વાભાવિક બનાવવાનું છે. દા.ત. ક્ષમા.

ક્ષમા શાસ્ત્રે કહેલ છે તે માટે પાળવાની એમ નહીં, પણ આપણું સ્વરૂપ જ ક્ષમા છે. સ્વરૂપ કદાપિ નાશ ન પામે. આપણું સ્વરૂપ ક્રોધ નથી. ક્રોધનું સ્વરૂપ નાશ પામી જાય ત્યા ક્ષમા જિંદગીભર ટકે. તેથી 'ક્રોધ મારું સ્વરૂપ નથી તેથી તે ટકાવી ન શકાય. ક્ષમા મારું સ્વરૂપ છે તો તે ટકાવી શકાય.'

કોઈ ખોટી લાગણી ઊભી થાય તો આ ચાવી લગાડી શકાય. રાગ તે અસ્થિર સ્વરૂપ છે, પણ વિરાગ તે સ્થિર સ્વરૂપ છે. આપણું એટલે આત્માનું સ્વરૂપ તેને કહેવાય જે આત્મા સાથે ઠેઠ સુધી રહે.

ક્રોધ કરીએ તો તેનો છેડો આવી જાય પણ ક્ષમા ઠેઠ સુધી ટકે.

રાગનો છેડો આવી જાય પણ વિરાગ ઠેઠ સુધી શાશ્વત ટકે. દા.ત. કપડું

લીધું. તેના પર રાગ કર્યો. તેનાથી સવાયું દેખાયું. તો પેલું રેચેડ લાગે.

પણ વિરાગ હોય તો, તે બોલે : કપડું તે પુદ્ગલની જાત છે, તે નપાવટ જાત છે. તે પુદ્ગલને માણસે સાચી સમજ વગર સારો સારો કર્યો હોય ને તે પોતાનું પોત પ્રકાશે તો ભારે પડી જાય ! દુર્ધ્યાન થાય. એટલે આ ચોથું અનુષ્ઠાન તે અસંગ અનુષ્ઠાન.

ભગવાન બધું આત્મા વડે કરે છે, શાસ્ત્ર વડે નહિ એટલે આત્માના સ્વભાવ તરીકે તે કરે છે, તે જાણે છે, તપ આત્મા માટે છે. એટલે કે માનપાન નહિ, શોખ માટે નહિ, સગવડ માટે નહિ.

ભગવાનની જાણકારી આત્મા માટે જ છે તેમજ આત્મામાંથી છે, એટલે જે જ્ઞાન ઊઠે છે, તે આત્મામાંથી ઊઠે છે, કારણ કે ભગવાને ઘર છોડ્યું, રાજ્ય છોડ્યું, સંસાર છોડ્યો ને ચારિત્ર લીધું એટલે જગતનું બધું જ બંધ કરી દીધું. આત્માને સંભાળવાનો ભેખ લીધો, આત્માને મુખ્ય બનાવવાનું કર્યું.

ચારિત્ર લીધું એટલે જગતનું વિસર્જન કરી આત્માને લક્ષમાં લીધો. પછી, આહાર, વિહાર, તપશ્ચર્યા, પરિષહ બધું આત્મા માટે. આમ આત્માને મુખ્ય કર્યો તેથી જે થવાનું તે આત્મામાંથી થવાનું અને આ બધું જાણે - કરે તે આત્મામાં જાણવાનું-કરવાનું.

ઋષભદેવે તપ કર્યો તો તે આત્મામાં કર્યો એટલે તપ બધો આત્મામાં ઊતર્યો. એ જગ્યાએ આપણે હોત તો કાયામાં કરત. જેમ કે તપ કર્યો તો કેટલી કાયા સુકાણી ? આમ બોલત.

ભગવાને આત્મામાં તપ ઉતાર્યો, જ્ઞાન પણ આત્મામાં - છ કારક ભગવાને આત્મામાં ઉતાર્યા.

મુનિ તે ભગવાનને ચીલે ચાલનારા છે, તેથી મુનિઓ આત્મામાં ઠરે. મુનિ પરની તરફ ઠરતા નથી, મુનિ પર તરફ આકર્ષાતા નથી, મુનિ પર તરફથી હૂંફ કે આશ્વાસન પામતા નથી.

**'મુનિરાજ કરુણાસિંધું ત્રિભુવન. બંધુ પ્રણમું હિત ભણી !'**

આવા તે મુનિ તે મુનિરાજ છે.

**પ્રશ્ન : મુનિ 'મુનિરાજ' છે એટલે શું ?**

**ઉત્તર :** મુનિરાજ એટલે મુનિઓમાં રાજા નહિ. મુનિઓમાં સારા નહિ, પણ મુનિ તરીકે જે રાજે છે, જે શોભે છે તે મુનિરાજ છે.

મુનિ તરીકે જે જગતમાં પ્રસિદ્ધ છે તે મુનિરાજ છે. ત્યાં પરની એટલે જડ

ને ચેતનની હૂંફ મૂકી દીધી છે એટલે હવે ચેતન તરફ ફક્ત કરુણા રહી.

મુનિ કરુણાના સિંધુ એટલે સાગર છે. 'સાગર' એટલે જળબંબાકાર; પાણી જ પાણી. તેમ મુનિના દિલમાં કરુણા જ કરુણા હોય છે. મુનિ ચંદન જેવા છે. એટલે ચંદનને ઘસો, લસોટો, બાળો, કાપો, કૂટો તો સુગંધ જ સુગંધ ! શીતળતા ને શીતળતા ! મુનિ પણ પોતાના કર્તવ્યથી-વચનથી-વિચારથી સુગંધ ને શીતળતા આપે છે.

**મુનિ ત્રિભુવન બંધુ છે.**

મુનિ પરમાં ઠરતા નથી. તેમને આત્મામાં જ ઠરવાનું છે. જેમ કે 'હું પાણી પીવું તો તરસ મટે તેવી ગણના મુનિની નથી, પરંતુ 'તૃષા પરિષહમાં એક્કો થાઉં તો તે તૃષા મટે.' ખાઉં તેમાં સંતોષ નથી, પણ ક્ષુધા પરિષહનો વિજેતા બનું તો ક્ષુધા મટી જાય.

ક્ષુધા પરિષહ જીતવો કે તૃષા પરિષહ જીતવો એટલે ક્ષુધામાં કે તૃષામાં દુઃખ નહિ લગાડતાં આનંદ મેળવે. ભૂખમાં દુઃખ લાગે છે, તેને બદલે આનંદ ખાસ માનવો.

ભૂખ વખતે ખાવાનું સામે આવે તો દુઃખ થાય તે એટલા માટે દુઃખ થાય કે પેલી ક્ષુધા પરિષહથી કર્મ નિર્જરા કમાવાની હતી તે તક ગઈ. તેથી દુઃખ છે.

આત્મામાં જ આનંદ માનવાનો. તેથી જીવો પર કઠોર થવાની જરૂર નહિ, જીવો પ્રત્યે દયાભાવ અને જડ પ્રત્યે ઉદાસીન ભાવ - ઉપેક્ષા ભાવ રાખવો એટલે જડને નગણ્ય કરવાનું. કાંઈ કિંમત નથી તે જડની એમ માનવાનું. આમ જ્યારે જડ પ્રત્યે ઉદાસીનતા ભાવે ત્યારે સાધુ ત્રિભુવનના બંધુ બને.

ભગવાન 'લોગ હિયાણં' છે એટલે ભગવાન લોકોના હિતકર હિતરૂપ છે.

**પ્રશ્ન : લોક એટલે પંચાસ્તિકાય સમસ્ત લોક - જડ ને ચેતન લોક છે - તો ભગવાન જડનું તે શું હિત કરનારા છે ?**

**ઉત્તર :** તો જવાબ એ છે કે કોઈ પણ વસ્તુનું યથાર્થ નિરૂપણ કરીએ, પ્રરૂપણ યથાર્થ કરીએ તો તે હિતરૂપ છે. ખોટું કરીએ તો અહિત થાય. દા.ત. કોઈ અલ્પાંશે ગુણીયલ છે, તેની ઓળખાણ એવી આપીએ કે 'તેનામાં કોઈ ગુણ નથી' તો તે અહિત થાય છે.

**પ્રશ્ન : યથાર્થ નિરૂપણ એટલે શું ?**

**ઉત્તર :** જીવ જ્યારે 'પર ભણી ન છીપે' - પર તરફ નિરપેક્ષ થઈ ગયો એટલે પરની કિંમત ન આંકી, તેને મહત્ત્વ ન આપ્યું એટલે જ્યારે જેનું નિરૂપણ

કરવાનું હોય ત્યારે તે જેવું છે, તેવું કહે તે યથાર્થ નિરૂપણ કહેવાય. દા.ત. ૫૦ લાખનો હીરો હોય ને બીજા તરફ આકર્ષાયેલ હોય તો કહે : આના તો ૫૦ લાખ ! તો આ યથાર્થ નિરૂપણ ન કર્યું, કારણ કે જે મહાઅનર્થકારી હતું તેને કિંમતી ગણ્યું.

કાચનો ટુકડો સમજે તો તે અનર્થને ન કરે, આત્માને રાગ ઓછો કરે. તેથી દુર્ગતિ ન સર્જાય. દા.ત. ઝૂંપડામાં રહેનારને ઝૂંપડા પર એવો મોહ ન થાય, જેવો બંગલામાં રહેનારને બંગલા પર થાય.

મેલાંઘેલાં કપડાં પર જે મોહ નહિ થાય તે મોહ ચમકતાં કપડાં પર થશે.

સાદું ખાનારને આહાર પર જે મોહ નહિ થાય તે ટેસ્ટફૂલ ખાનારને થાય. ૧૭-૧૫ જોઈએ એટલે વિવિધતા જોઈએ તેને ભારે મોહ થાય. પણ રોટલી દાળ ખાનારને મોહ ઓછો થાય.

**વસ્તુ જેટલી સાદી, તેટલી નુકસાનકારક ઓછી.**

**વસ્તુ જેટલી મોંઘી, તેટલી નુકસાનકારક વધુ.**

આ છે યથાર્થ નિરૂપણ. પરમાં જે છીપે તે આ ન કહી શકે.

એટલે બે વાત છે :

(i) પરમાં જે જડ ને ચેતન છે - તે બેમાં આકર્ષણ નથી. તેથી ચેતન પર સારી કરુણા કરી શકે, કારણ કે તેમાં સ્વાર્થ નથી.

(ii) જડનું યથાર્થ દર્શન કરી શકે - યથાર્થ નિરૂપણ - પ્રરૂપણ કરી શકે - તે ત્રિભુવન બંધુ છે. બંધુ તે હિતરૂપ હોય છે. બંધુ એટલે ભાઈ તેને કહેવાય જે હિતનું કામ કરે છે.

સાધુ જગતના ત્રિભુવનના બંધુ છે એટલે તે હિતનું કામ કરનારા છે, ત્રિભુવનનું યથાર્થ દર્શન ને યથાર્થ નિરૂપણ કરનારા છે.

મુનિ ત્રિભુવન બંધુ છે એટલે ત્રિભુવનના હિતકારક છે. એટલે કે બધાનું યથાર્થ દર્શન - નિરૂપણ કરે.

છોકરાઓની સાચી પરીક્ષા તે લઈ શકશે જે સ્વાર્થી બિલકુલ ન હોય. ત્યારે જ યથાર્થ પરીક્ષા એટલે રાગદ્વેષ તેના મધ્યસ્થભાવે થાય.

મુનિ પર તરફ છીપતા નથી, ઠરતા નથી. મુનિએ પરના રાગદ્વેષ મૂકી દીધા છે. તેથી તેનું નિરૂપણ યથાર્થ કરી શકે. એવા મુનિરાજને નમસ્કાર જ કર્યા કરું છું. તે એવો નમસ્કાર છે કે જે હિત ભણી જાય એટલે કે હિત માટે હું નમસ્કાર કરું છું.

આત્માનું હિત સાધવા માટે હું મુનિને નમસ્કાર કરું છું. આત્માનું હિત સાધવા હિતની કરણી કરવી જોઈએ.

**પ્રશ્ન : મુનિને નમવાથી હિત થાય કે કરણી કરવાથી હિત થાય ?**

**ઉત્તર : એક જવાબ :** હિતની કરણી તે ધર્મ છે. **विनय मूलो धम्मो** પહેલાં વિનય કર્યા પછી ધર્મ આવે. મુનિને નમસ્કાર કરવાથી વિનય થાય છે. તેથી કરણી સફળ થાય છે.

**પ્રશ્ન : 'ના, હું ચારિત્ર પાળીશ તો પછી નમવાનું કારણ શું ?'**

**ઉત્તર :** જ્ઞાનીએ જોયું છે કે વિનયથી આત્માની પરિણતિ ઘડાય છે ને પુષ્ટ થાય છે. તે જ્ઞાની દૃષ્ટભાવ છે. તેમાં આપમતિ ન ચાલે.

**બીજી વાત** એવી છે કે મુનિને નમસ્કાર કરવાથી મુનિના ગુણોની અનુમોદના થાય છે. અનુમોદના એટલે પ્રશંસા. તે ગુણોનું બીજ છે. ધર્મની પ્રશંસા; ધર્મની અનુમોદના; ધર્મનું આકર્ષણ તે ધર્મનું બીજ છે.

ધર્મનું બીજારોપણ થવાથી આગળ અંકુર ઉત્પન્ન થાય છે, તેથી ધર્મનું ફળ આવે છે. તેથી તે જરૂરી છે.

બીજનું વાવેતર કર્યું એટલે કાર્ય શરૂ થઈ ગયું.

❈ ❈ ❈

(ઢાળ-શ્રીપાળના રાસની)

**'જેમ તરુ ફૂલે ભમરો બેસે, પીડા તસ નવ ઉપાવે,**
**લેઈ રસ આતમ સંતોષે, તેમ મુનિ ગોચરી જાવે.'**

મુનિને સંયમદેહનું પોષણ કરવાનું છે ને સંયમદેહનું પોષણ ઔદારિક દેહના પોષણ પર થાય છે. શરીર ઔદારિક છે, ઔદારિક દેહ કામ આપે તો સંયમ પળે.

સંયમમાં પહેલી જીવજતના - ઈરિયાવહી છે.

શરીર દેખી ન શકે તો જીવજતના ન થાય, પરંતુ દેખી શકે ને ગોથું ખાય તો જીવજતના ન થાય એટલે સંયમનો પ્રાણ સમિતિ છે. સમિતિનો આધાર દેહ પર છે. એવા દેહને ટકાવવા માટે નવકોટિ શુદ્ધ આહાર જોઈએ.

**નવ કોટિ** નીચે મુજબ છે :

સાધુ સ્વયં (i) હિંસાથી અચિત્ત કરે નહીં. (ii) સ્વયં ખરીદે નહીં (iii) સ્વયં પકાવે નહીં એ ત્રણ; નહીં કરાવવાના ત્રણ; નહીં અનુમોદવાના એમ નવ કોટિ શુદ્ધ આહાર લેવો સાધુને કલ્પે.

આવા શુદ્ધ આહાર માટે સાધુ ગોચરીએ જાય એટલે ભીક્ષાર્થે જાય. આહાર ગવેષણા માટે જાય ત્યારે એવી રીતે જાય કે જેમ ભમરો ફૂલ પર બેસે ને કાંઈ પણ પીડા કર્યા વગર, તેનો રસ લે છે ને પોતાના આત્માની તૃપ્તિ કરે છે તેમ મુનિ પણ તે પ્રમાણે ગૃહસ્થોના ઘરમાં જાય છે. તેમને કાંઈ પીડા ઉપજાવતા નથી. એવી ધાડ નથી પાડતા કે પેલાએ બનાવ્યું હોય તેમાંથી અડધું ઉપાડી લે, પણ તેમાંથી યથોચિત અલ્પ ગ્રહણ કરે છે; દેહનું ધારણ થાય, દેહ ટકી રહે તેટલો આહાર લે છે. દેહ ટકી રહે એટલે દેહથી જે આવશ્યક કરણી કરવી છે તે સુખરૂપ થાય. *જ્યારે ઉણોદરી રાખે અને ભારે પદાર્થ ન લે તો આવશ્યક કરણી સુખરૂપ થાય.*

ઉણોદરી ન રાખે ને અધિક આહાર લે તો સુસ્તી આવે અને દેહધારણાનું જે પ્રયોજન છે સંયમ યોગમાં સ્ફૂર્તિ ન રહે. તેથી અપ્રમત્ત ભાવની સાધના ન થાય.

તેમ ભારે પદાર્થ - રસકસવાળા પદાર્થ લે તો શરીરની જડતા આવે, તે જડતાથી શરીરમાં સ્ફૂર્તિ ન રહે.

આત્મદેહને સંતોષ છે એટલે તેટલું જ પોષણ કરે જેનાથી દેહ સુખરૂપ સાધના કરી શકે છે.

અહીં પહેલી વાત આહારની કરી, કારણ કે વ્યવહારમાં કહેવાય છે કે **'આહાર તેવો ઓડકાર.'** અનીતિનું ખાય તો બુદ્ધિ તામસી થાય કે ભ્રષ્ટ થાય.

તેવી રીતે સાધુ સદોષ આહાર લે તો બુદ્ધિ ભ્રષ્ટ થઈ જાય ને ભ્રષ્ટ બુદ્ધિથી સાધના કરો તેનો કાંઈ ઝાઝો અર્થ નથી. પવિત્ર બુદ્ધિથી થયેલ સાધનાની કિંમત છે ને તેની જરૂર છે. તેથી અહીં આહારની વાત પહેલાં કરી.

સિદ્ધચક્રના નવ પદમાંનું આ મુનિપદ એક પદ છે, તેવા મુનિનું ધ્યાન કરનારા સિદ્ધચક્રપદ પામશે.

સાધુની અપેક્ષાએ ૪૨ દોષરહિત આહાર તે શુદ્ધ આહાર છે. ગૃહસ્થને ત્યાં ગોચરીએ જાય ત્યારે ક્યાં ખબર પડે કે આ નીતિનું છે કે અનીતિનું છે ?

કદાચ તે ખબર ન પડે, પરંતુ દેવદ્રવ્યનું હોય તો અસર થાય. **ઉદાહરણ**- એક વખતે એક સાધુ ભાત વહોરી લાવ્યા. તે વાપર્યું ને થોડી વારમાં તેમનું મગજ ચક્કર ચક્કર ફરવા લાગ્યું. મહારાજે - ગુરુને વાત કરી. ગુરુએ પૂછ્યું : ક્યાંથી ગોચરી લાવ્યા ? સાધુએ વાત કરી કે અમુક વણિકને ત્યાંથી ભાત વહોરી લાવ્યો છું. ત્યાં તપાસ કરી કે કદાચ રસોડામાં ચંદરવો બાંધ્યો ન હોય, ગરોળીનું ઝેર પડેલ હોય ! તેથી તે વણિકને બોલાવ્યો. તે આવ્યા પછી તેમને ગુરુએ પૂછ્યું :

રસોડામાં ચંદરવો છે કે નહિ ?

શ્રાવકે કહ્યું : સાહેબ, બધું બરાબર છે. દોષ મારો છે.

ગુરુએ પૂછ્યું : શું તમારો દોષ ?

શ્રાવક : સાહેબ, દેરાસરે ગયો હતો. ત્યાં દિલ્હીના બાસમતી ચોખાનો મોટો સાથિયો જોયો - સવાશેર ચોખાનો ! હું રહ્યો ગરીબ માણસ; જાડા ચોખા ખાનારો. તેથી ઘરે ગયો ને ઘરેથી દોઢશેર ચોખા લઈ આવ્યો. તે ત્યાં મૂકી પેલા બાસમતી ચોખા લઈ આવ્યો. ને ઘરે તે રાંધ્યા.

ગુરુ : તેં રાંધ્યાં, તે તારું કર્મ જાણે, પણ મુનિને તે કેમ વહોરાવ્યા ?

પછી ગુરુએ મીંઢળનો ઘસારો આપી સાધુને ઊલટી કરાવી ને નેપાળાના જુલાબથી કોઠો સાફ કરાવ્યો. પાત્રાનો રંગ ઉખેડી નાખ્યો નવો રંગ લગાવ્યો.

**પ્રશ્ન : દેવદ્રવ્યનું ખાધું છે, તે કેવી રીતે ખબર પડે ?**

**ઉત્તર :** ઘણી વખત સાંભળવા મળે છે કે 'દેવદ્રવ્યનો વહીવટ કરતો હતો, તે ખાઈ ગયો..., આવો વ્યવહાર હોય તો તેનું ન વહોરાય.'

મુનિ **'પંચ ઈન્દ્રિયને જે નિત્ય જીપે'** છે, એટલે મુનિ પાંચ ઈન્દ્રિયોને નિત્ય જીપનારા - જિતનારા છે. મુનિ બન્યા છે તે આત્માનું ભલું કરવા માટે નીકળ્યા છે.

ઈન્દ્રિયાદિ આત્માના ભાવશત્રુ છે. દ્રવ્યશત્રુ નુકસાન કરે કે ન કરે, પણ ભાવશત્રુ જરૂર નુકસાન કરે. ઈન્દ્રિયો આત્માનું નુકસાન કરે છે. પોતાની તુષ્ટિ પુષ્ટિમાં પુણ્ય ખાઈ જાય છે. પુણ્ય ખતમ થાય એટલે ઈન્દ્રિયો આત્માની સદ્‌બુદ્ધિનો નાશ કરે છે. આમ ઈન્દ્રિયો પુણ્ય ખતમ કરે છે, સદ્‌બુદ્ધિને ખતમ કરે છે. પ્રશ્ન થયો કે સારું કામ દુષ્ટબુદ્ધિથી થાય ખરું ?

હા થાય. દા.ત. કોઈ ઓચ્છવ કર્યો. અરે ! ફલાણે કર્યો, તેને બતાવી દઉં કે તેં પાંચ હજાર ખર્ચ્યા, તો હું દશ હજાર ખર્ચ કરું ! તેણે ઓચ્છવ લૂખો કર્યો, હું સ્વામીવાત્સલ્ય સાથે તે કરું.'

આ બુદ્ધિ દુષ્ટ છે. પેલાને બતાવી આપવા માટે ઓચ્છવ કરવાની ઈચ્છા છે. ત્યાં ઈર્ષ્યા છે. ઓચ્છવ સદ્‌બુદ્ધિ કરવા માટે છે, ત્યારે ઈન્દ્રિયો સદ્‌બુદ્ધિ થવા નથી દેતી, ઈન્દ્રિયો સદ્‌બુદ્ધિનો નાશ કરે છે !

ભગવાનનાં દર્શનની તીવ્ર ઈચ્છા છે. કેવા ભગવાન ! તે આંખોને ચામડાનું રૂપ જોવા મળી ગયું. તે ઈન્દ્રિયને ગમે છે, તેથી તે મન કરે છે.

ઈન્દ્રિયનો મનગમતો વિષય સદ્‌બુદ્ધિનો નાશ કરે છે.

આમ ઈન્દ્રિયોની તુષ્ટિ-પુષ્ટિમાં બે ભયંકર નુકસાન છે :

(i) પૂર્વના પુણ્યનો નાશ. (ii) સદ્બુદ્ધિનો નાશ.

તેની સાથે દેવ, ગુરુ, ધર્મનું વિસ્મરણ થાય.

**ઉદાહરણ** - અષાઢી મુનિને લાડુ ખાવાનો ચસ્કો લાગ્યો. ને તેથી તે બધું ભૂલ્યા. તેથી લાડુ ખાતર તે રોજ નાટકિયાને ઘેર જાય. હંમેશા એક લાડું વહોરે. એક દિવસ નાટકિયાની કન્યાએ કહ્યું : 'શું કામ આ કષ્ટ વેઠો છો ? બેસી જાવ અહીં. તમારી સેવા કરીશ. તમોને મનગમતાં સારાં ભોજન તૈયાર કરીશું. નૃત્ય દેખાડીશું. ગીત ગાઈ બતાવીશું. માથું દબાવીશું.'

પતનની શરૂઆત થઈ આહારથી.

પહેલે દિવસે લાડુ વહોર્યો. તો રસ્તામાં વિચાર આવ્યો કે આ તો આચાર્યના ભાણામાં જશે. તો બીજો લેવા જવા માટે માથે કામળી પટ્ટો ઓઢી લીધો ને ગયા પાછા વહોરવા. 'ધર્મલાભ' કહ્યો ને પેલી કન્યાએ એક લાડુ વહોરાવ્યો.

આથી સંતોષ તો થયો, પણ વિચાર આવ્યો કે આ તો ઉપાધ્યાયને આપવો પડશે. તો ત્રીજી વાર એક આંખ ચૂંચળી કરી વહોરવા ગયા. ને ત્રીજો લાડવો લઈ આવ્યા. ઉપર બેઠેલ નાટકિયો આ બધું જોયા કરતો હતો. તેને થયું કે 'આ સરસ વેશપલટો કરે છે !'

નાટકિયાએ નીચે ઊતરી છોકરીને કહ્યું : 'આ કામનો છે. આને નાટક કરવાનું સરસ આવડે છે !' અવાજ ઘોઘરો કરી ચોથી વાર આવ્યા. છોકરીએ કહ્યું : 'સાહેબ, એક લાડુ શા માટે ? ચાર લો.'

'સાહેબ, રોજ રોજ આવતા જજો. જેટલું સાધુને પાત્રે જાય તેટલો લાભ વધારે.'

સાધુને લાડુનો ચટકો લાગ્યો. રોજ તે ત્યાં જાય. નાટકિયાએ છોકરીને છૂટો દોર આપી દીધો. અને છેવટે સાધુને ઘરમાં બેસાડી દીધો ! ઘરબારી બનાવી દીધો.

ઇન્દ્રિયો ગુરુ-ધર્મ બધું ભુલાવે છે. સાધુને થયું : 'ગુરુને ઓઘો આપી આવું.'

તે ગુરુ પાસે ગયા ને બોલ્યા : 'લો, આ ઓઘો.'

ગુરુએ કહ્યું : 'તું સારો સાધુ છે. તું આમાંથી અટક.'

ગુરુએ ઘણું સમજાવ્યા : 'તને સંસારના કીચડમાંથી બહાર કાઢ્યો. તારી સાધના સારી છે, તું સારો સાધુ છે.' પણ તે સાધુ ન સમજ્યા તે ન જ સમજ્યા. 'જવું છે તે જવું છે' - આ છે રાગનું આકર્ષણ.

ગુરુએ છેવટે કહ્યું : 'જવું હોય તો જા. પણ માંસ, મદ્ય, મદિરામાં ન પડતો.'

સાધુ કહે : 'ભલે.'

સાધુ ત્યાં ગયા ને કહ્યું : 'માંસ, મદ્ય, મદિરાનું નામનિશાન ન જોઈએ. જે દિવસે તે દેખ્યું તે દિવસ હું નહિ રહું.'

આ છે ઈન્દ્રિયોનો - વિષયોનો વિજય.

પણ ઈન્દ્રિયો પર વિજય મેળવવો એટલે ઈન્દ્રિયોનું ગમતું કરવાનું માંડી વાળવાનું. જેમ માંદગી આવે છે, ત્યારે ઘણું ય ગમતું માંડી વાળવાનું હોય છે.

માંટે પાંચે ઈન્દ્રિયોને જે નિત્ય જીપે, તે ઈન્દ્રિય પર વિજય મેળવે એટલે ઈન્દ્રિયને ગમતું કરવાનું હંમેશ માંડી વાળે. આ કામ મહારથી મુનિ કરી ગયા છે, કરી રહ્યા છે, કારણ કે આ જગતમાં પાંચ ઈન્દ્રિયોના અનુકૂળ વિષયો ચારે બાજુ પથરાયેલા છે એટલે ઈન્દ્રિયોને વિષય તરફ ખેંચાઈ જવાનો પૂરેપૂરો સંભવ છે, તે સમજીને જ મુનિ પોતાના વિચાર, વાણી, વર્તન, સંયમિત રાખે છે. તે પર કબજો રાખીને કામ કરે છે.

મુનિ **'ષટ્કાયક પ્રતિપાળ' છે** એટલે મુનિ છ કાયનું સુંદર રક્ષણ કરનાર છે.

ઈન્દ્રિયો પર વિજય કર્યો એટલે પોતાના આત્માનું હિત ચિંતવ્યું. પોતાના હિતની વાત સાથે સાથે ષટ્કાય જીવની અહિંસા - જયણા - દયા કરનારા છે.

**आत्मवत् सर्व भूतेषु** - પોતાના આત્મા પ્રત્યે જેવી મમતા છે, જેવી લાગણી છે, તેવી સર્વ આત્મા પ્રત્યે છે. જેમ કે મને કષ્ટ આવે તો દુઃખ થાય તેમ બીજાને પણ થાય છે, તો તેને દુઃખ પહોંચે તેવું ન કરવું. 'સર્વ જીવ નિજ સમ આત્મસમભાવ' છે. સર્વ જીવો પર પોતાના આત્મા જેવો ભાવ છે. આચારાંગ સૂત્રમાં કહ્યું છે કે - **यं त्वं हन्तुमिच्छसि स त्वमेव जानीयाः**

જેને તું હણવા ઈચ્છે છે, તેને તું તારો આત્મા સમજી લે, તો તું પાછો હઠી રહે. દા.ત. ભીંડો સમારે ત્યારે એ ભાવ આવે કે 'હું ભીંડો નથી સમારતો, પણ મારી પોતાની આંગળી સમારી રહ્યો છું.'

સર્વ જીવ પર પોતાના આત્મા જેવી લાગણી છે તો સામાયિક છે. બીજા જીવોને પોતાના જેવા દેખે, તેમના પ્રત્યે પોતાના જેવી લાગણી ધરાવે.

આહારનો ટેસ્ટ-સ્વાદ કરતાં વિચારે કે 'મારા જેવા સુખના પ્રેમી અસંખ્ય જીવોના સંહાર પર ઊભો છું ! મારા નિમિત્તે કેટલા હણાય છે ?' અને મારો ટેસ્ટ કેટલો ? પા મિનિટ મોઢામાં રહે ત્યાં સુધી સ્વાદ, પછી કાંઈ નહિ' - આવું વિચારે તે દોષિત આહારને ઈચ્છે નહિ.

તથા સાધુ ષટ્કાય જીવોનું પાલન કરનારા છે. એટલે વાત વાતમાં પૂંજવું પ્રમાર્જવું સહજ થઈ ગયેલ હોય છે. પૂંજવા - પ્રમાર્જવાનો માર્ગ કેવો અદ્ભુત છે !

**પ્રશ્ન : 'અહીં કોઈ જીવ નથી, તો પૂંજવું શા માટે ?'**

**ઉત્તર :** 'ભલે ત્યાં જીવ ન હોય, પણ કોઈ નિર્દોષ જીવ ન મરે' તે ભાવ કમાઈ કરાવનારો છે.

ભરબપોરે સડક પર નીચે જોતાં જોતાં ચાલ્યા જતા હોય; ત્યાં જીવ છે નહિ, પણ નીચે જોઈને જીવ બચાવવાનો ભાવ - તે શુભ ધ્યાનનો લાભ મળ્યો.

શુભ ભાવથી જગતને જીતવાનું અને અશુભ ભાવથી જગતને હારી જવાનું.

તેથી ભાવ હંમેશાં ચોક્ખા રાખો.

પૂંજવા - પ્રમાર્જવાની ક્રિયા શુભ ભાવ લાવી આપે છે.

મુનિ **'સંયમ સત્તર પ્રકારે આરાધે છે'** એટલે મુનિ ૧૭ પ્રકારે સંયમધર્મની આરાધના કરે છે. પાંચ મહાવ્રત, પાંચ ઈન્દ્રિયો ને ચાર કષાય જય ને ત્રણ ગુપ્તિ પાલન પર વિજય થઈ ૧૭ પ્રકાર થયા.

**પ્રશ્ન : મુનિને સંસારનું તો કામ કાંઈ છે નહિ, તો પછી મુનિને આરાધના શાની કરવાની ?**

**ઉત્તર :** મુનિએ ૧૭ પ્રકારના સંયમની આરાધના કરવાની. લોક-વાહવાહ માટે નહિ. જેમ કે 'પાટ ગજાવું તો લોકોમાં મારી વાહવાહ થાય.' મહાપુરુષો ધન્નાજી, શાલિભદ્ર, મેઘકુમાર કેવા પ્રભાવશાળી હતા ? દેવતાઈ ૯૯ પેટી છોડીને તેઓ સંયમ લેત ખરા ? તેમણે પાટ ગજાવી હોત તો ?

ધન્નાશાલી કેવા મહા પ્રભાવશાળી હતા ! તો તે શું પાટ ગજાવી ન શક્યા હોત ? ધન્નાજી અભયકુમારની ગેરહાજરીમાં મંત્રી તરીકે કામ કરનારા હતા. તેમની બુદ્ધિ, પ્રતિષ્ઠા, પ્રસિદ્ધિ, બુદ્ધિના ચમકારા અનન્ય હતા.

એક વાર રાજસભામાં ગયેલા. ત્યાં રાજાએ ખજાનામાં રહેલ એક હીરાનું મૂલ્ય આંકવાનું ઝવેરીઓને પૂછ્યું. બધા અંદાજ લગાવવા લાગ્યા. રાજાને કોઈના જવાબથી સંતોષ ન થયો. તો ધન્નાજી ત્યાં પહોંચી ગયા. તેમણે પૂછ્યું : આ હીરો કેટલી પેઢીથી છે ?

રાજાએ જવાબ આપ્યો : સાત પેઢીથી.

ધન્નાજીએ કહ્યું : તેથી દુશ્મનોનું કાંઈ ચાલતું નથી.

રાજા : તે કેવી રીતે ખબર પડે ?

ધન્નાજી : ચોખાનો ભરેલો થાળ મંગાવો ને તેની વચમાં આ હીરો મૂકો ને

તેને ખુલ્લા મેદાનમાં મૂકો. તો ચોખાના આકર્ષણથી પક્ષીઓનાં ટોળેટોળાં આવ્યાં. પણ થાળ ઉપર ઘૂમરી ખાય, કોઈ નીચે ન ઊતરે.

પછી જ્યાં તે હીરો લઈ લીધો, તો પક્ષીઓ તે થાળ ઉપર તૂટી પડ્યા.

આવા બુદ્ધિ નિધાન હતા ધન્નાજી.

**બીજો પ્રસંગ :-** ધન્નાજીને ત્રણ ભાઈઓ હતા. તેમના પિતા 'મારો ધનિયો ! મારો ધનિયો !' કહ્યા કરે. તેથી તેના ત્રણે ભાઈઓ તેની ઈર્ષ્યા કરે. એક વાર પિતાએ ચારેને ૧૦૦-૧૦૦ રૂપિયા આપ્યા ને કહ્યું : 'જાવ વેપાર કરી આવો અને સાંજે મને હિસાબ આપજો.' ત્રણ ભાઈઓમાં કોઈએ ઘઉંનો, કોઈએ બાજરીનો ને કોઈએ કોલસાનો વેપાર કર્યો. બેચાર રૂપિયા કમાઈ ઘરભેગા થયા.

સાંજે દરિયાકાંઠે એક વહાણ આવેલ. તેનો માલિક મરી ગયેલ. તેથી તે વહાણનો બધો માલ વેચાઈ ગયો. ધન્નાજી ત્યાં પહોંચ્યા તો પેલા મજાક કરતા બોલ્યા : 'આ આવ્યા મોટા ધન્નાજી શેઠ ! આ સારામાં સારો માલ છે, તે તેમને આપો.'-

વહાણ હાલમડોલ ન થાય તેથી તેને તળિયે રેતીના કોથળા હતા. તે કોણ લે ? તો ધન્નાજીએ તે લઈ લીધા. માટી સમજીને તેનો ભાવ કર્યો ને બધા થેલા ધન્નાજી ઘરે લાવ્યા. તો બીજા ભાઈઓ બોલ્યા : 'જુઓ, આ તમારો ધનિયો ! કુંભારની માટી લઈ આવ્યો !'

બાપાને ધનિયા પર વિશ્વાસ હતો. થેલા ઉતરાવ્યા. ધન્નાજી બોલ્યા : 'બાપાજી ! ભટ્ઠી કરાવો. તેમાં તાંબુ ઓગળાવો.' પછી તેમાં પેલા થેલાની માટી-રેતી નાખી તો સોનું થઈ ગયું ! તે તેજંતુરી માટી હતી.

આવા બુદ્ધિનિધાન ધન્નાજી હતા. તે ચારિત્ર લઈને શાની આરાધના કરવા મંડી ગયા હતા ?

જાહેર વ્યાખ્યાનની નહિ, પરંતુ ૧૭ પ્રકારના સંયમની આરાધના કરવા મંડી ગયા હતા. તેમને થયું : 'મારો સંયમ ધર્મ અજવાળું.' દિવાળીના દિવસે સ્ત્રીઓ વાસણો અજવાળીને સોના જેવા ચકચકિત કરે, તેમ મુનિ પણ આત્માને ઊટકી ઊટકીને ઉજ્જવળ બનાવે છે. અને પાંચ પ્રકારના મહાવ્રતોને આત્મ પરિણતિમાં ઉતારે. તેથી આત્માના પરિણામ જ અહિંસક એવા બની જાય કે માથાવાઢ દુશ્મનં આવ્યો હોય તોય તેને તે ન મારે.

આમ સત્યનો પરિણામ, અપરિગ્રહનો પરિણામ, બ્રહ્મચર્યનો પરિણામ - જેમ જેમ અંદર ઉતારે તેમ તેમ આત્મા ઉજ્જવળ થતો જાય.

તેમ મુનિ પાંચ ઈન્દ્રિયોને તેમ તેમ આંતરતૃપ્ત બનાવે. ઈન્દ્રિયો અંદર ઠરે. એટલે કે આંખ અંદર ઊતરીને ભગવાનનું મુખ જુએ, કાન અંદર ઊતરીને સીમંધર ભગવાનની વાણી સાંભળે.

આ છે આંતરતૃપ્તિ. તે ધીમે ધીમે વિકસિત થાય છે. સાધુ સંયમની આરાધના કરે છે. જેમ કોઈ મંત્રઆરાધક અધિષ્ઠાયક દેવતાની આરાધના કરનારા હોય, તો તે દેવતા પ્રતિ તેની ભક્તિનો ભાવ દિન પ્રતિદિન વધારતો જાય છે તથા સતી સ્ત્રી તે પતિની આરાધક છે એટલે એનો એ સ્નેહભાવ દિનપ્રતિદિન પતિ તરફ વધારતી જાય છે, તેમ સંયમનો આરાધક તે સંયમ પ્રત્યેનો ભાવ વધારતો જાય તેવા દયાળુ, કૃપાળુ, અનુગ્રહકારી, પરાર્થઉદ્યોત, મુનિને હું વંદન કરું છું. 'વંદુ તેહ દયાળ રે...'

**પ્રશ્ન : સાધુને ષટ્કાય જીવ પ્રતિપાળ કહ્યા, પછી 'દયાળ' બાકી રહે ? 'દયાળ' શબ્દનો ઉપયોગ કરવાની જરૂર શી ?**

**ઉત્તર :** તે એટલા માટે કહેલ છે કે 'ષટ્કાય જીવ પ્રતિપાળ'માં ષટ્કાયની હિંસા ટાળે છે, તે નિવૃત્તિ ધર્મ છે, જ્યારે 'દયાળ'માં પ્રવૃત્તિ ધર્મ છે. કોઈ જીવની હિંસા ન કરી એટલે હિંસાનો ત્યાગ કર્યો તે નિવૃત્તિ ધર્મ છે.

મુનિને થાય કે (i) જીવ બિચારા કર્મપીડિત છે, તો તેમને કર્મના સકંજામાંથી કેવી રીતે છોડાવું ?

(ii) જીવ બિચારા માર્ગ ભૂલેલા છે, તો તેમને સાચા માર્ગ પર લાવું.

(iii) જીવ બિચારા કષાયગ્રસ્ત છે, કેમ તેમને ઉપશમમાં ઝીલાવું.

(iv) જીવ બિચારા વિષયવાસનામાં ગ્રસ્ત છે, કેમ તેમને વૈરાગ્ય પમાડી દઉં ?... આ છે દયા. માટે મુનિ દયાળુ છે.

આ 'ષટ્કાય પ્રતિપાળ' અને 'દયાળ' બીજી રીતે સમજાવાય.

(i) ષટ્કાય પ્રતિપાળ તે સમગ્ર વિશ્વના જીવોની અપેક્ષાએ છે.

(ii) દયાળ તે આત્માની અપેક્ષાએ છે.

તેથી મુનિઓ આપણા પર અનુગ્રહ કરનારા છે, કૃપા વરસાવનારા છે. એટલે આપણે સાધુપણું લીધું હોય તેમાં તે મદદગાર બને છે.

**પ્રશ્ન : સહાયક બનનાર સાધુ અથવા મુનિ કેવી રીતે કૃપા વરસાવે છે ?**

**ઉત્તર :** મુનિઓ આરાધનાનું વાતાવરણ આપે છે. તેથી આરાધનામાં

ઉત્સાહ જાગે છે. આમ તે કૃપા વરસાવનાર મુનિઓ છે.

દા.ત. દેરાસરમાં બે જણ પૂજા કરતા હોય, ત્યારે જે ભાવોલ્લાસ થાય, તેના કરતાં આખો સંઘ પૂજા કરતો હોય ત્યારે ભાવોલ્લાસ વધારે થાય. તો આપણા ભાવોલ્લાસ - વૃદ્ધિ માટે સંઘ ઉપકારી છે.

મુનિઓ કૃપા કરનારા છે એટલે મુનિઓ આરાધના માટે સુંદર આલંબન આપનારા છે.

**साधूनाम् दर्शनम् पुण्यम्** - સાધુનું દર્શન પુણ્ય આપે છે. આપણે દર્શન કરીએ છીએ ને પુણ્ય મળે છે તો તે ઉપકાર સાધુનો છે.

સાધુએ સાધુ થઈને દર્શન આપ્યું, તે ઉપકાર થયો.

હે પ્રભુ ! કેટલો તમારો ઉપકાર ? તમે અરિહંત થયા, તો મને અરિહંત દર્શનનો લાભ મળે છે, તે મુનિનું દર્શન મળે તે મુનિની કૃપા છે.

મુનિને જોઈને - તેમની સાધના જોઈને ઉત્સાહ વધે, મુનિને જોઈને આપણે મર્યાદાશીલ થઈ જઈએ છીએ. આ તેમની કૃપા છે. માટે **'વંદું તેહ દયાળ.'**

**મુનિ ૧૮૦૦૦ શીલાંગના ધોરી છે. :-** શીલાંગ = શીલ + અંગ. શીલ એટલે ચારિત્ર. તેના અંગ ચારિત્રના અંગ ૧૮૦૦૦ છે. તેની ગણતરી નીચે મુજબ થાય છે :

**૧.** યતિધર્મ ૧૦ પ્રકારનો છે : ૧. ક્ષમા, ૨. માર્દવ, ૩. આર્જવ, ૪. મુક્તિ, ૫. તપ, ૬. સંયમ, ૭. સત્ય, ૮. શૌચ, ૯. અકિંચનત્વ અને ૧૦. બ્રહ્મચર્ય.

**૨.** આ ૧૦ ધર્મોથી યુક્ત થયેલા યતિએ - મુનિએ દશ સમારંભનો ત્યાગ કરવાનો છે :

૧. પૃથ્વીકાય સમારંભ ૨. અપ્કાય સમારંભ ૩. તેજસ્કાય સમારંભ
૪. વાયુકાય સમારંભ ૫. વનસ્પતિકાય સમારંભ ૬. દ્વીન્દ્રિય સમારંભ
૭. ત્રીન્દ્રિય સમારંભ ૮. ચતુરિન્દ્રિય સમારંભ ૯. પંચેન્દ્રિય સમારંભ
૧૦. અજીવ સમારંભ (અજીવમાં જીવબુદ્ધિ કરીને)

આમ ૧૦ x ૧૦ = ૧૦૦ શીલનાં અંગો થયાં.

**૩.** આ યતિધર્મયુક્ત યતના (જયણા) પાંચ ઇન્દ્રિયોના જયપૂર્વક કરવાની છે. ૧૦૦ x ૫ = ૫૦૦ શીલનાં અંગો થયાં. (i) સ્પર્શેન્દ્રિય નિગ્રહ, (ii) રસનેન્દ્રિય નિગ્રહ, (iii) ઘ્રાણેન્દ્રિય નિગ્રહ, (iv) ચક્ષુરિન્દ્રિય નિગ્રહ, (v) શ્રોત્રેન્દ્રિય નિગ્રહ.

**૪.** તે યતિધર્મયુક્ત યતના વડે કરવામાં આવેલો ઈન્દ્રિય જય સાથે સંજ્ઞા રહિત જોઈએ. સંજ્ઞા ચાર છે : (i) આહાર સંજ્ઞા, (ii) ભય સંજ્ઞા, (iii) મૈથુન સંજ્ઞા અને (iv) પરિગ્રહ. ધર્મ સંજ્ઞા રહિત હોવો જોઈએ.

૫૦૦ x ૪ સંજ્ઞા = ૨૦૦૦ શીલનાં અંગો થયાં.

**૫.** તે મન, વચન, કાયાથી - ત્રણ યોગથી હોવો જોઈએ.

૨૦૦૦ x ૩ યોગ = ૬૦૦૦ શીલનાં અંગો થયાં.

**૬.** તે ત્રણ કરણ - ન કરવા રૂપ, ન કરાવવા રૂપ અને ન અનુમોદવા રૂપ હોય.

૬૦૦૦ x ૩ કરણ = ૧૮૦૦૦ શીલનાં અંગો થયાં.

૩ યોગ x ૩ કરણ x ૪ સંજ્ઞા x ૫ ઈન્દ્રિય x ૧૦ કાય x ૧૦ યતિધર્મ = ૧૮૦૦૦ શીલનાં અંગો થાય.

**પ્રશ્ન : અજીવની જયણા એટલે શું ?**

**ઉત્તર :** અજીવની જયણા એટલે અજીવનો વધારે પડતો ઉપયોગ ન કરે અને જે ઉપયોગ કરે તે ચારિત્રના ને સંયમના પોષણ માટે સાધુ કરે.

વસ્તુનું દર્શન કર્યું તે પણ દર્શન-રત્નત્રયીના પોષણ માટે કરે. દર્શનને રત્નત્રયીમાં વાળે એટલે જ્ઞાન-દર્શન-ચારિત્રનો પર્યાય જેથી વધે તે રીતે તેનું દર્શન કરે.

સમ્યગ્ દર્શનનો પર્યાય એટલે વૈરાગ્ય ભાવ લાવે.

જિનમૂર્તિનું દર્શન, તીર્થંકરનું દર્શન, ગુરુમુખનું દર્શન તે શ્રદ્ધાના પર્યાયમાં જ્ઞાન પર્યાય વધે, દર્શન પર્યાય વધે, ચારિત્ર પર્યાય વધે એવી રીતે અજીવનો ઉપયોગ હોય તો શીલાંગની જયણા થાય.

૧૮૦૦૦ શીલાંગ રથને ખેંચી જનાર ધોરી = વૃષભ = બળદ જેવા સાધુ છે. તેનો ઉપયોગ કરે તો કેટલીય સાવધાની - જાગૃતિ રાખવી પડે તો તેનું વ્યવસ્થિત પાલન થાય. શીલાંગનો રથ ખોટકાય નહિ, ભાંગે નહિ ને અટકે નહિ, તે રીતે શીલાંગનું રક્ષણ સાધુ કરે છે.

મુનિ આચારમાં ને ચારિત્રમાં અડગ છે.

**'અચલ આચાર ચરિત્ર' :-** મુનિ પંચાચારનું પાલન સ્થિરતાથી અભગ્ન ને અવિરહિતપણે કરે છે. પંચાચાર દેશથી ભાંગે નહિ, સર્વથી ભાંગે નહિ તે રીતે મુનિ તેનું પાલન કરે છે.

પંચાચાર તે જ્ઞાનાચાર, દર્શનાચાર , ચારિત્રાચાર, તપાચાર ને વીર્યાચાર

છે. તેમાં જ્ઞાનાચારના ૮ પ્રકાર, દર્શનાચારના ૮ પ્રકાર, ચારિત્રાચારના ૮ પ્રકાર, તપાચારના ૧૨ પ્રકાર છે.

સાધુપણું લીધું એટલે ચારિત્ર લીધું એટલે પંચાચારનો સ્વીકાર કર્યો. હવે જીવન - આચરણ પંચાચારના કોઈપણ પ્રકારનું હોય - પંચાચાર છોડીને નહિ કે પંચાચારનો ભંગ કરીને નહિ, પંચાચાર સિવાય અન્ય કોઈ આચાર નહિ. આમ જો થાય તો સાધુ પંચાચારમાં અચલ બને. સાધુજીવન અચલ છે. સાધુપણું લઈ લીધું તો લઈ જાણવું. સાધુજીવન અચલ છે એટલે પળવાર - ક્ષણવાર સાધુજીવનને તે ન ભૂલે. 'હું સાધુ છું.' **समणोऽ हं ।** એવું અહર્નિશ યાદ રાખે એવા મુનિ મહંત છે, મહાન પુરુષ છે, ખરેખરા મહાત્મા છે.

ભવાભિનંદીપણું ટાળે તો આત્મા મહાત્મા થાય.

જ્યાં આત્માનું ભવાભિનંદીપણું હોય તે ટાળે તો તે મહાત્મા કહેવાય. આવા મહાત્માઓમાં સાધુ મહંત છે.

૧૮૦૦૦ શીલાંગના એક એકની સાથે જોડીને તેનો વિચાર કરવામાં આવે તો સાધુજીવનનો ખ્યાલ આવે.

સાધુ જતનાવાળા છે. જતના એટલે જયણા. જીવોની હિંસા ઓછામાં ઓછી થાય ને તેની રક્ષા થાય તેવો ઉપયોગ તે જયણા કહેવાય.

ખમાસમણું દેવા માટે ૧૭ સંડાસા પૂંજવા પડે. જીવની હિંસા ન થાય - ઓછામાં ઓછી થાય તે ધ્યાન રાખીને જયણા કરવી. માટે સાધુને માટે વાયુકાયની જયણાનો મોટો પ્રશ્ન છે. જેમ કે હડફ, હડફ કરતાં ફરાય નહિ, એક ચીજ પણ આમ તેમ ફેંકાય નહિ, હડફ કપડાંનું પડિલેહણ થાય નહિ. એમ પ્રત્યેક પ્રવૃત્તિમાં ઉપયોગ રખાય તો ચારિત્ર ઉજ્જવળ બને ને મનના અધ્યવસાય એકદમ ઊજળા બની જાય.

પૃથ્વીકાય, અપકાય, તેજસ્કાય ને વનસ્પતિકાયના જીવો તો દેખાય, પણ વાયુકાયના જીવો નથી દેખાતા, પણ તે જ્ઞાનીની દૃષ્ટિથી જ્ઞાનીના વચનથી જોવાના છે. જ્ઞાની કહે છે, તે રીતે સમજીને વાયુકાયના જીવોની જયણા કરે ત્યારે પહેલું સમ્યગ્ દર્શનને નિર્મળ કર્યું કહેવાય. એટલે ભગવાનના વચન શ્રદ્ધાપૂર્વક હૈયામાં ધારણ કરી વાયુકાયની જયણા કરીએ તો સમ્યક્ત્વ નિર્મળ થાય છે.

વાયુકાય જીવની બેપરવા કરીએ તો સમ્યક્ત્વ જાય અને ચારિત્ર પણ જાય.

જયણા બે રીતે થાય :

(i) વાયુકાયની જયણા તે વાયુકાય જીવ સંબંધી છે.

(ii) બીજી જયણા આચાર સંબંધી છે. તેમાં લાઘવ-ગૌરવનો વિચાર કરવો, લાભાનુલાભનો વિચાર કરવાનો. આ વિચાર કરીને આચારનું પાલન સાધુએ કરવાનું છે.

દા.ત. ગોખવા બેઠા - જ્ઞાન સ્વાધ્યાય કરવા બેઠા, ત્યાં કોઈ સાધુને અકસ્માત થયો. તો અત્યારે ભણવાનું પકડી રાખવાનું નહિ, પણ સાધુની સેવા વૈયાવચ્ચ કરવાની. તેમાં વધારે લાભ છે.

ગોખવાનું ચાલુ રાખીએ ને સેવા ન કરીએ તો અવસરોચિત ન કરવાથી ગેરલાભ થશે. તે જ્ઞાનાચારની જયણા છે. ન કરવાથી અવસરોચિત મુનિસેવાની ઉપેક્ષા કરે તો મોટું પાપ લાગે.

દા.ત. મુનિ બહારથી વિહાર કરીને આવ્યા. ને પોતે બેસી રહે તો તે ઉપેક્ષા થઈ. મુનિ આવે તો સામે જાય, તેમનાં કપડાં સૂકવે. તે અવસરોચિત કરે, તે મુનિની સેવા મહાલાભનું કારણ છે. 'કરો એટલો લાભ' - એમ નહિ, અવસરોચિત 'ન કરો એટલું નુકસાન' આ જયણા છે, તેથી પુણ્ય થાય તેથી મુનિ જયણાયુક્ત છે. એને બધે જ સાવધાની - ઉપયોગ - જાગૃતિ રાખવાની છે, લાભાલાભ - લાભાનુલાભ જોવાના છે, ગૌરવ લાઘવનો ઉપયોગ કરવાનો છે. આવા સાધુને 'નિત્ય વંદન' કરીએ ને જન્મને પવિત્ર કરીએ.

અઢી દ્વીપમાં આવેલી પંદર કર્મભૂમિ એટલે પાંચ ભરત, પાંચ ઐરવત અને પાંચ મહા વિદેહક્ષેત્ર (મહાવિદેહ) છે, તેમાં અઢી દ્વીપમાં વીસ અબજ મુનિઓ છે. કર્મભૂમિમાં ૨૦૦૦ ક્રોડ - બે અબજ મુનિઓ છે, તે બધાને મનમાં ધારીને વંદન કરીએ તેનાથી જન્મને પવિત્ર કરીએ.

જે જન્મ છે, તે સંસારની બીજી બધી કષાય પ્રવૃત્તિથી મલિન થયેલ છે. તો તેને ચોક્ખો કરવા માટે પાપત્યાગી ગુણવાળા પવિત્ર મુનિને વંદન કરીએ છીએ.

જે જાતના દોષો ને પાપથી તથા તેના સેવનથી આત્મા મલિન થયેલ છે, તો તેના પ્રતિપક્ષી ગુણવાળા ને પાપત્યાગી સાધુ છે, તેને વંદન કરવાથી સાધ્વાચારની અનુમોદના થાય છે, તે અનુમોદના આત્માના દોષો ને પાપોને ધુએ છે. એટલે અસદ્ આચારને ધુએ છે.

**'નવવિધ બ્રહ્મગુપ્તિ જે પાળે,'**

મુનિ નવ પ્રકારની બ્રહ્મચર્યની ગુપ્તિનું પાલન કરે છે.

**૧વસહિ ૨કહ ૩નિસિજ્જિ ૪દિય, ૫કુડિંતર ૬પુવ્વકીલિએ ૭પણિએ ।**
**૮અઈમાયાહાર ૯વિભૂસણાઈ, નવ બંભચેર ગુત્તીઓ ॥**

(૧) વસહિ = વસતી. સાધુએ - બ્રહ્મચારીએ સ્ત્રી, પશુ, નપુંસકની નિકટમાં ન રહેવું તે ગુપ્તિ-વાડ કહેવાય. કારણ કે તેની ચેષ્ટાથી મન વિકૃત થાય. એટલા માટે તેનાથી દૂર રહેવું.

(૨) કહ = કથા. વિકથા, સ્ત્રીકથા, દેશકથા, રાજ્યકથા વગેરે બ્રહ્મચારીએ ન કરવી.

(૩) નિસિજ્જા = આસન. જે આસને સ્ત્રી બેઠી હોય તે આસને બ્રહ્મચારીએ બે ઘડી સુધી ન બેસવું.

(૪) ઈન્દ્રિય = ઈન્દ્રિયો-ગાત્ર. સ્ત્રીનાં અંગોપાંગ ન જોવાં. તે જોવાની જિજ્ઞાસા કરવાથી અંદર સુષુપ્ત રહેલ રાગ ભભૂકે છે.

(૫) કુડિંતર = આવી ભીંતના આંતરે બ્રહ્મચારીએ ન રહેવું.

સ્ત્રીનો અવાજ, ઝાંઝરનો ઝણકાર કાન પર ન આવવો જોઈએ.

(૬) પુવ્વકીલીએ = પૂર્વક્રીડિત - પૂર્વક્રીડાનો વિચાર ન કરવો, તેનું સ્મરણ ન કરવું, કલ્પના સરખી પણ ન કરવી.

**પ્રશ્ન : પણ બાલપણામાં સાધુ થઈ ગયા હોય તેને ક્યાં ક્રીડા હતી ?**

**જવાબ : તો તેમણે 'શું કરતા હશે ?' - તેવી જિજ્ઞાસા તેવો વિચાર ન કરવો. કામનું મૂળ છે સંકલ્પ. તો તે વિચાર - સ્મરણ - કલ્પના જ નહિ, તો કામ ઊઠે જ નહિ.**

(૭) પણિએ = પ્રણિત આહાર - રસકસવાળો આહાર બ્રહ્મચારી કરે નહિ. રોટલી ઘીથી ઘસેલી જોઈએ, ચોપડેલી નહિ. દૂધ-ઘી-દહીંથી લચપચ આહાર નહિ લેવાનો.

(૮) અઈમાયાહાર = અતિ માત્રામાં આહાર બ્રહ્મચારીએ ન કરવો. 'મહીં પડ્યું તે મહાસુખ માણે' આવો હિસાબ ન રાખવો. આહાર વધુ કરવાથી વાયુનું ગમનાગમન પુરાઈ જાય તેથી વાયુ અટકે ને વિકાર થાય. ઉણોદરી આહારથી શરીર ફોરું રહે છે.

(૯) વિભૂસણ - વિભૂષા બ્રહ્મચારીએ ન કરવી એટલે ટાપટીપ ન કરવી.

દા.ત. (i) નખ ઉતાર્યો. પછી ગોળાકાર બનાવવા ખૂબ ખૂબ ઘસવું તે વિભૂષા છે.

(ii) કામળી ઓઢી, તેને ઠીકઠાક કરવી તે વિભૂષા છે.

(iii) કોઈ પણ સંગીતકારનો શબ્દ સાંભળીને કહીએ કે 'આ સારું છે,' તો બ્રહ્મચર્યને ધક્કો લાગે.

(iv) કાપ કાઢ્યો - 'કપડું ઊજળું થયું' - તે રૂપનો વિચાર છે, તે બ્રહ્મચર્યને ધક્કો લગાડનાર છે.

સાત્ત્વિક મન ઉદાર હોય - કિંમતી ભોગ પ્રત્યે તૃષ્ણા વિનાનું હોય. બંગલો શું ? રત્નના વિમાન પણ કુછ નહિ ! મન સાત્ત્વિક હોય તો જગતના કિંમતી વિષયો તરફ બેપરવાહ હોય.

વિષયોની ટાપટીપમાં - વિષયોમાં ટકાવારી કરનારનું મન મુડદાલ બને છે. મન મુડદાલ હોય તો બ્રહ્મચર્યનો ભાંગો લાગતાં વાર ન લાગે. સાત્ત્વિક મન બ્રહ્મચર્ય સારી રીતે પાળી શકે. સાત્ત્વિક મન તો બ્રહ્મચર્યનો પ્રાણ છે.

તમાકુના ખેતરને વાડ હોય નહિ, કારણ કે તે કોઈ જાનવર ખાય નહિ. બીજા કિંમતી માલવાળાને એક વાડ તો હોય છે તો આ બ્રહ્મચર્ય અતિ અતિ કિંમતી છે, તો તેને નવ વાડ છે.

મુનિઓ **'બારસ વિહ તપ શૂરા'** હોય છે : મુનિઓ બાર પ્રકારના - છ બાહ્ય ને છ અભ્યંતર તપ કરવામાં શૂરા છે.

(i) અનશન (ii) ઉણોદરી (iii) વૃત્તિસંક્ષેપ (iv) રસત્યાગ

(v) કાયકલેશ (vi) સંલીનતા (શરીરાદિનું સંગોપન) - છ બાહ્ય તપ.

હવે છ આભ્યંતર તપ : (i) પ્રાયશ્ચિત્ત (ii) વિનય (iii) વૈયાવચ્ચ - શુશ્રૂષા (iv) સ્વાધ્યાય (v) ધ્યાન (vi) ઉત્સર્ગ.

(૧) અનશન - યથાશક્તિ આહાર ત્યાગ.

(૨) ઉણોદરી - પ્રમાણથી ઓછું ખાવાનો તપ - રસનેન્દ્રિય પર વિજય મેળવાય.

(૩) વૃત્તિસંક્ષેપ - ખાનપાનનાં દ્રવ્યો ઓછાં કરવાથી તપ - રસનેન્દ્રિય પર વિજય મેળવાય.

(૪) રસત્યાગ - વિગઈઓનું સંયમન.

(૫) કાયકલેશ - તિતિક્ષા - આસન - લોચાદિ દ્વારા કાયાને કલેશ આપી અપ્રમત્ત અવસ્થા પ્રાપ્ત કરવાનો તપ.

(૬) સંલીનતા-પ્રવૃત્તિસંકોચ. કાયાની સંલીનતા તે કાયાને સંકોચવી. દૃષ્ટિની

સંલીનતા એટલે જરા જરામાં આંખને આમ તેમ ન ફેરવવી. સંલીનતા એટલે સ્થિરતા. વાણીની સંલીનતા એટલે જોખી જોખીને બોલે-બિનજરૂરી ન બોલે.

તપના આ **છ બાહ્ય પ્રકારમાં** આરોગ્ય, અધ્યાત્મ અને ધર્મના સિદ્ધાંતોનો યોગ્ય સમન્વય સાધવામાં આવ્યો છે. આ છ બાહ્ય તપ કરવામાં મુનિ શૂરવીર છે.

**અભ્યંતર છ પ્રકારના** તપમાં વિનય - નમ્રતા - ભક્તિ - નિઃસ્વાર્થ સેવા, જ્ઞાન, ધ્યાન, યોગ, માર્ગ, મમત્વ, ભાવ ત્યાગ દર્શાવેલ છે.

મુનિ વિશિષ્ટ તપસ્વી છે : મુનિને ત્યાગ તે મહાનિધાન છે; તે નિધાનમાં સંપત્તિના રત્ન ભરેલાં છે.

ત્યાગ છે એટલે સારા-ઉદાર વિચાર સાધુ કરે છે.

ત્યાગ છે એટલે સાધુ સેવામાં તત્પર હોય છે.

ત્યાગ ન હોય તો ભક્તિ કરે, પણ કૃપણતાથી કરે.

ત્યાગ છે એટલે સાધુ ગુણ નિધાન છે.

ત્યાગ છે એટલે મુનિ સ્વાધ્યાય કરે તે શૂરવીરતાથી કરે છે.

ત્યાગ છે એટલે ઊંઘ આવે તો ૧૫૦ ખમાસમણાં દઈ દે.

આલોચના - પ્રાયશ્ચિત્ત શૂરવીરતાથી કરે છે, શલ્યરહિત તે કરે છે.

દુનિયા દ્વારા નિંદા, પોતાની માનહાનિ વગેરે ભયંકર નથી, પણ પાપનું શલ્ય અતિ ભયંકર છે. આલોચના ન કરાય તો શલ્ય રહી જાય છે.

જંગે બહાદુર જેવું મુનિનું જીવન છે. જેમ રણસંગ્રામમાં ક્ષત્રિય બચ્ચો ઊભો થઈ જાય - સામી છાતીએ ભાલાના પ્રહાર ઝીલે પણ પીઠ ન બતાવે. **રાણાસંગ**ને શરીર પર ૮૦ ઘા પડ્યા હતા છતાં તે ઝઝૂમતો રહ્યો. તેનું ડોકું ઊડ્યું તો ધડ ત્રણ દિવસ ઝઝૂમતું રહ્યું, તેમ તપમાં સાધુ જંગે બહાદુર છે. એક પણ તપને મોળો પડવા ન દે. સાધુ કર્મ સામે ખરેખરો જંગ મચાવનારા છે. **'એહવા મુનિને વંદીએ - નમીએ, જો પ્રગટે, પૂરવ પુણ્ય અંકુર રે'** –

'પૂરવ' - શબ્દમાં 'અ'કારનો શ્લેષ કરવાનો છે. 'અપૂરવ પુણ્યના અંકુરા પ્રગટે' - ઉપર બતાવેલ ગુણોવાળા મુનિને મનમાં લાવીને નમસ્કાર કરવાના.

**પ્રશ્ન : સામે જે મુનિ દેખાય છે તે આટલા બધા ગુણવાળા નથી, કદાચ કોઈ હોય તો આવા ગુણવાન મુનિ મનમાં લાવીએ તો લાભ થઈ જાય.**

**ઉત્તર :** ગૌતમ સ્વામીની હરોળમાં કોઈ મુનિ ન આવી શકે, કારણ કે

પોતાનામાં ઊંચામાં ઊંચું જ્ઞાન - ચાર જ્ઞાનના ધણી છતાં ભગવાનના નાનામાં નાના શિષ્યની જેમ રહેતા હતા.

તે કહેતા - પ્રભુ ! આપ તો કેવળી છો. તેની વાત ન થાય. એક વાર જેને એક રાજલોકનું અવધિજ્ઞાન થયું છે, તેવા આનંદ શ્રાવકને ગૌતમે કહ્યું : આટલું અવધિજ્ઞાન તમને-શ્રાવકને થાય નહિ.

આનંદ બોલ્યો : આ હકીકત છે, તેનો અપલાપ કેમ થઈ શકે ?

'તો ઊભા રહો, મારા પ્રભુને પૂછી આવું.'

હવે પોતે દ્વાદશાંગીના બનાવનારા હતા. ઉપયોગ મૂક્યો હોત તો તે જોઈ શકત. પણ ના, તેમ ન કર્યું અને તે આવ્યા ભગવાન પાસે ને ભગવાનને પૂછ્યું : 'ભગવન્ ! આનંદને આટલું અવધિજ્ઞાન થાય ?'

ભગવાન બોલ્યા : થાય. જાવ તમે તેને 'મિચ્છા મિ દુક્કડં' આપી આવો.

આ તો ચાલ્યા. વિચાર - વિકલ્પ વિના ને આવ્યા આનંદ શ્રાવક પાસે.

**'અવધિજ્ઞાની આનંદને દીયે મિચ્છા મિ દુક્કડં' –**

આવા ગૌતમસ્વામી બની શકાય ? હા, બની શકાય.

દા.ત. તમારા વર્તમાન ગુરુ તેવા ગુણવાળા નથી તો તમે ગુરુને ગૌતમસ્વામી માનો. મારા ગુરુ આવા ! આવા ગુણવાળા !

કદાચ ગુરુ ગૌતમ જેવા સૌમ્ય પ્રકૃતિવાળા ન હોય તો તે વખતે મનમાં ગૌતમસ્વામી ધાર્યા હોય તો તેમ લાગે કે ગુરુ જે બોલે છે, તે વાજબી બોલે છે. મને સુધારવા તે બોલે છે. તો તેમનો કોઈ દોષ નથી. તે સૌમ્ય છે. 'હું માર્ગ ન ભૂલું, સ્ખલના વિનાનો બનું તે માટે આ છે. તેટલા માટે તો ગુરુ સૌમ્ય છે.'

ગુરુ રોષ કરે છે તે ગુરુને ખબર નથી કે તે રોષ કરે છે. રોષ કરે છે તેમનાં પૂર્વ કર્મો. મારા ગુરુ તો ગૌતમસ્વામી જેવા છે. એવા મુનિને વંદન કરીએ તો અપૂરવ એટલે નવા પુણ્યના અંકુરા પ્રગટે.

અપૂરવ એટલે પૂર્વે જે નથી બન્યું તે.

દા.ત. શહેરમાં વરઘોડો નીકળ્યો. અપૂર્વ શાસન પ્રભાવના થઈ. શું પહેલાં આવો વરઘોડો નહિ નીકળ્યો હોય ?

નીકળ્યો હશે તો અહીં 'અપૂર્વ' શબ્દનો ઉપયોગ ન થાય. જ્યાં થયેલ ન હોય તેવા ગામમાં 'અપૂર્વ' ગણાય. જ્યાં થયેલ હોય તેવા શહેરમાં 'અપૂર્વ' ન ગણાય. ત્યાં 'અદ્‌ભુત' શાસન પ્રભાવના થઈ કહેવાય.

**'અપૂર્વ'** - અનેક વાર ન થાય.

**'અદ્ભુત'** - અનેક વાર થાય.

હવે 'અપૂર્વ'માંથી 'અ' કાઢી નાખીએ તો 'પૂરવ' થાય. 'પૂરવ પૂન્ય અંકુરા પ્રગટે.'

અહીં 'પૂરવ'નો અર્થ એ છે કે આપણા આત્મામાં સિલકમાં પુણ્ય પડ્યું છે, તે ઉદયમાં નથી આવતું તો આવા ગુણવાળા મુનિને વંદન કરીએ તો તે ઉદયમાં આવે.

મલિન ને મલિન અધ્યવસાયમાં રહેતો હોય તો તે પૂરવના જે શુભ કર્મ છે, તેનો નાશ કરે છે. તેમાં સ્થિતિનો હ્રાસ કરે છે એટલે મલિન અધ્યવસાયને મલિન ને મલિન રાખે છે.

દા.ત. સારું કપડું મળ્યું. તેથી આનંદ-ઠસ્સો વધ્યો તો આ મલિન અધ્યવસાય છે. તે પૂરવના પુણ્યનો નાશ કરે.

સાધુ બોલે : મને દોષની પરવા નથી. ગમે તેમ તે બોલે તો આ મલિન અધ્યવસાય છે, તેથી શુભ પ્રકૃતિનો જે સ્ટોક પડેલ છે, તે સ્થિતિનો નાશ કરે છે, તે પૂરવ પુણ્યનો નાશ થયો કહેવાય.

પૂરવના પુણ્ય લઈ આવ્યા હતા, પણ ભોગવટા પહેલાં શુભ પ્રકૃતિના - સ્થિતિ ને રસના કૂચા કરી નાખ્યા !

તેથી વિરુદ્ધ શુભ અધ્યવસાયમાં રહે તો યોગ્ય ગુણ જોવાથી પ્રમોદ ભાવના થાય.

અનિત્યાદિ ૧૨ ભાવના, શમ-સંવેગના પાંચ પ્રકાર વગેરે શુભ ભાવ છે. તેમાં આત્મા રમતો રહે તો તે પુણ્ય પ્રકૃતિનો રસ વધારી દે.

પૂરવે પુણ્ય બાંધ્યું હતું કૂચા જેવું, તેને માલદાર શુભ અધ્યવસાય બનાવી દે છે એટલે કે શુભ અધ્યવસાય લક્ષ પૂર્વની પાપની પ્રકૃતિનું સંક્રમણ કરે છે. જેમ કરિયાતાનો નાનકડો વાડકો શેરડીના પુષ્કળ રસમાં નાખ્યો તો તે શેરડીનો રસ બની જાય; તેમ અશુભ પ્રકૃતિ તે શુભ બની જાય અને તે ઉદયમાં આવે ત્યારે તે જોરદાર કામ કરે.

આમ પૂરવના પૂન્ય અંકુર પ્રગટ થાય છે. માલવાળા બની જાય છે, ઉદયમાં આવી જાય છે.

આવા ગુણસંપન્ન મુનિને ધ્યાનમાં લાવીએ તો ન્યાલ થઈ જઈએ.

સાધુ - **'સોના તણી પરે પરીક્ષા દીસે'** છે અને **'દિન દિન ચઢતે વાને'** છે.

આ એક મહત્ત્વની વાત છે.

**પ્રશ્ન : જગતમાં સાધુ તરીકે ઘણાય ઓળખાય છે, તો આજ સાધુને સાધુ માનવા તે શી રીતે ?**

**ઉત્તર :** જવાબ એ છે કે સોનાની પરીક્ષા માફક તેમની - સાધુની પરીક્ષા કરીને સાચા સાધુ માનવા.

સોનુ લેવું હોય તો તેની પરીક્ષા થાય છે. નામ સોનુ છે. તો માણસ ઝટ તેને ખરીદી ન લે, પણ પરીક્ષા કર્યા બાદ તેને ખરીદે છે.

સોનાની પરીક્ષા માટે ત્રણ ઉપાય છે, તેમ સાધુ તેમના વિચાર, વાણી, વર્તનથી ઓળખાય છે - પરખાય છે.

સોનામાં ઠગાય તો બહુમાં બહુ એક જન્મનું બગડે, પણ સાધુમાં ઠગાય તો જન્મોના જન્મ બગડે. સોનુ લે - તેમાં મિલકત નાખી દીધી હોય - ને તેમાં ઠગાય તો આખો જન્મારો બગડે - પણ સાધુને નામે કુસાધુને ભજવા માંડે તો તે અહિતની વાત કરે, તો તે સાધુ કાં તો સ્વાર્થી છે કે અજ્ઞાન છે. તેનાથી તો જન્મ - જન્મ બગડી જાય.

માટે સોનાની જેમ સાધુની પરીક્ષા કરવી. સોનાની પરીક્ષા કષ[૧], છેદ[૨] ને તાપ[૩]થી થાય છે. (i) **કષ** - કસોટી પથ્થર પર લસરકો કર્યો, તે સારો આવ્યો - તો વિચાર આવે કે કદાચ સોનાનો ઢોળ ચઢાવ્યો હોય ! તો બીજો ઉપાય લે છે (ii) છેદ - તે સોનાના ટૂકડા કરે છે. ત્યાં સોનું લાગે, પણ છતાંય વિચાર આવે કે કદાચ સાચા સોનાનો ફક્ત સાંધો કેમ કર્યો ન હોય ? તો છેલ્લી પરીક્ષા કરે છે. (iii) **તાપ** - સોનાને ભઠ્ઠીમાં નાખે છે. તે પીગળે એટલે સોનું તે સોનું. સોનું હોય ને તે પીગળે તો પછી ચમકદાર બને; વધુ પીગળે વધુ ચમકદાર બને, કથીર હોય તો કાળું ધબ થઈ જાય !

**પ્રશ્ન : એક તાપની પરીક્ષા કરીએ તો પહેલી બે પરીક્ષાની શી જરૂર છે ?**

**ઉત્તર :** પણ તે માટે સામો ધણી જોવાય, તે વિશ્વાસપાત્ર હોય તો કષની પરીક્ષા બસ થાય.

તેમ સાધુની ત્રિવિધ પરીક્ષા થાય.

(૧) પહેલી પરીક્ષામાં સાધુ વિધિ નિષેધ કેવી રીતે કરવા તે બતાવે છે. શું કરવું ને શું ન કરવું તે બતાવે છે. દા.ત. વિધિમાં બતાવે કે તમે ગૃહસ્થ છો, તમે ગરીબ હશો, તો અમને કેમ સંભાળશો ? તો પૈસા કમાઓ.' તો શું કરવાનું

મહારાજે અહીં કહ્યું ? 'તું વેપારમાં આળસ ન કરીશ.' આમ આ પાપનો વિધિ બતાવે છે. તો કષ પરીક્ષામાં તે મહારાજ નાપાસ ! પણ વિધિમાં એવું બતાવે કે તપ કરવો, સ્વાધ્યાય કરવો, તેથી કલ્યાણ થાય, તો તે પવિત્ર આચાર થાય. તપ કરો એટલે કર્મ તપે ને ક્ષય પામે. સ્વાધ્યાય કરો એટલે મન ઠેકાણે રહે. આમાં આળસ ન કરવી. આ વિધિ નિષેધ બતાવે છે. તો મહારાજ કષ પરીક્ષામાં પાસ !

આ બધું બતાવે ને તેની પાછળ આચાર એવા બતાવે કે તે વિધિ સાથે સંગત ન થાય તેવા આચરણ બતાવે. દા.ત. **अपुत्रस्य गतिर्नास्ति** પુત્ર નહિ હોય તો ગતિ (સદ્ગતિ) નહિ થાય. આવું બતાવે તો તે આચાર ખોટા છે.

અથવા એવું બતાવે કે, 'જંગલમાં જાવ - પંચાગ્નિ સહન કરો' તો પણ આ આચાર સંગત નથી, કારણ કે પંચાગ્નિમાં અગ્નિ સળગાવે તો જીવોની વિરાધના થાય, તે હિંસાનો નિષેધ ન કર્યો. એને બદલે એમ બતાવે કે સાધુ થવું છે, તો સમિતિ ગુપ્તિ પાળો. તે સમિતિ ગુપ્તિનો આચાર છે તે સંગત છે.

સાધુ મહારાજ ગૃહસ્થોને એવું બતાવે કે તે હિંસા, જૂઠ, ચોરી બંધ કરે ને તપ, સ્વાધ્યાયમાં વૃદ્ધિ કરે. તો આવા મહારાજ પરીક્ષામાં પાસ થાય.

**પ્રશ્ન : પાતંજલ યોગદર્શનવાળા વૈરાગ્યની વાત મજેની કરે, પણ આચારની આવી વાત કરે તો તેમને સાધુ માનવા કે નહિ ?**

**ઉત્તર :** ફક્ત સિદ્ધાંત - તત્ત્વ બતાવે તે એકાંતવાદી છે. તો તે પરીક્ષામાં નાપાસ થાય.

એકાંતવાદ સિદ્ધાંત કહે છે કે - આત્મા ક્ષણિક છે, તો તે ખોટું છે. કારણ કે તપ - સ્વાધ્યાય કર્યો તો તેનું ફળ કોને ? તપ - સ્વાધ્યાયવાળો આત્મા ક્ષણિક છે. તેથી તે તો ઊડી ગયો, તો કરનારે ગુમાવ્યું અને ન કરનાર પામી ગયો ! તો આ બાબત સંગત થતી નથી.

પણ સંગત તે છે કે **'જે કરે તે પામે'** નહિતર પૂર્વ ક્ષણનો આત્મા ઊડી ગયો ને બીજી ક્ષણનો આત્મા પામ્યો !

આ સિદ્ધાંત વિધિ-નિષેધ સાથે સંગત ન થાય. બીજી બાબત –

**एकमेव द्वितीय आत्मा.** આત્મા શુદ્ધ છે, બુદ્ધ છે તો આ બધું દેખાય છે તે શું ? તો તેઓ કહેશે કે તે બધા પ્રતિબિંબો છે.

દા.ત. આકાશમાં એક ચંદ્ર છે, નીચે તળાવડાં દશ છે, તો પ્રતિબિંબ દશ છે તો ૧૧ ચંદ્ર છે ? ના.

આત્મા જીવ એક છે, પણ તેનાં પ્રતિબિંબ ઘણાં છે તો આ સિદ્ધાંત મુજબ.

આત્મા એક માન્યો, શુદ્ધ માન્યો. તો આ વિધિ-નિષેધ કોણ પાળે ? જે અશુદ્ધ હોય તે પાળે.

આત્મા જો એક જ છે, તો સજ્જન કોણ ને દુર્જન કોણ ? ગુરુ કોણ ને શિષ્ય કોણ ? આ ભેદ છે, તેમાં નાપાસ થયા.

**પ્રશ્ન : તો સાચું શું છે ?**

**ઉત્તર :** દ્રવ્યની દૃષ્ટિએ આત્મા નિત્ય છે અને પર્યાયની દૃષ્ટિએ આત્મા અનિત્ય છે. પૂર્વ સમયનો પર્યાયનાશ થયો. પહેલાં યુવાન હતો, હવે વૃદ્ધ થયો. આમાં અવસ્થાને હિસાબે તે પલટાય છે, પણ દ્રવ્યના હિસાબે તે ઊભો છે.

**સોનાની લગડી** ગઈ ને કડું આવ્યું. આમાં લગડી ગઈ, પણ સોનું ઊભું છે, એટલા માટે આત્મા નિત્ય છે અને અનિત્ય પણ છે એટલે આત્મા નિત્યાનિત્ય છે.

**પ્રશ્ન : એક આત્મા હોય તો ?**

**ઉત્તર :** શુદ્ધ ચૈતન્યની દૃષ્ટિએ બધા આત્મા એક છે. બધામાં શુદ્ધ ચૈતન્ય એક છે. અભવિ આત્મા પણ મૂળ સ્વરૂપમાં કેવળજ્ઞાની છે, જેમ આપણામાં છે, પણ તે પર આવરણના ઢેર આવી ગયા છે.

જેમ કોઈ ચીજ જમીનમાં દાટેલ હોય, તે પર ધૂળનાં ઢેફાં હોય તો કાંઈ દેખાય નહિ, ટેકરો દેખાય. તેમ આત્મા પર આવરણ ચઢી ગયા છે, મહેનત કરો તો તે દૂર થાય. આ સ્યાદ્વાદ છે : આ સિદ્ધાન્ત જેમનામાં બરાબર છે એટલે કે વિધિ નિષેધને સંગત થાય તો કષ, છેદ, તાપમાં પાસ થનારા સાધુ તે સાચા સાધુ છે. પણ સાધુની તપાસ કરો. તે એમ કહે કે, 'મારે મહાવ્રત બસ છે. સમિતિ ગુપ્તિ ન કરીએ તો ચાલે. પ્રતિક્રમણ ન કરીએ તો ચાલે.' તો આ છેદ પરીક્ષામાં નાપાસ થયા.

સિદ્ધાંતમાં વિરુદ્ધ બોલે તો તાપ પરીક્ષામાં નાપાસ. પરીક્ષા કરીને સાધુને પરખો. વિચાર, આચાર, સિદ્ધાંત બરાબર સુસંગત હોય તો તે સાધુ સાચા સોના જેવા છે અને તેઓ **'દિન દિન ચઢતે વાને'** છે.

જેમ સોનું અગ્નિમાં પડ્યું હોય તો તેનો ચમકાટ વધતો જાય છે, કારણ કે તે સાચું સોનું છે તેમ સાધુને પરિસહ આવે, કષ્ટ આવે, બાહ્ય તપથી પરિસહ ઊભા જાતે કરે એવા, કષ્ટની અંદર તે ચઢતે રંગે - વાને છે એટલે ત્યાં ચઢતો રંગ છે. તે સાધુ છે. સાધુ બોલ ને ચાલ પરથી ઓળખાય છે કે આ સાધુ ચઢતે વાને છે.

દા.ત. એક સ્થળેથી વિહાર કરીને સાધુ ગયા. વરસ દા'ડે ત્યાં પાછા આવ્યા. તો લોકો કહે કે –

**પ્રશ્ન : સાધુ ફરી ગયા ! આ કેમ દેખાય કે સાધુ હવે ચઢતે**

**વાને છે ? આ કેવી રીતે ખબર પડી ?**

**ઉત્તર :** (i) પહેલાં તે સ્વાધ્યાયમાં ડાફરિયાં મારતા. હવે તે એકાકાર થઈ જાય છે, તેથી ખબર પડે.

(ii) પહેલાં સામાન્ય સમિતિ ગુપ્તિ જાળવતા, હવે તે જોરદાર છે, તેથી ખબર પડે.

(iii) પહેલાં ઉગ્રતા દેખાતી. હવે સૌમ્ય, શીતલ, શાંત ઉપશમથી ભરેલા જણાય છે. તેથી ખબર પડે.

તો કાળજી એ રાખવાની કે સમિતિ ગુપ્તિ જાળવે તેટલામાં નહિ પણ ચઢતે વાને એટલે તેનો રંગ વધારે તે રંગને ચઢાવવાની વૃત્તિવાળો થાય.

ચૈતન્યમાં પહેલા પૂરતો રંગ હતો, હવે તેના કરતાં વધારે રંગ ચઢે છે.

દરેકે દરેક સાધના ભાવોલ્લાસની વૃદ્ધિ સાથે થાય તો મુનિપણાનો સ્વાદ આવે ત્યારે એમ થાય કે જગતમાં મુનિપણા જેવું જીવન નથી.

ભગવાને કેટલી સગવડતા કરી આપી છે ?

તમારા ભાવને બગાડનાર આહાર છે. તેની ચિંતા થાય તો તે માટે પૈસા કમાવા પડે. તે ચિંતા ભાવ બગાડે છે. આવી ચિંતા સાધુને નથી.

બીજી ચિંતા છે ઘરની - ક્યાં રહીશ ? ક્યાં સૂઈશ ? આવી ચિંતા ભગવાને સાધુને મુકાવી દીધી છે. સાધુને કમાવાની, વેપારની, સૂવાની, સ્થળની ચિંતા નહિ. જ્યાં જઈને સાધુ ઊભા રહેશે ત્યાં તેને ઘર મળશે. 'ઘર જો નહિ મળે તો જંગલમાં ઊભા રહેવાશે તો કર્મ નિર્જરા થશે.' એમ તે સાધુ માનશે.

ભગવાને સાધુપણું એટલે એવું એક મન આપી દીધું છે કે તેથી મનમાં ચિંતા કોઈ કરવી પડતી નથી ને કષ્ટ આવે તોય તેમાં મજા આવે.

**ઉદાહરણ :** લંકાનું રાજ્ય વૈશ્રણવ ભોગવતો હતો. તેણે પૂર્વે રાવણના બાપદાદાને હાંકી કાઢ્યા હતા. રાવણ ત્યારે નાનો હતો. રાવણ મોટો થયો. તે વૈશ્રણવ પાસે આવ્યો. પહેલાં તેણે વૈશ્રણવનો આભાર માન્યો કે 'પોતાનું રાજ્ય તેણે સાચવ્યું,' 'હવે અમારું રાજ્ય અમોને સોંપી દો અથવા લડાઈ કરવા સજ્જ થાવ.'

બન્ને વચ્ચે લડાઈ થઈ. વૈશ્રણવ હાર્યો. લશ્કર બધું રાવણને તાબે થઈ ગયું.

હવે હારેલા વૈશ્રણવને થયું : દુનિયાને મારું શું મોઢું બતાવીશ ? તે કહેશે : વૈશ્રણવ તું કહેતો હતો ને કે આ રાવણને આમ ફેંદી નાખું. તે ફેંદાઈ ને ફેંકાઈ તો તું ગયો !' તો તેણે આપઘાત કરવાનો વિચાર કર્યો.

આપઘાતનો વિચાર આવ્યો કે તરત જ બીજો વિચાર આવ્યો. (વૈશ્રણવ જૈન ધર્મી હતો અને રાવણની માસીનો દીકરો હતો.)

તેને મનમાં થયું કે, 'આવી રીતે જૈન ધર્મ ખોઈ નાખીશ તો આવો જૈન

ધર્મ ફરી ક્યારે-ક્યાં મળશે ? ક્યાં પળાશે ? મનુષ્ય જિંદગી સિવાય અન્યત્ર ચારિત્ર, તપ, સ્વાધ્યાય, અહિંસાનું પાલન ન થાય. આવી મોંઘી જિંદગી મળી, તે હું ખોઈ નાખું ?'

આવો વિચાર આવતાં તે **'अप्पाणं वोसिरामि'** કરી બેસી ગયા !'

**પ્રશ્ન : પહેલાં લોકો આંગળી ચીંધતા હતા તો હવે સાધુ થયા પછી શું આંગળી નહિ ચીંધે ? શું નિંદા નહિ કરે ? શું એમ નહિ કહે કે, 'હાર્યા એટલે બાવા થયા !'**

**ઉત્તર :** તો જવાબ સામો પ્રશ્ન છે, 'સાધુપણું એટલે શું ?' 'અનુકૂળ કર્મ હોય તો તેને ભાડુતી માનજો.' મારુ સન્માન એ મારું સન્માન નથી. તેમાં મારી શાબાશી નથી. પુણ્યની તે શાબાશી છે.' પ્રતિકૂળ સમય આવે તો સમજજો કે કર્મના કચરા સાફ થાય છે. કોઈ અપમાન કરે તો સમજવું કે અપયશ કર્મના કચરા સાફ થાય છે.' 'એક વાર નહિ, દશવાર તમે બોલો ! ને તમારા આમ કહેવાથી તેટલા પ્રમાણમાં દશવાર મારા અપશય કર્મના કચરા સાફ થશે.'

ભગવાને આ દિવ્યદષ્ટિ આપીને એવો ઉપકાર કર્યો કે એવું સાધુપણું આપ્યું. તેથી 'દિન - દિન વાન વધતો જાય. શુભ અધ્યવસાયની ધારા ઊંચે ને ઊંચે ચઢતી જાય.' 'કેવો અવસર મળ્યો ?' તેના પર અહોભાવ વધારતો જાય, તેમ તેમ ભાવોલ્લાસ વધે.

ઉપવાસ થયો ! સરસ ! આહાર સંજ્ઞા મારા પર ચઢી બેઠી હતી. આજે તેના પર મેં વિજય મેળવ્યો ! આવો વિચાર આવે તો આહાર સંજ્ઞા વિજયનો રંગ ચઢતો જાય...

મુનિ - **'સંજમ ખપ કરતા'** હોય છે, તેથી તેમને **'નમીએ દેશકાળ અનુમાને.'**

મુનિ સંયમનો ખપ કરે છે, લાડવા પેંડાનો નહિ, માન-પાનનો નહિ. મુનિને ખપ છે સંયમનો. વાણિયો હોય તેને ખપ છે પૈસાનો. તેથી તે જ્યાં ને ત્યાં તે પૈસાનો લોભ ને લાભ જુએ. દુનિયાના લંપટ માણસોને રંગરાગનો ખપ હોય છે. તેમ મુનિને ખપ છે સંયમનો. મુનિ સંયમ લે છે, સંયમમાં તે ખીલે છે, સંયમને તે ખીલવે છે, સંયમની રક્ષા કરે છે. જ્યાં સંયમ ઘવાય, ત્યાંથી તે ચાલતી પકડે.

દા.ત. વહોરવા ગયા. સારી ચીજ જોઈ, તો મોંમાં પાણી છૂટ્યું, તો તે ખરાબ.

સાધુની ચર્યા મર્યાદા મુજબ તરત જ પૂછે કે, 'આ ચીજ કોને માટે બનાવી છે ?'

વહોરનાર કહે : 'તમારે માટે બનાવી છે.' તો તે ચીજ નાપાસ. તે ન લેવાય.

'સાહેબ, તમારે માટે નહિ અમારે માટે બનાવી છે.' સાધુ પૂછે : 'આટલી વધુ કેમ ?'

'ઘરમાં માણસો ઘણા છે.'

તેમજ થોડું બનાવ્યું હોય ને બધી પાત્રામાં નાખવાની તૈયારી બતાવે ને કહે : 'ના, ના, મહારાજ, તમોને દોષ દેવાય ?'

સાધુને સંયમનો ખપ હોય તો કહે : 'ના, ના, ભાઈ, અમારે ખપ નથી.' આમ સાધુ દુનિયાની કોઈ ચીજમાં લોભાય નહિ.

સાધુને સંયમનો ખપ છે, તો સામેથી કોઈ જેમતેમ બોલતો આવ્યો, નુકસાન કરતો આવ્યો તોય સાધુ કષાય ન કરે. તે વિચારે કે, 'કષાય કરું તો સંયમ જાય, મારે તો સંયમનો ખપ છે.'

નોકરી કરનારો સમજી બેસે કે, 'મારે નોકરી ને પગારનો ખપ છે.' આ શેઠ મને રૂપિયા ૫૦૦ આપે છે. બીજા મને સો આપે છે. તો લાવ, સમયસર જાઉં, બરાબર કામ કરું, વધુ કરું. મારે નોકરીનો ખપ છે.'

આમાં કદાચ શેઠ ઘરે ગુસ્સો કરીને આવ્યા હોય, ઘરવાળીએ રોકડું પરખાવ્યું હોય, ત્યાં બહુ બોલવાનું ન ચાલે, તો 'ઉતાર ગુસ્સો નોકર પર.' ગાળો દે. અરે ! જરૂર પડે લાફો લગાવી દે. તો નોકર શું કરે ? તે શું એમ કહે કે 'હું તમારા લાફા ખાવા નથી આવ્યો !' શેઠ એલફેલ બોલે છે પણ નોકર સામું કાંઈ બોલતો નથી ને ઉપરથી કહે છે : 'હા, શેઠ હા, મારી ભૂલ થઈ મને માફ કરો.' કારણ કે નોકરને નોકરીનો ખપ છે.

વળી બપોરના બાર વાગ્યા. ભૂખ કકડીને લાગી ને શેઠ કહે, 'હમણાં થોડા મોડા જજો. ગ્રાહકો વધુ છે.' તો નોકર શું એમ કહેશે કે, 'શેઠ કકડીને ભૂખ લાગી છે.'

એક વાગે, બે વાગે તો નોકર શું ધમધમાટ કરે ? ન કરે. કેમકે તેને નોકરીનો ખપ છે. તેથી તે ગાળ સહન કરી લે, અપમાન સહન કરી લે, ભૂખ તરસ સહન કરી લે. તેમ સાધુને સંયમનો ખપ છે, તો તે ભૂખ, ગાળ, અપમાન, કષ્ટ બધું સહન કરી લે. એટલું નોકર સહન કરી લે છે છતાં શેઠ પાસે દીવેલ પીધેલ મોઢું ન રાખે. પ્રસન્ન મોઢું રાખવું પડે. નહિતર શેઠ કહે, 'આટલું કીધું, તેમાં મોઢું ચઢી ગયું ? ઊતરો નીચા !'

નોકર ગાળ ગપ્પા, ધોલ ધપ્પા બધું સહન કરી લે છે, કારણ કે તેને નોકરીનો ખપ છે.

સાધુને ખપ છે સંયમનો, કંઈ સુખ સગવડ, સારા મકાનનો, આહાર સગવડતાનો નથી. આવા ગુણવાળા - સંયમવાળા મુનિને નમીએ.

**પ્રશ્ન : આવા ચોથા આરાના મુનિ આ પાંચમાં આરામાં ક્યાંથી મળે ? અહીં સંયમનો ખપ કરનારા મુનિ નથી તો નમવું કોને ?**

**ઉત્તર :** તેવા ન મળે તો દેશ કાળના અનુસારે સંયમ પાળનારા મુનિઓ આ પંચમ કાળમાં છે. આ પંચમ કાળ પડતો કાળ છે.

દા.ત. દેશ છે મુંબઈ જેવો. અલબેલી નગરીમાં માત્રું પરઠવવાનું કુંડીમાં ! સંમૂર્ચ્છિમ જીવની વિરાધના થાય. તોય નાખવું પડે, આ સહન કરવું પડશે, નહિતર મારવાડ ચાલ્યા જાવ.

સાધુને વંદન કરવા આવનાર જુએ કે સાધુ માત્રુ ક્યાં પરઠવે છે ? કુંડીમાં ? આ સાધુને વંદન થાય ? એમ વિચારે. આવનારને તો આદર્શ જોઈએ. એકલા આદર્શ ન જોવાય. ત્યાં વ્યવહાર પણ જોવાય. દેશ કાળને અનુસરીને સંયમનો ખપ કરે. પ્રભુનો માર્ગ દેશ કાળ આદિને સાપેક્ષ રહીને પાળે.

ઓછું સંયમ પળે તો તેને સંતાપ - તેનો પશ્ચાત્તાપ તેમના બોલમાં દેખાય.

'મારું શરીર સારું નથી, મુંબઈનું પાણી ભારે છે, મને કબજિયાત રહે છે.' - આવું સાધુથી ન બોલાય. પણ એવું બોલે કે 'એવા દેશમાં આવ્યા છીએ કે ત્યાં ધાર્યું સંયમ નથી પળાતું !'

અહીં મુંબઈમાં તો સાધુ દરિયે ઠલ્લે જાય પણ આ બરાબર નથી. ઠલ્લાની જમીન પાણી વગરની જોઈએ. આ તો ઠલ્લાને પાણી તાણી જાય. તેથી વિરાધના થાય. ઠલ્લાની જમીન તો ખેતરાઉ જોઈએ. તે અહીં નથી, તેનો સંતાપ રહે. ક્યારે એવા દેશમાં જઈએ જ્યાં બધી જાતની વિશુદ્ધિ મળે ? આવું હોય તો મનમાં ખુશ ન થઈએ. પણ મનમાં સંતાપ ખેદ થાય કે 'કરવું પડે છે ન છૂટકે. અહીં ન આવીએ તો મોટી વસ્તીને ધર્મ સાંભળવા ન મળે. તે ધર્મ વગરના બની જાય. સંઘની અવિચ્છિન્ન પરંપરા ચલાવવા માટે આ સંજોગો વેઠી લેવા પડે, પણ ધ્યાનમાં ખાસ એ રહેવું જોઈએ કે 'મારા સંયમમાં ખામી ન થાય.' આની સતત ચિંતા થાય. કારણ કે મુનિને સંયમનો ખપ છે.'

## ॥ ઢાળ ॥

**અપ્રમત્ત જે નિત્ય રહે, નવિ હરખે નવિ શોચે રે,**
**સાધુ સુધા તે આતમા, શું મુંડે શું લોચે રે... ॥ વીર૦ ૬॥**

મુનિ 'અપ્રમત્ત જે નિત્ય રહે, નવિ હરખે, નવિ શોચે'

સાધુ હંમેશા અપ્રમત્ત રહેનાર છે એટલે પ્રમાદ કરનાર નહિ, પ્રમાદ ભાવમાં રહેનારા નહિ. 'પ્રમાદ' એટલે માત્ર આળસ નહિ. વિષયોની આસક્તિ અને વિષયોનો આવેશ મોટો પ્રમાદ છે. એની સાથે નિદ્રાદિ કથા પણ પ્રમાદ છે.

પ્રમાદ એટલે કર્તવ્યનું વિસ્મરણ. જે જે કાળે પોતાનું જે કર્તવ્ય છે, તેનું

વિસ્મરણ તે પ્રમાદ છે. તેમ અનુપયોગ પણ પ્રમાદ છે. કર્તવ્ય બજાવે એટલે કાઉસ્સગ્ગ કરે પણ કાઉસ્સગ્ગમાં બે લોગસ્સ થયા કે ત્રણ ? તે ખ્યાલ ન રહે તો તે અનુપયોગ છે. એમ સર્વજ્ઞતત્ત્વમાં ભ્રાંતિ, ભ્રમ, શંકા, વિસ્મરણ એ પણ પ્રમાદ છે.

પોતાને સમિતિ ગુપ્તિ જે પાળવાના છે, તેનું અજ્ઞાન તે પ્રમાદ છે.

તેમ ધર્મમાં અનુત્સાહ તે પ્રમાદ છે. ધર્મનો અનાદર કર્યો - જેમ કે આ કર્યું તોય ઠીક ને ન કર્યું તોય ઠીક. આપણે બધે ક્યાં પહોંચી વળીએ ? આ પ્રમાદ બોલાવે છે.

આ બધા પ્રમાદ છે તથા કષાયના જેટલા અવાંતર પ્રકારો છે, તે બધા પ્રમાદ છે. હાસ્ય, રતિ, અરતિ, ભય, શોક, દુર્ગંછા વગેરે પ્રમાદ છે.

મદ્ય, માંસ, વગેરે વ્યસન તે પ્રમાદ છે.

સૂક્ષ્મતાએ બાહ્યની આતુરતા તે પ્રમાદ છે. દા.ત. બહાર ઢોલ વાગ્યો. તો એમ થાય કે 'આ શું વાગ્યું ?' આવી આતુરતા થાય તે પણ પ્રમાદ છે.

૧૪ પૂર્વધર મહર્ષિને એમ થાય કે ભગવાનના સમવસરણની રિદ્ધિસિદ્ધિ કેવી છે ? લાવ, જોવા જાઉં - તે પ્રમાદ છે. આહારક શરીર બનાવવું તે પ્રમાદ છે. આહારક નામ કર્મ બાંધે અપ્રમત્ત ભાવમાં અને ભોગવે તે પ્રમાદ ભાવમાં, કારણ કે તેટલી પણ આતુરતા થઈ ને ? મુનિ એટલે મુનિ - તે આત્મસ્વરૂપમાં ઠરી જનારા હોય. 'દુનિયા આખી જોઈ કાઢી છે, હવે શું જોવાનું બાકી છે ?' અનંતાકાળ જોઈ કાઢ્યા, હવે ઠરવાનું - આવા પ્રમાદરહિત સાધુ હોય તો તે અપ્રમત્ત છે.

સાધુ હંમેશા અપ્રમત્ત રહે છે.

**પ્રશ્ન : આહારક શરીર બનાવાય નહિ ? સમવસરણની રિદ્ધિસિદ્ધિ જોવાની આતુરતા કરાય નહિ ? તો પછી મંદિર જવાની આતુરતા થઈ તો તે શું પ્રમાદ કહેવાય ? પ્રભુનું મુખ જોઉં તો તે આતુરતા શું પ્રમાદ છે ?**

**ઉત્તર :** જવાબ એ રીતે છે કે તેમાં તાત્ત્વિક રીતે પ્રમાદ છે પણ તે સેવવાનો છે. મંદિરે જવાની આતુરતા કરીએ તો તે સદ્‌પ્રશસ્ત પ્રમાદ છે.

ભગવાનને જોવાની આતુરતા તે પ્રશસ્ત પ્રમાદ છે. મંદિરે જઈએ, પ્રભુનું મુખ જોઈએ. પછી લાવ, તેની હૃદયમાં ધારણા કરી લઉં ! મુખ લાડવા જેવું ગોળ છે કે લંબગોળ છે ? આ આતુરતા થઈ તે બીજી પાપ આતુરતાને મીટાવનાર છે. અપ્રમત્ત ભાવમાં જવા માટે એ સાધન છે. જગતની બધી આતુરતા મરી જાય ત્યારે અપ્રમત્ત ભાવમાં જવાય.

અરે ! લલ્લુભાઈ કેમ દેખાયા નહિ ? નથ્થુભાઈ ચાર દિવસથી આવ્યા

નથી. આ જગતની આતુરતા તે પાપ આતુરતા છે. તો પાપ આતુરતાને મીટાવવા તત્ત્વની આતુરતા જોઈએ.

પાપ આતુરતા ઊભી રહે છે, કારણ કે પ્રશસ્ત આતુરતા વ્યવસ્થિત કેળવી નથી, તેની વાસ્તવિક કોટિની - જોરદાર કોટિની આતુરતા કરી નથી.

પાપની આતુરતા મીટાવો તો ધર્મની સાચી આતુરતા થાય. 'ગુરુ શું કહે છે તે સાંભળવું' તે સાચી આતુરતા છે. દુનિયાના પાપનું આકર્ષણ વધારે છે, તેથી પાપની આતુરતા વધી ગઈ છે.

સાધુ બનવા માટે નિત્ય અપ્રમત્ત ભાવ જોઈએ. તેથી મહાવ્રતના અણિશુદ્ધ પાલનમાં, દશ પ્રકારના યતિધર્મના પાલનમાં સાધ્વાચાર પાલનમાં સાધુ પ્રમાદ ન કરે. એટલે વિષય, કષાય, ખોટી જિજ્ઞાસા તરફ અનુત્સાહ - અનાદર દાખવે. અપ્રમત્ત ભાવ આવ્યો એટલે વિષયોનો સંપર્ક તૂટી જવાનો - બાહ્ય ભલે તે સંપર્ક હોય, પણ અંતર્મુખ તે નીકળી ગયા પછી મહેલ હોય કે ઝૂંપડી - બન્ને સમાન લાગે. સાધુને શુદ્ધ વસ્તીની જરૂર છે, પછી તે ઝુંપડાવાસી હોય કે બંગલાવાસી હોય. સ્તવનની એક કડી બોલ્યા બાદ બીજી કડી બોલીએ ત્યારે પહેલી કડીનો ભાવ અતૂટક રહેવો જોઈએ. તેમાં એક વખતે એક ઉપયોગ છે. તે ઉપયોગ આંધળાની માંગણી સમાન છે.

**આંધળાની માંગણીનું ઉદાહરણ :- એક આંધળો** હતો. તે ગરીબ હતો. કુટુંબ કબીલો ન હતો ભીખ માંગીને પેટ ભરતો. તેણે દેવતાની આરાધના કરી. દેવ પ્રસન્ન થયા ને વરદાન માગવા કહ્યું, પણ જે માગે તે એક જ ચીજ માગવાની. ભિખારીને થયું - 'શું માગું ? પૈસા માગું તો દીકરો ન મળે, દીકરો માગું તો પૈસા ન મળે.' તો તેણે વાણિયાને આ બાબત કહી કે એક ચીજ કઈ માગવી, જેમાં બધું સુખ આવી જાય. વાણિયાએ રસ્તો બતાવ્યો. તું એક ચીજ માગી લે, 'મારા દીકરાનો દીકરો તેની મા સાથે મહેલના સાતમા માળે સોનાના હીંચકે હીંચતો હોય તેવું જોઉં.'

'જોઉં.' એક ચીજ માગી. જોવામાં દીકરો આવ્યો, પત્ની આવી, સાતમો માળ, બંગલો, સોનાનો હિંડોળો, સમૃદ્ધિ આવી. 'જોઉં' તો આંખ પણ આવી.

એક માગણીમાં અનેક બાબત આવી ગઈ. તેવું જ 'માતા મરુદેવાનાનંદ' - સ્તવનમાં છે. તેમાં 'મારું મન લોભાણું રે' છે. તો મન લોભાણું શા માટે ? કારણ કે પ્રભુ 'કરુણા નાગર કરુણા સાગર' છે. પ્રભુ કરુણાના સાગર છે, પ્રભુ કરુણાની ખાણ છે. આ કારણે પ્રભુએ શું મેળવ્યું ? પ્રભુને કંચનવર્ણી કાયા અને ૫૦૦ ધનુષ્યની કાયા મળી.

કરુણા સાગર છે, તેથી મન લોભાયું છે. તેથી ત્રિગડે બેસી ધર્મ કહે છે

અને બાર પર્ષદા સાંભળી રહેલ છે. આ આંધળાની માગણી સમાન છે. તેમની વાણી જોજનગામિની તે કારણે છે.

તે કરુણા સાગરનું અનુસંધાન વિચારો ને 'ઉર્વશી રૂડી અપ્સરા' બોલીએ તો ભગવાન આગળ ઉર્વશી નાચી રહી છે. નાચે છે, કારણ કે તે બોલે છે. પ્રભુ ! આવી વાણી ! આવી વાણી ! આ બોલતાં તો તે ઊભી થઈને નાચવા લાગી. નાટારંભ કરે છે. **'ત્રિગડે બેસીને ધર્મ કહંતા'**ની વાણી સાંભળી તે બોલી ઊઠે છે. 'તું હી બ્રહ્મા તું હી વિધાતા, તું હી જગતનો તારણહાર !' આ બધામાં કરુણાના સાગરનું અનુસંધાન છે. આવા કરુણાના **'સાગર હે સિદ્ધાચળના રાજા ! મારા ભવના ફંદ કાપી નાખ.'**

મન પ્રમાદમાં હોય તો આમ મન નથી લગાડતાં આવડતું. અપ્રમત્ત ભાવમાં રહેલ સાધુને અનુકૂળ ને પ્રતિકૂળ બન્ને સામે આવે છે.

જેને પૂરેપૂરું પુણ્ય હોય, એક પણ અશુભ કર્મ ઉદયમાં ન હોય તેને પ્રતિકૂળ ન આવે.

ભગવાન જેવાને પ્રતિકૂળતા આવી તો આપણને આવે, પણ મુનિને તેનો હરખ નથી કે શોક નથી.

દા.ત. ખૂબ અનુકૂળ આવ્યું. જેમકે નગરપ્રવેશ વખતે મોટું સન્માન થયું, પાંચ હાથી હતા અથવા એકી સાથે ૫૧ જણ દીક્ષા માટે ઊભા થઈ જાય છે તો સાધુ હરખે કે નહિ ?

સાધુમાં અપ્રમત્ત ભાવ છે, તેથી હરખે નહિ.

પ્રમાદ શું છે ? પ્રમાદ એટલે **प्रकर्षेण माद्यति** જેમાં ભૂલવાનું આત્મ ભાવમાંથી ચૂકવવાનું થાય તેનું નામ પ્રમાદ. પરરૂપમાં જાય તે પ્રમાદી છે.

મુનિ પ્રમાદી નથી, આત્મ સ્વરૂપમાં રહે છે, પરરૂપમાં જતા નથી. સામે સારું સામૈયું થયું. તે જે મોટું સન્માન મળ્યું તે પરરૂપને - ખોળિયાને સન્માન મળ્યું છે, આત્માને નહિ. આત્માની ચીજ તે આત્માના ગુણ, ક્ષમા, ધ્યાન વગેરેના જે પોષક હોય તે આત્માની ચીજ ગણાય.

સન્માન વખતે નમ્રતા હતી, પણ જ્યાં જરાક અભિમાન આવી જાય તો તે અનુકૂળતામાં આત્મગુણનું પોષણ નથી. તે અનુકૂળતામાં શુદ્ધ જ્ઞાનદર્શનની વૃદ્ધિ નથી.

દા.ત. ધર્માસ્તિકાય ૧૪ રાજલોક સુધી વ્યાપ્ત છે, તે વિચારતાં જ્ઞાન પર્યાય થયો. ભગવાને કહ્યું છે, તેમાં મીનમેખ ફેરફાર ન થાય તે વિચાર દર્શન પર્યાય છે.

મંદિર ઘણું ભવ્ય છે. તો તેથી દર્શન પર્યાય વધ્યો. ત્યાં અહોભાવ છે,

બહુમાન છે, તેથી મંદિરમાં ગયા. 'વિઠોબાનું મંદિર ભવ્ય છે' એમ ન બોલાય. એમ કહીએ તો કાંક્ષા નામનો દોષ લાગે.

મિથ્યા ધર્મની વસ્તુનું આકર્ષણ કરીએ તો તે કાંક્ષા દોષ કહેવાય. ભગવાનનું ભવ્ય મંદિર કહેતાં ત્યાં પરંપરાએ સમ્યગ્દર્શન પર્યાય વધે છે.

'મારા સાધુ !' આટલું કહેતાં સાધર્મિક વાત્સલ્ય કર્યું. દર્શનાચાર સેવ્યો.

તત્ત્વની શ્રદ્ધા જોરદાર બને તો સમ્યગ્દર્શનના પર્યાય વધે. દેવાધિદેવ વીતરાગ પરમાત્મા પર રાગ વધે ત્યાં સમ્યગ્દર્શનનો પર્યાય વધે. સુદેવ, સુગુરુ, સુધર્મ પર શ્રદ્ધા એટલે ભક્તિ રાગ, ગુરુ પર ભક્તિ રાગ (જેમ કે કેવા સાધુ !) વગેરે વધે ત્યાં સમ્યગ્દર્શન (જ્ઞાન) વધે.

જૈન ધર્મ કેવો અલબેલો ! કેવો ધર્મ ! કેવી ઈરિયાવહી ! કેવું પ્રતિક્રમણ ! આવો જો વિચાર લાવીએ તો સમ્યગ્દર્શનનો પર્યાય વધે.

દર્શનના આઠ પ્રકારમાંથી કોઈ પણ પ્રકારે સેવીએ તો દર્શનના પર્યાય વધે.

**ઉપબૃંહણા** નાનામાં નાની કરીએ. તેમની પ્રશંસા કરીએ, તેમના કાર્યનું સમર્થન કરીએ. જેમકે નાના સાધુ હોય, ઉપવાસ તેમણે કર્યો હોય તેને ધન્યવાદ આપીએ, તેમની ઉપબૃંહણા કરીએ તો સમ્યગ્દર્શનનો પર્યાય વધે.

તેમ સાધુ સંયમ - સેવા - વૈયાવચ્ચમાં ઢીલો પડતો હોય, તો તેના **સ્થિરીકરણ** માટે પ્રોત્સાહન આપીએ. જ્ઞાનમાં, ધ્યાનમાં, ક્ષમાદિ ગુણમાં, નમ્રતામાં ઢીલો પડતો હોય તો તેને પાણી ચઢાવી દઈએ. જેમકે 'તમે તો જંગે બહાદુર છો.' એમ કરી સ્થિરીકરણ કરીએ તો સમ્યગ્દર્શનનો પર્યાય વધે.

**વાત્સલ્ય** ભાવ દર્શાવીએ, કાંઈક બગડે તેવું થયું હોય છતાંય પ્રેમભાવ - સ્નેહભાવ દર્શાવીએ તો સમ્યગ્દર્શનના પર્યાય વધે.

દા.ત. પાતરી મૂકી હતી, ત્યાં ન મળી. તો તે શોધવા નીકળ્યા. કોઈ સાધુ પાસેથી મળી તો તે પ્રતિ સ્નેહભાવ બતાવે. જેમ કે, મારા સાધુભાઈ છે, કેવો લાભ આપ્યો મને ? મારા પાત્રાનો લાભ ! તે શોધતાં જે મહેનત પડી, તેથી કર્મ નિર્જરાનો લાભ મળ્યો. સાધુના નિમિત્તે તે લાભ મળ્યો ! તો સમ્યગ્દર્શનના પર્યાય વધે.

મોટું મહત્ત્વ પ્રથમ સમ્યગ્દર્શનનું છે, પછી શાસ્ત્રનું છે. સાધુનું વાત્સલ્ય ચારિત્રમાં - પણ સમ્યગ્ નહિ તો ચારિત્ર નહિ. મારા દિલમાં દીકરા પ્રત્યે જેવું હેત હોય તેવું હેત શ્રાવક - શ્રાવિકા, સાધુ - સાધ્વી પ્રત્યે હોય. ચોખ્ખું નીતરતું હેત હોય પછી તેના દોષ ન જોવાય.

આમ વાત્સલ્યથી - પ્રભાવનાથી સમ્યગ્દર્શનનો પર્યાય વધશે.

દા.ત. ઉમ્મરમાં નાના સાધુ વરઘોડામાં આગળ રહે તો શાસન પ્રભાવના

થાય. ઓહો ! આટલા નાના મુનિ ! અને તે વખતે નાના મુનિ પોતે શું વિચારે ? આ નાની ઉંમરમાં ઘર બહાર નીકળ્યા, તો મને શાસન પ્રભાવનાનો લાભ થયો. આમ થાય તો સમ્યગ્દર્શનનો પર્યાય વધે.

બાહ્ય અનુકૂળતા મળી તો મુનિ હરખાતા નથી, કારણ કે તેઓ જુએ છે કે 'આ બાહ્ય અનુકૂળતામાં સમ્યગ્જ્ઞાન સમ્યગ્દર્શન સમ્યગ્ચારિત્રનો પર્યાય વધશે કે ? તે વધે તો હરખાવું. ગમે તે પર્યાય મળે તો હરખાવું નહિ. તે માટે ચોવીસે કલાક રત્નત્રયીના પર્યાય વધારવાની દૃષ્ટિ જાગતી રાખવાની અને એ દૃષ્ટિ જાગ્રત થઈ જાય, પછી ભલે ને સ્વર્ગમાંથી ઈન્દ્ર ઊતરે ને સ્વાગત કરે ! પરંતુ તેને મન તો કરોડોની કિંમતની ન માની શકાય તેવી રત્નત્રયી મળી છે એની કિંમત હોય.'

દા.ત. (i) પગ નીચે મૂકવો છે ને પૂંજી લીધો તો તે ચારિત્રનો પર્યાય (ii) ગોચરીએ જાવ, ત્યાં કોઈએ અપમાન કર્યું, 'નીકળી પડ્યા છે આ ભામટાઓ, મહેનત કરવી નથી ને ભીખ માગવી છે !' - આવું સંભળાય તોયે સાધુને ઉદ્વેગ નથી. કારણ કે તેને સમજાય છે કે 'મને મળેલ ચારિત્રની કિંમત મહાન છે. અપમાન મળ્યું તો બે બદામની ખોટ ગઈ ! માન મળ્યું તો બે બદામનો ફાયદો થયો અને આ સમ્યક્ ચારિત્ર તે કરોડોની કિંમતનો કોહીનૂર હીરો છે, તેની પાસે કાચના ટુકડાની શી કિંમત ?'

શેઠ સારો પગાર આપે છે, તેથી નોકર શેઠની ગાળ સામે જોતો નથી. ગાળને તે ઘીની નાળ ગણે છે. તેમ સંયમ પર અથાગ-માન-રાગ હોય તો દુનિયાની કોઈ ચીજ તેને વ્યથિત કરી શકતી નથી.

**ઉદાહરણ - ગજસુકુમારને** માથે સસરાએ સળગતી સગડી મૂકી. ગજસુકુમારને થયું : 'સસરો શું બાળે છે ? ફક્ત ખોળિયું... ને... ખોળિયાની કિંમત શી ? ફૂટી બદામ જેટલી નહિ, જ્યારે સંયમની કિંમત કરોડોના હીરા કરતાં અધિક. બે બદામના ખોળિયાની ખોટથી મારું કાંઈ જતું નથી.'

'અનુકૂળતામાં તણાય તો સમજવું કે સંયમ પર રાગ નથી. પ્રતિકૂળતામાં દુ:ખી થાય તો સમજવું કે સંયમ પર રાગ નથી. મહાત્માઓ અરતિ પરિષહને એવી રીતે જીતતા હતા કે અરતિને દબાવી દેતા. ગુરુ મારે, ગુસ્સે થાય, આમ અરતિનો પ્રસંગ આવે, છતાં અરતિ બતાવાય જ કેમ ? અરતિને દબાવવા એમ વિચાર આવે કે, 'મને ભગવાન કેવા મળ્યા છે ? શાસન કેવું મળ્યું છે ? સંયમ કેવું મળ્યું છે ? આ બધો કરોડોનો માલ સલામત છે તો કોડીનું નુકસાન તે શા હિસાબમાં ?'

જે મુનિ સદા અપ્રમત્ત રહે છે, પરરૂપમાં જતા નથી, હરખશોક કરતા નથી તે આત્મા સુધા સાધુ છે. આવા જે ન હોય તે ઉંધા સાધુ છે. આ ન હોય તો

પછી મુંડન કરાવ્યું, લોચ કરાવ્યો તે શા કામના ? તેથી ઉપાધ્યાયશ્રી કહે છે કે, 'શું મુંડે ? શું લોચે ?'

આવા સાધુ ન હોય તો લોચ કરાવ્યો તેય નકામો !

આવા સાધુ દ્રવ્યને ઉડાડી ભાવ સિદ્ધ કરવા ગયા તો જ્યાં અપ્રમત્ત ભાવે શુદ્ધ સત્‌ક્રિયા છે, ત્યાં સાધુપણું છે. સત્‌ક્રિયામાં ન રહે તો અસત્‌ક્રિયા આવી જાય ને તેથી પ્રમાદ આવવાનો.

દા.ત. વીતરાગને ખૂબ ભજવાનું નહિ કરે તો ઘરે દીકરાને ભજતો બેસી જશે.

ત્યાગ તપસ્યા નહિ કરે તો ખાનપાનમાં પડી જશે ને ત્યાં પ્રમાદ આવવાનો.

પરરૂપની કિંમત ઓછી કરીએ તો સ્વરૂપમાં રમાય. તે માટે પરરૂપની પ્રવૃત્તિઓ ઓછી કરી નાખવી.

જે ક્રિયા છે, જે આચાર છે, જે વેશ છે, તે આંતરિક અપ્રમાદ ભાવ રાખીને રાખવો.

સાધુ અપ્રમાદ ભાવમાં રમનારા હોય છે.

## ॥ શ્રી સાધુપદ કાવ્ય ॥

**ખંતે ય દંતે ય ખંતે સુગુત્તિ ગુત્તે, મુત્તે પસંતે ગુણ જોગ જુત્તે ।**
**ગયપ્પમાએ ગય મોહમાએ, ઝાએહ નિચ્ચં મુણિરાયપાએ... ॥૫॥**

મુનિરાજ ખંતે એ દંતે એ છે.

ખંતે એટલે ક્ષમાશીલ છે. મુનિનો પહેલો ગુણ ક્ષમા છે, માટે મુનિને 'ક્ષમાશ્રમણ' કહ્યા છે. એટલે પોતાની જાતને ક્ષમાથી શ્રમનારા - પોતાના આત્માને શ્રમથી કરનારા એટલે દૃઢ બનાવનારા છે.

મુનિનો પ્રથમ ગુણ ક્ષમા એટલા માટે કે માન, માયા, લોભ, ક્રોધ, મોહ, મદ, મત્સર વગેરે દોષો અંતરના ઉકળાટમાંથી ઉત્પન્ન થાય છે. તેથી હિંસા, જૂઠ, ચોરી, અબ્રહ્મ પરિગ્રહ તે કરવા પ્રેરાય છે - તો તે ઉકળાટને શાંત કરવા માટે ક્ષમા છે.

ક્ષમા એટલે ક્રોધ નહિ એટલે દ્વેષ નહિ. દ્વેષ નહિ એટલે ચડભડવાનું નહિ. જ્યારે અણગમતી વસ્તુ આવે ત્યારે તેને માટે ચડભડવાનું થાય.

દા.ત. ચા ગરમ ધારીને ઠંડી આવી, કપડું સુંવાળું માન્યું ને ખરબચડું આવ્યું. ત્યાં ચડભડાટ થાય.

આમ મન પહેલાં અસહિષ્ણુ બને છે એટલે પહેલાં તેને અંગેના ખોટા વિકલ્પો મન કર્યા કરે છે. 'પેલો માણસ મને અનુકૂળ નથી.' આ મનમાં પેઠું પછી તેની જપમાળા ચાલે છે. આ અસહિષ્ણુતાનો દોષ છે. તે દોષ કાઢવા માટે ખમતા

શીખવું. સહિષ્ણુ બનવું જોઈએ.

એ માટે એક સૂત્ર બરાબર રાખવાનું :

'બધું બરાબર' Everything is o.k.

દા.ત. આપણને ચા મીઠી જોઈતી હતી. તે ફીક્કી આવી, તો બધું બરાબર...

શું જડ ને શું ચેતન ? તે પર દ્વેષ ન થાય માટે આ સૂત્ર 'બધું બરાબર' લગાડવાનું.

**પ્રશ્ન : એ કેમ બને ? આપણે ચા જોઈએ ગરમ ને આવે ઠંડી. જોઈએ માન ને મળે તોછડાઈ તોય આ બરાબર સમજવું ?**

**ઉત્તર :** હા, ભવિતવ્યતાના સૂત્ર પર તે બરાબર છે. **ભવિતવ્યતા એક તત્ત્વ છે કે, 'અવસરે અવસરે નિયત સમયે તે તે જાતના બનાવો બનાવે છે.' તેમાં કાંઈ કોઈનું ઊપજે** નહિ. પછી તેને જે કાંઈ બનાવ્યું તેને બરાબર માનવું પડે... ન માનો તો કોઈ સાંભળે તેમ નથી.

દા.ત. તમે સરસ કપડાં પહેરી જતા હો, તે ખીલીમાં ભરાયા, તે ફાટ્યા.

તો ક્યાંથી ખીલી આવી ? આ ભવિતવ્યતાનો પ્રશ્ન છે. ત્યાં જવાનું થવું, ખીલી આવવી, કપડું ભરાવવું બધું બરાબર છે. તે જો બરાબર છે એમ કરતા ન આવડે તો બહારનું બગડ્યાનું દુઃખ તો ઓછું ને આ સંકલ્પ - વિકલ્પના દુઃખ વધી જાય.

જગતમાં જીવો વધુ દુઃખી છે, તે પોતાના મનને હિસાબે - સંકલ્પ વિકલ્પના આધારે છે. દા.ત. પાણી માગ્યું હતું. ને તેને અડધો ગ્લાસ મળ્યો. પછી તે સંકલ્પ કરે : પાણીમાં શું પૈસા પડે છે ? આ અડધો બાળ્યો !... આ છે અસહિષ્ણુતા. તેથી તે વધારે દુઃખી થાય છે.

આને બદલે એમ માન્યું હોત કે, 'કેવો વિવેકી માણસ ! પાણી માગ્યું કે તરત જ આપ્યું !'

**પ્રશ્ન : ચંદનબાળા માથે મુંડન ને પગે બેડી છતાં ભોંયરામા દુઃખી કેમ ન હતી ?**

**ઉત્તર :** તો તેનું કારણ આ 'બધું બરાબર' એ હતું. ધન્ના શેઠ આવ્યા ને રોષમાં બોલ્યા : 'આ બેડી ! શું બેડી તે સ્ત્રીએ નાખી છે ?'

તો ચંદનબાળા બોલી : પિતાજી ! બધું બરાબર છે. બેડી હતી, તો હરવા ફરવાનું ટળ્યું. હરવા ફરવામાં ભગવાન ભૂલતી હતી. અને બેડીથી ભગવાનનું સ્મરણ ચિંતન સતત થયું.

ત્યાં શેઠ બોલ્યા : કેશ કાપી નાખ્યા માતાએ !

તો ચંદનબાળા બોલી : બધું બરાબર છે. કેશ સમારવામાં ચાર બાંધી

નવકારવાળી જેટલો સમય જતો, તો ભગવાનનું નામ લેવામાં ખોટ પડતી હતી. માએ બધું સીધું કરી આપ્યું કે, 'તું અખંડ ધારાએ નામ સ્મરણ કર.'

'બધું બરાબર છે' એ સૂત્ર પર તો ચંદનબાળા ૩૬ હજાર સાધ્વીઓના વડેરા બન્યા હતા.

મુનિએ જડ કે ચેતન પ્રત્યે ક્ષમાશીલ, સૌમ્ય ને સહિષ્ણુ બનવું જોઈએ.

**'બધું બરાબર' છે મન જેને, તેને કોઈ દુઃખ નથી.** આ ન કહેનાર - સમજનાર માણસ દુઃખી થાય છે.

મુનિને જ્ઞાન - દર્શન - ચારિત્રના અનેક પર્યાયો છે. તે જો તે જાણે તો લક્ષ રહે કે આ બધા મારે કમાવવાના છે. આ કમાવા માટે જો મુનિ ક્ષમા રાખે, જડ પ્રત્યે સ્વસ્થ ને શાંત રહે તો આ પર્યાયોની કિંમત થાય.

મોહરાજાએ અસહિષ્ણુતાનું ભૂત લગાડ્યું છે, તેથી મહાકમાણી કરવામાં મીંડું રહે છે. બધું બરાબર - Everything is in Order કર્યું હોય તો કાંઈ ન ચૂકાય.

સાધુ ખંત બને ને દંત બને. દંત એટલે દાંત - પાંચ ઈન્દ્રિયોની યથેચ્છ વિહારતાનું દમન કરનારા છે અને માનસિક કુવૃત્તિઓનું દમન કરનારા છે.

ઈન્દ્રિયો યથેચ્છ વિહારતામાં ટેવાઈ ગઈ છે. જ્યાં ગમતો વિષય આવ્યો કે ઈન્દ્રિય તે તરફ દોડી જવાની. તે પર દમન કરનારા મુનિ છે.

**પ્રશ્ન : ઇન્દ્રિય પર દમન શી રીતે થાય ?**

**ઉત્તર :** ઈન્દ્રિય સ્વેચ્છાચારી, યથેચ્છ વિહારી, ચપળ ઘોડા જેવી છે. ચપળ ઘોડાની માફક તે અહીં તહીં દોડવાની.

**'પાંચે ઈન્દ્રિય ચપળ તુરગસમ, વશ કરી જ્ઞાન સુવાગે'** - સુવાગે એટલે લગામ વડે જ્ઞાનરૂપી લગામથી ઈન્દ્રિયોને વશ કરી તેનું દમન સાધુએ કર્યું છે.

**પ્રશ્ન : તો જ્ઞાન શું છે ?**

**ઉત્તર :** ઈન્દ્રિયો જેની ગમતા વિષયમાં જાય છે, તે જીવનું વિષયોનું ભૂખાળવાપણું વધારે છે. ઈન્દ્રિયને એકવાર વિષય આપ્યો, તો તેનું ભૂખાળવાપણું વધશે. માટે કહ્યું છે કે, 'લાકડાથી અગ્નિ શાંત થતો હોય ને નદીઓના પાણીથી સમુદ્ર પૂરાતો હોય તો ઈન્દ્રિયો શાંત થાય.' અને આ થવું અશક્ય છે, આ જ્ઞાન છે.

ઈન્દ્રિયે એક પણ વિષયનો સંપર્ક ચાખ્યો તો જીવનું ભૂખાળવાપણું વધે. અર્થાત્ વિષયોની સંજ્ઞા તગડી થઈ, તેને પછી દબાવવી મુશ્કેલ છે. માટે પહેલેથી તે સંપર્કને અટકાવો. તે વિષયોનો સંપર્ક ઓછો કરી નાખવો.

(i) એમ વિચારો કે, 'દુનિયામાં જોવા - સાંભળવાનું ઘણું છે. તો હે મન ! તું ક્યાં પહોંચીશ ? તું પૂરો થઈ જઈશ પણ દુનિયા પૂરી નહિ થાય, માટે અહીંથી પૂરું કર.' 'કાંઈ જોવું નથી, કાંઈ સાંભળવું નથી' - આ જ્ઞાન જોઈએ.

(ii) બીજું જ્ઞાન એ જોઈએ કે ઇન્દ્રિયોને મનગમતા જે વિષયો આપીએ છીએ, તે ઝેર આપીએ છીએ. ઝેરથી ચેતના નષ્ટ થાય તેમ ઇન્દ્રિયોની સદ્ચેતના, વૈરાગ્યની ચેતના, ઉદાસીન ભાવની ચેતના નષ્ટ થાય.

દા.ત. ખાવાનો વિચાર આવ્યો તો સદ્ચેતના ગઈ. વિષયો વિષ છે, તે આત્માની સત્ ચેતનાને નષ્ટ કરે છે. એ વિચાર પર ઇન્દ્રિયોને લગામ લાગે છે.

અરિહંતનું સ્વરૂપ વિચારવું તે સત્ ચેતના છે.

અરિહંતના ઉપકાર વિચારવા તે સત્ ચેતના છે.

અનિત્યની ભાવના વિચારવી તે સત્ ચેતના છે. આ જ્ઞાન રાખીએ તો ઇન્દ્રિયોનું દમન થાય.

મુનિઓ દાંત - ઇન્દ્રિયોના દમનારા સાથે મનની કુવૃત્તિ-દુષ્ટ વૃત્તિને દમનારા - દબાવનારા છે, જે કુવૃત્તિઓ અનાદિ કાળના અભ્યાસથી ઊઠે ખરી, તેને આગળ ચાલવા દેતા નથી. તે ઊઠે તે પહેલાં કુવૃત્તિને દાબવાની, કારણ કે કુવૃત્તિઓ વીફરેલા વાઘ સમાન છે. ખેદાન મેદાન કરી નાખે.

**ઉદાહરણ : પ્રસન્નચંદ્ર** રાજર્ષિ સાતમી નરકના પાપે પહોંચી ગયા કારણ કે એક વૃત્તિ ઊઠી. 'દિવાને દીકરાને ધક્કો માર્યો ?' બસ, પછી તો માઝા મૂકી તે ક્યાં સુધી ? કર્મે કહ્યું : 'જાવ, સાતમી નરકનાં પાપ ભેગાં કરો.' તેથી સંભાળવાનું છે. વૃત્તિ સામે હંમેશ લડવાનું એટલે જ્યાં વૃત્તિઓ ઊઠવા જાય, પ્રસરવા જાય તો લડી લડીને દાબવી.

સાધુપણું તે જિંદગીભરની લડાઈ છે. જેમ સઈનો દીકરો જીવે ત્યાં સુધી સીવે, તેમ મુનિ જીવે ત્યાં સુધી કુવૃત્તિ સામે લડાઈ કરે. કુવૃત્તિ ઊઠવા જાય તો સાધુ તેને કચડતો જાય.

કુવૃત્તિ સામે સદ્વૃત્તિ ઊભી કરીને કુવૃત્તિ કચડવાની. ગુણસ્થાનની દૃષ્ટિએ મુનિ છઠ્ઠા ગુણસ્થાને છે. સતત તે ચાલે તો અંતર્મુહૂર્ત ચાલે. અંતર્મુહૂર્ત ચલાવ્યું હવે ત્યાં ઊભા ન રહેવાય... કાં તો ઉપર જાવ અથવા નીચે જાવ.

છઠ્ઠા ગુણઠાણાના ભાવ સાતમામાં ફેરવી નાખ્યા તો બચ્યા. પણ એમ કહો 'ના, હમણાં ફુરસદ નથી, તો ઊતરો હેઠા.'

છઠ્ઠું ગુણઠાણું આવ્યું. પછી સાતમા માટે સતત મહેનત કરવાની છે.

સાતમું ગુણઠાણું વધુ ચપળ છે, એક સમય પણ ન બેસવા દે. તો જો

સાતમેથી આઠમે ન ચઢાય, છટ્ઠે ઊતરવું પડે. આમ સાતમેથી લપસણું થાય છે.

છટ્ઠેથી ઉપર ચઢવા ખેંચાતા જવા માટે પ્રમાદમાંથી અપ્રમાદમાં જવું છે. આ લડાઈ છે - સંગ્રામ છે. તે નહિ તો નીચે ઊતરી જાવ. વળી ફરી મહેનત કરી, ઉપર આવે ત્યાં જો પ્રમાદને ઊભો રાખે તો નીચે જાવ.' સાતમાની ચપળતા છે.

આખા ક્રોડવર્ષના ચારિત્રમાં સાતમા ગુણઠાણાનો કાળ એક અંતર્મુહૂર્ત સમયનો - બે ઘડીનો છે. એટલે સાતમું ગુણઠાણું લપસણું છે, તે ટકવા દેતું નથી. આપણે છટ્ઠેથી નીચે ઊતરવું, એમ સમય ચઢ્યા. વળી પાછા નીચે ઊતર્યા. આમ ચઢ્યા ને ઊતર્યા.

ભગવાન મહાવીરનું છઠ્ઠું ગુણઠાણું તે સાતમા જેવું. આ સમજવા માટે ધારો કે ૫૦ પગથિયાંની એક સીડી છે. નીસરણીનાં ઉપરનાં પાંચ પગથિયાં ઉપરવાળાએ રાખ્યાં નીચેનાં ૪૫ પગથિયાં નીચેવાળાએ રાખ્યાં છે, નીસરણીનાં પગથિયાં ચઢવા માંડો. ને ઉપરવાળો રાડ પાડે : ઊતરો નીચે. તમે ૪૫મે પગથિયે આવી ગયા હો તો એક પગથિયું નીચે એટલે ૪૪મે પગથિયે ઊતરો.

૪૪મા પગથિયે છઠ્ઠું ગુણસ્થાન છે. ત્યાં રહી જાય તો જો ઉપર ચઢો તો 'ઊતરો નીચે' એમ રાડ પડે.

૪૫મું પગથિયું વિશુદ્ધ છે.

છટ્ઠે ગુણસ્થાને ભગવાનને વધારે કાળ ગયો. પણ ભગવાનનું ચારિત્ર અપ્રમત્ત હતું.

સાતમાની વિશુદ્ધિ છે, તેની અપેક્ષાએ અશુદ્ધિમાં આત્મા આવ્યો.

નીચે ઊતરવામાં સંક્લિષ્ટ ને ઉપર ચઢવામાં વિશુદ્ધિ.

૪૫મું પગથિયું તે ૪૪ ને ૪૬ વચ્ચેનું વચલું પગથિયું છે. ૪૫ થી ઉપર ચઢતા હો કે ૪૫ થી નીચે ઊતરતા હો, તે પ્રમાણે ૪૫ વચમાં રહે.

આત્મા ચઢતો હોય તે ચઢતાની પાયરીમાં છે તેથી તે વિશુદ્ધ છે.

આત્મા ઊતરતો હોય તે ઊતરતાની પાયરીમાં છે, તેથી તે સંક્લિષ્ટ છે.

છટ્ઠેથી સાતમે તે વિશુદ્ધિ છે તે સંક્લિષ્ટ નહિ જેવો કરાવે છે.

આમ ઈન્દ્રિયોનું દમન તેમ વૃત્તિઓનું દમન કરવાનું; નહિ તો વૃત્તિઓ વિકસે તેવી છે, પેટમાં પગ પહોળા કરે તેવી છે.

**ઉદાહરણ : લક્ષ્મણા** સાધ્વીએ એક વિચાર કર્યો. પછી ચાલી તેના પર વિચારણા. 'ભગવાન આવું કહે કારણ કે ભગવાન નિર્વેદી છે. ભગવાનને વેદના ઉદયવાળા જીવની શી ખબર પડે ?' અને ત્યાં વિચાર-વૃત્તિનો વિકાસ થયો ને લક્ષ્મણા સાધ્વીનો વિકાસ રૂંધાયો.

આવી એક વૃત્તિને સાધુ ન દબાવે તો તે મોત ઉપજાવે અને આપણે ખોટી વૃત્તિના **Expert** છીએ ને સારી વૃત્તિનાં ફાંફાં છે. જ્યાં એવી વૃત્તિ થાય કે 'સારું મળ્યું તો ભોગવી લઉં' - તો આ સ્થિતિમાં લડાઈ ચાલુ રાખવાની.

જ્યાં કુવૃત્તિ ઊઠવા જાય ત્યાં તેનું દમન સારી વૃત્તિઓથી કરવાનું. ખોટી વૃત્તિઓ સામે સારી વૃત્તિઓ બે જાતની છે :

(૧) ખોટી વૃત્તિ - તો ખોટી સામે તેની પ્રતિપક્ષી વૃત્તિ ઊભી કરવાની - તે છે ક્ષમાની. કોઈના પર ક્રોધ આવ્યો. તો મનમાં થાય : 'આના પર ક્રોધ ઊભો થયો ? શું ફાયદો થયો ? તારું મન ઉકળાટમાં આવ્યું તો બધું તારું ગયું.' - આ ક્ષમાની સારી વૃત્તિ છે.

કેટલીક વખતે અભિમાન નડે છે જેમકે, 'આ મને કહેનારો કોણ ?' ત્યારે તેની સામે લઘુતા વૃત્તિ લાવો. જેમકે હું મહાપુરુષો આગળ કોણ ? મહાપુરુષો જો સજ્જન છે તો હું દુષ્ટ છું ! હું તો પાપ કર્મથી ભરેલ છું. તો હું શા માટે ક્રોધ કરું ? હું કોણ ? એમ શા માટે માનું ? આ એક જાતની સારી વૃત્તિ છે.

(૨) બીજી જાતની સારી વૃત્તિ એટલે તાત્ત્વિક વિચાર - સાત્ત્વિક વિચાર છે.

દા.ત. ગુસ્સો ઊતર્યો. તો મનમાં વિચારે : 'ચાલ, પરામાં ઘણાં દેરાસર થયાં છે, લાવ તેનાં દર્શન કરવા દે.' પછી એક પછી એક દેરાસર ધ્યાનથી જોવા. ત્યાં એકેએક ભગવાનનાં દર્શન કરવાનાં. ઉપર નીચે બધે દર્શન કરવાનાં. આ સારી વૃત્તિ છે. મનને એક કામ સોંપી દીધું અથવા નવકારના અર્થ કયા કયા છે ? તે સામે વંચાય તેમ આવે. એક પછી એક આવતા જાય. એકેક પાટિયું જોવાનું. મન લાગી ગયું. તેમાં પેલો ગુસ્સો ભૂલાઈ ગયો !

જેમ કષાયની વૃત્તિ તેમ વિષયની વૃત્તિ છે. આખી ગોચરી કરો ને આવામાં મન લગાવી દો તો શું વાપર્યું ? - તેની ખબર ન પડે.

ઉદાહરણ - સુરતમાં સાકરચંદ હતા. 'મુંબઈ સમાચાર'માં દર શનિવારે આખું પાનું ભરીને એટલે સાત - આઠ કોલમ જૈન તરીકે લેખ લખતા. તે વાત કરતા હતા કે 'નિયમ કરેલો કે જમવા બેસું ત્યારે બોલવાનું નહિ. ઓછું-વત્તું પીરસાય તે ખાઈ લેવું. તે વખતે હવે પછીના શનિવારે કયો વિષય લખવો છે, તેનો વિચાર કરું. આમ સાત દિવસમાં શનિવારની સાત - આઠ કોલમનો મસાલો ભેગો કરી લઉં. જમતી વખતે શું વાપર્યું તેની ખબર ન પડે.'

મનની કુવૃત્તિને દબાવવા માટે મનને સારા વિચારમાં જોડી દેવું.

દા.ત. જ્યાં ખોટો વિચાર આવ્યો કે શરૂ કરવાની સિદ્ધગિરિની યાત્રા... જ્યાં એકેક કાંકરે અનંતા સિદ્ધ થયા છે. આ તળેટી આવી. ધન્ય ગિરિરાજ ! ઉપર

ચઢ્યા. એકેક કુંડ - દેરીને નિહાળતા આગળ ચાલ્યા. આમ કરીએ તો ખોટા વિચાર ચાલ્યા જાય.

**મન લઈ જાયે મોક્ષમાં મન લઈ જાયે નરકમાં.**

મન પર દમન કરવા માટે સારી વૃત્તિ જોઈએ. તે સારી વૃત્તિનો ખોરાક છે સારો વિચાર.

દા.ત. ધારો કે આપણને સ્તવન બનાવતાં નથી આવડતું; પણ સ્તવન બનાવનારે જે ભાવ જોડ્યા છે, તે ભાવમાં ઓતપ્રોત થવાનું. માતા મરુદેવીનાનંદ - કરુણા સાગર બોલતાં તેનું અનુસંધાન - કંચનવર્ણી ૫૦૦ ધનુષ્યની કાયા - સમવસરણ - નાટારંભ - અહોભાવ વગેરે મન સમક્ષ આવે.

પદ્ય ન આવડે તો ગદ્યમાં ભાવ જોડવા. દા.ત. વીતરાગ કેવા છે ? શું તારું શાસન ! કેવા તમે ઉપકારી ! ભગવાનનાં વિશેષણ જેટલાં જોડાતાં જાય તે જોડતાં જઈએ ને સ્તુતિ કરતા જઈએ.

**ઉદાહરણ :** અમેરિકામાં ડેલ કાર્નગી નામે લેખક થઈ ગયો. તેણે Public Speaking પર પુસ્તક લખેલ છે તેમાં તે કહે છે : બહાર ઘણાં બોલે છે, પણ સભામાં જીભ નથી ઊપડતી. બોલવાની હિંમત નથી ચાલતી - તો તેને માટે એક નુસખો બતાવ્યો. તેમણે કહ્યું : આ જીભ નથી ઊપડતી ને હિંમત નથી ચાલતી - એ બધી ભ્રમણા છે. તમને બોલતાં આવડે છે.

તેણે બતાવ્યું કે, ધારો કે સરસ સુંદર કપડાં પહેરી તમો રસ્તા પર જાવ છો. કોઈનો ઠેલો લાગ્યો, તમો પડ્યા, તમારાં કપડાં બગડ્યાં તો તમે પેલા પર કેટલું બોલો છો ? ભાષણ જ આપો ને ? 'શું' સમજે છે તું ? આવું આવું ફુલ સ્પીડથી કેટલુંય બોલી નાખો છો - તો સભામાં બોલવા ઊભા થયા તો સમજી લેવાનું કે કોઈએ ધક્કો માર્યો. પછી જુઓ, તમે કેટલું બોલી નાખવાના ? પછી કેટલોય પાવર નીકળશે !

તમે ભગવાનની સ્તુતિ - તેનાં ગુણગાન તમને આવડે છે, પણ તે બાજુ લક્ષ નથી.

ભગવાનનાં સ્તુતિગાન કરવા માટે દુનિયાની એકેએક વસ્તુ પર અરિહંતની સ્તુતિ કરી શકાય, દા.ત. ભગવાન ! આ રસ્તાની ધૂળ કેટલી નરમ છે. તેને કેટલા કચરે છે ? છતાં તે ઊડીને માથા પર નથી ચઢી બેસતી એમ આપનું પણ તેવું જીવન છે. કેટલાય અનાડી આવ્યા. આપને કચડતા ગયા છતાં આપ કોઈના માથે ચઢી ન બેઠા.

આમ કોઈ પણ ચીજની કડી અરિહંત સાથે જોડી શકાય, તેથી મનોવૃત્તિ

સુધરે. મુનિ સુગુપ્તિ ગુપ્તે છે. મુનિ ગુપ્તે હોય એટલે સુરક્ષિત હોય. મન વચન કાયાની ગુપ્તિ તે રીતે થાય કે 'જેટલું મન, વચન, કાયાનું ખરાબ છે, તેનાથી નિવૃત્તિ અને જેટલું સારું છે, તેનામાં પ્રવૃત્તિ ! દા.ત. મનમાં કોઈને સંભળાવી દેવાનું ઉઠ્યું, તો તે બોલવામાં પાછા હઠવા માટે મનને કહેવું : 'જા રે જા, જીવ ! શું સંભળાવવાનું છે ? આમ તો તેનો પાર આવશે નહિ, માટે અત્યારથી બંધ કર.'

આંખને ખોટી જગ્યાએ લઈ જવી તે કાયાનો ખોટો વર્તાવ. ટૂંકમાં ખોટામાંથી નિવૃત્ત થવાનું છે આ મુનિ જન્મ છે, તે ખોટામાંથી નિવૃત્ત થવા માટે છે. જગતમાં આવો બીજો કોઈ જન્મ નથી. બીજે બધે ખોટામાં પ્રવર્તવાનો જન્મ છે. ફક્ત આર્ય દેશમાં આવો જન્મ છે, તે અનાર્ય દેશમાં નથી.

ખોટામાં પ્રવર્તવાનો - ખોટામાં પ્રવર્તન અટકાવવાનો મોકો મનુષ્ય જન્મમાં છે. અસદ્ વાણી, વિચારમાંથી જેટલા પાછા હઠાય તેટલું જીવન જીત્યા, તેમાં આનાકાની કરી, આળસ કરી, તો જીવન તેટલું હાર્યા.

**ઉદાહરણ :** ચિત્તોડના રાજાની સભા શોભાવનાર એક **કવિરાજ** હતા.તે શીઘ્ર કવિ હતા. રાજા કોઈ પ્રસંગ પર કાવ્ય કરવાનું કહે તો તેઓ કાવ્ય રચી શકતા. રાજાએ તેનું ભારે સન્માન કર્યું. રાજદરબારમાં લાવવા પાલખી હતી. બજાર વચ્ચે જયજયકાર બોલાવતા લઈ જવાતા.

એક વાર પરદેશથી બે સંગીતકાર આવ્યા ! તેમનું સંગીત સાંભળી રાજા ખૂબ ખુશ થયા. રાજાએ પૂછ્યું. અહીં રહી જશો ?

સંગીતકાર : જરૂર.

પછી તેમને માટે રહેવા - જમવાની બધી વ્યવસ્થા કરવામાં આવી.

આ બન્ને સંગીતકાર કવિરાજના કાકાના દીકરા હતા. બન્નેના બાપ મામા ફઈના ભાઈ થતા હતા. તેઓ બન્ને પોતાના બાપનું વેર લેવા ગુપ્ત વેશે અહીં આવ્યા હતા. ભૂતકાળમાં બન્નેના બાપ વચ્ચે ઝગડો થયેલો. બોલાચાલી વધતાં શસ્ત્રો ઉગામેલાં. કવિરાજના બાપ ભલાભોળા - સીધા હતા. પેલા બેનો બાપ વાંકો હતો. ક્રોધાંધ બન્ને બન્યા. તેમાં કવિરાજના પિતા વડે સંગીતકારનો બાપ ઘવાયો ને મર્યો.

આ વખતે બધા નાના હતા. કવિરાજના બાપને ખૂબ ખેદ થયો. જમીનના ટુકડા ખાતર આ ભયંકર કામ કર્યું ! તેણે ગામ છોડ્યું, અહીં આવી વસ્યા. સમય જતાં બન્નેના વડીલ મરી ગયા. છોકરા મોટા થયા. મનમાં વેર ઉઠ્યું. 'કાકો તો મરી ગયો છે, તેનો દીકરો મોટો કવિરાજ બન્યો છે !' તો તેને ખતમ કરવા આ બન્ને સંગીતકારો ચિત્તોડમાં આવ્યા. હંમેશ તે એકલો પડે તેનો લાગ જોયા કરે છે.

પણ પાલખીમાં ઘરેથી રાજ દરબારમાં જાય ને પાછા ઘરે. વળી જ્યાં જાય ત્યાં સાથે અંગરક્ષકો હોય, તેથી પેલા બેની કારી ફાવે નહિ. પણ એક વાર ગલીમાં કવિરાજ ભેટી ગયા. તે એકલા હતા. આ સારો મોકો જોઈ લીધો. તેમણે કવિરાજને ઊભા રાખ્યા. તે કવિરાજ બોલ્યા : 'અહો ! તમે સંગીતકાર...' બન્ને બોલ્યા : 'સંગીતકાર નહિ, તમારા દુશ્મન.' કવિરાજ : 'મારા દુશ્મન ? એ કેવી રીતે બને ?' સંગીતકાર : 'તારા બાપે મારા બાપને મારી નાખ્યો છે.'

કવિરાજે તેમને ઘણું સમજાવ્યા. કવિરાજ શાંતિથી બોલે છે, પેલા બન્ને ચઢી ચઢીને બોલે છે. કવિરાજ બોલ્યા : ભાઈ, મારા બાપની ભૂલ હશે. તે તો મરી ગયા. હવે શું ? હવે છોકરાઓમાં વેરની પરંપરા શા માટે ચાલુ રાખવી ? આવો સુંદર મનુષ્ય ભવ મળ્યો છે તો ત્યાં આવી ગુસ્સાની વાત શા માટે ?

બન્ને સંગીતકારો બોલ્યા : હવે જોયું જોયું તારું લેકચર ! મોટો દેવનો દીકરો જાણે ! હમણાં ભોંય ભેગો કરી દઉં.

કવિરાજે પૂછ્યું : તમારે ચોક્કસ વેર વાળવું છે ?

બન્ને બોલ્યા : હા, ચોક્કસ.

કવિરાજે કહ્યું : આ કામ તો ગમે ત્યારે થઈ શકશે.

અત્યારે આવું કામ કરતા પકડાયા તો બન્નેને ઘણું સહન કરવું પડશે. તમારે જો મને મારવો જ હોય તો સંધ્યાકાળે ગામ બહાર મંદિરે આવજો ને ત્યાં તમારું કામ પતાવી દેજો જેથી તેની કોઈને ખબર નહિ પડે.

બીજો બોલ્યો : વાહ ! કેવો બનાવવા નીકળી પડ્યો છે ! તારા પર વિશ્વાસ મુકાય ?

કવિરાજ : હું સાચું કહું છું. જરૂર હું ત્યાં આવીશ.

સાંજ પડી. કવિરાજ ત્યાં આવી ગયા. હાથમાં તલવાર હતી. પેલા બન્નેને થયું : કેવો તલવાર લઈ મારવા આવે છે ? પણ કવિરાજે તો નજીક જઈને કહ્યું : 'લો આ તલવાર ને ઉડાવી દો મારું માથું.' 'પછી તો તમારું વેર શાંત થઈ જશે ને ? કરી લો શાંતિ. આ જંગલ છે. તમારા કામની કોઈને ખબર નહિ પડે. તમારું કામ પતી જાય પછી તમે જાણો ને મારું કામ પતી જાય. પછી છોકરાઓ આ વિશે જાણશે નહિ.'

પેલા બેને પડ્યો વહેમ. આણે આજુબાજુ તો કોઈને ગોઠવ્યા નથી ને ? આમ તેમ જોવા લાગ્યા, ત્યાં ધૂળની ડમરી ઊડતી જોઈ. દરવાજા તરફથી બે ઘોડા આવતા હતા. તેમાં એક સ્ત્રી ઘોડેસવાર હતી ને બીજા ઘોડા પર કોઈ ન હતું.

ઘોડેસવાર નજીક પહોંચતા બન્ને બોલ્યા : કોણ છે તું ?

બાઈ : હું તમારી ભાભી. કવિરાજની ઘરવાળી.

બન્ને : વાહ, પતિને બચાવવા ને છટકાવી જવા સારી યુક્તિ રચી છે ! એટલે આ બે ઘોડા લાવી ! પણ તને રંડાવ્યા વિના નહિ રહીએ.

બન્નેએ આ કહ્યું, ત્યાં બાઈએ કહ્યું : હું ધણીને બચાવવા નહિ, પણ તમારું કામ સરળ કરી આપવા માટે આવી છું.

'આવું આવું બન્યું છે,' એમ કહીને તમારા ભાઈ - કવિરાજ તો ગયા. પણ મને થયું, તેમનો ભોગ અપાશે. ત્યારે તમે તમારું કામ પતાવશો કેમકે પછી શહેરમાં નથી આવવાના. હવે તમે પગે ચાલતા જાવ તો કેટલે જવાના ? રાજાને જ્યાં ખબર પડી કે તમારી પાછળ ઘોડેસવાર દોડાવવાના; તમને પકડવાના; માટે તમારા બે માટે આ બે ઘોડા લાવી છું. તમારું કામ પતાવી, આ બે ઘોડા પર નાસી છૂટો. ને હું તેમનું શબ ખોળામાં લઈશ તેમની ચિતા તે મારી ચિતા બનશે.

જંગલમાં બધું પતી ગયું એટલે વેરનો અંત આવશે. કેટલી હદ સુધી પતિ પત્નીએ ખામોશી રાખી હશે ?

'સુખેથી કામ પતાવો. ઘોડા લઈ જાવ,' બાઈ બોલી' પણ પેલા શું પતાવે કામ ? તલવાર ઉપાડે તે પહેલાં આંખે અંધારાં આવ્યાં, તલવાર નીચે પડી. બન્ને તેમને પગે પડ્યાં. આંખમાં ચોધાર આંસુ વહેવા લાગ્યા. તે બોલ્યા : 'તમે તો દેવ જેવા ભાઈ ભાભી છો. દુનિયામાં ક્યાંય જોવા ન મળે.' તેમને ઘણો પસ્તાવો થયો. તે બોલ્યા : 'હવે વેર પતી ગયું.' હવે અમે જીવવાલાયક નથી. પાપીના પણ પાપી છીએ. તલવારથી અમે મરી જઈએ.

તેમને ખૂબ ખૂબ સમજાવવા પડ્યા.

'આ જિંદગી મહામૂલી છે, જ્યાં સુધી જિંદગી છે, ત્યાં સુધી પાપનો ફેંસલો થાય. તમારી પાપ બુદ્ધિ ગઈ. અત્યાર સુધી વેરના વિચાર કર્યા હશે. હવે પરમાત્માના વિચાર કરો.'

કવિરાજ પછી રાજા પાસે ગયા. તે બોલ્યા : 'મહારાજ એક ભૂલ થઈ. આ સંગીતકાર તો મારા ભાઈ છે.' પછી રાજાએ તેમને ઊંચે હોદ્દે ગોઠવ્યા ને કવિરાજે પોતાને ઘેર રાખ્યા.

આમ સામે માથું વાઢવા આવનારને ન્યાલ કરી દીધા આ છે સહિષ્ણુતા ને ધીરતા.

❋ ❋ ❋

મુનિ - 'સુગુત્તિ ગુપ્તે મુત્તે પસંતે ગુણજોગ જુત્તે' - છે.

મુનિ મુત્તે એટલે લૌકિક તૃષ્ણાથી મુક્ત છે, કારણ કે મુનિ આત્માર્થી બની ગયા

છે. આત્માર્થી બનવા માટે ઐહિક એષણાઓ - લૌકિક એષણાઓ મૂકી દેવી પડે. દા.ત. હું મોટો થઉં, સમૃદ્ધ થઉં, મને માન મળે, આ બધી લૌકિક એષણાઓ છે.

મુનિ મોહ, માયા, મમતા વગેરે બાહ્ય બંધનોથી મુક્ત છે. પૂર્વે મોટા ચક્રવર્તી હતા, તોય બધું મૂકી દીધું. માટે મુનિ શાંત, દાંત, સુગુપ્તિ, ગુપ્તા, મુક્ત છે અને પ્રશાંત છે એટલે ઉપશમ રસથી ભરપૂર છે. પ્રશમ રસથી ભરેલા છે, તેથી બધી વાતના ઉકળાટ મૂકી દીધા છે. ઈન્દ્રિયોના ઉકળાટ મૂક્યા તો દાંત બન્યા એટલે તે ઉકળાટ ઠારી દીધા, તેથી તે પ્રશાંત બન્યા છે.

જયારે વિષયો અને કષાયોનું દમન થાય, ત્યારે પ્રશાંત થવાય. દા.ત. મકાન આંખને ગમ્યું, તો તે આંખનો વિકાર છે.

જ્યાં સુધી વિષયોના વિકાર ફેંકી દેવામાં ન આવે ત્યાં સુધી પ્રશાંત ન થવાય, જેમ જેમ વિષયોના વિકાર દૂર કરવામાં આવે તેમ તેમ ઉત્તરોત્તર પ્રશમ સુખની પ્રગતિ થતી જાય. જેમકે ઉપર ઉપરના દેવલોકનું પ્રશમ સુખ વધતું જાય છે, કારણ કે વિકારો ઓછા થતા ગયા છે.

(i) પહેલા ને બીજા દેવલોક સુધીમાં સંપૂર્ણ શરીરથી મનુષ્ય માફક ભોગના વિકાર ભોગવાતા હોય છે.

(ii) ત્રીજા ને ચોથા દેવલોકમાં સ્પર્શનો વિકાર હોય છે.

(iii) પાંચમા અને છઠ્ઠા દેવલોકમાં રૂપનો વિકાર હોય છે.

(iv) સાતમા ને આઠમા દેવલોકમાં શબ્દનો વિકાર હોય છે.

(v) નવમા ને દશમાં તથા અગિયારમા ને બારમા દેવલોકમાં મનનો વિકાર હોય છે.

જેમ જેમ વિકાર બંધ થતા જાય તેમ તેમ પ્રશમ સુખનો લાભ વધતો જાય છે.

(vi) બાર દેવલોકની ઉપર ગયા, તો ત્યાં મનનો વિકાર પણ બંધ છે. કોઈ વિકાર નહિ, તદ્દન નિર્વિકાર, તો પ્રશાંત સુખ ખૂબ વધારે.

(vii) અનુત્તર વિમાનમાં સમ્યક્ત્વનો અનુભવ થાય.

(viii) ગ્રૈવેયકમાં મિથ્યાત્વી દેવો પણ હોય પણ નિર્વિકાર હોય. ત્યાં ભવ એવો મળ્યો છે કે વિકારની કોઈ ખણજ ન ઊઠે - એટલા નિર્વિકારી હોય. અનુત્તર વિમાનમાં તત્ત્વની શ્રદ્ધા પૂરી થઈ એટલે પ્રશમ સુખ વધ્યું. બીજા દેવો કરતાં વધારે પ્રશમ સુખ ત્યાં હોય. અનુત્તર વિમાનમાં દેવોને -શાતા વેદનીય ભોગવે તેનો રસઉત્કર્ષ છે. પુદ્ગલનો અનુભવ - શાતામાં કમી પડે છે, માટે ખણજ ઊઠે છે.

જેનું પુણ્ય અલ્પ હોય તેને ખણજ વધારે હોય છે, જેનું પુણ્ય જોરદાર હોય તેને તેટલી ખણજ ન હોય. જેમ વિકારની ખણજ ઓછી, તેમ શાતા વધારે, કારણ કે વિકારો ઓછા થઈ ગયા, તે કારણે રતિ - અરતિ બહુ ઓછી થઈ ગઈ.

દા.ત. પાણી ઠંડું મળે તો સારું - તે રતિ છે.

રતિ-અરતિ તે માનસિક અશાતા કરાવે છે. શરીરે શાતા હોય ત્યારે મનમાં એમ આવે કે, 'શરીર સારું કર્યું, પણ પેલા જેવું નહિ, તો ત્યાં માનસિક શાતા નહિ.'

તો પ્રશાંત બનવા શાતા લાવવા માટે માનસિક રતિ - અરતિને દબાવવી. તે માટે ભેખ લેવાનો કે ગમે તેવા ઈષ્ટ ને અનિષ્ટ પ્રસંગ આવો, મારે ખુશે થવું નથી અને નાખુશે થવું નથી.

**ઉદાહરણ :** એક સંન્યાસી શાંત મહાત્મા હતા. બધા તેમના ક્ષમા, સહિષ્ણુતા વગેરે ગુણોનાં વખાણ કરતા. ત્યારે એક ટીખળીને તેમની મશ્કરી કે પરીક્ષા કરવાનું મન થયું.

પેલો સંન્યાસીના આશ્રમે ગયો. ત્યાં બાવાજી મસ્ત થઈ પડ્યા હતા. પેલાએ પોતાને ત્યાં ભોજન માટે આવવા વિનંતી કરી. સંન્યાસી સરળ ભદ્ર આત્મા હતા. તેમને થયું કે આનો આટલો બધો ભાવ છે, તો લાવ તેને ત્યાં જાઉં, સંન્યાસીએ ભોજન માટે સંમતિ આપી. નિયત સમયે તે આવી ગયા. પેલાએ તેમનું સ્વાગત કર્યું. સંન્યાસી જમવા બેઠા. સારી સારી વાનગીઓ પીરસવામાં આવી. જ્યાં સંન્યાસી પહેલો કોળિયો લેવા જાય છે, ત્યાં પેલો તાડુક્યો : 'હરામખોર ! મફતિયું ખાવા આવ્યો છે ! જાણે બાપનો માલ ન હોય ! આ તારા બાપનું ઘર છે ? ઊઠ ઊભો થા.'

સંન્યાસી શાંતિથી ઊભા થયા ને તેમણે ચાલવા માંડ્યું. પેલો તેની પૂંઠે ગયો ને બોલ્યો : 'અરે ! બાપજી મારી ભૂલ થઈ. પાછા ફરો.'

સંન્યાસી : તને કલેશ થાય તેમ નથી ને ?

ટીખળી : ના, ના આ તો મારો સ્વભાવ એવો છે કે બોલાઈ જવાય છે. પધારો જરૂર પધારો.

સંન્યાસી પાછા આવ્યા. પેલાએ સારી સરભરા કરી તેમને જમવા બેસાડ્યા. એક કોળિયો મુખમાં નાખ્યો, પણ જ્યાં બીજો મુખમાં નાખવા જાય છે, ત્યાં પાછો તે ભભૂકી ઊઠ્યો : 'ઊઠ, ઊઠ ગધેડા, ઊઠ. બેઠો છે ખાવા, શરમ નથી આવતી ?'

અને સંન્યાસી ઊભા થઈ ગયા. 'તારું ભલું થાય.' એવા આશીર્વાદ આપી તેણે ચાલવા માંડ્યું.

તે થોડે દૂર ગયા. તેટલામાં દોડતો - દોડતો પેલો ટીખળી ત્યાં આવી પગે નમી પડ્યો ને બોલ્યો : 'બાપજી, મારી ભયંકર ભૂલ થઈ. મને માફ કરો. આવું નહિ થાય.'

સંન્યાસી બોલ્યા : 'ના, ભાઈ, ના.'

ટીખળીએ તેમના પગ પકડ્યા ને વિનંતી કરી : 'જરૂર પાછા ફરો.'

સંન્યાસી કહે કે 'હવે જવા દે ને, ભાઈ.'

ટીખળી બહુ કરગર્યો. ને સંન્યાસી પાછા આવ્યા. જમવા બેઠા બે ચાર કોળિયા લીધા, ત્યાં પેલો બગડ્યો : 'મૂર્ખ ઊઠ, તારા બાપનું અહીં શું દાટ્યું છે?' એમ તે જેમ તેમ બોલવા લાગ્યો.

સંન્યાસી તો શાંતિથી જવા લાગ્યા. પેલા ટીખળીને થયું કે 'ત્રણ શું તેર વાર આમ કરું, તોય આમના પેટનું પાણી હાલે તેમ નથી.' સંન્યાસીના મુખ પર એક પણ રેખા ખિન્નતાની નહિ, એ જ પ્રસન્નતા હતી. તેમના મનમાં એક જ વાત હતી : **'सव्वे जीवा कम्मवस्स'** પછી પેલો દોડ્યો ને સંન્યાસીને કરગર્યો : 'આપ બીજે જાવ તો મારી આબરૂ જાય.' સંન્યાસીએ કહ્યું : 'બીજે ક્યાંય નહિ જાઉં. ચાલ, મારી સાથે ઝૂંપડીએ, ત્યાં તને શાંતિ થશે.'

અને પછી પેલાએ સંન્યાસીના બે પગ પકડીને કહ્યું : 'માફ કરો. મારું મગજ બગજ બગડ્યું નથી. આ તો લોકો તમારા ખૂબ ગુણગાન કરતા હતા, તો મને થયું : લાવ ને પરીક્ષા કરું. આ ગુણગાન સાચાં છે કે પછી કહેવા પૂરતાં જ ! માટે હવે મહેરબાની કરો. પાછા જમવા પધારો ! 'સાધુ આવ્યા. તે જ મુખ પર અખિન્નતા. મનગમતું મળ્યું તો રાજીપો નહિ અને અણગમતું મળ્યું તો નાખુશી નહિ.'

વીતરાગને કોઈ રાજીપો નહિ, કોઈ નાખુશી નથી માટે તે પ્રશાંત છે. તેમ મુનિએ રતિ - અરતિના તરંગો ઓછા કરી નાખ્યા છે, તેથી મુનિ પ્રશાંત છે. તેથી અનુત્તર વિમાનવાસી દેવ કરતાં મુનિ પ્રશમ સુખમાં ચઢી જાય છે.

પ્રશમ સુખની વિચારણામાં બાર માસના પર્યાયવાળા મુનિ અનુત્તર વિમાનવાસીથી વધી જાય, એક માસના પર્યાયવાળા મુનિ વ્યંતર વિમાનવાસી કરતાં ચઢી જાય. ખરી આવડત એ છે કે ખાતાં, પીતાં કે ભોગવટો કરતાં ખાવાપીવાની એકએક ચીજ પર નાખુશી ખુશી નહિ. તેથી મુનિ દિનપ્રતિદિન મનના આવેગને દબાવતા ચાલે છે - રતિ-અરતિ સાથે બારે માસ સતત લડતા રહે છે, બારે માસ યુદ્ધ ચાલુ રહે તો રતિ-અરતિ ઓસરી ગઈ સમજવી.

**પ્રશ્ન : રતિ-અરતિ ઓસરે કઈ રીતે ? કારણ કે આ તો**

**જુગજુગનો અભ્યાસ છે. તેમાંથી રતિ-અરતિને દબાવવાનું શું સહેલું છે ? રતિ અરતિ દબાય તો પ્રશાંતતા આવે, પણ તે દબાય કેવી રીતે ?**

**ઉત્તર :** રતિ-અરતિ દબાવવા માટે કેટલીક વિચારણા કરવાની છે.

**(૧) પહેલી વિચારણા :** મારો આત્મા પ્રશાંત મહાસાગર છે, ભરતી ઓટ ચાલ્યા કરે, પણ દરિયો શાંત હોય છે તેમાં રતિ-અરતિની ભરતી ઓટ આવ્યા કરે, પણ મારો આત્મા પ્રશાંત છે. આ વિચાર પછી રતિ-અરતિની ભરતી ઓટની અસર આવે નહી. કોઈ રાજીપો નહિ, કોઈ નાખુશી નહિ. આ મારો સ્વભાવ છે તે છે પ્રશાંત મહાસાગર સમાન.

**(૨) બીજી વિચારણા :** તટસ્થ દર્શનનો અભ્યાસ કરીએ તો રતિ-અરતિ ન થાય. તટસ્થ તેને કહેવાય કે જે કોઈના પક્ષમાં ઢળી ન પડે. દર્શનમાં શ્રવણ વગેરે પાંચે ઇન્દ્રિયોનો યોગ જ્ઞાન વગેરે આવી જાય.

જે કાંઈ દર્શન કરવાનું તે તટસ્થ ભાવે કરવાનું. પછી સોનું સારું, કથીર, ખરાબ; ઉદ્યાન સારું, ઉકરડો ખરાબ - આવો ભાવ થશે નહિ. તટસ્થ રહેવાશે. કોઈની ટકાવારી ન કરીએ તો દર્શન તટસ્થ થાય. દા.ત. સુતરાઉ કપડાના ટકા ઓછા, રેશમીના વધારે. જડ પુદ્ગલ છે, તે ટકા માગતું નથી, પણ જીવરામ પટેલ નવરો બેઠો છે, તે ટકાવારી કર્યા કરે છે ! જીવ મફતિયો છે, ટકા કાઢવાની તેને આદત પડી ગઈ છે ! બસ, કોઈ ટકાવારી જ નહિ, તો રતિ-અરતિ નહિ, પછી છે પ્રશાંતતા.

**ઉદાહરણ :** ભરૂચમાં અનુપચંદભાઈ શ્રાવક હતા. મંગલવિજયજી મહારાજ વાત કરે. એક વાર જરા તેમને તાવ આવ્યો. 'સુદર્શન ફાકી જાવ' આવી સલાહ તો મળી પણ એકે કણિયો મોંમાં ન પેસે. કડવું કડવું - તે કેમ લેવાય ? એટલામાં અનુપચંદભાઈ વંદન કરવા આવ્યા તે બોલ્યા : 'મહારાજ ! આમાં શું છે ? આપણે ટકાવારી કરીએ છીએ. આ સારું આ ખરાબ ! મોંમાં નાખવાનું તે નાખવાનું ! જીભને કેવું લાગ્યું તે શું જોવાનું ? માફ કરજો આપ પૂજ્ય છો, મારે શીખવવું પડે છે.'

સુદર્શનનો ફાકડો મોંમાં નાખી, તે સાકરની માફક ચાવે અને આ સાંભળીને તથા જોઈને મુનિરાજશ્રી મંગલવિજયજી મહારાજ શરમાઈ ગયા. ત્યારથી કડવાનો તેમનો ઉદ્વેગ નીકળી ગયો.

**બીજું ઉદાહરણ :** એમનો નાનો ભાઈ ગુજરી ગયો. ભાઈની ઉંમર બહુ નહિ, વહુની ઉંમર પણ નાની હતી. તો ભાઈનું મડદું લઈ ગયા, પછી મોટાભાઈએ તેની વહુને અંદર બોલાવી ને કહ્યું : જુઓ, હવે આખા ગામની સ્ત્રીઓ આવશે.

તમને ઓછું રડવું આવશે તો વધુ રડાવશે. કોઈ કહેશે : 'હાય બાપ ! નાની ઉંમરે રંડાપો આવ્યો.' 'જેઠના પનારે કેમ જન્મારો જશે ?' આવું આવું તો ઘણું તેઓ કહેશે... પણ આ બધું ગપ્પીદાસ. કોઈનું કાંઈ સાંભળશો નહિ. લો, આ ચાવીનો ઝૂડો. મારે પૈસા વગરે જો જોઈશે તો માગીશ. તમારે જરૂર હોય તો મને પૂછવાનું નહિ.

શ્રાવકનું કેવું સ્વચ્છ દિલ ! કેવી હિંમત આપી દીધી ? બધા આવે, તે પહેલાં, 'કહેજો વહુભા કે લો આ દાબડો. બીજા રડવાનું શરૂ કરે તે પહેલાં બધાના હાથમાં એકેક નવકારવાળી પકડાવી દેવાની. ને તમારે નવકારવાળી ગણવા માંડવાની.'

નાની ઉંમરમાં વિધવા - તે જૂનો જમાનો ! કેટલા દિવસ છાજિયાં ચાલે ! બાઈનું રડવું સુકાવી નાખ્યું. 'ભાઈ ગયો તો મને લાગે છે, તો તમને ન લાગે ?'

સુશ્રાવક બોલ્યા : 'આપણે રડીએ છીએ શેને ? આપણા સ્વાર્થ માટે. આપણે કહીએ : 'મારું ભાગ્ય ફૂટી ગયું !' તો શું મરનારનું ભાગ્ય સુધર્યું ? એમ માનો કે આપણે જીવતા રહ્યા તો ચારિત્ર લેવાશે. જનાર ચારિત્ર નહિ લઈ શકે. આજથી તમારે ઊંચી કોટિનું બ્રહ્મચર્ય પાલન કરવાનું મળ્યું. પ્રભુનો એ રીતે ઉપકાર માનવાનો.'

બાઈ હિંમતવાન થઈ ગઈ. આખી નાતમાં સન્નાટો છવાઈ ગયો ! બાઈ રડે જ શાની ?

કોઈ કહે : તારે કોઈ દુઃખ નથી આવ્યું ?

બાઈ કહે : જરા માટે દુઃખ આવ્યું, પણ હવે એ ટક્યું નથી.

આ શ્રાવકની વાત છે. આપણે સાધુ થયા તો પછી વાતવાતમાં રતિ શું ને અરતિ શું ? જરા જરામાં ખુશી શું ને નાખુશી શું ? આમ તો વર્ષોનાં વર્ષો સંયમમાં જાય તો તે એળે જાય છે. સંયમ પાળ્યું તો પાળી જાણવું; નહિ તો 'શું મુંડે ? શું લોચે ?' સંયમમાં અરતિવાળા તમો સાધુ -

**પછી પડીલેહણ કરો તો તે ચિંથરા ફેરવ્યા.**

**વિહાર કરો તો તે મુસાફરી કરી કહેવાય.**

**ગોચરી કરો તો તે ગોચરી નહિ, પણ પેટ ભરવાનું થાય.**

દરેકને ગુસ્સો આવડે છે, પણ સાધનાનો ઉપાય નથી આવડતો. મૂર્ખમાં રતિ - અરતિ છે, માટે આવા વિચાર થાય. નહિ તો ઉપકાર માને સંયમ જીવનનો-તેના દાતારનો.

હીરવિજયસૂરિજીએ મીઠાવાળી ખીચડી ખાધી. જ્યારે તે કહેવામાં આવ્યું

ત્યારે કહ્યું : 'એમાં શું ? શરીરમાં કબજીયાતની કસર હશે તો તે દૂર થશે.' તો આપણે સાધુ પણ આવો સીધો હિસાબ માંડીએ -

**ગમતાનો આનંદ નહિ અણગમતાની નાખુશી નહિ**

ઇન્દ્રિયોના વિષયો ધુતારા છે. કૂદવાનું સારું મળ્યું તો આનંદ ? આ તો જાતના ભોગે પડોશીને ઘી કેળાં મળ્યાં કહેવાય !

જાતે તે આત્મા અને પડોશી તે ઇન્દ્રિયો.

આત્માનું પુણ્ય વેચાય તો ઇન્દ્રિયોને ઘી કેળાં થાય. આત્માનાં લેખાં સીધાં માંડીએ તો રતિ - અરતિ ન થાય. તે કરીને મુનિ પ્રશાંત થાય.

**'મુનિ ગુણ જોગ જુત્તે છે.' ગુણ એટલે સદ્‌ગુણ - ઉત્તર ગુણ. જોગ એટલે યોગસાધના.**

મુનિ સદ્‌ગુણોથી અને સાધનાથી ભરેલો છે. જ્યાં ગુણોનો ખપ છે, અવગુણો નહિ, ત્યાં સાધનાનો ખપ છે, વિરાધનાનો નહિ. યોગ એટલે સાધ્વાચાર તે તે કાળને યોગ્ય પંચાચાર તે જોગ ને તેનું બરાબર પાલન કરે તે યોગી.

ક્ષમાદિ દશ પ્રકારના યતિ ગુણ, દશ પ્રકારની સામાચારી, ૧૮ પ્રકારના કર્તવ્ય - પહેલાં બાર ને છ છૂટા તે ૧૮ થાય.

આ બધા યોગ મોક્ષ સાધક છે. એટલે મુનિ ગુણવાન છે. મુનિ યોગી છે એટલે કોઈ ગુણનું દર્શન કરવું હોય, તો મુનિના દર્શન કરે તો તે ગુણનું દર્શન થાય.

**ઉદાહરણ : અબંડ પરિવ્રાજકને** સમ્યક્‌દર્શનનું દર્શન પ્રભુ મહાવીર - વર્ધમાન ભગવાનને કરાવવું હતું. સમકિત શું ચીજ છે, તે દેખાડવાનું હતું. તે બહારની વસ્તુ નથી, તે આત્માની પરિણતિ છે. આવા સમકિત દેખાડવા માટે ભગવાને સુલસાને ચીંધી. મોઢે એમ ન કહ્યું કે સમકિત જોવું હોય તો 'જા સુલસા, પાસે,' પણ મોઢેથી એટલું કહ્યું : 'સુલસાને ધર્મલાભ કહેજે.'

અંબડ પરિવ્રાજકમાં વૈક્રિય શક્તિ હતી. જ્યારે અંબડે સાધુનો વેશ કરી દાડમની માગણી કરી તો સુલસાએ કહ્યું : 'તમે દાડમ માગો છો ? તમે સાધુ મહારાજ છો કે કોણ ?' અંબડે ગલ્લાં તલ્લાં કર્યા, ના, ના, આ તો જરા મન થયું.

સુલસા બોલી : 'તો સાધુવેશ મૂકો, સંયમ ન પળાય તો !' અંબડે ચાર દરવાજે બ્રહ્મા - વિષ્ણુ - મહેશ - જિનેશ્વર એમ ચાર રૂપ કર્યા. આખું ગામ તે જોવા ગયું, સુલસા ન ગઈ, ત્યારે અંબડને થયું કે ભગવાને ચીંધી છે, તે બરાબર ચીંધી છે.

છેવટે અંબડ શ્રાવકના વેશે સુલસા શ્રાવિકા પાસે ગયો ને કહ્યું : 'ભગવાને 'તમોને મારા મુખથી ધર્મલાભ' કહેવડાવ્યા છે' સુલસા તો આનંદવિભોર બની

ગઈ. તે બોલી : 'મારા ભગવાને ! મને 'ધર્મલાભ !' શું છે મારામાં ? હું કષાયથી ભરપૂર છું ! હું રાંકડી છું ! રાગદ્વેષ વિષયોમાં ખૂંચેલ છું ! અને મારા ભગવાને ધર્મલાભ કહેવડાવ્યા ! કેવું મારું અહોભાગ્ય !'

તેની છાતી ગજગજ ઊછળવા લાગી, અદ્‌ભુત રોમાંચ તેને થયો. તેણે ચંપા નગરી તરફ મોઢું કરી કહ્યું, (કારણ કે ત્યારે મહાવીર ભગવાન ચંપામાં હતા) મારા ભગવાન ! મારા પ્રભુ ! આપે કૃપા કરી ! મારા જેવી રાંકડી પર ! ઓહ ! કેવું મારું સદ્‌ભાગ્ય !' અને પેલો અંબડ તો આ જોતો જ ઊભો રહ્યો. અંબડે સમકિત જોયું ને તેને થયું : ભગવાને જે કર્યું તે બરાબર કર્યું છે.

તે અંબડે સુલસાને કહ્યું : 'ભગવાને તો સંદેશો વહેલો મોકલ્યો હતો, પણ મેં તમને મોડો આપ્યો. તો મને માફ કરો.' મને થયું કે આ લાખોની વસ્તીમાં કોઈને નહિ ને સુલસાને ધર્મલાભ શા માટે ? મોટા રાજાની રાણી ચેલણાને નહિ ને તારા જેવી શ્રાવિકાને ભગવાને ધર્મલાભ કહેવડાવ્યા !

પછી તેણે કહ્યું કે એક વાત પૂછું છું : 'જ્યારે ચાર દરવાજે બ્રહ્મા - વિષ્ણુ આદિને જોવા આખું ગામ ઊમટ્યું - ત્યારે તું કેમ ન આવી ? તને જિજ્ઞાસા પણ ન થઈ ?'

ત્યારે સુલસાએ જવાબ આપ્યો : 'જેને કરોડોની કિંમતનો અમૂલ્ય હીરો ન મળ્યો હોય તેને કાચનો ટુકડો બહુ ગમે. જેને સોનાના પાસા રમવા ન મળ્યા હોય તે રેતીના કાંકરામાં ખુશ થાય. મને મહાવીર પ્રભુ મળ્યા છે, એમનું શાસન મળ્યું છે પછી મારે શી કમી છે ? બસ કોઈ જિજ્ઞાસા નહિ.'

પહેલા અંબડના વિવિધ રૂપને જોવા જતી પેલી સ્ત્રીએ કહ્યું : અલી જા ભગવાનને જોવા. નવરી બેઠી છે તો. સુલસા બોલી : કાયાથી નવરી હઈશ પણ મનથી નહિ. હૃદયમાં કામ ચાલુ છે. મેં મહાવીર વર્ધમાન ભગવાનને જોયા એટલે તેમાં બધું જોયું. પછી જોવાનું મારે બાકી છે શું ?

મને લાગે છે કે દુનિયામાં જોવાનું એટલું છે, કે તે પૂરું નહિ થાય. પણ તે જોવામાં આ જિંદગી પૂરી થઈ જાય !

આ છે સમકિત. આવી શ્રદ્ધા તે સમકિતના ગુણો છે : અને અહિંસા, સત્ય, ક્ષમા, નિર્લોભીપણું, આ બધા ગુણોને જોવા હોય તો જાવ મુનિ પાસે. ત્યાં જે ગુણો જોવા હશે તે જોવા મળશે.

સંયમની સાધનાથી-યોગથી યુક્ત મુનિ બન્યા છે,-એટલે સાધ્વાચારથી યુક્ત બન્યા છે. પછી કોઈ પ્રમાદ રહ્યો નહિ. પ્રમાદ ગયો ને અપ્રમત્ત મુનિ બન્યા છે.

**પ્રશ્ન : પ્રમાદ કોને હોય ?**

**ઉત્તર :** જેની પાસે સાધવાનું ખૂટે છે, તેની પાસે પ્રમાદ હોય, તો પ્રમાદ ન લાવવા માટે સાધ્વાચારની સાધના ભરચક રાખવાની.

**પ્રશ્ન : સાધના કેટલો સમય કરવાની ?**

**ઉત્તર :** દિવસના કલાક છે જો ૨૪ તો સાધના જોઈએ ૨૮ કલાકની.

**પ્રશ્ન : આમ તો શોષાઈ ન જઈએ ? કારણ કે કલાક છે ૨૪ ને સાધના છે ૨૮ કલાકની !**

**ઉત્તર :** ના, શોષાઈ ન જવાય, પણ સુખી થવાય. ઇંગ્લેન્ડમાં એક મહાન વિચારક - તત્ત્વવેત્તા જ્યોર્જ બર્નાર્ડ શૉ થઈ ગયો. તેણે 'સુખની ચાવી શું ?' બતાવી છે. તેણે જ્ઞાનીનો ઉપાય બતાવ્યો છે. તે ઉપાય છે : દિવસના ૨૪ કલાક છે, તો માથા પર કામ ૨૮ કલાકનું રાખો તો સુખ મળે.

દા.ત. દિવસભરનો રોજમેળ વેપારીને લખી નાખવાનો છે. રાત્રે આઠ વાગે એક ઓરડામાં બેઠા. ત્યાં ઘામ થાય છે. મચ્છર હેરાન કરે છે. દિવસે વકરો ઘણો થયેલો. તે ચોપડો લખતાં રાતના બે વાગ્યા, ત્યારે ઘામ ન લાગ્યો ! મચ્છર ન કરડ્યો ! રાતના બે વાગે બધું પૂરું થતાં તરત જ ખબર પડી કે ઓહોહો ! કેટલો ઘામ છે ? કેટલા મચ્છર હેરાન કરે છે ! એટલે કે રાતના આઠથી રાતના બે સુધી બીજી કોઈ દુઃખની લેશ્યા ન હતી તો કામ ખૂટે તો દુઃખ શરૂ થાય, પ્રમાદ શરૂ થાય. પ્રમાદ ન જોઈતો હોય તો કામ ભરચક રાખો.

**પ્રશ્ન : નાના સાધુને ગોખવા સિવાય શું વધારે કામ હોય ?**

**ઉત્તર :** ન ખૂટે. એક કરોડ 'નમો અરિહંતાણં'ના જાપ કરવાનું રાખે. જેટલો બને તેટલો વહેલો પૂરો કરવાનો પ્રયત્ન કરે. પછી બીજો ફાજલ સમય નહિ મળે.

બીજી બાબત - આંખ સામે નવકારમંત્ર લાવો. હં હં કરતા જાવ ને આખો નવકાર માનસ પર ફ્લેશ માફક ચમકી રહે. ત્યાં બોલવાનું નહિ. આને માટે એમ કોઈ કરે. એક કાગળમાં લખે, તમે ગધેડા છો. ને તે કાગળ તમારી આંખ સામેથી એકદમ પસાર કરે તો તમે વાંચી શકો ખરા ને ? હા, અથવા ૧૦ તીર્થની જાત્રા કરી આવો બબ્બેના જોડકા લો.

**સમ્મેતશિખર ને અષ્ટાપદજી; આબુ ને અચલગઢ**

**શંખેશ્વર ને કેસરિયાજી, તારંગા ને અંતરીક્ષજી, શત્રુંજય ને ગિરનાર**

જ્યાં નવરા પડો તો આ કામ ચાલ્યા કરે.

કામ ઘણું હોય તો પ્રમાદ ન આવે. માટે મુનિ યોગ - સાધ્વાચાર - સાધના તેમનામાં ભરચક ભરેલ હોય છે. તેથી નવરા પડવાનું ન હોય. ક્યારેક કષાય ન ઊઠે, પણ કષાયનો પારો ઓછો થઈ જાય.

મુનિ સયંમ લીધા પછી મોહમાયાને હણી નાખે છે. મોહ એટલે અજ્ઞાનતા અને માયા એટલે મમતા - તૃષ્ણા - આસક્તિ. અજ્ઞાન અને આસક્તિ સંસારના બે થાંભલા છે. અજ્ઞાનમાંથી અહંકાર ઊઠે છે અને આસક્તિમાંથી અસદ્ પ્રવૃત્તિ ઊઠે છે. અહંકાર ને અસદ્ પ્રવૃત્તિથી સંસાર જકડાયેલ છે. ચાર ગતિ રૂપી વૃક્ષનાં ડાળ - પાંદડાં વગેરે અજ્ઞાન અને આસક્તિ છે. ઈમારતના પાયા અજ્ઞાન ને આસક્તિ છે. સાધુ આ બધું જાણીને મોહમાયાને હણી નાખે છે એટલે અજ્ઞાન મિથ્યાત્વનો નાશ કરે છે.

મિથ્યાત્વ તેને કહેવાય જ્યાં અનિત્યને નિત્ય, પરને સ્વ તથા અપવિત્રને પવિત્ર માનવામાં આવે છે. ઈતર લોકો મિથ્યાત્વને અવિદ્યા કહે છે, તેમાં જગતના જે સંબંધો અનિત્ય છે, તેને કાયમી સમજે છે. દા.ત. મકાન એવું સારું બાંધું કે વાંધો ન આવે, કાયમી વાંધો ન આવે. જાણે તે એમ સમજે છે કે 'મરવાનું છે જ કોને ? આમાં નિયમ આડો આવે તો તોડી પણ નાખે ! અનિત્યને નિત્ય માનીને તે લખલૂટ પાપ કરે છે. આ કરાવનાર છે અજ્ઞાન અવસ્થા. કાયા અશુચિ છે, તેને સુંદર, દેખાવડી, રૂપાળી માને છે. આમ અશુચિને શુચિ માને - આ છે અજ્ઞાનતા. ખરેખર શુચિ - પવિત્ર છે આત્મા. પવિત્ર છે પરમાત્મા - પણ આત્મા કે પરમાત્મા તરફ કોઈ દૃષ્ટિ નથી. પર તરફ શુચિ દૃષ્ટિ ને સ્વ તરફ અશુદ્ધિ દૃષ્ટિ છે, આવું અજ્ઞાન ઊંચામાં ઊંચી સાધના ચુકાવે છે.'

જ્ઞાન દશા પુદ્ગલ માત્રને પર સમજે છે, આત્માને સ્વ સમજે છે. ઔદયિક ભાવ પર છે : દા.ત. ક્રોધ, માન, માયા, લોભ, મદ, ઈર્ષ્યા, અભિમાન વગેરે પર ભાવો છે, તે સ્વની - પોતાની ચીજ નથી, તેથી તે ટકાવી શકાતી નથી.

દા.ત. ગ્રાહકે ગુસ્સો કર્યો, તો વેપારી ગરમ થાય, પણ ગ્રાહક કહે, 'લો આ ૫૦૦૦ રૂપિયા રોકડા ને મને આ કાપડના બે તાકા આપો.' તો વેપારીનો ગુસ્સો ઊતરી જશે. મીઠી જબાને વાત કરશે.

ગુસ્સાના શબ્દ દશ ને વારણના ૫૦ ! મોહના ભાવો કે માયાના ભાવો ઊઠે, ત્યારે વિચારવું કે હે આત્મા ! આ તારા ગુણો છે ? ના. એ તો આગંતુક છે. ગુસ્સો મારી ચીજ નથી, ક્ષમા મારી ચીજ છે. (અસ્થિરતા મારી ચીજ નથી, સ્થિરતા મારી ચીજ છે.) જે પરને સ્વ માની બેસે, તે રાત ને દિવસ કલુષિત ભાવમાં રહે છે, પછી બચાવ કરે એટલે 'પર' તે 'સ્વ' બની જાય છે, તેને 'પર' મનાય તો તે છૂટી જાય. દા.ત. છોકરાને પરણાવ્યો. વહુ ઘરમાં આવી. પૂર્વે કોઈની દીકરી હતી તે હવે પોતાની પુત્રવધુ થઈ. પણ તે બધું લઈને પોતાનું પિયર ભરવા લાગી, ત્યારે થાય : હાય ! આ આપણી નહિ ! ભૂલેચૂકે વાલની

વીંટી તેને ન પરખાવતા. આમ તેને 'પર' ગણી તો તે 'પર'ની મમતા ગઈ.

મહાન પુરુષો 'પર'ની કિંમત આંકતા નહિ. તેઓ માનતા કે 'આ મારા ભાવો નથી.'

દા.ત. મારું અભિમાન, મારું સ્વમાન, મારું સન્માન વગેરે કર્યા કર્યું તો તેથી સંસારમાં ભટક્યા સમજવું. મારું સ્વરૂપ તે નિરહંકાર અને નિરભિમાન છે. અજ્ઞાનતા ને આસક્તિને હણી મુનિ બન્યા. મુનિ બન્યા પછી પણ તેમને અજ્ઞાન નડે છે.

**ઉદાહરણ :** સુધર્માસ્વામી પાસે **જંબૂસ્વામીએ** દીક્ષા લીધી. સંસાર છોડ્યો. સમૃદ્ધિ છોડી. ત્યારે સુધર્માસ્વામીએ જંબૂસ્વામીને કહ્યું : **'તું હવે સમજદાર બન્યો. તેથી અમે કહીએ છીએ કે જો તું તારી જાતને સમજદાર માનતો હોય તો બંધનોને તોડ. સારી સમજદારી બંધન તોડવામાં છે.'**

આપણને કોઈ આવું કહે તો આપણે જંબૂસ્વામીની જગ્યાએ હોઈએ તો તેને કહીએ કે, શું બાકી છે હવે બંધન ? માતાપિતાનું બંધન છોડ્યું, ઘરનું બંધન છોડ્યું, પત્નીનું બંધન છોડ્યું, પુત્ર - પુત્રીનાં બંધન છોડ્યાં. તો હવે કયું બંધન બાકી છે ?'

બંધન છોડ્યાં તે બાહ્ય બંધનો છોડ્યાં, પણ કલુષિત આંતરિક ભાવનાં બંધનો તોડવાનાં બાકી છે, આસક્તિનાં બંધન છે, આંતરિક બંધન છે.

દા.ત. નવકારશી વગર મારું શરીર ચાલે નહિ - આ અજ્ઞાનતાનું બંધન છે.

'નવકારશી કરીએ તો સાધુપણું જતું ન રહે' - તેવી માન્યતા અજ્ઞાન છે. જ્ઞાની ભલે કહે, પણ પોતે તે માની લે તો તે અજ્ઞાન છે.

**ઉદાહરણ :** ભરત બાહુબલી બે ભાઈયો વચ્ચે લડાઈ થઈ. બાહુબલી સાધુ થયા. ત્યારે ભરત કલ્પાંત કરે છે. ને કહે છે 'ધન્ય છે એ અઠ્ઠાણું ભાઈઓને અને આ ભાઈ બાહુબલીને કે જેમણે સંસારના વિષયોને ભયંકર ઝેર જાણી છોડી દીધા.' તે વિષયોના મૂળ ઉપર સંસારનું ઝાડ ઊગે છે, તેથી સંસારમાં ભ્રમણ થાય છે.

સંસાર - સમ્‌સાર - સંસારનું સંસરણ - ત્યાં જન્મ મૃત્યુની હારમાળા ચાલુ થાય છે.

આ જગતમાં જે આત્માઓ વિષયોને સંસારનું મૂળ સમજતા નથી, તે અધમ છે.

જે આત્માઓ વિષયોને સંસારનું મૂળ સમજી છોડી દે છે, તે ઉત્તમ છે. અને ભરત કલ્પાંત કરે છે કે આમાં હું ક્યાં ? હું અધમાધમ છું.

ભરત કહે છે :

**સંસારનું મૂળ વિષયો છે, તે જે સમજતા નથી તે અધમ છે.**

**સંસારનું મૂળ વિષયો છે, તેમ સમજીને સંસારને છોડે છે, તે ઉત્તમ છે, પણ સમજવા છતાં જે મારા જેવા છોડતા નથી તે અધમાધમ છે.**

ટૂંકમાં, અધમ તે છે જે વિષયોને ઝેર ન સમજે, મધ્યમ તે છે જે વિષયોને ઝેર સમજે, છતાં તે ન છોડે. ઉત્તમ તે છે વિષયોને ઝેર સમજે છે, જે સંસાર છોડી દે છે.

દા.ત. સમકિતી દેવતા. વિષયો છોડ્યા હતા તો દેવતા થયા. આ વિષયો ઝેર છે, તે છોડી શકતા નથી તો તે અધમ માણસ.

દેવતા હતા મુડદાલ, લકવાના દર્દી જેવા મનુષ્ય છે સશક્ત, લકવાનો રોગી હોય - સામેથી સર્પ આવતો દેખે છે. તે જુએ છે, સમજે છે, પરંતુ ઊઠીને ભાગી શકતો નથી. હૈયાનાં ફડચાં હાથવેંતમાં થઈ જશે -

જ્ઞાની ભરતને મધ્યમની કક્ષામાં મૂકે છે, પણ ભરત પોતે તો પોતાને અધમાધમ સમજે છે.

વિષયોને ઝેર સમજીએ ને ન છોડીએ તો મધ્યમ કહેવાય, તે જ્ઞાનીનું ગણિત છે. પણ ભરતનું પોતાનું ગણિત એવું છે કે 'વિષયો ઝેર છે, છતાં પોતે તેને છોડતો નથી ? અધમ તો દેખતા નથી ને કૂવામાં પડે છે અને હું દેખતો છું ને કૂવામાં પડું છું ! માટે હું અધમાધમ છું.'

આમ કૂવામાં આંધળો ને દેખતો બન્ને પડે તો આંધળો તો બિચારો, ને દેખતો તે બેવકૂફ ગણાય.

**ગુસ્સો કરીએ તો સાધુપણું જતું ન રહે,**
**સ્વાધ્યાય ન કરીએ તો સાધુપણું જતું ન રહે,**
**નવકારશી કરીએ તો સાધુપણું જતું ન રહે.**

આ માન્યતા આ રીતે મિથ્યાત્વની કક્ષામાં મુકાય છે. અધમ તે મિથ્યાત્વી, મધ્યમ તે અવિરતી સમકિતી, ઉત્તમ તે સાધુ.

**પ્રશ્ન : જ્ઞાની કરતાં તો આપણે શું વધુ દોઢ ડહાપણ કરવાનું ?**

**ઉત્તર :** ના. પણ જ્ઞાનીનાં ચરણ પકડ્યાં ત્યારે કહેવાય કે જ્ઞાનીની પાછળ સમર્પિત થઈ જઈએ.

જ્ઞાનીએ કહેલ છે કે 'વિષયો ઝેર છે' તો જ્યાં વિષયોનો સંયોગ દેખાય ત્યાં કલ્પાંત થાય. છોડવાની વાત તો પછી પણ તે ભયંકર ભયરૂપ લાગે, કે વિષયોનું ઝેર તો દુર્ગતિએ લઈ જાય છે, 'પરંપરાએ નરક ને વિનાશ થાય છે' આવું સમજાય ત્યારે જ્ઞાનીનાં ચરણ પકડ્યાં કહેવાય.

જ્ઞાનીનાં ચરણ પકડવાનાં એટલે તેમની આજ્ઞાનું પાલન કરવાનું. તેમની આજ્ઞાનો અમલ કરવાનો. આજ્ઞાપાલનના બે અર્થ થાય : (i) આજ્ઞા તે મંજૂર એટલે આજ્ઞાનો સ્વીકાર (ii) આજ્ઞાનો અમલ. નીચેનું આજ્ઞાપાલન તે સ્વીકાર અને ઉપરનું આજ્ઞાપાલન તે અમલ. તો જ્ઞાનીની આજ્ઞાનું પાલન એટલે તેમની આજ્ઞા સ્વીકાર, ને તે અમલમાં મૂકવાનું છે.

જ્ઞાનીઓએ વિષયોને ઝેર કહ્યાં. તો તેના સંપર્કમાં આપણને હૃદયમાં ભારે ત્રાસ - કલ્પાંત થાય, એવો કલ્પાંત થાય કે પછી તે પોતાની જાતને કદાપિ ડાહી ન માને.

દા.ત. બાપ બીજા સાથે વાત કરતા હોય, દીકરો પગ દબાવતાં દબાવતાં તે વાત સાંભળતો હોય, ત્યારે ત્યાં વાતચીતમાં સંભળાય કે 'છોકરો વિનયી છે.' આ સાંભળી મનમાં માન આવ્યું તો કોઈ દિવસ તેનું પ્રદર્શન થાય. દીકરો જો ગુણવાન હોય તો તે સમજે : 'બાપુજીએ મને વિનયી કહ્યો, પણ ક્યાં છે મારામાં વિનય ?'

પોતાનામાં સાધુનાં લક્ષણ નથી, છતાં પોતે માની લે છે કે પોતે સર્વેસર્વા છે.

- આ માન્યતા તે બંધન છે. દા.ત. પોતે થોડું ભણ્યો. તો તે માની લે છે કે પોતે મહા પંડિત છે !! આ છે માન્યતાનું બંધન - આ બધું અજ્ઞાન કરાવે છે, છતાં સાધુ થયા પછી પોતાની જાતને સમકિતી માને છે - સારા માને છે !

સંસારમાં હતો ત્યારે મોહ જે રીતે કામ કરતો હતો, તેના કરતાં જુદી રીતે સાધુપણામાં તે કામ કરે છે. સંસારમાં તે અનિત્યને નિત્ય માને, પણ સાધુપણામાં પછી અજ્ઞાન દશા કામ કરે છે : જ્ઞાનીઓ આગળ આપણું જ્ઞાન કાંઈ નથી, આપણે તુચ્છ છીએ, છતાં આપણને થાય છે કે 'હું કંઈક છું.' તે તો એમ માને કે ભલે મારામાં ગજસુકુમાર જેવી ક્ષમા નથી, પણ કંઈક થોડી છે - આ ગુણને બધી અજ્ઞાન દશા હણી નાખે છે.

**ઉદાહરણ :** કાલિકસૂરિ પરિવારને હિતશિક્ષા આપતા, પણ તેમને લાગ્યું કે 'આ બધું જે કહું છું તે હવામાં ઊડી જાય છે, કારણ કે સાધુ તો જેમ ચાલે છે તેમ ચાલે છે.' તેથી તેમને સારો પાઠ ભણાવવાનું વિચાર્યું. તેમને ચાબુક દેખાડવાનો - મારવાનો નહિ. તેવો વિચાર તેમણે મકાન માલિકને - શય્યાતરને કહ્યો. મકાનમાં ઊતરવાનું તે રજા લઈને અને જવાનું તે કહીને. તો મકાન માલિકને કહીને સવારમાં સાધુને ઊંઘતા મૂકીને ઊપડી ગયા.

સવારમાં સાધુ જાગ્યા. પહેલા તો સાધુઓ ગુરુ પાસે પગે પડવા આવે, ત્યાં આવ્યા તો ન મળે ગુરુ કે ન મળે તેમનો સંથારો. બધાને થયું : 'ગુરુ ક્યાં ?' તેઓ

એકબીજા સામે જોવા લાગ્યા. એક બીજાને પૂછવા લાગ્યા. ચાલ્યા ગયા હોય તો શય્યાતરને કહીને જાય, તો તેઓએ શય્યાતરને પૂછ્યું : 'ગુરુ મહારાજ ક્યાં છે ? કાંઈ કહીને ગયા છે ?' શય્યાતરે ન જાણવાનો ડોળ કર્યો. તે બોલ્યો : 'તમે તેમના શિષ્ય છો ? તમારા ગુરુ ક્યાં ગયા તે તમને ખબર નથી ?'

શિષ્યો : 'ખબર નથી, હવે શું કરીએ ?'

શય્યાતર : 'કેમ ખબર નથી ? તમને કહ્યા વગર તમારા ગુરુ મહારાજ જાય જ કેમ ?'

શિષ્યો બહાર જોવા ગયા કે ત્યાં તો નથી ને ! પણ ગુરુ ન મળ્યા. તો પછી ગુરુ ગયા તે નક્કી છે. શય્યાતર બોલ્યો, તમારામાં કાંઈ અવળચંડાઈ આવી હશે. નહિ તો ગુરુ જાય જ કેમ ?

શિષ્યો : હા ભાઈ સાહેબ, ગુરુ કહેતા હતા કે વાતવાતમાં જયણા કરો. કષાય ન કરો, પણ અમે તે કાને ધરતા ન હતા.

શય્યાતર : તે હવે ગુરુ થાકી ગયા હશે તો ચાલ્યા ગયા હશે ! તો હવે ક્યાંથી પાછા આવશે ?

શિષ્યો : પણ તમને કાંઈ ખબર હોય તો કહો ને.

શય્યાતર : હા કાંઈક એમ કહેતા હતા કે અમુક ગામ જઉં, તો ત્યાં તપાસ કરો. કદાચ ત્યાં હોય તો...

તે ગામમાં કાલિક સૂરિના ભાણેજ સાધુ આવેલા. તેમને થયું કે આ કોઈ નવા સાધુ આવ્યા છે. તો તેમણે વાચનાના રંગ વધારી દીધો. ઘણાં વર્ષોથી મામા ભાણેજ મળ્યા ન હતા. વાચના પૂરી થઈ. બધા ઉઠ્યા કાલિકાચાર્ય વૃદ્ધ થઈ ગયા હતા. તેમણે વાચના પછી ભાણેજ મુનિને પૂછ્યું : અહીં ઊતરીએ ?

ભાણેજ સાધુએ તેમને પૂછ્યું : વાચના સાંભળી ? તે કેવી લાગી ?

મામા સાધુ બોલ્યા : ઠીક છે.

તેમને બેસાડ્યા ખૂણામાં ને ત્યાં પેલું શિષ્યોનું લશ્કર આવ્યું. તેમણે પૂછ્યું : કોઈ સાધુ મહારાજ અહીં આવ્યા છે ? અહીં કોઈ આચાર્ય મહારાજ પધાર્યા છે ?

ભાણેજ સાધુ : હા, એક ડોસા જેવા આવ્યા છે.

આગંતુકો : કાલિક સૂરિ છે ?

ભાણેજ સાધુ : તે ખબર નથી. પેલા ત્યાં ખૂણામાં બેઠા છે. તપાસ કરો.

પેલાઓએ તપાસ કરી તો ઓહોહો ! આ ગુરુ મહારાજ તો અહીં છે.

બધા તેમના પગમાં પડી ગયા ને બોલ્યા : 'ક્ષમા કરો. અમે ઉદ્ધત બની ગયા હતા. આપને ત્રાસ આપ્યો. હવે જિંદગીમાં આવું નહિ કરીએ.' બધાની

આંખોમાં આસું આવ્યાં.

પછી બધા તેમના સાચા શિષ્ય બનીને રહે છે.

સાચી સમજણ વગર સમકિત હોય નહિ. ને ગુરુ વગર સાચી સમજણ નહિ.

**પ્રશ્ન : ગુરુની ક્યાં સુધી જરૂર ?**

**ઉત્તર :** ગુરુની જરૂર અંત સુધી. કારણ કે ગુરુએ શાસ્ત્ર ભણાવીને સમજ આપી, જ્ઞાનની સમજ આપી, પણ દર્શનની સમજ ઊભી રહી. તે સમજ અંતરાત્મા સાથે ઓતપ્રોત કરે. જ્ઞાનમાં જાણવાનું છે. દર્શન એટલે આત્મામાં પરિણતિ. આ બનાવનારા તે ગુરુ છે. ગુરુ સમજ આપી શિષ્યને તેની પરિણતિ પમાડે.

ગુરુ હિતશિક્ષા આપે ત્યારે શાસ્ત્રનું વાંચેલું પરિણતિ પામે.

પંડિત પોથી-જ્ઞાન આપે. સમ્યગ્દર્શન ન આપે. મોહની પરિણતિ બધું ભણી ગયા પછી પણ ન છોડે. મોહની પરિણતિ કઢાવી, તો સમકિત પરિણતિ આવે.

જ્યાં સુધી આત્મા મોક્ષ ન પામે વીતરાગ ન બને ત્યાં સુધી ગુરુની જરૂર છે.

પેલા શિષ્યો શોધતાં શોધતાં આવ્યા, પોતાના ગુરુને જોયા ને નમી પડ્યા.

હવે વારો આવ્યો ભાણેજ મુનિનો. તે પણ પગમાં પડી ગયો. તેમને થયું : 'કોની આગળ મેં અભિમાન કર્યું ? આ ગુરુ તો જ્ઞાનનો દરિયો છે. આ કાલિક સૂરિને પૂર્વકાળનું અગાધ જ્ઞાન છે, તેમની આગળ મેં શું બતાવ્યું ? પ્રભુ ! માફ કરો. મેં નાદાન ચેષ્ટા કરી !'

ગુરુએ શિખામણ આપી. થોડું ભણ્યા તો માની ન લેવું કે 'આપણે ભણી ગયા બધું !'

મહાવીર ભગવાનનું જ્ઞાન દરિયા જેવું છે. જ્ઞાન જાણે સ્વયંભૂ સમુદ્ર જેટલું. તે જ્ઞાનના મહાસાગરમાંથી બે ખોબા ભરીને સુધર્મા ગણધરને આપ્યું. સુધર્માસ્વામીએ જંબૂસ્વામીને, જંબૂસ્વામીએ પોતાના પછીના આચાર્યને તે જ્ઞાન આપ્યું. આમ કરતાં કરતાં તે જ્ઞાન આજ સુધી પહોંચ્યું. ભગવાને આટલું - બે ખોબા જેટલું જ્ઞાન મહાસાગરમાંથી આપ્યું - તો આજે કેટલું જ્ઞાન મળ્યું !

ભગવાનનું જ્ઞાન અગાધ છે. તેને ઉપમા બીજી નથી મળતી, તેથી સાગર સાથે સરખાવાય છે. પણ તેથી તે ખૂબ ખૂબ વધારે છે.

દરિયામાં પાણીના બિંદુઓ અસંખ્ય છે, ભગવાનના જ્ઞાનના વિષયો અનંત છે, તે પ્રમાણમાં શું જ્ઞાન છે આપણામાં ? કેવળજ્ઞાની આગળ કોઈ અધિક જ્ઞાની નથી. વીતરાગ આગળ નાનો સરખો રાગ પણ આપણે ખંખેર્યો નથી.

અનંત જ્ઞાની આગળ કોઈ અધિક જ્ઞાન નથી. અનંતી ક્ષમા આગળ કોઈ

ક્ષમા નથી. છતાં આપણે માની લઈએ છીએ કે 'આપણે જ્ઞાની છીએ.' આ અજ્ઞાન દશાનું લક્ષણ છે અને મુનિ તે ત્યજી દે છે. મુનિ નિર્મળ છે.

મુનિ કહે : જ્ઞાનહીન, ગુણહીન, વિરોધી, વિષયોના લંપટ, ધિઠ્ઠો હું છું અને બધાને બતાવું છું કે હું ત્યાગી છું. આ છે દિલના ઉદ્‌ગારો તે સમજીને બોલાયેલ ઉદ્‌ગારો છે. દેખાડવા ખાતર નથી.

સંસારી મટી સાધુ થયા પછી તે ખોટો હિસાબ માંડે કે 'મોહને તો મેં હણી નાખ્યો છે. શરીર સારું રહે તેટલું ખાઉં. તેથી વધુ મિષ્ટાન્ન ખાઉં તો શક્તિ આવે.' પણ ખાવાથી શક્તિ નથી આવતી. એમ કોઈ સમજે કે વધુ સાકરથી વધુ ગરમી - શક્તિ આવે, પણ તે ખોટું છે. આયુર્વેદનો નિયમ છે : 'જેટલી સાકર વધુ, તેટલી શક્તિ વધુ હણાય. રસોઈમાં વધુ સાકર નાખી હોય તો તે વધુ ન ખાઈ શકાય.'

જ્ઞાની પણ તેમ કહે છે : 'સાધુને મેવા મીઠાઈ ખાય તો વધુ શક્તિ આવે, તો તે ભ્રમ છે - આ મોહ છે.' આ મોહને સાધુએ હણી નાખેલ છે.

વ્યવહારમાં કહેવાય છે કે 'થાય તેવા થઈએ તો ગામ વચ્ચે રહીએ.' આમ સાધુ માને કે કહે તો તે તેમનો મોહ છે, પણ જ્ઞાની માને છે કે, 'થાય તેવા ન રહીએ તો શાસન વચ્ચે રહીએ.' સાધુએ મોહ તથા માયાને હણી નાખી છે. સંસારમાં માયા છે, મમતા છે. (દા.ત. માને દીકરા પર મમતા હોય છે.)

માયા એટલે કપટ નહિ, માયા એટલે મમતા.

**પ્રશ્ન : સંસાર છોડ્યો ત્યારે સંસારની બધી મમતા હણી નાખી. હવે કુટુંબ નહિ, ઘર નહિ, દાગીના નહિ, કપડાં નહિ, દીકરા નહિ, દીકરી નહિ, બા-બાપુજી નહિ; હવે તો ગુરુ એ જ માતા, ગુરુ એ જ પિતા. આ બધી માયા મૂકી તો હવે માયા રહી ક્યાંથી ?**

**ઉત્તર :** જે માયા મૂકી તે બાહ્ય માયા-મમતા મૂકી. હવે આંતરિક મમતા મૂકવાની છે. માયા રંગરાગની મૂકી, હવે જરૂરીની માયા મૂકવાની છે. મેવામીઠાઈની માયા તે બહારની મમતા છે. હવે 'સાધુ છીએ, તો દેહને ધારણ કરવા આહાર જોઈએ.' તે ઊભું છે, તેની માયા - મમતા - આસક્તિ રાખી તો ગાડી આગળ ન ચાલે.

**પ્રશ્ન : આહારની આસક્તિ ન રાખીએ તો અનશન કરવાનું ?**

**ઉત્તર :** આહાર આસક્તિ વગર વાપરવો.

**પ્રશ્ન : પણ આસક્તિ વગર આહાર વપરાય ખરો ?**

**ઉત્તર :** જરૂર. આસક્તિ વગર ઘણું દુનિયામાં થાય છે. દા.ત. ખૂબ સરસ

જમણ છે. મનભાવતું જમણ છે, પણ ભાણું માંડવાનું છે દુશ્મનને ત્યાં. તો તે વખતે શું થાય ? મનમાં એમ થાય કે ક્યાં ભોગ લાગ્યા કે આજે અહીં ભાણું જમવાનું થયું ? અને પછી તો જમે તો કેવા ઉદાસીન ભાવે જમે ?

**ઉદાહરણ :** પેલી બાઈ ૨૫ વર્ષની નાની વયે વિધવા થઈ, તો પછી તે અનશન કરતી નથી. પણ તે ભોજન લે તો આસક્તિથી ખાય ખરી ? આમ આસક્તિ વગર ઘણાં કામ થાય છે. સાધુ છે, તો બહારની આસક્તિ વગર બધા કાર્ય કરવાના - બધી વસ્તુ વાપરવાની. કપડાંની જરૂર છે, તે આસક્તિ વગર વાપરશે. પુદ્ગલની જરૂર છે, તેની આસક્તિ છોડી દેશે. જેમ પેલા શેઠે પોતાના દીકરાના ખૂનીને ખાવા આપ્યું. પોતાનું બીજું કામ અટકતું હતું તો ખાવાનું ઈચ્છા વિરુદ્ધ પણ આપવું પડ્યું તેમ. આસક્તિ વગર ન છૂટકે કાર્ય કરશે.

'શરીર તે સંયમનું ખૂની છે, તેને આપવું પડે, ન અપાય તો સંયમ સીદાય છે' - આમ આવા વિચારે આસક્તિને હણી નાખે છે. આત્મામાં ઠેઠ ઉંડાણ સુધી આસક્તિ પેસી ગઈ છે. સૂક્ષ્મ નજરથી જુએ તો જ તે દેખાય ને તે નીકળે.

કોઈ જગ્યાએ જ્ઞાની કાંઈ છૂટ આપતા હોય તો તે આસક્તિ માટે નથી. ઉપવાસીને સંકલ્પિત મળતું હોય તો તે આપી દેવું. જો તે ન અપાય તો તેમાંથી અજીર્ણ થાય. સ્વાધ્યાય બરાબર ન થાય ને તેથી સંયમ સીદાય.

માસક્ષમણ કરે પણ તે સ્વાધ્યાય બરાબર બોલીને કરે, નહિ તો તે કાયદા બહાર ગણાય. પારણું કરે તે આસક્તિ વગર કરે.

દા.ત. સારી ચીજ મળી. તે સારી લાગે તો તે અપ્રશસ્ત આસક્તિ થઈ. પણ ચીજ મારી નહિ, મારો તો સંયમ. તો આ સંયમની આસક્તિ થઈ. તે પ્રશસ્ત આસક્તિ થઈ.

તેમ ગુસ્સો મારો નહિ, ક્ષમા મારી. આ પ્રશસ્ત આસક્તિ થઈ.

પ્રશસ્ત આસક્તિ રાખવી, અપ્રશસ્ત આસક્તિ તોડી નાખવી. અજ્ઞાન દશા ને આસક્તિથી ફારેગ થયા પછી કદાચ રહી સહી હોય તો તેની સામે લડાઈ ચાલુ છે. તે તો નિશ્ચય સમકિત આવે તો જ જાય. જેવું પોતે જુએ છે, જાણે છે, તેવું આચરે છે તે સમકિત છે. જાણવું ને આચરવું - એ ભિન્ન છે. પ્રમાદ જાય તો સાતમું ગુણઠાણું સમજવું. ત્યાં અજ્ઞાન દશા હોય તો તે માટે સતત તેની સામે ઝગડતા રહેવું. નયના હિસાબે કહેવાય કે અજ્ઞાન હણી નાખ્યું, પણ પૂરેપૂરું નથી કાઢ્યું, તો તે માટે સતત પ્રયત્ન કરવો રહ્યો.

મોહમાયાને હણી નાખ્યા છે એવા સાધુ ભગવંતોને હું વંદના કરું છું.

# માર્ગાનુસારી જીવન યાને જીવન-ઉત્થાન

માનવ જીવનનાં ઊંચાં મૂલ્ય ગુણસંપન્નતા ઉપર છે. દોષભર્યા જીવન તો *કીડા-કીડી* આદિ ક્ષુદ્ર જંતુઓ અને પશુ-પંખી વગેરે અવિવેકી પ્રાણીઓ ય જીવે છે. પરંતુ એનાં જીવનનું કોઈ ઊંચું મૂલ્ય અંકાતું નથી. મનુષ્ય પણ એવું જીવન જીવે તો એનામાં મનુષ્યતા શી ? ઉચ્ચ માનવભવની સફળતા શી ? અધમ જન્મોમાં ન ગબડવાની બાંહેધારી શાના ઉપર ? કેમકે દોષભર્યા જીવનનું પરિણામ તો સહેજે દોષ-સુલભ અધમ ભવોની પરંપરામાં આવે. માટે ખાસ કરીને આર્ય માનવ જીવન તો ગુણોથી મઘમઘતું જોઈએ.

જીવનમાં જો દોષો, દુર્ગુણો અને તેવી બાહ્ય પ્રવૃત્તિ ખદબદતી હોય છે, અને જીવને એની કોઈ અફસોસી નથી લાગતી, તો મિથ્યાત્વાદિ સંસાર-હેતુઓ પુષ્ટ રહે એમાં નવાઈ નથી; કેમકે તેવું બાહ્યજીવન સહેજે તેવા પ્રકારના આંતરભાવને પોષે છે. આંતરભાવ અશુદ્ધ હોય તો એ સંસારમાર્ગ છે, ને શુદ્ધ થાય તો એ મોક્ષમાર્ગ છે. સમ્યગ્દર્શનાદિના આંતર પરિણામ એ શુદ્ધભાવ છે, મોક્ષમાર્ગ છે. એને લાવવા, પોષવા અને પરાકાષ્ટા સુધી પહોંચાડવા બાહ્ય જીવન ગુણભર્યું જોઈએ. ગુણસંપન્ન જીવન આભ્યન્તર મોક્ષમાર્ગ તરફ અનુસરણ કરનારું બની શકે, માર્ગાનુસારી થઈ શકે.

વર્તમાન જીવનની સુખ, શાંતિ અને યશસ્વી કારકિર્દીની દૃષ્ટિએ પણ આ ગુણો જરૂરી છે. કેમકે ગુણમય જીવન જીવનારનો એવો અનુભવ છે અને લોકોને એ ગમે છે. એના અભાવમાં અનીતિ, કમાઈ કરતાં અધિક ખર્ચ, ખરાબ પડોશવાળું ઘર, અજીર્ણે ભોજન, ઇન્દ્રિય-ગુલામી, કદાગ્રહ, અસૌમ્યતા, ટૂંકી દૃષ્ટિ વગેરે વગેરે દોષોને લીધે જીવનમાં કલેશ, સંતાપ, રોગ, કલહ, પસ્તાવો, અપયશ, લોકવિરોધ વગેરે નુકશાન અને વિટંબણા ઊભી થાય છે. સમાજમાં આ અનિષ્ટોને લીધે એ અવનતિમાં પડે છે, અને પરસ્પરના સંઘર્ષ ચાલ્યા કરે છે.

આધ્યાત્મિક દૃષ્ટિએ આ ગુણોનું બહુ મહત્ત્વ છે. સમ્યક્ત્વ, દેશવિરતિ અને સર્વવિરતિ પામેલા આત્માઓ પણ ક્યારેક પતન પામે છે એનું કારણ જો તપાસીએ, તો દેખાય છે કે માર્ગાનુસારી એક યા બીજા ગુણના પ્રતિપક્ષી દોષની પ્રબળતા પતનમાં કામ કરી રહી હોય છે. દા.ત. **મરીચિ** આંતરશત્રુ શિષ્યલોભ, દીર્ઘદૃષ્ટિનો

અભાવ આદિ કારણે પડ્યા. **જમાલી** અભિનિવેશથી, **નંદિષેણ** મદ અને અયોગ્ય દેશચર્યાથી પડ્યા.

પરલોકની દૃષ્ટિએ ન્યાય-નીતિ વગેરે ગુણોના ભંગથી પાપકર્મ બંધાય છે. અને તેથી ભવાન્તરમાં દુર્ગતિ, દૌર્ભાગ્ય, અશાતા, નીચકુળ વગેરે દુઃખો સર્જાય છે.

માર્ગાનુસારી ગુણોની ટેક જાળવવા માટે વિચારવું કે જો બીજો કોઈ મારી પ્રત્યે એવા દોષનું સેવન કરે તો તે મને ગમતું નથી, તો પછી હું એ સેવું તે બીજાને કેમ ગમે ? જેમ બીજા તરફથી હું, તેમ મારી તરફથી બીજાઓ પણ ગુણની અપેક્ષા રાખે છે. તો મારે ગુણોના પાલનમાં મક્કમ રહેવું જોઈએ.

માર્ગાનુસારી ગુણોથી આત્માનું ઘડતર, કેળવણી થઈ આત્મા મુલાયમ બને છે. કેળવાયેલ માટી પર ધાર્યા ઘાટ ઊતરવાની જેમ કેળવાયેલ આત્મા ઉપર સમ્યગ્દર્શન વગેરે સુંદર પરિણામ ઊભા થઈ શકે છે.

આવા માર્ગાનુસારી ગુણોની સંખ્યા પાંત્રીસની છે. એને સરળતાથી યાદ રાખવા માટે અહીં એને આ રીતે ચાર વિભાગમાં વહેંચી શકાય;-

| **૧૧ કર્તવ્ય** | **૮ દોષત્યાગ** | **૮ ગુણગ્રહણ** | **૮ સાધના** |
|---|---|---|---|
| ન્યાયસંપન્નતા | નિંદાત્યાગ | પાપનો ભય | કૃતજ્ઞતા |
| ઉચિત વ્યય | નિદ્યપ્રવૃતિ ત્યાગ | લજ્જા | પરોપકાર |
| ઉચિત વેશ | ઇન્દ્રિયગુલામી ત્યાગ | સૌમ્યતા | દયા |
| ઉચિત ઘર | આંતરશત્રુ વિજય | લોકપ્રિયતા | સત્સંગ |
| ઉચિત વિવાહ | અભિનિવેશનો ત્યાગ | દીર્ઘદૃષ્ટિ | ધર્મશ્રવણ |
| અજીર્ણે અ-ભોજન | ધર્મ-અર્થ-કામને પરસ્પર અબાધા | બલાબલ-વિચારણા | બુદ્ધિના ૮ ગુણ |
| કાલે સાત્મ્ય ભોજન | ઉપદ્રવવાળા સ્થાનનો ત્યાગ | વિશેષજ્ઞતા | પ્રસિદ્ધ દેશાચારપાલન |
| માતા-પિતાની પૂજા | અયોગ્ય દેશકાળમાં ફરવું નહિ | ગુણપક્ષપાત | શિષ્ટાચાર-પ્રશંસા |
| પોષ્ય-પોષણ | | | |
| અતિથિની ઉચિત સરભરા | | | |
| જ્ઞાનવૃદ્ધ અને ચારિત્રશીલની સેવા | | | |

આ ૩૫ ગુણોનું ટૂંકું વિવેચન જોઈએ-

**(૧) ન્યાયસંપન્નવિભવ :-** ગૃહસ્થ જીવનમાં મોટો પ્રશ્ન આજીવિકા કમાવવાનો રહે છે. એનું ઉપાર્જન ન્યાય-નીતિ જાળવીને કરાવું જોઈએ; કેમકે એથી જીવ નિશ્ચિન્ત રહે છે, મન પવિત્ર રહે છે, તેથી કમાઈનો ઉપભોગ સુખશાન્તિથી થાય

છે. અન્યાયીને ભય, શંકા, અપવિત્ર દિલ વગેરેથી અશાંતિ રહ્યા કરે છે; તેથી છતે પૈસે એ સુખી નથી. વળી નથી ને અન્યાય પકડાઈ જાય તો અપકીર્તિ, રાજદંડ, લોકદુર્ભાવ, દુશ્મનાવટ વગેરે આપદા ખડી થાય છે. ઉપરાંત એનાથી ડરી નવાં જુઠ્ઠાણાં, માયા, પ્રપંચ વગેરે પાપ કરવા પડે છે. આવા જીવનથી અંતકાળ મનને કોચી ખાય છે.

શાસ્ત્ર કહે છે કે તીર્થયાત્રાદિ ધર્મકાર્ય ન્યાયસંપન્ન દ્રવ્યથી કરવા જોઈએ; કેમકે શુદ્ધ દ્રવ્યથી ભાવના નિર્મળ, વિશુદ્ધ રહે છે. અન્યાયના પાપી દિલ સાથે વિશુદ્ધભાવના અને વિશુદ્ધધર્મની સગાઈ થતી નથી.

(૧) **ન્યાયસંપન્ન બન્યા રહેવા,** પૈસા આદિ માટે સીધી કે આડકતરી કોઈપણ પ્રકારની અનીતિ-દંભ વગેરે કરવા નહિ, બીજાની ગુપ્ત વાતનો ગેરઉપયોગ પણ કરવો નહિ. વેપારમાં માલનો ભેળસેળ ન કરવો; હલકા માલને ઊંચા તરીકે કહેવો નહિ. ખોટા તોલમાપ ન કરવા. ભાગીદાર વગેરે સાથે દંભ-પ્રપંચ ખેલવો નહિ, બીજાના ગ્રાહક તોડવા નહિ. ધર્માદાખાતા પાસેથી વધારે ભાવ આંચકવો નહિ. કરચોરી, સડેલાનો વેપાર, સાચાને નામે બનાવટી માલ, ચોરીના માલને ઉત્તેજન, નોકર મજૂર આદિને અન્યાય દા.ત. આઠને બદલે ૧૦ કલાક કામ લેવું વગેરે, ખરીદનો દેખાવ કરી વેચાણ, યા વેચાણનો દેખાવ કરી ખરીદ, ખોટા ચોપડા, ખોટાં ભરતિયા, ખોટાં બીલ, વગેરે કરવાનું વિચારમાં ય ન લાવવું. વિશ્વાસે રહેતા ઘરાકને એના વિશ્વાસથી વધુ ભાવ આંચકી લેવાનો દંભ ન કરવો. ટેક્ષની ચોરી ન કરવી. ● **નોકરી**માં શેઠના માલનો અગર નોકરનો પોતાના ખાનગી વ્યાપાર યા કામમાં ઉપયોગ, શેઠના વ્યાપારમાં અનીતિ, નોકરીના સમય અને કામની ચોરી, શેઠના નામની ખોટી ચિઠ્ઠી-સહી, શેઠની ખાનગી વેપાર-વિગતની બીજાને માહિતી, નોકરીના વેપારમાંથી ગાવલી, નોકરીની ગેરહાજરીમાં ખોટા ડાક્ટરી સર્ટિફિકેટ વગેરે કરવું નહિ. ભત્તુ, પ્રવાસખર્ચ વગેરેમાં અનીતિ ન કરાય. ● **સ્ત્રીઓ** વગેરેએ પણ પોતાના સંસાર-વ્યવહારમાં કુટુંબીઓ, પાડોશીઓ વગેરે સાથે અન્યાયી લેવડદેવડ વગેરે વર્તન કરવા નહિ. કામ કરવું નથી માટે ખોટા મંદવાડ વગેરેના બહાનાં, એ બધું અન્યાય છે. ● **વિદ્યાર્થી જીવન**માં કોઈની ચીજ વસ્તુ ઉપાડી લેવી નહિ. મિત્ર-દોસ્તદારને પણ ચોરી કરાવવી નહિ. ● **દલાલીના** ધંધામાં વેપારી કે ઘરાક પાસેથી ગાવલી ખાવી નહિ. ઘરાક માટે નીચા ભાવમાં ખરીદી પછી તે રદ કરી ઊંચાભાવનું લેણ બતાવવું નહિ. એમ વેચાણમાં ઊલટું સમજવું. માલમાં પણ વેપારીની જેમ ભેળસેળ, જૂઠાં બીલ વગેરેની અનીતિમાં પડવું નહિ.

● **ધીરધાર**ના ધંધામાં ચોપડે કે રસીદમાં ઓછું લખાવી ઉપરનું વધારે લેવું નહિ. એમ વધારે લખાવી ઓછું આપવું નહિ. ગરજુને ચૂસવો નહિ, થાપણ ઓળવવી યા ફેરફાર કરવો નહિ. વિશ્વાસીઓને ઠગવા નહિ, અનીતિખોર-ચોર, કસાઈ વગેરેને ધીરવું નહિ. ● **હુન્નર-ઉદ્યોગ**ના ધંધામાં હલકી વસ્તુ પર ઓપ ચઢાવી ઊંચા માલ તરીકે ખપાવવો નહિ. એમ હલકા માલ ઉપર ઊંચા માલના લેબલ, સાચા ને બદલે ઈમીટેશન, ધણીના સારા કાચા માલમાંથી છુપાવી હલકાની બનાવટ, કાચા માલમાંથી ગાવલી, વગેરે ઠગાઈ કરવી નહિ. ● **વૈદ્ય-ડૉક્ટર**ના ધંધામાં પ્રારંભે સારી દવાથી ફાયદો દેખાડી પછી દવા બદલીના નામે હલકી દવાથી રોગ લંબાવવો, દરદીનો તેવો ભારી રોગ ન છતાં ફોટો, બ્લડ-ટેસ્ટ, યુરીન-ટેસ્ટ વગેરે લફરાં વળગાડવાં, ખોટી વિઝિટો ચડાવવી, સામાન્ય દવાથી પતે ત્યાં ઈંજેકશન બતાવવા, દવાવાળા સાથે વૈદ્ય-ગાંધીનું સહિયારું, ઈત્યાદિ અનીતિ ન કરવી. ● **જુગાર સટ્ટા** વગેરેના ધંધા જ શ્રમ વિના જ પૈસા મેળવવાની બુદ્ધિપર નભે છે. તેમજ હાર્યો જુગારી બમણું રમે એ પણ વૃત્તિ રહે છે. એમાં દેવાળું પણ નીકળે છે. આવા બધા કારણે એવા ધંધા કરવા યોગ્ય નથી. ● **વકીલાત**ના ધંધામાં જૂઠાણાં હાંકવા નહિ. અસીલનો અન્યાયી કેસ લેવો નહિ. સામાને અસીલના હક્ક કરતાં વધારે પડતી રકમનો દાવો બનાવવો નહિ. અસીલ પાસેથી ખોટા પ્રપંચ કરી પૈસા પડાવવા નહિ. કેસ વધારે ફીની લાલસાથી લંબાવ્યે જવો નહિ.

● **અમલદારીપણા**માં લાંચ-રૂશ્વત લેવી નહિ, મોટા-નાના અમલદારને લાંચ અપાવવી નહિ, ખોટો ભય બતાવી કોઈને લૂંટવા નહિ, કે કોઈને દાઢમાં ઘાલી હેરાનગતિ કે નુકશાન પહોંચાડવું નહિ, કેસ ખોટો લંબાવવો નહિ, ઈન્સાફ અદલ આપવો. રાજ્યને નુકશાન પહોંચે એવી અનીતિ કરવી-કરાવવી નહિ.

સામાન્ય રીતે કોઈપણ જાતના ધંધામાં પોતાનું દિલ ડંખે, બીજાથી છાનું છપકું કરવું પડે, દંભભર્યું વાગ્ચાતુર્ય ચલાવવું પડે, સામાને બીજા સાથેના તેવા વ્યવહાર કરતા પોતાના વ્યવહારથી વધારે નુકશાન થાય, એવી કોઈપણ રીતરસમ વાપરવી નહિ. એમ કરવાથી કદાચ ધન વગેરે મળે તો કાં તો ચોરીનું ધન ન રહે ઘરમાં; અથવા તેનો ભોગવટો તો આખું કુટુંબ કરશે, પરંતુ તેના ચીકણાં પાપનું ફલ તો પોતાને એકલાને ભોગવવું પડે છે. વળી અનીતિ, દંભ, વગેરેથી હૃદય અપવિત્ર રહે છે; તેથી આત્મા એ માટે અયોગ્ય રહે છે.

(૨) **ઉચિત વ્યય :-** ખર્ચ આવક પ્રમાણે રાખવો; નહિતર મોટાઈ બતાવવા, દેખાદેખીથી, મિત્રમંડળના લહેલાટથી, મોજવિલાસના હેતુએ, કોઈના ચડાવવાથી, અગર શરમ કે દબાણથી ખર્ચ વધારે કરે, તેમજ સિનેમા, નાટક, હોટલ, વ્યસન,

વગેરેના ધૂમ ખરચા તથા લગ્નાદિ પ્રસંગમાં ગજા ઉપરાંત લાંબુ-ચોડું વેતરવા જાય તો કાં દેવું થાય, અગર ખૂટતું અન્યાયથી લાવવાનું મન થાય. કે ઘરના દાગીના, રાચરચીલું ને યાવત્ ઘર પણ વેચવાનો પ્રસંગ ઊભો થાય. ઉચિત ખર્ચ પણ ભાવી કોઈ તેવી આવશ્યકતા માટે બચાવી કરશો. કહ્યું છે;- શક્ય હોય તો આવકનો ૦ા-૦ા ભાગ [1]**ઉપભોગ**-[2]**નિધિ**-[3]**વેપાર અને** [4]**ધર્મમાં જોડવો.** જાતના ઉપભોગમાં લાંબો પહોળો થાય અને ધર્મસાધનામાં કાંઈ ન ખર્ચે કે મામૂલી ખર્ચે તો એય અનુચિત વ્યય છે. તેમ મમ્મણ શેઠની જેમ અતિ કંજૂસાઈથી રહે, તો તે પણ આવકને ઉચિત વ્યય નથી.

(૩) **ઉચિત વેશ :-** ગૃહસ્થનો વેશ પોતાની સ્થિતિને ઉચિત જોઈએ. ઉચિત એટલે (૧) ઉદ્ભટ નહિ, પણ અનુદ્ભટ, અને (૨) પોતાની સામાન્ય, મધ્યમ કે શ્રીમંત સ્થિતિને છાજતો, તેમજ (૩) પોતાની આર્યસંસ્કૃતિને ભૂલાવે નહિ એવો. વેશ એ પોતાની લાગણીઓ ઉપર પ્રભાવ પાડે છે. ફેન્સી કોટ-પાટલૂન-જાકીટ, અત્તર છાંટેલ રૂમાલ, કિંમતી ઘડીયાળ, પેન, કોલર, નેકટાઈ, બૂટ, મોજા, સોનેરી ફ્રેમના ચશ્મા, મોઢામાં પાનપટ્ટી, સીગારેટ વગેરે ઉદ્ભટ વેશ એ લાગણીઓ પણ ઉદ્ભટ વિલાસી અને મદાન્ધ કરે છે. પુરુષ સ્ત્રીનો વેશ પહેરે તો તેનામાં સ્ત્રી-સુલભ ભાવ જગાડે છે એવો નાટકિયાનો અનુભવ છે. તેમજ વેશ બીજા ઉપર પણ તેવી અસર કરે છે. પુરુષને સ્ત્રીના વેશમાં જોઈ માણસો મોહી જાય છે. ઉદ્ભટ વેશથી પોતાના દિલમાં તેવા હલકા ભાવ જાગે છે, ને બીજાને પણ તે જોઈ હલકો ભાવ થાય છે. ઉદ્ભટવેશવાળી સ્ત્રીને જોઈ કેટલાય પુરુષો દૃષ્ટિ બગાડી હૈયું બગાડે છે. આજે એમાંથી અનર્થો થઈ રહ્યા છે. એમ યુરોપિયન વેશથી દિલમાં આર્યત્વ વિનય-નમ્રતા-સાદાઈ-મર્યાદા વગેરેની ભાવના ભુલાઈ જાય છે.

ઉદ્ભટવેશથી અપકીર્તિ, લોકમાં ઉદ્ધત, દુરાચારી, ઉડાઉ, મૂર્ખ, અયોગ્ય વગેરે તરીકેની છાપ પડે છે; એ શંકા અને અવિશ્વાસનું પાત્ર બને છે. ત્યારે મર્યાદાવાળા સાદા વેશથી ચિત્તમાં લઘુતા રહે છે. અને લઘુતામેં પ્રભુતા, એ ન્યાયે સાદાઈ અને નમ્રતાથી લોકમાં આદરભાવ વધે છે. ખોટી મોટાઈથી અનેક આપત્તિઓ પણ આવે છે. રાહુ મોટા એવા ચંદ્ર-સૂર્યને ગ્રસે છે, પણ છોટા એવા ગ્રહ, નક્ષત્ર, તારાને નહિ. સારો વેશ અવસરે રક્ષણ આપે છે. **પ્રસન્નચંદ્ર રાજર્ષિ**ને પડતી ભાવનામાં મુનિવેશે બચાવી લીધા અને એ ઠેઠ કેવળજ્ઞાન સુધી પહોંચી ગયા. એ વેશ ન હોત તો કદાચ પડ્યા ભેગા પડ્યા થાત. એમ સામાન્ય માણસ શ્રીમંતનો વેશ પહેરે તો યાચકો વગેરેથી તંગ કરાય છે. ત્યારે શ્રીમંત જો ગરીબનો વેશ પહેરે તો લોકમાં કૃપણ તરીકે નિંદાય છે અને દાનના અવસર પણ ગુમાવે છે. સારાંશ,

સ્વપરની સદ્‌ભાવના, સદાચાર વગેરેના રક્ષણ અર્થે વેશ અનુદ્‌ભટ અને સ્થિતિને છાજતો જોઈએ.

**(૪) ઉચિત ઘર :-** ગૃહસ્થને રહેવાનું મકાન બહુ બારણાવાળું ન જોઈએ, નહિતર ક્યારેક ચોર, લુચ્ચા, લફંગા વગેરે ક્યાંથી પેસે અને ક્યાંથી પલાયન થાય. એમાં ધનમાલની ચોરી, સ્ત્રીઓના શીલ અંગે ભય, મારપીટ વગેરે આપત્તિ આવે. ત્યારે મકાન એક જ બારણાવાળું પણ નહિ, કેમકે આગ વગેરે અકસ્માતમાં ઝટ નીકળી ન શકાય; વળી મોટા રસ્તા (રાજમાર્ગ) પર ન જોઈએ; નહિતર ઘોંઘાટ, ઘરની પ્રજાનું બહારમાં તણાઈ જવું, સ્ત્રીઓની વૃત્તિની ચપળતા, લાજમર્યાદાનો ભંગ, ક્યારેક સૂનું પડતાં હાલી-મવાલીની ચોરી વગેરે અનર્થ થાય. તેમ ઘર બહુ ઊંડાણમાં ન જોઈએ, નહિતર આગ લૂંટ, આક્રમણ વગેરે પ્રસંગે બચાવમાં ઢીલ થાય. ઘર સારા પાડોશવાળું જોઈએ. હલકા પાડોશમાં કાં ઝગડા, અથવા કુટુંબ પર અનીતિ, જૂઠ, દુરાચારાદિના ખોટા સંસ્કાર, યા ચોરી વગેરે ઉપદ્રવ થાય. વેશની જેમ ઘર પણ ઉદ્‌ભટ ન રાખવું. નહિતર ભાવના પર ખરાબ અસર કરે છે. સારા પાડોશમાં શાલિભદ્ર-જીવ સંગમ વગેરેની જેમ દાનરુચિ, પ્રામાણિકતા, સદાચાર, ધાર્મિકતા, નમ્રતા, વિવેક, ત્યાગ, તપસ્યાદિ ગુણોની પ્રાપ્તિ થાય.

અહીં એ પણ ધ્યાનમાં રહે કે ઘર સાદું બનાવતાં ખર્ચ અને સમય ઓછો થાય, વાપરતાં સરળ, સાફસૂફી, વખતનો બચાવ, જીવદયા, સ્વચ્છતા, નીરોગીપણું, શાંત ચિત્તવૃત્તિ, રાગદ્વેષની ઓછાશ, વગેરે લાભ થાય.

**(૫) ઉચિત વિવાહ :-** બ્રહ્મચર્યનું પાલન એ માનવભવની ઊંચી સફળતા છે. તે ન બની શકે તો ગૃહસ્થ લગ્ન-સંબંધ જોડે તે ભિન્ન ગોત્રવાળા અને સમાન કુળ-શીલવાળા સાથે જ જોડાય; જેથી ક્રમશઃ નિર્વિકારભાવ કેળવતા જઈ વિશેષ બ્રહ્મચર્ય પાળતાં પાળતાં સર્વથા બ્રહ્મચર્યે જલ્દી પહોંચાય. સમાન ગોત્રમાં એક જ જાતનું લોહી વહે છે, તેથી તેમાં લગ્નસંબંધ હલકી ભાવના અને હીનપ્રજા પેદા કરે છે. એમ, અસમાન યાને ઊંચા કુળવાળાને નીચા કુળવાળાના સંબંધી સંસર્ગજન્ય દોષ ઊભા થાય છે. કુળની ખાનદાનીનો મોટો પ્રભાવ છે, પ્રાયઃ એ નીચ કૃત્ય નહિ કરવા દે. હલકા કુળની સ્ત્રી કે પુરુષ સાથે સંબંધ અવસરે હલકા કૃત્યમાં ઘસડે છે. લોકમાં નિંદા પણ થાય છે. પ્રજા હલકી પાકે છે. એમ શીલ એટલે આચાર હલકા ધરાવનાર સાથેના સંબંધથી કાં મતભેદ, ખટરાગ, રગડા, કલેશ-કંકાસ થાય છે, યા પોતાના દાનાદિ આચારને ધક્કો પહોંચે છે, અથવા પોતાનામાં હલકા આચાર-વિચાર આવે છે. નરસી વસ્તુ પર સારીની અસર ઓછી, અને સારી વસ્તુ ઉપર નરસીની અસર ઘણી એ દેખાય છે. લસણ એ કસ્તુરી-વાસિત

કપડાને દુર્ગંધવાળું કરે છે, સડેલું ફળ સાથેના સારા ફળને બગાડે છે. સારા કુળમાં પણ સારા દાનાદિ આચાર અને ધર્મવાળા સાથે જ સંબંધ જોડવો જોઈએ. જો નીચા ધર્મવાળા, અનાચારી, અવગુણી, મૂર્ખ, કજીયાળા, બહુ નાની-મોટી ઉંમરવાળા, કૃપણ કે તામસી વગેરે સાથે સંબંધ જોડાય તો તેનાં અનેક નુકશાનો નીપજે.

**(૬) અજીર્ણે અ-ભોજન :-** પૂર્વનું ખાધેલું બરાબર પચ્યું ન હોય, ખાવાની રુચિ જાગી ન હોય, ત્યાંસુધી નવું ભોજન નહિ કરવું જોઈએ. કેમકે અગ્નિ જાગ્યા વિના પેટમાં પધરાવેલું પચતું નથી, અજીર્ણ થાય છે, સુસ્તી ચડે છે, રોગો જન્મે છે. આયુર્વેદ કહે છે-પ્રાયઃ **सर्वे रोगा अजीर्णप्रभवाः ।** આ અજીર્ણ થવાના અનેક કારણો છે. દા.ત. મનગમતું પકવાન્ન વગેરે હોય, ઈત્યાદિ કોઈ કારણે વધારે ખવાઈ જાય, યા જ્યારે-ત્યારે અને જે તે આરોગવાની કુટેવ હોય, ઢોરની જેમ અકરાંતિયા થઈ ખાવાની લત હોય, તો અજીર્ણ થાય છે. ખોરાક ન પચવાથી રસ, રુધિર (લોહી) વગેરે ન થતાં વાત, પિત્ત કે કફના પ્રકોપ થાય છે. પેટમાં ભાર, જીવ આમણ-દૂમણ, પડી રહેવાનું મન, કામ ગમે નહિ, તાવ, ઝાડા કે કબજિયાત, ખાટા ઓડકાર, અંગોમાં જડતા, મોંમાં મોળ-અરુચિ, વાયુના ઉબકા, પેટમાં બાદી-દુઃખાવો, વારંવાર વા-છૂટ, અધિક ઊંઘ, સારું ઊંઘ્યા છતાં બગાસા, કફના બહુ બળખા, વગેરે વગેરે વિષમતાઓ અજીર્ણના પરિણામ છે. અજીર્ણથી કેટલીકવાર ખોટી ભૂખ પણ જાગે છે. ત્યાં અજીર્ણના નરસાં પરિણામ ડકાર વગેરે દેખાતાં હોય છતાં મન-ગમતું ખાવાની રુચિ લાગે; પણ સાવધાન બની જવું જોઈએ અને મનને રોકવું. વસ્તુ સારી છે એટલા માત્રથી શરીરને પુષ્ટિ નથી કરતી, પરંતુ અંદરમાં જો અગ્નિ જાગતો હોય, અને એને પચાવે તોજ પુષ્ટિ થાય છે, નહિતર વાતાદિપ્રકોપ, ખળ અને મળ થાય છે; કેમકે અજીર્ણમાં અંદરનું યંત્ર બગડે છે, પાચક રસો દૂષિત બને છે, જે નવા નખાયેલા આહારને વિકૃત કરે એ સહજ છે. માટે ખાવાને બદલે ભૂખ્યા રહેવાથી હોજરીને આરામ મળે છે; તેથી એ સશક્ત બને છે; અને દોષો નાશ પામે છે. માંદા શરીરને શ્રમ પડવાથી જેમ વધારે નિર્બળ બને છે, એમ અશક્ત હોજરી પણ વધારે ભારથી વધુ અશક્ત બને છે. ત્યારે શરીરની જેમ હોજરીને પણ આરામથી શક્તિ પુનઃ પ્રાપ્ત થાય છે.

**(૭) કાળે સાત્મ્યવાળું ભોજન :-** ખાધેલું પચી ગયા પછી ભોજન કરવાનું તે પણ નિયમિત કાળે કરવું જોઈએ. આજે દસ વાગ્યે જમ્યા, કાલે બાર વાગે, પછી પરમ દિવસે બે વાગે... આવી અનિયમિતતા ન જોઈએ. નહિતર કાં તો જાગેલી અગ્નિ ધાતુ ખાય, અગર બૂઝાય, યા ભોજનના પ્રમાણમાં નિયમિતતા ગુમાવવાનું થાય. શરીરની કુદરત નિયમસર કામ કરે છે. એને અનુકૂળ વર્તન

સુખી રાખે. ચાના કટોરા અનિયતપણે ઢીંચી બગાડેલી હોજરી અનેક પીડા ઊભી કરે છે. એમાં ન ફસાતાં નિયમિત કાળે ભોજન કરવું. ધ્યાનમાં રહે કે-રાત્રિ સમયે એ પણ યોગ્યકાળ નથી. કેમકે સૂર્યાસ્ત થઈ ગયા પછી વાતાવરણ બદલાઈ જાય છે. એની ભોજન પર ખરાબ અસર પડે છે. રાત્રિવિહારી નાની જંતુસૃષ્ટિ ભોજનમાં આવી પડે છે. રાત્રે જમ્યા પછી ઊંઘને અંતર ઓછું રહેવાથી પાચક રસનો લાભ ઓછો મળે છે. રાતની રસોઈમાં ગરોળીની લાળ, જંતુના કલેવર વગેરે પડવાનો સંભવ છે. વાસના અને વિકારો પર રાત્રિભોજનની વધુ અસર કરે છે.

સાત્મ્યવાળું એટલે પ્રકૃતિને અવિરુદ્ધ, માફક રહે એવું. વાતપ્રકૃતિવાળાને કઠોળ વગેરે વાયુકારક પદાર્થો વિરુદ્ધ પડે છે. એમ પિત્ત-પ્રકૃતિવાળાને તેલ, મરચાં વગેરે પિત્તકારક પદાર્થો વિરુદ્ધ પડે છે. ત્યારે કફ-પ્રકૃતિવાળાને સાકર-દૂધ-ઘી વગેરે વિશેષ પ્રમાણમાં લેવાય તો કફ વધે છે. વિરુદ્ધના સેવનથી તેવા તેવા વાતાદિ વિકાર થવાથી આરોગ્ય બગડે છે. તેથી એક બાજુ કર્તવ્યો સીદાય છે, અને બીજી બાજુ મનમાં શરીર, દવા ને પથ્યાદિના વિચાર બહુ આવ્યા કરે છે. દવા ડોક્ટરનાં પૈસાનો ખર્ચ પણ વધે છે. એમ પ્રકૃતિને માફક પણ ભૂખ કરતાં વધુ ખાવાથી રસને બદલે ખળ-મળ પેદા થાય છે; કેમકે પેટમાં પાચક રસોનું રેશનિંગ છે, અર્થાત્ એ માપસરના જ જાગે છે. એ માપસરનું તો પચાવી શકે; પણ માપ બહારનો ભાર પડે તો એના માપનું ય ઠીક પચવાને બદલે બધુંય વિકૃત થાય છે, અપક્વ અજીર્ણ રહી વાયુ પ્રકુપિત કરે છે. અજીર્ણમાંથી અનેક રોગો થાય છે. તેથી દવાખર્ચ ઉપરાંત કામધંધો બગડવાથી આવકને હાનિ પણ પહોંચે છે; વળી સ્વભાવ ચીડિયો, મનોવૃત્તિ ખરાબ, જીવન અકારું, અને ધર્મસાધનામાં સીદામણ થઈ પડે છે. ધ્યાનમાં રહે કે ખાવા માટે જીવવાનું નથી, જીવવા માટે ખાવાનું છે. અતિખારું-ખાટું-તીખું ગરમ વગેરે વાપરવાથી પ્રકૃતિ સૌમ્ય નથી રહેતી. સ્વાદના રસમાં હર્ષોન્માદ, ગ્લાનિ, ધમપછાડ, ચિત્તલગની, કાર્યબેચેની વગેરે અનર્થ જન્મે છે. જમતાં ક્રોધ, ચિંતા, ભય, કુવિચાર વગેરે પણ ખાધેલું વિકૃત કરે છે. માટે પ્રકૃતિને માફક અને માપસર જ ભોજન લેવું જોઈએ, તે પણ થાક પછી વિસામો લઈને, તથા સ્વસ્થચિત્તે.

(૮) **માતાપિતાની પૂજા** :- માતાપિતાનો પુત્ર પર એની ગર્ભઅવસ્થાથી માંડીને અથાગ ઉપકાર થયો હોય છે. એ એમનાથી જ પોષણ, ઉછેર, આરોગ્ય, બીમારીમાં માવજત રક્ષણ, બીજી જરૂરિયાતો, વિદ્યા, વિવેક, હોશિયારી વગેરે પામ્યો હોય છે. તેથી આવા ઉપકારીની માત્ર સેવા જ નહિ, કિન્તુ પૂજા ભક્તિ કરવી જોઈએ. તે એ રીતે કે,- (૧) એમને ત્રિકાળ પ્રણામ, (૨) અભ્યુત્થાન

અર્થાત્ એ આવે અગર ઊભા થાય ત્યારે ઊભા થવું, એમને બેસવા આસન આપવું, ને બેસે ત્યારે એમની ઉપાસના કરવી, વગેરે વિનયાદિ કરવાના. (૩) એમની પાસે નમ્રભાવ અને લઘુભાવસૂચક આસને બેસવું. (૪) લઘુનીતિ-વડીનીતિ (પેશાબ-ઝાડે જવાની ક્રિયા) વગેરે અસ્થાને એમનું નામ ન ઉચ્ચારવું. (૫) ક્યાંય પણ એમની નિંદા નહિ સાંભળવી. (૬) એમને સારાં સારાં વસ્ત્ર, ભોજન, અલંકારાદિ સમર્પવા. (૭) એમની પાસે દીનહીન, અતિથિ, દેવ, વગેરેને દાન દેવા પ્રમુખ પરલોક-હિતકારી ક્રિયાઓ કરાવવી. (૮) એમને અનિષ્ટ લાગતા વ્યવહારો ત્યજી, ઈષ્ટ લાગતા વ્યવહારોમાં પ્રવર્તવું; કિન્તુ તે ધર્માદિ પુરુષાર્થને બાધ ન પહોંચે તે રીતે; કેમકે પુરુષાર્થનો આરાધનકાળ અતિદુર્લભ છે. (૯) ગુરુવર્ગના આસન, પથારી, ભોજન, ભાજન વગેરે પોતે ન વાપરવા. (૧૦) એમના ખાસ અલંકારાદિ દ્રવ્યને તીર્થસ્થાનમાં યોજવું, નહિતર સ્વયં ગ્રહણમાં ગુરુવર્ગના મરણાદિની અનુમતિ લાગે. (૧૧) એમના પ્રતિબિંબાદિ સ્થાપિત કરી અને ધૂપ-પુષ્પાદિથી પૂજવું, કેટલાક કહે છે કે એમણે કરાવેલ દેવ-પ્રતિમાદિની પૂજા કરવી.

માતાપિતાએ પુત્રની જે અકિંચન, અબૂઝ, અશક્ત, અબોલ અવસ્થામાં જેવો અનુપકૃત ઉપકાર કર્યો છે, એનું મૂલ્ય પુત્ર પછીથી માતાપિતાની જે કોઈ સેવા બજાવે એના કરતાં લાખો-કરોડોગુણું ઊંચું છે. કેમકે માતાપિતાને એ અવસ્થા અને એને યોગ્ય સેવા લેવાનો પ્રસંગ જ આવતો નથી. ઉપરાંત માતાપિતાએ જે પ્રેમ, જે હેત, જે વાત્સલ્ય, વરસાવ્યા છે, પુત્રનું હજારો વાર જે ખમી ખાધું છે, પોતાની સગવડો વિસારી પુત્રની ચિંતા કરી છે, પુત્રમાં અપલક્ષણ ન આવે એ માટે જે સંયમ દાખવ્યો છે, ધાર્મિક, વ્યાવહારિક વિનય, સત્ય, નીતિ, સેવાભક્તિ વગેરેનું જે શિક્ષણ આપ્યું છે, કહેવાય છે કે એક માતા જે સંસ્કાર શિક્ષણ આપે છે તે હજાર શિક્ષક નથી આપી શકતા; વગેરે વગેરે જે ઉપકાર કર્યા છે, તેનું શું મૂલ્ય અંકાય ? જે પુત્ર આ બધું ભૂલી જાય એ કેટલો બધો નઘરોળ, નીચ અને હરામી કહેવાય ? માતા-પિતાના એ અપ્રતિકાર્ય ઉપકારો અને વાત્સલ્યાદિ ગુણો જોતાં માત્ર એમનું પાલન પોષણ અને સેવા જ નહિ, પણ પૂજા ભક્તિ કરવી જોઈએ. તે ઠેઠ એમની જિંદગીના છેડા સુધી કરવાની. એમના દિલને જરાય ઓછું ન આવે બલ્કે શાતા, પરમ શાતા મળે એવો વિનય, આમન્યા, સેવાભક્તિ, આધીનતા, શરણાગતિ વગેરે પુત્રે દાખવતા રહેવું જોઈએ. પરગામ જતાં, કે કોઈ મહત્ત્વનું કામ હાથ ધરતાં એમને પગે લાગી આશીર્વાદ લેવા. બીજા સમક્ષ એમની મોટાઈ આગળ કરવી. એમના પર ક્રોધ ન કરવો. એમને કડવાં વચન, ટોણાં-મેણાં મારવા નહિ. પત્ની વગેરેનું ઉપરાણું લઈ એમને ઉતારી પાડવા કે હલકા પાડવા

નહિ. એમની બીમારીમાં જાતે સારી સેવા કરવી. નાના ભાઈઓ બેનો વગેરેને સારા સાચવી માતાપિતાનું દિલ તુષ્ટ રાખવું.

(૯) **પોષ્ય-પોષણ** :- પોષ્ય એટલે જેમનું ભરણ પોષણ કરવાનું પોતાનું કર્તવ્ય છે; એ પત્ની, પુત્ર, પુત્રી નિરાધાર બેન-ફોઈ-માસી વગેરે. ન્યાયના માર્ગે રહીને એમનું બરાબર પાલન-પોષણ કરવું જોઈએ. 'બરાબર' એટલે એમના પર અહેસાન ચઢાવ્યા વિના, જરૂર પડ્યે પોતે જાતને માટે અગવડ કષ્ટ વેઠી લઈને, તથા બધાનાં ખાનપાનાદિ થયાની રોજ ચિંતા રાખીને, તેમજ એમની બીમારીમાં સેવા બજાવીને. જનાવરને આ ન આવડે. પણ માનવીને ન આવડે તો જનાવરથી શી વિશેષતા ? જવાબદારી અદા કરવી જ જોઈએ; નહિતર માણસની ફૂટી કોડી જેટલી કિંમત છે. પોષ્ય-પોષણમાં એટલું ધ્યાન રાખવું જોઈએ કે એની ખાતર અનીતિ-અન્યાય નહિ આચરવા, ભલે ઓછામાં ચલાવવું પડે તો ચલાવાય. એમ પોષ્યને ખોટા લાડ નહિ લડાવવા. તેમ, જાતે તુંડમિજાજી પક્ષપાતી, અકૃતજ્ઞ, ઉદ્ધત, લોભી, માયાવી વગેરે ન બનવું.

કુટુંબ-પરિવાર હરામી આળસુ કે દુર્ગુણી ન થાય અથવા વ્યસનોમાં ન ફસાય કે અવળે રસ્તે ન ચડી જાય તેની કાળજી રાખવી. તેમજ તેને રોગ અકસ્માત વગેરે કષ્ટમાં બરાબર સહાનુભૂતિ બતાવી ઔષધ માવજત વગેરેની કાળજી રાખવી. તેમજ તેની ઉન્નતિ થાય એવા પ્રયત્ન કરવા. આ બધું કરવામાં જરાય બડાઈ ન રાખતાં, કે અહેસાન ન ચઢાવતાં, નિઃસ્વાર્થ પ્રેમ ને કરુણાભાવ રાખવો.

(૧૦) **અતિથિ-સાધુ-દીનની પ્રતિપત્તિ :- અતિથિ એટલે** જેમને ધર્મ કરવા માટે કોઈ અમુક તિથિ, પર્વ નથી રાખ્યા, પરંતુ સદા ધર્મ કરે છે તે મુનિઓ; સાધુ એટલે ગુણિયલ સજ્જન, મેમાન-પરોણા, અને દીન એટલે દુઃખી નિરાધાર ભિક્ષુક, યાચક, આ ત્રણેયની યોગ્ય સરભરા કરવી. યોગ્ય એટલે અતિથિ મુનિની સરભરા એક પૂજ્ય ગુરુ તરીકેની વંદના વિનય-ભક્તિ-બહુમાનભર્યા આદર સાથે; પોતાનો એમની પ્રત્યે સેવકભાવ, ઉપાસકભાવ વ્યક્ત થાય તે રીતે. ત્યારે સજ્જનની યોગ્ય સરભરા એટલે ગૃહસ્થને છાજે એ રીતના આવકાર, માન, આદર સાથે સરભરા. દીન દુઃખીની યોગ્ય સરભરા એટલે એના પ્રત્યે પ્રેમભાવ અને હૃદયની આર્દ્રતાભર્યો દયાભાવ રાખી અન્ન-પાણી-વસ્ત્ર-ઔષધ આદિનું દાન કરવું, તેમજ આપત્તિ હટાવવા શક્ય કરવું તે માર્ગાનુસારીના આ ગુણથી હૃદયની સ્વાર્થાંધતા કપાય છે, પરાર્થ-પરોપકારવૃત્તિ ખીલે છે, જડતા અને અહંભાવ ઓછા થાય છે, કોમળતા અને નમ્રતા વિકસે છે. કૃપણ તરીકેની નિંદાના પાત્ર ન બનતાં, લોકપ્રિયતા પામે છે. બીજાની દુવા મળવાથી કુદરતનું અનુકૂળ બળ ઊભું થાય છે, પુણ્ય વધે છે.

પુણ્ય પાપને ઠેલે છે. માનવ સેવા ન કરે તો શું પશુ કરી શકશે ?

**(૧૧) જ્ઞાનવૃદ્ધ અને ચારિત્રપાત્રની સેવા :-** માનવજીવન એ વિવેક અને સુસંસ્કરણની વૃદ્ધિ કરવા માટેનું અનન્ય ક્ષેત્ર છે. એ જ્ઞાન અને ચારિત્રથી જ બની શકે. પરંતુ પ્રથમ પગથિયે જ્ઞાન અને ચારિત્રની સાચી કિંમત અને ભૂખ લાગવી જોઈએ. એ લાગે એટલે સહેજે પોતાના કરતા સારું અધિક જ્ઞાન ધરાવનાર તથા સારા ચારિત્રપાત્ર આત્માની સેવા-સરભરા સહેજે થાય. એમને દેખીને સહજ ઉમળકો જાગે કે 'લાવ એમના આદર સત્કાર અને ભક્તિ કરું.' એમને પધારતા જોઈ ઊભા થવું, હાથ જોડી 'પધારો પધારો' કહેવું, બેસવા આસન દેવું, જલપાન આદિ ધરવા, ક્ષેમ-કુશળ પૂછવું, 'મારા યોગ્ય સેવા-કામકાજ ફરમાવો. કાંઈ હિતનું સંભળાવો,' વગેરે વિનંતિ કરવી. શકય હોય તો બહાર એમની નિંદા અપમાન તિરસ્કાર થતા ટાળવા, એમને જરૂરી કામકાજ ને દવા વગેરે જરૂરી વસ્તુદાનનો સેવાભાવ, -નમ્રતા તથા અંતરના ઉલ્લાસથી અહેસાન ચઢાવ્યા વિના,-બજાવી લાભ લેવો, તથા બીજા આગળ એમના ગુણાનુવાદ કરવા. આ રીતે વર્તવાથી સમ્યક્જ્ઞાન-વ્રત-ધર્મક્રિયા વગેરેની પુષ્ટિનો લાભ થાય છે.

❈ ❈ ❈

## ૮ દોષ-ત્યાગ

**હવે ૮ દોષના ત્યાગનો વિચાર આ પ્રમાણે :-**

**(૧) નિન્દાત્યાગ :-** નિંદા એટલે બીજાનું ઘસાતું બોલવું, હલકું બોલવું; છતા અછતા દોષ અવગુણ ગાવા તે. નિંદા એ અધમ કોટિનો દુર્ગુણ છે. કેમકે એનાથી પોતાને કોઈ નક્કર લાભ થતો નથી, છતાં હૃદય મેલું કરીને રસપૂર્વક બીજાનું હલકું બોલવા સાંભળવાનું કરાય છે. નિંદાની પાછળ 'અમુક માણસ ખરાબ, હું એવો નહિ,' એમ અહંત્વ પોષાય છે. તેથી પરભવે ભંગી-ચંડાલ કે કૂતરા વગેરેના હલકા અવતાર મળે એવું નીચગોત્ર કર્મ બંધાય છે. નિંદા કરવાથી એ સાંભળનાર કદાચ બહાર વાત કરે તો એ ક્રમશઃ જેની નિંદા કરી તેને ખબર પડતાં નિંદા કરનારનો વિરોધી બને છે. એમાંય વિશેષ કરીને જો રાજા, પ્રધાન વગેરેની નિંદા કરી અને એ પોતાના જાણવામાં આવી તો મહા આપત્તિ ઊભી થાય છે.

નિંદા કરાવનાર ઈર્ષ્યા અને અભિમાન છે. બીજા સુખી ધનવાન, સત્તાધીશ, અધિક કીર્તિ-વિદ્યા-પુણ્ય-ગુણ-લોકચાહના વગેરે ધરાવનાર ખમાતા નથી. હું કેમ નાનો ગણાઉં ? એવું અભિમાન નડે છે. એટલે નિંદાનો રસ લાગે છે. પરંતુ એ

ખતરનાક છે. નિન્દા રસપૂર્વક કરવા કે સાંભળવાથી પુણ્ય ખવાઈ જાય છે, ગુણથી ભ્રષ્ટ થવાય છે, હૈયુ તુચ્છ બને છે, સજ્જનોમાં હલકાઈ થાય છે, ક્લેશ, કંકાસ જન્મે કે વધે છે, પાપકર્મ બંધાય છે અને તે ઉગ્ર હોય તો આ ભવમાં જ જીભનો લકવો વગેરે ઉગ્ર રોગ, ધનહાનિ વગેરે નીપજાવે છે. માટે નિન્દા ન કરતાં જરૂર પડ્યે ધણીને મોંઢામોંઢ કહેવું સારું, બાકી બહારમાં તો એના ગુણ ગાવા. **'ગુણ ગાતાં ગુણ નીપજે, અવગુણથી અવગુણ.'**

(૨) **નિંદ્યપ્રવૃત્તિનો ત્યાગ** :- જેમ વાણીથી નિંદા તેમ કાયા અને ઇન્દ્રિયોથી નિંદ્ય પ્રવૃત્તિ પણ આચરવી ન જ જોઈએ. દા.ત. રસ્તા ઉપર, સભામાં કે બીજે પરસ્ત્રી તરફ દૃષ્ટિ ન ફેંક્યા કરવી. બે જણની ખાનગી મસલતમાં જઈને ઊભા ન રહેવું. ખોટી અંગ-ચેષ્ટાઓ ન કરવી. જૂઠાણા ન ફેંકવા, વિશ્વાસઘાત, વડીલો સામે ઉદ્ધતાઈ, જુગાર, ચોરી, બદમાશી, મદિરાપાન, માંસાહાર, શિકાર, જીવઘાત, કન્યા-વિક્રય, વૃદ્ધ-વિવાહ, પાપોપદેશ વગેરે ન કરવા. ઉધાર લાવેલ પૈસા કે વસ્તુ પાછી દેવાના અખાડા ન કરવા. ગાળો ન બોલવી વગેરે વગેરે.

આ નિંદ્ય પ્રવૃત્તિ આચરવાથી લોકમાં નિંદા થાય છે, લઘુતા થાય છે. સજ્જન તરીકેની છાપ ગુમાવાય છે. જીવન પાપી બની અધમતાના માર્ગે આગેકુચ કરે છે, ને અનેક અનર્થોના ભોગ બનવું પડે છે. તે તે નિંદ્યકાર્ય પાછળ કુળકલંક, ધનનાશ, નિષ્ઠુરતા, રાજ્યદંડ, મવાલી-આક્રમણ, ભાનભૂલાપણું, અપકીર્તિ, બલ-આરોગ્ય-નાશ વગેરે કોઈને કોઈ અનિષ્ટ જન્મે છે. તથા કુવિકલ્પ, દુર્ધ્યાન, ભયંકર કર્મબંધ અને દુર્ગતિગમન સર્જાય છે માટે જો એ ન ખપે તો કોઈપણ જાતની નિંદ્ય પ્રવૃત્તિ પણ ન ખપવી જોઈએ.

(૩) **ઈન્દ્રિયોની ગુલામીનો ત્યાગ** :- જગતમાં દેખાય છે કે એકેક ઇન્દ્રિયની ગુલામીમાં જીવો મૃત્યુ સુધીની પણ પીડા પામે છે. દા.ત. સ્પર્શન/હાથી, રસના/માછલી, ઘ્રાણ/ભમરો, ચક્ષુ/પતંગીઓ, શ્રોત્ર/હરણ-સર્પ. તો પછી પાંચે ઈન્દ્રિયોની પરવશતા કેટલો અનર્થ કરે ? ઈન્દ્રિયો દુષ્ટ ઘોડા જેવી બનીને જીવરૂપી સવારને દુર્ગતિરૂપી ભીષણ અરણ્યમાં પટકે છે. ઈન્દ્રિયો વધુ ને વધુ વિષય-સંપર્કથી અધિકાધિક ભૂખારવી બને છે. પછી એના તર્પણમાં માણસ તન-મન-ધનથી ખુવાર થાય છે. ઈન્દ્રિયોની ખણજો પૂરવાની ધૂનમાં જીવ સત્ત્વ ગુમાવે છે, નિઃસત્ત્વ બનતો જાય છે, તામસ ભાવ વધે છે, અને કષાયો ફાલેફૂલે છે, કેમકે **'जे गुणे से मूलट्ठाणे ।'** ગુણ=ઈન્દ્રિયોના વિષયો એ સંસારનું મૂળ જે કષાયો, એનું સ્થાન છે. તો પોતાની ઈન્દ્રિયોને મહલાવી વિષય-કષાયની આધીનતા દ્વારા આલોક-પરલોકના ભયંકર અનર્થ ઊભા કરાય એ કેટલી બધી ઉન્મત્ત અજ્ઞાનતા ? માનવભવમાં સુલભ દેવ-

| ❁ ચક્ષુ-ઈન્દ્રિય | | ❁ ઘ્રાણેન્દ્રિય | | ❁ સ્પર્શનેન્દ્રિય | |
|---|---|---|---|---|---|
| **દુરુપયોગ** | **સદ્દુપયોગ** | **દુરુપયોગ** | **સદ્દુપયોગ** | **દુરુપયોગ** | **સદ્દુપયોગ** |
| પરસ્ત્રીજોવી | દેવ-ગુરુ | અત્તર | દેવ-ગુરુ | પફ-પાવડર | સાદા, જાડા |
| ડાફોળિયાં | દર્શન | ફૂલ | માતા-પિતા- | પાલીસ | કપડાં, |
| નાટક, | સાધર્મિક | બગીચા પફ | દિ માટે સારા | માલીસ | જાડો ખોરાક |
| સિનેમા, | દર્શન | પાવડર | સુવાસિત | મુલાયમ | સાદી શય્યા |
| ફાંસી, | કર્તવ્યદૃષ્ટિ | સેન્ટ, | ભક્તિદ્રવ્યો | ચીજ-વસ્તુ | બને તો |
| લડાઈ, | | લવંડર | તપાસવા, | વસ્ત્ર, શય્યા | ચટાઈ કે |
| બીજાના | જીવદયા | વગેરેની | બીજે | આસન | શેતરંજી |
| ધનમાલ | શાસ્ત્રવાંચન | આસક્તિ | ઉદાસીન | વગેરેનો | સાદી ચીજ |
| ભોજન, | કલ્પનાથી | તથા ક્યાંક | ભાવ, કેમકે | આગ્રહ | વસ્તુઓ, |
| દુનિયાનું | સીમંધર | ઉકરડો | પુદ્ગલના | રાખવો, | હાથ, પગ |
| નવું નવું | સ્વામી, | વગેરેની | ખેલ છે. | હાથ, પગ | માથું વગેરેથી |
| જોયા કરવું | સમવસરણ | દુર્ગન્ધ | | માથું વગેરેથી | અર્હદ્ |
| | પૂર્વપુરુષના | આવે ત્યાં | | ખોટા કામ | ભક્તિ, દયા |
| | જીવન | સૂગ, નાક | | કરવા | દાન વગેરે |
| | પરાક્રમ | મચકોડવું | | | સત્કાર્ય |
| | | | | | કરવા |

(૪) **આંતરશત્રુ-જય :-** શત્રુનું નામ કોઈને ગમતું નથી. બધાને મિત્ર જોઈએ છે. પરંતુ જ્યાં સુધી અંતરમાં શત્રુભૂત લાગણીઓ બેઠી હોય ત્યાંસુધી બહારમાં કોઈને કોઈ શત્રુ ઊભા થાય છે, શત્રુ તરીકે લાગ્યા કરે છે. અલબત દુનિયામાં શત્રુવટ (૧) કેટલીક જાતિવૈરના હિસાબે હોય છે. દા.ત. ઉંદર-બિલાડી વચ્ચે, તો (૨) કેટલીક પૂર્વભવના વૈરના લીધે હોય છે, જેમકે સમરાદિત્યના જીવ પ્રત્યે અગ્નિશર્માને; ત્યારે (૩) કેટલીક આજ જીવનમાં ધન-માલ, મકાન-વાડી, ખેતર, કુટુંબ-પરિવાર, ખાન-પાન-માન, ઈત્યાદિ અનેક નિમિત્તને લઈને ઊભી થાય છે, ને એ શત્રુતામાં કલેશ-કંકાશ, ગર્વ-ગુસ્સો, ગાળાગાળી, મારા-મારી, કંચન-કીર્તિ-નાશ વગેરે અનેક તોફાનો મચે છે; જીવન સંતાપ-હાયવોય-ભય આપત્તિ કલેશ વગેરેથી ખારું-અગર બની જાય છે, કેટલીક વાર તો એથી જીવવું ય ગમતું નથી; પરંતુ આના મૂળમાં જોઈએ તો અંતરંગ કામ-ક્રોધ, લોભ-માન-મદ-હર્ષ વગેરે લાગણીઓના લીધે જ બહારની પીડા-વિષમતાઓ ઊભી થાય છે. માટે ખરેખર શત્રુભૂત તો એજ છે. એને આંતરશત્રુ કહેવાય છે. એના પર વિજય મેળવવો

| ❀ ચક્ષુ-ઈન્દ્રિય | | ❀ ઘ્રાણેન્દ્રિય | | ❀ સ્પર્શનેન્દ્રિય | |
|---|---|---|---|---|---|
| **દુરુપયોગ** | **સદુપયોગ** | **દુરુપયોગ** | **સદુપયોગ** | **દુરુપયોગ** | **સદુપયોગ** |
| પરસ્ત્રીજોવી | દેવ-ગુરુ | અત્તર | દેવ-ગુરુ | પફ-પાવડર | સાદા, જાડા |
| ડાફોળિયાં | દર્શન | ફૂલ | માતા-પિતા- | પાલીસ | કપડાં, |
| નાટક, | સાધર્મિક | બગીચા પફ | દિ માટે સારા | માલીસ | જાડો ખોરાક |
| સિનેમા, | દર્શન | પાવડર | સુવાસિત | મુલાયમ | સાદી શય્યા |
| ફાંસી, | કર્તવ્યદૃષ્ટિ | સેન્ટ, | ભક્તિદ્રવ્યો | ચીજ-વસ્તુ | બને તો |
| લડાઈ, | | લવંડર | તપાસવા, | વસ્ત્ર, શય્યા | ચટાઈ કે |
| બીજાના | જીવદયા | વગેરેની | બીજે | આસન | શેતરંજી |
| ધનમાલ | શાસ્ત્રવાંચન | આસક્તિ | ઉદાસીન | વગેરેનો | સાદી ચીજ |
| ભોજન, | કલ્પનાથી | તથા ક્યાંક | ભાવ, કેમકે | આગ્રહ | વસ્તુઓ, |
| દુનિયાનું | સીમંધર | ઉકરડો | પુદ્ગલના | રાખવો, | હાથ, પગ |
| નવું નવું | સ્વામી, | વગેરેની | ખેલ છે. | હાથ, પગ | માથું વગેરેથી |
| જોયા કરવું | સમવસરણ | દુર્ગન્ધ | | માથું વગેરેથી | અર્હદ્ |
| | પૂર્વપુરુષના | આવે ત્યાં | | ખોટા કામ | ભક્તિ, દયા |
| | જીવન | સૂગ, નાક | | કરવા | દાન વગેરે |
| | પરાક્રમ | મચકોડવું | | | સત્કાર્ય |
| | | | | | કરવા |

**(૪) આંતરશત્રુ-જય :-** શત્રુનું નામ કોઈને ગમતું નથી. બધાને મિત્ર જોઈએ છે. પરંતુ જ્યાં સુધી અંતરમાં શત્રુભૂત લાગણીઓ બેઠી હોય ત્યાંસુધી બહારમાં કોઈને કોઈ શત્રુ ઊભા થાય છે, શત્રુ તરીકે લાગ્યા કરે છે. અલબત દુનિયામાં શત્રુવટ (૧) કેટલીક જાતિવૈરના હિસાબે હોય છે. દા.ત. ઉંદર-બિલાડી વચ્ચે, તો (૨) કેટલીક પૂર્વભવના વૈરના લીધે હોય છે, જેમકે સમરાદિત્યના જીવ પ્રત્યે અગ્નિશર્માને; ત્યારે (૩) કેટલીક આજ જીવનમાં ધન-માલ, મકાન-વાડી, ખેતર, કુટુંબ-પરિવાર, ખાન-પાન-માન, ઇત્યાદિ અનેક નિમિત્તને લઈને ઊભી થાય છે, ને એ શત્રુતામાં કલેશ-કંકાશ, ગર્વ-ગુસ્સો, ગાળાગાળી, મારા-મારી, કંચન-કીર્તિ-નાશ વગેરે અનેક તોફાનો મચે છે; જીવન સંતાપ-હાયવોય-ભય આપત્તિ કલેશ વગેરેથી ખારું-અગર બની જાય છે, કેટલીક વાર તો એથી જીવવું ય ગમતું નથી; પરંતુ આના મૂળમાં જોઈએ તો અંતરંગ કામ-ક્રોધ, લોભ-માન-મદ-હર્ષ વગેરે લાગણીઓના લીધે જ બહારની પીડા-વિષમતાઓ ઊભી થાય છે. માટે ખરેખર શત્રુભૂત તો એજ છે. એને આંતરશત્રુ કહેવાય છે. એના પર વિજય મેળવવો

જોઈએ. અર્થાત્ એને દબાવી-દબાવી તદ્દન નિર્મૂળ નષ્ટ કરી દેવા જોઈએ. એમાં,-

**કામ** એટલે વિજાતીય અર્થાત્ પુરુષને સ્ત્રી પ્રત્યેની અને સ્ત્રીને પુરુષ પ્રત્યેની વાસના, જાતીય વૃત્તિ અને એ પોષવા થતી પ્રવૃત્તિ. વિજાતીયને બદલે સજાતીય પ્રત્યે પણ એવી વૃત્તિ-પ્રવૃત્તિ એ પણ કામ છે, અને એ વળી વધારે ખતરનાક છે; કેમકે પ્રબળ અને દિનરાત રહે છે, તેમજ શરીરને ખત્મ અને બુદ્ધિને ભ્રષ્ટ કરે છે. વળી એ કુદરત વિરુદ્ધ સુષ્ટિ વિરુદ્ધ પણ છે. માટે જ એ રાજકીય ગુનારૂપ, લોકનિંદ્ય અને શાસ્ત્રદષ્ટિએ અત્યંત ગર્હ્ય છે. એવી જ સ્વ-અંગો દ્વારા કે જડ વસ્તુ દ્વારા કામ-વાસનાની ચેષ્ટા એ પણ નિંદનીય અને વિનાશકારી છે. એટલે એવી કુદરતવિરુદ્ધ ચેષ્ટાઓથી તદ્દન દૂર રહેવું. બાકી પુરુષને પરસ્ત્રી તથા સ્ત્રીને પરપુરુષનો સર્વથા ત્યાગ જોઈએ. પરસ્ત્રી પરપુરુષ પ્રત્યે દષ્ટિ પણ ન નાખવી. વાસનાના જોરમાં કુળકલંક, ધનનાશ, રોગો વગેરે મહા અનર્થો જન્મે છે. **રાવણ, બ્રહ્મદત્ત, વિદ્યુન્માલી, લક્ષ્મી, અભયારાણી** વગેરેના વિનાશનાં દષ્ટાંત પ્રસિદ્ધ છે. પરિણીત જીવનમાં પણ શક્ય એટલો પવિત્ર ભાવ મન વચન કાયાથી રાખવો જરૂરી છે. નહિતર શ્વાન-ગર્દભવૃત્તિથી એકને બીજાના વિરહમાં અત્યંત દુઃખ, પરપાત્રની ઈચ્છા, ધર્મભાવનાથી વંચિતતા, શરીરનો રાજા વીર્ય ખત્મ થવાથી શરીર-ઈન્દ્રિય મનની નબળાઈ, આત્માની નિઃસત્ત્વતા, રોગોના ઉપદ્રવ, પ્રવૃત્તિની નિષ્ફળતા, વિવેક-ગાંભીર્ય, આદિ ગુણો તથા ધન-કીર્તિ આદિનો નાશ ઈત્યાદિ અનેક અનર્થ ઊભા થાય છે. આયુષ્યને ઉપક્રમ લાગવો સંભવે છે. માટે બને તેટલું નિર્વિકાર રહેવું.

વાસનાને રોકવા માટે આ ઉપાય છે-સારાનો જ સંગ, ધાર્મિક શ્રવણ-વાંચન, રસના ઉપર કાબૂ, ત્યાગવૃત્તિ, તપસ્યા, આત્માના નિર્વિકાર સ્વરૂપનું ચિંતન, કામની સતત જુગુપ્સા, માનવભવમાં પ્રાપ્ત સંજ્ઞાનાશની ઉત્તમ તકની કદર, મહાપુરુષો **જંબૂસ્વામી-પૃથ્વીચંદ્ર-ગુણસાગર-સુદર્શન શેઠ-રતિસુંદરી-સીતાજી** વગેરેનાં પરાક્રમનું સ્મરણ.

❀ **ક્રોધ** :- જીવ અણગમતું થતાં, ગમતી ચીજમાં વાંધો આવતાં, બીજા પર દાબ પાડવાની લાલસા થતાં ગુસ્સાથી ઝટ ચડભડી ઊઠે છે. કેટલાક તો વળી બહાર બગડ્યું હોય તેનો ગુસ્સો ઘરના માણસ પર કરે છે. તો કેટલાકનો વળી તણખિયો સ્વભાવ જ હોય છે, તે તડતડ કે ફટફૂટ થયા જ કરે છે. પરંતુ આ બધું નુકસાનકારી છે.

ક્રોધનાં નુકસાન તો જાતે પણ અનુભવ્યા હોય છે. ક્રોધિલા સ્વભાવથી પ્રેમનો નાશ થાય છે; બીજાના દિલમાં વિરોધ, અસદ્ભાવ, દ્વેષ ઊભો થાય છે; વિનય અને લોકપ્રિયતા ગુમાવાય છે; શેરને માથે સવાશેરી આવતાં વેઠવું પડે છે;

માન-મોભો ઘવાય છે; ધંધા નોકરીને ધક્કો પહોંચે છે. ક્રોધના ધમધમાટથી સંતાપ, લોહી-ઉકળાટ વગેરે થવા દ્વારા શરીર, પેટ વગેરે પર પણ ખરાબ અસર પડે છે. ત્યારે ક્રોધથી અસત્યનો પ્રસંગ, તપ-ચારિત્રનો નાશ, વૈરની ગાંઠ, પાપનાં અનુબંધ અને કઠોર કર્મનાં ઉપાર્જન પરલોક ભયંકર સર્જે છે. **સ્કંધક** આચાર્ય જેવા પણ ક્રોધથી ભવકેદમાં અટકી ગયા. **ચંડકોશિયો, અગ્નિશર્મા, દુર્વાસા, કોણિક** વગેરેનાં પણ દૃષ્ટાન્ત પ્રસિદ્ધ છે. માટે ક્રોધ નહિ કરવો. હિતશિક્ષા માટે ન છૂટકે કરવો પડે તો તે મર્યાદિત અને દિલમાં દયાભાવ વહેતો રાખીને કરવો. બાકી સ્વાર્થાંધતા કે અભિમાનવશ કોઈ ખોટી રીતે પણ ક્રોધ કરતો આવે તો પણ ખામોશ, ક્ષમા, સમતા પ્રસન્નતા રાખવાથી પરિણામે મહાલાભ છે, માટે ક્ષમા-શાન્તિ રાખવી જોઈએ. તો પછી આપણી ભૂલ હોય તો તો ક્ષમા-શાન્તિ રાખવી જોઈએ. ક્ષમા રાખવાનું પૂછવું જ શું ? **ક્ષમા રાખવા માટે** (૧) વિચારવું કે 'અધિક નુકસાન તો નથી થયું ને ?' (૨) વળી, ક્રોધના કટુ વિપાકનો, (૩) સામાને કષાય વધી એનું અહિત થાય તથા વિગ્રહ વધે એનો, (૪) આત્માને-થતી વિકૃતતાનો, (૫) **બાહુબલજી, ગજસુકુમાળ** આદિની ક્ષમાનો, (૬) ક્ષમાની-તક વેડફાય એનો... વગેરે વિચાર કરવો.

❀ **લોભ :- 'સર્વગુણ-વિનાશકો લોભ'** : 'પાપનો બાપ લોભ.' લોભમાંથી હિંસાદિ ભયંકર પાપ જન્મે છે. નિધાન દાટવા ગયેલા કૃપણે લૂચ્ચાનાં કાન-નાક કપાવ્યા, અને પાછળથી ગળું કપાવ્યા વિના રહી ગયું એનો શોક કર્યો ! **'લોભે લક્ષણ જાય.'** લોભ ધાર્યું મળે તેમ વધતો જાય છે. બીબીને નવ્વાણું મળ્યા પછી લોભ વધ્યો. શાસ્ત્ર કહે છે કે 'ઇચ્છા આકાશ જેવી અનંત છે.' એ પૂરી પૂરાય નહિ. જગતમાં દેખાય છે કે ઇચ્છાઓ કોણ પૂરી કરી શક્યું છે ? ઊલટું લોભી માણસ વર્તમાન જીવનનાં સુખથી વંચિત રહે છે, તેમ દાનાદિ ધર્મ પણ ચૂકે છે, એટલે ભવાંતરે દુર્ગતિના દુઃખ પામે છે. લોભમાં તામસભાવ આવે છે. વિલક્ષણ અંધાપો (અસત્માં સત્ દેખાડે એવો) ઊભો થાય છે. એવી અંધ જંતુ રાશિ લોભમાં ખુવાર થાય છે. લોભી સગા બાપનેય ઠગે છે, જીવો પ્રત્યે ક્રૂર બને છે. પાપાચરણમાં હદ નથી રાખતો. લોભમાં અંધ બનેલો કર્તવ્ય ભૂલે છે, કૃતજ્ઞતા ચૂકે છે, ધર્મને વિસારે છે, સુકૃત-પરોપકારથી આઘો રહે છે, યાવત્ કેટલીક વાર પોતાના પરિવાર અને પોતાના શરીરની પણ ખુવારી કરે છે. પરિણામ સર્વનાશ ! દા.ત. **સુભુમ ચક્રવર્તી દુર્યોધનાદિ કૌરવો, સાગરદત્ત શેઠ. ધનના** લોભ ઉપરાંત રાજ્ય, સત્તા વગેરેનો લોભ પણ ભયંકર છે.

**લોભને રોકવા** (૧) વિચારવું કે 'જડની બહુ ચિંતામાં સ્વાત્માની જ ચિંતા

ચૂકાય છે; અનેક નુકસાન છે. કુસંજ્ઞા દૃઢ થાય છે; વહાલા વૈરી લાગે છે; જૂઠ-અનીતિ આદિ ધરખમ પાપો થાય છે; મુખકટુતા-મદ-જડપ્રીતિ-કાળી લેશ્યા વગેરેથી દીર્ઘ ભવ-ભ્રમણ અને દુર્દશા વધે છે...' (૨) સત્સંગ સુકૃતો-દેવગુરુભક્તિ-સંતોષ-શાસ્ત્રરસ વગેરે વધારતા રહેવું.

❁ **માન** એટલે અભિમાન, અહંત્વ, અક્કડતા, એનાથી માણસ પોતાની જાતને બીજાથી ઊંચો સમજે છે, અને પોતાનું જરા પણ નીચું દેખાય એ સ્થિતિ સહી લેવા તૈયાર નથી. ઊલટું પોતાનું ઊંચું ને ઊંચું રાખવા રાત ને દિ સજ્જ રહે છે. પછી એની ખાતર કૃતઘ્ન બનશે, અસત્ય પણ બોલશે, બીજાની નિંદા ય કરશે, કપટ પણ કેળવશે, ક્રોધમાં ધમધમશે, **'મારું તે ખરું'** એવા હઠાગ્રહમાં પડશે, એ સિદ્ધ કરવા પ્રપંચ અને ઊંધું વેતરણ કરશે, બીજાને ભરમાવશે, સારાને ય વગોવશે. ગુરુ કે દેવાધિદેવની આગળ પણ માન એ સરખો નમસ્કાર નથી કરવા દેતું, અને ગુરુની આગળ તો કદાચ શેઠ જેવો ઠસ્સો રાખી શિખામણ લેવાને બદલે દેવાનું કરાવશે. માનની લાગણી મહાન સુકૃતમાં પણ પુણ્ય લાભ લેવા દેવાને બદલે કીર્તિ-સ્વપ્રશંસા આદિના તુચ્છ લાભના લોભી બનાવે છે. માન ખોટા બચાવ કરાવે છે. માનવશ પાપની આલોચના ગુમાવી જીવ ભવમાં ભમે છે. વળી માનવશ શાસ્ત્રશંકા પણ નહિ પૂછે. માટે માન નહિ રાખવું. એ માટે **ગૌતમસ્વામી** જેવાની નમ્રતા વિચારવી. અહંત્વ ભૂલવાના મહા આત્મિક લાભ ચિંતવવા. સારું થયાનો જશ દેવને-ગુરુને-બીજાને અપાવવો.

❁ **મદ** એટલે જાતિ, કુળ, બળ, વિદ્યા, ઐશ્વર્ય, સંપત્તિ વગેરેનું ગુમાન. એ પણ જીવને ભાનભૂલો બનાવી કેટલાય દોષ-દુષ્કૃત્યો ઊભા કરે છે. ત્યારે કર્મનો હિસાબ એવો છે કે જેનો મદ કર્યો તેનાથી જીવને ભ્રષ્ટ કરી હલકી સ્થિતિમાં મૂકી દે છે. જાતિમદથી હરિકેશી ચંડાળના કુળે અવતર્યા. બળના મદે **શ્રેણિક, કૃષ્ણ, લક્ષ્મણજી** નરકમાં ગયા. વિદ્યાના મદે **સ્થૂલભદ્રજીએ** વાચના ગુમાવી. સંપત્તિના મદે **વસુ રાજા** જૂઠ બોલી નરકમાં પડ્યો. ઐશ્વર્યમદે **દશાર્ણભદ્ર** ઈન્દ્રથી હાર્યો.

મદ જીવને મદિરાની જેમ ઉન્મત્ત કરે છે. ત્રિપૃષ્ઠ વાસુદેવ એથી અઢળક પાપ કરી સાતમી નરકે ગયો, ભવમાં ભમ્યો અને કાને ખીલા ઠોકાવાનું દીર્ઘ સ્થિતિક કર્મ બાંધ્યું. મદની પાછળ પાપમાં નિર્ભયતા, ઉદ્ધતાઈ, નિષ્ઠુરતા, કુસાહસ, ચઢાવ્યા ચઢવું, ધાર્યું કરવાની ધૃષ્ટતા, પૂજ્યો, વિદ્વાન કે ગુણિયલની અવગણનાદિ અનેક ભયંકર દોષો ઊભા થાય છે. માટે **મદ જરાય ન રાખવો.** એ માટે વિચારવું કે 'શું મેં મૃત્યુ જીત્યું ? મેં રોગો-ઘડપણ અટકાવ્યા ? મેં મહાસુકૃત કે પરાક્રમ કર્યા ? મહાન સત્યવાદિતાદિ ગુણ મેં સિદ્ધ કર્યા ? શાના પર મદ ? મદમાં ઊલટું

દુર્ગુણો-દુષ્કૃત્યો-અવળચંડાઈ વધશે. એથી ભવ ભારે થશે. અહીં પણ સારાની તક ચૂકાશે.'

❀ **હર્ષ** :- સત્તા, ઠકુરાઈ, ધન, કીર્તિ, માન-પાન, વિદ્યા, કળા, બંગલા-બગીચા વગેરે મળવા પર હર્ષઘેલા થવું એ પણ નુકસાનકારી દુર્ગુણ છે. એનાથી હર્ષની ઘેલછામાં માણસ હાંસીપાત્ર બોલ-ચાલ કરે છે, લોકમાં મૂરખ ઠરે છે, વગર વિચાર્યું કરી બેસે છે. પૈસા સારા મળ્યાના કે મળ્યે જવાના અતિહર્ષમાં પૈસા ઉડાવવા જાય છે તો દેવાદાર બને છે, અથવા જુગારી વગેરેના સંગે ચઢી ખુવાર થાય છે; યા કોઈ સટ્ટા જેવા કે પ્રપંચી ભાગીદારના વેપારમાં ઝંપલાવી સર્વનાશ નોંતરે છે. ધનની જેમ બીજા ય ખાનપાનાદિ સન્માન-સત્કારાદિ-પત્નીપુત્રાદિ-પ્રશંસા-પ્રતિષ્ઠાદિ કે કોઈ જડ પદાર્થોની પ્રાપ્તિ ઉપર અતિ હર્ષિત થઈ જવામાં અનર્થો ઊભા થાય છે, જેનો ભરપૂર દાખલા જગતમાં જોવા મળે છે. બાકી કૃપણ, મદાન્ધ, લંપટ, સત્તાધીશ, દુશ્મન વગેરે આપત્તિમાં મૂકાવા પર, સૂર્યાસ્તથી કોઢિયાની જેમ હર્ષિત થવું એ હૃદયની નિષ્ઠુરતા છે. એમ બીજાને દુઃખ આપી, હાંસી મજાક કરી રાજી રાજી થવું એ વધારે નિષ્ઠુરતા છે. **બીજાને સુખી કરી[૧]-સુખીદેખી[૨]-દુઃખીદેખી[૩]-દુઃખ આપી[૪] રાજી થવું એમાં ક્રમશઃ ઉત્તમતા, મધ્યમતા, અધમતા, અને અધમાધમતા છે.** નાટક, તમાસા, જુગારાદિ વ્યસનથી હર્ષઘેલા થવું એ પણ જીવનને નિઃસાર અને મનને ઉચ્ચ ભાવો કે વિચાર માટે નિર્બળ, નિઃસત્ત્વ કરી દે છે. માટે ખોટો હર્ષ દબાવવા એ વિચારવું કે 'કંચન-કીર્તિ' વગેરે વિનશ્વર છે. પુદ્ગલના રંગ પરિવર્તનશીલ છે. આપત્તિમાં મૂકાનાર જીવો દયાપાત્ર છે. હાંસી, મજાક, નાટક વગેરે જીવન માટે નિરુપયોગી અને બાળચેષ્ટા જેવા છે. આ બધામાં હર્ષિત ન થવાય તો જ ગાંભીર્ય, તત્ત્વચિંતા, ભાવદયા, વૈરાગ્ય, વગેરે સુંદર ગુણોથી જીવન મઘમઘતું બને.' છતાં હર્ષ હાસ્યની લાગણી થઈ આવે તો પોતાની ગમે તે કોઈ પૂર્વની ગંભીર કસૂર, પૂર્વ ભવની હીન સ્થિતિ, અનંત કર્મનો ભાર, અનંત દોષ-દૂષિતતા, કેવળજ્ઞાનની ગંભીરતા-ઉદાસીનતા, વગેરે યાદ કરવું તેથી હાસ્ય રોકાશે.

આ છ આંતરશત્રુની જેમ રાગ-દ્વેષ-દંભ-શોક વગેરે પણ અત્યંત તજવા યોગ્ય આંતર-શત્રુ છે. વસ્તુ મળવાની નહિ છતાં સારી દેખી એના પર રાગ કરવો, એમ લેવા-દેવા નહિ છતાં નરસી પર દ્વેષ કરવો, એ ફજુલ છે, કર્મબંધક છે. ત્યાં એ વિચારવું કે 'નજર સામે વસ્તુ આવે છે માટે રાગ-દ્વેષ થાય છે ને ? એમ જ માનું કે એ મારી નજર સામે જ નથી. નહિતર જગતનું કેટલું જોવા બેસીશ ? અને કેટલા રાગ-દ્વેષના કાજળિઆ કૂચડા હૈયા ઉપર લગાવીશ ?'

એમ **દંભ માટે વિચારવું** કે 'દંભ-માયા એ સંસારની માતા છે. ક્રોધ વગેરે

તો વ્યક્ત દેખાય તેથી કદાચ પોતાનું બહાર ખરાબ દેખાવાના ભયથી, અગર કોઈ શિખામણ દે તેથી પાછું હટાય, પરંતુ માયા અંતરનો છૂપો દોષ હોવાથી એનાથી બચવું મુશ્કેલ છે, કેમકે કોઈ રોકનાર નહિ. માટે જાતે સમજીને એનાથી બચું. નહિતર એ ચેપી રોગ જેવી છે. એ વધતી ચાલે છે અને એના શલ્યનો જીવનભર ઉદ્ધાર ન થવાથી એના પર અગણિત ભવો સર્જાય છે. દા.ત. **આર્યા લક્ષ્મણા, રાજા રુકમી.'**

એમ **શોક નિવારવા વિચારવું** કે 'શોક નરકની છાપ,' **મમ્મણ** પૂર્વભવથી શોક લઈ આવ્યો. અહીં પણ શોકમાં જીવ્યો, અને મરી સાતમી નરકના ભયંકર ત્રાસના શોકમાં ડૂબ્યો. શોક અંધકાર દેખાડે છે, સારું તત્ત્વ લેવાની તક ભૂલાવે છે, લોહી બાળે છે, બીજાની અપ્રિયતા વગેરે ઊભી કરે છે.

આંતર શત્રુઓ દુઃખ દુર્દશા અને દુર્ગતિનું મૂળ છે, સંસારનો પાયો છે. માનવજીવનને નિષ્ફળ કરનારા છે, મોક્ષમાર્ગની આડે દિવાલ છે. માટે એની ઉપર વિજય મેળવવો.

ઊંચી ધર્મસાધનાના પાયામાં આ જરૂરી છે; કેમકે ધર્મસાધનાથી પુણ્ય ગમે તેટલું ઉપાર્જ્યું, પણ આ કામ-ક્રોધાદિ પોતાનો અનર્થ ઉપજાવ્યા વિના રહેતા નથી. એનો વિજય કરવા માટે, સર્વમાન્ય ઉપાયોમાં, -અસત્સંગનો ત્યાગ, સત્સંગ, સદ્‌વાંચન-શ્રવણ, વારંવાર અને વિશેષે કરીને પ્રભાતે જાગતાં તથા રાત્રે સૂતાં સારી ભાવનાઓ, સતા-સતીઓના ધર્મમય જીવન-પ્રસંગોની અનુમોદના, દોષોના અનર્થનો વિચાર, સામે ગુણોનો વિચાર, યથાશક્તિ વ્રત-નિયમ, વગેરે જરૂરી છે. એમ એ પણ ચિંતવવા રહેવું કે **'આ કામ-ક્રોધ-લોભાદિ એ કાંઈ મારા આત્માનું સ્વરૂપ નથી.** આત્મા તો નિરંજન નિર્વિકાર છે, શુદ્ધ જ્ઞાન અને વીતરાગતામાં રમણતા કરવાના સ્વભાવવાળો છે. આ તો ખોટી ખણજો છે, મદિરા જેવા મોહનીય કર્મની વિટંબણા છે. મારે શા સારુ એના ભોગ બનવું ? એથી તો આ લોકમાં નાલેશી અને પરલોકમાં દુર્ગતિની કેદ મળે છે. એ છએથી વિરુદ્ધ સદાચાર-બ્રહ્મચર્ય, ક્ષમા, તૃપ્તિ, નમ્રતા, લઘુતા અને ઉદાસીનતાથી સર્વત્ર શાંતિ-ઉન્નતિ મળે છે.'

એટલું ધ્યાનમાં રહે કે, જેમ ઇન્દ્રિયોનું બહારના વિષયો પર તોફાન ચાલે છે, તેમ મનનું કામ-ક્રોધાદિ લાગણીઓ પર તોફાન પ્રવર્તે છે, ને એ બંને તોફાન જીવને આત્મહિતના માર્ગે અનુસરણ નથી કરવા દેતા, ઊલટું અહિત કરાવે છે; માટે વિષય-વલણ અટકાવવા ઇન્દ્રિયોની જેમ કામ-ક્રોધાદિ અટકાવવા મનને વાળી લેવું જોઈએ. નહિતર મનના જોરે એ આંતર લાગણીઓ શત્રુનું કામ કરી જીવને આ લોક અને પરલોકના મોટા ખાડામાં ઉતારે છે.

**(૫) અભિનિવેશ-ત્યાગ :-** એટલે દુરાગ્રહ, ખોટો મતાગ્રહ-હઠાગ્રહ, પોતાનો

કક્કો ખરો કરવા મથવું. મારું તે સાચું, પણ સાચું તે મારું એમ નહિ, એ દુરાગ્રહ છે. આનાથી વિવાદ, વિખવાદ અને વિરોધ તથા કુસંપ, કલેશ, કંકાશ ઊભા થાય છે. સંસારના બે સ્તંભ તૃષ્ણા અને અહંત્વ પૈકી અહંત્વ આમાં ભારોભાર પોષાય છે. અભિનિવેશથી કુટુંબીનો સદ્‌ભાવ ઘટે છે. શેઠ ગુસ્સે થાય છે, નોકર કંટાળે છે, સંપત્તિ નાશ પામે છે, સંપત્તિની તક ગુમાવાય છે, લોકપ્રિયતા ઘવાય, ઉપરાંત ગુરુઓ, ધર્મસ્થાનો, ધર્મપ્રસંગો વગેરેના લાભ લેવામાં પણ હાનિ પહોંચે છે. વડીલોની અવગણના આશાતના અપમાન કરવાનું પણ સાહસ બની જાય છે. **જમાલિએ** અભિનિવેશમાં પ્રભુ મહાવીર જેવા ગુરુ અને જૈન ધર્મ ગુમાવ્યો. **રાવણ** પાછળથી સીતાને છોડવા તૈયાર છતાં અભિનિવેશથી યુદ્ધ કરી મર્યો. **આઠમા એડવર્ડે** બ્રિટિશ શહેનશાહત ગુમાવી. જુગારના અભિનિવેશમાં **નળ રાજા** તથા **પાંડવોએ** રાજ્યપાટ ગુમાવ્યા. દુરાગ્રહથી કુસંપ, વેર-ઝેર વગેરે થતાં ધનને હાનિ અને સુખને ધક્કો પહોંચે છે. તેમજ દુર્ધ્યાન થવાથી કર્મબંધ અને પરલોક-હાનિ થાય છે. માટે આ બધા અનર્થોની બચવા દુરાગ્રહ ન રાખતાં સત્યના અને ગુણના ખપી બનવું. વિચારવું કે જ્ઞાની અને મહાપુણ્યવંતા આગળ આપણે કોણ માત્ર ? એમણે પણ અભિનિવેશ નથી રાખ્યા, તો આપણે તો અચૂક ન રાખીએ.

**(૬) ત્રિવર્ગમાં અબાધા :-** ગૃહસ્થજીવનમાં ધર્મ, અર્થ અને કામ એ ત્રણે પુરુષાર્થના વર્ગ યાને વિભાગને સ્થાન છે. એક એક વર્ગમાં અવાન્તર કેઈ પ્રકાર પડે છે. જીવન જીવતાં આ ત્રણેય વર્ગ પરસ્પર (એકબીજાને) બાધાકારી ન બને એ ચીવટ રાખવી એ ગુણ છે. નહિતર દોષાપત્તિ થાય. દા.ત.

જો **ધર્મ-પુરુષાર્થમાં** એવો લાગ્યો રહે કે આજીવિકા ઉપાર્જવામાં હાનિ પહોંચે યા દાનાદિ ધર્મમાં ગજા ઉપરાંત ખરચી નાખે તો પછી દેવું થાય, ભીખ માગવી પડે, લેણદારને જૂઠું ભળાવવું પડે, રગડો થાય, કુટુંબ-વિરોધ થાય, માટે ઉચિત જરૂરી અર્થ-પુરુષાર્થ કરવો રહે છે.

ત્યારે જો એકલા **અર્થ-પુરુષાર્થમાં** ધર્મ ભૂલીને લાગ્યો રહે તો અનીતિ, ફૂડ-કપડ, હિંસા-જૂઠ, વગેરે પાપમાં પડવાનો. વળી સાથે **કામ-પુરુષાર્થને** પણ ન્યાય નથી આપવો એટલે અર્થ ખાતર પુરું ખાશે નહિ, બીજાની કેટલીય ગુલામી, ચસમપોશી, દીનતા, કાલાવાલાદિ કરશે, કુટુંબને દેશમાં મૂકી પરદેશ ભટકશે, આમ વર્તમાનમાં ધર્મ અને સુખથી વંચિત રહેશે અને ભવિષ્યમાં વળી, દેશ-પરદેશમાં અતિ લોભવશ કર્માદાન વગેરે ધૂમ પાપના ધંધા, દગાખોરી, વિશ્વાસઘાત, જૂઠાણા વગેરે આદરશે ! સટ્ટા, જુગાર, જેવા સાહસો કરશે ! આમ વર્તમાનમાં ધર્મ અને સુખથી વંચિત રહેશે. રોગાદિ પીડા, પરાધીનતા આવતાં ધન તો કુટુંબ

નિરાંતે ભોગવતું રહેશે, અને પોતે એકલો રીબાયા કરશે. ત્યારે પરભવ માટે તો એ ધનમાંથી એક કોડી પણ કામ લાગવાની નથી. માત્ર અહીંની તંદુલિયા મચ્છના જેવી દુષ્ટ ભાવના, દુર્ધ્યાન તથા હિંસા-જૂઠ-અનીતિ સહિત મૂર્ચ્છાદિ અઢળક પાપના નતીજા દીર્ઘાતિદીર્ઘ કાળ ભોગવવા પડશે. તાત્પર્ય, એકલા અર્થપુરુષાર્થમાં મચ્યા રહેવાથી શરીર, સદ્બુદ્ધિ, પ્રતિષ્ઠા, પૂર્વપુણ્ય, નવીન પુણ્ય સુકૃત, ધર્મસાધના, સત્ય-નીતિ આદિ ગુણો, ધાર્મિક આચાર-વિચાર, વગેરેને ભારે હાનિ પહોંચે. તેમજ કામ એટલે કે સદાચારમય ગૃહસ્થાઈનો અનુદ્ભટ સુખોને અવગણવાથી કુટુંબને અપ્રિય બનવાનું થાય છે. લોકમાં લોભી, કૃપણ **મમ્મણશેઠ** તરીકે નિંદાય. જાતે **'આંધળી દળે અને કૂતરું ચાટી જાય'** એના જેવું થાય.

ત્યારે જો એકલા **કામપુરુષાર્થમાં મચ્યો** રહે અર્થાત્ પૈસા કમાવવા-સાચવવાની પડી નથી, પાસે છે તે ભોગવ્યે રાખવું એ જ એક સૂત્ર છે, તો જતે દહાડે નિર્ધન અને દેવાળિયો થવું પડે. એથી જાતે એકલો જ નહિ, કિન્તુ આખું કુટુંબ સીદાય અને લોકમાં શરમાવું પડે, હાંસી-હલકાઈ થાય. એમ જો ધર્મપુરુષાર્થ ભૂલે અર્થાત્ એકલું વિલાસી જીવન જ રાખ્યું હોય, ઈન્દ્રિયોના ભરપૂર તર્પણ જ કરવાના હોય, 'જાગ્યા ત્યારથી માગ્યા,' 'પોહ ફાટે ને મોં ફાટે' એમ જાગીને ઠેઠ મોડી રાત સુધી ચા, બીડી, પાન-સોપારી, નાસ્તા-મેવાપાણી, એમ રસનાની ઉજાણી ચાલુ જ રહે; નાટક, સિનેમા, તમાસાદિ તથા છાપા-નોવેલ-નવલિકા તેમજ લેભાગુ મિત્ર-મંડળ, પરસ્ત્રી વગેરેમાં આંખો રાચતી ને નાચતી જ રહે.' ફૂલ, અત્તર, સેંટ-લવંડર વગેરેથી સુવાસિત કપડાં-રૂમાલ-શય્યાદિના ટેસ્ટમાં ઘ્રાણેન્દ્રિય ડૂબાડૂબ રહે; સંગીત, રેડીઓ, ભાષણો, ગપસપ-હાસ્ય-મજા વગેરેમાં શ્રોત્ર-મરગલી ભટકયા કરે; એમ વારંવાર ધો ધો અને સાફસૂફી, મુલાયમ વસ્ત્રાદિના ઠઠારા, ગાદી શય્યા, સુવાળા સ્પર્શ, સુખશીલતા, સુકોમળતા, એદીપણું, વગેરેમાં સ્પર્શનેન્દ્રિય મદ-મૂર્ચ્છિત બની રહે; આમ એકલા કામ પુરુષાર્થમાં મસ્ત રહે, તો જીવન માનવ ખોળિએ નીતરતું પશુ જીવન બને છે. એમાં વર્તમાનમાં પુણ્યહાનિ, બીજાની ઈર્ષ્યા, મનની સુખશીલતાને લીધે નિઃસત્ત્વતા, તુચ્છ વિષય-વિચારોની તન્મયતા, અનેક રોગાદિ સંભવ, વગેરે અનર્થ ઊભા થાય છે. ત્યાં પુણ્યક્ષય અને પાપસંચય થવાથી પરલોકે દીર્ઘ દુર્ગતિના દુઃખોના શિકાર બનવું પડે છે. યાવત્ સરાસર વિષય-મૂર્ચ્છાને લીધે મૂર્ચ્છામય એકેન્દ્રિય નિગોદ જેવી યોનિમાં જઈ અગણિત કાળ કેદ પુરાવું પડે છે. માટે ધર્મપુરુષાર્થ સાચવીને જ અર્થ અને કામપુરુષાર્થ સેવવાના.

**ધર્મપુરુષાર્થ**માં પહેલું તો અર્થપુરુષાર્થ અંગે સેવાતાં કર્માદાનનાં આરંભ, જૂઠ, દગા, ફટકા કૂડ, કપટ, અતિલોભ, તૃષ્ણા, મમતા વગેરે પાપોથી દૂર

રહેવાનું. તેમજ કામપુરુષાર્થ અંગે સેવાતી વિષયાન્ધતા, લંપટતા, ગૃદ્ધિ, અભક્ષ્ય અકલ્પ્યનું આસેવન, અતિશય ઇન્દ્રિય-ગુલામી વગેરેનો ત્યાગ કરવાનો. તો જ એ અર્થ-કામપુરુષાર્થ ધર્મબાધક ન બન્યા ગણાય. આ પાપ-ત્યાગ ઉપરાંત પોતાની શક્તિ અનુસાર અર્થાત્ શક્તિને ઉલ્લંઘ્યા કે જરાય ગોપવ્યા વિના દાનાદિ અર્થાત્ દાન-શીલ, તપ, ભાવના, દેવગુરુ-ભક્તિ, દર્શનજ્ઞાન-ચારિત્ર, અધ્યાત્માદિ યોગ, વગેરે ધર્મમાર્ગમાં ઉત્સાહભેર પ્રયત્ન કરતા રહેવાનું.

**દાન** એ ગૃહસ્થનો પહેલો ધર્મ છે, કેમકે એથી સંસારવર્ધક વિષયો અને એનું મૂળ પરિગ્રહ, એ બંને ઉપર કાપ પડે છે; તેમજ પુણ્યાનુબંધી પુણ્ય ઊભું થવાથી આગળ પણ સારી સદ્ગતિ-ધર્મસામગ્રી-ધર્મબળ મળે છે. દાનમાં દેવભક્તિ-સુપાત્રદાન, ધર્મક્ષેત્રપોષાણ, ઔચિત્યદાન અનુકંપાદાન, જ્ઞાનોપકરણ-ધર્મોપકરણદાન, અભયદાન વગેરે આવે.

❀ **શીલમાં** બ્રહ્મચર્ય, સદાચાર, અભક્ષ્યત્યાગાદિ વ્રત નિયમો અને ક્ષમાદિ સદ્ગુણો આવે. ❀ તપમાં (૧) બાહ્યતપ અનશન-ઊનોદરિકા-વૃત્તિસંક્ષેપ-રસત્યાગ-કાયકલેશ-મનવચન-કાયાની સંલીનતા આવે; (૨) આભ્યન્તર **તપમાં** પ્રાયશ્ચિત્ત-વિનય-વૈયાવચ્ચ-સ્વાધ્યાય-ધ્યાન-કાયોત્સર્ગ આવે. ❀ **ભાવના** ધર્મમાં અનિત્યાદિ ૧૨ ભાવના-મૈત્રી આદિ ૪ ભાવના, જ્ઞાનાદિ ચારની ભાવના, અહિંસાદિ પાંચની ભાવના, રાત્રિચિંતનના પ્રકારો, ત્યાગ-તપ આદિના ઉચ્ચ મનોરથો આવે. ❀ **દેવભક્તિમાં** દેવદર્શન-પૂજન-જાપ-સ્મરણ-સ્તોત્ર-ગુણગાન-ધ્યાનાદિ આવે. ❀ **ગુરુભક્તિમાં** સાધુસેવા-બીમાર મુનિની વૈયાવચ્ચ, વસ્તી-વસ્ત્રપાત્ર-જ્ઞાનોપકરણદાન. ❀ સમ્યગ્દર્શન જ્ઞાન-ચારિત્રમાં ૮-૮ આચારનું પાલન આવે. ❀ અધ્યાત્માદિ યોગમાં ૫ યોગબીજ, ૪ યોગપૂર્વસેવા પૂર્વક તત્ત્વચિંતન પુનઃ પુનઃ ચિંતન વગેરે તથા ૮ યોગદૃષ્ટિ, ૫ પ્રણિધાનાદિ, પિંડસ્થાદિ ધ્યાન વગેરે આવે.

(૭) **ઉપદ્રવવાળા સ્થાનનો ત્યાગ** :- પૂર્વોક્ત ત્રિવર્ગનું યથાર્થ પાલન નિરુપદ્રવ સ્થાનમાં થઈ શકે. માટે જ્યાં ભૂતપ્રેત, વાઘવરુ આદિ, સાપ વીંછી વગેરે, ચોર ડાકુ-મવાલી, ધર્મદ્રોહી, જુલ્મી રાજા-અમલદાર, ધાડ-મારી-મરકી-દુકાળ વગેરેનો ઉપદ્રવ હોય તેવા સ્થાનમાં રહેવું નહિ. એમ તાત્કાલિક જ્યાં આગ લાગી, હુલ્લડ તોફાન-મારા-મારી થઈ, જુગારીઓ વગેરે પર પોલિસે ધાડ પાડી, એવા ઉપદ્રવની જગાએ પણ જવું કે ઊભું રહેવું નહિ. ચાલે ત્યાં સુધી ત્યાં થઈને પસાર પણ થવું નહિ.

ઉક્ત ઉપદ્રવવાળા સ્થળમાં ક્રમશઃ ભૂતાવેશ, મોત, દંશ, ધનનાશ, ધર્મવિઘ્ન, શરીર પર સંકટ, રોગ, દાહ, પ્રાણનાશ, દાહ, કોર્ટ-લફરું, એવી કોઈ આપત્તિના ભોગ થવું પડે. આપત્તિ ન આવે તો પણ ચિંતા, ભય વગેરેથી મન અસ્થિર રહે,

કાર્યમાં ચિત્ત ચોંટે નહિ, કાર્ય બગડે; સ્વભાવ કાયર બને; લોહી સુકાય; આર્તધ્યાન અને વધીને હિંસા-સંરક્ષણનું રૌદ્રધ્યાન પણ આવે; અશુભ કર્મબંધ થાય; ધર્મમાં વિઘ્ન, અસ્થિર મન વગેરે પણ સંભવે.

ઉપદ્રવવાળાં સ્થાને ઊભવા-રહેવાનાં ખોટા સાહસમાં હિંમતબાજી નથી પણ અવિવેક છે. સર્વત્ર ચિત્તસમાધિ, ધર્મભાવના, કષાયનિગ્રહ અને શુભધ્યાન જાળવવાનું પ્રધાન લક્ષ જોઈએ.

(૮) **અદેશ-કાલચર્યાનો ત્યાગ :-** અદેશ એટલે કે અનાર્યના દેશ યા આર્ય પણ હિંસક, દગાબાજ, દુરાચારી, જુગારી, ગુસ્સાખોર, ધર્મવિરોધી વગેરે દેશ, ગામ, મહોલ્લો, શેરી, અકાળ એટલે અયોગ્ય કાળ. એમાં વસવું કે ફરવું નહિ; કેમકે તેથી શરીર, ધન, આત્માને નુકસાન પહોંચે.

ધાંધલ મારામારીના દેશમાં જવા કે ઊભા રહેવાથી ઈજા પહોંચે, સાક્ષીમાં તણાવું પડે, કે લુંટાઈ જવાય. એમ કસાઈ, જુગારીના અડ્ડા, દારૂપીઠા, કે વેશ્યાવાડામાં વસવાથી કે ત્યાં થઈને જવા-આવવાથી બુદ્ધિ બગડે છે. બુદ્ધિ બગડવાથી નિષ્ઠુરતા, જુગાર, અભક્ષ્ય-ભક્ષણ, દુરાચાર, અનીતિ, વગેરેની લાલચ ઊભી થાય. કદાચ બીજાને ખોટી શંકા, અવિશ્વાસ થાય. એમ મહામિથ્યાદૃષ્ટિઓનાં સ્થાન પાસે વસવાથી કે વારંવાર જવા-આવવાથી પણ એનો ચેપ લાગે.

અયોગ્યકાળ એટલે કે દા.ત. રાતના બાર બે વાગે બહાર ફરતો રહે તો ચોર ડાકુનો ભોગ બનવું પડે, લોકમાં દુરાચારીની ખ્યાતિ થાય. એમ દિવસના પણ સ્નેહી મિત્રાદિ જ્યારે ધંધા પર ગયા હોય ત્યારે બપોર જેવા સમયે એના ઘેર જવામાં લોકનિંદા અને કદાચ ચારિત્રભ્રષ્ટતાનો પ્રસંગ આવે. **સુદર્શન શેઠ**ને કપિલાએ એમ ફસાવવા યત્ન કરેલ.

આમાં આ પણ આવે, -રાત્રે ભોજન-સ્નાન-દાન, અજાણ્યા સ્થળે ગમન, રાત્રે-વાટે-ઘાટે ખાસ વાત, દિવસે કે સંધ્યા સમયે નિદ્રા, રાજાદિએ નિષેધેલ દેશમાં ગમન કે નિષેધેલ કાર્યકરણ,... વગેરે ન સેવવા.

એમ સ્ત્રી પુરુષના એકાંત સ્થાન, બીજાના ધનમાલના ખાસ સ્થાન વગેરેમાં પણ ન જવું. તે તરફ દૃષ્ટિ ય ન નાખવી. એમ સદાચારી અને ધર્મીઆત્મા માટે ઉદ્ભટ વિલાસ-મનોરંજન વગેરેનાં સ્થાન પણ અયોગ્ય છે. એમાં ફસવું નહિ. એથી ખોટા રાગદ્વેષ અને વિકારો જાગે, કુસંસ્કારો પોષાય.

માનવજીવનમાં તો ખૂબ ખૂબ સુસંસ્કાર, કુસંસ્કારોથી બચાવ, અને ગુણની કમાઈ એ સૌથી અગત્યનું કર્તવ્ય છે.

❖ ❖ ❖

# ૮ ગુણ

(૧) **પાપનો ભય** એ સાચા મોક્ષરુચિ બનવા માટે પ્રથમ નંબરે સેવવા યોગ્ય ગુણ છે. 'રખે ને હું જૂઠ, અનીતિ, ચોરી, વિશ્વાસઘાત, કૃતઘ્નતા, હિંસા, દુરાચાર વગેરે કોઈ પાપમાં ન પડું !' -આ ભય સદા જાગતો રહે;- એવો કે એ પાપની સામે પૈસાની, કીર્તિની, વગેરે કમાઈ જતી કરાય, પણ એ માટે પાપ સેવવા મન તૈયાર ન હોય. જરૂર પડ્યે કાંઈ સહન કરવું પડે તો તે માટે હૈયે હિંમત હોય, કાયરતા નહિ, પણ પાપના સંગથી ડરતા રહેવું જોઈએ. કારણ કે,

જુગો વીત્યે એકેન્દ્રિયપણેથી પાપ ઘસાયે માંડ માનવભવે આવવું થયું છે, તો હવે પાછી નીચે પટકનારી નવી પાપરાશિ કાં ભેગી કરવી ? અનાદિના પાપસંસ્કાર ભૂંસી સાફ કરી નાખવાનો ભવ એક, મનુષ્યભવ ! એમાં નિર્ભયપણે પાપ સેવી ઊલટું પાપસંસ્કાર દઢ કરવા એ ભયંકર મૂર્ખાઈ છે.

કેટલીક વાર પાપની ક્રિયા ચાલુ ન હોય, છતાં પાપનો ભય-અરુચિ રાખવાને બદલે નિર્ભયતા-રસ-પક્ષપાત રાખવાથી તંદુલિયા મચ્છની જેમ મન પાપિષ્ઠ રહે છે, નરકગતિ સુધીનાં ભયંકર અશુભ કર્મ બંધાય છે, ભવો સુધી એની પરંપરા ચાલે છે. 'ઉપયોગે ધર્મ, ક્રિયાએ કર્મ, પરિણામે બંધ' એ ન્યાયે પાપનો ભય, જે એક ધર્મ-ઉપયોગ (ધર્મજાગૃતિ) છે, એનાથી ધર્મનિષ્ઠતા આવે છે; ત્યારે પાપરસ એ અશુભ પરિણામ હોઈ એથી પાપબંધ પડે છે.

માટે પાપશૂરા ન બનતાં પાપ કરવાના કાયર અને પૂર્વ પાપ તપ-આલોચના-સહનવૃત્તિથી તોડવામાં શૂરવીર બનવું. પાપના ભયવાળાએ બીજાઓની ખોટી શરમ-આજીજી-દબામણી-મમતા-પ્રેરણાદિને વશ ન થવું, તેમ જાતે સ્વાર્થાંધતા-અજ્ઞાનતા-મૂઢતા-રાગાંધતા-વિષયકષાયાવેશ વગેરે ન રાખવા; નહિતર પાપમાં પડવાનો પ્રસંગ આવે. ધ્યાનમાં રહે કે **નિમિત્ત તારે છે, નિમિત્ત ડૂબાડે છે.** માટે અસત્ નિમિત્ત ન સેવવાં.

**તેમજ વિચારવું**-પાપનાં કટુ ફળરૂપે ભવિષ્યમાં જાલિમ દીર્ઘ દુઃખ-ત્રાસ, રાડેરાડ વગેરે વેઠવાનું આવે તેના કરતાં અહીં પાપત્યાગ કરીને કદાચ પૂર્વકર્મવશ થોડું નુકસાન આવે તે વેઠી લેવું એ, અગર થોડું સુખ જતું કરવું પડે તે સસ્તું છે. માટે જ તુચ્છ આનંદ આપનાર હાંસી-મશ્કરી-નિંદા, ઈર્ષ્યા-વ્યસન-કુચેષ્ટા, કષાયો, ચાડી-આરોપ વગેરે પાપોથી પણ ડરતા રહેવું; જેથી એમાં પડવું ન પડે, ને ભાવી મહાદુઃખ નોંતરવા ન પડે. માનવ જીવન આત્માને પવિત્ર બનાંવવા માટે છે, બાળચેષ્ટાઓ ભુલાવવા માટે છે.

(૨) **લજ્જા :** લજ્જા એ પાપથી રક્ષક અને ધર્મપ્રેરક મહાન ગુણ છે. લજ્જા એટલે લાજ, શરમ, દાક્ષિણ્ય, (i) પોતાના ખાનદાનકુળની લાજથી માણસ અધર્મ-અકાર્ય-અનુચિત કરતો કે અપશબ્દ બોલતો અટકી જાય છે; કેમકે લાજથી 'આવા સારા કુળવાળા મારાથી હલકું કાર્ય કેમ થાય ?' એવો મન પર ભાર રહે છે.

(ii) એમ પ્રમાદરસિક મનને વડીલોના દાક્ષિણ્યથી પણ અકાર્ય-નિવૃત્તિની અને કર્તવ્ય તથા સુકૃત બજાવવાની પ્રેરણા મળે છે. **ક્ષુલ્લકમુનિ** માતા, માતાની ગુરુણી તથા આચાર્યના દાક્ષિણ્યથી ૩૬ વર્ષ સંયમજીવનમાં ટકી ગયા અને અંતે વિશેષજ્ઞતા ગુણથી **'બહોત ગઈ થોડી રહી'** એ વચન પર સંયમમાં કાયમ સ્થિર થઈ ગયા. **જંબૂસ્વામીના જીવે** પૂર્વભવે દાક્ષિણ્યથી ચારિત્ર લીધેલું.

(iii) લજ્જા હોય તો પ્રતિજ્ઞા કે વચનનો ભંગ કરતા અટકી જવાશે;

(iv) ખરાબ કામ કરતાં લાખ વિચાર થશે, તેવા નઠારા શબ્દ, ઉદ્ધત બોલ, વડીલ વગેરેના અપમાન-આજ્ઞાભંગ કે અયોગ્ય દેશ-કાલમાં ફરવાનું, ઈત્યાદિ અનર્થની બચી જવાશે.

(v) લજ્જા-મર્યાદાવાળા કપડા પહેરવાથી કુલીન વ્યવહાર તથા શીલનું પાલન સચવાશે. ખાસ કરીને સ્ત્રીઓ માટે તો આ બહુ જરૂરી. નહિતર પાપી માણસ તો શું કિન્તુ સારો માણસ પણ અસત્ નિમિત્તને લીધે વિકારી બની પાપ બાંધવાનો, અને દુષ્ટ માણસ આગળ વધી કદાચ આક્રમણ, પ્રલોભન કરવાનો મોટો સંભવ છે. નજીકમાં ય એક કુટુંબ કે પાડોશમાં લજ્જા યાને લાજમર્યાદા ઓળંગવાથી દુરાચારના પ્રસંગ બને છે.

(vi) લજ્જા એટલે કે દાક્ષિણ્યના પ્રભાવે બીજાની સેવા-સહાય-દાન વગેરેની પ્રાર્થના ન અવગણતાં પૂરી કરવાની સજ્જનતા સચવાય છે. નિર્લજ્જને તો એ માગણી રુક્ષ કે ટોણાંયુક્ત નિષેધથી ઠુકરાવતાં આંચકો નથી આવતો. ત્યારે, દાક્ષિણ્યવાળાની કદાચ શક્તિ કે સંયોગ ન હોય તો પણ એ સહાનુભૂતિ આશ્વાસન જરૂર બતાવશે; પણ ઊલટું ખોટા ટોણાં-મેણાં નહિ મારે. દા.ત. દુઃખી ભિખારી માગવા આવ્યો એને 'હરામીઓ ! મહેનત કરવી નથી ને મફતનું ખાઈ મસ્ત રહેવું છે ? હાલ્યા જાઓ.' આવું નહિ બોલે.

અલબત લજ્જા શરમ એવી નહિ રાખવાની કે જેથી (૧-૨-૩) જમવામાં ભૂખ્યા રહેવું પડે, ઝાડો-પેશાબ રોકી રાખવો પડે, સુકૃત-સત્ પ્રશંસા-અસત્યનિવારણ અટકાવી રાખવા પડે, (૪) ગુણીના, પૂજ્યોના કે ધર્મતત્ત્વના અવર્ણવાદ સાંભળી લેવા પડે, (૫) અવસરને યોગ્ય ઉચિત કહેવા કરવાનું અટકાવી રાખવું પડે, આવી

આવી ખોટી શરમ નહિ રાખવાની તેમજ (૬) દેવ-ગુરુ-માતાપિતાદિને નમસ્કાર કરતા શરમ આવે, (૭) એમનો તથા બીજા મોટાઓનો વિનય કરતાં, (૮) સાધર્મિકની સેવા કરતાં, (૯) ભગવાનની પૂજા કરતાં, (૧૦) ધર્મસાધના કરતાં શરમ લાગે, ધર્મી તરીકે ગણાવામાં, (૧૧) ધર્મની સાધન-સામગ્રી બજારમાં થઈને લઈ જવામાં, (૧૨) રસ્તે સાધુ કે સાધર્મિકને હાથ જોડવા ઇત્યાદિમાં, તેમજ (૧૩) સાચું બોલવામાં, કે (૧૪) ગુરુ તથા વૈદ્ય ડોક્ટરને ક્રમશઃ આત્મ-દેહના રોગની યથાર્થ સ્પષ્ટ વિગત કહેવામાં શરમ આવે... એ બધી શરમ ખોટી. એનાથી કેટલાંય નુકશાનો થાય છે. એવી ખોટી શરમ નહિ રાખવાની.

(૩) **સૌમ્યતા** એટલે સ્વભાવ, હૃદય, મુખાકૃતિ અને વાણી શાંત અને શીતલ હોય તે, પણ ગરમાગરમ કે આવેશ-ઉકળાટ-ધમધમાટવાળા નહિ. આ સૌમ્યતા ભારે વિષમતાના પ્રસંગે પણ મનને સ્થિર રાખે છે, અને જીવનને કડવું બનવા દેતી નથી.

સ્વભાવ જો ઉકળાટ કરવાનો અને ગરમ શવાનો જ હોય છે, તો એની અસર મન-મુદ્રા-વાણી ત્રણેય પર પડે છે. માટે ખાસ પ્રયત્ન, ખાસ લક્ષ, સ્વભાવ શાંત અને શીતલ કેળવવા તરફ જોઈએ. અલબત એ માટે સમજપૂર્વક મન-મુદ્રા-વાણીમાં સૌમ્યતાનો અભ્યાસ રાખવો જરૂરી છે. એ ત્રણે જો યથેચ્છ અસૌમ્ય રહ્યા કરે, વર્ત્યા કરે, તો સ્વભાવ સૌમ્ય ઘડાઈ રહ્યો ! ધ્યાનમાં લેવા જેવું છે કે,-

❀ **મન** હૃદય ઉકળાટ-આવેશમાં આવવાથી ન કરવાનું કરાઈ જાય છે, પણ પશ્ચાત્તાપ કરવો પડે છે. એમ, કષાયના ધમધમાટભર્યા કે અશક્ય વિચારોના ધાડા છૂટે છે ! એથી સ્વભાવ તામસી બને છે; ઉચ્ચ ભાવનાઓ અને ઉદારતાદિ ગુણોને સ્થાન મળતું નથી. ત્યારે મુખમુદ્રા કેટલાકને ઉગ્ર બિહામણી કે રોફવાળી રાખવાની યા વાતવાતમાં બનાવવાની આદત હોય છે. પરંતુ આ અસૌમ્યતાથી બીજાઓને અરુચિ-ભય-અસદ્ભાવ, દૂર રહેવાપણું વગેરે થાય છે. એમ; ❀ વાણી ગરમ, ઉગ્ર, કઠોર-કર્કશ અને ભારે બોલવાથી સામાના દિલમાં ઘા લાગે છે. ગરજુ ભિખારીને પણ 'લે ખાવાનું, બાળ તારું મોઢું, ટળ અહીંથી' વગેરે કઠોર શબ્દ ગમતા નથી; તો બીજાને શાના ગમે ? સોનાની પણ લગડી હાથમાં ગરમાગરમ ભેટ લેવા કોણ તૈયાર હોય ? એમ હિતના પણ બોલ કઠોર સાંભળવા કોણ ઇચ્છે ? કટાક્ષના, ટોણાં-મેણાંના શબ્દ પણ સામાના હૈયે ઘા કરે છે. શબ્દના ઘા વર્ષો જતાં ય રુઝાતા નથી; મૈત્રીનો ભંગ કરે છે. ત્રિવિધ અસૌમ્યતાના કટુ પ્રત્યાઘાત પોતાને પણ કેટલાય ભોગવવા પડે છે.

માટે મૂળમાં સ્વભાવ શાંત અને શીતલ કેળવવો, કેમકે ઘણું બધું સર્જન

સ્વભાવમાંથી જન્મે છે. શાંત-શીતલ સ્વભાવ કેળવવા માટે દ્વેષિલાપણું, ઈર્ષ્યા, ચીડિયાપણું, ગમગીનતા, ગર્વ, ગુસ્સો, સ્વાર્થાંધતા, કેવળ અનુકૂળતાનો રસ, વગેરે રાક્ષસોને પેસવા દેવા નહિ. નહીં તો પછી સાપ, વીંછી, વાઘ, વરુ, કૂતરી, ડાકુ, લુંટારાના તોલે તોલાવું પડે. સ્વભાવ આનંદી, પ્રફુલ્લિત, પ્રસન્ન, ઠંડો, દયાળુ, નમ્ર, મૃદુ, વિનયી, ગુણદર્શી અને સારું જ તત્ત્વ જોવાની ટેવવાળો બનાવવો. એથી હૃદય, મુખમુદ્રા તથા ભાષાપ્રયોગ સૌમ્ય રહે છે.

પછી કોઈનો ઠપકો આવે, તો પણ મારા હિત માટે છે, એમ સીધું લેવાય છે. પોતાની ભૂલ ન હોય છતાં સામો કડવું બોલે છે તો ત્યાં એના પર 'બિચારો અજ્ઞાન છે; કષાયવશ કર્મ બાંધે છે. એને સદ્‌બુદ્ધિ મળો' એવો ભાવદયાનો વિચાર ઉદ્‌ભવે છે. એમ કાંઈ પ્રતિકૂળ યા અણગમતું થતાં મનને થશે કે- 'એક બગડ્યું પણ હવે મન ઉકળી બગડવા ન દઉં, ઠંડુગાર રાખું. મારા પુણ્યના પ્રમાણમાં બધું બરાબર થઈ રહ્યું છે. ભવિતવ્યતાના પટમાં પ્રમાણમાં બધું બરાબર થઈ રહ્યું છે. ભવિતવ્યતાના પટમાં આમ જ ચિત્રામણ હશે.' અગર નુકસાન કોઈએ કર્યું તો સૌમ્યતાથી એની દયા ભાવીને કહેવાશે. 'હોય, બની જાય, મારાથી યે ભૂલો થયેલી છે. હવેથી જરાક સાવધાની રાખવાથી ઠીક રહેશે.'

સૌમ્યતાના પાયા ઉપર કરાતો સમસ્ત જીવન-વ્યવહાર સુખ-શાંતિ-સંપ-સંપત્તિ, સન્માન-સદ્‌ભાવ અને નિર્મળ-યશ-કીર્તિ વગેરે સુંદર લાભ આપે છે. વિનય વૈરીને વશ કરે છે, બગડેલું સુધરતું નથી, પછી ઉકળાટ કરવાથી શું ? સૌમ્યતા જ રાખવી જોઈએ. દિલ સાગર જેવું વિશાળ રાખી બહારનું બગડેલું બધું તુચ્છ, કિંમત વિનાનું લેખવું, અને સ્વભાવ ઠંડગાર રાખવો. અલબત શીલ, સતીના રક્ષણ, ચોર-ડાકુથી બચાવ, વગેરે પ્રસંગે શાંત ન રહેવાય, ત્યાં તો ઉગ્રતા દેખાડી અનિષ્ટ રોકવાનું.

(૪) **લોકપ્રિયતા** એટલે લોકોના હૈયામાં આપણા પર સદ્‌ભાવ હોવો, પ્રેમ હોવો, સારો ખ્યાલ હોવો તે. એ આપણા ઔચિત્યભર્યા, વિવેકી ઉદાર, ન્યાયી અને મર્યાદાબદ્ધ ભલા વર્તાવથી આવે છે.

લોકપ્રિયતાને લીધે લોક આપણા ગુણો, ધર્મ અને સત્કાર્ય તરફ આકર્ષાઈ પ્રેરણા મેળવે છે; નહિતર આપણા અનુચિત વર્તાવ-વ્યવહાર પર આપણું સારું પણ લોકને આકર્ષતું નથી; ઊલટું કેટલીક વાર નિંદાય છે. ધર્માત્માએ આ ખાસ ધ્યાનમાં રાખવું જોઈએ. લોકપ્રિયતાને લીધે લોક તરફથી અવસરે સારી સહાય-સલાહ-સૂચન પણ મળે છે. અરુચિવાળો લોક તો કહેશે 'ફોડવા દો એને એનું ! આપણે કહેવા કરવાની જરૂર નથી.' લોકપ્રિય રાજાઓ વગેરે-એ ધર્મની સારી

આબાદી કેળવી છે.

એ લોકપ્રિયતા માટે સરળ પ્રેમાળ સ્વભાવ, દયાળુપણું, વચન-બદ્ધતા, પરધન-પરસ્ત્રી પ્રત્યે લેશ પણ ખોટી દાનત ખરાબ ભાવના નહીં એવી પવિત્રતા, મફતિયું આંચકવા-ઝાપટવાની કે કર્તવ્ય ઉવેખવાની હરામી વૃત્તિ નહિ એવી શુદ્ધ નિષ્ઠા, અને ઉદ્યમિતા, પરોપકાર, પરગજુપણું, સહનવૃત્તિ, વિનીતભાવ, હિત-મિત-મધુર-સત્ય, વાણી, સંતોષ, ગુણાનુવાદ, ઉદારતા, પર દુઃખે દુઃખી થવાની કોમળતા, સર્વ વાણી વ્યવહારમાં ઔચિત્ય, ગુરુજનની સેવા-આમન્યા, વગેરે ગુણમય જીવન જરૂરી છે. એથી ઊલટા દુર્ગુણો, જેવા કે વક્ર સ્વભાવ, દ્વેષિલાપણું, કઠોર મિજાજી સ્વભાવ, નિર્દયતા, નિષ્ઠુરતા, બેચેનીપણું, પરસ્ત્રી-પરધન પર ખોટી નજર, હરામીવૃત્તિ, સ્વાર્થાંધતા, અસહિષ્ણુતા, ચડ-ભડતા, અહંકાર, અહિત-અપ્રિય-જૂઠ વચન, મુખરતા (બહુ બોલાવાપણું), લોભિયાપણું, કૃપણતા, નિન્દા, ઈર્ષ્યા બીજાના દુઃખમાં રાજીપો, અનુચિત વાણી-વ્યવહાર, વડીલોના અપમાન-અનાદર, કૃતઘ્નતા, વગેરેથી લોકમાં અપ્રિય થવાય છે. કેમકે એથી લોકલાગણી દુભાય છે.

અલબત ગુણો સાચવવા તે બીજાને સારું લગાડવા માટે નહિ, કિન્તુ જાતે સારા બનવા માટે છે, 'The think good is well, to do good is better, to be good is best.' સારું વિચારવું એ સારું છે, સારું કરવું એ વધુ સારું છે, સારા થવું એ શ્રેષ્ઠ છે.' માટે જ લોકની ખોટી ખુશામત કે લોકહેરીમાં પડવાનું નથી. છતાં ગુણમય જીવનનો એવો પ્રભાવ છે કે સહેજે લોકનો સદ્‌ભાવ વધે. એથી એ લોક ગુણિયલ ધર્મિષ્ઠના ગુણ અને ધર્મની તારિફ-પ્રશંસા કરે છે, અને સ્વયં ગુણની, ધર્મની પ્રેરણા મેળવે છે, તથા બીજાઓને પ્રેરણાનું નિમિત્ત બને છે.

**(૫) દીર્ઘદૃષ્ટિ** એટલે કોઈ પણ કાર્ય કરતાં પહેલાં એમાં પરિણામ વિચારી લેવાં; એમ પ્રસંગ માત્રને વિશાળ દૃષ્ટિથી વિચારવો અને સરવાળે વિશેષ ગેરલાભ દેખાય તો એવા કાર્યથી અટકી જવું. કહે છે ને કે 'પાણી પહેલાં બાંધો પાળ.'

એક છોકરો તબીયત ઠીક નહિ છતાં માતાના આગ્રહથી જમવા ગયો. જમ્યા પછી ઊલટી થઈ એના પર સમસ્ત સંસારના દીર્ઘકાળે કડવાં પરિણામ વિચારવા પર વૈરાગ્ય પામી ગયો. દીર્ઘદૃષ્ટિથી કેટલીય વાર નુકસાનકારી પગલાં ભરવામાંથી બચી જવાય છે. એ વિના કોઈ સટોડિયા પાયમાલ થઈ ગયા. **પાળેલા નોળિયાની** કથા પ્રસિદ્ધ છે. દીર્ઘદૃષ્ટિએ વિચારતાં માણસ ઠરેલ બને છે, એ વિના ઉછાંછળો થાય છે. દીર્ઘદૃષ્ટિ **વાણિયાએ ચોર માર્યાનો** જશ કોટવાળને લેવા દીધો. રાજાએ કોટવાળને ધોતી વગેરે ભેટ કરી; પછી ધોતલીના ધોળ અવસરે ગવાયા. મરનાર ચોરના સાગરીતોએ કોટવાળનું ખૂન કર્યું. **'રાજાને લાત મારે એની શી**

**સજા કરવી ?'** એ પ્રશ્નની પરીક્ષામાં ટૂંકી દૃષ્ટિવાળા જુવાનિયા મંત્રી તરીકે નપાસ થયા.

દીર્ઘદૃષ્ટિ વિના વગર વિચાર્યે સાહસ કરતાં કેટલીવાર પાછળથી પસ્તાવું પડે છે. પણ પાણી પીધા પછી ઘર પૂછે, એ શું કામનું ? કૂવો તો આગ લાગ્યા પહેલા ખોદેલો તૈયાર જોઈએ. કામ બગડી ગયા પછી 'મેં આમ કર્યું હોત તો સારું થાત,' ઇત્યાદિ બળાપો એ જીવતા ધણીની સેવા ન કરનાર રાંડી રાંડનું ડહાપણ છે. માટે માનવપણાની વિશિષ્ટ બુદ્ધિનો સદુપયોગ દીર્ઘદૃષ્ટિએ વિચારવામાં છે. લાંબી અને દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવની વિશાળ નજર પહોંચાડવી, આગળ પાછળનું જોવું. કાર્ય-કારણ, લાભાલાભ, ઓછો-વધુ લાભ કે નુકસાન, વગેરે બરાબર ધ્યાનમાં લેવાના છે. દીર્ઘદૃષ્ટિથી સદ્‌ગુણ-વૃદ્ધિ, પ્રતિષ્ઠા, લોકપ્રિયતા, આનંદકારી સફળતા, પાપ અને દુઃખથી બચાવ, સંપત્તિ, સલાહપાત્રતા વગેરે લાભ થાય છે. એથી ઊલટાં નુકસાન ટૂંકી છીંછરી દૃષ્ટિથી નીપજે છે. દીર્ઘદૃષ્ટિ અવશ્ય રાખવી. પોતાનું જ્યાં મગજ ન ચાલે, ત્યાં સારા બુદ્ધિમાન વિશ્વાસપાત્ર પુરુષનો અભિપ્રાય લેવો.

**(૬) બલાબલની વિચારણા :-** વેપાર-ધંધો, સંસાર-વ્યવહાર, કળા-વિદ્યા, લેણદેણ, સગાઈ-મિત્રાચારી, વગેરે બાબતોમાં તથા વ્રત, નિયમ, ત્યાગ, તપસ્યા કે બીજી જવાબદારી ઉઠાવતાં પહેલાં પોતાનું બળ કેટલું છે, કેટલું નથી, એ માપી લેવું; અને બળ પહોંચે એટલું જ ઉપાડવું. કાર્ય પ્રારંભતાં પહેલાં આ જરૂરી છે. 'મારી શરીરની, ધનની, સ્થાનની શક્તિ કેટલી, ક્યાં, અને કેટલું મારું ગજું નહિ ?' એ વિચારને અનુસારે પગલું માંડે, તો પાછળથી પસ્તાવું ન પડે, સફળતા મળે, જશ મળે.

પ્રસંગે ગજા ઉપરાંત ખર્ચ કે વેપાર કરવાથી માણસ જિંદગી સુધી દેવામાં સલવાય છે. એવા સાહસથી મોટા રાજાઓ તારાજ થઈ ગયા.

બોલ બોલવામાં પણ ગજું વિચારવું જોઈએ છે કે આ '(૧) બોલવામાં મારું સ્થાન કયું ? (૨) આ બોલેલું પાર પાડવાનું મારું ગજું કેટલું ? (૩) પરિણામ ભોગવવાની પહોંચ કેટલી ?' આ વિચારી બોલાય તો પોતાના મોભા-દરજ્જા બહારનું વચન ન નીકળે; તેમ કાયમી વિરોધ-શત્રુતા ઊભું કરનારું વેણ ન બોલાય.

પાપ કરતાં પહેલાં જો વિચાર આવે કે 'પરલોકમાં આનાં દીર્ઘ દુઃખદ વિપાક ભોગવવાનું મારું ગજું છે ? ના, એના કરતાં અહીં આ ન કરવામાં કદાચ થોડું વેઠવું પડે, પણ એનું ગજું છે,' તો પાપથી પાછા હટી જવાય.

બાકી કોઈ લોક સ્વાર્થ સાધવા ગમે તેમ ચડાવે, અગર કુતૂહલ કે લડાઈ જોવાના શોખીન અથવા ઉછાંછળા માણસો ચઢાવવા આવે, પ્રલોભન દેખાડે, ભય

બતાવે, ખોટા વખાણ કરે કે ટેકા આપે, પરંતુ એથી લલચાવું કે બીવું યા ફુલાવું નહિ; લલચાઈ કે ભયભીત થઈ યા ચઢાવ્યા ચઢી પોતાની શક્તિ બહારનું પગલું ભરવું નહિ; નહિતર શરીર-શક્તિ ખૂટતાં રોગ, ક્ષીણતા, ધનશક્તિ ખૂટતાં ગરીબાઈ, મનશક્તિ તૂટતાં સંકલ્પ-વિકલ્પ દુર્ધ્યાન, વગેરે આપદા ઊભી થાય; લોકમાં હાંસી થાય; ને નવા કામના ઉત્સાહ ભાંગી જાય. માટે એવાઓના વિશ્વાસે ચાલવું નહિ. જરૂર પડ્યે ડાહ્યાની સલાહ લેવી. સારાંશ, બલાબલ વિચારી પગલું માંડવું.

બલાબલનો ખ્યાલ રાખવામાં આ પણ જરૂરી છે કે જ્યાં સારા કાર્યમાં બળશક્તિ જેટલી પહોંચતી હોય તેને કામે લગાડી દેવામાં પાછી પાની કરવી નહિ, શક્તિ ગોપવવી નહિ. નહિતર મનની ચોરી થાય, એટલી શક્તિ એળે જાય, સદુપયોગ અને સત્કમાઈ કરવાની રહી જાય.

(૭) **વિશેષજ્ઞતા** ગુણ બે રીતે કેળવવા, -૧. વિવેક વાપરવો, અને ૨. વિશેષ વિશેષજ્ઞાન, જાણકારી મેળવતા રહેવું.

વિવેકમાં ગુણદોષનો વિચાર રાખવો, સાર-અસાર, ગ્રાહ્ય-અગ્રાહ્ય, ત્યાજ્ય-અત્યાજ્ય, વધુ કિંમતી-અલ્પકિંમતી, વગેરે લક્ષમાં લઈ પગલું ભરવું. દા.ત. ગળ્યું ભારે વધારે ખાવામાં દોષ વધારે. માલ ખરીદવામાં દેખવામાં સારું પણ સરવાળે ખોટું કે મોઘું, એ ત્યાજ્ય. ત્યારે તુચ્છ વાતો કરતાં ધાર્મિક વાંચન-ચિંતન સારભૂત, વસ્તુ કે પ્રસંગમાંથી સારું વિધેયાત્મક તત્ત્વ ગ્રાહ્ય; નરસું નિષેધાત્મક અગ્રાહ્ય ઉપેક્ષ્ય. અપ્રશસ્ત રાગાદિ અને પાપમાર્ગો ત્યાજ્ય, પ્રશસ્ત દેવગુરુ ધર્મગુરુ વગેરે અને પુણ્યમાર્ગ અત્યાજ્ય, ગુર્વાદિક વધુ કિંમતી, મિત્રાદિક એથી ઓછા કિંમતી, એમ વિવેક વાપરીને વર્તનારો ઉત્તમ જીવન જીવી જાય; અવિવેકી અધમ જીવન જીવે છે. વિવેકીને લાભ ઘણા ! અવિવેકીનો મરો થાય છે.

વિશેષજ્ઞતાના બીજા પ્રકારમાં નવું નવું તત્ત્વ સમજતા રહેવું. સુકૃતો અને ધર્માનુષ્ઠાનમાં એ આગળ વધે છે, અને સાંસારિક જીવન એથી વધારે નિષ્પાપ, વધારે પાપથી બચાવનારું બને છે. **તુંગિયા નગરીના શ્રાવકો** એવા તત્ત્વવેદી હતા. પૂર્વ કાળમાં વડેરાઓ રાતે કુટુંબને ભેગું કરી શાસ્ત્રજ્ઞાન અને અનુભવ આપતા રહેતા. જ્ઞાનવૃદ્ધિથી શુભ ભાવનાચિંતન-વિવેકનું બળ વધે છે; એથી, - (૧) રાગાદિ દોષો કપાતા આવે છે, ભાવના ભવનાશિની; (૨) પુણ્યવૃદ્ધિ થાય છે,- **'જં જં સમયે જીવો...'** (૩) એની એ ધર્મક્રિયાના લાભના ટકા વધી જાય છે. કર્તવ્યાકર્તવ્યમાં આત્માનું મુખ્ય કર્તવ્ય સમ્યગ્દર્શન-જ્ઞાન સહિત ચારિત્ર અને તપ આચરવાનું છે. એનો ખ્યાલ હોય તો એનું મુખ્ય વલણ રહેવાથી એ માર્ગે પ્રયત્ન તથા આશ્રિતોને એ માર્ગે વાળવાની પ્રેરણા, હિતશિક્ષા, તેમજ બીજાઓ એ આરાધે

એનું ઊંચું મૂલ્યાંકન અને અનુમોદના થાય. એવું દયા-દાન-સત્ય-ન્યાય-નીતિ-સદાચાર વગેરે કર્તવ્યો માટે પણ બને. તેથી સ્વ-પરના હિતકારી બનાય. આ વિશેષજ્ઞતા ન હોય તો ઊલટું સ્વ-પરના હિતઘાતક બનવાનું થાય.

એમ વિશેષજ્ઞતા એટલે આત્માનો અવિનાશી, નિર્વિકાર શુદ્ધ જ્ઞાનાદિમય સ્વભાવ, અને જડપુદ્ગલનો સડન-પડન-વિધ્વંસન-સ્વભાવ, સાથે આત્મ-અહિતકારિતા અને ઇન્દ્રિય-વિકાર-દુષ્ટનિમિત્તતા-સ્વભાવ ધ્યાનમાં રહેવાથી **સુબુદ્ધિ મંત્રીની જેમ પુદ્ગલના** ખેલ પ્રત્યે ઉદાસીન ભાવ રહે. સંપત્તિ, અનુકૂળમાં મદોન્માદ-હર્ષ-ઘેલછા, તેમજ પ્રતિકૂળ સંયોગમાં રુદન, દીનતા ન થાય. આની પાછળ બીજાં કેટલાંય પાપાચરણ અટકે.

**(૮) ગુણપક્ષપાત** એટલે ગુણ તરફ હૃદય ઝુકવું, પછી ભલે એ દુશ્મનનો હોય. ગુણપક્ષપાત એ ગુણોનો બીજભૂત ગુણ છે; અવશ્ય આદરણીય છે. કેટલીક વાર સ્વયં ગુણ મેળવવો સહેલો છે, પણ ઈર્ષ્યાને લીધે બીજાનો ગુણ, પચાવવો, ગુણનો પક્ષપાત રહેવો, ગુણ પ્રત્યે ખેંચાણ રહેવું મુશ્કેલ છે, કે જ્યાં ઊલટું ગુણને દોષ રૂપે ચીતરવામાં આવે છે, દા.ત. 'ફલાણાની દેવભક્તિ જોઈ ! માયાચાર છે.'

પોતાનામાં ગુણ ન હોય તો પણ વાતચીતમાં ગુણ તરફ પક્ષપાત તો જોઈએ જ; કેમકે સમર્થન સત્યનું જ કરાય, જૂઠનું નહિ; દયાનું જ કરાય, કલહનું નહિ; ગુણનીજ વાત તરફ રુચિ દેખાડાય, ગુણીને જ ટેકો અપાય. એમ વ્યવહાર-વર્તાવ પણ ગુણનો જ પક્ષપાત તરી આવે એવો જોઈએ. ઓછો હોશિયાર પણ ગુણિયલ છોકરો, અને વધારે બુદ્ધિ ચતુરાઈવાળો પણ નિર્ગુણી છોકરો, બે વચ્ચે ગુણિયલ તરફ પક્ષપાત રહે જ. તો જ જગતની બીજી વાતો કરતાં ગુણની આપણને મહાન કદર છે એમ ગણાય. વિનય, વિવેક, કૃતજ્ઞતા, દયા, દાન, સત્ય, સંતોષ, ઉદારતા, ગંભીરતા, સહિષ્ણુતા, દેવ-ગુરુ-સંઘ-સેવા-ભક્તિ, ક્ષમા, નમ્રતા વગેરે અનેક પ્રકારના ગુણો છે. એના ચાહક પક્ષપાતી બન્યા રહેવાથી એ ગુણો પ્રાપ્ત થવાની ભૂમિકા સર્જાય છે. કેમકે એમાં ગુણ-પ્રશંસા જે રહે છે તે ગુણબીજ છે. કોઈપણ ધર્મ કે ગુણનો પાક થવાનો ક્રમ તેની પ્રશંસા-અભિલાષા-શ્રવણ-પ્રવૃત્તિ-અભ્યાસ વગેરે છે. બાકી કહેવાય કે ગુણિયલ પુરુષો કૂવા જેવા છે. એમનું ગુણ રૂપી પાણી ગુણ-પક્ષપાત રૂપી અરઘટ વડે આપણને પ્રાપ્ત થાય છે. અવસરે એ કેળવવાની જાગૃતિ રહે છે. દા.ત. ગુણના પક્ષપાતથી **બિભીષણે** સગા ભાઈ રાવણને છોડી રામનું શરણું લીધું, તો એ આબાદ થયો, અને દોષના પક્ષપાતથી કુંભકર્ણ, ધૃતરાષ્ટ્ર વગેરે નાશ પામ્યા.

❖ ❖ ❖

# ૮ સાધના

**(૧) કૃતજ્ઞતા :-** કૃતજ્ઞતાની સાધના ધર્મ જ શું, માણસાઈના પણ પહેલા પાયામાં જરૂરી છે. કૃતજ્ઞતા એટલે કોઈના પણ આપણા પર થયેલા ઉપકારને ખ્યાલમાં રાખવો, કદી ભૂલવો નહિ; એટલું જ નહિ પણ અવસરે એની કદર કરવી, સેવા આપવી; કિન્તુ ક્યારેય ય બેકદર, નિંદક, નિમકહરામી, અપકારી નહિ બનવું. એ બનનાર કૃતઘ્ન છે, કૂતરાથી ય અધમ છે, લોકમાં નિંદાય છે, અને એથી પોતાના અવસરે એ સહાય ન પામવા સંભવ છે.

કુદરતની કૃતજ્ઞતા જુઓ કેટલી બધી છે ! ખેતીની મહેનત મહાન પાક આપે છે. કૂવાની મહેનત ચિરકાળ પાણી આપે છે. પાણીને યોગ્યસ્થાન આપવાથી મોટી ઈલેક્ટ્રીકસિટી આપે છે. કૃતજ્ઞતા બજાવવાથી વળી નવી સહાય, નવો ઉપકાર મળે છે, બીજાની પણ આસ્થા જામવાથી એ સહાયક બને છે.

દુઃખ આપત્તિ કે કટોકટીના સમયે તન-મન-ધન વગેરેની સહાય આપી હોય, ભૂખ-તરસ વખતે અન્ન-પાણી, રોગ વખતે મફત દવા-સેવા, માર્ગભૂલેલા ત્યાં માર્ગદર્શન, ચોર ડાકુ કે રીંછ-વાઘ-વરુ વગેરેથી બચાવ, સરકારી કે સામાજિક લફરામાંથી છોડાવવાનું, ઈત્યાદિ કર્યું હોય તે, અને વિશેષમાં ધર્મદાતા, ધર્મપોષક, ધર્મમાં સ્થિરકર્તા, ધર્મસાધન સગવડદાતા, જ્ઞાનદાતા વગેરે એ ઉપકારી ગણાય. એમના તે ઉપકારને ભૂલવો જોઈએ નહિ. એમના અવસરે તન-મન-ધનથી સહાય કરવા સદા સજ્જ રહેવું જોઈએ. સિંહ જેવા ઘાતકી પ્રાણી પણ અવસરે કૃતજ્ઞતા બજાવે છે; તો માણસે તો અવશ્ય કૃતજ્ઞ બન્યા રહેવું જોઈએ. ધ્યાનમાં રહે કે કૃતજ્ઞતા એ કોઈ મોટો ધર્મ નથી, એ તો વ્યાપારી સોદો છે. શરાફ પણ લીધેલા નાણાં વ્યાજ સાથે પાછા આપે છે. એટલું ય ન બને એ દેવાળિયો ગણાય; અને ઉપરથી લૂંટે, દુઃખ દે, એ અગ્નિમાંથી બચાવેલ છતાં ડસવા-ખાવા તત્પર સાપ-વાઘ જેવો અધમાધમ કહેવાય.

જેવો ઉપકાર તેવી કૃતજ્ઞતાની તરતમતા રહે. મિત્ર કરતાં મોટાભાઈનો વધારે ઉપકાર છે, તો એમની વધારે કદર કરવી. ભાઈ કરતાં માત-પિતાની એથી વધારે છે, તો એમની વિશેષ કદર-સેવા કરવી. એમના કરતાં દેવ-ગુરુ-ધર્મનો વધારે ઉપકાર છે, તો દેવ ગુરુ-ધર્મનું સ્થાન વિશેષ ઊંચું રાખવું. કૃતજ્ઞભાવથી મન કોમળ, પ્રામાણિક અને કદરદાન રહે છે. તેથી ઉચ્ચ ગુણોની ભૂમિકા બને છે.

**(૨) પરોપકાર** એ પ્રાપ્ત પુણ્યશક્તિઓનું રસાળ વાવેતર છે. એ અતિ જરૂરી સાધના છે; કેમકે એ એક બાજુ પુણ્ય શક્તિ-સામગ્રીમાંથી નવું પુણ્યબળ

ઊભું કરે છે, અને બીજી બાજુ અનેક દોષો ને પાપોભરી સ્વાર્થરસિકતા તથા નિષ્ઠુરતા પર કાપ મૂકે છે. કેવળ સ્વાર્થભોગ એ તો પુણ્ય શક્તિ-સામગ્રીનું અગ્નિહવન છે. સ્વાર્થમાં કોણ મગ્ન નથી ? સ્વાર્થવૃત્તિ અને બીજાનાં કષ્ટની ઉપેક્ષા રાખનારી તો આખી દુનિયા છે. બીજાના ભલા માટે વર્તાય એ જીવનની વિશેષતા છે. સૂર્ય-ચંદ્ર-ઝાડ-નદી-મેઘ વગેરે કેવા ઉપકાર કરે છે ! ખેતરનો ચાડિયો, અનાજની રાખ, શત્રુમુખે તરણું અને માંજવાની ધૂળ જેવા ય ઉપકાર કરે છે. તો માનવે તો ખાસ પરોપકારી બનવું જોઈએ. 'મારું તન-મન-ધન વગેરે સર્વસ્વ બીજાના સદુપયોગમાં આવો, જેથી હું અને એ સામગ્રી ધન્ય બનીએ;'- આ ભાવના ઉદાત્ત (ઊંચી) છે, જીવને ઊંચે ચઢવા ફોરો ફૂલ બનાવે છે. એ હશે તો જ દેવ-ગુરુ-ધર્મની સાધના પણ આત્મભોગ આપીને સધાતા સાચી સાધના થશે. (સ્વાર્થાંધતા હશે તો ત્યાંય મનની ચોરી થશે) માટે જ 'જય વીયરાય' સૂત્રમાં પરત્થકરણ (પરાર્થકરણ પરોપકાર) ની માગણી પહેલી મૂકી, પછી શુભ ગુરુનો યોગ, અને એમના વચનની સેવા માગી. એટલે પરોપકાર પહેલો સાધવો જ જોઈએ.

પૂર્વકાળે લોકોમાં પરોપકારનું વ્યસન રહેતું; એના વિના ચેન ન પડે. એ શોધતા ફરે, એ મળે ત્યાં સ્વાર્થસિદ્ધિ કરતાં ભારે આનંદ થાય. એ સમજતા કે 'પુણ્યે મળેલી શક્તિ-સામગ્રી પરમાર્થ-પરોપકારમાં જ સફળ થવાની; બાકી આય-વ્યયમાં તો પુણ્યની નહિ પણ પાપની જ ભરતી થાય છે. મહાત્માઓ ઘોર અપરાધી ઉપર પણ ઉપકારનો ધોધ વરસાવતા; તો આપણે કમમાં કમ નિરપરાધી પર તો ઉપકાર કરીએ.' માટે જ એ ખાવા કરતાં ખવરાવીને વધુ રાજી થતા. પરોપકારના અનેક લાભ છે.

❀ (૧) ગૃહસ્થ ધર્મમાં પહેલો દાનધર્મ છે, એ પરોપકારવૃત્તિથી જ સધાય છે. ❀ (૨) આપણી સુખ-સામગ્રીનો બીજાની સેવામાં થોડો-વધુ ભોગ આપીએ એના પર કંઈક પણ આપણી તૃષ્ણા-મમતા-રાગ કપાય. એ જ સર્વથા વીતરાગ બનવાની તરફનું પગલું ગણાય. (૩) બીજાની યોગ્ય સરભરા આત્મભોગ આપીને જ કરતાં સામાના ગુણની વાસ્તવિક કદર થાય; અને સાચી ગુણકદર ગુણપ્રાપ્તિ-ગુણ વિકાસનું કારણ બને. ❀ (૪) જાતને માટે યોગ્યની ભક્તિ, યા ઔચિત્ય કે સહાય અથવા દયાનું કર્તવ્ય, ભોગ આપીને બજાવતા, યથાર્થ બજાવ્યાનો લાભ મળે. સત્કર્તવ્ય પાલન એ મહાકર્તવ્યની તાલિમ છે. ❀ (૫) સામાને લાભમાં-ચારિત્ર પાલનમાં ટેકો યા ધર્મભાવવૃદ્ધિ કે ક્ષુધાદિ દુઃખની નિવૃત્તિનો લાભ થાય છે. ❀ (૬) પાપસ્થાનકથી ઉપાર્જેલું પરોપકારમાં ખર્ચે તો લેખે લાગે છે. કેમકે એથી પુણ્યબળ વધે છે, પાપ કપાય છે. ઈતરો કહે છે.

'श्रूयतां धर्मसर्वस्वं, श्रुत्वा चैवावधार्यताम् ।
परोपकारः पुण्याय, पापाय परपीडनम् ॥'

–ધર્મનું સર્વસ્વ આ છે, -પરોપકારથી પુણ્ય થાય, પરને પીડા કરવાથી પાપ થાય. ❀ (૭) સ્વાર્થનો આનંદ અલ્પકાળ હોય છે, પરોપકારનો આનંદ ચિરકાળ રહે છે. એને જ્યારે જ્યારે યાદ કરો ત્યારે ત્યારે આનંદ થાય, અને એ અનુમોદન પણ પાછું નવું નવું પુણ્ય જ પુણ્ય આપ્યા કરે. કેમકે એમાં શુભ મનોભાવ રહે છે. અલબત એમાં 'આ મેં કર્યું, મેં કર્યું' એવો અહંભાવ કે 'મને જશ મળ્યો, પુણ્ય મળ્યું'... એવી જડલાભની અનુમોદના ન હોવી જોઈએ. કેમકે એ અશુભભાવ છે. માત્ર એમ થાય કે 'અહો ! સારું સુકૃત થયું ! સામાનું દુઃખ ઠીક ટળ્યું...'

માટે પરોપકાર ખૂબ કરવો. કુટુંબની સેવા તો મોહથી અને સ્વાર્થની અપેક્ષાથી સૌ કરે છે. એ કાંઈ પરોપકાર ન કહેવાય. પોતાના-પરાયાનો ભેદ રાખ્યા વિના બીજાનું નિઃસ્વાર્થભાવે કરી છૂટવું એ પરોપકાર છે.

પરોપકાર સાધવા માટે ઉક્ત લાભોનો વિચાર જોઈએ, સ્વાર્થ ગૌણ અને પરનાં કષ્ટનો વિચાર મુખ્ય રાખવો. સ્વાર્થસાધના કરતાં પરોપકાર-સાધના માટે વિશેષ આત્મભોગ આપવાની, અહંત્વ ભૂલવાની અને કષ્ટ સહન કરવાની હોંશ જોઈએ, તૈયારી જોઈએ. એમ જીવો પર દયા, નિઃસ્વાર્થ પ્રેમ, ઉદારતા અને દિલની વિશાળતા જોઈએ. તો તન-મન-ધન અને બીજી પુણ્યાઈથી ઉત્તમ પરોપકાર થાય.

તનથી પરોપકારમાં-સેવા, બીજાના કાર્યમાં સહાય, બીજાને આપત્તિ-આક્રમણ-તકલીફ-અપમાનાદિમાં રક્ષણ, ધર્મશિક્ષણ, ધર્મકાર્યમાં મદદ, અભયદાન, વગેરે આવે.

ધન-માલથી પરોપકારમાં-અન્ન-પાન-વસ્ત્ર-મુકામ-અન્ય જીવન-જરૂરી વસ્તુનું દાન, રોગીને દવા આદિ, દેવાદાર કે બજારભીડમાં યા સરકારી લફરાદિમાં આવેલા યા બેકાર વગેરેને ધન-માલની સહાય, નોકર-વિદ્યાર્થી વગેરેને ઈનામ, સીદાતાને રોજગારી, ધર્મીબંધુ-જ્ઞાતિબંધુ આદિને પ્રભાવના-ધર્મસગવડ, વગેરે કરવાનું આવે.

મનથી પરોપકારમાં-નિર્દોષ સલાહ-અક્કલ-સાવધાની આપવી, શિક્ષણ-સંસ્કરણ, જ્ઞાનદાન, હિતશિક્ષા ધર્મોપદેશનું દાન, સંદેહનિવારણ વગેરે બુદ્ધિથી સાધ્ય પરકાર્ય કરી આપવાનું આવે.

બીજી પુણ્યાઈથી પરોપકારમાં આપણી લાગવગ-આબરૂ-સત્તા-આદેયતા-લોકપ્રિયતા-અમલદારાદિ-માન્યતા વગેરેનો ઉપયોગ કરી ભલામણ આદિ દ્વારા બીજાની

યોગ્ય સેવા-સહાય-ઉન્નતિમાં કાર્ય કરવાનું આવે.

જીવનોપયોગી ઉપકાર એ દ્રવ્ય-ઉપકાર છે. આત્મહિતકર ધર્મદાન, ધર્મસ્થિરીકરણ, ગુણશિક્ષણ, ચિત્તને સમાધિ શુભ-ભાવનાની પ્રેરણા એ ભાવ-ઉપકાર છે. સામાને કષાય ન થાય, મોહ ન વધે એ બુદ્ધિથી સ્વાત્મનિયંત્રણ એ પણ મહાન ભાવોપકાર છે.

(૩) **દયા** એ ધર્મની જનેતા છે. કેમકે દયાથી કૂણા અને રસાળ બનેલા આત્મક્ષેત્રમાં ધર્મનો પાક થાય છે. દયા વિનાની કઠોર બીડની જેવી ભૂમિમાં પાક ન થઈ શકે. સત્ય, સંતોષ, નીતિ, સરળતા, શમ-દમ વગેરે આર્યત્વને છાજતા ગુણોમાં દયા એ સેનાપતિ છે, મોખરે છે. કઠોર દિલમાં ગુણો ન ઘડાય. કઠણ માટીમાં ઘડા વગેરે ઘાટ ન ઉતરી શકે. માટે દયા પહેલી જોઈએ.

દયા એટલે (૧) દુઃખીના દુઃખ દૂર કરવાની ઇચ્છા; (૨) તેમજ કોઈપણ જીવને દુઃખ ન આપવાની ચોકસાઈ; તથા (૩) દુઃખી પીડાતાને જોઈ દિલ પીગળવું અર્થાત્ હૃદયની આર્દ્રતા. આમાં કમમાં કમ આર્દ્રતા તો હોવી જ જોઈએ; અને બીજાના દુઃખ ટાળવાને શક્તિ અનુસાર કરવું જોઈએ; તેમજ જાતે સૂક્ષ્મ પણ જીવને દુઃખ ન દેવું એ વળી વિશિષ્ટ પ્રયત્નથી થાય.

પોતાના દુઃખમાં દિલ ગળગળું તો જનાવરને પણ થાય છે. માનવ જેવા ઉચ્ચ પ્રાણીની આ વિશેષતા ગણાય કે બીજાના દુઃખે દુઃખી થાય, દિલ ગદ્ગદ બને, અન્યના દુઃખનું સમવેદન કરે. તો જ આર્યત્વ ઝળહળે; નહિતર અનાર્યપણું કહેવાય.

હવે અલબત સર્વ દુઃખીના પ્રત્યે હૃદય દયાર્દ્ર હોય, પરંતુ બીજાના દુઃખ ટાળવાનું શક્તિ અનુસાર બને, અને તે બનાવવું જ જોઈએ. ભૂખ્યાને અન્ન, તરસ્યાને પાણી, રોગીને માવજત, કષ્ટ આપત્તિમાં આવી પડેલાને સંરક્ષણ, ઠંડીથી થરથરતાને ઓઢવાનું, મરતાને બચાવ, અપમાન-ટોણાં-મેણાં-પરાધીનતા-તિરસ્કાર-અપજશ વગેરેથી બચાવવા, જીવનનિર્વાહ-(આજીવિકા) તૂટેલીની વ્યવસ્થા, ઇત્યાદિ દયાનાં કાર્ય કરતા રહેવું જોઈએ. એથી આપણી તન-મન-ધન, લાગવગ, સત્તા, આબરૂ વગેરેની પુણ્ય શક્તિ વેડફાઈ ન જતાં લેખે લાગે છે, સફળ થાય છે; તેમજ એથી દુઃખીનાં દિલને ખૂબ જ રાહત મળે છે, આપણને એની દુઆ મળે છે, અને એ જીવ તીવ્ર રાગ-દ્વેષ, દુર્ધ્યાન, અસમાધિ વગેરે સંકલેશથી બચી ભારે કર્મબંધથી બચે છે. દુઃખ દૂર થવાથી ચિત્ત શાંતિ, સમાધિ પામતા શુભભાવ અને ધર્મોલ્લાસને અવકાશ મળે છે.

**પ્ર.**- જીવ બચાવવામાં પછી એ પાણી, અગ્નિ વગેરેની હિંસા કરશે એનું

પાપ બચાવનારને લાગે ને ?

ઉ.- આવી દલીલ પોકળ છે. કેમકે ઉપરોક્ત સંકલેશ-નિવારણ, પાપબંધ-નિવારણ, શાંતિ, સમાધિ ધર્મોલ્લાસ, સદ્ગતિ વગેરેના મહાન લાભ મળે છે. એવા પવિત્ર ઉદ્દેશથી થતું દયાનું કાર્ય એ અકર્તવ્ય નહિ, કિન્તુ દયાની ઉપેક્ષા કરવાનું, દયાને ઉડાવવાનું કાર્ય એ જ અકર્તવ્ય છે, પાપરૂપ છે. દુઃખી ટળવળતો દેખાવા છતાં દિલ કઠોર એ પિશાચી હૃદય છે. આપણે દુઃખ-કષ્ટમાં હોઈએ તો આપણને શું થાય છે ?

દુઃખીને ઉદ્ધરવા ઉપરાંત કોઈપણ જીવને જાતે દુઃખ ન ઉપજાવવું, એ વળી મહાન કર્તવ્ય છે. એમાં પ્રથમ નંબરે સૂક્ષ્મ કે બાદર, ત્રસ કે સ્થાવર જીવમાત્રની અહિંસા પાળવી. એ બધી ન બની શકે તો ત્રસ એટલે કે હાલતા ચાલતા નિરપરાધી કોઈપણ જીવને જાણી જોઈને યા પ્રમાદથી મારવો નહિ. શિકાર વગેરે કરવા નહિ. ઊંચે જોઈને કે ડાફોળિયા મારતા ચાલવાથી, તથા પેટી પટારા વગેરે એમજ ઘસડ-પસડ કરવાથી, ચૂલો એમજ ફૂંકવાથી, વાસણ-કુસણ એમજ વાપરવા લેવાથી, ધાન્ય વગેરે એમજ દળાવવા-પીસવા-કૂટવાથી, શાકભાજી એમજ સમારી નાખવાથી, કપડાં એમજ ધોઈ નાખવાથી, ઇત્યાદિ પ્રવૃત્તિઓ જીવ-જંતુ જોયા વિના કરવાથી જીવો મરવાનો મોટો સંભવ છે. એ પ્રમાદથી હિંસા કહેવાય એને ટાળવી જ જોઈએ. એમ ઘરના પશુ-દાસ-દાસી વગેરેને ભૂખ્યા ન રાખવા, મજબૂત કે ટૂંકા બંધનથી ન બાંધવા, વિના કારણે એને ન મારવા, ન દોડાવવા, કે અધિક પડતા કામકાજ, ભારબોજ ન ઉપડાવવા. એના અંગ ઉપર ડામ આદિ નિશાન કે હાનિ ન કરવી.

મનુષ્યો પ્રત્યેની દયામાં વ્યાપારમાં સામાની ગરજ કે અજ્ઞાનતા દેખી બેવડા-ત્રેવડા ભાવ ન લેવા. જૂઠા લખાણ કે જમા ઉધાર, માલમાં અનીતિ, દગો, હેરાફેરી વગેરે ન કરવા. વધારે જીવહિંસા થાય એવા ધંધા નહિ કરવા. સામાને નુકસાન થાય એવી જૂઠી સાક્ષી ન ભરવી, ચોરી ન કરવી; કેમકે ધન એ અગીયારમો પ્રાણ ગણાય છે. એ જતાં ક્યારેક દસ પ્રાણનો નાશ થાય છે. એમ જુગાર, શરત, હોડ જેવા ધંધા કરવા નહિ, કેમકે એથી સામો ખુવાર થતા દુઃખી થાય છે. એમ કોઈની હાંસી, મશ્કરી, કટાક્ષ, કરડાકીના બોલ, મર્મભેદી વ્યંગ-વચન, ગુપ્ત-ખાનગી વાતનું પ્રકાશન, ચાડી-ચૂગલી, આળ-આરોપ, નિંદા વગેરે આચરવું નહિ.

દુઃખીના દુઃખ, ભૂખ, તરસ વગેરે એ દ્રવ્ય દુઃખ છે. પરંતુ પાપો દુર્ગુણો, દુષ્કૃત્યો, મલિન મનોવૃત્તિ, મૂર્ચ્છા, કષાય, મિથ્યાત્વાદિ એ ભાવદુઃખ છે. આપણાથી શક્ય હોય તે પ્રમાણે સામાને સદ્બુદ્ધિ, ઉપદેશ, સગવડ વગેરે આપી એ ભાવદુઃખ

ટાળવા તે ભાવદયા છે. એ રાખીને જેથી બીજાને બુદ્ધિભેદ થાય, એની દેવ-ગુરુ-ધર્મશ્રદ્ધા, ધર્મભાવના, કે ધર્માચરણ ટકરાય, એને કષાયોની કે હિંસાદિ પાપોની બુદ્ધિ ઊઠે, એવી સલાહ, ઉપદેશ કે એવા એનાં અપમાન તિરસ્કારાદિ ન કરવા; એને એવું ઉતારી પાડવાનું ન થાય. ટૂંકમાં એ ધ્યાનમાં રહે કે વાવીએ તેવું જ લણાય છે. બીજાને દુઃખ-અશાતા-પીડા આપીશું તો આપણને પછી એજ મળવાનું. માનવ ભવ જેટલો ઊંચો છે એટલું હૃદય ઊંચું રાખી જીવો પ્રત્યે દયાભાવ સતત જાગ્રત રાખવો, જેથી સ્વ-પરનું કલ્યાણ વધે.

(૪) **સત્સંગ** એ ગુણોનો રંગ ચઢાવનાર મહાન ગુણ છે. આમ તો સામાન્યથી સંગ એ દુઃખનું કારણ છે. આત્મા-કાયા-કંચન-કુટુંબના સંગે જ મોહિત બનીને સ્વકીય અનંત જ્ઞાન-સુખાદિ સમૃદ્ધિથી ભ્રષ્ટ રહી દુઃખમય સંસારમાં રખડતો રહ્યો છે એટલે સંગ એ રોગ છે, -અજીર્ણ જેવો રોગ; છતાં સત્સંગ એ રોગ કાઢનારી જુલાબની પડીકી જેવો છે. સંગ કરવો તો સત્ પુરુષોનો, દુષ્ટનો નહિ. સોબત તેવી અસર. સંગ તેવો રંગ. ચોર, જુગારી, દારૂડિયા, વ્યસની, વિલાસી, જૂઠા બોલો, અનીતિખોર, લુચ્ચા, લફંગા, લંપટ, નિંદક વગેરેની સોબત કરવાથી સારા પણ માણસો એવા દોષવાળા બને છે. એથી ઊલટું સત્પુરુષોની સોબતથી દોષવાળાનો પણ ઉદ્ધાર થાય છે. **વંકચૂલ ચોર** સત્સંગથી ચાર નિયમ કરી ઊંચો આવ્યો અને બારમા દેવલોકે ગયો. સત્સંગ પારસમણિ છે, લોઢા જેવા જીવને સુવર્ણસમો કરી દે. **ઈન્દ્રભૂતિ** વગેરે વીરપ્રભુના સત્સંગે ગણધર બની ગયા.

ધાર્મિક પવિત્ર માણસોનો સંસર્ગ રાખવાથી સારું માર્ગદર્શન, સદ્બુદ્ધિ, ધર્મની વાતો, ધર્મની પ્રેરણા, ધર્મમાં સારી સ્થિરી કરણ, પાપથી બચાવ, હોશિયારી વગેરેના ઉત્તમ લાભ મળે છે. અજ્ઞાન અને મોહમાં અટવાતા જીવને આની બહુ જરૂર છે. વળી સારાના સંગમાં રહેવાથી આબરૂ પણ સારી રહે છે. મવાલીના સંગમાં રહેલાને લોક મવાલી જેવો ગણે છે. ગંગા જેવી નદીના પણ નિર્મળ મીઠાં પાણી ગટરમાં ભળવાથી ગંદા અને સમુદ્રના સંગથી ખારા થાય છે. માટે સાચાબોલા, પ્રામાણિક, સરળ, પરોપકારી, દેવ-ગુરુ-ભક્ત, ધાર્મિક, દાની, ઉદાર, ગંભીર, સદાચારી, વિનયવાન, સંતોષી પુરુષોનો સંગ રાખવો. પાડોશ કે શેરી વગેરેમાં, તીર્થયાત્રામાં, પ્રવાસમાં, રેલ્વે બસ વગેરેમાં વાતોડિયા ઘણા મળે, ત્યાં આ ધ્યાન રાખવું.

(૫) **ધર્મશ્રવણ** :- સાધુ મહાત્માનો સત્સંગ કરીને દુનિયાની વાંતો કે ગપ્પા મારતા નથી બેસવાનું, કિન્તુ ધર્મશ્રવણ કરવાનું છે. કેમકે બીજી વાતોમાં રાગ-દ્વેષ વગેરે પાપ વધે છે અને આત્મહિત કાંઈ સધાતું નથી. બહાર જગતમાં વિકથા,

હાંસી, મશ્કરી, કૂથલી, જડ પુદ્ગલના ગુણગાન, મોહ-વાસના-વિકારોના શબ્દો, વગેરે સાંભળવાનું તો બને જ છે, પરંતુ આત્મહિતકારી ધર્મ સાંભળવાનું સત્સંગમાં જ મળે. ત્યાં એના બદલે ભળતું સંભળાય તો 'ઘરના બળ્યા વનમાં ગયા, વનમાં લાગી આગ' જેવું થાય. માટે ધર્મનું શ્રવણ કરવું.

ધર્મ વિનાનું જીવન આહારાદિલુબ્ધ અવિવેકી પશુ જીવન જેવું છે. ધર્મ નથી તો સુખમાંય ચિંતા-સંતાપો અને પાપલેશ્યા બન્યા રહે છે, તો દુઃખ-કષ્ટમાં પૂછવું જ શું ? ધર્મ માટે એના ઉપદેશનું શ્રવણ જોઈએ. ધર્મશ્રવણથી (૧) આપણે કોણ ? ક્યાંથી આવ્યા ? દેહ અને જગત સાથે આપણે શું સંબંધ ? એ જાણવા મળે છે. (૨) આત્મા-કર્મ-પરલોક-પરમાત્મા અને હેય-ઉપાદેય-જ્ઞેય તત્ત્વોનું જ્ઞાન મળે. (૩) જીવ ક્યાં બંધાય ? ક્યાં છૂટે ? કેવી રીતે છૂટે ? એ જણાય. (૪) એના એજ સંયોગમાં કર્મબંધથી બચી કર્મક્ષય-પુણ્યવૃદ્ધિ કરવાની ચાવીઓ કઈ ? તથા, (૫) એની એજ સાધનામાં ભાવ વિધિ અને ચોકસાઈ કેમ વધે ? એનો બોધ મળે. (૬) દુઃખ અગવડ-પ્રતિકૂળતામાં મનનું સમાધાન કરી લેવાની કળા મળે. તેથી (૭) મન પીડારહિત, સવળી વિચારસરણીવાળું, પ્રફુલ્લિત, ફોરું, પવિત્ર અને માતબર બને. અને (૮) ચિંતા-સંતાપ-પાપલેશ્યા-મનો-દુઃખ આદિથી બચી નિર્મળ આનંદ-શાંતિ-સદ્વિચાર-શુભ-લેશ્યા-તૃપ્તિ-સમાધિમાં લીન બને. (૯) દેવ-ગુરુ-ધર્મ મોક્ષ-માર્ગમાં સુ-કુનો વિવેક અને 'સુ'ની શ્રદ્ધા મળે. (૧૦) પવિત્ર આચાર-અનુષ્ઠાન-ઇન્દ્રિયકષાય-જય, વ્રત-નિયમાદિના પ્રકાશ અને પ્રેરણા તથા જોમ મળે. (૧૧) પાપ અને કુવાસના કપાય, પુણ્ય વધે, સુસંસ્કાર વધે. (૧૨) ભાવી અનંતકાળ ઉજ્જવળ બને. માટે ધર્મશ્રવણ જરૂરી.

**પ્ર.**- ધર્મપુસ્તક વાંચી લે તે ચાલે ને ? ગુરુ પાસે શ્રવણનું શું કામ ?

ઉ.- વડીલ, પૂજ્ય, સ્વયં ધર્મશીલ પુરુષના મોંઢે ધર્મ સાંભળવાથી એની ભારે અસર પડે છે; કેમકે એક તો એમના ધર્મની છાયા, બીજું બોલતી વખતે એમના મુખ પર પ્રગટતી હૃદયની લાગણી તથા વક્તવ્યને અનુરૂપ હાવભાવ જોવા મળે છે. વળી શાસ્ત્રવચનનાં સ્પષ્ટીકરણ શ્રોતાના દિલમાં જચે તેવા વિસ્તાર-દાખલા-દલીલ-અનુભવ સાથે મળે છે. કહેવાનું વાક્ય-વિષય એના એ, છતાં અસરકારક એવો અમુક શબ્દ પર તીવ્ર મન્દ ભાર, બોલવાનો મરોડ (Tone) વગેરે શ્રવણમાં જ લાભે. અનાદિની અવળી ચાલ અને જડના હાયવોય-ઉન્માદ તથા ધર્મની બાબતમાં અખાડા-પ્રમાદ-નબળાઈ વગેરે ખતરનાક ત્રુટિઓ શ્રવણમાં ગુરુના ઠોકા ખાધા વિના શે સુધરે ?

ધર્મશ્રવણથી જ **નયસાર** ઊંચે આવી મહાવીર પરમાત્મા બન્યા; **દૃઢપ્રહારી**-

**અર્જુનમાલી-ચિલાતીપુત્ર** જેવા ઘોર પાપી પણ ઊંચે આવ્યા. માટે ધર્મશ્રવણ નિરંતર જોઈએ.

**પ્ર.**- ધર્મશ્રવણ કરવા છતાં બહાર ગયા પછી એ ભૂલાઈ જાય છે, એવા ધર્મશ્રવણથી શું વળે ?

ઉ.- ધર્મશ્રવણ વારંવાર કરવું એ નોળિયો સાપને મારી આવ્યા પછી **'નોરવેલ'** વનસ્પતિ સુંઘી આવે છે એના જેવું છે. એથી સંસારના મોહવિષ અંતર્ગત રીતે નાબૂદ થતાં આવે છે. ધર્મશ્રવણ એ અંધારી સંસારગુફામાં પ્રકાશ-પૂંજ છે, એથી અજ્ઞાનતિમિર નષ્ટ થતા ચાલે છે. ધર્મશ્રવણ ભવસાગરમાં દીવાદાંડી છે, સ્ટીમર છે, મોક્ષમાર્ગનું ઉત્તેજક પીણું છે, સાધનાનો જોમ ચડાવે છે, ભવરોગની ઔષધિ-મંત્ર-જડીબુટ્ટી છે. માટે એનું નિરંતર સેવન કરવું.

**પ્ર.**- ધર્મ ગમે તે સાંભળવો ને ?

ઉ.- ના, દુર્ગતિથી ધારી-બચાવી મોક્ષ સુધીની સદ્ગતિમાં ધારણ કરે તેનું નામ ધર્મ. જે મિથ્યાત્વાદિ કારણોએ દુર્ગતિ અને સંસારમાં ભ્રમણ થયું છે એનાથી વિપરીત સાધનરૂપ સમ્યગ્દર્શનાદિ દ્વારા જ એ ભ્રમણ ટળે એ જ ધર્મ. એનું જ શ્રવણ સત્પ્રરૂપક સદ્ગુરુ પાસે કરવું.

આ શ્રવણ પણ વક્તા સાથે બરાબર સ્થિર દૃષ્ટિ મિલાવીને, વિક્ષેપ-ડાફોળિયું માર્યા વિના, હાથ જોડી, સંભ્રમ (અપૂર્વ નિધાન પ્રાપ્ત થતાં થાય તેવા નવીન હર્ષ) સાથે, વક્તાના કથનમાં હુંકારો ભણવા તથા કદર-પ્રશંસા 'વાહ, કેવી સરસ વાત ! કેટલું સુંદર નિરૂપણ !' સાથે, અને બુદ્ધિના ૮ ગુણ વાપરીને કરવું જેથી નિર્મળ બોધ અને ધર્મપ્રવૃત્તિ થાય.

**(૬) બુદ્ધિના ૮ ગુણ** :- માનવભવની અદ્ભુત વિશેષતાનું એક પ્રધાન કારણ બુદ્ધિ-શક્તિ છે. પરંતુ એને પરિષ્કૃત કરવી જોઈએ. પરિષ્કૃત ભસ્મ-રસાયણાદિની જેમ પરિષ્કૃત બુદ્ધિ મહાન તુષ્ટિ-પુષ્ટિ આપે છે. એ માટે

**शुश्रूषा श्रवणं चैव, ग्रहणं धारणं तथा ।**
**ऊहोऽपोहोऽर्थविज्ञानं तत्त्वज्ञानं च धीगुणाः ॥**

એ આઠ ગુણ, આઠ વિધાનની પ્રક્રિયા છે. ❀ (૧) પહેલું તો માણસમાં **શુશ્રૂષા** વૃત્તિ જોઈએ; પરંતુ તે તત્ત્વની, ને માર્ગની સારભૂત વસ્તુ સાંભળવાની ઇચ્છા, કિન્તુ નિંદા કૂથલી કે હાંસી-મજાક યા તુચ્છ ગીતડાં વગેરે સાંભળવાની ખણજ નહિ; કેમકે એમાં તો મોહ-મૂઢતા જ પોષાય. લોભીને પૈસાની જેમ માર્ગાનુસારીને તો આ સદા ઝંખના રહે કે 'તત્ત્વ જાણવાનું, માર્ગ અને સાર વસ્તુ સાંભળવાનું ક્યાં મળે ? સારું સાંભળવાની આટલી બધી લગની પણ ખોટી ખરાબ

ઝંખનાઓથી જડભરત અને દુષ્ટ બની રહેલી બુદ્ધિનો પરિષ્કાર કરે છે, બુદ્ધિને સંસ્કારી કરે છે.' ❀ (૨) શુશ્રૂષા રાખીને બેસી રહેવાનું નહિ, પણ એવું **શ્રવણ** કરવાનું. સારા શ્રવણયોગમાં ચિત્ત પરોવાવાથી બીજા ભળતા યોગોએ વિકૃત રહેલ બુદ્ધિ વિશેષ પરિષ્કાર પામે છે. ❀ (૩) શ્રવણ પછી **ગ્રહણ**. અર્થાત્ શ્રવણ પણ શૂન્ય, અન્ય-સક્ત કે મૂઢ વ્યુદ્ગ્રાહિત ચિત્તે નહિ કરવાનું; કેમકે શૂન્ય ચિત્તમાં સમય બેકાર જાય; તો અન્ય વિચારોમાં મગ્નતાથી શ્રવણ નિષ્ફળ જાય એટલું જ નહિ, પણ ચિત્ત સામે ઉપસ્થિત સારા મેમાન-સમા વક્તા-વાણીને અવગણનારું અને એનું અપમાન કરનારું લેખાય. મૂઢ-વ્યુદ્ગ્રાહિત ચિત્ત તો શ્રવણને ઊંધું જ પરિણમાવે છે, દૂધમાંથી પોરા શોધે છે, અવળું લઈ કષાયમાં ચડે છે. માટે શ્રવણમાં કહેવાતાનું યથાર્થ ગ્રહણ થાય એ રીતે શ્રવણ કરવાનું. વક્તા સામે સ્થિર દૃષ્ટિ અને કાન રાખી વાક્યે વાક્યનો યથાર્થભાવ ધ્યાનમાં લેવાનો. (૪) ગ્રહણ કરી કરી એને છોડી દેવાનું નહિ, પણ ચિત્તમાં એની ધારણા કરતા ચાલવાનું, જેથી સાંભળ્યા પછી વિસ્મરણ ન થાય. નહિતર શ્રવણ-ગ્રહણ-એળે જાય, કેમકે ગ્રહણથી બુદ્ધિને સંસ્કાર તો મળ્યો, પરંતુ પછી યાદ નહિ રહેવાથી બહાર નીકળીને ગયા પછી એકલા પાપ શ્રવણ-દર્શન-ચિંતનનો મારો રહેવાથી બુદ્ધિ પાછી વિકૃત અને અસ્વસ્થ બની રહેવાની. ધારણા કરી હોય તો એ સ્મરણદ્વારા એનો પ્રતિકાર કરે છે, બચાવ આપે છે, સ્વસ્થતા આપે છે. ધારણા કરવા માટે ગ્રહણ વખતે 'આ શું' એવો ચિત્તનો વિશેષ ઉપયોગ જોડવો, તેમજ એક પછી એક સંભળાતા પદાર્થની કડી જોડતા જવું. દા.ત. સાંભળ્યું 'પ્રભુ ભક્તનું દિલ લોભાવે છે, કરુણાના સાગર છે, કંચનવર્ણી અનુપમ કાયાવાળા છે, સમવસરણ પર બેસી ધર્મ વાણી રેલાવે છે. ત્યાં રંભા ઉર્વશી નાટારંભ કરે છે, અરિહંત પ્રભુ બ્રહ્મા છે, તારણહાર છે...' વગેરે. આ વાક્યોની કડી આ રીતે જોડાય,- દિલ લોભાવે છે કેમકે કરુણાસાગર છે. એ વિશ્વકરુણાથી જ એમને લોકોત્તર કાયા મળે છે. પણ એ કાયાનો ઉપયોગ રંગરાગમાં નહિ કિન્તુ ધર્મોપદેશમાં કરે છે. ઉપદેશ પણ એવો કે રંભા ઉર્વશી ઉછરંગમાં આવી નૃત્ય કરવા લાગી જાય છે. નાચતી શું કહે છે ? આ- 'હે પ્રભુ ! તમે જ ખરેખરા બ્રહ્મા છો કેમકે મોક્ષમાર્ગના વિધાતા છો, તેથી જ તારણહાર છો.' આમ કદાચ વાક્યે વાક્યે કડી ન જોડી શકાય તો પણ કમમાં કમ વક્તવ્યના મુખ્ય મુખ્ય વિષયોની કડી તો જોડતા જ ચાલવું જોઈએ. તો એની ધારણા થાય; બુદ્ધિ અધિક પરિષ્કૃત થાય. (૫-૬) સાંભળીને ગયા પછી ધારી રાખેલ યાદ કરી એના પર ઊહાપોહ કરવાનો. વસ્તુ કહેવાઈ છે તેનું સ્વરૂપ શું, ભેદ કેટલા, દૃષ્ટાન્ત દલીલ શી શી છે, એમાં વાંધો વચકો શું છે, વગેરે વિચારવું. ઊહાવિધિતર્ક,

અપોહનિષેધતર્ક. અર્થાત્ કહેવાયેલ વસ્તુના સાધક તર્ક દૃષ્ટાન્ત શા છે, તેમજ એ વસ્તુ જ્યાં નથી ત્યાં એનું પરિણામ પણ નથી એના તર્ક-દૃષ્ટાન્ત શા, એ વિચારવું. આને અન્વય-વ્યતિરેકી વિચારણા કહેવાય. દા.ત. ધૂમાડો છે તો અગ્નિ હોય જ, જેમકે રસોડાદિમાં. અગ્નિ નથી ત્યાં ધૂમાડો નથી જ, જેમકે સરોવરમાં. સમ્યગ્ ઊહાપોહથી બુદ્ધિ વિચારવંતી બને છે. (૭) એ કરીને સાંભળી લાવેલ પદાર્થનું વિશિષ્ટ જ્ઞાન યાને અર્થવિજ્ઞાન, નિર્ણયાત્મક બોધ કરવાનો; પરંતુ માત્ર ઊહાપોહ તર્ક કરતા બેસી રહેવાનું નહિ; નહિતર મુખ્ય મુદ્દો ચૂકાઈ જઈને વિચારણા કરતા રહેવાથી બુદ્ધિમાં સ્થિતપ્રજ્ઞતા, ચોકસાઈ, લક્ષ્યબદ્ધતા ન આવે. અર્થ-વિજ્ઞાનથી આ ગુણોનો લાભ થાય છે. (૮) તર્કબદ્ધ પદાર્થ-નિર્ણય કરી લેવા પર એમાંથી તત્ત્વ શું તરે છે, શો સિદ્ધાન્ત, રહસ્ય, તાત્પર્ય, સ્વાત્મસ્પર્શી ઉપદેશ ફલિત થાય છે, એનો તાગ કાઢવો, અર્થાત્ તત્ત્વજ્ઞાન કરવું. એથી સીધો સ્વાત્માને હિતકારી મુદ્દો મળે છે, તેમ બુદ્ધિને તર્ક-દૃષ્ટાન્તયુક્ત તત્ત્વપ્રકાશ પ્રાપ્ત થાય છે. આવા વારંવારના શ્રવણપૂર્વકના તત્ત્વપ્રકાશથી બુદ્ધિ અદ્ભુત સંસ્કારી પરિષ્કૃત બને છે.

**(૭) પ્રસિદ્ધ-દેશાચાર-પાલન** અર્થાત્ જે દેશમાં વસતા હોઈએ તે દેશની સર્વમાન્ય પ્રસિદ્ધ પ્રણાલિકાનું સારા આચાર વિચાર અને રીત રિવાજનું પાલન કરવું એ પણ આવશ્યક છે. કેમકે એ પાલન ન થાય તો લોકમાં ઘૃણા નિંદા, અપ્રતિષ્ઠા થવાથી મનને ખેદ થાય, કદાચ લોક ધર્મની ય નિંદા કરે. અલબત મરણ પાછળ રોવું-કુટવું, કન્યા-વિક્રય કરવા, વૃદ્ધવિવાહ, બાળલગ્ન, દેવદેવીને પશુનો ભોગ, કુલવાન સ્ત્રીઓના લાજમર્યાદા વિનાના વેશ-વાણી-વર્તાવ વગેરે અસદ્ દેશાચારને અનુસરવાનું નહિ; કેમકે એથી જીવન જઘન્ય જડજીવન બને છે, મનોવૃત્તિ સુધરવાને બદલે દુષ્ટ બની રહે છે. માટે એનો તો જરૂર ત્યાગ કરવો. એ પણ ધ્યાનમાં રહે કે શ્રીમંત લોકોની દેખાદેખીથી અથવા મોટાઈ દેખાડવા કે રુવાબ જમાવવા પોતાની સ્થિતિ ભૂલી ખોટાં અનુકરણ કરવા નહિ. તેમ ઉડાઉગીરી કરવી નહિ. લગ્નાદિ પ્રસંગે વધારે પડતો ખર્ચ કરવો નહિ. એમ પરદેશ ગયા, ત્યાંના રિવાજ મુજબ ભપકાદાર મોંઘા ખાનપાન વગેરે અપનાવવાના નહિ, નહિતર ધનહાનિ, ધર્મ-ભ્રષ્ટતા, ખોટી કુટેવો વગેરે થાય.

**(૮) શિષ્ટાચાર પ્રશંસા :-** ધર્મની પ્રાથમિક ભૂમિકાએ રહેલાએ શિષ્ટપુરુષોના આચાર જીવનમાં પ્રાપ્ત કરવા માટેના ઉમળકાને લીધે અને ઉપરની ભૂમિકાએ રહી એ આચારના પાળનારાઓએ એના પક્ષપાતને લીધે એ શિષ્ટાચારોની પ્રશંસા કરવી જોઈએ. ગુણપ્રશંસાથી ગુણ પ્રાપ્ત થાય છે. ત્યારે ખરેખર પ્રાપ્ત ગુણ એની પ્રશંસા સહેજે કરાવે જ, નહિતર પ્રાપ્તિમાં શંકા.

શિષ્ટ પુરુષોના આચારો આ છે,-

| | | |
|---|---|---|
| લોકનિંદાનો ભય | કૃતજ્ઞતા | આયોચિત વ્યય<br>ઔચિત્ય દીન દુઃખિતનો ઉદ્ધાર |
| પરનિંદાનો ત્યાગ | અન્યની પ્રાર્થનાના સ્વીકારનું દાક્ષિણ્ય | સત્પ્રશંસા અવસરોચિત હિતમિત વચન |
| અકાર્યનો ત્યાગ<br>નિદ્રા-વિષય-કષાય વિકથાદિ-પ્રમાદનો ત્યાગ | સંપત્તિમાં નમ્રતા<br>આપત્તિમાં ધૈર્ય<br>વચનબદ્ધતા | વિઘ્ન જય<br>સત્કાર્યનો આગ્રહ |

# -: સમાપ્ત :-

॥ ૐ अर्हँ नमः ॥

## 'શ્રી ષોડશક' શાસ્ત્રના અનુસારે

ત્રિભુવનદયાળુ મહાવીર પરમાત્માના શાસનમાં થઈ ગયેલ અનેક પ્રભાવક વિદ્વાન આચાર્ય મહારાજો પૈકી આચાર્ય મહારાજ **શ્રી હરિભદ્રસૂરિજી** એક સમર્થ પ્રભાવક શાસ્ત્રકાર હતા. મૂળ ચિતોડના રાણાના વિદ્વાન પુરોહિત બ્રાહ્મણ, પણ જૈન ધર્મની એક ગાથા સમજવા માટે ચારિત્ર લઈ ધુરંધર જ્ઞાની અને જિનાગમના જ્ઞાતા બન્યા, અને એમણે ૧૪૪૪ શાસ્ત્રની રચના કરી એમાંનું એક ષોડશક શાસ્ત્ર છે. એમાં એમણે ધર્મના પરીક્ષક કેવી કેવી દૃષ્ટિવાળા હોય છે, એની દૃષ્ટિકક્ષાના હિસાબે એને કેવી દેશના દેવી, ધર્મનું સ્વરૂપ શું, ધર્મમાં જરૂરી મૂળભૂત આશય કયા, વગેરે એકેક વિષય પર ૧૬-૧૬ ગાથાનું એક એવા સોળ પ્રકરણ રચ્યાં છે. એમાં વિષયો આ પ્રમાણે :-

૧. ધર્મની દૃષ્ટિવાળા બાળ-મધ્યમ-બુધ.
૨. એને યોગ્ય દેશના.
૩. ધર્મનુ સ્વરૂપ : પ્રણિધાનાદિ આશય ૫.
૪. ધર્મસિદ્ધિનાં લક્ષણ, લોકોત્તરભાવ પાપવિકાર-શમન : મૈત્રી આદિ ૪
૫. આગમ-પરિણતિઃ લોકોત્તરતત્ત્વપ્રાપ્તિ,
૬-૭. જિનભવન-બિંબ-નિર્માપણ,
૮-૯. બિંબપ્રતિષ્ઠા-પૂજા

૧૦-૧૧. અનુષ્ઠાન પ્રકાર - ૪, : શ્રુતમય-ચિંતા-ભાવના-શુશ્રૂષાદિ,
૧૨. દીક્ષાધિકારી : દીક્ષા નામ-સ્થાપનાદિ : યતિધર્મ
૧૩. સાધુ સચ્ચેષ્ટા : મૈત્રી આદિ ૪ ના ૧૬ ભેદ,
૧૪. ખેદાદિ ૮ દોષ, યોગિ-ચિત્ત.
૧૫. સાલંબન-નિરાલંબન-ધ્યાન : પરાપરતત્ત્વ
૧૬. બંધ-મોક્ષની ઉપપત્તિ માટે ૩ જરૂરી વસ્તુ

## ષોડશક - ૧

### ધર્મપરીક્ષક : ૩ પ્રકારના ધર્માર્થી જીવ

માનવ જીવનની મહત્તા ધર્મ-સાધનાનો દુર્લભ પુરુષાર્થકાળ પ્રાપ્ત થવાને લીધે છે. જગતમાં અર્થ-કામના અર્થાત્ ઈન્દ્રિયોના ઈષ્ટ વિષયસુખો અને એનાં સાધનો અંગેના પુરુષાર્થનો અવસર જન્મોજન્મ મળે છે, પરંતુ તેનું પરિણામ ભવભ્રમણ ! ત્યારે ધર્મ-પુરુષાર્થ કે જે ભવભ્રમણ ટાળનારો છે એનો અવસર જ મળવો મુશ્કેલ છે. એવા દુર્લભ ધર્મ-પુરુષાર્થકાળ અહીં મળ્યા પછી એને ધર્મારાધનાથી સફળ કરી લેવો જોઈએ, જેથી ભવભ્રમણનો અંત આવે. નહિતર તો આ આરાધનાના પુરુષાર્થકાળનો નિષ્ફળ નાસ કરવો એ મહાન ગુનો બને છે.

ધર્મની આરાધના કરવા માટે ધર્મનું સ્વરૂપ, એનાં લક્ષણ, વગેરે જાણવું જોઈએ. અહીં ગ્રંથકાર એ બતાવતાં પહેલાં, જગતમાં ધર્મના અર્થી જીવો કેવી બાળ-મધ્યમ-ઉત્તમ કક્ષાના હોય છે, એ ધર્મ તરીકે શાને શાને જુએ છે, ને એવી એવી એમની દૃષ્ટિમાં કયું કયું અધિક તત્ત્વ દાખલ કરવા શો શો ઉપદેશ કરવો જોઈએ, એ પહેલાં બે ષોડશકથી બતાવે છે.

**बालः पश्यति लिङ्गं मध्यमबुद्धिस्तु विचारयति वृत्तम् ।**
**आगमतत्त्वं तु बुधः परीक्षते सर्वयत्नेन ॥**

ધર્મ તરફ દૃષ્ટિ નાખનાર જીવો ૩ પ્રકારના-બાળ, મધ્યમ અને બુધ (વિશિષ્ટ વિવેકવાળા). બાળ જીવો વેશ, મધ્યમ જીવો ચારિત્ર અને બુધ આગમતત્ત્વને જોનારા હોય છે.

(૧) **બાળ જીવો** એ સ્વયં અસદ્આરંભી હોય છે. અસદ્ એટલે કે (૧) અસુંદર, યા (૨) આગમમાં ન મળતા યા, (૩) સદા સ્વશક્તિ-સમયાદિ સાપેક્ષ નહિ, એવા આરંભવાળા. એ વિશિષ્ટ વિવેકના અભાવે ધર્મની બુદ્ધિ માત્ર વેશ જોઈને કરે છે, કહે છે 'અમે તો ભગવાનના ભેખને નમીએ' પરંતુ આ વિવેકદૃષ્ટિ નથી; કેમકે બાહ્ય વેશ અસાર છે; એની સાથે ધર્મસિદ્ધિનો નિયમ નથી. વેશવિડંબક

પણ માન-પાનાદિ અર્થે એ ધરાવે છે; પરંતુ સર્પે બાહ્ય કાંચળી છોડવાની જેમ ગૃહસ્થ વેશ મૂકવા માત્રથી એ થોડો જ મોહવિષથી રહિત કહેવાય ? ઈતરો પણ એવાના વેશને મિથ્યા આચારનું કાર્ય કહે છે.

**'बाह्येन्द्रियाणि संयम्य य आस्ते मनसा स्मरन् ।**
**इन्द्रियार्थान् विमूढात्मा मिथ्याचारः स उच्यते ॥'**

દેખાવમાં બાહ્ય ઈન્દ્રિયો પર સંયમ મૂકી મનથી ઈન્દ્રિય વિષયોની જપમાળા ગણનારો, એ મૂઢ મિથ્યાચારી જીવ છે.' જૈન શાસ્ત્રો પણ કહે છે કે "ખાલી બાહ્ય વેશ તો અશુચિના ઉકરડા સમા અને શાસ્ત્રોક્ત ગુણરહિત પુરુષમાં ય હોઈ શકે છે."

(૨) **મધ્યમબુદ્ધિ** જીવો જિનાગમના ઐદંપર્ય-રહસ્યને ન જાણતા અને તેથી પ્રવચનાનુસારી કાર્યમાં ન પ્રવર્તતા હોઈ મધ્યમ આચારવાળા હોય છે. એ ધર્મબુદ્ધિએ વૃત્ત અર્થાત્ ચારિત્ર સદ્અનુષ્ઠાનને જોનારા હોય છે. પરંતુ ચારિત્રશુદ્ધ તે કે જેની પાછળ શુદ્ધ આંતર પરિણામ યાને ચારિત્ર મોહનીય (પ્રત્યાખ્યાનાવરણ કષાય)નો ક્ષયોપશમ હોય; સમ્યક્ત્વ અને ગૌરવ લાઘવાદિનું જ્ઞાન હોય. બાકી પૂજા-ખ્યાતિ આદિના અશુદ્ધ આશયે અસુંદર કહેવાય. આ વસ્તુ મધ્યમ જીવો નથી સમજતા, બધુ તત્ત્વવેત્તા સમજી શકે છે. એ જુએ છે કે દેખાવમાં ઝીણા દોષના ત્યાગવાળી, પણ સાથે શાસન-ઉડ્ડાહકારી તેમજ બીજી બાજુ સાધુ-શ્રાવક વગેરે સત્પુરુષોની નિંદાવાળી કાર્યવાહી એ અશુદ્ધ અનુષ્ઠાન છે; કેમકે મોટા દોષની ઉપેક્ષા અંતઃકરણ અશુદ્ધ હોય તો જ બને.

(૩) **બુધ યાને** વિશિષ્ટ વિવેકવાળા જીવો શાસનની ઉન્નતિ લક્ષમાં રાખીને જ્ઞાનાદિ રત્નત્રયીના માર્ગે ચાલનારા હોય છે. એ આગમ-તત્ત્વની તપાસ કરનારા હોય છે; કેમકે જે આગમના આધારે અનુષ્ઠાન સાધવાના છે, એ આગમનું જ ઠેકાણું ન હોય, આગમ શુદ્ધ ન હોય તો તદુક્ત અનુષ્ઠાનના ભરોસે કેમ રહેવાય ?

**આગમતત્ત્વની શુદ્ધિ ચાર વસ્તુના આધારે છે;**

| | |
|---|---|
| ૧. દષ્ટેષ્ટ સાથે અવિરોધ. | ૩. આત્મા-બંધ-મોક્ષની સુવ્યવસ્થા, |
| ૨. ઉત્સર્ગ-અપવાદ-સંપન્નતા, | ૪. ઐદંપર્યની શુદ્ધિ. |

૧. આગમ શુદ્ધ છે એવું દષ્ટ અને ઈષ્ટને અવિરોધી વચન પરથી મપાય. **દષ્ટ**=પ્રત્યક્ષ અને અનુમાન પ્રમાણથી પ્રાપ્ત વસ્તુ; **ઈષ્ટ**=આજ આગમનાં બીજા વચનથી પ્રાપ્ત વસ્તુ; આ બંને સાથે વિરોધમાં ન જતું હોય એ જ આગમ શુદ્ધ ગણાય. જગતમાં આત્મા એક જ છે, એવું કહેનાર આગમ પ્રત્યક્ષવિરુદ્ધ છે. આત્મા નિત્ય જ છે એમ કહેનાર આગમ અનુમાનવિરુદ્ધ છે. અનુમાન એ, કે જે વસ્તુ પરિવર્તનશીલ હોય તે અનિત્ય હોય. પોતાના જ આગમમાં પહેલાં 'મા

હિંસ્યાત્' કહે અને પછી હિંસામય યજ્ઞ વગેરે ઉપદેશે તે ઈષ્ટવિરુદ્ધ કહેવાય.

(૨) વળી આગમતત્ત્વની શુદ્ધિ ઉત્સર્ગ-અપવાદ-સંપન્નતા પરથી મપાય. ઉત્સર્ગ=રાજમાર્ગ, મુખ્યમાર્ગ, દા.ત. 'હિંસા ન કરવી.' અપવાદ=(ઉત્સર્ગના ઉદ્દેશની પોષક) છૂટછાટ, પ્રાસંગિક વિરુદ્ધ વર્તન; દા.ત. ગ્લાન(બીમાર) આદિ અર્થે હિંસાયુક્ત આધાકર્માદિ દોષવાળું પણ લેવું. શુદ્ધ આગમમાં આ બંને જોઈએ. કેમકે ઉક્ત દાખલામાં ગ્લાનની જો એ માવજત ન થાય તો એ અસમાધિમાં પડી ચારિત્રાદિ ભાવ ગુમાવે, કઠોર કર્મ બાંધે, દુર્ગતિમાં જાય, બીજા અનેક જીવોનો પાછો હિંસક બને. ત્યારે જો અપવાદ સેવી લીધો તો સાજો થઈ પ્રાયશ્ચિત્તથી શુદ્ધિ કરી અને ઉત્તમ અહિંસાયુક્ત રત્નયત્રી પાળી ઊંચે ચઢે; આગળ અનેકને અહિંસામાર્ગે ચઢાવે.

પ્ર. : આ અપવાદની જેમ હિંસામય યજ્ઞ અપવાદ નહિ ગણાય ?

ઉ. : ના, કેમકે અપવાદ, તે કે જે ઉત્સર્ગના ઉદ્દેશનો પોષક હોય, એ ઉદ્દેશ જેવા જ ઉદ્દેશવાળો હોય. અહિંસાના ઉત્સર્ગમાર્ગની જેમ ગ્લાનાદિ પ્રયોજને હિંસાનો અપવાદ સેવાય તેનો પણ ઉદ્દેશવાળા વિઘ્ન વટાવી રત્નયત્રીના નિર્મળ પાલનદ્વારા મોક્ષવાળો છે. જ્યારે હિંસામય યજ્ઞનો ઉદ્દેશ સ્વર્ગાદિ ભૌતિક પ્રાપ્તિ છે; અને ઉત્સર્ગ 'મા હિંસ્યાત્'નો ઉદ્દેશ પરમબ્રહ્મ (મોક્ષ)ની પ્રાપ્તિ છે. એ યજ્ઞને આ ઉત્સર્ગનો અપવાદ ન કહી શકાય.

(૩) એમ આગમતત્ત્વ તે, કે જ્યાં, -(૧) આત્મા છે, (૨) એ પરિણામી નિત્ય છે. (૩) એ વિચિત્ર વાસ્તવિક કર્મથી બંધાય છે. (૪) એ કર્મથી મુક્ત બની શકે છે, (૫) બંધમોક્ષના હેતુ હિંસા-અહિંસાદિ છે,-આનું પ્રતિપાદન કરેલું હોય. આનાથી વિરુદ્ધ,-(નાસ્તિકમતાનુસાર) આત્મા જુદો નથી પણ શરીરરૂપ જ છે, (ન્યાય-બૌદ્ધાનુસાર) એકાંતે નિત્ય યા અનિત્ય છે, (સાંખ્યાનુસાર) બંધાતો જ નથી, (બૌદ્ધાનુસાર) કાલ્પનિક વાસનાથી બંધાય છે, (વૈશેષિકાનુસાર) અમૂર્ત ગુણથી બંધાય છે, (અભવ્ય માને છે તેમ) જીવ કર્મથી મુકાતો જ નથી,- આવું પ્રતિપાદન એ આગમતત્ત્વથી બાહ્ય છે.

(૪) વળી આગમતત્ત્વ તે, કે જેમાં ઐદંપર્યની શુદ્ધિ હોય. તે એ, કે પારલૌકિક હિતકારી વિધિ-નિષેધમાં પ્રમાણ તરીકે આગમવચન જ છે, અને તેના પ્રકાશક-ઉપદેશક તરીકે અતીન્દ્રિય પદાર્થોને સાક્ષાત્ જોનારા જ હોઈ શકે. આ વચન-પ્રરૂપણા અનાદિ કાળથી ચાલી આવનારી જ હોય; અર્થાત્ અનાદિ કાળથી તેવા અતીન્દ્રિયદ્રષ્ટાઓ વિધિ-નિષેધનો ઉપદેશ કરતા આવ્યા હોય; કેમકે કોઈપણ આગમ પ્રરૂપનાર અતીન્દ્રિયાર્થદ્રષ્ટા પોતે તેવા પૂર્વવચનના આલંબને જ એવા બન્યા હોય છે, તે વિના નહિ.

બુધ પુરુષ આગમતત્ત્વ તપાસે છે. 'ચારિત્ર-અનુષ્ઠાન કહેનાર આગમ કેવા શુદ્ધ છે, પૂર્ણ છે ? એમાં આત્મસ્વરૂપ કેવું કહ્યું છે, આગમને અને ધર્મને કેટલો મેળ ? ધર્મનો સર્વસાર શો ? પરમાત્મા હૃદયસ્થ કેમ બને ?' વગેરેની જિજ્ઞાસા એને હોય છે. (જીવોની આ કક્ષાઓ સૂચવે છે કે ઊંચે ચઢવું હોય તો આ કક્ષાઓ ચડવી જોઈએ.)

આમ બાળ, મધ્યમ અને બુધ પુરુષની આવી આવી ખાસિયત હોઈ સદ્ધર્મની દેશના એમની કક્ષા જાણી એને અનુરૂપ જ આપવી જોઈએ. દા.ત. બાળ જીવ વેશમાત્રમાં અટકી જાય છે, પરંતુ વેશ તો વિડંબક-માયાવીને ય હોય; તેથી એને વેશ પાછળ જરૂરી આચાર બતાવવા જોઈએ. એમ, મધ્યમ જીવ ચારિત્રના અનુષ્ઠાનમાત્રમાં અટકી પડે છે, પરંતુ એ તો અશુદ્ધ આશયથી ય થતા હોય; તેથી એને શુદ્ધ આશય અને એમાં જરૂરી ગુરુદોષત્યાગ વગેરેની દેશના આપવી જોઈએ. ત્યારે, બુધ પુરુષ આગમતત્ત્વ પર મદાર રાખનારા હોય છે, પરંતુ કહેવાતા આગમતત્ત્વ તો જગતમાં ઘણાંય હોય છે, તેથી એને શુદ્ધ આગમતત્ત્વ બતાવવું જોઈએ. તાત્પર્ય, બાળ, મધ્યમ કે બુધનો એનામાં ખૂટતું નજીકનું તત્ત્વ બતાવવું જોઈએ, જેથી એમાં એ પ્રવૃત્તિ કરી શકે, અને એને તેથી લાભ થાય.

દેશના શ્રોતા જીવની કક્ષાને જ અનુરૂપ અપાય; પણ ભિન્ન કક્ષા ભિન્ન સ્થાનને યોગ્ય નહિ. કેમકે કહ્યું છે કે '**परस्थाने देशना पापदेशना**'-ભિન્ન કક્ષાવાળાને અપાયેલી દેશના. દા.ત. મધ્યમ જીવને બાળસંબંધી, બુધને મધ્યમસંબંધી, બાળને મધ્યમયોગ્ય, વગેરે દેશના એ ધર્મદેશના નહિ પણ પાપદેશનારૂપ બને છે; કારણ, વિપરીત દેશના દેવી એ શ્રોતાને માર્ગને બદલે ઉન્માર્ગે તાણી ઊલટી પ્રવૃત્તિ કરાવીને એને ભવાટવીમાં દારુણ વિપાક દેખાડે છે. પોતાની કક્ષાને યોગ્ય, શક્ય અને જરૂરી સાધનાને બદલે નીચેની અનુચિત યા ઊંચેની અશક્ય સાધનામાં તાણતા એ ઉન્માર્ગે કર્ષણ છે.

પ્ર. : દેશના તો ધર્મની અને શાસ્ત્રે કહેલી છે, પછી એ તો ગુણ જ કરે ને ?

ઉ. : ના, વાયુના દર્દીને હિતકારી ઘી વગેરેના ઉપચાર શ્લેષ્મ-કફના દર્દીને અપાય તો એને નુકસાનકારી થાય. તાવ ઉતરી ગયેલાને એકલા પાણી પર રહી દવા લેવાનો ઉપદેશ યા એકદમ જ મલાઈ-ઘી-મિષ્ટાન્ન સાથે દવા લેવાનો ઉપદેશ એ ગુણ ન કરે. એમ, મધ્યમ આચારવાળા અને શુદ્ધ ચારિત્રના ગવેષક મધ્યમ જીવને બાળયોગ્ય આચારનો ઉપદેશ, કે હજી પ્રાથમિક સદ્ આચારનાં ઠેકાણાં નથી એવાં બાળને ઊંચા તત્ત્વનો ઉપદેશ એ હિતકારી ન બને. (સોનગઢમત વગેરેમાં આવી પરસ્થાન દેશના ચાલે છે.) માટે દેશના સ્થાન-કક્ષાને યોગ્ય આપવી.

❖ ❖ ❖

# ષોડશક - ૨

**બાળ-મધ્યમ-બુધને શી દેશના આપવી ?**

(૧) **બાલબુદ્ધિ જીવને** બાહ્ય સદ્ આચરણની મુખ્યતા થાય એવી દેશના આપવી, તે પણ સ્વયં આચરણમાં ઉતારીને, જેથી એ દેખી સામાને પ્રત્યક્ષ (વિશ્વાસ) પડે, એને એમ કહેવાય કે 'જીવ આ સંસારમાં સુખશીલિયાપણું અને એની પાછળ જીવહિંસા કરી કરીને ભટકે છે. જે બંધ કરાય પછી ભલે કષ્ટમય આચાર પાળવા પડે, તો જ ભવભ્રમણ અટકે, માટે તો મહાત્માઓ હજામત પણ કરાવતા નથી કેમકે એમાં સુખશીલતા અને કાચા પાણીના જીવની હિંસા વગેરે દોષ છે; કિન્તુ સારી રીતે કેશનો લોચ કરે છે. એમ ખુલ્લા પગે ચાલે છે, અને લગભગ જમીનને જ પોતાની શય્યા બનાવે છે. રાત્રિના ચાર પહોરમાંથી માત્ર બે જ પહોર નિદ્રા લે છે, બાકી જ્ઞાનધ્યાન કરે છે, ઠંડી-ગરમી ઋતુમાં અગ્નિ-પાણીનાં સેવન નહિ કિન્તુ એને સહન જ કરે છે; છઠ્ઠ અઠ્ઠમ આદિ જુદી જુદી જાતની કષ્ટમય તપસ્યા કરે છે; અલ્પ ઉપકરણ રાખે છે અને તે પણ નિર્દોષ; આહાર પણ જાતે રાંધવા-પકાવવાનો નહિ, કિન્તુ નિર્દોષ તૈયાર મધુકરી-ભિક્ષા માગીને મળે તે લાવી વાપરે છે. એમાં પણ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવના અભિગ્રહ નિયમો કરે છે. દૂધ-દહીં-ઘી વગેરે વિગઈઓનો ત્યાગ કરે છે. અવસરે એક દાણા વગેરેથી પારણું કરે છે. એક સ્થાને ન પડી રહેતા કે નિત્ય ગામોમાં ન વિચરતાં અનિયત પણે વિહારની માસ-કલ્પાદિ મર્યાદા સાચવે છે. નિરંતર કાયોત્સર્ગ જ્ઞાનધ્યાન વગેરે કરે છે. આ આચારોનો આમ વિભાગ પડે,-

| | | | |
|---|---|---|---|
| તપ<br>{ એક-સિકથાદિ પારણું<br>કાયોત્સર્ગાદિ | નિર્દોષભિક્ષા .<br>{ દ્રવ્યાદિ અભિગ્રહ,<br>વિગઈત્યાગ | શુદ્ધ અલ્પ ઉપકરણ, ભૂમિ શયન,<br>દ્વિપ્રહર નિદ્રા | અનિયત-વિહાર,<br>અણવાણહ, લોચ,<br>શીતોષ્ણાદિ-સહન |

માનવ જીવનનો આ સાર છે. જીવનને આવી સાધના તરફ લઈ જનારી આચાર-ક્રિયાઓ કલ્યાણકામી આત્માએ કરવી જોઈએ.' બાળને આવી દેશના અપાય.

(૨) **મધ્યમબુદ્ધિને** એમ ઉપદેશાય કે,- 'માનવ જીવનને સફળ કરવા માટે ધર્મચર્યા આદરવી જોઈએ, પણ એ વિવેકભરી અને નિર્દોષ આચરવાની. મહાત્માઓ એવી ચર્યા માટે પાંચ સમિતિ-ઈર્યાસમિતિ, ભાષાસમિતિ, એષણાસમિતિ, આદાન-ભંડ-માત્ર-નિક્ષેપણસમિતિ અને પારિષ્ઠાપનિકાસસમિતિનું પાલન, તે પણ ત્રિકોટિ-પરિશુદ્ધ પાલન કરે છે; ગુરુપારતન્ત્ર્ય સેવે છે; અને આગમગ્રહણ કરે છે. આત્માના

ઉત્થાન માટે આ બહુ જરૂરી છે. એવા ત્રિકોટિ પરિશુદ્ધ સમિતિપાલન આદિ દ્વારા જ જીવ અનાદિરૂઢ સ્વચ્છંદ અને અજ્ઞાનમૂલક અસત્ પ્રવૃત્તિમાંથી બહાર નીકળી ઠેઠ સર્વજ્ઞપ્રાપ્તિ સુધી પહોંચી શકે છે.'

**ત્રિકોટિપરિશુદ્ધ** :- ત્રિકોટિ એટલે ત્રણ પ્રકારે, તે પણ આ રીતે, (૧) રાગ-દ્વેષ-મોહ, (૨) કરણ-કરાવણ-અનુમોદન એ ત્રણે રીતે હનન-પચન-ક્રયણ, (૩) કષ-છેદ-તાપ, આ ત્રિકોટિએ બરાબર શુદ્ધ, એવો ઈર્યાસમિતિ આદિ આચાર.

અર્થાત્ જે આચારમાં (૧) રાગ કે દ્વેષ કે મોહના ઉદયરૂપી ત્રણેય રીતે અશુદ્ધિ નથી; (૨) હનન=ફળફળાદિ સચિત્ત (સજીવ) વસ્તુને કાપવી-કૂટવી-છૂંદવી, પચન=અગ્નિ વગેરેના આરંભ-સમારંભથી રાંધવાનું, ક્રયણ=વેચાતું લાવવું, આ ત્રણેયને સાધુએ જાતે કરવાનું નથી. પ્રેરણા-ઈસારાદિદ્વારા બીજા પાસે કરાવવાનું નથી, કે કોઈએ સાધુ માટે એ કર્યું તે લેવા દ્વારા અગર ગૃહસ્થે એ પોતાના માટે જ કરેલું હોય છતાં તેને સારું કર્યું માનવા દ્વારા અનુમોદવાનું નથી. એમ ત્રિકોટિ અશુદ્ધિ નથી; તેમજ (૩) સુવર્ણની કસોટી-છેદન-અગ્નિ તાપન પર પરીક્ષાની જેમ આચારની વિધિનિષેધ, તદનુકૂળ ચર્યા આચરણ અને તત્ત્વસિદ્ધાન્ત પર ત્રિવિધ પરીક્ષામાં ય લેશ અશુદ્ધિ નથી, પૂર્ણ વિશુદ્ધિ યાને પાસ (Pass) થવાપણું છે; એવા ઈર્યાસમિતિ આદિ સાધ્વાચાર સાધુમાર્ગ લૌકિક-પારલૌકિક પરમ કલ્યાણના ઈચ્છુક મુનિઓને જરાય મૂકવાના નથી. એવી પ્રવચનમાતાના પાલનથી ઉત્કટ મોક્ષેચ્છા (મોક્ષની આસ્થા)ને લીધે ભવભ્રમણનો ભય હટી જાય છે; કેમકે આ પાંચ સમિતિ સાથે મન-વચન-કાયગુપ્તિ એ ત્રણ ગુપ્તિ મળી આઠ પ્રવચનમાતાનું અહર્નિશ સાવધાન અખંડ પાલન ભવહેતુઓને અટકાવી દે છે. તથા વિનય-બહુમાન-આદર અને પ્રવચનમાતાનું પાલન વગેરે વિધિપૂર્વક હિતકારી આગમશાસ્ત્રનું અધ્યયન, ચિંતન, પરાવર્તન રહે, જેથી કુવિકલ્પ-વિકાર પરિષહકાયરતા-દુઃખદીનતા વગેરે નિવારી આત્મારામતા, નિર્મળ બોધવૃદ્ધિ, પુણ્યપુષ્ટિ, પાપક્ષય વગેરે ઉત્તમફળ આવે, એ આગમગ્રહણ અત્યંત હિતકારી બને છે.

આ આગમગ્રહણ પણ ગુરુને આધીન છે, તેથી માત્ર સોદારૂપે ગુરુસંબંધ નહિ, કિન્તુ અંતરમાં ભારે ગુરુ-બહુમાન ધરીને ગુરુ પ્રત્યે પરતંત્ર ભાવ ધરવો જોઈએ. એ પણ 'આ ગુરુ મારા ભવક્ષય થવામાં અનન્ય કારણ છે' એવો કુશળ ચિત્તાશય ધરીને એમના પ્રત્યે પરતંત્રભાવ રાખવાનો; પણ નહિ કે ગુરુ કોઈ સારા ઊંચા કુળના યા પ્રતિષ્ઠાદિવાળા છે માટે પરતંત્રતા.

**ગુરુપારતંત્ર્યથી પરમગુરુની પ્રાપ્તિ** :- પોતાનામાં ત્યાગતપના આચાર-અનુષ્ઠાન, જ્ઞાન ઉપદેશશક્તિ વગેરે ઘણું ય હોય તો પણ ગુરુપારતંત્ર્ય વિનાનું એ

બધું કુલટાના ત્યાગાદિ જેવું છે. જ્યારે ગુરુપરતંત્રતા એ પરમ ગુરુ સર્વજ્ઞ ભગવાનની પ્રાપ્તિનું બીજ છે; કેમકે ગુરુ પ્રત્યેના બહુમાનયુક્ત પરતંત્રભાવથી તેવા પ્રકારના પ્રબળ પુણ્યનું ઉપાર્જન થવા દ્વારા જન્માંતરે સર્વજ્ઞદર્શનની પ્રાપ્તિ થાય છે; જેની આરાધના દ્વારા સર્વજ્ઞ સાથે સર્વથા સમર્પણ યાને અભેદભાવ ઊભો થાય છે. આવા પ્રકારના ગુરુપારતંત્ર્યથી મોક્ષ થાય છે. આત્માની બિનસાવધાની, અજ્ઞાન અને ચિત્તચાંચલ્ય, તથા અહંત્વ-સ્વચ્છંદતા હોય ત્યાંસુધી પરમાત્મપ્રાપ્તિ અને ભવક્ષય થાય જ નહિ, માટે ચારિત્ર સાથે સદા પ્રવચનમાતા, આગમપરિશીલન અને ગુરુપારતંત્ર્ય જોઈએ જ. -મધ્યમબુદ્ધિને આ રીતે ઉપદેશ કરવાનો.

(૩) બુધ પુરુષને એની કક્ષાનુસાર ઉપદેશ દેવાનો તે પૂર્વે કહ્યા મુજબ આગમતત્ત્વનો જ દેવાનો. અર્થાત્ એને એકલા ચારિત્ર-અનુષ્ઠાન પર મદાર નથી, પણ નિર્દોષ ત્રિકોટિશુદ્ધ આગમનું મહત્ત્વ છે. એવા આગમે કહેલા ચારિત્રને જ એ કિંમતી માને છે, તેથી 'આત્મા છે, પરિણામી નિત્ય છે...' વગેરે જે ઉપદેશે, તે જ આગમ નિર્દોષ કહેવાય, એનો ઉપદેશ એને કરવો.

વળી એવો શ્રોતા વિશિષ્ટ વિવેકવાળો હોઈને માત્ર ક્રિયા કે શુષ્ક તત્ત્વજ્ઞાનમાં ઈતિકર્તવ્યતા માનનારો નહિ; તેથી એને ક્રિયાપ્રધાનને બદલે ભાવપ્રધાન ભાવ પર ભાર આપનારી દેશના આપવી. ભાવ એટલે ક્રિયા અને તત્ત્વજ્ઞાનની પાછળ જરૂરી તેવો વિશુદ્ધ આત્મપરિણામ. એ પરિણામ પણ નિર્દોષ આગમે પ્રતિપાદન કર્યો હોય તે જ. મુખ્ય ધર્મ એ જ છે; બીજો અનુષ્ઠાનાદિરૂપ ધર્મ તો એનાં સાધન અને પ્રતીકરૂપે છે. માટે એ શ્રોતાને એમ ઉપદેશવાનું કે,-

**'वचनाराधनया खलु धर्मस्तद्बाधया त्वधर्म इति ।'** સર્વજ્ઞવચનની આરાધનામાં ધર્મ, અને એ વચનને બાધા પહોંચાડવામાં અધર્મ છે. શ્રુતધર્મ તત્ત્વપરિશીલનરૂપ અને ચારિત્રધર્મ અનુષ્ઠાનરૂપ એ બંને ય આગમની આરાધના નીચે જ ધર્મરૂપ બને છે. અર્થાત્ 'આગમે આ આ કરવાનું કહ્યું છે માટે આ કરવાનું.' એમ આગમને આગળ કરી કરાતું હોય આગમાનુસારી હોય, તો જ એ ધર્મ છે, નહિતર ગમે તેટલા કષ્ટમય છતાં આગમ-આજ્ઞાને જો બાધ કરનારા હોય તો એ અધર્મ છે. આમ કર્તવ્યાકર્તવ્યનો આધાર જ્યારે આગમવચન પર છે, તો પછી એના વિધિ-નિષેધરૂપ આગમ એ જ ધર્મનું રહસ્ય ફલિત થાય છે. ધર્મનું સર્વસ્વ-સર્વસાર આગમ જ છે.

પ્ર. : સમસ્ત અનુષ્ઠાનને ગૌણ કરી આગમને જ કેમ ધર્મનું સર્વસ્વ કહો છો ?

ઉ. : એનું કારણ એ છે કે અનુષ્ઠાન તો આગમથી કહેવાયાં છે માટે ધર્મરૂપ

બને છે. ભવ્ય લોકોના મનનું કર્તવ્યમાં પ્રવર્તક અને અકર્તવ્યમાંથી નિવર્તક આગમ જ છે. કેમકે કર્તવ્યાકર્તવ્યમાં ઈષ્ટાનિષ્ટસાધનતા જીવને પ્રત્યક્ષ નથી પણ સર્વજ્ઞદષ્ટ છે, તેથી એમનાં વચનથી ગ્રાહ્ય છે. એટલે નિયામક આગમ બને છે. ધર્મ આગમમાં રહેલ છે, આગમથી જ્ઞાપ્ય છે, કે જે આગમ સર્વજ્ઞપ્રણીત જ પ્રધાન છે, પ્રમાણભૂત છે. કહ્યું છે,- સર્વજ્ઞોક્ત શાસ્ત્રથી જાણી તદનુસાર કરાય તે જ ધર્મ.

આ આગમનો એવો મહિમા છે કે જો એ આગમ હૃદયસ્થ હોય તો વસ્તુતઃ એના સ્વતંત્ર વક્તા વીતરાગ ભગવાન જ હૃદયસ્થ છે. એ હૃદયસ્થ થયા એટલે સર્વ પ્રયોજન સિદ્ધ થાય છે; કેમકે એ ભગવાન ઉત્કૃષ્ટ ચિંતામણિ છે. આગમ બહુમાન કર્યું એટલે એમનું જ બહુમાન કર્યું; અને એમનાથી સમત્વ; સમાપત્તિધ્યાન સિદ્ધ થાય છે. સમાપત્તિધ્યાન એટલે કે અનંત જ્ઞાનદર્શનચારિત્રમય પરમાત્મસ્વરૂપની સાથે પોતાના શુદ્ધસ્વરૂપની અત્યંત સમાનતાને લઈને 'મારામાં તે સ્વરૂપ છે, એ જ ભગવાન હું છું' એવા પ્રકારનું અભેદ-ધ્યાન. આ સમાપત્તિ એ દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ સદ્યોગવાળા યોગીજનોની માતા છે, મોક્ષકાર્યની સાધક છે.

શ્રોતાની કક્ષાને ઉચિત ધર્મ કહેનાર શ્રોતામાં અવશ્ય મોક્ષફલસાધક અતુલ ધર્મને પેદા કરે છે. શ્રોતા કેટલી કક્ષાએ ચડેલા છે, અને હવે એમને એમની કક્ષામાં ખૂટતું નજીકનું તત્ત્વ જાણી ધર્મના કયે પગથિયે ચડાવવા ઉચિત છે, એ વિચારી યોગ્ય કરાય તો જ એ શ્રોતા પ્રગતિ કરી શકે.

આ ધર્મદિશનાનો વિષય, (૧) ધર્મેચ્છુને સાધનાનો રાહ ચીંધે છે. 'કષ્ટમય આચારો, શુદ્ધ ચારિત્ર, અને આગમબંધન, સાધના કરવી હોય તો આ રાહે ચાલ્યા આવો.' (૨) બીજું એ સૂચવે છે કે ધર્મના નામે કોઈને એવી સલાહ ન આપતા કે, સામો ઊંચે ચડવાને બદલે હોય એ ગુમાવે; એનો બુદ્ધિ ભેદ થાય, (૩) વળી ત્રીજું એ, કે નીચેની કક્ષામાં સંતોષવાળી ન બેસતા.

❋ ❋ ❋

## ષોડશક - ૩

### ધર્મનું સ્વરૂપ : ૫ આશય

ધર્મનું સ્વરૂપ ❋ (૧) **ત્રિકાલાબાધ્ય** જોઈએ, (અર્થાત્ અનંત કાળ પૂર્વે પણ આ જ ધર્મ અને પછી પણ આ જ ધર્મ);

❋ (૨) પોતાના સર્વ આગમોથી શુદ્ધ અવિરુદ્ધ જોઈએ; એકમાં એક પ્રતિપાદન અને બીજામાં એનાથી વિરુદ્ધ, એમ નહિ;

❋ (૩) **આદિ-મધ્ય-અંતે** સર્વત્ર સુંદર કલ્યાણરૂપ હોવું જોઈએ; અર્થાત્ (i)

આદિ વયમાં કરે, મધ્ય વયમાં કરે, કે અંતે કરે, યા (ii) પ્રારંભિક કક્ષાવાળો જીવ કરે, "વિકસિત કક્ષાવાળો કરે કે પરાકાષ્ઠાએ કરે, બધે કલ્યાણરૂપ જ હોય. અથવા (iii) આદ્ય કક્ષાનો ધર્મ કરે, યા મધ્યમ કે અંતિમ કક્ષાનો કરે; એમ (iv) શાસ્ત્રની આદિમાં કહેલ હોય, મધ્યમાં કહેલ હોય કે અંતે કહેલ હોય, બધોય કલ્યાણરૂપ જ જોઈએ."

**પ્ર. : ધર્મ શી વસ્તુ છે ?**

ઉ. : ધર્મ એક તેવા સર્જક ચિત્તરૂપ છે યા ચિત્તનું કારણ છે, કે-

(૧) જેમાંથી વિધિ-નિષેધના અમલની ક્રિયા પ્રવર્તે છે,

(૨) જે અનાદિ સહજમળ યાને રાગાદિ મળના હ્રાસમાંથી જન્મે છે.

(૩) જે પુષ્ટિ-શુદ્ધિને જન્મ આપે છે,

તાત્પર્ય મળ હ્રાસથી જન્મેલું, પુષ્ટિ શુદ્ધિ કરનારું, અને વિધિ નિષેધમાં પ્રવર્તક ચિત્ત યા ચિત્તનો હેતુ એ ધર્મ.

પ્ર. : એવો ધર્મ શી રીતે ઉત્પન્ન થાય ?

ઉ. : ચિત્તરૂપ ધર્મ ચિત્તનો મળ દૂર કરી એને શુદ્ધ કરવાથી થાય. ચિત્તનો મળ રાગાદિ છે. રાગ-દ્વેષ-મોહ અને એના પ્રકારો ક્રોધ-મદ-માયા-ઈર્ષ્યા-હાસ્ય-મજાક-શોક એ મળ છે. એનું નિવારણ આગમ-સદ્‌યોગથી થાય (૧) આગમ એટલે આગમોક્ત માર્ગનું સમ્યગ્ જ્ઞાન; અને (૨) સદ્‌યોગ એટલે સત્ ક્રિયા, વિધિનિષેધ-પાલન, આ જ્ઞાન અને ક્રિયાથી રાગાદિ મળનો નાશ થઈ શકે. એ થાય એટલે શુદ્ધ બનેલું ચિત્ત એ ધર્મરૂપ બને. હવે એમાંથી આગળ વિધિનિષેધના પાલન રૂપી ધર્મ ચાલે; પરંતુ એ બાહ્ય ક્રિયા એ ગૌણ ધર્મ, મુખ્ય ધર્મ એનું સર્જક વિશુદ્ધ ચિત્ત, મુખ્ય એટલા માટે કે એ સાબૂત હોય તો જ ક્રિયાના ફળરૂપે પુષ્ટિ અને શુદ્ધિ પ્રાપ્ત થાય.

**—पुष्टिः पुण्योपचयः, शुद्धिः पापक्षयेण निर्मलता ।**

પુણ્યાનુબંધી પુણ્યની વૃદ્ધિ એ 'પૃષ્ટિ;' અને જ્ઞાનાવરણીય આદિ ઘાતીકર્મના ક્ષયથી આત્મામાં થતી આવતી નિર્મળતા એ 'શુદ્ધિ'. વિશુદ્ધ ચિત્તે કરેલ વિધિનિષેધનો અમલ આ ફળ લાવે છે. સારાંશ, ચિત્તના રાગાદિ મળ કાપવાનું સાધન પણ આ જ સમ્યગ્જ્ઞાનયુક્ત વિધિનિષેધનું પાલન; અને નિર્મળ બનેલ ચિત્તનું કાર્ય પણ આ જ સમ્યગ્જ્ઞાનયુક્ત વિધિનિષેધનું પાલન; પરંતુ ચિત્તશુદ્ધિ તરફ મુખ્ય ઝોક છે.

આપણી સાધનાઓમાં આ ખાસ લક્ષ રાખવાનું છે કે સાધના કરીએ તે ચિત્તશુદ્ધિ માટે, ચિત્તના રાગ-દ્વેષ મોહ-મદ-મત્સર, હાસ્ય-શોક વગેરે વગેરે મેલ સાફ કરી નાખવા માટે. એમ ચિત્ત શુદ્ધ કરતા ચાલીએ તે જ ખરેખર ધર્મ બને.

સાથે આ પણ લક્ષ રાખવાનું છે કે આગમબોધ વિના અને કહેલ વિધિનિષેધના અમલ વિના સંસારમાં જકડી રાખનાર રાગાદિ મળનો નાશ નહિ થાય. (વિધિ=તપ-સ્વાધ્યાય ધ્યાનાદિમાં પ્રવર્તવાની આજ્ઞા; નિષેધ=હિંસા-અસત્યાદિથી નિવૃત્ત થવાની આજ્ઞા.)

પ્ર. : આગમ પર એટલો બધો ભાર કેમ ?

ઉ. : રાગાદિ રોગના કેવા પ્રતિકાર હોય તે એના સાક્ષાત્ દૃષ્ટા વૈદ સર્વજ્ઞના વચનથી જ સમજાય. માટે એ વચનરૂપી આગમના આધારે જ ભવરોગ ચિકિત્સા હોય.

પ્ર. : આગમના માત્ર બોધ-મનનથી રાગાદિ ન જાય ? વિધિનિષેધના પાલનની શી જરૂર ?

ઉ. : રાગાદિ મળ વિપરીત (ઉલટી) પ્રવૃત્તિ-નિવૃત્તિથી દૃઢ થયો છે; એને ઉખેડવા સવળી પ્રવૃત્તિ-નિવૃત્તિ જોઈએ જ, તેલીનું કપડું ઉકળતા પાણી, સાબુ અને ધોકા વિના સાફ ન થાય. ત્યારે શુદ્ધ પુણ્યપુષ્ટિ પણ એ રીતે જ રાગાદિ રોગ કાઢવા ઉપર થતી આવે; તેમજ પાપની અશુદ્ધિ પણ તો જ ઘટતી ઘટતી સર્વથા ટળી પરમ મોક્ષશુદ્ધિ મળે.

પ્ર. : પુણ્યપુષ્ટિની શી જરૂર છે ? પુણ્ય કર્મ તો એક બંધન છે ?

ઉ. : માણસે લાકડીના ટેકે ચાલવું એ પરાધીનતા છે. બંધન છે, પરંતુ લાંબી બીમારીમાંથી ઊઠેલો અશક્ત માણસ લાકડીના ટેકે ચાલતો થાય તો જ પછી શક્તિ અને ચાલવાનો અભ્યાસ વધતાં વિના ટેકાએ ચાલી શકે છે. એટલે પૂર્ણ શક્તિમાન થવા ટેકો જોઈએ. એમ વિશેષ મળનાશ અને પાપક્ષય કરવા પૂર્ણ શક્તિમાન થવા માટે ઉત્તમ મનુષ્યભવ, પંચેન્દ્રિય-પૂર્ણતા, આરોગ્ય, મનોબળ, દેવગુરુ સંયોગ વગેરે સામગ્રી જોઈએ. એ પુણ્યના ટેકાથી જ મળે. તેથી પુણ્યપુષ્ટિની જરૂર છે. એ વિના કામ અટકી જ પડે છે એ દેખાય છે. સોનગઢ-મતમાં આનું અજ્ઞાન છે.

આ પુષ્ટિ-શુદ્ધિ અનુબંધવાળી બને અર્થાત્ એનો પ્રવાહ ચાલે તો ક્રમશઃ એ વૃદ્ધિંગત થતાં ઉત્કૃષ્ટ વીર્યવાન બની મોક્ષ સાધે છે. મૂળ, આગમાનુસારે વિધિ-નિષેધના પાલન પર સાનુબંધ પુષ્ટિશુદ્ધિ થાય.

## પ્રણિધાનાદિનું મહત્ત્વ

પરંતુ આ અનુબંધવાળી પુષ્ટિશુદ્ધિ એ, જો વિધિ નિષેધનું પાલન પ્રણિધાનાદિ આશયના સંવેદન સાથે કરાય, તો જ બની શકે, પ્રણિધાનાદિ વિના નહિ. માટે એ પ્રધાન છે; અને એ આશય ગ્રંથિભેદ કરી નિર્મળ બોધ સંપન્ન બનેલાને આવી

શકે; કેમકે ગ્રન્થિ(=રાગદ્વેષની તીવ્રતારૂપી ગાંઠ) વાળાને તો પ્રણિધાનાદિનાં લક્ષણ આવવા સંભવિત જ નથી.

અહીં આશય એટલે અધ્યવસાયની કક્ષાવિશેષ, આત્મપરિણામ વિશેષ, આની પ્રધાનતા હોય એ સહજ છે; કેમકે એ ભાવરૂપ છે, અને ભાવયુક્ત જ ક્રિયા ભાવક્રિયા, સાધના ભાવસાધના બને, અન્યથા દ્રવ્યક્રિયા-દ્રવ્યસાધના. દ્રવ્યક્રિયા તો અનંતી નિષ્ફળ ગઈ, માટે આ ખાસ ધ્યાનમાં રાખવાનું કે દરેક શુભ ક્રિયા-પ્રવૃત્તિ, ચાહ્ય એક નવકારમંત્રની સ્મરણ પણ પ્રવૃત્તિ પણ તે પ્રણિધાનાદિ આશયોથી સંપન્ન જ કરાવી જોઈએ. તો જ તે આત્મસ્પર્શી અને આત્મનિષ્ઠ બની સુસંસ્કારની વૃદ્ધિ કરે છે.

## પ્રણિધાનાદિ ૫ આશય

આશય ૫, પ્રણિધાન, પ્રવૃત્તિ, વિઘ્નજય, સિદ્ધિ અને વિનિયોગ.

**(૧) પ્રણિધાન,** એટલે ચિત્તનું સ્થાપન; તે

❁ (i) નિરવદ્ય નિષ્પાપ વસ્તુ તપ-સ્વાધ્યાય-અહિંસાદિ ધર્મસ્થાન સંબંધી જોઈએ; પણ નહિ કે ધન-વેપારાદિ સંબંધી;

❁ (ii) એમાંથી ચલિત ન થાય એવું સ્થિર જોઈએ,

❁ (iii) હીન યાને પ્રસ્તુત ધર્મસ્થાન ન પામેલા પ્રત્યે કરુણાવાળું જોઈએ, પણ નહિ કે દ્વેષ-તુચ્છકાર-નિંદાદિવાળું; અને

❁ (iv) પરાર્થ-પરોપકારની સાધનાને મુખ્ય કરનારું જોઈએ, પણ નહિ કે સ્વાર્થપરાયણ.

(૧) સાવદ્ય વસ્તુનું ધ્યાન ચિત્તને અને ધર્મસાધનાને કલુષિત કરે છે. (૨) ચલાયમાન ચિત્ત સાધનાનો સંસ્કાર નથી પડવા દેતું. (૩) હીન પ્રત્યે દ્વેષ એ સાધના માટેની ચિત્તની ભૂમિકા નષ્ટ કરે છે; કોમળ અને નમ્ર ચિત્તમાં જ સાધના ઉતરી શકે. (૪) સ્વાર્થમુખ્યતા ઐહિક તુચ્છ સ્વાર્થનાં વિશેષ આકર્ષણને લીધે સ્વાર્થભોગ આપવાની વૃત્તિ નહિ, તેથી અવસરે સાધના અને સાધનાનું મમત્વ પણ બાજુએ મુકાવી દે છે.

**(૨) પ્રવૃત્તિ :-** આ બાહ્ય ક્રિયારૂપ નહિ પણ આન્તર આશય પ્રવૃત્તિરૂપ લેવાનો; ને એ પ્રસ્તુત ધર્મસ્થાનમાં (૧) સુંદર બાહ્ય-આભ્યન્તર ઉપાયો નિપુણતાએ યોજવા સાથેનો જોઈએ, દા.ત. અહિંસા માટે પ્રેક્ષાસંયમ,-ગમનાગમનાદિમાં સમિતિ, ઉપેક્ષા સંયમ,-બિનજરૂરી ઉપકરણનો ત્યાગ,... વગેરે કેમકે એ ન હોય તો અહિંસા શી રીતે સિદ્ધ થાય ?

(૨) પ્રવૃત્તિ આશયની અપ્રમાદની ભાવનાથી ઊઠેલ અતિશય પ્રયત્ન અર્થાત્

વીર્યોલ્લાસવાળો જોઈએ, જેથી પ્રમાદ શૈથિલ્યાદિ પીડે નહિ; (ભાવનાથી જોમ અને કાળજી આવે છે) અને ધર્મસ્થાન ચિત્તમાં પરિણત બનતું જાય.

(૩) ઉતાવળે કરી નાખવાની ઈચ્છા ઉત્સુકતા વિનાનો જોઈએ કેમકે અકાળ ઔત્સુક્ય વસ્તુતઃ આર્તધ્યાનરૂપ બને છે.

(૪) હેતુશુદ્ધ, સ્વરૂપશુદ્ધ અને અનુબંધશુદ્ધ પ્રયત્નવાળો જોઈએ. હેતુશુદ્ધમાં ઉદ્દેશ, આશંસા, ઉપાય મલિન નહિ; સ્વરૂપશુદ્ધમાં ધર્મસ્થાનપ્રયત્ન ધર્મસ્થાનના સ્વરૂપનો ઘાતક નહિ; અનુબંધશુદ્ધ પ્રયત્ન એટલે કે એવા ઊંડા સંસ્કાર પાડતો પ્રયત્ન કે જેથી સાધ્યસિદ્ધિ પર્યન્ત એનો પ્રવાહ ચાલે. આની ખામીએ ધર્મ સિદ્ધિ ન થાય.

(૩) **વિઘ્નવિજય :-** પ્રવાસીને કંટક-જ્વર-દિશામોહની જેમ જઘન્ય-મધ્યમ-ઉત્કૃષ્ટ વિઘ્ન ન પીડે એવો એના પર વિજય મેળવવો જોઈએ. જેમ સુખે ઈષ્ટસ્થાન પ્રાપક પ્રવાસની આડે કાંટા એ વ્યાકુલગમનકારી સામાન્ય વિઘ્ન, ગમનરોધકારી તાવ વગેરે એ મધ્યમ વિઘ્ન અને ગમનોત્સાહ ભંગકારી દિશાનો વ્યામોહ (દા.ત. ઉત્તરાયણનો સૂર્ય હોવાથી ઉત્તર ને પૂર્વ દિશા સમજવી) એ ઉત્કૃષ્ટ વિઘ્ન છે; નિરાકુલ-અખંડ-સોત્સાહ પ્રવાસ કરવા, ૧. કાંટાળો રસ્તો ત્યજવા દ્વારા કાંટાનું. ૨. આરોગ્ય જાળવવા દ્વારા જ્વરાદિનું, અને ૩. સ્વયં સમ્યગ્ માર્ગજ્ઞાન સાવધાની ઉત્સાહ આદિ રાખવા દ્વારા દિશામોહ-નિરુત્સાહાદિનું વિઘ્ન અટકાવાયા; એવી રીતે ધર્મસ્થાન સિદ્ધ કરવા આડે (૧) ધર્માર્થિપણું છતાં વ્યાકુળ ધર્મ પ્રવૃત્તિકાર, ઠંડી ગરમી આદિની પીડા, વિશિષ્ટ ધર્મ સ્થાનારાધનાથી અક્ષમતાકારી જ્વરાદિની પીડા અને (૩) સાધનાનો ઉત્સાહ સર્વથા નષ્ટ કરનાર મિથ્યાત્વ, સાધનામાં માર્ગ વિભ્રમ-શંકા ચિકિત્સાદિરૂપી જઘન્ય મધ્યમ ઉત્કૃષ્ટ વિઘ્ન નડે છે. એની અટકાયત માટે ક્રમશઃ

(૧) ૨૨ પરીસહો સહવાનો અને ખડતલ બનવાનો અભ્યાસ કેળવવો; જેથી પછી ધર્મસાધના વખતે ઠંડી ગરમી આદિ પીડારૂપ જ લાગે નહિ;

(૨) હિતાહાર-મિતાહાર, આદિ આહાર-નિયમન સાચવવું જેથી સનિમિત્તક, રોગાદિ-અશાતા ઉદય જ ન પામે;

(૩) વીતરાગ સર્વજ્ઞના વચન પર અટલ શ્રદ્ધા, સાધનામાર્ગનું સમ્યગ્જ્ઞાન-શ્રદ્ધાન, સાધનામાં અનન્ય ઉપાદેય બુદ્ધિ, 'આ જગતમાં ધર્મસાધના જ સારભૂત છે, મહાસાર છે. વિષય-કષાયાદિ પ્રમાદસ્થાન એ સાર નહિ' એવો સારપણાનો દૃઢ વિશ્વાસ, વગેરેથી આત્માને ભાવિત કરવો, જેથી મિથ્યાત્વાદિ ઊઠવા જ ન પામે; અને અવ્યાકુલ અખંડ સોત્સાહ ધર્મસ્થાને સાધના પ્રવર્તી રહે.

(૪) **સિદ્ધિ** એટલે પ્રાપ્તિ એમાં, (૧) પ્રસ્તુત ધર્મસ્થાનની તાત્ત્વિક પ્રાપ્તિઃ દા.ત. અહિંસા જીવનમાં સિદ્ધ થવી, સહજ બનવી તે એ તાત્ત્વિક પ્રાપ્તિ; કિન્તુ માત્ર અભ્યાસરૂપ નહિ, યા શાસ્ત્ર કહે છે માટે, કે હિંસાથી પરલોકમાં દુઃખ આવે માટે અહિંસા નહિ.

(૨) અધિક પ્રત્યે વિનયાદિ, સૂત્રાર્થ-ઉભયવેદી અભ્યસ્ત ભાવનામાર્ગવાળા તીર્થ સમા ગુરુના તથા સિદ્ધ અહિંસાવાળાના વિનય-વૈયાવચ્ચ-બહુમાન-પ્રશંસાદિથી યુક્ત જ હોય; (તો જ ધર્મ તરીકે ધર્મસ્થાન સ્પર્શ્યું ગણાય. કેમકે વિનય એ તો ધર્મનો પાયો છે. 'વિણયમૂલો ધમ્મો';)

(૩) હીન પ્રત્યે પોતાને દયાદિથી યુક્ત હોય, પોતાને પ્રાપ્ત ધર્મસ્થાનની અપેક્ષાએ હીનગુણ યા સામાન્યથી નિર્ગુણ પ્રાણિગણ ઉપર દયા-દાન, સંકટ-નિવારણ વગેરે ગુણપ્રધાનતાવાળી હોય. દા.ત. અહિંસા અપ્રાપ્તવાળા પ્રત્યે કૃપા. (નહિતર 'દુઃખિતેષુ દયાત્યન્તં...' વગેરે સહજ મલહ્રાસના જ લક્ષણમાં વાંધો આવે.) (૪) મધ્યમ જીવો પ્રત્યે ઉપકાર-સહાયભૂતતાથી યુક્ત હોય. આમ, ઉત્તમ-મધ્યમ-હીનપ્રત્યે અનુક્રમે વિનય-ઉપકાર-કૃપા જ્વલંત જાગ્રત રહે.

(૫) **વિનિયોગ** :- એટલે સિદ્ધ થયેલ ધર્મસ્થાનને બીજામાં યોજવાનો-આરોપવાનો, બીજાને પ્રાપ્ત કરાવવાનો વ્યાપાર; અર્થાત્ સ્વાત્મતુલ્ય-પરફલ-કર્તૃત્વ. બીજાને તે ધર્મસ્થાન સિદ્ધ થાય તો એ વિનિયોગ સમ્યગ્ કરાયો ગણાય. એ સ્વ-પરના પોતાને (૧) અનેક આગામી જન્મોમાં આ ધર્મસ્થાનનો પ્રવાહ ચાલીને (૨) અંતે આ ઉત્કૃષ્ટરૂપમાં સિદ્ધ થાય છે. તાત્પર્ય, વિનિયોગથી ધર્મસ્થાનસંબંધી ક્ષયોપશમ સાનુબંધ બને છે, તેથી આગળ એની સંતતિ ચાલે છે. અલબત દેવલોકમાં અહિંસાદિ ધર્મસ્થાનનો પ્રવાહ અટકી ગયો દેખાય છે, પણ જેમ સોનાનો ઘડો ભાંગે તો પણ સોનું કાયમ, એમ અહીં વિનિયોગનું ફળ સર્વથા નષ્ટ નથી. તેથી પછી મનુષ્ય જન્મમાં તેના સંસ્કાર ઝટ જાગ્રત થઈને તેનો પ્રવાહ ચાલે છે. આમ અનેક જન્મોમાં સંતતિક્રમથી અવિચ્છિન્નતા બને છે, યાવત્ ઉત્કૃષ્ટ ધર્મસ્થાન સિદ્ધ થાય છે. આ સૂચવે છે કે ધર્મસ્થાનની અનેક કક્ષાઓ છે, અને ઉપરની નહિ તો નીચેની કક્ષા સિદ્ધ કરી શકાય.

**આશયોનું મહત્ત્વ :-** પાંચેય આશયનું બાહ્ય ક્રિયારૂપતા કરતાં આત્મપરિણામરૂપે, ભાવરૂપે બહુ મહત્ત્વ છે, પછી ભલે એ બાહ્ય ક્રિયા એનાથી પ્રવર્તિત યા અંકિત હોઈ આશય કથંચિત્ ક્રિયારૂપ હો.

**ભાવનું મહત્ત્વ એટલા માટે કે :-** ભાવ વિનાની દ્રવ્યક્રિયા તુચ્છ

અસાર છે, (સ્વફળસાધક નહીં) કારણ, અંતરમાં ભાવ હોય તો તે તો સાનુબંધ બની શકે; એકલી દ્રવ્યક્રિયામાં સાનુબંધ કોણ બને ? કોના સંસ્કાર વર્દ્ધમાન થાય ? ને વધતાં વધતાં અંતિમ કાર્યરૂપ થાય ? ક્રિયાના નહિ, કેમકે (૧) એમાં અમુક મર્યાદાની આગળ સ્વતંત્ર વધવાનું છે નહિ, તેમજ (૨) અંતે સાધ્ય મોક્ષ એ ઉત્કૃષ્ટ ક્રિયાસ્વરૂપ નહિ કિન્તુ પરમશુદ્ધિના ભાવરૂપ છે; અનંત શુદ્ધ જ્ઞાન-દર્શન-ચારિત્રાદિમય ભાવ એ મોક્ષ છે, માટે ધર્મતત્ત્વ-ભાવસ્વરૂપ છે. ભાવ એ પરમ યોગ છે, વાસ્તવિક વિમુક્તિરસ છે. (વિમુક્તિ=સર્વકર્મક્ષયે અંતિમ શુદ્ધિ, રસ=પ્રીતિવિશેષ) મુક્તિનો પ્રેમ એટલે શુદ્ધિનો પ્રેમ; એ ભાવના આશ્રયે જ બને, માત્ર બાહ્ય ક્રિયાના આશ્રયે નહિ.

પ્ર. : પાપ તો અતીત અનાદિ કાળમાં વારંવાર સેવેલું, એ શે છૂટે અને ભાવની જ ઈચ્છા શે થાય ?

ઉ. : જેમ બહુ કાળ કુભોજનરસથી લાલિત પણ જીવ અમૃતરસના આસ્વાદને જાણતાં જ, પછી એ કુભોજન પ્રત્યે અભાવવાળો થઈ અમૃતરસનો જ ઈચ્છુક બન્યો રહે છે, એમ જીવ અપૂર્વકરણથી સમ્યક્ત્વામૃતરસનો જ્ઞાતા બન્યે હવે પાપ પર અભાવવાળો થાય છે, એને 'આજ ઠીક' એવું બહુમાન નથી રહેતું; પછી ભલે કર્મસંયોગે હજી એ પાપરૂપી કુભોજનનું સેવન કરવું પડતું હોય, છતાં એ ભાવ (ક્લિષ્ટ અધ્યવસાય) વિનાનું દ્રવ્યસેવન જ રહેવાનું. પાપના અબહુમાનથી જ શુદ્ધ ચિત્તરૂપ ધર્મનો ઉત્સાહ જાગે છે, અને ધર્મ નિષ્પન્ન થાય છે.

❈ ❈ ❈

# ષોડશક - ૪

## ધર્મનાં લક્ષણ

### લોકોત્તર ભાવ અને પાપવિકારશમન : મૈત્રી આદિ-૪

ધર્મ ભલે સામાન્યરૂપ સિદ્ધ હો, પણ તે સિદ્ધ થયાનાં પાંચ લક્ષણ છે. એ પ્રાપ્ત હોવા જ જોઈએ. લક્ષણ આ :-

**औदार्यं दाक्षिण्यं पापजुगुप्साऽथ निर्मलो बोधः ।**
**लिङ्गानि धर्म सिद्धेः प्रायेण जनप्रियत्वं च ॥**

—અર્થાત્ ઔદાર્ય, દાક્ષિણ્ય, પાપજુગુપ્સા, નિર્મળ બોધ અને બહુલતાએ લોકપ્રિયતા, એ ધર્મસિદ્ધિના જ્ઞાપક લક્ષણ છે. આ મનનું આરોગ્ય છે. એ પ્રાપ્ત હોય તો મનના આ વ્યાધિ-વિકારો-પાપવિકારો શાંત થઈ જાય છે,—

**तन्नास्य विषयतृष्णा, प्रभवत्युच्चैर्न दृष्टिसंमोहः ।**
**अरुचिर्न धर्मपथ्ये, न च पापा क्रोधकण्डूतिः ॥**

—ધર્મઆરોગ્ય પ્રાપ્ત કરેલ પુરુષને ગમ્યાગમ્યનો વિભાગ ચુકાવનારી વિષયતૃષ્ણા નથી થતી, અત્યન્ત દૃષ્ટિસંમોહ નથી જાગતો, ધર્મપથ્ય પર અરુચિ નથી થતી, અને પાપિષ્ઠ ક્રોધ ખણજ નથી રહેતી. ચારે ય પાપવિકારો શાંત થઈ જાય છે.

આ ૫ + ૪ = ૯ મુદ્દાની ટૂંકી વ્યાખ્યા ટીકાકાર મહર્ષિએ આપી છે. જીવનમાં અતિ જરૂરી હોઈ તેનો ભાવ સમજવા અહીં એને જરા વિસ્તારથી વિચારવામાં આવે છે.

'લલિતવિસ્તરા'માં આજ ગ્રંથકાર મહર્ષિએ ઔદાર્યાદિને લોકોત્તર ભાવ કહ્યા છે. વાત બરાબર છે. જીવ અનંતાનંત કાળથી જે લૌકિક જીવનો જીવતો આવ્યો છે તે ક્ષુદ્રતા-કૃતઘ્નતા, અનુચિત વર્તન, સ્વાર્થ-સ્વચ્છંદતા, પાપરતિ, અજ્ઞાનતા-મૂઢતા અને નિષ્ઠુરતા એ લૌકિક ભાવો પર. એની સામે ઔદાર્ય-દાક્ષણ્યાદિ એ લોકોત્તર તત્ત્વની પ્રાપ્તિ માટેના શુભ ભાવ છે.

**(૧) ઔદાર્ય** એટલે કૃપણતાના ત્યાગપૂર્વક વિશાળ મનોવૃત્તિ ધરાવવી તે. જીવનો અનાદિનો ચાલી આવતો કૃપણ તુચ્છ ક્ષુદ્ર સ્વભાવ હવે પડતો મૂકવો પડે, અને વિશાળ આશય-વલણ ધરવું પડે. પ્રસંગ પ્રસંગ પર હલકા વિચારો ઝટ સ્ફુરી આવે છે. અડધી રાતે બારણું ખખડ્યું ત્યાં ઝટ મનને થાય છે કે- 'કોણ હરામી છે ?' અત્યારે વળી કોણ આ પજવવા આવ્યું છે ? હરામી અને પજવનારની કલ્પના એ ક્ષુદ્ર મનના ઘરની છે, કેમકે સંભવ છે આવનાર કદાચ સારો શાહુકાર અને લાભ કરાવવા આવ્યો હોય. નોકર જરા મોડો આવ્યો, વેપારીએ જરા ભાવ વધુ લીધો, ત્યાં સીધા 'લુચ્ચા, હરામખોર' વગેરે ટાઈટલ આપી બડબડાટ શરૂ થઈ જાય, સ્વાર્થ દેખાય ત્યાં અધમ ઉપાયનો પણ સંકોચ નહિ, આ બધી સહસિદ્ધ તુચ્છતા ક્ષુદ્ર હૃદયનું પરિણામ છે. ઔદાર્ય લાવવા માટે હવે એને અટકાવી ઉમદા સૌમ્ય વાણી, ઉમદા વિચાર અને ઉદાર વર્તાવ જોઈએ. બારણું ખખડ્યું એટલે 'અહો ! કોણ ભાગ્યશાળી છે ?' વેપારીએ ભાવ જરા વધુ લીધો તો 'ભલે બિચારો રળે. આપણે કાંઈ આટલામાં તૂટી જવાના નથી.' અથવા બિચારો ! ઠગાઈ કરવામાં કમાયો શું બહુ ? અને પાપ કેટલું બધું બાધ્યું ?'—મનમાં આવી દયા ઊઠે. એમ સ્વાર્થ માટે પણ હલકા ઉપાયની સૂગ ચઢે. નિંદા, વિકથા, ચુગલી, હલકટ વાંચન, અધમના સંસર્ગ વગેરે ટાળવા પડે. કેમકે એ ક્ષુદ્રતા લાવનારા છે. સાથે ઉત્તમ સત્સંગ, સદ્વાંચન, ગુણકથા, ઉત્તમ ઉપાયો વગેરેના સેવનથી દિલમાં

ઉદાર વૃત્તિ ઘડાય છે.

ઔદાર્ય એટલે વળી વડીલજનો માતા-પિતા-વિદ્યાગુરુ-ધર્માચાર્ય પ્રત્યે અને દીન-હીન-દુખિયારા પ્રત્યે ઉચિત વર્તાવની ઉદાર મનોવૃત્તિ. વડીલજનોમાં ઉપકારી પણ હોય, તેમના પ્રત્યે કૃતજ્ઞતાના પાલનરૂપે ઉચિત સેવા-ભક્તિ જરૂર જોઈએ. કૃતઘ્ન માણસમાં ધર્મનો પાયો જ નથી જામતો, પછી ધર્મની ઈમારત ચણાવાની તો ક્યાં વાત ? ઉપકારી સિવાય પણ બીજા વડીલો પ્રત્યે વિનય-સેવા-બોલચાલનો ઉચિત વ્યવહાર જોઈએ. ઉપરાંત દીન-અનાથ તેમજ દુઃખગ્રસ્ત પ્રત્યે પણ અવસરોચિત શક્ય ઉપાયે સહાનુભૂતિ આદિ ઉચિત પ્રવૃત્તિ જાળવવી જરૂરી છે. આ બધું સાચવવામાં દિલમાં ઉદાર પરિણામ, ઉદાર વૃત્તિ, ઔદાર્ય કેળવાય છે.

(૨) **દાક્ષિણ્ય એટલે** બીજાનું કાર્ય કરી આપવા તરફ ઉત્સાહનો શુભ અધ્યવસાય. માણસે સેવાનો ઉત્સાહ બન્યો રાખવો જોઈએ. એ રખાય તો જ અવસર મલ્યે ઝટ બીજાનું કાર્ય કરવામાં તત્પરતા રહે; પાછી પાની નહિ થાય, અને સામા પ્રત્યે દાક્ષિણ્ય વ્યક્ત થશે. બેશરમ માણસ તો સામાની માગણી પર ઝટ ના કહેશે કે આંખમિંચામણાં કરશે. 'આપણે તે કેટલે પહોંચીએ ? અને શું નવરા બેઠા છીએ તે બધાનું કરતા ફરીએ ?' આવા હલકા ધોરણમાં અટવાવાનો. વિચારવું તો એ જોઈએ કે સ્વાર્થરક્ત તો કોણ નથી હોતું ? કૂતરા-બિલાડાય જાતનું તો સંભાળવામાં શૂરા હોય છે.

માનવભવ એટલે ઊંચા સ્તર પર બેઠક. ત્યાં પોતાનો સ્વાર્થ ગૌણ કરી બીજાની સેવા કરવાની ધગશ હોવી જોઈએ, જગતમાં સેવા કરનારા તો મહાન પુરુષ બની ગયા, વળી આપણને આપણા પ્રત્યે બીજા કેવું વર્તે તો ગમે ? સેવાભાવી. માટે જ સેવામાં ઉત્સાહી રહેવું જોઈએ. પહેલાં મન મારીને પણ એ કરતાં કરતાં પછી તો એનો રસ જાગે છે, પરના કાર્ય કરવામાં વિશિષ્ટ આનંદ આવે છે.

દાક્ષિણ્ય માટે બીજું જરૂરી એ છે કે ગંભીર, ધીર અને સ્થિર બનવું. ગંભીરતા એટલે બીજાના ગુણદોષ પચાવી જાણવા. ગુણ પચાવવા એટલે એની કદર કરવી. દોષ પચાવવા એટલે એને સહી લેવા, પણ ઉકળી ન ઊઠવું, તેમ બહાર બાફવું નહિ. માણસ જો બીજાનું દાક્ષિણ્ય શરમ જાળવે તો એની રહસ્યમય બાબત અંગે ગાંભીર્ય જાળવી શકે, અને ગંભીર રહેવાની ટેવ પાડી હોય તો બીજાની ગુપ્ત વાત બહાર ન પ્રકાશે, એમાં એનું દાક્ષિણ્ય જાળવ્યું ગણાય.

વળી ગંભીર માણસ વસ્તુનો કે પ્રસંગનો ઊંડાણથી વિચાર કરનારો પણ બનશે; અને એ જરૂરી પણ છે. ઉપલકિયો વિચાર અનર્થ કરે, જેમ તેમ બોલીચાલી બીજાનું દાક્ષિણ્ય ગુમાવે એવો સંભવ છે.

ધીરતા એટલે આપત્તિ-પ્રતિકૂળતા-અગવડ કે અણગમાનું કાંઈ બની આવે ત્યાં ખળભળી ન ઊઠવું, પરંતુ એને શાંતિથી સહન કરી લેવું તે. આકુલ-વ્યાકુળ થવું એ તો અધીરાઈ-અધૈર્ય છે શા માટે તેમ કરવું ? કેમકે વસ્તુ બનવાની બને જ છે, યા બનવાનું બની ગયું છે. હવે તો શાંતિ રાખી એને વેઠી લેવું, પસાર કરવું. તો જ ઉપકારીઓ, ગુણિયલ કે બીજાઓ તરફથી એવું કાંઈ આપણું પ્રતિકૂળ કે અણગમાનું થતું દેખાતું હોય છતાં એમના પ્રત્યેનું દાક્ષિણ્ય ઊડી નહિ જાય. એમનું કાર્ય કરવાનો આપણો ઉત્સાહ મરી ન જાય.

ગાંભીર્ય અને ધૈર્યની જેમ સ્થૈર્ય પણ જરૂરી છે; અર્થાત્ આપણાં કર્તવ્ય, આપણી પ્રવૃત્તિ, આપણા ગુણો અને આપણી પ્રજ્ઞા-બુદ્ધિમાં સ્થિર રહેવું, પરંતુ ચંચલ બની આઘાપાછા ન થવું. એક કાર્ય હાથમાં લીધું તો મનનો ઉપયોગ એમાં જ. એમ આપણાં માથે જે જવાબદારી હોય, આપણું જે સ્થાન હોય એને યોગ્ય વર્તાવ, મર્યાદાપાલન એવું કે કંઈક વિપરીત બનતાં, માથેથી કર્તવ્યનું ઊલાળિયું ન કરવું-ઉતારી ન નાખવું. એમ કર્તવ્ય વિસ્મરણ ન કરવું. પરંતુ એમાં સ્થિર, સ્થિતપ્રજ્ઞ રહેવું. એમ પ્રવૃત્તિમાં સ્થિરતા, કોઈની સાથે વાત કરીએ ત્યારે ચિત્ત બીજે ભટકતું રહે તો કંઈને કંઈ બોલાઈ જાય. એમ બીજી કાર્યવાહીમાં અસ્થિરતાથી ભલીવાર ન આવે. માટે સ્થિરતાથી બોલવું, ચાલવું, વર્તવું. સ્થિરતા નહિ હોય અને પરનું કાર્ય લઈને બેઠા, પણ વચમાં આપણો સ્વાર્થ યાદ આવ્યો કે ઝટ ચંચલ બનાશે અને પરકાર્ય રખડશે. સ્થિરતા માટે સહિષ્ણુતા પણ જોઈએ. બીજાની પ્રશંસાય સહવી, બીજાની ઉન્નતિ ય સહવી, અને બીજાની ભૂલભાલ પણ સહી લેવી. તો ઈર્ષ્યા-અસૂયા-દ્વેષ આદિથી બચાય, દાક્ષિણ્યને વાંધો ન આવે. આત્માની ઉન્નતિ માટે આ ગાંભીર્ય, ધૈર્ય, અને સ્થૈર્ય બહુ જરૂરી છે. એ દ્વારા દાક્ષિણ્ય ગુણનું ઘડતર અતિ જરૂરી.

(૩) **પાપ-જુગુપ્સા** એટલે પાપ પર ઘૃણા, સૂગ, થયેલ પાપનો ઉદ્વેગ, વર્તમાન પાપ-અપ્રવૃત્તિ, અને ભાવી પાપનો અસંકલ્પ. સમ્યક્ત્વની પરિણતિમાં ‘મન...મોક્ષમાં અને તન...સંસારમાં’ની સ્થિતિ છે. ત્યાં જ્વલંત ધર્મરુચિ હોય, અને એ, જુગજુની પાપ-વૃત્તિ હટે, તો જ બને. માટે પાપજુગુપ્સા કરી કરીને તેને હટાવવી પડે. એમાં શું કરવાનું ? આ જ કે પૂર્વભવોમાં અને આ ભવમાં જે કોઈ પાપ આપણાથી આચરાઈ ગયાં, તેનો વિશુદ્ધ દિલથી અત્યંત ખેદ-પશ્ચાત્તાપ-પ્રાયશ્ચિત્ત કરવા પૂર્વક પાપ અને પાપી સ્વાત્મા પર જુગુપ્સા, ઘૃણા, સૂગ, તિરસ્કાર કરવો. (વિશુદ્ધ દિલે એટલે કે બીજાની શાબાશી લેવા વગેરે આશયથી નહિ, કિન્તુ પાપ ખરેખર ઘૃણાસ્પદ લાગે છે, સ્વાત્માને બગાડનાર લાગે છે, માટે.) આ તો

અતીત પાપ અંગેનું થયું. વર્તમાન પાપપ્રસંગને પહેલેથી જ ઓળખી જઈ ઘૃણા સાથે પાપથી દૂર રહેવાનું; અને ભાવી માટે 'ભવિષ્યમાં હું પાપ કરીશ' એવી ચિંતા સંકલ્પ નહિ કરવાનો; કેમકે ભવિષ્ય માટે પણ હોંશપૂર્વક પાપની કોઈ યોજના વિચારે તો ત્યાં પાપજુગુપ્સા શાની કહેવાય ? ઘૃણા એટલે ઘૃણા. ભવિષ્યમાંય ઘૃણાની વસ્તુ ન જોઈએ. એમ પાપઘૃણા એટલે કાયાથી પાપત્યાગ, વાણીથી પાપનું અભાષણ, મનથી પાપનો અસંકલ્પ. એવી પાપઘૃણા હોય તો જ હૃદય સ્વચ્છ, પવિત્ર અને ધર્મયોગ્ય રહી શકે.

(૪) **નિર્મળબોધ** એટલે પ્રશમપ્રધાન શાસ્ત્રમાંથી શ્રુત-ચિન્તા-ભાવનાસ્વરૂપ નિર્મળબોધ. તે શુશ્રૂષાદિ વિધિએ પ્રાપ્ત થાય. આ બોધ પ્રાપ્ત કરવા માટે પહેલાં તો પોતાની મોહમૂઢ અજ્ઞાન-મિથ્યાજ્ઞાનભરી દશા બદલ ભારે શરમ આવે, એનો ઉદ્વેગ થાય, કંટાળો આવે, અને તેથી જ વિશુદ્ધ દિલે અર્થાત્ કેવળ સ્વાત્મહિતાર્થે જ સત્ય તત્ત્વ અને યથાર્થ મોક્ષમાર્ગ જાણવાની અને તે માટે ગુરુ પાસે જઈ સાંભળવાની અતીવ ઝંખના થાય. પછી યોગ્ય ગુરુમહારાજની પાસે એ જ પવિત્ર આશયથી ઉપશમપ્રધાનશાસ્ત્રો સાંભળે. ઉપશમપ્રધાન શાસ્ત્ર એટલે ઉપશમ પર ઝોકવાળાં શાસ્ત્ર; અર્થાત્ એવા શાસ્ત્રો કે જેમાં તત્ત્વ અને માર્ગનો બધો જ ઉપદેશ મિથ્યામતિ, વિષયાસક્તિ તથા કષાય-રાગદ્વેષાદિ દોષ દુર્ગુણો-દુર્ભાવોને શમાવવાના એકમાત્ર લક્ષ્ય તરફ લઈ જવાનો હોય. સૂક્ષ્મમાં સૂક્ષ્મ તત્ત્વો અને ઊંડામાં ઊંડા રહસ્યમય સિદ્ધાંતો ઉપદેશીને પણ સરવાળે એ અશુભ આત્મભાવોના ઉપશમ તરફ પ્રેરે. એવા શાસ્ત્રનું શ્રદ્ધા, સંભ્રમ (અપૂર્વ પ્રાપ્તિનો હર્ષ) અને એકાગ્રતા સાથે શ્રવણ કરે, અક્ષરશઃ ગ્રહણ કરે, ધારણા-ઊહાપોહ-અર્થનિર્ણય અને તત્ત્વ-ઐદંપર્યનો નિર્ધાર કરે. એમાં શ્રુત **'શ્રવણ'**થી બોધ કરી, 'ચિંતન'થી પુનરાવર્તન, અને 'ભાવના'થી હૃદય ભાવિત કરી કરાતું તત્ત્વસંવેદનરૂપ અનુભવજ્ઞાન પણ નિર્મળ બોધ તરીકે કરાય. અથવા શ્રુત એટલે મિથ્યા-અભિનિવેશ રહિત વાક્યાર્થ માત્રનો બોધ એ કોઠીમાં નાંખેલા ધાન્ય જેવો છે; વધે નહિ પણ સુરક્ષિત રહે. **'ચિંતા'** એટલે મહાવાક્યાર્થ બોધ, અર્થાત્ પ્રસ્તુત કહેવાયેલ અને તત્સંબંધી અનુક્ત વસ્તુના અનેકાંતવાદથી ગર્ભિત તથા પ્રમાણનયથી સમર્થિત અવિસંવાદી યુક્તિઓના આલોચનપૂર્વક કરાતો બોધ. તે પાણી ઉપર પ્રસરનાર તેલબિંદુ જેવું છે. **'ભાવનાજ્ઞાન'** એટલે વિધિ આદિમાં પરમ આદરવાળું ઐદંપર્ય સંબંધી જ્ઞાન. વિધિ આદિ એટલે દા.ત. દાન અંગેની વિધિ-દ્રવ્ય-દાતા-પાત્ર આદિ. **ऐदंपर्य** એટલે તાત્પર્ય અને તે સર્વ જ્ઞેય અને ક્રિયા સંબંધમાં સર્વજ્ઞની આજ્ઞા એજ પ્રધાન કારણ છે, એવા પ્રકારનું તાત્પર્ય બોધનો અંતિમસાર આમાં જ લાવવાનો; કેમકે એવા કેટલાય

આગમગમ્ય પદાર્થો છે કે જે છદ્મસ્થ આવૃતજ્ઞાનવાળાથી હેતુગમ્ય યાને યુક્તિગ્રાહ્ય ન બને. ત્યાં આગમ-આજ્ઞાજ બળવાન. આવા ધોરણ સાથે વિધિ આદિ સેવવામાં શક્ય પ્રયત્ન રાખવાનો, એ ભાવનાજ્ઞાન. આ જ્ઞાન અશુદ્ધ જાત્યરત્નની ક્રાંતિ જેવું છે, પૂર્ણ શુદ્ધ નહિ છતાં બીજા કરતાં અતિશયિત જુદી તરવરતી કાંતિ ધરાવે છે. આમ ત્રણ ભૂમિકાએ નિર્મળ બોધ થાય.

(૫) **જનપ્રિયતા** એ ધર્મસિદ્ધિનું પાંચમું લક્ષણ, પાંચમો લોકોત્તર ભાવ રાગાદિ દોષ રહિત શુદ્ધ પ્રાપ્ત થાય એ યુક્તઉચિત છે. રાગ-દ્વેષ-સ્વાર્થ વગેરેના ઘરની હોય તો એ અનુચિત, કેમકે પોકળ છે, ઈષ્ટ સાધક નહિ. ઈષ્ટ આ, કે શુદ્ધ જનપ્રિયતાથી લોકોને ધર્મ-ધર્માત્મા-ધર્મસ્થાન પ્રત્યે આકર્ષણ થાય છે અને ધર્મની પ્રશંસા કરે છે. ધર્મપ્રશંસા એ ધર્મ બીજ છે. એમાંથી આગળ ધર્માભિલાષાદિ અંકૂર વગેરે પ્રગટી લોકને પણ ધર્મસિદ્ધિ કરવાનો અવકાશ ઊભો થાય છે. ત્યારે પોતાને પણ ધર્મપ્રશંસા દેખી ધર્મની અધિક સ્ફુર્તિ-પ્રેરણા મળે છે; તેથી ધર્મવૃદ્ધિ થાય છે. એથી ઊલટું જનપ્રિયતા ન હોય અને લોકની અપ્રિયતા હોયતો લોક એની ઉપરાંત ધર્મની ય નિંદા કરશે તેથી બોધિદુર્લભ થશે; અને પોતાને પણ એ નિંદા દેખી દ્વેષ આદિ કષાય થશે.

માટે જનપ્રિયતા પણ અતિ જરૂરી છે. એ માટે ઉચિત વર્તન-વ્યવહાર, સૌમ્ય નમ્ર વાણી-મુદ્રા, ન્યાયપ્રિયતા, શિષ્ટાચારપાલન, પરાર્થવૃત્તિ વગેરેનું જ જીવન જીવવાનો મન પર આગ્રહ જોઈએ; પણ લોકનિંદા કરાવે તેવા અનુચિત વર્તાવ, કઠોર મદાંધ વચન, અન્યાયી સ્વાર્થીવૃત્તિ, આચારભંગ વગેરે જરાય ન સેવાય એની તકેદારી રાખવાની.

## ઔદાર્યાદિ પાંચ લક્ષણનો ટૂંકસાર

(૧) ઔદાર્ય એટલે તુચ્છ હલકટ વૃત્તિનો ત્યાગ કરી વિશાળ દિલ, વિશાળ આશય-વલણ રાખવું, અને ગુરુજન તથા દીનઅનાથ પ્રત્યે ઉચિત વર્તન સેવવું.

(૨) દાક્ષિણ્ય એટલે એવો શુભ અધ્યવસાય કે જેમાં બીજાના કાર્ય કરવા તરફ ઉત્સાહ રહે, અને જે ગંભીરતા તથા ધીરતા-સ્થિરતાથી યુક્ત હોય તથા ઈર્ષ્યા-અસૂયા (પરપ્રશંસાની અસહિષ્ણુતા) થી રહિત હોય.

(૩) પાપજુગુપ્સા એટલે પાપ પ્રત્યે એવી ઘૃણા-સૂગ, કે થઈ ગયેલ પાપો બદલ સમ્યગ્ વિશુદ્ધ ચિત્તથી ખેદ-ઉદ્વિગ્નતા, તથા વર્તમાન નવાં પાપ ન કરવાં, અને ભાવી કાળે પાપ કરવાનું ચિંતન ન કરવું તે.

(૪) નિર્મલ બોધ એટલે શુશ્રૂષાદિના ઉલ્લસિત ભાવથી ઉપશમ-પ્રધાન શાસ્ત્રદ્વારા ઉત્પન્ન થતું શ્રુત, ચિંતા અને ભાવના સ્વરૂપ જ્ઞાન, અર્થાત્ વાક્યાર્થ-

મહાવાક્યાયાર્થ-ઐદમ્પર્યાર્થનું જ્ઞાન.

(૫) જનપ્રિયતા એટલે એની નિર્દોષ લોકપ્રિયતા કે જે બીજાઓમાં ધર્મપ્રશંસા-રુચિ-પ્રવૃત્તિ. આદિરૂપ ધર્મ બીજાધાન વગેરે કરે; તે દ્વારા સ્વ-પરમાં ધર્મપ્રેરક-ધર્મપૂરક-ધર્મવર્ધક બને, અને ઉચ્ચ ધર્મસિદ્ધિ સુધી પહોંચાડે.

પાંચનો સંક્ષેપ આ રીતે–

| ઔદાર્ય | દાક્ષિણ્ય | પાપજુગુપ્સા | નિર્મળબોધ | જનપ્રિયત્વ |
|---|---|---|---|---|
| તુચ્છવૃત્તિનો ત્યાગ, ઉદારવૃત્તિ ઔચિત્ય | પરકાર્યનો ઉત્સાહ ગંભીર-ધીર -સ્થિરતા ઈર્ષ્યા-અસૂયાનો ત્યાગ | અતીત પાપનો ખેદ વર્તમાનમાં પાપાકરણ ભાવીપાપનું અચિંતન | શુશ્રૂષાપૂર્વક શમપ્રધાનશાસ્ત્રોનું શ્રવણદ્વારા શ્રુત-ચિંતન ભાવનાજ્ઞાન | પરમાં બીજાધાનાદિની પ્રેરક અને સ્વપરમાં ઉચ્ચધર્મસિદ્ધિ કરાવનાર લોકપ્રિયતા |

## પાપવિકારો

શ્રી 'લલિતવિસ્તરા'માં યોગ્યતાને લોકોત્તરભાવો-ઔદાર્યાદિના આસ્વાદરૂપ કહીને વિષયાભિલાષથી વિમુખતા કરાવનારી કહી; એથી ધર્મ-આરોગ્ય અને પાપાવિકાર-શમનનો નિર્દેશ કર્યો.

શ્રી ષોડશકશાસ્ત્રમાં પણ એ જ વાત કહી છે. -જેમ આરોગ્ય પ્રાપ્ત થતાં વ્યાધિવિકારો હવે પ્રવર્ત્યા રહેતા નથી, એવી રીતે ધર્મઆરોગ્ય પ્રાપ્ત થતાં પાપ-વિકારો હવે પ્રવર્તતા નથી. (લોકોત્તર ભાવો ઔદાર્યાદિ એ ધર્મ-આરોગ્યની અવસ્થા છે. એ પ્રાપ્ત થતાં) અતિ વિષયતૃષ્ણા, દૃષ્ટિ-સંમોહ, ધર્મપથ્યમાં અરુચિ અને ક્રોધની ખણજરૂપી પાપવિકારો શાંત થઈ જાય છે.

૪ **પાપવિકારો :-** [૧]વિષયતૃષ્ણા-[૨]દૃષ્ટિસંમોહ-[૩]ધર્મપથ્યનીઅરુચિ-[૪]ક્રોધખણજ :-

(૧) **અતિવિષયતૃષ્ણા** એ આત્માનો એક એવો પાપ વિકાર છે કે જેથી જીવ ગમ્ય-અગમ્ય, ભોગ્ય-અભોગ્ય, ઉચિત-અનુચિત વિષયનો વિવેક ભૂલીને શબ્દ-રૂપ-રસ-ગંધ-સ્પર્શને વિષે બધે જ અત્યંત અણધરાએલો રહે છે. જીવ એમાં તણાયેલો હોય ત્યાંસુધી ધર્મ તરફ વળી કે ધર્મમાં ઠરી શકે નહિ. ત્યાં ધર્મસિદ્ધિ શાની ?

(૨) **દૃષ્ટિસંમોહ** એટલે મૂઢદૃષ્ટિ. એ એવો અધમ વિકાર છે કે જેથી ઈષ્ટ સમાન ફળવાળી એવી પણ બે પ્રવૃત્તિમાં એનાં નામ જુદા સમજી વિપરીત દૃષ્ટિ રખાય છે, અને તે દૃષ્ટિને પાછો આગમમાન્ય તરીકે સમજવામાં આવે છે. દા.ત. સ્વૈચ્છિક હિંસા અને યજ્ઞ સંબંધી હિંસા, બંનેમાં ફલ સ્વયં માંસભક્ષણ સમાન છે;

પરંતુ યજ્ઞીયહિંસાની પ્રવૃત્તિને વિધિપ્રવૃત્તિ યાને વેદોક્ત ક્રિયા તરીકેનું જુદું નામ આપી, એમાં નિષિદ્ધ પાપરૂપ સ્વૈચ્છિક હિંસાથી વિપરીતદૃષ્ટિ, અર્થાત્ નિર્દોષ તરીકેની દૃષ્ટિ રાખે છે, (અને એ યજ્ઞહિંસાને લેશ પણ પાપરૂપ ન માનતાં એ હિંસા આચરે છે.) આ દૃષ્ટિનો સંમોહ છે.

અથવા દૃષ્ટિસંમોહ એટલે કે બે પ્રવૃત્તિ પાછળ કામ કરતો છૂપો આંતરિક ભાવ સમાન છતાં એ બે પ્રવૃત્તિમાં નામ જુદા અને બે પૈકી એક કરતાં બીજામાં શાસ્ત્ર આગળ કરી વિપરીત દૃષ્ટિ રાખવી તે દા.ત. ઉપરોક્ત જ યજ્ઞહિંસા પાછળ હાર્દિક ભાવ તો સ્વૈચ્છિક હિંસાની જેમ સંક્લિષ્ટ જ છે, કષાયકલુષિત જ છે; પરંતુ નામ 'વેદવાકય વિહિત' સમજી આ યજ્ઞવાળી હિંસાને વિપરીત દૃષ્ટિ યાને વેદનિષિદ્ધ નહિ પણ વેદવિહિત નિર્દોષ તરીકેની દૃષ્ટિથી જુએ છે. આ દૃષ્ટિસંમોહ છે.

પ્ર. : તો પછી જિન-મંદિરાદિ સંબંધી કરાતા ક્ષેત્ર-ધન વગેરેના આરંભને કેમ નિર્દોષ કહો છો ?

ઉ. : સાંસારિક સ્વાર્થના ક્ષેત્ર-ધનાદિના આરંભ કરતાં એમાં હાર્દિક ભાવ જુદો છે, સમાન નથી. જુદો ભાવ આ, કે એમાં દેવદ્રવ્યની રક્ષા-વૃદ્ધિથી સ્વપરની ભાવ-આપત્તિ યાને આત્મિક દુઃખ નિવારવાનો અધ્યવસાય પ્રવર્ધમાન છે. તેથી તૃષ્ણાદિ ભાવભર્યા સાંસારિક આરંભ કરતાં આ આરંભને વિપરીત દૃષ્ટિએ જુએ, અર્થાત્ ત્યાજ્ય નહિ પણ ઉપાદેય સમજે, એમાં દૃષ્ટિસંમોહ નથી.

(૩) **ધર્મપથ્યની અરુચિ** એ, કે જેમાં 'ધર્મશ્રવણ ન કર્યું તો ચાલે' એવી શ્રવણ તરફ અવજ્ઞા-બેપરવાઈ હોય, જીવાદિ તત્ત્વ તથા પારમાર્થિક વસ્તુ દાનાદિ-અહિંસાદિ-ક્ષમાદિના રસાસ્વાદથી વિમુખતા હોય, અને ધાર્મિક આત્માઓ સાથે સંપર્ક ન હોય. આ વિકાર શમાવવા માટે ધર્મશ્રવણ, પરમાર્થરસ અને ધર્મસંસર્ગ સેવવાનું પ્રધાન લક્ષ, પ્રધાન પ્રયત્ન, પ્રધાન કાર્યવાહી રાખવી. પાપભરી દુનિયાની વચ્ચે રહેતાં જો આ ન હોય, આની મુખ્યતાવાળું જીવન ન હોય તો જીવવાનો આરો જ ક્યાં ?

(૪) **ક્રોધની ખણજ**નું લક્ષણ એ છે કે સાચા-ખોટા દોષને સાંભળીને કાર્ય પરમાર્થ-વસ્તુરહસ્ય વિચાર્ય વિના તરત જ અંદર-બહાર ઉકળાટ ઉછળી આવે; અંતરમાં ધમધમાટ વિહ્વળતા થાય, બહાર અપ્રસન્ન મુદ્રા, લાલ આંખ, તીખો બોલ વગેરે સ્ફુરી આવે. આ અધિક પડતા કર્મવ્યાધિનો વિકાર છે. ત્યાં ધર્મ-આરોગ્ય ન હોય, ધર્મસિદ્ધિ નહિ. આ વિકારને નિવારવા હંમેશા વસ્તુનું આગળ-પાછળ-ઊંડું તત્ત્વ વિચારવા અને સૌમ્ય હૃદય-મુદ્રા-વાણી જાળવી રાખવાની જ ટેવ પાડવી. બહારના બિગાડા પર આપણા મહા કિંમતી આત્માને શા માટે બગાડવો ?

# મૈત્રી આદિ ૪ ગુણ

અહીં વિષયતૃષ્ણાદિ પાપવિકારોનું વર્ણન કર્યું તે એનો ત્યાગ સૂચવવા. અર્થાત્ એ ન સેવવા. તો એના અભાવમાં સેવવું શું ? એ પ્રશ્ન થશે; કેમકે મનથી એ નરસું કાર્ય બંધ કર્યું તો મનને સારું કાર્ય તો કાંઈ જોઈશે જ. ઉત્તર એ છે કે મૈત્રી આદિ ગુણો સેવવાના. મૈત્રી આદિ એટલે મૈત્રી, કરુણા, મુદિતા (પ્રમોદ) અને ઉપેક્ષા. તેનું સ્વરૂપ આ પ્રમાણે.

**परहितचिन्ता मैत्री, परदुःखविनाशिनी तथा करुणा ।**

**परसुखतुष्टिर्मुदिता, परदोषोपेक्षणमुपेक्षा ॥**

અર્થાત્ પ્રાણીઓના હિતની ચિંતા એ મૈત્રી. બીજાના દુઃખ દૂર કરનારી એ કરુણા, દયા. અન્યના સુખમાં અપ્રીતિ-ઈર્ષ્યા ટાળીને રખાતી પ્રસન્નતા એ મુદિતા (પ્રમોદ); અને આપણાથી અપ્રતિકાર્ય બીજાના દોષની ચિંતા મૂકી દેવી એ ઉપેક્ષા.

આ ચાર ગુણો મનને સ્વચ્છ રાખે છે. એથી વિરુદ્ધ, કોઈનું અહિતચિંતન, દુઃખી પ્રત્યે કઠોરતા, બેપરવાઈ, બીજાની ઉન્નતિમાં મનોદુઃખ, અને પરદોષ દૃષ્ટિ, એ મનને મેલું ગંદું બનાવે છે. એવું મેલું ચિત્ત ધર્મરૂપ ન બની શકે, પછી ચાહ્ય ક્રિયારૂપ ધર્મ સેવાતો હોય. ક્રિયા તો વિશુદ્ધ ચિત્તે થાય તે જ ધર્મરૂપ છે. માટે વિશુદ્ધ સ્વચ્છ ચિત્ત માટે આ મૈત્રી આદિ ગુણો અત્યંત ઉપયોગી છે. એથી વિષયતૃષ્ણાદિ પાપવિકારો પણ ઊઠવા નહિ પામે. કેમકે **મૈત્રીથી** સ્વહિતને અનુકૂળ ચિત્ત હોય; તો સ્વની જેમ પરને દુઃખ દેવાની વૃત્તિ કરવાનું કે દુઃખ થાય એવી પ્રવૃત્તિ આદરવાનું, ચાલે ત્યાં સુધી, શાનું કરાય ? તેથી એવી ખોટી વિષયતૃષ્ણા કે ક્રોધની ખણજ નહિ પોષાય. તેમ ખોટો દૃષ્ટિસંમોહ પણ નહિ રખાય. સહેજે થશે કે જ્યાં જીવોને દુઃખ થાય, અહિત થાય, એમાં કર્તવ્યરૂપતા કે ધર્મરૂપતા શાની ? **કરુણાથી** પરના દુઃખ ફેડવાની સાચી વૃત્તિ હોય, પછી એને બાધક સ્વાર્થમાયા-વિષય-લંપટતા-ક્રોધાવેશ વગેરે શાના ઊભા રહે ? **મુદિતાથી** પરસુખ, પરઉન્નતિ, પરગુણની સહિષ્ણુતા રહેવાથી 'એને કેમ મળ્યું ?' વગેરે રૂપના મનને ખોટા ઉકળાટ નહિ થાય. **ઉપેક્ષાથી** પરદોષની ચિંતા જ નહિ, તેથી મન કુવિકલ્પોથી બચી ધર્મની રુચિ અને ધર્મવિચારો માટે અવકાશ પામશે.

અહીં વિષયતૃષ્ણાદિ પાપવિકારોના અભાવમાં મૈત્રી આદિ ગુણોને સ્થાન આપવાનું કહ્યું એ સૂચવે છે કે ખરેખર આ ગુણો વસાવવા માટે પહેલાં વિષયતૃષ્ણાદિ પાપવિકારોને હટાવવા જોઈએ. એ રાખ્યા હશે તો ખરેખર મૈત્રી આદિ નહિ આવી શકે.

**પુણ્યના ૪ ઉપાય :-** ધર્મ સિદ્ધ થયાનાં લક્ષણ તરીકે બતાવેલ આ ઔદાર્યાદિ ગુણ અને પાપવિકારશમન એ પુણ્ય અને જ્ઞાનયોગના ઉપાય સાધવામાં અનન્ય અવ્યભિચારી કારણ છે. એ લક્ષણો હોય એટલે સહેજે પુણ્યાદિના ઉપાય સધાય; એ હોય તો જ સધાય; ને એથી પુષ્ટિ અને શુદ્ધિ થાય.

પુણ્યના ચાર ઉપાય આ છે,–

**दया भूतेषु, वैराग्यं, विधिदानं यथोचितम् ।**
**विशुद्धा शीलवृत्तिश्च, पुण्योपायाः प्रकीर्तिताः ॥**

જીવો પર દયા, વૈરાગ્ય, યથાયોગ્ય વિધિપૂર્વક દાન અને નિર્મળ સદાચારી માનસ, એ પુણ્યના ઉપાય કહ્યા છે.

❋ ❋ ❋

## ષોડશક - ૫

### આગમ-પરિણતિ : લોકોત્તરતત્ત્વ પ્રાપ્તિ

લક્ષણો સહિત સામાન્યથી ધર્મ સિદ્ધ થયે અવશ્ય લોકોત્તરતત્ત્વની પ્રાપ્તિ થાય છે. લોકોત્તરતત્ત્વ એટલે ભાવ આરોગ્ય, આત્માનું આરોગ્ય. એ બે પ્રકારે, એક બીજભૂત તે સમ્યક્ત્વ, અને બીજું ફળરૂપ તે મોક્ષ કે જ્યાં રાગ-દ્વેષ-મોહ અને તેથી નીપજતા જન્મ-જરા-મૃત્યુરૂપી કોઈ જ ભાવરોગ નથી; આત્માને સદાને માટે એની હવે કોઈ જ પીડા નહિ, તેથી પૂર્ણ ભાવારોગ્ય છે, બીજરૂપ સમ્યક્ત્વ-દશામાં બીજરૂપ ભાવારોગ્ય આવે છે; કેમકે એને હવે ઉગ્ર રાગાદિ છે નહિ, તેમ એનો સંસારકાળ અર્ધ પુદ્‌ગલપરાવર્તકાળની અંદરનો નિશ્ચિત થઈ જાય છે. તેથી કહેવાય કે એને રાગ-દ્વેષ-મોહ અને જન્મજરાદિ રોગ અમુક પ્રમાણમાં ગયો.

લોકોત્તર તત્ત્વ પ્રાપ્તિનો કાળ જીવના સંસારકાળનો ચરમ ❋ પુદ્‌ગલપરાવર્ત ચરમાવર્ત જ છે, પણ તે પહેલાના પરાવર્ત નહિ; ભલે ત્યાં કર્મ, પુરુષાર્થ વગેરે કારણ હાજર હોય. નવીન જ્વરમાં પહેલાં કાળ જ ઔષધ બને છે. એટલો કાળ પસાર થાય પછી જ બીજાં ઔષધ કામ કરે છે. એમ અહીં અચરમ આવર્તો સ્વ-સ્વભાવે પસાર થયા પછી જ ચરમાવર્ત આવે અને એમાં જ ધર્મપુરુષાર્થ ઉપયોગી થાય, સફળ નીવડે. કેમકે ધર્મપુરુષાર્થ તે જ કહેવાય જે આગમાનુસારી હોય; અને આગમ ચરમાવર્તમાં જ પ્રાપ્ત થાય છે, મનમાં પરિણમે છે, યથાવત્ શ્રદ્ધાથી ગ્રાહ્ય અને અનુકરણીય બને છે. તે પૂર્વના કાળમાં તો અંતરાત્મામાં જચતું જ નથી. પછી ધર્મ પુરુષાર્થની વાતે ય શી ? દા.ત. અભવ્યને સંસારનો અંત જ નહિ,

એટલે ક્યારે ય સંસારનો ચરમાવર્ત કાળ જ નહિ. છતાં એ પણ ક્યારેય વિષય-સુખદાયી પુણ્યના લોભે જૈન ચારિત્ર લઈ આગમ ભણે છે, તો પણ એનું દેખીતું આગમજ્ઞાન આંખે મોતિયાવાળાને આરોપિત દીવા કે દીપમંડળના થતા જ્ઞાન જેવું અસત્ જ્ઞાન છે; પણ આત્મામાં વસ્તુતઃ પરિણામ પામનારું નહિ, યથાવત્ પ્રકાશરૂપ નહિ, શ્રદ્ધાગ્રાહ્ય નહિ. તેથી તો એને શુદ્ધ ધર્મપુરુષાર્થ જ નથી. આવું જ બીજા અચરમાવર્તી ભવ્યજીવો માટે પણ સમજવું.

આ અસત્-આરોપિત આગમજ્ઞાનવાળો જે વસ્તુ આગમથી અપવાદ તરીકે નિર્દિષ્ટ નથી એને પણ અપવાદ તરીકે જુએ છે. આરોપિત જ્ઞાનને લીધે દાન-શીલ-તપ-ભાવનાના સંબંધમાં શાસ્ત્રે કહેલ વિધિ ઓળંગી, નહિ કહેલ મનઘડંત વિપરીત પ્રકાર-પદ્ધતિએ પ્રયત્ન કરે છે. પરંતુ તે પાપરૂપ છે. એવું કરનારને આગમવચન, જ્ઞેય વસ્તુનો વિષય-વિભાગ કરી શકે, એ રીતે પરિણમ્યું જ નથી. ખરી રીતે આગમ-વચનામૃતના સ્વાદને સમજનારો આગમવિપરીત અવિધિસેવારૂપ વિષમાં પ્રવર્તે જ નહિ.

આગમવચન અંતરાત્મામાં પરિણત થાય એ તો ભવરોગનું ઉચ્છેદક અનન્ય ઔષધ છે, ને સદ્ અનુષ્ઠાનનું કારણ છે. અહીં આગળ લોકોત્તરતત્ત્વ પ્રાપ્તિ તરીકે લોકોત્તર ધર્મના આચાર-અનુષ્ઠાન કહેવા છે, તેમાં.

**સદ્ અનુષ્ઠાન પરિપૂર્ણ થવા માટે :-**

(૧) આગમવચનની પરિણતિ.

(૨) આહાર-વિષય-પરિગ્રહ-નિદ્રા (ભય)૦, ક્રોધ-માન-માયા-લોભ૦, લોકસંજ્ઞા અને ઓઘસંજ્ઞા-એ ૧૦ સંજ્ઞાનો યથાશક્તિ નિગ્રહ, નિરોધ જોઈએ.

(૩) પરહિત-પરોપકાર-રક્તતા જોઈએ, અને

(૪) ગંભીર-ઉદાર ચિત્ત જોઈએ.

(૧) આગમવચનની પરિણતિ, અનન્ય શ્રદ્ધાયુક્ત યથાવત્ આગમોક્ત-પ્રકાશ, એ એટલા માટે જરૂરી છે કે અનુષ્ઠાન કેવી વિધિથી કર્યું યોગ્ય ગણાય, અને એનું પરિણામ શું આવે, એ ચર્મચક્ષુથી ન જણાય; માટે એના દૃષ્ટા પુરુષનું શરણ અને એમના વચનનું આલંબન લઈને જ એ આરાધાવું જોઈએ. રોગી એ જ રીતે વૈદ્યવચનને અનુસરીને ઔષધ સેવી નીરોગી બને છે.

(૨) આહારાદિની સંજ્ઞાઓ એટલી બધી અનંતાનંત કાળથી સુ-અભ્યસ્ત બની છે કે એ વિના-ઈરાદે પણ સહેજે ઊઠી આવે છે. તેથી જો એનો નિગ્રહ ન

---

❀ જેટલાં વખતમાં સમસ્ત ઔદારિકાદિરૂપે જીવથી ગ્રહણ કરાઈ જાય તેટલો કાળ એ એક પુદ્ગલપરાવર્ત.

કરાય તો અનુષ્ઠાન વખતે પણ એમાંથી કોઈને કોઈ ઊઠી ચિત્તવિક્ષેપ અને ચિત્તમાલિન્ય નીપજાવીને અનુષ્ઠાનને બગાડશે; વિઘ્નમાં અસ્થિર કરશે. સંજ્ઞાના નિગ્રહ માટે સ્વાત્માનું જડથી અલિપ્ત, નિર્વિકાર શુદ્ધ બુદ્ધ સ્વરૂપ ચિંતવવું, માનવભવનો ઉદ્દેશ અને તક વિચારવી, શક્તિને ગોપવ્યા વિના દાનાદિ ધર્મ અને શમ, દમ, તથા જ્ઞાનીની નિશ્રા સેવવી.

(૩) પરોપકાર-રક્તતાથી તુચ્છ સ્વાર્થવૃત્તિ, કે જે લોકોત્તર અનુષ્ઠાનમાં અવિધિ-બેપરવાઈ ખેદ વગેરે દોષો ઊભા કરે છે, તે અટકશે.

(૪) ગંભીર ચિત્ત લોકોત્તર અનુષ્ઠાનની ગંભીરતા અને પરમ તાત્ત્વિકતા સમજે છે, એનાં સહકારી કારણોને ખાસ મહત્ત્વ આપે છે, તેથી અનુષ્ઠાનમાં ન્યૂનતા નથી આવવા દેતું. એમ ઉદાર ચિત્ત બીજાનાં અનુષ્ઠાનને તુચ્છકાર કે દોષદૃષ્ટિથી ન લેખતાં અનું ગૌરવ કરે છે, ભૂલતાને એના હૈયાના તાર ન તૂટે એનું ખાસ લક્ષ રાખી કોમળતાથી મધુરું માર્ગદર્શન કરે છે, તથા ન પામેલા બીજાઓમાં અનુષ્ઠાનનો વિનિયોગ કરે છે. એ રીતે અનુષ્ઠાન પરિપૂર્ણ બને છે.

મૂળમાં, આગમવચન એ સર્વજ્ઞવચન હોઈ, ચિત્તમાં એ પરિણામ પામ્યાથી ક્રિયામળ અને ભાવમળ નાશ પામે છે, તેથી સંજ્ઞાનિરોધાદિ સુલભ બને છે. આ સૂચવે છે કે ચિત્ત આગમવચનના જ એવા મદારવાળું બની જવું જોઈએ કે એને જ સર્વસ્વ-સર્વસાર-સર્વેસર્વા સમજે, એ સમજથી સંજ્ઞાના વિષય આહારાદિ એટલા બધા તુચ્છ લાગે કે સંજ્ઞાઓ પીડી શકે નહિ; વારંવાર ઊઠી શકે નહિ; તેમજ સ્વાર્થરસ, અગાંભીર્ય, ક્ષુદ્રતા-સંકુચિતતા વગેરે તો લુપ્ત જ થઈ જાય.

**લોકોત્તરતત્ત્વ ૪ : ૧. દાનાદિ, ૨. દેવપૂજા, ૩. ગુરુસેવાભક્તિ, ૪. સ્વાધ્યાયધ્યાનાદિ.**

(૧) આમ લોકોત્તરતત્ત્વપ્રાપ્તિ ભાવરૂપે પ્રાપ્ત થયા પછી ક્રિયારૂપે દાનાદિને વિષે આગમસંમત વિધિ-પદ્ધતિએ પ્રયત્ન રાખવો. એમાં દાનમાં આગમાનુસારી વિધિયત્ન [૧]પિતા આદિ કુળપુરુષને પરતંત્ર રહીને, [૨]દીનદુ:ખી તપસ્વી વગેરે સૌને અનુલક્ષીને, [૩]ઔચિત્યભંગ કર્યા વિના થવો જોઈએ. એમાં થોડું પણ ન્યાયોપાર્જિત અપાય, તથા પોતાના પોષ્યવર્ગને બાધા ન પહોંચે તે રીતનું અપાય, એ મહાદાન છે, બાકીનું દાન કહેવાય.

(૨) બીજું કર્તવ્ય દેવાધિદેવનું પૂજન છે. તે [૧]એમના વીતરાગતાદિ ગુણોનું જ્ઞાન, [૨]એ ગુણો પર તેથી અત્યંત બહુમાન, [૩]શાસ્ત્રોક્ત પૂજાવિધિ-પદ્ધતિ અને [૪]આદરાદિ સાથે કરાવું જોઈએ. (આદરાદિ એટલે આદર, કરણે પ્રીતિ, વિઘ્નજય, નવીન નવીન શુભાગમન, જિજ્ઞાસા અને તજ્જ્ઞ પુરુષની સેવા. આ સદનુષ્ઠાનનાં

લક્ષણ છે.)

(૩) વળી ધર્માચાર્ય વગેરે ગુરુની અવસરે સેવા, પૂજનાદિ કરવા; તે પણ સ્વાધ્યાયધ્યાનાદિ ધર્મવ્યાપારમાં વ્યાઘાત ન થાય તે સાચવીને. કહ્યું છે કે અસપત્ન ધર્મયોગ સાધવો. અસપત્ન એટલે અન્ય યોગને અબાધક.

(૪) એટલે સ્વાધ્યાયધ્યાનાદિ સદ્‌યોગ પણ કર્તવ્ય બને છે.

આ કૃત્યોનું પરસ્પર સાપેક્ષ સેવન એ લોકોત્તરતત્ત્વ પ્રાપ્તિ છે. પુણ્યાનુબંધી પુણ્યના ઉદયે આગમ પરિણતિથી એ કૃત્યો પ્રાપ્ત થાય છે.

❖ ❖ ❖

# ષોડશક - ૬

## જિનભવન નિર્માણ

લોકોત્તરતત્ત્વ પ્રાપ્તિમાં દેવાધિદેવપૂજન કહેલું છે, તો એ માટે જિનમંદિર-જિનમૂર્તિ બનાવે. પરંતુ બનાવનાર કેવો જોઈએ ?

**[1]न्यायार्जितवित्तेशो [2]मतिमान् [3]स्फीताशयः [4]सदाचारः ।**
**गुर्वादिमतो जिनभवनकारणस्याधिकारीति ॥**

૧. ન્યાયોપાર્જિતધનવાળો, ૨. પ્રતિભાસંપન્ન, ૩. વૃદ્ધિમત ધર્મવૃત્તિવાળો, ૪. શોભન આચારયુક્ત અને ૫. પિતા-દાદા-રાજા-પ્રધાનાદિને માન્ય હોય તે જિનમંદિર કરાવવાનો અધિકારી છે.

એ કરાવવામાં ૧. શુદ્ધ ભૂમિ, ૨. વિશિષ્ટ કાષ્ઠ-પાષાણાદિ દળ, ૩. કારીગરોને અ-વંચના (ઠગવાનું નહિ), ૪. શુભ પરિણામની વૃદ્ધિ જોઈએ.

**શુદ્ધ ભૂમિ** [1]વાસ્તુવિદ્યાસમર્થિત, [2]ન્યાયપ્રાપ્ત, [3]પાડોશીને અપીડાકારી એટલું જ નહિ, કિન્તુ દાન-માન-સત્કાર દેવા સાથેની જોઈએ, કેમકે કુશળાશયવાળું કાર્ય અન્યોને બોધિનું અંગ બને છે.

**ધર્મનિષ્પત્તિનાં ૩ કારણ છે,-** [1]શાસ્ત્રબહુમાન, [2]ન્યાયયુક્ત સત્ ક્રિયા, અને [3]પરપીડાત્યાગ.

**शास्त्रबहुमानतः खलु सच्चेष्टातश्च धर्मनिष्पत्तिः ।**
**परपीडात्यागेन च, विपर्ययात् पापसिद्धिरिव ॥**

દળ સારું, ગાંઠ આદિથી રહિત, શુકનપૂર્વક લાવેલું; ઈંટ વગેરે ઉચિત ભાવે ખરીદેલ; કારીગરો સ્વભાવે વિશિષ્ટ અને 'તમે પણ આ મંદિર બનાવવામાં અમારા ગોઠિયા છો.' એમ ઉત્સાહ વધારેલા કરાય. એમને ધર્મમિત્ર ગણી એમની વંચના

નહિ કરવી.

સ્વાશય આશંસા-નિયાણા વિનાનો શુભ અને રોજ 'કામ કેટલું થયું, કેટલું બાકી' વગેરે તપાસથી વૃદ્ધિ પામતો જોઈએ. સાધુને આ કાર્યમાં પાડે નહિ, પણ સાધુ મંદિર-બહારના મંડપમાં ધર્મોપદેશ કરી શકે. જિનમંદિર એ ગૃહસ્થને ભાવપૂજા છે, શ્રેષ્ઠ જન્મફળ છે. અભ્યુદય-સ્વર્ગાદિની અવિચ્છિન્ન પરપરાથી મોક્ષપ્રાપ્તિનું બીજ છે.

**एतदिह भावयज्ञः सद्गृहिणो जन्मफलमिदं परमम् ।**
**अभ्युदयाव्युच्छित्त्या नियमादपवर्ग बीजमिति ॥**

ઉપરાંત પોતાના ભાવી વંશજોને સદ્ધર્મપ્રાપ્તિ પાલનદ્વારા સંસારથી નિસ્તાર કરાવનાર છે.

પ્ર. : મંદિર નિર્માણમાં હિંસા થાય તેનું શું ?

ઉ. : '૧' શાસ્ત્રોક્ત યતના, '**रागद्दोसविउत्तो जोगो असढस्स होइ जयणा उ ।**' અશઠનો રાગદ્વેષ-રહિત યોગ એ યતના છે,-એ ભાવથી હિંસા નથી. યતનાથી કરે તેમાં પરિણામ અહિંસાના હોઈ એને ભાવથી હિંસા ન કહેવાય. અહીં દ્રવ્યહિંસા પણ '૨' પરિણામે હિંસાનિવૃત્તિ કરાવનારી છે; તેમજ '૩' વર્તમાનમાં બીજા હિંસામય અસદ્ આરંભો-અધિક હિંસારંભોથી બચાવનારી છે; તથા '૪' શાસ્ત્રવિહિત છે એટલે સામાયિકાદિ નિરવદ્ય અનુષ્ઠાનથી અન્યથાસિદ્ધ નથી. એક અનુષ્ઠાન બીજા વિહિત અનુષ્ઠાનનું અપવાદરૂપ કરનારું ન કહેવાય; નહિતર દાનાદિ પણ અન્યથાસિદ્ધ બની જાય.

❖ ❖ ❖

## ષોડશક - ૭

### જિનબિંબ નિર્માણ

જિનબિંબ તરતજ કરાવવું કેમકે મંદિર અધિષ્ઠાતા જિનેન્દ્રદેવવાળું જ વૃદ્ધિભાગ્ બને.

બિંબ [૧]શુદ્ધ હૃદયે [૨]ન્યાયદ્રવ્યથી સ્ત્રી-મદિરા-જુગારાદિ વ્યસન વિનાના [૩]ગુણિયલ હોશિયાર કારીગર પાસે [૪]ભોજન-પત્ર-પુષ્પ-ફળથી એનો સત્કાર કરવા પૂર્વક [૫]એની પ્રસન્નતાનું મૂલ્ય જાણી સ્વવૈભવને ઉચિત અધિક મૂલ્ય ઠરાવીને [૬]એના વધતા મનોરથ સાથે કરાવે; જેથી પાછળથી મૂલ્ય અંગે બંનેને ચિત્ત કલુષિત ન થાય. એને અવસરે ઉચિત દાન કરે.

શિલ્પી પર અપ્રીતિ-ચિત્તકલુષિતતા એ, કારણની અરુચિ કાર્યની અરુચિમૂલક હોય છે એ ન્યાયે, ભગવાન પર ચિત્તવિનાશરૂપ અપ્રીતિ એ સર્વ અનર્થનું મૂળ છે.

**अप्रीतिरपि च तस्मिन् ( शिल्पिनि ) भगवति परमार्थनीतितो ज्ञेया ।**
**सर्वापायनिमित्तं ह्येषा पापा न कर्तव्या ॥**

કારીગરના વધતા વિચિત્ર મનોરથ-દોહદ પૂરાય એ માટે એને વિશિષ્ટ ભોજન અને ઉપકરણ સામગ્રી દેવી. દોહદ પ્રતિમાગત બાળ-યુવાન-મધ્યમ અવસ્થાને મન પર લેતાં થાય.

બિંબ જે રત્ન-સુવર્ણ-ચાંદી-પાષાણાદિમાં જે ભગવાનનું ઘડવાનું હોય, તેમાં પહેલાં ૐ નમઃ પૂર્વક તે ભગવાનનાં નામમંત્રનો ન્યાસ કરવો.

**'मन्त्रः परमो ज्ञेयः प्रणवनमःपूर्वकं च तन्नाम ।'**

પોતાના હૃદયની શુદ્ધતા એવી હોય કે પોતાના દ્રવ્યમાં બીજાનું દ્રવ્ય ઘુસાડીને પુણ્યકાર્ય કરવાની અભિલાષા પણ નહિ, તેથી 'કદાચ કોઈનું આમાં અજાણ્યે પણ દ્રવ્ય આવ્યું હોય તો તેટલો પુણ્યનો લાભ એને મળો' એવી ભાવના વર્તે. બિંબની રત્નાદિમયતા કરતાં ભરાવનારના વધતા શુદ્ધ પરિણામ ફળ વિશેષમાં પ્રધાન કારણ છે. આશયવિશેષથી વિશિષ્ટ ફળ નીપજે એ નિયમ છે.

પ્રશસ્ત આશય (અધ્યવસાય) તે, કે જે [1]આગમ-પરતન્ત્ર યાને આગમાનુસારી હોય, આગમપ્રરૂપક પ્રત્યે [2]ભક્તિ-બહુમાન-વિનય-પૂજાદિથી યુક્ત હોય, અને સત્પ્રવૃત્તિ વખતે [3]આગમસ્મરણવાળો હોય.

**आगमतन्त्रः सततं तद्वद्भक्त्यादिलिङ्गसंसिद्धः ।**
**चेष्टायां तत्स्मृतिमान् शस्तः खल्वाशयविशेषः ॥**

આવા આશયથી બિંબ કરાવવું તે લોકોત્તર કાર્ય, બાકી લૌકિક કાર્ય ગણાય. લૌકિકથી અભ્યુદય (સ્વર્ગ) મળે, લોકોત્તરથી મુખ્ય ઉત્કૃષ્ટ ફળ મોક્ષ મળે; આનુષંગિક ફળ ઉચ્ચ સ્વર્ગ મળે. ખેતીમાં ઘાસ પાકે એ આનુષંગિક જ ગણાય. ધાન્યપ્રાપ્તિ એ મુખ્ય ફળ છે.

❖ ❖ ❖

## ષોડશક - ૮

### જિનબિંબ પ્રતિષ્ઠા

**નિર્મિત** જિનબિંબની પ્રતિષ્ઠા ૧૦ દિવસમાં કરવી.

**પ્રતિષ્ઠા ૩ પ્રકારે :-** (૧) વ્યક્તિ-પ્રતિષ્ઠા; વિચરતા ભગવાનની, (૨) ક્ષેત્ર

પ્રતિષ્ઠા-૨૪ ભગવાનની, (૩) મહા પ્રતિષ્ઠા-૧૭૦ ભગવાનની.

**પ્રતિષ્ઠા એટલે** દેવતાના ઉદ્દેશથી સ્વાત્મામાં પોતાના ભાવની પ્રતિષ્ઠા; એ મુખ્ય પ્રતિષ્ઠા. અર્થાત્ 'વિતરાગત્વાદિ સર્વ ગુણોથી હું એ જ છું' એ પ્રમાણે સ્વાત્મામાં પરમાત્મા સાથે પરમ સમરસ-સમત્વગુણનું વ્યવસ્થાપન એ મુખ્ય સ્થાપનારૂપ છે. મોક્ષસ્થ પરમાત્મા મૂર્તિમાં ખરેખર અધિષ્ઠાન કરતા નથી, આવતા નથી. બીજા અવીતરાગ યક્ષાદિ દેવ અધિષ્ઠાન કરે એ સંભવિત છે, માટે એમની પ્રતિષ્ઠા ગૌણ યાને મૂર્તિમાં એમનાં અધિષ્ઠાનરૂપ હોય; પણ જિનબિંબમાં પ્રતિષ્ઠા તો સ્વાત્મામાં ભાવનાં સ્થાપનરૂપ મુખ્ય પ્રતિષ્ઠા જ હોય. છતાં વીતરાગના બિંબ વગેરેમાં પરમાત્માનાં ઔપચારિક સ્થાપનનું વિધાન થાય છે, તેથી લોકોને પ્રતિષ્ઠિતત્વનું જ્ઞાન થવાને લીધે એમને ભક્તિવિશેષથી પૂજા-પ્રેરણા મળે છે, અને પૂજા-ફળ થાય છે. આ ભક્તિના વિશિષ્ટ આત્મપરિણામ વિશિષ્ટ ફળસિદ્ધિ કરે જ, માટે બાહ્ય પ્રતિષ્ઠા ભક્તિ વિશેષ ઉત્પન્ન કરતી હોઈ સફળ છે, ઉપયોગી છે.

અહીં ધ્યાનમાં રહે કે પૂજા-સત્કારથી દેવતાને સુખાનુભવ-સંપાદનરૂપ કોઈ ઉપકાર નથી. માટે મુક્તિગત દેવને પૂજાદિથી આવો ઉપકાર થવાની કલ્પના બાલક્રીડા જેવી છે. બાળક રમકડાદિથી ખુશ થાય એમ દેવ પૂજાદિથી ખુશ થાય એમ કલ્પવું અતાત્ત્વિક-તત્ત્વવિરુદ્ધ છે. આત્મશ્રેય માટે પૂજાદિ કરે એમને આ દોષ નથી.

પૂજા વિંશિકામાં કહ્યું છે, -[૧]કોઈને સ્વકૃત સ્થાપનાથી બહુ ફળ લાગે છે, [૨]કોઈને ગુરુકૃતથી, તો [૩]કોઈને વિધિ પ્રતિષ્ઠાથી, ત્યારે [૪]બીજાને કંઈપણ સામગ્રી વિના પંચ નમસ્કારથી કરેલી માત્ર માનસિક સ્થાપનાથી લાભ લાગે છે, અને તે પ્રમાણે ભક્તિવિશેષ જન્મે છે, ઈષ્ટફળ થાય છે. માટે વિધિપ્રતિષ્ઠાપિત એજ ઉપયોગી એવો આગ્રહ નકામો છે. અલબત સ્વકૃતસ્થાપનાદિમાં મમત્વ-કલેશ થાય તો તે નકામી, ભક્તિવિશેષ જન્મે તો કામની. મુખ્ય ભાવપ્રતિષ્ઠાનું મહત્ત્વ એટલા માટે, કે ભાવરૂપી રસેન્દ્રથી જિનવચનરૂપી અગ્નિક્રિયાવડે કર્મકચરો બળી જઈને આત્મા શુદ્ધ સુવર્ણત્વ રૂપ સિદ્ધત્વ પ્રાપ્ત કરે છે. આમાં કર્મદાહ નિમિત્તે વચનનો આશ્રય લેવો જ જોઈએ. એ અગ્નિક્રિયા છે; અને 'ઈતિકર્તવ્યતા' અર્થાત્ વચનાનુસાર શુભ વ્યાપાર એ ઈન્ધન નાખવારૂપ છે. પ્રતિષ્ઠા પણ વચન ક્રિયાસ્વરૂપ હોઈ એમાં અંતર્ગત છે; માટે એ સફળ છે; કેમકે દેવાધિદેવનો ભાવ આત્મામાં પેદા કરવામાં કારણભૂત છે; તેમ પૂર્વાચાર્યોએ ભવ્યહિતાર્થે એ આચરી છે.

પ્રતિષ્ઠામાં ક્ષેત્રસંશોધન-વર્ષણાદિ નિમિત્તે મંત્રન્યાસપૂર્વક વાયુકુમાર-મેઘકુમારાદિ દેવનું આહ્વાન થાય છે. છેલ્લે દેવાધિદેવન્યાસ વખતે સિદ્ધનું સ્મરણ કરી મંત્રન્યાસ કરવો, અને મોક્ષની જેમ અહીં બિંબમાં કેવળજ્ઞાનાદિ શક્તિયુક્તની મનથી સ્થાપના

કરવી. આઠ દિવસ સર્વને દાનપૂર્વક અવિચ્છિન્ન પૂજાવિધિ કરવી.

આ ભાવપ્રતિષ્ઠા, મુક્તિમાં સદ્ અંતઃકરણ સ્થાપવાને કારણે પુણ્યાનુબંધી પુણ્ય યા સમ્યક્ત્વનાં, બીજન્યાસ, બીજના સ્થાપનરૂપ બને છે. અલબત એ હજી અલ્પ ભાવ છે, તેથી તેને ક્ષમાદિ અને મૈત્રી આદિ વડે વૃદ્ધિ પમાડવો. એ પ્રતિષ્ઠાગત-ભાવવૃદ્ધિ એ નિરપાય (અનર્થરહિત) છે, સિદ્ધાર્થ છે, સ્વાત્મસ્થ છે, મંત્રરાજ છે, અસંગ છે, આનંદહેતુ હોઈ આનંદ છે, બ્રહ્મરસ છે, (બ્રહ્મ સત્યં-તપો જ્ઞાનમ્, એનો વિષય છે), તત્ત્વજ્ઞ પુરુષોની મુષ્ટિ-હિતોપદેશ અવિસંવાદસ્થાન છે.

બીજન્યાસથી ૩ અવંચક મળે છે,-૧ યોગાવંચક (કલ્યાણસંપન્ન સત્પુરુષોનો દર્શનથી યોગ.) ૨. ક્રિયાવંચક એમને પ્રણામાદિ ક્રિયાનો નિયમ. ૩. ફલાવંચક (એ સત્પુરુષોથી નિયમા સાનુબંધ ફળની પ્રાપ્તિ.)

❈ ❈ ❈

## ષોડશક - ૯

### જિનબિંબ પૂજા

[૧]હંમેશા અર્હત્પ્રતિમાની સ્વવિભવાનુસાર સ્નાન-વિલેપન-પુષ્પ-[૨]ધૂપાદિથી [૩]વિધિપૂર્વક [૪]કાળે (ત્રિસન્ધ્યાએ યા આજીવિકાસમયાનુસાર) પૂજા કરવી.

**अनुपकृतपरहितरतः शिवदस्त्रिदशेशपूजितो भगवान् ।**
**पूज्यो हितकामानामिति भक्त्या पूजनं पूजा ॥**

**એક રીતે ૩ પૂજા** :- ભગવાન અનુપકારી જીવોના હિતમાં રક્ત, મોક્ષદાતા અને ઈંદ્રપૂજિત છે, માટે હિતકામીઓને પૂજ્ય છે. ભક્તિથી પૂજવું તે પૂજા; એ પંચોપચાર-અષ્ટોપચાર-સર્વોપચાર એમ ૩ પ્રકારે છે. એ મહાભાષ્યાદિમાં પુષ્પાદિ દ્રવ્યોથી કહી છે. અહીં ટીકામાં પંચાંગ પ્રણિપાત યા પાંચ અભિગમ, અષ્ટાંગ-પ્રણિપાત, અને દશાર્ણભદ્રવત્ સર્વસમૃદ્ધિથી કરવાની કહી છે. ૧ ન્યાયોપાર્જિત, ૨ ભાવશુદ્ધ દ્રવ્યથી ૩ સત્ સાધનવ્યાપાર યોજીને કરવી. તે પણ ૪ સ્નાન કરી, ૫ ગાત્રસંવર (સંકોચ) રાખી, ૬ સફેદ વસ્ત્ર, યા શુભ રક્ત-પીતાદિ વસ્ત્ર પહેરી, ૭ આગમને પ્રધાન ધરી, ૮ આશંસારહિત અને જેવી પુષ્પરચનાદિથી ૯ ભાવવૃદ્ધિ થાય તે રીતે કરવી. પુષ્પાદિ પૂજાની વાત થઈ. હવે,

**સ્તોત્રનાં લક્ષણ** :- સ્તોત્રપૂજામાં, પુણ્યોપાર્જક પવિત્ર સ્તોત્રો :-

૧. ભગવાનના ઉત્તમ ૧૦૦૮ લક્ષણથી યુક્ત દેહ, ઉત્તમચરિત-સાધના, તથા દુર્ધર્ષ પરિસહ-ઉપસર્ગ પર વિજયકારી શ્રદ્ધા-જ્ઞાન-વિરતિ પરિણામાદિ સામાન્ય

અને કેવળજ્ઞાનાદિ વિશેષ ગુણોના ગીત-ગાન કરનારા બોલવા. તે પણ

૨. ગંભીર હોય, યાને i. સૂક્ષ્મ મતિગ્રાહ્ય વિષય અને ભાવના પ્રતિપાદક હોય, તથા ii. આંતર ભાવથી બોલાતા હોવા જોઈએ; વળી

૩. છન્દ-અલંકારભર્યા વિવિધ શબ્દમય,

૪. ભાવવિશુદ્ધિના ઉત્પાદક,

૫. સંવેગ (સંસારભય-મોક્ષાભિલાષા) પરાયણ,

૬. રાગ-દ્વેષ-મોહકૃત પાપોનાં નિવેદક,

૭. બહુવિધ અર્થભર્યા, અને

૮. મહાબુદ્ધિમાન પુરુષોએ રચેલા હોવા જોઈએ. તેમજ એનું ઉચ્ચારણ-

૯. સ્ખલના-ભેળસેળ-અક્ષર-ફેરફાર વગેરે દોષ ટાળીને,

૧૦. પ્રણિધાન-એકાગ્રભાવથી કરવું.

**સ્તોત્ર પૂજાનું મહત્ત્વ :- 'શુભભાવાર્થં પૂજા'** સઘળીય પુષ્પવસ્ત્રાદિથી કરાતી જિનપૂજા શુભ ભાવના નિમિત્તે છે; એમાં સ્તોત્ર પૂજા વિશેષ શુભભાવનું કારણ બને છે; કેમકે ભગવાનના સત્ય સદ્ભૂત ગુણોનાં એ ઉત્કીર્તનરૂપ હોઈ સંવેગજનક છે, અને તેથી સમરસ યાને સમભાવની અભિલાષા પેદા થાય છે. આ સંવેગજનક હોવાનું કારણ, એમાં પરમાત્માનાં સ્વરૂપ અને ગુણોનો ચિત્તોપયોગ રહે છે. આ ચિત્તોપયોગ એ સમરસાપત્તિ છે.

**બીજી રીતે ૩ પૂજા :-** કાયયોગ-સારા, વાગ્યોગ સારા અને મનોયોગ-સારા; તે કાયાદિ દોષ ત્યાગપૂર્વક પ્રાપ્ત દ્રવ્યથી અને કાયાદિથી અતિચાર ન લાગવા દઈને કરાય. એ ક્રમશઃ અર્થાત્ કાયયોગ સારા-વિઘ્નોપશમની, વાગ્યોગ સારા-અભ્યુદય (સ્વર્ગ)-સાધની, અને મનોયોગ-સારા-નિર્વાણસાધની કહેવાય છે. અથવા કાય૰, વાગ્૰, મનો૰, દરેક પૂજા આ વિઘ્નોપશમની આદિ ત્રણ પ્રકારે છે. એમાં કાયાથી હંમેશા પ્રવર પુષ્પ-કેશર-વાસક્ષેપાદિ પૂજાર્થ આપે, વચનથી ક્ષેત્રાન્તરમાંથી એ પુષ્પાદિ અવશ્ય મંગાવે, અને મનથી નંદનવન વગેરેના ત્રિલોકસુંદર ચંદન-પુષ્પાદિ લાવ્યા કલ્પી એનાથી માનસિક પૂજા કરે. બુદ્ધિમાન પુરુષે નિખિલ ગુણોથી અધિક અને સદ્ધર્મપ્રવૃત્તિઓના ફળરૂપ અજરામર પરમાત્મસ્વરૂપનું પૂજન અખિલગુણાધિક પૂજોપકરણ મનમાં સ્થાપિત કરીને અતિશય હર્ષોલ્લાસથી કરવું જોઈએ.

પ્ર. (૧) સ્નાનાદિમાં જીવવધ છે, અને (૨) પૂજાથી પ્રભુને કોઈ લાભ નથી, માટે શું પૂજા વ્યર્થ નથી ?

ઉ. ના, (૧) કૂવાના દૃષ્ટાન્તથી અર્થાત્ દીર્ઘ પ્રવાસ પછી અતિ થાક, તૃષા અને મેલ છતાં તે ઉતારવા પાણી માટે જેમ વેયડો ખોદાય છે, ત્યાં થાક-તૃષા-મેલ

વધે છે, છતાં એ દોષરૂપ નહિ કિન્તુ ગુણકારી છે, કેમકે એનાથી લબ્ધ પાણીથી જ થાક-તૃષા વગેરે મટે છે; એમ અહીં ગૃહસ્થ માટે ભાવી અહિંસક ભાવે પહોંચાડનારી વીતરાગપૂજામાં થતો જીવવધ પણ ગુણકારી જ છે, દોષરૂપ નહિ.

(૨) મંત્રસ્મરણ, અગ્નિસેવન અને વિદ્યાભ્યાસ કરાય ત્યાં એ મંત્ર-અગ્નિ-વિદ્યાને કોઈ ઉપકાર નહિ છતાં એ કરનારને વિષાપહાર, શીતાપહાર અને વિદ્યાસિદ્ધિનો લાભ થાય છે; એમ અહીં જિનને કોઈ લાભ નહિ છતાં જિનપૂજાથી પૂજકને વિશિષ્ટ પુણ્યલાભ મળે છે. કહો કે ભગવાન કૃતકૃત્ય છે માટે જ ઉત્કૃષ્ટ ગુણવાળા હોઈ એમની પૂજાનો સદ્આરંભ એ શરીર-સ્વજન-ઘર વગેરેના અસદ્ આરંભમાં પડેલા વિમળબુદ્ધિ ગૃહસ્થ માટે સફળ છે, વ્યર્થ નથી.

❈ ❈ ❈

# ષોડશક - ૧૦

## અનુષ્ઠાન ૪ પ્રકારે

જિનપૂજા સંબંધી સાંભળનાર અને જિનપૂજા કરનાર આત્મા શીઘ્ર ભવાન્તકારી સદ્-અનુષ્ઠાન પ્રાપ્ત કરે છે. કેમકે એ પૂજાથી પુણ્યાનુબંધી પુણ્યસ્વરૂપ બીજનું સ્થાપન થાય છે, અને પ્રશાંતવાહી ચિત્તસંસ્કાર જન્મે છે.

**સદ્-અનુષ્ઠાન ૪ પ્રકારે :-** પ્રીતિ-ભક્તિ-વચન-અસંગ અનુષ્ઠાન.

(૧) **પ્રીતિ અનુષ્ઠાન** તે કે જે પરમ આદર (અતિશય પ્રયત્ન) અને હિતોદય પ્રીતિથી, શેષ કાર્ય છોડી, સેવાય. દા.ત. પત્નીનું પોષણ, વસ્ત્રાદિ લાવવા કરવા તે; તેમ જે સેવીને પરમ આનંદ થાય.

(૨) **ભક્તિ અનુષ્ઠાન :-** તે, કે જે ખાસ ગૌરવથી-પૂજ્ય સમજીને આદર-પ્રીતિ સાથે કરાય, તે પણ પેલા કરતાં અધિક વિશુદ્ધરૂપનું કૃત્ય. દા.ત. માતાનું પોષણાદિ કૃત્ય.

(૩) **વચનાનુષ્ઠાન** એટલે દેશ-કાળ-પુરુષ વ્યવહારાદિ ઔચિત્ય જાળવીને થતી વચનાત્મક પ્રવૃત્તિ દા.ત. શાસ્ત્રાનુસારી ક્ષમા, પડિલેહણાદિ. આ અનુષ્ઠાન મુનિને નિયમા હોય; ત્યારે વચનથી પ્રવર્તમાન અન્ય માર્ગાનુસારીને ઉપચારથી હોય.

(૪) **અસંગાનુષ્ઠાન :-** તે, કે જે વારંવાર સેવનરૂપ અભ્યાસના પ્રકર્ષથી ચંદન-ગંધન્યાયે આત્મસાત્ જેવું આચરાય. પહેલાં દંડપ્રવૃત્ત પણ પછી દંડનિરપેક્ષ માત્ર સંસ્કારપ્રવૃત્તિ ચક્રભ્રમણની માફક તે અનુષ્ઠાન આગમસંસ્કારથી જન્મેલ છતાં વચનનિરપેક્ષ છે. ક્ષમાદિ પ્રવૃત્તિ શાસ્ત્રે કહી છે માટે નહિ, પણ સહેજે થઈ જાય. દા.ત. જિનકલ્પિક મહામુનિનું અનુષ્ઠાન.

આમાંથી આદ્ય બે સ્વર્ગ-ફલક, અને ચરમ બે મોક્ષફલક છે.

આ ચારમાં ધર્મનો સમાવેશ કેવી રીતે તે સમજવા અહીં એક ક્ષમાધર્મનો દાખલો બતાવાય છે.

**(૫) પ્રકારની ક્ષમા :-** [૧]ઉપકારિ-[૨]અપકારિ-[૩]વિપાક-[૪]વચન-[૫]ધર્મપ્રધાન, ક્ષમામાંથી આદ્ય ત્રણ ક્ષમા પ્રથમ બે અનુષ્ઠાનમાં, ૪ થી ૩માં અને છેલ્લી ધર્મક્ષમા ૪થા અસંગ અનુષ્ઠાનમાં સમાય. ૧. ઉપકારી છે માટે એનું દુર્વચનાદિ સહિ લે. ૨. અપકારની ભીતિથી સામાને દુર્વચન ન કહેતાં ખામોશ રાખે. ૩. નરકાદિમાં દુઃખદ વિપાક યા અહીં જ અનર્થ પરંપરા જોઈ ખમે. ૪. આગમ-આજ્ઞાને જ મુખ્ય કરીને ક્ષમા. **૫.** ચંદનની છેદદાહાદિમાં પણ સુવાસ-ચૈત્યદાયિતાની જેમ ઘોર ઉપસર્ગમાં ય સહજ સ્વધર્મ ક્ષમા-કરુણા.) છેલ્લી ક્ષમા નિરતિચાર, ચોથીમાં કવચિત જ સૂક્ષ્મ અતિચાર, પહેલી ત્રણમાં સ્થૂલ નિરંતર અતિચાર રહે છે.

## શ્રુત-ચિન્તા-ભાવનાજ્ઞાન-શુશ્રૂષાદિ

વચનાનુષ્ઠાન આગમના જ્ઞાનથી આવે. એ જ્ઞાન ૩ પ્રકારે,- શ્રુતમયજ્ઞાન, ચિન્તાજ્ઞાન અને ભાવનાજ્ઞાન.

શ્રુતમયજ્ઞાન શુશ્રૂષાપૂર્વક આગમનાં શ્રવણથી પ્રાપ્ત થાય.

ચિન્તાજ્ઞાન નય-પ્રમાણ-સૂક્ષ્મ યુક્તિના ચિંતનથી નીપજે.

ભાવનાજ્ઞાન હેતુ-સ્વરૂપ-ફળના ભેદથી ત્રિકાલસંબંધી હોય; અર્થાત્ જ્ઞેયનાં પૂર્વ કારણ, જ્ઞેયનું વર્તમાન સ્વરૂપ અને જ્ઞેયનું ભાવી કાર્ય, એમ ત્રણેય કાળની સ્થિતિને અવગાહનારું હોય.

શ્રુતમયજ્ઞાન પછી ગુરુભક્તિ-વિનયાદિ પ્રધાન બનવાથી ચિન્તા-ભાવનાજ્ઞાન પ્રાપ્ત થાય છે, અને એ બે જ્ઞાનમાં ગુરુભક્તિ આદિ મુખ્ય રહે છે. ત્રણ જ્ઞાન સદા વિધિના ખપવાળા હોય, અને ક્રમશઃ સ્વચ્છ સ્વાદુ પથ્ય જલરસ-દુગ્ધરસ-અમૃત-રસના જેવો આસ્વાદ આપનારાં હોય છે. એથી વિષયતૃષ્ણા શાન્ત થઈ સંવેગ (ભવભય-મોક્ષાભિલાષા) વધે છે.

શાસ્ત્ર સાંભળવા છતાં ઉત્કટ વિષય-પિપાસાને લીધે સંવેગ ન પામે એ પાપી જીવ અચિકિત્સ્ય છે, જ્ઞાનદાનને અયોગ્ય છે. એને વાચનાની માંડલીમાં પણ ન બેસવા દેવો; નહિતર બેસાડનાર ગુરુ એના કરતાં અધિક દોષી થાય. બાકી સંવેગ પામે એને આદ્ય શ્રુતમયજ્ઞાન થાય, અને પછી ગુરુભક્તિ વિનયાદિમાં તત્પર રહે તેને પછીનાં બે જ્ઞાન થાય. (આ સૂચવે છે કે ધર્મના પાયામાં સંવેગ કેટલો બધો જરૂરી છે.)

❋ ❋ ❋

# ષોડશક - ૧૧

## શુશ્રૂષા

સાંભળવાની તમન્ના એ શ્રુતજ્ઞાન માટે પહેલું લક્ષણ છે. એ વિનાનાને સંભળાવવું એ નીચે સેર વિનાની ભૂમિમાં કૂવો ખોદવા જેવું છે. એમાં પાણીનો પ્રવાહ ન વહે. સંભળાવવાનું ફળ તો બોધ-પ્રવાહમાં આવવું જોઈએ. એ સામાને સાંભળવાની ગરજ જાગી હોય તો આવે.

**શુશ્રૂષા ૨ પ્રકારે :-** (૧) પરમ શુશ્રૂષા એટલે સુંદર સ્ત્રીથી યુક્ત ચતુર યુવકને રહેતી કર્ણામૃત સમા કિન્નરગીતનાં શ્રવણની ઈચ્છા કરતાં ધર્મશ્રવણની અધિક ઈચ્છા. એ ધર્મશુશ્રૂષા કર્મના ક્ષયોપશમથી થાય, અને એમાં અવશ્ય [૧]ગુરુભક્તિ પ્રધાન વર્તે, [૨]ક્ષેત્રશુદ્ધિ વગેરે વિધિમાં પ્રયત્ન હોય, [૩]આગમોક્ત આચરવામાં ઉદ્યતતા રહે, [૪]સારા સ્ફુટસૂત્ર-અર્થની પ્રાપ્તિ થાય, આમ શ્રવણ ઠેઠ તત્ત્વજ્ઞાન [૫]તત્ત્વના અભિનિવેશ સુધી પહોંચાડે.

(૨) અપરમ શુશ્રૂષા સુપ્તનૃપકથાનક શુશ્રૂષા, સૂતેલા રાજાની ઊંઘ લાવવા માટેની યા સમય પસાર કરવા માટેની કથાશ્રવણની ઈચ્છા જેવી નિરર્થક છે, અનુપકારી છે, કેમકે એમાં મહાન આદર નથી હોતો.

શ્રુતમય આદિ ત્રણ જ્ઞાનનાં સ્વરૂપ આ પ્રમાણે,-

| શ્રુતજ્ઞાન | ચિન્તાજ્ઞાન | ભાવનાજ્ઞાન |
|---|---|---|
| (૧) ઊહા (વિતર્ક) આદિ રહિત યથાશ્રુત બોધ. | નય-પ્રમાણ-યુક્તિદ્વારા ઊહા-અપોહ-વિજ્ઞાનયુક્ત બોધ. | હેતુ-સ્વરૂપ-ફળસંબંધી અને આત્મહિતમાં પ્રવર્તક બોધ. |
| (૨) કોઠીમાં રહેલ બીજ જેવું. | પાણી પર પ્રસરનાર તેલ બિંદુ જેવું. | જાત્ય રત્નની કાન્તિ જેવું. |
| (૩) મિથ્યાગ્રહ રહિત વાક્યાર્થ માત્ર ગ્રાહી | અતિ સૂક્ષ્મ સદ્‌યુક્તિચિંતન દ્વારા મહાવાક્યાર્થગ્રાહી | વિધિ-દાતા-દ્રવ્ય-પાત્રાદિના પ્રયત્નયુક્ત, ઐદંપર્યગ્રાહી |
| (૪) વાક્યાર્થ=પ્રસ્તુત સાથે એકવાક્યતાપન્ન સકલશાસ્ત્રવચનનો નિર્ણીત અર્થ. (નય પ્રમાણ-બોધશૂન્ય) | **મહાવાક્યાર્થ**=આક્ષિપ્ત= અનાક્ષિપ્ત (ગર્ભિત અને ઉક્ત) સર્વધર્માત્મક વસ્તુ-પ્રતિપાદક અનેકાંતવાદને અવલંબીને પ્રાપ્ત થતો | ઐદંપર્ય=સર્વ જ્ઞેય અને સર્વ ક્રિયા-સંબંધમાં સર્વજ્ઞની આજ્ઞા જ પ્રધાન પ્રમાણ છે, એવું પ્રસ્તુત વચનનું અંતિમ તાત્પર્ય. |

| | | |
|---|---|---|
| | પ્રસ્તુત વચનનો નય-પ્રમાણાધીન અર્થ. | |
| (૫) શ્રુતજ્ઞાનના રાગથી 'અહીં આ કહ્યું છે, આ જ પ્રમાણ છે' એવો કંઈક દર્શનગ્રહ-મતાગ્રહ રહે. | મતાગ્રહરહિત નયપ્રમાણ સૂક્ષ્મયુક્તિચિંતનવશ ન્યાયપ્રાપ્ત સ્વ-પર-શાસ્ત્રોક્ત અર્થનો સ્થાનાનુકૂળ સ્વીકાર; કિન્તુ એકાન્ત પકડી વિવાદ, વિરોધ ન કરે. | સર્વતંત્રસમૂહરૂપ સ્વશાસ્ત્રના શાસ્ત્રના ગંભીરબોધથી જન્મેલ સમરસ સર્વાનુગ્રહ પરિણતિવશ ભવ્ય સમુદાયના હિતમાં પ્રવૃત્તિ. |

આમાંથી એ ફલિત થાય છે કે, (૧) પહેલાં તો શુશ્રૂષાથી શાસ્ત્રને બરાબર ધ્યાનપૂર્વક અક્ષરશઃ સાંભળવું, અન્ય શાસ્ત્રવચનને બાધ ન થાય એવો એનો અર્થનિર્ણય કરવો, અને એજ પ્રમાણ છે એવી શ્રદ્ધા ધરવી. એ શ્રુતમય જ્ઞાન થયું.

(૨) **ચિન્તામય જ્ઞાન :-** વિવક્ષિત અને તદન્ય સર્વ ધર્માત્મક વસ્તુ પ્રદર્શક અનેકાન્તવાદના પરિશીલનથી ઉત્પન્ન અતિ સૂક્ષ્મ બુદ્ધિથી સમજી શકાય તેવી પ્રશસ્ત સકલ પ્રમાણ-નયગર્ભિત વિચાર-વિમર્શથી અલંકૃત જ્ઞાન તે ચિન્તામય જ્ઞાન કહેવાય. જેમ તેલનું એક બિંદુ પણ પાણીમાં પડે તો પ્રસરીને એ બધા પાણીને તેલમય બનાવી દે તેવી રીતે આ ચિન્તામય જ્ઞાનનો અંશ પણ સકલ જ્ઞેય પદાર્થોમાં વ્યાપી જઈને તેનો સાર પળવારમાં સમજાવી દે છે. (૩) બાદ, સર્વ જ્ઞેય અને સર્વ ક્રિયાના સંબંધમાં સર્વજ્ઞ-આજ્ઞા જ પ્રધાન પ્રમાણ છે. એવું અંતિમ તાત્પર્ય આગળ કરી પ્રસ્તુત વચનનો હેતુ, સ્વરૂપ અને ફળ સંબંધી નિર્ણીત બોધ કરવો; અને સર્વતંત્રસમૂહરૂપ જિનાગમના ગંભીર બોધથી સર્વાનુગ્રહભાવ જાગ્રત કરી ભવ્ય સમુદાયના હિતમાં હોય એવી પ્રસ્તુત વચનથી ઉક્ત આત્મહિતની સવિધિ પ્રવૃત્તિ કરવી. પ્રવૃત્તિકારક આ બોધ એ ભાવનાજ્ઞાન.

**મિથ્યાજ્ઞાન :-** ગુરુ-ઉપાધ્યાયાદિના વિનયથી રહિત અને મિથ્યાત્વવશ તત્ત્વાર્થ શ્રદ્ધાશૂન્ય હોય એનો શાસ્ત્રબોધ દીવાની જ્યોતની આસપાસના મંડળમાં દીપકબુદ્ધિ જેવો પાપરૂપ વિપરીત બોધ છે, મિથ્યાજ્ઞાન છે. જેમ ભગવા કર્પટનો ટૂકડો ઓઢી લઈ શરીરે ભસ્માદિ લગાવી દીધા પણ અંતરમાં સંસારગ્રહ પાકો હોય, તેથી પોતાની જાતને મોટા રાજાથી અધિક માની લે, એવી રીતે મોહવિકાર-મનોવિભ્રમના દોષવાળો અકૃતાર્થ પણ પોતાની જાતને મનમાન્યા શાસ્ત્રબોધ પર કૃતાર્થ માની લે છે; કેમકે સમ્યગ્ બોધનાં લક્ષણથી વિપરીત લક્ષણમાં એ રક્ત રહી મિથ્યાત્વની પકડના આવેશમાં ખરેખર એ અકૃતાર્થ હોય છે. ત્યારે,

**સમ્યગ્જ્ઞાન :-** તત્ત્વાર્થ શ્રદ્ધાનરૂપ સમ્યગ્દર્શનના પાયા પર ઊભું હોય છે. એ દર્શન ગ્રન્થિભેદથી યાને રાગદ્વેષની ઘનગાંઠને ભેદવાથી થાય છે. એ ગ્રન્થિભેદ અપૂર્વકરણથી, અપૂર્વ શુભ આત્મપરિણામથી થઈ શકે. અનાદિ સંસારમાં સૂત્રાર્થ ગ્રહણ રૂપ તે તે ધર્મસ્થાનો પ્રાપ્ત થવા છતાં એમાં આ શુભાત્મપરિણામ કદી નહી જાગેલો, માટે અપૂર્વ કહેવાય. એ લોકોત્તર છે, પૂર્વના સર્વ શુભ પરિણામમાં પ્રધાન છે. આવા અપૂર્વકરણવાળો જ્ઞાની પણ લોકોત્તર છે, મહાનુભાવ યાને અચિંત્ય શક્તિવાળો, ઉપશાંત ચિત્તવાળો અને ઔચિત્યસંપન્ન હોય છે. આવાનો શાસ્ત્રબોધ શ્રુતજ્ઞાનાદિ ત્રણેથી વિપરીત જ્ઞાન છે. એમાં માત્ર પદવાચ્ય અર્થનો પ્રકાશ હોય એટલું જ.

❖ ❖ ❖

# ષોડશક - ૧૨

## દીક્ષાધિકારી - દીક્ષાનિક્ષેપ - યતિધર્મ

લોકોત્તર જ્ઞાનવાળો વિરતિની દીક્ષાનો અધિકારી છે. એથી રહિતની દીક્ષા હોળીના રાજા જેવી નિષ્ફળ છે. અધિકારીને દીક્ષા શ્રેયનું દાન અને અશિવનો નાશ કરે છે.

**અપવાદ :-** અલબત જે જીવ રાગાદિ દોષ નિરનુબન્ધ (ઉચ્છિન્ન પ્રવાહવાળા) થઈ જવાથી [1]વિરક્ત શ્રદ્ધાળુ શ્રાદ્ધ બન્યો હોય, અને સૂત્રાર્થનો ખ્યાલ નહિ છતાં [2]પાપભીરુ તથા [3]ગુરુભક્ત અને [4]મિથ્યાભિનિવેશરહિત હોય એ પણ જ્ઞાનના ફળની દૃષ્ટિએ જ્ઞાની છે. જ્ઞાનનું ફળ સંસારવિરાગ, પાપભય, ગુરુભક્તિ, અભિનિવેશત્યાગ વગેરે એને પ્રાપ્ત છે માટે એ દીક્ષાધિકારી છે ને દીક્ષા એની સફળ થાય છે. દા.ત. માષતુષ મુનિ. બીજું છોડી, દેખતાના અભિપ્રાયને અનુસરનાર અંધ પણ એની સાથે જ ઈષ્ટ સ્થાને પહોંચી જાય છે. એમ વિશિષ્ટ જ્ઞાન નહિ છતાં સત્ ક્રિયા સદ્ આચાર ચારિત્રપાલનના [1]સામર્થ્યથી જેનામાં પૂર્ણ યોગ્યતા અને ગુરુ સાથે ભાવથી [2]બંધાયેલાપણું છે, અર્થાત્ ચારિત્રસામર્થ્ય અને ગુરુપ્રતિબદ્ધતા, ઓછામાં ઓછું આટલું પણ હોય એ પણ દીક્ષાને ઉચિત છે, એવી આગમિક પરંપરા છે. આવાને શાસ્ત્રપદ્ધતિએ દીક્ષા દેવી એ મોક્ષનું કારણ બને છે; બાકી અયોગ્યને દીક્ષા અનિષ્ટ સંસારવૃદ્ધિને કરનારી થાય છે.

**'દીક્ષા'ના નામાદિ નિક્ષેપનું સ્થાપન :-** દીક્ષા એટલે દેશવિરતિ-સર્વવિરતિનું સ્થાપન. એ લેનારમાં સ્વગુરુનો સંબંધ યોજી 'દીક્ષા'ના નામ-સ્થાપના-દ્રવ્ય-ભાવનું

સ્થાપન કરવું. નામના લીધે એના ગુણ આવે છે; કેમકે નામ પાછળના અભિપ્રાયના સ્મરણથી નામને અનુકૂળ ગુણનો ઉદ્યમ થાય છે. એ રીતે પૂર્વ મુનિઓએ 'દીક્ષા' નામ વહન કર્યું છે. 'દીક્ષા' નામનું સ્થાપન જ વસ્તુતઃ દીક્ષા છે, બાકી ક્રિયાકલાપ ઉપચારથી દીક્ષા છે.

**નામાદિથી કીર્તિ આદિ :-** આચાર્યો પણ 'દીક્ષા'ના નામાદિને કીર્તિ-આરોગ્ય-ધ્રુવપદની પ્રાપ્તિ થવાના સૂચક કહે છે. 'દીક્ષા' નામથી દીક્ષિત એ પ્રમાણે પ્રસિદ્ધિ થાય છે. અર્થાત્ સાન્વર્થ નામના ઉચ્ચારણમાત્રથી વિદ્વાન અને પ્રાકૃત જનને મનઃપ્રસાદ થવાને લીધે કીર્તિ થાય છે. 'દીક્ષા'ની સ્થાપનાથી રજોહરણ-મુખ-વસ્ત્રિકા દ્વારા ભાવભરી પ્રવૃત્તિથી આરોગ્ય થાય છે. 'દીક્ષા' દ્રવ્ય અર્થાત્ આચારાંગાદિ શ્રુત અને સકલ સાધુક્રિયાના અભ્યાસથી 'ધ્રુવ' એટલે કે સ્થૈર્ય આવે છે. 'દીક્ષા'નો ભાવ સમ્યગ્દર્શનાદિ એ 'પદ' આચાર્ય પદ આદિ પ્રાપ્ત કરાવે છે. અથવા સામાન્યથી નામાદિ દરેક કીર્તિ આદિના પ્રાપક બને છે. 'દીક્ષા'ના નામાદિના સંસ્કારથી તથા ગુરુ અને વ્રતધારણાના સંબંધે પાપવિષનષ્ટ થવાથી વિરતિરૂપ દીક્ષા નિષ્પન્ન થાય છે.

**દીક્ષામાં કર્તવ્ય :-** દીક્ષાપ્રાપ્તિનું લક્ષણ આ શાસ્ત્રોકત પદ્ધતિએ શેષ-બાકી બધું ત્યજવાપૂર્વક કરાતી ધર્મૈકનિષ્ઠતા-માત્રધર્મતત્પરતા. એમાં પહેલાં વચનક્ષમા (પૂર્વોકિત ઉપકારિ-અપકારી-વિપાક ક્ષમા પછીની ચોથી ક્ષમા) 'શાસ્ત્રાજ્ઞા છે માટે' ક્ષમા ધરવાની, એમ વચનમૃદુતાદિ. એ પછીથી ધર્મક્ષમા, ધર્મમૃદુતા વગેરેને પ્રગટ કરે છે. સાથે સાથે સરલતા, મુક્તિ(નિર્લોભતા) શુદ્ધ બાહ્યાભ્યન્તર તપ, સંયમ, સત્ય (પ્રવૃત્તિમાં અવિસંવાદિતા), શૌચ-બાહ્ય આભ્યન્તર પવિત્રતા, અપરિગ્રહ, સદાગમ (સદર્થ પ્રતિપાદક આગમ)થી વિશુદ્ધ પ્રધાન બ્રહ્મચર્ય,-એમ ૧૦ યતિધર્મનું પાલન. વર્ષ પછી આ અવશ્ય શુક્લ યાને નિરતિચાર બને છે.

એમ ધ્યાનાધ્યયનમાં પહેલાં આસક્તિ, સતત પ્રવૃત્તિ હોય, પછી તન્મયતા થાય. સૂક્ષ્મ બંધ-મોક્ષાદિ પદાર્થના ચિંતનથી સંવેગ વધે અને તત્ત્વપ્રાપ્તિ-તત્ત્વસ્પર્શના થાય. આ સ્પર્શના સફળ હોય છે, બાકી તત્ત્વસંવેદન, તત્ત્વનો ખ્યાલમાત્ર તો નિષ્ફળ પણ હોય તેથી એ ન જાણ્યા જેવું છે.

જેમ રોગગ્રસ્ત મનુષ્ય જરાય કંટાળ્યા વિના વ્યાધિપ્રતિકાર ક્રિયા પ્રયત્નપૂર્વક સારી રીતે કરે છે, એમ ભવરોગગ્રસ્ત દીક્ષિત વિનયાદિરૂપ સત્ સાધુક્રિયા કરે છે.

❖ ❖ ❖

# ષોડશક - ૧૩

## સાધુક્રિયા - મૈત્રી આદિ ૪ના ૧૬ ભેદ

**[1]गुरुविनयः [2]स्वाध्यायो [3]योगाभ्यासः [4]परार्थकरणं च ।**
**[5]इतिकर्तव्यतया सह विज्ञेया साधुसच्चेष्टा ॥**

ગુરુવિનય, સ્વાધ્યાય, યોગાભ્યાસ અને પરાર્થકરણ એ ઈતિકર્તવ્યતા સાથે સાધુની સત્ ક્રિયા છે.

(૧) ગુરુવિનયમાં આ, -પુરુષ-ભૂમિકાની અપેક્ષાએ ઔચિત્ય જાળવીને [1]ગુરુ સાથે વૈયાવચ્ચથી વર્તવું, [2]ગુરુપ્રત્યે સદન્ત કરણરૂપ સકલ કલ્યાણસાધક આંતરપ્રીતિ-વિશેષ-બહુમાન-ભાવ-પ્રતિબન્ધ, (સસંગ-મમત્વ નહિ, એ મોક્ષ પ્રતિકૂળ છે,) [3]ગુરુના અમાપ ઉપકારની કૃતજ્ઞતાવાળું ચિત્ત, [4]ગુર્વાજ્ઞાયોગ, -ગુરુની આજ્ઞામાં ઉત્સાહ અથવા આજ્ઞા સાથે સંબંધ (આજ્ઞા નિષ્ફળ કરવા ન ઈચ્છવું) [5]ગુરુની, ગુરુની-આજ્ઞાની-સત્યકરણતા, એમનું કહેલું બજાવવું.

(૨) **સ્વાધ્યાયમાં**-વિધિપૂર્વક ક્રમશઃ શાસ્ત્રની વાચના-પૃચ્છના-પરાવર્તના-અનુપ્રેક્ષા-ધર્મકથા આવે.

(૩) **યોગાભ્યાસમાં**-આ, -[1]સ્થાન (કાયોત્સર્ગાદિ આસનમુદ્રા), [2]વર્ણ=સૂત્રાક્ષર, [3]અર્થ=સૂત્રપદથી વાચ્ય, [4]આલંબન પ્રતિમાદિનું, અને [5]નિરાલંબન એ પાંચ યોગોની પરિભાવના આવે. પરિભાવના એટલે સર્વતોમુખી અભ્યાસ. એ યોગાભ્યાસ અર્થાત્ યોગાંગ ધ્યાનના અભ્યાસરૂપ છે, એ પરતત્ત્વ-મોક્ષ સાથે આત્માને યોજવા માટે સમર્થ છે.

(૪) **પરાર્થકરણમાં**-શાસ્ત્રવિહિતના આસેવનમાં તત્પર અને પરમાર્થથી મન-વચન-કાયશુદ્ધિવાળા મુનિનાં ભિક્ષાટનાદિ વસ્ત્રપાત્ર ગવેષણાદિ અનુષ્ઠાન આવે. કેમકે એથી સાધુનિમિત્તે ગૃહસ્થને પુણ્યબંધનો લાભ મળે છે.

(૫) **ઈતિકર્તવ્યતા**-એટલે કાલગ્રહણ-સ્વાધ્યાય પ્રસ્થાપનાદિ ક્રિયામાં યતિભાવ-સામાયિકને બરાબર અખંડ રાખે તેવી અનાકુળતા-અવ્યાકુળતા. 'ઈતિ'=એ પ્રમાણે 'કર્તવ્ય' એટલે બસ કર્તવ્ય, એમાં ઊંચાનીચા અસ્થિર નહિ થવાનું. નહિતર સામાયિક સમભાવ ઘવાય. આમ સાધુ સત્ ક્રિયામાં તત્પર અને વિશુદ્ધ અધ્યવસાય-વાળાને જલ્દી મૈત્રી આદિ ચાર ભાવ સિદ્ધ થાય છે. આ ચાર પૈકી દરેક મૈત્રી આદિ પાછી ચાર પ્રકારે છે. એનો વિશિષ્ટસ્વરૂપ લાભ થયે અંતે પ્રકર્ષ પ્રાપ્તિએ મોક્ષ થાય પછી ત્યાં મોક્ષમાં એ ન હોય; કેમકે ત્યાં સાંસારિક ભાવથી મુક્ત શુદ્ધ સ્થિર સ્વરૂપ છે.

૪ **મૈત્રી** :- ઉપકારી-સ્વજન-પરજન-સામાન્ય પ્રત્યે.

૪ **કરુણા** :- મોહવશ, દુઃખીની, સંવેગથી, સર્વાનુગ્રહ.

૪ **મુદિતા** :- સુખમાત્રે-સદ્ધેતુ પ્રત્યે-અનુબંધયુક્ત-પરતત્ત્વ.

૪ **ઉપેક્ષા** :- કરુણાથી અનુબંધસારા-નિર્વેદસારા-તત્ત્વસારા.

**મૈત્રી** :- (૧) પોતાના અમુક ઉપકારી સાથે લોક-પ્રસિદ્ધ મિત્રભાવ; (૨) ઉપકાર વિના પણ સગા છે માટે એના ઉદ્ધારાદિ કરવા રૂપ મૈત્રી; (૩) સ્વજન નહિ છતાં પૂર્વજોએ સ્વીકારેલ પ્રત્યે મૈત્રી; (૪) સામાન્યથી સૌનું હિતચિંતન.

**કરુણા** :- (૧) બીમારની અપથ્યની માગણી-કાલાવાલાથી પીગળી મોહ યાને અજ્ઞાનતાથી તે દેવાની કરુણા જેવી મોહમૂઢ કરુણા; (૨) દુઃખીને અન્ન-વસ્ત્રાદિ આપવારૂપ; (૩) સંવેગ (મોક્ષભિલાષા)થી સ્નેહસંબંધવાળા સુખી પ્રત્યે એના સાંસારિક દુઃખ દૂર કરવાની ઈચ્છા; (૪) બીજા અસંબંધિત પ્રત્યે પણ કેવળજ્ઞાનની જેમ સર્વાનુગ્રહ-તત્પર હિતબુદ્ધિ.

**મુદિતા** :- (૧) સ્વ-પરના વૈષયિક સુખ પર, એનાં સદ્-અસત્ પરિણામના વિચાર વિના તોષ; (૨) હિતમિત આહારના પરિણામની જેમ લોકદૃષ્ટિએ સુંદર પરિણામવાળા સ્વ-પર-સુખના લૌકિક સત્ કારણો (સ્વાદિષ્ટ પથ્ય આહાર જેવા) મળ્યા ઉપર તોષ; (૩) સ્વપરને દેવમનુષ્યભવોની પરંપરાથી પ્રાપ્ત સુખ-પરંપરા, કલ્યાણ-પરંપરા પર તોષ; (૪) મોહક્ષયાદિથી થતા અવ્યાબાધ સુખ પર તોષ.

**ઉપેક્ષા** :- (૧) અપથ્યસેવી બિમારને ન અટકાવતાં કરુણાથી ઉવેખે; (૨) આલસ્યથી અર્થાર્જનમાં અપ્રવર્તતાને આમ તો પ્રવર્તાવે, પણ ક્યારેક પરિણામે અધિક લાભની દૃષ્ટિએ કાલક્ષેપ કરવા યોગ્ય હોય ત્યાં એટલા પૂરતી આળસુની ઉપેક્ષા કરે તે અનુબંધસારા; (૩) વિપાકે નરકાદિ દુઃખ જોઈ નરામરસુખ પ્રત્યે નિર્વેદસારા ઉપેક્ષા; (૪) રાગદ્વેષોત્પાદક તરીકે જડચેતન નહિ પણ સ્વમોહાદિ કર્મ છે; એમ વિચારી પોતપોતાના સ્વરૂપમાં વર્તતા એ સારા-નરસા જડચેતન પ્રત્યે મધ્યસ્થભાવ ધરે, પણ એ સુખ-દુઃખકારી છે એવો ભાવ ન લાવે એ તત્ત્વસારા ઉપેક્ષા.

આ મૈત્રી આદિ ભાવના યોગાભ્યાસીને હોય, પણ નિષ્પન્નયોગીને નહિ; કેમકે એમનું ચિત્ત તો તત્ત્વાભ્યાસથી પરાર્થકારી જ નિર્દોષ જ્ઞાનરૂપ બની ગયું હોય છે. એમનામાં પ્રસન્નતા હોય. **સિદ્ધયોગીના લક્ષણો** :-

**दोषव्यपायः परमा च वृत्तिरौचित्ययोगः, समता च गुर्व्वी ।**
**वैरादिनाशोऽथ ऋतंभरा धीर्निष्पन्नयोगस्य तु चिह्नमेतत् ॥**

તથા, અલંપટતા-આરોગ્ય-અલ્પ મૂત્રપુરીષા શુભગંધ-સૌમ્યસ્વરાદિ કાન્તિ આદિ પ્રસન્નતા હોય.

સિદ્ધયોગીઓને મૈત્રી આદિ વચનાનુસારી સચ્ચારિત્રી શ્રદ્ધાળુને ભાવના

વારંવાર અને પ્રાયઃ અનેક જન્મોના અભ્યાસથી આત્મસાત્ થયેલા હોય.

મૈત્ર્યાદિનું મૂલાધાન (બીજન્યાસ) કુળયોગી આદિને થાય. કુળયોગી એટલે જે યોગીઓના કુળમાં જન્મ્યા હોય, કુળધર્મવાળા હોય, સર્વત્ર અદ્વેષી, ગુરુ-દેવ-દ્વિજપ્રેમી, દયાળુ, વિનીત, બોધવાળા અને જિતેન્દ્રિય હોય. 'પ્રવૃત્તચક્ર' યોગી એટલે રાત્રિ દિવસના અનુષ્ઠાન-ચક્રમાં પ્રવર્તમાન રહે તે.

અતિચાર વિના સેવે તો સિદ્ધિ થાય. એવું સેવન આગમબોધ સહિત ગુરુવિનયથી આવે. એ માટે,

**सिद्धान्तकथासत्संगमश्च मृत्युपरिभावनं चैव ।**
**दुष्कृतसुकृतविपाकालोचनमथ मूलमस्यापि ॥**

સ્વશાસ્ત્રકથા, સત્પુરુષસંપર્ક, અવશ્યંભાવી મૃત્યુનો ખ્યાલ, સુ-કૃ-કૃત્યાનો પરિણામનો વિચાર જોઈએ. આ સહિત ગુરુવિનય એ સર્વયોગમાર્ગનું કારણ છે. વિચક્ષણ પુરુષે સદા એ સિદ્ધાન્તકથાદિમાં પ્રયત્ન રાખવો.

❉ ❉ ❉

## ષોડશક - ૧૪

### ખેદાદિ ૮ દોષ : યોગિચિત્ત

**યોગ ૨,** -સાલંબન અને નિરાલંબન. પ્રતિમાદિના આલંબને પ્રવર્તે તે સાલંબન. સાલંબન ધ્યાનમાં 'જિનરૂપ' યાને સમવસરણાદિમાં રહેલ જિનનું ધ્યાન હોય; નિરાલંબનમાં 'જિનતત્ત્વ' યાને કેવળજ્ઞાનાદિ સ્વરૂપવાળા શુદ્ધ આત્મપ્રદેશ સમૂહનું ધ્યાન હોય. જિનરૂપનું ધ્યાન ચિત્તના ખેદાદિ આઠ દોષ ટાળીને યોગિકુળના ચિત્તથી કરાય. તે આઠ આ,- **'खेदोद्वेगक्षेपोत्थानभ्रान्त्यन्यमुद्रुगासङ्गाः'**

(૧) **ખેદ**=માર્ગમાં થાક્યાની જેમ ઉત્તર પ્રવૃત્તિ રોકનાર પૂર્વ પ્રવૃત્તિનો થાક.

(૨) **ઉદ્વેગ**=કષ્ટસાધ્ય માની અનુત્સાહ.

(૩) **ક્ષેપ**=બીજે સ્થાપેલ ચિત્તની જેમ વચવચમાં ચિત્ત વિક્ષેપ.

(૪) **ઉત્થાન**=મદાવેશની જેમ અપ્રશાન્તવાહિતા.

(૫) **ભ્રાન્તિ**=ક્રિયામાં કર્યા કે ન કર્યાનો ભ્રમ.

(૬) **અન્યમુદ્**=પ્રસ્તુતને મૂકી બીજી વાતનો હર્ષ.

(૭) **રોગ**=ચિત્તને પીડા, કે ભંગ.

(૮) **આસંગ**=આગળ વધતાં રોકે એવી પ્રસ્તુતમાં અતિઆસક્તિ.

આ ખેદ, ઉદ્વેગ, ક્ષેપ, ઉત્થાન, ભ્રાન્તિ, અન્યમુદ્, રોગ અને આસંગ, એ ચિત્તને મલિન, અસ્થિર યા ઉન્નતિને અસમર્થ કરી દે છે, માટે શુદ્ધ સ્થિર સમર્થ ચિત્તે દરેક ધર્મક્રિયા સાધવા સારુ ય આ આઠ દોષ ટાળવાના છે.

(૧) **ખેદ :-** એટલે જેમ લાંબો માર્ગ કાપીને મનુષ્ય થાકી જાય, અને હવે આગળ ચાલવા માટે ઉત્સાહી ન રહે, તેમ પૂર્વક્રિયાની પ્રવૃત્તિથી થાક લાગતાં પછીની ક્રિયા કે ધ્યાનમાં પ્રવૃત્તિ કરવાને આત્મામાં ઉત્સાહ ન હોય, ખેદ હોય, ખિન્નતા હોય. આ ખેદમાં પડેલું ચિત્ત પછીથી ક્રિયા કે ધ્યાનમાં દઢ જ બની શકતું નથી, તેથી ત્યાં સુંદર પ્રણિધાન અર્થાત્ એકાગ્રભાવ-તન્મયભાવ થઈ શકતો નથી. ત્યારે પ્રણિધાન વિના તો ચાલી શકે એમ જ નથી. કેમકે પ્રણિધાન એ, જેમ ખેતીમાં ધાન્યનિષ્પાદક પાણી જરૂરી, તેમ દરેક ધર્મસાધનામાં જરૂરી છે. ખેદના લીધે એ તન્મયતાનો રંગ આવે નહિ. તો ભલે ક્રિયા કે ધ્યાન કરશે, પણ શુભ અધ્યવસાય ક્યાંથી વિકસ્વર થઈ શકવાના ? જો શુભ અધ્યવસાય કમાવવા હોય તો જેમ વેપારી લાભ કરાવનાર આડતિયાની સરભરા બરાબર ઉત્સાહથી કરે છે, તેમ મહાન શુભ અધ્યવસાયનો લાભ કરાવનારી ક્રિયાની ઉપાસના બરાબર રંગથી-ઉત્સાહથી કરવી જોઈએ; ત્યાં ખિન્નતા શા માટે ?

(૨) **ઉદ્વેગ :-** એટલે 'ક્રિયા કષ્ટસાધ્ય છે,' એવી બુદ્ધિથી ક્રિયા કરવામાં થતી સુસ્તી. જો કે ખેદની જેમ કાયાને થાક છે, એવું નથી, છતાં એ સુસ્તીને લઈને ક્રિયા કરવામાં ઉત્સાહ નથી હોતો. અલબત ક્રિયા તો કરે પરંતુ ક્રિયામાં કોઈ ધન-ખર્ચ અથવા સમય બહુ લાગવાનો અથવા શારીરિક વગેરે કષ્ટ લાગવા-કરવાનો ઉદ્વેગ રહ્યા કરે છે. યોગ પ્રત્યે એ અરુચિ છે, અને એ 'વિષ્ટિ'-કુયોગની જેમ એટલો બાધક બને છે કે પછી યોગીના કુળમાં જન્મ ન મળે. અંતરમાં ઉદ્વેગ હોય તો શુભ ભાવોલ્લાસ ક્યાંથી વધે ? ભક્તિથી એ ઉદ્વેગ દોષને ટાળી શકાય છે. જેમ પત્ની પ્રત્યે પ્રીતિ હોવાથી એના માટે કષ્ટસાધ્ય ક્રિયા પણ ઉદ્વેગ વિના કરાય છે તો અહીં પ્રભુની પ્રીતિ-ભક્તિદ્વારા ઉદ્વેગને ટાળીને ધર્મક્રિયા ઉલ્લાસથી કરાય.

(૩) **ક્ષેપ** એટલે ચિત્તની ક્ષિપ્ત અવસ્થા. આ ક્ષિપ્તાવસ્થામાં ખેદ-ઉદ્વેગ નથી, છતાં ચિત્ત જાણે બીજે મુકાયાની જેમ ક્રિયાની વચમાં વચમાં બીજે બીજે ચાલ્યું જાય છે, બીજા-ત્રીજા વિચારમાં ચઢી જાય છે. જેવી રીતે ડાંગરના રોપાને (છોડને) વચમાં વચમાં એક કયારામાંથી ઉખેડીને બીજા કયારામાં રોપે, અને બીજામાંથી ઉખેડી ત્રીજામાં રોપે... તો એ રોપા પર ફળ બેસતું નથી. એવી રીતે ચાલુ ક્રિયામાંથી ચિત્તને બીજે ફેરવ્યા કરવાથી આ ક્રિયામાં સળંગ ચિત્તધારા અર્થાત્ તે ક્રિયાના વધતા અધ્યવસાયની ધારા ચાલી શકતી નથી. વળી બીજા વિચારમાં

ચિત્ત જાય તેને લીધે પ્રસ્તુત ક્રિયાના શુભ ભાવોલ્લાસમાં મન તરત ચઢી પણ શક્તું નથી. પરિણામે યોગનિષ્પત્તિરૂપ પ્રસ્તુત ફળ-સમૃદ્ધિ પ્રાપ્ત થતી નથી.

(૪) **ઉત્થાન** એટલે ચિત્તની અપ્રશાન્તવાહિતા, અસ્વસ્થતા ભર્યું ચિત્ત. જેમ મદોન્મત્ત પુરુષનું ચિત્ત શાંત નથી હોતું, તેમ અહીં પ્રસ્તુત યોગમાં ચિત્ત સ્વસ્થ ન રહે. અલબત પ્રસ્તુત યોગ અંગેના ખેદ-ઉદ્વેગ-ક્ષેપ એ ત્રણ દોષો તો ઊભા ન થવા દીધા હોય, છતાં ગમે તે કારણે જો ચિત્ત અશાંત-અસ્વસ્થ-ઉદાસ રહે છે; તો એ યોગ કરાય છતાં છૂટી જવા જેવો થાય છે. સાધુદીક્ષામાં આવું કોઈને બને છે. દીક્ષા લીધા પછી એને ઉપાદેય સમજવા છતાં મોહના ઉદયે કે કોઈ અમુક રોગ-અશક્તિના કારણે સંયમમાં દોષો લાગે છે, તેથી અહીં ચિત્તઉત્થાન થાય છે. લોકનિંદાના ભયથી દીક્ષાનો ત્યાગ નથી કરતો પરંતુ ત્યાગને યોગ્ય બને છે. ત્યાં એ પોતે જો સમજે કે 'આ સ્થિતિમાં મારામાં સાધુપણું કેવી રીતે કહી શકાય ?' માટે એ 'સંવિગ્ન-પાક્ષિક' એટલે કે સંવેગ-વૈરાગ્યશીલ સાધુના એક પક્ષપાતી તરીકે જીવન જીવે, બીજાની વંદના ન લે; તો તે જીવનમાં વ્રતની અપેક્ષા હોવાનો ગુણ હોવા છતાં સ્ખલનાઓને લીધે દોષ લાગે છે, એટલે અંતરના તેવા પ્રકારના ભાવના હિસાબે ગુણ અને દોષ બંને રહે છે. અથવા મૂળગુણ ઉત્તર ગુણ સર્વથા ન પાળી શકવાને લીધે દંભ ટાળવા કોઈ અજાણ્યા પ્રદેશમાં જવા વગેરેની વિધિ સાચવીને સાધુપણું છોડી શ્રાવકના આચાર પાળે છે. બન્ને સ્થિતિમાં ચિત્ત ચારિત્રપાલનની ક્રિયા વખતે અસ્વસ્થ-અશાંત બન્યું ગણાય; ચિત્તનું ઉત્થાન થયું ગણાય. ઉત્થાનથી ધર્મયોગની ભાવસાધના ઘવાય છે.

(૫) **ભ્રાન્તિ** એટલે ક્રિયાનો અમુક ભાગ કર્યા ન કર્યાની, અમુક સૂત્ર બોલ્યા ન બોલ્યાની, ચિંતવ્યા ન ચિંતવ્યાની ભ્રમણા. દા.ત. વંદન, મુહપત્તિ-પડિલેહણ કર્યાને ન કર્યું માની બેસે, 'નમોત્થુણં' સૂત્ર બોલ્યાને ન બોલ્યું માની બેસે; અથવા કર્યા-બોલ્યાને કે કાઉસ્સગ્ગમાં ચિંતવ્યાને નથી કર્યું, નથી બોલ્યા, કે નથી ચિંતવ્યું, એમ માની બેસે. આવા ભ્રાન્તિદોષથી ચિત્તમાં આટલી ક્રિયા ચોક્કસ કરી એવા સંસ્કાર નથી પડતા; તેથી પ્રસ્તુતયોગ-સિદ્ધિ થતી નથી. શુદ્ધક્રિયા તો કૃત અને અકૃતના, -કર્યું, બોલ્યા, કે ચિંતવ્યું; આટલું નથી કર્યું, નથી બોલ્યા કે આટલું નથી ચિંતવ્યું, -એના સંસ્કારવાળી, ખ્યાલવાળી જોઈએ; તો જ ઈષ્ટ ફળદાયી બને.

(૬) **અન્યમુદ્** એટલે જે ક્રિયા ચાલી રહી છે, તેના બદલે અન્ય ક્રિયાદિમાં આનંદ, વધારે રાગ, આતુરતા વગેરે આ પણ ચિત્તનો દોષ છે, અને તેથી પ્રસ્તુત ક્રિયામાં આદરની ખામી પડે છે, અનાદર સિદ્ધ થાય છે. ક્રિયા પ્રત્યે લેશ પણ અનાદર, એ તો દુઃખદ સંસારનું કારણ બને છે. અનાદરને તો અંગારવૃષ્ટિ સમાન

કહ્યો છે. એથી ક્રિયામાં અતિ જરૂરી પ્રમોદભાવ-હર્ષોલ્લાસ બળી જાય છે, અને તેનું મોટું નુકશાન છે. દા.ત. કોઈને સ્વાધ્યાય ઉપર બહુરાગ છે; તેથી ચૈત્યવંદનાદિ કરતી વખતે પણ એમાં ઉપયોગ ન રાખતાં સ્વાધ્યાયનો હર્ષ, સ્વાધ્યાયની મઝા-આતુરતા રાખે, તો અહીં અન્યમુદ્ દોષ લાગે. એથી ફળનો ઘાત થાય છે. શાસ્ત્રે કહેલા વિવિધ અનુષ્ઠાનોમાં એવો ભેદભાવ નથી કે એકના ઉપર આદર-આસક્તિ રાખવી અને બીજા પર ન રાખવી; શાસ્ત્રોક્ત સર્વ યોગો પર આદર જોઈએ; તો જ શુભ ભાવ ટકે. બીજું અનુષ્ઠાન ભલે સુંદર હોય, પરંતુ એક અનુષ્ઠાનના રાગ-આદરના ભોગે બીજાના ઉપર રાગ-આદરભાવ રાખવો એ આજ્ઞા વિરુદ્ધ થવાથી શુભ ભાવ નથી.

(૭) **રોગ** એટલે ચિત્તની પીડા અથવા ચિત્તભંગ, એ પણ ચિત્તનો દોષ છે. વળી એ સમ્યગ્ અનુષ્ઠાનપણાનો નાશ કરે છે. તેથી ક્રિયા કરવા છતાં ઈષ્ટફળ સિદ્ધ થતું નથી. કર્મોદયથી ચિત્ત પીડા હોય તો પણ પુરુષાર્થથી એ ટળી શકે છે. સાધકે શક્તિ ફોરવીને, એ ચિત્તની પીડા ટાળવી જોઈએ, ચિત્તભંગ ન થવા દેવો જોઈએ. પીડા ઊભી કરનારા નિમિત્તોથી આઘા રહેવું જોઈએ, અને એવું પ્રબળ ભાવનાબળ વારંવાર અભ્યાસ કરીને વધારવું, કે ન ટાળી શકાય એવા વિપરીત સંયોગોમાં ચિત્ત પીડા ન પામે. ક્રિયાના લોભમાં આ દોષ ટાળવાનું લક્ષ ન રાખે એ અપરાધ છે.

(૮) **આસંગ** એટલે આસક્તિ. એ આસક્તિથી એમ લાગ્યા કરે છે કે 'આ જ ક્રિયા સુંદર છે,' ને તેથી એમાં જ વારંવાર પ્રવર્તવાનું મન થાય, અગર એટલાં જ ભાવમાં અટકી રહેવાનું થાય. અલબત અમુક અવસ્થા સુધી ધર્મયોગ પર અથાગ રાગ જોઈએ જ; તો જ પાપપ્રવૃત્તિના રાગ છૂટી શકે; છતાં એ કોઈ એક ધર્મયોગ પર એવો આસક્તિરૂપ ન જોઈએ કે એ ધર્મ-ધર્મયોગ બીજા ધર્મયોગને બાધ કરે, અગર એજ નીચેની કક્ષાના ધર્મયોગમાં અટકાવી રાખે. એવો આસંગદોષ મૂળમાંથી ત્યારે ટળે કે જ્યારે અસંગ-અનુષ્ઠાન સિદ્ધ થાય. આસંગ ટળે તો જ મોહનું ઉન્મૂલન થઈને વીતરાગતા આવી કેવળજ્ઞાન પ્રગટે. માટે જ 'આ જ ધર્મયોગ સુંદર' એવો આસંગ-આસક્તિ એ શાસ્ત્રવિહિત નથી. અનેકવિધ તથા ઉચ્ચતર ઉચ્ચતર ધર્મયોગોને કર્તવ્ય તરીકે બતાવનારાં શાસ્ત્ર કેવી રીતે એક જ ધર્મયોગને સુંદર તરીકે પ્રરૂપે ? કેમ જ એકમાં જ આસક્ત થવાનું કહે ? એ તો એ જ કહે કે આવશ્યક ધર્માનુષ્ઠાનો અસંગસક્તિને યોગ્ય છે, અર્થાત્ અંધ આસક્તિથી રહિત સતત સાધનાને યોગ્ય છે. જેથી એના સતત અભ્યાસે ઉપર ઉપરની કક્ષાની સાધના પ્રાપ્ત થતી જાય. એકમાં જ આસક્તિ રહ્યે આ ન બને. એનો અર્થ એ

કે વિના અંધ આસક્તિએ, સાધેલ અનુષ્ઠાન સફળ થાય; પણ આસંગવાળું અનુષ્ઠાન ઈષ્ટ ફળ ન લાવી શકે.

**યોગીનું ચિત્ત** [1]ખેદાદિ આઠ દોષ ટાળી, [2]શાંત-ઉદાત્ત-ધીર-ગંભીરાદિ ભાવવાળું, સદા [3]પરાર્થપરાયણ, [4]સંક્લેશરહિત, [5]સુસ્વપ્નદર્શનપ્રવૃત્તિ, અને [6]ગુણ-સમૂહપ્રવાહોલ્લાસી હોય. એ કલ્પવૃક્ષનાં બીજ જેવું શુભોદયવાળું બને છે. આવું ચિત્ત પ્રવૃત્તચક્ર (રાત્રિ-દિવસના અનુષ્ઠાનસમૂહમાં પ્રવર્તમાન) યોગીને હોય, અને પ્રસ્તુત ધ્યાન પણ એનું પ્રશસ્ત હોય.

ધ્યાન પવિત્ર એકાંત દેશમાં કાયયોગના સંયમપૂર્વક [1]કાયોત્સર્ગરૂપે અથવા [2]પર્યંકબંધ-આસનથી થાય. તે નિર્મળ ચિત્તને આગમાનુસારે જિનેન્દ્ર ભગવાનમાં સ્થાપી 'સ્પર્શવિધથી' યાને તત્ત્વજ્ઞાનના સંસ્કારથી અને તે વિષયમાં સિદ્ધ યોગીઓના સ્મરણ વ્યાપારવડે થાય, એ સમ્યગ્ ધ્યાન બને. જે યોગી જે કર્મમાં સિદ્ધ થયા હોય તેમનું સ્મરણ તે સાધનામાં ઈષ્ટ ફળનું સાધક બને છે.

❈ ❈ ❈

## ષોડશક - ૧૫

### સાલંબન-નિરાલંબન ધ્યાન : પરાપરતત્ત્વ

ચિત્ત જિનેન્દ્ર ભગવાનમાં સ્થાપવાનું કહ્યું. ત્યાં ભગવાનનું ધ્યાન આ રીતે કરવાનું.

**[1]सर्वजगद्धित-[2]मनुपम-[3]मतिशयसंदोह-[4]मृद्धिसंयुक्तम् ।**
**ध्येयं जिनेन्द्ररूपं [5]सदसि गदत् [6]तत्परं चैव ॥१॥**
**[7]सिंहासनोपविष्टं [8]छत्रत्रय-[9]कल्पपादपस्याधः ।**
**[10]सत्त्वार्थसंप्रवृत्तं देशनया [11]कान्तमत्यन्तम् ॥२॥**
**[12]आधीनां परमौषध-[13]मव्याहत-[14]मखिलसंपदां बीजम् ।**
**[15]चक्रादिलक्षणयुतं [16]सर्वोत्तम-पुण्यनिर्म्माणम् ।**
**[17]निर्वाणसाधनं मुनि [18]भव्यानामग्र्य-[19]मतुलमाहात्म्यम् ॥३॥**
**[20]सुरसिद्धयोगिवन्द्यं [21]वरेण्यशब्दाभिधेयं च ॥४॥**

અર્થાત્ ધ્યાનમાં **જિનેન્દ્રભગવાન કેવા ચિંતવવા ?** તો કે,- આવું જિનેન્દ્રરૂપનું ધ્યાન કરવું.

(૧) સદુપદેશથી સર્વનું હિત કરનાર.

(૨) શરીરાકૃતિ-સૌંદર્યાદિ અનુપમ.

(૩) ૩૪ અતિશયોથી સંપન્ન અથવા અતિશયોને પૂરનાર.

(૪) ક્ષીરાસ્રવાદિલબ્ધિસંપન્ન.

(૫) બાર પર્ષદામાં સર્વજીવ પરિણામિની ભાષાથી બોલતા.

(૬) ધર્મકાય (તીર્થંકરપણાની) અવસ્થાની ઉપર તત્ત્વકાય (મોક્ષ) અવસ્થાવાળા.

(૭) રત્નસિંહાસને બિરાજમાન.

(૮) ત્રણ છત્રયુક્ત. (૯) કલ્પવૃક્ષ નીચે બેઠેલા.

(૧૦) દેશનાથી જીવોના હિતમાં થાક્યા વિના પ્રવર્તમાન.

(૧૧) અત્યન્ત મનોહર.

(૧૨) શારીરિક માનસિક પીડાને હરનાર ઔષધરૂપ.

(૧૩) વ્યાઘાત-ઉપઘાતથી રહિત. (૧૪) સર્વસંપત્તિનું બીજ.

(૧૫) ચક્ર-સ્વસ્તિકાદિ-લક્ષણ યુક્ત. (૧૬) સર્વોત્તમ પુણ્યથી નિષ્પન્ન.

(૧૭) મોક્ષપ્રાપક. (૧૮) ભવ્યોમાં પ્રધાન.

(૧૯) અતુલ પ્રભાવવંત.

(૨૦) સુર વિદ્યામંત્રસિદ્ધ અને યોગબલસંપન્ન યોગીઓથી વંદનીય-સ્તવનીય.

(૨૧) વરેણ્ય શબ્દથી વાચ્ય, અર્થાત્ શ્રેષ્ઠ પ્રવર.

આ જિનેન્દ્રધ્યાનનો એવો પ્રભાવ છે કે એ બરાબર પરિણતપક્વ-સાત્મીભૂત થાય ત્યારે જીવ ૧ ક્ષીણપાપ, ૨ મોક્ષનિકટ, ૩ શુક્લજ્ઞાનોપયોગવાળો, અને ૪ મોહરહિત બને છે. ધ્યાનની પૂર્વભૂમિકા અને પાર્શ્વભૂમિકા સાથે જ જિનેન્દ્રધ્યાન ઉક્ત વિશેષતાઓને આગળ કરીને વારંવાર કરાય ત્યારે એ સમ્યક્ પરિણત થાય છે.

પરિણત થાય એટલે યોગાવંચક-ક્રિયાવંચક પછીનો ફલાવંચક યોગ પ્રાપ્ત થાય; અને તેથી મતિ-પ્રતિભા એવી વિકસ્વર બને છે કે એથી આત્મા તત્ત્વદૃષ્ટિ-તત્ત્વદર્શનવાળો બને છે.

તત્ત્વ બે પ્રકારે,-અપર અને પર. એવો નિયમ છે કે ધ્યાનના પ્રભાવે પહેલાં અપર તત્ત્વ પ્રગટ થાય, પછી ધ્યાનબળ વધતાં એ અપરતત્ત્વદર્શન પરતત્ત્વદર્શનમાં પરિણમે. એ હિસાબે પ્રસ્તુતમાં સાલંબન ધ્યાન પરિણત થયેથી અપરતત્ત્વ જે સમવસરણસ્થ જિનેન્દ્ર પરમાત્માનું રૂપ એનું મતિ-પ્રતિભાવિશેષથી દર્શન સિદ્ધ થાય; પછી ક્રમશઃ નિરાલંબન ધ્યાનથી પર તત્ત્વ મુક્તિસ્થ સિદ્ધપરમાત્મરૂપનું દર્શન સિદ્ધ થાય.

આ અરૂપી સિદ્ધપરમાત્મરૂપનું દર્શન થયું એટલે તો સર્વવસ્તુનું દર્શન થયું. કેમકે અમૂર્ત દ્રવ્યનું દર્શન સર્વાવગાહી બને છે. એ સિદ્ધસ્વરૂપ સદ્ભૂત, સત્ય

તાત્ત્વિક છે; કર્મમળના ઉપદ્રવથી તો સંસારી જીવનું સ્વરૂપ વિકૃત હોય છે. સિદ્ધસ્વરૂપ ઉત્કૃષ્ટ બ્રહ્મ છે, કેમકે એનાથી બૃહત્-મોટું કાંઈ છે જ નહિ.

આવા પરતત્ત્વદર્શનને પમાડનાર નિરાલંબન ધ્યાન પણ, જગતની વિશેષ વસ્તુ કરતાં, અધિક સુંદર છે. એ ધ્યાન ક્ષપકશ્રેણીના દ્વિતીય અપૂર્વકરણમાં પ્રગટતા સામર્થ્યયોગથી પ્રાપ્ત થાય છે. પરંતુ એ માટે પહેલાં પરતત્ત્વની **દિક્ષા**-દર્શનાકાંક્ષા અને અસંગસક્તિ હોવી જોઈએ. 'અસંગ' એટલે આસંગ-આસક્તિ-અવિષ્વંગ નહિ, કેમકે 'આસક્તિ' જીવને એટલામાં જ અટકાવી દે છે. માટે અનાસક્તિ જોઈએ. સાથે 'સક્તિ' એટલે અસ્ખલિત સતત પ્રવૃત્તિ જોઈએ. નિરાલંબન ધ્યાનના અનાસક્ત અવિરત પ્રવૃત્તિપ્રવાહથી ઈષ્ટ પરતત્ત્વ દર્શન થાય. બસ પછી નિરાલંબન ધ્યાન ન રહે. કેમકે વસ્તુનું સાક્ષાત્ દર્શન થયે એનું ધ્યાન કરવાનું કાંઈ રહે નહિ. અહીં ધ્યાન કરતાં કરતાં કેવળજ્ઞાન પ્રગટ થયું એ સાલંબન યાને સવિષયક હોઈ પરતત્ત્વ-વિષયક હોય છે, નિરાલંબન નહિ. ત્યારે ધ્યાન નિરાલંબન એટલા માટે હતું કે એ અરૂપી પરતત્ત્વના દર્શનના ઉદ્દેશથી પ્રવૃત્ત થયેલું છતાં એમાં હજી પ્રતિષ્ઠિત નથી, અરૂપી પરતત્ત્વને આબેહૂબ વિષય કરી શકતું નથી.

પ્ર. : એમ તો પહેલાં અપરતત્ત્વદર્શનના ઉદ્દેશથી, પ્રવર્તેલું ધ્યાન પણ અપરતત્ત્વદર્શન નથી થયું ત્યાંસુધી અપરતત્ત્વમાં પ્રતિષ્ઠિત નથી તો પછી એને પણ નિરાલંબન કેમ કહેતા નથી ? અને જો કહો કે દર્શન થયું છે તો પછી ધ્યાન કરવા જેવું કાંઈ રહે નહિ.

ઉ. : એમાં પ્રતિમાદિનું આલંબન હોય છે, તેથી ત્યાં 'અપરતત્ત્વ' સમવસરણસ્થ જિનેન્દ્ર-રૂપ સામાન્યથી દૃષ્ટ છે; વિશેષથી દૃષ્ટ નથી એના માટે ધ્યાનની પ્રવૃત્તિ છે. એમાં પ્રતિમામાં અપરતત્ત્વ જિનેન્દ્ર દેહની આકૃતિરૂપે સદૃશતા હોઈ પ્રતિમા દ્વારા પરંપરાએ અપરતત્ત્વ આલંબન પડે છે. તેથી એ ધ્યાન સાલંબન છે. જ્યારે, નિરાલંબન તો પરતત્ત્વની દિદક્ષાવાળું એટલે અરૂપી પરતત્ત્વદર્શનના-કાંક્ષાથી પ્રવૃત્ત હોઈ, અને રૂપી પ્રતિમામાં 'પરતત્ત્વ' જ્ઞાનમય અરૂપી શુદ્ધાત્માની કોઈ અદૃશતા ન હોઈ, એ ધ્યાનમાં પરતત્ત્વ સાક્ષાત્ તો શું પણ પરંપરાએ કોઈ રીતે દૃષ્ટ બનતું નથી, આલંબન તરીકે આવતું નથી, માટે એ નિરાલંબન છે.

નિરાલંબન ધ્યાન એ સર્વોત્તમ યોગ કૈવલ્યયોગની પૂર્વે નજીકમાં જન્મે છે; અને એનાથી, બાણ-પતનથી લક્ષ્યવેધની જેમ, સંપૂર્ણ પરતત્ત્વદર્શન ઉત્કૃષ્ટ જ્યોતિરૂપ કેવળજ્ઞાન સાથે પ્રગટ થાય છે. અચૂકવેધી ધનુર્ધર લક્ષ્ય તરફ બાણ તાકે એમાં જ્યાં સુધી બાણ છોડ્યું નથી ત્યાં સુધી અચૂક કાર્યકારી તૈયારી હોય છે. એના સમાન નિરાલંબન ધ્યાન છે. પછી તરત બાણ છોડવા ભેગો લક્ષ્યવેધ કરે એની

માફક અહીં આ ધ્યાન પછી તરત પરતત્ત્વ દર્શન પ્રગટ કરે છે.

એ દર્શન પૂર્ણ 'પરતત્ત્વ'-આત્માનું સર્વ સ્વ-પર પર્યાયો સહિત જ હોય છે. તેથી ત્યાં સમસ્ત પર પદાર્થો પણ દૃષ્ટ બને છે. કોઈ જ વસ્તુનું અજ્ઞાન નહિ, કેવળ જ્ઞાન જ જ્ઞાન. માટે આને કેવળજ્ઞાન કહે છે. એ [૧]આત્મામાં રહેલું, [૨]ત્રિલોકના સમસ્ત જ્ઞેય જીવ-અજીવનાં સંપૂર્ણ સ્વરૂપનું પ્રકાશક, [૩]ગમનાદિ ક્રિયા રહિત નિષ્ક્રિય, [૪]પરમ આનંદવાળું, [૫]સર્વ અતીત-અનાગત-વર્તમાન વસ્તુનું બોધક, [૬]સમર્થ અને [૭]શાશ્વત કાળ રહેનારું હોય છે.

પ્ર. : અતીત-અનાગત વસ્તુ તો વિદ્યમાન જ નથી, એટલે કોઈ વસ્તુ જ નથી, પછી એનું દર્શન શું ?

ઉ. : વસ્તુ કાંઈ માત્ર વર્તમાન એક પર્યાય સાથે સંબદ્ધ સ્વરૂપ નથી; કેમકે એમ હોય તો તો એ, ક્ષણમાત્ર રહેનાર હોઈ, ક્ષણ પછી નષ્ટ, એટલે વર્તમાન વસ્તુમાત્ર ખત્મ ! બીજી ક્ષણે આનું કશું જ અવશિષ્ટ નહિ ! તેમજ પૂર્વ ક્ષણનું પણ આ જ રીતે કશું જ આમાં ઊતરી આવેલું નહિ ! પરંતુ જગત આ રીતનું નથી. વર્તમાન વસ્તુ અમુક રૂપે પૂર્વે હતી જ, અને ભવિષ્યમાં પણ ચાલે જ છે. કહો, વસ્તુમાત્ર સકલ અતીત-અનાગત-વર્તમાન અનંત પર્યાય સાથે એકાકાર-સંબદ્ધરૂપ છે. સમસ્ત અતીત અનાગત વસ્તુ-અવસ્થાઓ વર્તમાન વસ્તુઓના જ પર્યાયરૂપ છે. પર્યાય વસ્તુનું જ સ્વરૂપ છે, એટલે વસ્તુ અનંત ત્રિકાલપર્યાય સાથે એકરૂપ કહેવાય. એ બધા પર્યાયોને લઈને જ વસ્તુનું અખંડ સંપૂર્ણ સ્વરૂપ બને, અતીતાનાગત વિના માત્ર વર્તમાનને લઈને નહિ. વર્તમાનની જેમ અતીત-અનાગત બધા જ વસ્તુસ્વરૂપની અંતર્ગત ગણાય. તેથી જે જ્ઞાનપ્રમાણ વસ્તુનું અખંડ સ્વરૂપ અવગાહે એણે અતીત-અનાગત પર્યાય અવગાહ્યા જ હોય. નહિતર જો અતીત તો નષ્ટ હોય વસ્તુ જ ન હોય, તો તો એનું સ્મરણજ્ઞાન, પ્રત્યભિજ્ઞાન વગેરે પણ ન થઈ શકે. પણ થાય તો છે જ. માટે અતીત પણ વસ્તુ સત્ છે, એ વિના વસ્તુનું અખંડરૂપ ન બને. એને અવગાહનારું કેવળજ્ઞાન એ પરાપર યોગ યાને સાલંબન-નિરાલંબન યોગનું ફળ છે. એ થયેથી દિદક્ષા-દર્શનાકાંક્ષા નિવૃત્ત થાય છે.

## આ પરતત્ત્વ કેવું છે ?

૧. તનુ-કરણાદિ રહિત, કોઈ જ શરીર-ઈન્દ્રિય-મન-યોગ-અધ્યવસાયસ્થાન આદિ વિનાનું.

૨. અચિંત્ય જ્ઞાનાદિગુણગુણવાળું. ૩. અદૃશ્ય હોઈ સૂક્ષ્મસ્વરૂપવાળું.

૪. ત્રૈલોક્યશિરે રહેલ, સર્વોપરિ. ૫.જન્માદિ ક્લેશરહિત.

૬. પ્રધાનજ્યોતિ (પ્રકાશ)રૂપ. ૭. દ્રવ્ય:ભાવ અંધકાર વિનાનું.

૮. નિર્મળ ભાસ્વર રૂપ (દૃષ્ટાન્ત માત્રથી).
૯. અક્ષર, સ્વભાવથી ચ્યુત નહિ થનાર. ૧૦. બ્રહ્મ બૃહત્-બૃંહકય
૧૧. નિત્ય-ધ્રુવ-શાશ્વત. ૧૨. (કર્મ યા સત્ત્વાદિ) પ્રકૃતિ રહિત.
૧૩. લોકાલોકજ્ઞાતા. ૧૪. નિસ્તરંગ મહોદધિતુલ્ય.
૧૫. અસ્પર્શ (મૃદુ આદિ ૮ રહિત). ૧૬. અગુરુલઘુ.
૧૭. શરીર-માનસબાધારહિત. ૧૮. પરમ આનંદથી યુક્ત.
૧૯. સંગરહિત સ્તુતિનિન્દાદિમાં અવિકાર્ય.
૨૦. ભવ્યત્વ-અસિદ્ધત્વ-યોગસહવર્તિ ચારિત્રાદિ કલા રહિત. ૨૧. સદાશિવ.
૨૨. આદ્ય પ્રધાન (અનાદિ પ્રવાહની અપેક્ષાએ). ૨૩. નિરંજનાદિ.

## ષોડશક - ૧૬

### બંધ-મોક્ષની ઉપપત્તિ માટે ૩ જરૂરી વસ્તુ

પરતત્ત્વનાં દર્શન પછી સમરસાપત્તિ (વેદાન્તિકથિત પરમાનંદ) પ્રગટે છે. આજ ઈતરકલ્પિત અવિદ્યારહિત અવસ્થા છે, પરમાત્મશબ્દથી વાચ્ય અને રાગાદિવર્જિત અવસ્થા છે.

વૈશેષિકો કહે છે તેમ બુદ્ધિ-સુખ-દુ:ખ-ઈચ્છા-દ્વેષ-પ્રયત્નરૂપ વિશેષ ગુણથી રહિત, પણ તે સર્વથા જ્ઞાનાદિરહિત નહિ કિન્તુ અશુદ્ધ જ્ઞાનાદિથી રહિત આ અવસ્થા છે. એટલે અંશે નિર્ગુણ મુક્તિ કહેવાય, પણ વેદાન્તિમાન્ય સર્વથા નિર્ગુણ મુક્તિ નહિ.

વળી એમાં અખંડ શુદ્ધ જ્ઞાન-સુખાદિમાં અન્વયી (સાંકળરૂપ) આત્મદ્રવ્યનું અવસ્થાન છે, કિન્તુ બૌદ્ધો કહે છે તેમ, સર્વથા બુઝાઈ-નષ્ટ થયેલ દીવા જેવી તુચ્છ મુક્તિ નહિ. કેમકે એમાં તો જો આત્મા જ નષ્ટ, તો આત્માને સદોષતા મટી નિર્દોષતા જેવી કોઈ વિલક્ષણતા પ્રાપ્ત થવાનું રહે નહિ; તો પુરુષાર્થનું ફળ શું ?

એટલે કેટલાક બૌદ્ધોને માન્ય સર્વથા સંતાનોચ્છેદરૂપ મુક્તિ અને બીજા બૌદ્ધોને માન્ય શુદ્ધ ક્ષણોત્પત્તિસ્વરૂપ મુક્તિ અસંગત અઘટિત બને છે. પહેલામાં, સ્વનાશ માટે કોણ યત્ન કરે ? બીજામાં, વચમાં સાંકળરૂપ (અન્વયી) દ્રવ્ય વિનાની શુદ્ધ ક્ષણ એ મુક્તિ હોય તો અન્યોન્યની મુક્તિનો શંભુમેળો થાય.

બાકી પશુત્વ (અજ્ઞત્ત્વ)નો નાશ, દુ:ખનો અંત, ભૂત (પૃથ્વ્યાદિ)નો આત્યન્તિક વિયોગ, વગેરે અન્યકલ્પિત મુક્તિ પરતત્ત્વ-દશામાં જ ઘટી શકે, બીજે નહિ.

ઈતર દર્શનોએ કલ્પેલી એ વિવિધ મુક્તાવસ્થા તો જ ઘટી શકે જો (૧) આત્મા પરિણામીસ્વરૂપવાળો હોય, માળાના મણકાઓની જેમ ભિન્ન ભિન્ન પલટાતી અવસ્થાઓમાં અન્વયી (એક સંબદ્ધ દોરારૂપ) હોય પણ એકાંત ક્ષણિક કે એકાંત નિત્ય નહિ; તેમજ (૨) અવિદ્યા અદૃષ્ટ-સંસ્કારાદિ તત્ત્વ વસ્તુસત્ અને અલગ અર્થાંતરભૂત હોય, પણ કલ્પિત યા એકાન્તે આત્મસ્વરૂપ નહિ. એટલું જ નહિ કિન્તુ (૩) આત્મા સાથે એ અર્થાન્તરભૂત અવિદ્યાદિ વસ્તુનો સંબંધ થવાની વિવિધ યોગ્યતા પણ આત્મામાં હોય; દા.ત. કર્મપુદ્ગલગ્રાહકતા-સ્વભાવ, તથા ભવ્યત્વ સ્વભાવ વગેરે. વિવિધ નહિ પણ એક જ સ્વભાવ હોય તો કોઈ તીર્થ સિદ્ધ, કોઈ અતીર્થ સિદ્ધ વગેરે ભેદ ન પડે.

જો આ ત્રણ હકીક્ત ન હોય તો વાસ્તવિક અકાલ્પનિક-અનુપચરિત-મુખ્ય સંસાર-મોક્ષ ઘટી શકે નહિ; જેમકે વેદાન્તિમાન્ય વાસ્તવ ભૂતશૂન્ય પુરુષાદ્વૈત-એક જ શુદ્ધ, બ્રહ્મ કે વાસ્તવવાસનારહિત બૌદ્ધમાન્ય વિજ્ઞાનસ્વલક્ષણ માત્રમાં અગ્નિ-પાણી-પૃથ્વી જેવા પણ પરમાર્થથી જે દુઃખાનુભવકારક પ્રત્યક્ષસિદ્ધ છે, તેમ ભયંકર રાગ-દ્વેષ-મોહ જે તીવ્રસંક્લેશરૂપે અસત્ પ્રવૃત્તિકારક તરીકે અનુભવસિદ્ધ છે, એ શુદ્ધ અદ્વૈત માનનારા વેદાન્તી અને બૌદ્ધને વાસ્તવિક પદાર્થ વસ્તુ ક્યાંથી રહેશે ? પુરુષમાત્ર કે બોધ (વિજ્ઞાન) માત્ર જ તત્ત્વ હોય તો ભવ અને ભવવિગમ શું ? એ બધું એમને વાસ્તવિક તો શું કિન્તુ કાલ્પનિક પણ નહિ ઘટે; કેમકે કલ્પના પણ વિકલ્પરૂપ એટલે એક વાસ્તવિક વસ્તુસ્થિતિ છે, ને અદ્વૈતવાદમાં તો શુદ્ધ નિર્વિકલ્પ બ્રહ્મને છોડી એવી કોઈ બીજી સત્ વસ્તુ જ ન હોય; તેમ કોઈ વાસ્તવ સત્ કારણ વિના એ બને પણ નહિ. ત્યારે એ બધું જો અદ્વૈત રૂપ જ હોય તો એનો કદી અભાવ જ ન થાય; તેમજ કારણ વિના જ થતું હોય તો તો માનેલા મોક્ષમાં ય થાય ! એથી સંસાર મોક્ષ સરખા ! સારાંશ બુદ્ધિમાનોએ શાંતચિત્તે ભવ અને ભવવિયોગમાં કારણભૂત તરીકે પરિણામી આત્મા વાસ્તવ કર્મ અને તથા ભવ્યત્વાદિ એ ત્રણે માનવાજ જોઈએ.

જે આગમમાં તાત્પર્ય-શુદ્ધ હોય એ શુદ્ધ આગમ છે. એ ન હોય એ શુદ્ધાગમનો એકદેશ કોઈ અન્ય આગમ સંભવી શકે, પણ મૂળ આગમ નહિ; એકદેશ એટલા માટે કે એમાં મૂળ આગમના વિષયનું જ અન્યરૂપે ગ્રહણ થયું છે. એકદેશભૂત આગમાન્તર પર દ્વેષ નહિ કરવો, કિન્તુ પ્રયત્નપૂર્વક એના અભિધેય-જ્ઞેય વિષયની ગવેષણા-જાંચ કરવી, અને તેના અર્થની અનુપપત્તિ-અસંગતિ કેમ હટાવાય એવો પ્રયાસ કરવો. ગુણગ્રહણરસિક આત્માઓ પરવચનની અસંગતિ દૂર કરવામાં તત્પર રહેવાવાળા હોય છે. માટે પરવચનની મૂળાગમની સાથે એક

વાક્યતા મળે તો મેળવી એનું ઉપપાદન કરવું. માટે તો એ જ રીતે સમ્યગ્દૃષ્ટિથી પરિગૃહીત મિથ્યાશ્રુત પણ સમ્યક્શ્રુત બને છે. અલબત એ આગમાન્તરમાં મૂળ આગમ-પ્રવચનથી જુદું જ હોય તે બધું પ્રમાણભૂત સત્ વચન નથી. પ્રવચનને અનુસારી હોય તે તો સત્ જ છે.

આ દ્વેષ ન કરવાનું કહ્યું એનું કારણ એ કે તત્ત્વમાં પ્રવૃત્તિ અષ્ટાંગિકી હોઈ એ અષ્ટાંગમાં અદ્વેષ પ્રથમ છે. આઠ અંગ આ,-

**अद्वेषो जिज्ञासा शुश्रूषा श्रवण बोध-मिमांसाः ।**

**परिशुद्धा प्रतिपत्तिः प्रवृत्तिरष्टाङ्गिकी तत्त्वे ॥**

**અદ્વેષ**=તત્ત્વ પર અપ્રીતિનો ત્યાગ, **જિજ્ઞાસા**=તત્ત્વજ્ઞાનની ઈચ્છા. **શુશ્રૂષા**= તત્ત્વ સાંભળવાની ઈચ્છા. શ્રવણ-બોધતત્ત્વ સંબંધી, **મીમાંસા**=તત્ત્વની સદ્ વિચારણા, શુદ્ધ **પ્રતિપત્તિ**='આ આમ જ છે' એવો વિશુદ્ધ તત્ત્વનિર્ધાર, **પ્રવૃત્તિ** =તત્ત્વનું અનુષ્ઠાન.

સૂક્ષ્મ પ્રજ્ઞાથી આ ગ્રન્થોક્ત ભાવોનો હૃદયગત ભાવાર્થ સારી રીતે વિચારી કુશળના કારણભૂત સદ્ અનુષ્ઠાનમાં પ્રવૃત્તિ કરવી. સત્ પુરુષોનો આ જ અવિચલિત માર્ગ છે, બીજો નહિ. આ ભાવો પ્રવચન-દ્વાદશાંગીમાંથી ઉદ્ધરેલા છે, જુદા ગોઠવ્યા છે; તે પણ મંદબુદ્ધિ જીવોના હિત માટે અને પોતાની અનુસ્મૃતિ માટે, એનું ફળ ભવવિરહ છે.

**धर्म श्रवणे यत्नः सततं कार्यो बहुश्रुतमसीपे ।**

**हितकांक्षिभिर्नृसिंहैर्वचनं ननु हारिभद्रमिदम् ॥**

સ્વહિતેચ્છુ ઉત્તમ પુરુષોએ બહુશ્રુત સમીપે શ્રુત-ચારિત્ર-ધર્મ સાંભળવા સતત ઉદ્યમી રહેવું, એવું આ મનોહર ભદ્ર આગમવચન છે. આચાર્ય શ્રી હરિભદ્રસૂરિનું કથન છે.

(આ શાસ્ત્ર અને એની વૃત્તિ ગંભીર છે. એને અહીં ગુર્જર ભાષામાં સ્પષ્ટ કરતાં મતિમાન્દ્યથી જિનાગમ-વિરુદ્ધ કાંઈ લખાયું હોય તેનો મિચ્છામિ દુક્કડં.)

# ગણધરવાદ

**પ્રથમગણધર - શ્રી ઈન્દ્રભૂતિ : જીવન સંબંધી સંદેહની ચર્ચા ભુવનભાનુ એન્સાઈક્લોપીડિયા ભાગ-૧૧ માં પેજ નં. ૧૮૮ થી ૨૫૦ પાનામાં આપેલ છે. જીજ્ઞાસુઓ તેમાંથી વાંચન કરી પોતાની જિજ્ઞાસા તૃપ્ત કરે.**

## બીજા ગણધર શ્રી અગ્નિભૂતિ : કર્મ (ભાગ્ય) સંબંધી ચર્ચા

**અગ્નિભૂતિનો ભ્રાતૃપ્રેમ :-** ઈન્દ્રભૂતિજીને દીક્ષિત થયેલા સાંભળી એમના બીજા ભાઈ બ્રાહ્મણ અગ્નિભૂતિ પંડિતને સળવળાટ થયો. એટલું જ નહિ પણ ગુસ્સો આવ્યો. એ વિચારે છે કે "અહો ! આ જગતમાં અજેય એવા મારા ભાઈને વળી જીતનારો અને જીતીને પાછા ત્યાં જ બેસાડી દેનારો કોણ મળ્યો ? મને તો લાગે જ છે કે એ કાંઈ સીધેસીધા વાદથી બન્યું જ ન હોય. મારા ભાઈને વાદમાં હરાવી શકે એવો કોણ છે આ જગત પર ? આ તો જરૂર કોઈ ઈન્દ્રજાળીયો હશે, કંઈક માયા કરી ભાઈને ફસાવ્યા હશે ! પણ હવે તો હું જાઉં છું; બરાબર સાવધાની રાખી એ માયાજાળમાં ન ફસાતાં, વાદમાં એ વાદીને હરાવું છું, અને મારા ભાઈને પણ છોડાવી લાઉં છું."

અહીં ખૂબી એ છે કે આમ તો પોતે પોતાની જાતને સર્વજ્ઞ માને છે છતાં મોટા પ્રત્યેનો વિનય, વિવેક વગેરે એવા છે, કે અવસરે પાછા માને, કે મારા ભાઈ જેવો જગતમાં કોઈ સમર્થ વિદ્વાન નથી. વિશ્વાસ પણ એવો, કે આ કોઈ વાદમાં તો હારી શકે જ નહિ.

**રસ્તામાં અગ્નિભૂતિની વિચારધારા :-**

હવે અગ્નિભૂતિજીએ પોતે બરાબર બાર તિલક, જનોઈ વગેરે ઠીકઠાક કરી પોતાના પાંચસો વિદ્યાર્થીઓ સાથે પ્રયાણ આરંભ્યું. રસ્તામાં એ પણ ઈન્દ્રભૂતિજીની જેમ તરંગમાં ચઢ્યા છે, "વાદીને આવી આવી રીતે હું જીતી લઈશ, મારે કયા શાસ્ત્રોનો અભ્યાસ નથી ? વળી એ જો કાંઈ માયાજાળ કરવા જશે તો આ આ રીતે હું સાવધાન રહી એ માયા પકડી પાડીશ."

**ઈન્દ્ર જેવાનેય મુગ્ધ કરનારું પ્રભુ દર્શન :-** આમ તરંગમાં ને તરંગમાં સમવસરણે આવી પહોંચ્યા, ત્યાં **વિશ્વવત્સલ પરમાત્મા મહાવીરદેવને નજરે જોઈ સ્તબ્ધ થઈ ગયા !** કેમ ન થાય ? **અસંખ્ય ઈન્દ્ર ઈન્દ્રાણીઓને જે પોતાના દર્શન માત્રથી સ્તબ્ધ કરે છે, એમની આગળ આ એક અગ્નિભૂતિ માનવ સહેજે સ્તબ્ધ**

**થઈ જ જાય.** એમને એમ થયું કે 'અરે ! આ હું કોને જોઈ રહ્યો છું ? શું આ ખુદ બ્રહ્મા, વિષ્ણુ, મહેશ...?'

એટલામાં તો પરમકૃપાળુ પ્રભુએ વાત્સલ્યથી જ્યાં 'હે અગ્નિભૂતિ ગૌતમ ! તમે સુખપૂર્વક આવ્યા ?' એમ બોલાવ્યા, ત્યાં તો અગ્નિભૂતિ ચોંક્યા ! 'હેં ! મારું નામ પણ જાણે છે ?'

અને જ્યાં 'શું તમને કર્મનો સંદેહ છે ? પણ તમે વેદના પદોનો અર્થ બરાબર કરતા નથી !' એમ જ્યાં જગતદયાળુએ કહ્યું;

**અગ્નિભૂતિનો પશ્ચાત્તાપ :-** ત્યાં તો પ્રભુ આગળ અગ્નિભૂતિનું હૃદય નમી પડ્યું ! ઠેઠ ઉપર પ્રભુની નજીક પહોંચી જવાની ભારે આતુરતા જાગી. મનને એમ થયું કે 'અરેરે ! મેં કેવા ખોટા વિકલ્પ કર્યા ? **આ તે સાચા સર્વજ્ઞ છે. મોટાભાઈ આમના શિષ્ય થઈ જાય એમાં શી નવાઈ ? આમનું તો આખું જગત શિષ્ય થઈ જાય, એવા આ સુયોગ્ય ગુરુ છે.** મારા ભાઈ મૂર્ખ થોડા જ હતા કે એમ ફસાઈ જાય ? પરંતુ **આ તો અનંતકાળેય ન મળે એવા અનંતગુણસંપન્ન સર્વજ્ઞ પરમાત્માનો સુયોગ મળ્યો, પછી એમના ચરણે જીવનને ઝુકાવ્યા વિના કેમ રહેવાય ? ઝુકાવવામાં ક્ષણવાર પણ કેમ વિલંબ કરાય ?** અથવા એમાં મારા જેવા સગાંસ્નેહીને પૂછવા જવાનુંય શું હોય ?'

**અત્યંત નજીકના સગા છે પરમાત્મા, એમની પાસે રહેવામાં બીજાને શું પૂછવાનું ? :-** જોજો અગ્નિભૂતિની આ વિચારણા ! **સહજ ગુણાનુરાગમાંથી વિચારધારા ઊઠી કેવી ચારિત્ર તરફ દોટ મૂકી રહી છે !** વાત પણ સાચી છે. કે, જેમ મા અને કાકી- એ બેમાં વધારે નિકટની સગી અને વધારે વહાલી માતા છે. તો કાકી પાસે જઈને રહેવામાં માતાને પૂછવાનું હોય છે, પણ મા પાસે જઈને રહેવામાં કાકીને પૂછવા જવાનું હોતું નથી. તેવી રીતે **આપણા આત્માના સાચા નિકટના અને વધારે વહાલા સગા પરમાત્મા છે, તો એમની પાસે જઈ રહેવામાં માબાપ કે ભાઈ વગેરે દુન્યવી સગાંને શું પૂછવા જવાનું ?** પરમાત્મા અને દુન્યવી સગાંની વચ્ચે તો માતા અને કાકી જેટલોય નિકટ સંબંધ કે કંઈક સમાનતા પણ નથી. કુટુંબીઓ તો કહેવાનાં સગાં, બાકી એમાંનું કોઈય અવસરે સહાયક કે રક્ષક નથી બની શકતું. એ તો એક પરમાત્મા જ, કે જે અહીં અને ભવાંતરે સહાયક-રક્ષક એવા થાય, કે ઠેઠ આપણને મોક્ષમાં પહોંચાડી દે. આવા પરમાત્મા ઇન્દ્રભૂતિજીને મળ્યા પછી સ્નેહી-સંબંધીની પૂછવાવાટ જોયા વિના એમની પાસે બેસી જાય, એ વસ્તુ અગ્નિભૂતિજીને યોગ્ય જ લાગે છે.

કહો તો ખરા, કોણ છે અગ્નિભૂતિ ? શ્રાવક ? જૈન ? પ્રભુ મહાવીરદેવના

કુટુંબી ? ના-રે-ના, એ તો બ્રાહ્મણકુળના છે. જુદા દેશના, જુદા ગામના, અને જુદા ધર્મના ! છતાં પ્રભુ સર્વજ્ઞ છે, એટલી વાત પર પ્રભુ પ્રત્યે એમના આત્માનો કેવો ઝુકાવ છે ! શું કરશો તમે ? કહો ને કે પ્રભુને મંદિરમાં કે મોક્ષમાં બેસાડી અમે અમારા ઈંટ-ચુનાના ઘરમાં બેસશું !! વાહ તમારું જૈનપણું !!

અગ્નિભૂતિ તો હવે પ્રભુ પાસે આવી પોતાની શંકા દૂર કરાવી પ્રભુને શરણે આત્મા સમર્પી દેવા ઉતાવળીયા બન્યા છે !

**"दिव्य-दर्शन"-"प्रवचन महोदधि"** **वर्ष-१,अंक-२५,ता.२१-२-१९५३**

અગ્નિભૂતિના મનમાં એમ થઈ ગયું હતું કે મારા એકાદ પ્રશ્નનું નિરાકરણ થાય એટલે તો હુંય ભાઈની જેમ પ્રભુનો શિષ્ય બની જાઉં. એ હવે પ્રભુની સામે આવી ઊભા. પ્રભુએ આવી રીતે સમજાવવા માંડ્યું :-

**કર્મની શંકા શાથી :** 'હે અગ્નિભૂતિ ! તમને જુદા જુદા બે વેદ વાક્યો મળ્યા તેથી તમે મુંઝાયા. તમને **पुरुष एवेदं हि ग्निं यद्भूतं यच्च भाव्यम् !'** એનો અર્થ તમે એવો કર્યો કે "જે કાંઈ બનવાનું છે, તે પુરુષ એટલે કે આત્મા જ છે. અર્થાત્ જગતના સઘળા બનાવો આત્માના જ પ્રભાવે છે. કર્મસત્તા જેવી કોઈ ચીજ નથી. કર્મ (ભાગ્ય) જેવી વસ્તુ જગતમાં જો હોત, તો અહીં વેદવાક્યમાં આત્મા સાથે જકાર ન જોડત. પણ આમાં તો 'આત્મા જ' એમ કહીને જકાર જોડી આત્મા સિવાયના મનાતા કર્મ, કાળ વગેરેનો નિષેધ કર્યો છે."

**પ્ર.**- તો પછી એમ થાય કે આથી તો 'કર્મ જેવી ચીજ જ નથી' એમ નિર્ણય થાય. પરંતુ કર્મ હશે કે કેમ ? એવો સંદેહ શાથી ?

ઉ.- ઉત્તરમાં પ્રભુ ફરમાવે છે કે બીજી બાજુ તમને '**स्वर्गकामोऽग्निहोत्रं जुहुयात्**' વગેરે વાક્યો મળ્યા. તેથી એમ થયું કે વેદમાં સ્વર્ગની ઈચ્છાવાળાને અગ્નિહોત્ર યજ્ઞ કરવાનું તો કહ્યું છે. અને અગ્નિહોત્ર યજ્ઞ તો જ્યારે કર્યો, ત્યારે પતી ગયો; એ પછી તો આત્મા ઘણુંય જીવ્યો; પછી સ્વર્ગમાં ગયો. તે અગ્નિહોત્રથી સ્વર્ગે જવાનું પુણ્યની સાંકળ વિના કેમ બને ? કેમ કે જો પુણ્ય નહિ પણ માત્ર અગ્નિહોત્રનો પુરુષાર્થી આત્મા જ સ્વર્ગમાં કારણ હોય, તો તો તુર્ત આત્માને અગ્નિહોત્ર કર્યા બરાબર સ્વર્ગ મળવું જોઈએ, પણ સ્વર્ગ તો વિલંબે થાય છે, ને તે વખતે તો આત્મા અગ્નિહોત્રનો પુરુષાર્થી છે જ નહિ. માટે માનવું જોઈએ કે અગ્નિહોત્રથી શુભ કર્મ ઉત્પન્ન થાય છે એને પુણ્ય કહો કે સુભાગ્ય કહો, એના વિપાકથી સ્વર્ગ મળે છે. એ પ્રમાણે વેદની પંક્તિનો અર્થ લગાવવો જોઈએ. એથી

તો કર્મ છે, એવી સાબિતી થઈ.

આમ પરસ્પર વિરુદ્ધ વાતો મળવાથી હે અગ્નિભૂતિ ! તમને સંદેહ પડી ગયો કે કર્મ જેવો પદાર્થ જગતમાં હશે કે નહિ ? હવે આમાં એક રીતે વિચારતાં હે અગ્નિભૂતિ ! તમને એમ લાગતું હશે કે કર્મ દેખાતા જ નથી, તો ન દેખાતી વસ્તુ શી રીતે માનવી ?

પણ હે ગૌતમ અગ્નિભૂતિ ! આના પર બે પ્રશ્ન છે : (૧) એક તો એ કે **જે ન દેખાય તે વસ્તુ શું જગતમાં હોતી જ નથી ?** અને (૨) બીજું એ કે **વસ્તુ તમને નથી દેખાતી માટે ન માનવી, કે કોઈને નથી દેખાતી માટે ન માનવી ?**

પહેલા પ્રશ્નના ઉત્તરમાં એ સમજવાનું છે કે એવા અનેકાનેક કારણો છે, કે જેના લીધે હયાત એવી પણ વસ્તુ આપણને ન દેખાય, છતાં તે વસ્તુ માનવી તો પડે જ છે. તો હવે જુઓ કે છતી વસ્તુ કેટલા કારણે નથી જણાતી, આ વિચારવાનું એટલા માટે જરૂરી છે કે આજના યુગમાં તારમાં વિદ્યુતશક્તિ, લોહચુંબકમાં ચુંબક શક્તિ, પરમાણુ, વગેરે ન દેખાતી વસ્તુ પણ જરૂર માનવામાં આવે છે. પરંતુ ખેદની વાત છે કે શાસ્ત્રની વાત આવે, ધર્મની અને તત્ત્વની વાત આવે તો ક્યાં દેખાય છે, દેખાય તો બતાવો ?' એમ કરી એના પર અશ્રદ્ધા કરી એનો ઈન્કાર કરાય છે ! આ ઉત્તમ માનવભવ થોડાસા અને તેય બહુ અલ્પકાળ માટેના વિષય સુખ ખાતર વેડફી નાખવામાં આવે છે ! અને ભવિષ્યના અતિ દીર્ઘકાળમાં ભયંકર દુઃખ ઊભાં કરવામાં આવે છે ! પરંતુ સમજી લેવું ઘટે કે, **એવા અનેકાનેક કારણો છે કે જેના લીધે છતી વસ્તુ પણ નથી દેખાતી-જણાતી, તેથી કરીને તે વસ્તુની સત્તામાં અશ્રદ્ધા કરવાનું કારણ નથી. અશ્રદ્ધા કરનારનું પણ જીવન તો ઓછું થઈ મૃત્યુની વધુ ને વધુ નજીક પહોંચી રહ્યું જ છે ! કર્મસત્તાને નહિ માનવા છતાંય પોતાની ઈચ્છા વિરુદ્ધ ઘણુંય બની રહ્યું જ છે, અને ઘણીય ઈચ્છા થતાં તે મુજબ બનતું નથી !** એટલે અશ્રદ્ધા કરવાથી આ જીવનમાંય કોઈ વિશેષતા મળી જતી હોય એવું નથી.

માટે જ આ વિચારવાનું છે કે શાસ્ત્રની વાતો પર **અશ્રદ્ધા કરી તેથી કાંઈ આયુષ્યનો હ્રાસ અને ઈચ્છાઓની નિષ્ફળતા જે ચાલુ છે, એમાં ફરક નથી પડતો; તો શા માટે અશ્રદ્ધા કરી આ ભવસાગરમાં ભૂલા પડી જવું ? આવા ભવભીરુ પવિત્ર સંયમ જીવન ગાળનારા, સત્યવાદી અને એકાંત પરમાર્થ બુદ્ધિવાળા શાસ્ત્રકારો જે લખે, તેના પર શ્રદ્ધા કરવા માટેય આ દુર્લભ કિંમતી ભવ મળ્યો છે. માટે એમના વચનો પર શ્રદ્ધા કરી આ જીવનને ધન્ય બનાવવું.** એ શ્રદ્ધા કરી હશે તો આગળ પર તે મુજબ પવિત્ર સંયમીજીવન ગાળવાનું થશે; ત્યાગ-તપસ્યાથી જીવનને

અલંકૃત કરવાનું દિલ થશે; પણ મૂળમાં શ્રદ્ધા જ નહિ હોય તો શાસ્ત્રીય જીવનને બદલે લૌકિક પાશવી જીવન બનશે ! તેમાં શું ? ખાનપાન મોજમજાહ, ગીતનૃત્ય, ભોગવિલાસ વગેરે એજ ને ? કીડી-કીડા શું, કે હાથી-હાથણ, કોયલ-મયુર, ભુંડ, ગધેડા વગેરે પશુઓના અવતારમાં શું, એ તો મળી જ રહે છે. નથી મળતી શાસ્ત્ર શ્રદ્ધા.

**"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૧,અંક-૨૬,તા.૨૮-૨-૧૯૫૩**

તેથી જ શાસ્ત્ર શ્રદ્ધા માટે આ નક્કી કરી લઈએ કે **કેવા કેવા કારણે વસ્તુ છતી છતાં ન જણાય.**

(૧) આંખની બહુ નજીકમાં રહેલી વસ્તુય નથી દેખાતી. દા.ત. પોપચાં

(૨) સામેસામ પણ અતિ દૂર વસ્તુય નથી દેખાતી, જેમ સીધી રેલ્વે લાઈન પરના અતિ દૂરના તારના થાંભલા

(૩) અતિ સૂક્ષ્મ વસ્તુ સામે છતાં નથી દેખાતી. દા.ત. પરમાણુ.

(૪) મન ઠેકાણે ન હોય તોય. વસ્તુ સામે છતાં નથી દેખાતી. દા.ત. મંદિરમાં દર્શન કરી બહાર આવનારને પૂછો કે અમુક ભગવાનની મૂર્તિને મુગટ હતો કે નહિ, ચક્ષુ ઉખડેલી હતી ? બે ચક્ષુ બરાબર લેવલમાં હતી કે નહિ ? પૂજા લાલ કેશરની હતી કે પીળા ? તો કહેશે ખબર નથી.

(૫) ઇન્દ્રિયોની મંદતાથી પણ વસ્તુ નથી જણાતી. જેમકે ચશ્મા આવી ગયા પછી ચશ્મા વિના વંચાતું નથી. તેમ કાન બહેરા પડી જવાથી નજીકનો પણ ધીમો શબ્દ નથી સંભળાતો.

(૬) મતિની મંદતાને લીધે પણ વસ્તુ નથી સમજાતી. દા.ત. સોનાના ટચ. મોતીનું પાણી.

(૭) કેટલીક વસ્તુ નજીક છતાં જોઈ શકવાની અશક્યતાએ પણ નથી દેખી શકાતી. દા.ત. પોતાનું મસ્તક, પીઠ વગેરે.

(૮) આવરણ કે ઢાંકણ પણ વસ્તુને નથી દેખવા દેતી.

(૯) બીજાથી પરાભવ પામેલી વસ્તુ પણ નથી જણાતી. દા.ત. દિવસના તેજમાં ફિક્કા પડી ગયેલા તારા.

(૧૦) સમાનમાં ભળી જવાથીય વસ્તુ નથી ઓળખી શકાતી. દા.ત. ઘઉંના ઢગલામાં ફેંકેલા બે ચાર ઘઉંના દાણા ઓળખી કાઢવા મુશ્કેલ છે. સામે છતાં નહિ દેખાય કે આજ એ દાણા.

(૧૧) બીજા લક્ષ વખતે વસ્તુ નહિ દેખાય. રૂપ જોવાના અવસરે એજ વસ્તુનું માપ, આકાર કે રસ-ગંધ વગેરે.

(૧૨) વિસ્મરણથી પણ વસ્તુ નથી ધ્યાનમાં આવતી. દા.ત. દસ વર્ષે પૂર્વે જોયેલ છગનલાલ સ્ટેશન માસ્તરને હવે જોતાં નથી સમજાતું કે આ કોણ છે ?

(૧૩) ગેરસમજ કે વ્યુદ્ગ્રહના લીધે પણ ખરી વસ્તુ સામે છતાં નથી ધ્યાનમાં આવતી. દા.ત. વ્યુદ્ગ્રાહિત થયેલો પટેલ પહેલે દિવસે સાચા સોનાના ઘરેણા જોયા પછી બીજે દિવસે તેજ દેખાવના બીજા નકલી પીચગોળના ઘરેણાને સમજી ન શક્યો કે આ પીચગોળના છે.

(૧૪) સાચી વસ્તુ સાંભળવા દેખવા છતાં મોહ-મિથ્યાત્વથી યથાર્થ ન જણાય. દા.ત. સર્વજ્ઞકથિત જીવાદિ તત્ત્વો.

(૧૫) દર્શનલબ્ધિના નાશથી વસ્તુ ન દેખાય; જેમ કે ખુલ્લી દીવા જેવી વસ્તુ પણ સર્વથા અંધને ન દેખાય.

(૧૬) વૃદ્ધાવસ્થા, સનેપાત, કે તેવી બિમારીના વિકારને લીધે કેટલીય વસ્તુ પૂર્વે ઘણીવાર પરિચયમાં આવેલી છતાં નથી સમજાતી.

(૧૭) ક્રિયા કર્યા વિના કેટલીક વસ્તુ નથી દેખાતી. દા.ત. છાશમાં માખણ છે. પણ મંથન કર્યા વિના ન દેખાય.

(૧૮) સંયુક્ત દ્રવ્ય નાશ પામ્યા વિના નથી દેખાતી દા.ત. દૂધમાંનો માવો પાણી બળી ગયા વિના ન દેખાય.

(૧૯) અશિક્ષણને લીધે અર્થાત્ શાસ્ત્ર શ્રવણ-વાંચનનો અભ્યાસ ન હોવાથી વસ્તુ ન સમજાય.

(૨૦) તેવા સ્વભાવને લીધે ન દેખાય દા.ત. આકાશ, પિશાચ.

(૨૧) દેવમાયાદિથી ન દેખાય. દા.ત. સુવર્ણનો ઢગ કોલસા રૂપે દેખાય, પણ સુવર્ણરૂપે ન દેખાય.

આ બધામાં સમજાયું હશે કે વસ્તુ સામે મોજુદ છતાં અનેકાનેક બાધક કારણોને લીધે વસ્તુ નથી દેખાતી, કે નથી સમજાતી. છતાં તે તે વસ્તુ જરૂર હયાત છે. ન દેખાવા માત્રથી 'તે વસ્તુ નથી,'-એમ નથી કહી શકાતું. તો પછી હે અગ્નિભૂતિ ! કર્મ પણ ન દેખાવા માત્રથી, નથી એમ કેમ કહેવાય ?

**હવે બીજો પ્રશ્ન : કર્મ કોને નથી દેખાતા ?** 'કર્મ નથી કેમકે દેખાતા નથી.' એમ જે તમે કહો છો તે તમને નથી દેખાતા કે બીજાને ? તમને ન દેખાતી એવી તો ઘણીય વસ્તુ જગતમાં હયાતી ભોગવે છે. ત્યારે જો કહેશો કે 'કર્મ કોઈને પણ નથી દેખાતા, માટે કર્મ નથી;' તો આ કહેવું પણ ખોટું છે. કેમકે પહેલાં તો ક્યાં

તમે જગતના સર્વકાળના સર્વજીવો અત્યારે જુઓ છો કે જેથી કહી શકો કે આજ સુધી એમાંના કોઈ પણ જીવે કર્મ નથી જોયા ! તેમ, વર્તમાન જીવોમાં પણ કોઈ જ કર્મને જોનાર નહિ હોય, એની તમને શી ખબર પડે ? ને કદાચ કોઈ અત્યારે જોનાર ન હોય, પરંતુ ભવિષ્યમાં કોઈ નહિ થાય એમ પણ શી રીતે કહેવાય ? તમે આજે તમને દેખાતા જીવોની અંદર કેવું અને કેટલું જ્ઞાન છે એ ક્યાં તમે જોઈ શકો છો ? મારા આત્મામાં કર્મનું પ્રત્યક્ષ જ્ઞાન છે, પણ તમને તે ક્યાં દેખાય છે ? હજી હું સર્વજ્ઞ હોવાથી, તમારા આત્મામાં કર્મના સંદેહના જ્ઞાનને જોઈ શકું છું. પણ તમે અસર્વજ્ઞ છો અજ્ઞાન છો, તેથી બધું જોઈ જાણી શકતા નથી માટે કર્મને કે કોઈ જીવમાં રહેલા કર્મના પ્રત્યક્ષ જ્ઞાનને તમે ન દેખી શકો, તેટલા માત્રથી ન્યાયી રીતે તમે કર્મનો નિષેધ ન કરી શકો.

**"दिव्य-दर्शन"-"પ્રવચન મહોદધિ"** **વર્ષ-૧,અંક-૨૭,તા.૭-૩-૧૯૫૩**

**કર્મ યુક્તિસહ નથી, ઘટી શકતા નથી :** અગ્નિભૂતિ અહીં પ્રશ્ન કરે છે કે 'હે ભગવાન ! આપે કહ્યું તે યથાર્થ છે. હવે હું એમ તો નિષેધ ન કરું, પરંતુ વસ્તુ તત્ત્વનો વિચાર કરતાં લાગે છે કે કર્મ જેવી ચીજ ઘટી શકતી નથી, યુક્તિયુક્ત બની શકતી નથી.'

**કર્મ ન ઘટવાના ત્રણ હેતુ :** જગદ્‌ગુરુ મહાવીરદેવ કહે છે કે, 'કર્મ જેવી ચીજ ઘટી શકતી નથી તે શું (૧) કર્મને લઈ જનાર કોઈ પરલોકી નથી માટે ? કે (૨) ભલે પરલોકગામી કોઈ હોય તો પણ કર્મની ઉત્પત્તિ વિચારની કસોટી પર ટકી શકતી નથી તેથી ? અથવા શું એમ કહેવું છે કે (૩) વસ્તુના સ્વભાવથી જે જગતમાં બધું બને છે, માટે કર્મ માનવાનું શું કામ છે !'

**હવે આમાં પહેલી વાત ખોટી છે :** (૧) 'પરલોકગામી કોઈ ચીજ જ નથી, પછી કર્મ કોને સાથે લઈ જવાના ? ત્યારે માત્ર આ જીવન માટે તો કોઈ કર્મ કાંઈ ઉપયોગી નથી, તેથી લાગે છે કે કર્મ જેવી વસ્તુ નથી,' આ પ્રમાણે નહિ કહી શકાય કેમકે પરલોકગામી આત્મા સાબિત થઈ ચુકેલ છે. તોજ 'સ્વર્ગની ઈચ્છાવાળાએ અગ્નિહોત્ર યજ્ઞ કરવો,' વગેરે વેદ વાક્યો ઘટી શકે. નહિતર જો આત્મા જ નહિ, તો યજ્ઞ કરીને કોને સ્વર્ગ નરકમાં જવાનું ?

**(૨) બીજી વાત કર્મ યુક્તિયુક્ત કેમ નથી તેનું સમર્થન :** અગ્નિભૂતિ કહે 'ભગવન્ ! પરલોકી આત્મા તો હું માનું છું. પણ કર્મ વિચારસહનથી; અર્થાત્ વિચારણા પર ચઢીએ તો કર્મ ખોટાં ઠરે છે. તે આ રીતેઃ-કર્મને અનિમિત્તક માનવા

કે સનિમિત્તક ? **સનિમિત્તક** એટલે નિમિત્ત હેતુથી જન્મનારા, અને **અનિમિત્તક** એટલે વિના કોઈ હેતુ સામગ્રીએ જન્મનારા.

હવે જુઓ કે આ બે વિકલ્પમાંથી **પહેલો** વિકલ્પ, બની શકે. કેમકે કર્મ જો હેતુ વિના સહજભાવે જ જન્મતા હોય, તો તો મોક્ષે ગયેલાને પણ કર્મ કેમ ન જન્મે ? અથવા સદા કર્મ જન્મ્યા કરવાથી કદી કોઈનો મોક્ષ જ ન થાય કેમકે સહજ ભાવે કર્મ તો આત્માને લાગ્યા જ કરે છે.

**"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૧,અંક-૨૮,તા.૧૪-૩-૧૯૫૩**

ત્યારે **બીજા વિકલ્પથી** કહીએ કે સહજભાવે તો નહિ, પણ કર્મ નિમિત્ત જન્મે છે. મોક્ષ જનારને કે ગયેલાને નિમિત્ત રહ્યું નહિ તેથી કર્મ નહિ લાગે. પરંતુ હવે એ વિચારવું જોઈએ કે ત્યારે કર્મને જન્માવનારું નિમિત્ત કોણ ? તો ત્રણમાંથી ગમે તે એક નિમિત્ત કર્મ સંભવી શકે છે. કાં તો (૧) કર્મ હિંસાથી જન્મે છે. (૨) કર્મ રાગદ્વેષથી જન્મે, અથવા (૩) કર્મ કર્મથી જન્મે.

કેમકે પ્રત્યક્ષમાં કેટલાય કરપીણ, કટારી, કિરપાણ વડે ક્રૂર રીતે પશુઓની હારની હાર કાપી-કપાવી નાખનારા જગતમાં સુખી કેમ દેખાય છે ? કેમકે એમને તો હિંસાથી ભયંકર પાપકર્મ બંધાય, તો એ મહાદુઃખી થવા જોઈએ. એના બદલે એ સુખી દેખાય છે, અને ઊલટું જે લોકો જિનપતિના પદપંકજની પૂજામાં પરાયણ રહે છે, અને કીડીની પણ હિંસા નથી કરતા, તે લોકો દારિદ્ર્યના ઉપદ્રવથી પીડાતા દેખાય છે. એટલે કે એમનામાં પાપકર્મનો ઉદય દેખાય છે. તો આમાં તો હિંસા નથી, તો કર્મ શાથી લાગ્યા ? આમ વિચારતાં લાગે છે કે તો પછી કર્મ હિંસાથી જન્મતા હોય, આ વાત બંધબેસતી નથી.

ત્યારે જો કહો કે, 'કર્મ રાગદ્વેષથી જન્મે છે,' તો તો પ્રશ્ન થશે કે રાગદ્વેષ શાથી જન્મે છે ? જો કહો કે એ વળી કર્મથી જ જન્મે છે, તો શું આજ કર્મથી કે પૂર્વના બીજા કર્મથી ? આજ કર્મથી તો કહી શકાય નહિ કેમકે હજી તો કર્મ પોતે જ જન્મ્યા નથી, તો એને જન્માવનારા રાગદ્વેષને એ શી રીતે જન્મ આપી શકે ? ત્યારે પૂર્વ કર્મથી કહો તો તેમાં તો મોક્ષ ઊડી જશે. કેમકે વર્તમાનમાં આ જુદા જુદા રાગદ્વેષથી કર્મ જન્મશે, અને એ કર્મથી આગળ ઉપર રાગદ્વેષ જન્મશે, એમ રાગદ્વેષથી કર્મ અને કર્મથી રાગદ્વેષ, એ રીતે પરંપરા ચાલ્યા જ કરશે; ક્યાંય અંત જ નહિ આવે તો મોક્ષ શી રીતે થાય ? અને મોક્ષ નહિ તો વેદ વગેરે શાસ્ત્ર નકામા થઈ જાય. તેથી આ રીતે રાગદ્વેષથી કર્મ જન્મે એ પણ બંધબેસતું નથી.

માટે એ રીતે કર્મ સિદ્ધાન્ત ઘટી શકતો નથી.

ત્રીજી વાત, કર્મથી કર્મ-એમાં પણ આવી જ આપત્તિ છે. કર્મથી કર્મની પરંપરા જેમ અનાદિ કાળથી ચાલી આવી તેમ ભવિષ્યમાંય ચાલ્યા જ કરવાની, તેથી મોક્ષ ન ઘટી શકે. આમ કોઈ રીતે વિચારની પરીક્ષામાં કર્મ પસાર થઈ શકતા નથી, તેથી કર્મ જેવી વસ્તુ નથી એમ લાગે છે, અગ્નિભૂતિજીએ આ રીતે કર્મવાદની સામે દલીલો રજૂ કરી.

હવે કૃપાસાગર શ્રી મહાવીર પરમાત્મા કહે છે કે, "હે અગ્નિભૂતિ ! જુઓ કે તમે આ વિચારણામાં કેવી એક મહાન છક્કડ ખાઈ ગયા છો. પરંતુ તે હું તમને કહેતાં પહેલાં, એક સામાન્ય પ્રશ્ન પૂછું છું કે 'જો જગતમાં કર્મ જેવી વસ્તુ ન હોય તો આ જગતમાં જે વિચિત્ર કાર્યો જન્મે છે તે શાથી ? અર્થાત્ એનું નિયમન શી રીતે કે અહીં આવું જ કાર્ય જન્મે, અને તહીં તેવું જ કાર્ય જન્મે. કોઈ જન્મેલું બાળક સોનાના ચમચે દૂધ પીએ છે, તો કોઈને માતાના સ્તનના દૂધ પણ પુરા મળતા નથી, કેમકે માતાને મજુરી કરવા જવું પડે છે. આ ભિન્નતા કેમ બની ?"

આના ઉત્તરમાં અગ્નિભૂતિ કહે છે કે 'પ્રભુ ! એ તો અકસ્માત્ બની શકે છે એટલા માટે કર્મ માનવાનું શું પ્રયોજન ? ઊલટું કર્મ માનવા જતાં તો ઉપર કહેલી વિટંબણા આવે છે ત્યારે વિચિત્ર ઘટનાઓ અકસ્માત્ બને છે. એમ કહેવામાં શી વિટંબણા છે ? જગતમાં ઘણુંય અકસ્માત્ બનતું દેખાય છે."

અગ્નિભૂતિને અહીં ત્રિભુવન ગુરુ વર્ધમાનસ્વામી પૂછે છે, **'કાર્ય અકસ્માત્ જન્મે છે, એમાં અકસ્માત્ એટલે શું ?'**

'અકસ્માત્'નો અર્થ તો એવો થાય કે 'કસ્માત્ નહિ !' એમાં 'કસ્માત્'નો અર્થ 'કાંઈ કારણથી' એવો થાય. આમાંથી ચાર વસ્તુ તારવી શકાય.

**કાર્ય અકસ્માત્ જન્મે છે એટલે,**

(૧) કાર્ય કોઈ કારણ વિના જ જન્મે છે.

(૨) કાર્ય સ્વભાવથી જન્મે છે.

(૩) કાર્ય અકસ્માત્ નહિ એટલે કે બહારના બીજા કોઈ થકી નહિ. પણ પોતાના થકી જન્મે છે. સંસ્કૃત ભાષામાં એને **'સ્વાત્મહેતુક'** કહેવાય છે. અને

(૪) કાર્ય ખાસ કોઈ કારણથી નહિ પણ અસત્ પદાર્થથી જન્મે છે.

હવે જુઓ કે આ ચારે તારવણી ખોટી છે. એજ ક્રમ મુજબ પહેલી વાત.

(૧) **'કારણ વિના કાર્ય જન્મે છે,'** -એ ખોટું છે. જગતમાં ઠામઠામ અનુભવ થાય છે કે કાર્ય માટે કારણને શોધવું કે મેળવવું પડે છે. કારણ વિના કાર્ય નીપજતું નથી. અગ્નિ હોય તોજ ધૂમાડો જન્મે છે. દૂધમાંથી જ દહીં જન્મે છે. દહીંનું મંથન

થાય તોજ માખણ નીકળે છે. તેમ અહીં પણ બે બાળકમાં શ્રીમંતાઈ અને દરિદ્રતારૂપી કાર્ય એ પૂર્વના શુભાશુભ કર્મરૂપી કારણ વિના ન બની શકે.

(૨) જો કહેશો કે, એ તો બધું **સ્વભાવથી થાય છે.** અગ્નિની જ્વાળા ઊંચે જ જાય છે, વાયુ તિર્ચ્છો જ વહે છે, અગ્નિ ઉષ્ણતા આપે છે, પાણી ઠંડક કરે છે, કાંટા તીક્ષ્ણ હોય છે, વગેરે કયા કારણથી ? કહેવું જ પડશે કે સ્વભાવથી. એમ એક બાળકમાં દરિદ્રતા છે તે સ્વભાવથી; બીજામાં શ્રીમંતાઈ છે, તે પણ સ્વભાવથી.

પ્રભુ કહે છે કે આ ખુલાસો ઉપરથી તો ભોળા જીવને ગળે ઉતરી જાય એવો છે, પરંતુ અંદર ઉતરી વિચાર કરનાર પૂછે છે કે, ભાઈ રે ! એ જે કહો છો કે બધું સ્વભાવથી થાય છે. ત્યાં સ્વભાવ એટલે શું ? સ્વભાવ = સ્વનો ભાવ. ત્યાં શું સ્વભાવ એટલે (૧) વસ્તુનો કોઈ ધર્મ. (૨) વસ્તુની સત્તા. (૩) વસ્તુ વિશેષ અથવા, (૪) સ્વનો ભાવ એટલે કાળપર્યાય. આ ચારમાંથી શું ? પહેલું વસ્તુનો ધર્મ નહિ લઈ શકાય. એનો અર્થ તો એ થયો કે વસ્તુ સ્વભાવથી જન્મે છે, એટલે પોતાના ધર્મથી જન્મે છે, પણ હજી વસ્તુ જ જન્મી નથી ત્યાં સુધી એનો ધર્મ છે જ ક્યાં ? અને ધર્મ નથી તો એ ધર્મથી વસ્તુ જન્મી શી રીતે ? તેમજ ધર્મ જુદો માનવો હોય તો તે કર્મનો જ ભાઈ થયો ને ? ધર્મીસ્વરૂપ માનવો હોય તો આપત્તિ આવી જ છે.

(૨) 'વસ્તુની સત્તા' એ સ્વભાવ એમ કહેવા જતાં, એનાથી કાર્ય જન્મે શી રીતે ? કેમકે સ્વભાવથી ઉત્પત્તિ માનવામાં કાર્ય સિવાય બહારનું બીજું કાંઈ તો લાવવાનું નથી, તો આ કાર્ય જ વસ્તુ ગણાશે, એની સત્તા હજી આવી નથી તો પોતે પોતાને શી રીતે પેદા કરે ?

(૩) વસ્તુ વિશેષ કહો તો એ શું છે ? દ્રવ્ય છે, ગુણ છે ક્રિયા છે, છે શું ? કાર્યરૂપ વસ્તુ કરતાં જો એ જુદી વસ્તુ છે, તો જુદી વસ્તુરૂપ કારણથી કાર્ય વસ્તુ બની એમાં સ્વભાવથી બનવાનું શું રહ્યું ?

(૪) ત્યારે સ્વભાવ એટલે સ્વનો કાળપર્યાય લઈ એમ કહો કે તે તે કાળમાંથી કાર્યવસ્તુ જન્મે છે, તો તે પણ ખોટું. કેમકે એક જ કાળે અનેક વસ્તુ જન્મે છે; ત્યાં કારણભૂત કાળ તો એક જ છે. તો કાર્યોમાં કેમ જુદાઈ દેખાય છે ? માટે કાર્ય અકસ્માત્ થાય છે એનો જે ખુલાસો કે સ્વભાવથી કાર્ય જન્મે છે, આ કોઈ યોગ્ય ખુલાસો નથી.

(૫) તો પછી કાર્ય અકસ્માત્ જન્મે છે એનો ત્રીજો ખુલાસો કાર્ય સ્વાત્મહેતુક છે. અર્થાત્ બીજા કોઈથી નહિ, પણ પોતે પોતાના થકી જ જન્મે છે; એનો વિચાર

કરવો રહ્યો. પણ હે અગ્નિભૂતિ ! એમાં શો વિચાર કરવાનો હતો ? એ વાત જ બેહુદી છે. વસ્તુ પોતે પોતા થકી જન્મે જ શી રીતે ? કેમકે પોતા થકી જન્મવા માટે પોતાની પહેલાં હયાતી જોઈએ. જો હયાતી છે તો હવે એને જન્મવાનું શું બાકી ? અને જો જન્મવાનું બાકી છે, માટે તેની હજી હયાતી જ નથી, એમ કહો તો જન્મમાં પોતાની હયાતી જ નથી તો 'પોતા થકી' બનવાનું જ ક્યાંથી ?

(૬) ત્યારે અકસ્માત્‌ની ચોથી વાત રહી- 'અસત્‌થી ઉત્પત્તિ.' પરંતુ એય ખોટું છે. કેમકે અસત્ કોઈ ચીજ જ નથી. આકાશ પુષ્પ, ખરશૃંગ એ અસત્ છે એટલે કે એવી કોઈ વસ્તુ જ જગતમાં નથી. એનાથી ઉત્પત્તિ શી ? છતાં એનાથી ઉત્પન્ન થવાનું માનો તો એ ઉત્પન્ન થનાર પણ એના જેવું અસત્ જ હોયને ? અથવા અસત્‌થી ઉત્પન્ન થવામાં તો ગમે તે ઉત્પન્ન થઈ શકે. તો પછી કોઈને ગરીબ, કોઈને ભૂખ્યા, કોઈને રોગી રહેવાની શી જરૂર ? કેમકે પૈસા, અન્ન અને આરોગ્યરૂપી કાર્ય તો અસત્‌થી ઉત્પન્ન થઈ જશે, પછી ગરીબી વગેરે ક્યાંથી ઊભી રહી શકવાની ? બીજું એ પણ છે કે અસત્‌થી ઉત્પન્ન થાય તે તો સમાનપણે ઉત્પન્ન થાય; તો કોઈવાર બાળપણું ને કોઈવાર યુવાની, કોઈવાર જીવન અને કોઈવાર મૃત્યુ, એમ વિષમ કાર્યોનો કોણ નિયામક ? વળી અસત્‌થી જ થતું હોય તો તો બધું સાથે થવા માંડે, ઠંડી અને ગરમી, રોગ અને આરોગ્ય, જીવન અને મોત, વગેરે એથી તો જગતમાં કાંઈ વ્યવસ્થા મર્યાદા જ ન રહે.

માટે અકસ્માત્‌ની આ ચોથી તારવણી પણ ખોટી છે. તેથી કાર્ય અકસ્માત્ જન્મે છે, એ વાત તદ્દન ખોટી ઠરે છે.

હવે હે અગ્નિભૂતિ ! તમે જે વિકલ્પો કરેલા કે, કર્મની ઉત્પત્તિ ન હિંસાથી ઘટી શકતી, ન રાગદ્વેષથી, ન કર્મથી, તે સંબંધમાં તમારું અજ્ઞાન છે. ત્રણે રીતે કર્મની ઘટના બરાબર છે એ સમજવા માટે પહેલાં એક વાત એ સમજી લો કે કર્મ બે જાતનાં હોય છે. એક પુણ્યાનુબંધી, અને બીજાં પાપાનુબંધી. પુણ્યાનુબંધી કર્મ એવાં હોય છે, કે જેનાં ઉદયભોગવતાં પુણ્ય બાંધવાની પરિસ્થિતિ ઊભી થાય. ત્યારે પાપાનુબંધી કર્મ એવાં હોય છે, કે એનો ઉદય ભોગવતાં પરિસ્થિતિ પાપ બાંધવાની હોય. હવે ભોગવતાં કર્મ તો કોઈ શુભ પણ હોય અને કોઈ અશુભ પણ હોય છે, તેથી આ દરેકના પાછા બબ્બે ભેદ પડે. એટલે કુલ ચાર ભેદ થાય.

(૧) પુણ્યાનુબંધી પુણ્ય, (૨) પુણ્યાનુબંધી પાપ; (૩) પાપાનુબંધી પુણ્ય, અને (૪) પાપાનુબંધી પાપ.

આમાંથી વર્તમાનમાં જે લોકો હિંસક, નિર્દય, દુરાચારી વગેરે હોવા છતાં સુખી છે, એને પાપાનુબંધી પુણ્યકર્મનો ઉદય ગણાય, કર્મ કાંઈ હમણાં જ બાંધ્યા,

અને હમણાં જ ઉદયમાં આવે, એવું મોટા ભાગે નથી બનતું. તેમ આ જન્મમાં બાંધ્યા અને આ જન્મમાં જ ઉદયમાં આવે છે, એવું ઘણું ખરું નથી બનતું. ઘણું ખરું એટલા માટે કહ્યું, કેમકે શાસ્ત્ર કહે છે કે, 'આ જન્મના અતિઉગ્ર પુણ્ય કે પાપ આ જન્મમાં ફળે છે- ફળ આપે છે.' હવે જે જીવોએ પૂર્વે દાન, શિયલ, તપ, પ્રભુભક્તિથી પુણ્ય ઉપાજર્યા છે, પણ તે દુન્યવી આશંસાથી ધર્મ કરીને, તેને એ પુણ્ય આ જન્મમાં ઉદયમાં આવે છે. તેથી લક્ષ્મી વગેરેના સુખ મળે છે ખરાં, પરંતુ બીજી બાજુ હિંસાદી પાપકાર્યોમાં એ લીન બને છે. તેથી નવી મુડીમાં પાપકર્મ ઉપાર્જે છે. પૂર્વે દુન્યવી આશંસા કરેલી, તેથી અહીં પુણ્યફળ લેતાં ભોગવતાં દુન્યવી મોહમૂઢ લાગણીઓ-લાલસાઓ થાય છે. એથી એ હિંસાદિ દુર્ગુણોમાં સપડાય છે. આ પાપાનુબંધી પુણ્ય છે.

જગતમાં હિંસાદિ દુર્ગુણો જન્મવાનું પૂર્વનિમિત્ત કે પછીનું પ્રયોજન શું છે ? એજ દુન્યવી લાલસાઓના પોષણ. જે આત્મા વિવેકી બની જીવન ઉચ્ચ બનાવવા ચાહે છે, એ તો દુન્યવી લાલસાઓ ઓછી કરે છે. ધાર્મિક ઇચ્છાઓમાં જેમ સદ્ગુણો ખીલે છે, તેમ દુન્યવી લાલસાઓમાં દુર્ગુણો ખીલે છે. તેથી પાપાનુબંધી પુણ્ય કે પાપાનુબંધી પાપકર્મ ભોગવનારની વર્તમાનસ્થિતિ પાપકાર્યવાહીની હોય છે.

એથી ઊલટું જેણે પૂર્વે પાપ આચર્યો છે, પણ પાછળથી પસ્તાવા અને ધર્મ કર્યો છે, અને અહીં પાપના ફળ તરીકે દુઃખ ભોગવવા પડે છે ખરા, પરંતુ સાથે, સદ્ગુરુનો સમાગમ, સદ્વાંચન, સદ્વિચારણા વગેરથી ધર્મ આરાધવાનું મળે છે અનેક સદ્ગુણો એ કેળવે છે. એને નવી મૂડીમાં પુણ્ય ભેગું થાય છે, તેથી એને પુણ્યાનુબંધી અશુભકર્મ ઉદયમાં ગણાય. અહીં જે જિનપતિપદ પંકજની પૂજામાં રમણતા છે, દયા કરે છે, સદાચાર પાળે છે, એ બધાનાં ફળ તો હજી આ પછીના ભવમાં મળશે, પણ પૂર્વે જે પાપ બાંધીને આવ્યો છે, એના કટુફળ અહીં ભોગવવાની પરિસ્થિતિ ઊભી થાય છે.

વ્યવહારમાં પણ દેખાય છે કે લગ્નવાળા વગેરેમાં ભારે પદાર્થ હદ ઉપરાંત ખાધા પીધા હોય તો પછી શરીર બગડે, અને લાંઘણો ખેંચવી પડે છે. હવે લાંઘણ વખતે કોઈ કહે કે, 'આ ભાઈ તો લગભગ ખાતા નથી, છતાં એમનામાં મંદવાડ કેમ ?' પછી 'બસ ! લાંઘણ કરવાથી મંદવાડ રહે છે,' આવો નિયમ બાંધે, તો તે ખોટો ગણાય. તેમ એક જણને શરીરમાં શક્તિ (Vitality) પહોંચતી હોય ત્યાં સુધીમાં કદાચ કુપથ્ય ખાય, વધારે પડતું ખાય અને તગડો થતો દેખાય, એ પરથી કોઈ જો નિયમ તારવે કે, 'બહુ વધારે ખાવાથી અને ભારે પદાર્થો ખાવાથી સુખી

થવાય છે,' તો તે નિયમ પણ ખોટો. એ તો અહીં જે રોગ કે આરોગ્ય છે, તે પૂર્વના આચરણનું ફળ છે, અને વર્તમાનમાં જે આચરણ છે, તેનું ભવિષ્યમાં ફળ મળશે. એ રીતે ધર્મ-અધર્મ અને પુણ્યપાપમાં સમજવાનું છે. માટે હિંસાથી કર્મ જન્મે છે, એમ કહેવામાં કોઈ વાંધો નથી.

ત્યારે બીજી વાત - **રાગદ્વેષથી કર્મ જન્મે છે** તેની. એમાં 'પરંપરા ચાલ્યા કરશે, તો મોક્ષ જ નહિ મળે,' એવો ભય દેખાડ્યો હતો. પરંતુ એમાં એ સમજવાનું છે કે પૂર્વના કર્મથી અહીં રાગદ્વેષ થાય ખરા, પરંતુ જો અહીં એ રાગ-દ્વેષને સફળ ન બનાવાય, તો નવા કર્મબંધથી બચી જવાય છે. દા.ત. કોઈના પર તમને મનમાં દ્વેષ જાગ્યો, પરંતુ તમે જાત પર કાબુ રાખીને જો એના પર મોં બગાડવાનું, કઠોર શબ્દ કહેવાનું, મારવા જવાનું વગેરે ન કરો, તો નવા કર્મબંધન ન લાગે. પણ જો એના બદલે મુખવિકાર, ગાલીપ્રદાન, મારપીટ વગેરે કરવા દ્વારા રાગદ્વેષને સફળ કરો તો તે રાગદ્વેષથી કર્મ બંધાય- રાગનો દાખલો, નીતિમાનને ધનપર થતો રાગ. પૈસા ગમે છે, પણ કદી પારકા પૈસા ચોરવા-લૂંટવાની વાત નહિ. ઊલટું પોતાના રાગને નિંદે, કે જેથી કર્મબંધન નહિ,

ઉત્તમ સમરાદિત્ય કેવળી મહર્ષિ ચરિત્ર, ઉપમિતિ, વગેરે ગ્રંથો વાંચી સમજીને જે વૈરાગ્યભાવના કેળવે છે, તત્ત્વબુદ્ધિ જગાડે છે, દીર્ઘાતિદીર્ઘદ્રષ્ટા બને છે. એ બને ત્યાંસુધી રાગદ્વેષ કરતો નથી; અને કદાચ પોતાના તેવા પૂર્વના કર્મના ઉદયથી અંદરખાને રાગદ્વેષ જાગે છે, તો તેને તે અંદરને અંદર શમાવે છે, પણ બહાર એનું કાર્ય નથી દેખાડતો; એને સફળ નથી કરતો. એટલે તત્ત્વજ્ઞાન, વિવેકબુદ્ધિ, વૈરાગ્યભાવના વગેરેથી નવાં કર્મ બંધાતા અટકવાથી, કર્મની પરંપરા નથી ચાલતી.

ત્રીજી વાત, કર્મથી કર્મ બંધાય એની. એમાં પણ વાંધો નથી. તે એ દૃષ્ટિએ કે આત્મા પર જ્યાંસુધી પૂર્વકર્મનો જથ્થો હોય, ત્યાંસુધી જ નવાં કર્મ બંધાય. સિદ્ધ ભગવાનને કદી કર્મ ન બંધાય. કેમકે એમનો આત્મા હવે તદ્દન શુદ્ધ છે, કર્મના લેપ વિનાનો છે. જૂના કર્મના લેપ પર જ નવા કર્મ ચોંટી શકે. એકલા અરૂપી શુદ્ધ આત્મા પર કર્મ ન ચોંટે. જેમ આકાશ પર. આથી જ આત્માની કર્મસહિત અવસ્થા અનાદિની સિદ્ધ થાય છે.

હવે અહીં એટલું સમજવાનું છે કે મોક્ષ જતાં પૂર્વે કર્મ જે ઉદયમાં હોય છે, ત્યાં નવા કર્મ બંધાવાના. જે બીજા હેતુઓ મિથ્યાત્વ, અવિરતિ, કષાય, પ્રમાદ અને યોગ (મન વચન કાયાની પ્રવૃત્તિ) તે મોજુદ નહિ હોવાથી; નવા કર્મ નથી બંધાતા. નિયમ એટલો કે કર્મ હોય તો જ કર્મ બંધાય; પણ કર્મ હોય તો કર્મ **બંધાય જ** એવો નિયમ નહિ.

ભગવાન વીર પરમાત્મા કહે છે, 'હે અગ્નિભૂતિ ગૌતમ ! આમ કર્મની ઉત્પત્તિ ઘટી શકે છે. કોઈ વાંધો વિરોધ નથી આવતો માટે કર્મ નથી એમ કેમ કહેવાય ? કર્મ ન માનો તો કેટલા વાંધા ઊભા થાય છે તે અવસરે.

# કર્મસિદ્ધિનાં અનુમાન

(૧) વાત એ છે કે '**जो तुल्लसाहणाणं फले विसेसो न सो विणा हेउं।**' બીજી બાહ્ય કારણ-સામગ્રી સમાન છતાં બે કાર્યમાં ફરક દેખાય છે તે અંતરંગ કોઈ અસમાન કારણ વિના ન બની શકે. દા.ત. એક જ વ્યક્તિના બનાવેલ બે કાર્ય, સામગ્રી સમાન છતાં, અંતરેગ ઉત્સાહમાં ફરક પડવાથી અસમાન બને છે. એમ સુખ-દુઃખનાં મુખ્ય અવ્યભિચારી અંતરંગ કારણ તરીકે કર્મ માનવાં જોઈએ. પકવાન્ન, ચંદન, સ્ત્રી વગેરે તથા કાંટો, ઠંડી-ગરમી, વિષ, વગેરે બાહ્ય કારણો અનુક્રમે સુખ અને દુઃખ અવશ્ય આપે છે એવો નિયમ નથી. કોઈને સુખના બદલે દુઃખ અને દુઃખના બદલે સુખ આપે છે. એ સૂચવે છે કે સુખ-દુઃખનું કોઈ ચોક્કસ નિયમન કરનારું કારણ છે, અને તે કર્મ.

(૨) વર્તમાન શરીર અને પૂર્વભવના શરીર વચ્ચે કર્મશરીર (કાર્મણ શરીર) જો ન હોય તો એનો અર્થ એ કે આત્મા વચગાળે શુદ્ધ હતો, તો પછી એને આ જીવનમાં અમુક જ પ્રકારનું શરીર કેમ મળ્યું ?

પ્ર. : પૂર્વ શરીરના સુકૃત-દુષ્કૃતના હિસાબે તેમ બની શકે ને ?

ઉ. : ના, કેમકે તે સુકૃત-દુષ્કૃતક્રિયા તો કરી ત્યારે જ નષ્ટ થઈ ગઈ. અને કાર્ય માટે નિયમ છે કે કારણ લાગલી જ પૂર્વ ક્ષણે રહેવું જોઈએ. દા.ત. ભોજનની ક્રિયા તો કરી પરંતુ પછી તરત કાંઈક એવું ખવાઈ જતાં ઝાડા ઊલટી થઈ ગઈ તો શરીરની પુષ્ટિ કેમ થતી નથી ? ભોજન-ક્રિયાથી શરીર પુષ્ટિ થાય તે ક્રિયા તો પહેલા કરેલી છ, પણ કહેવું જોઈએ કે એ ક્રિયાથી રસ-રુધિર આદિ ઉત્પન્ન થયા હોય તો પુષ્ટિ જન્મે એવીરીતે સુકૃત-દુષ્કૃતથી શુભાશુભ કર્મ બન્યા હોય તો જ વર્તમાન શરીર પેદા થાય.

(૩) જીવ દાનાદિ ક્રિયા કરે છે તેનું ફળ શું ? દા.ત. ખેતીનું ફળ પાક હોય છે.

પ્ર. : એમ તો ખેતી નિષ્ફળ જાય છે ને ?

ઉ. : જાય ખરી, જો બીજી સામગ્રી ખૂટે. પરંતુ છતાં સફળ સમજીને જ કરે છે, અને બીજી સામગ્રી પૂરી હોય છે, તો ફળ અવશ્ય આવે છે જ. એમ દાનાદિનું ફળ શું ?

પ્ર. : મનની પ્રસન્નતા ફળ કહી શકાય ને ? દા.ત. સુપાત્ર દાનથી ચિત્ત આહ્લાદ થતો દેખાય છે.

ઉ. : ઠીક છે, પણ એય એક ક્રિયા છે તો એનુંય ફળ શું ?

પ્ર. : એનું ફળ વળી બીજી દાનાદિ ક્રિયા.

ઉ. : પરંતુ અંતિમ મનની પ્રસન્નતા કે જેની પછી દાનાદિ ક્રિયા ન બની તેનું ફળ શું ? કહો કર્મ.

પ્ર. : ફળ તો જેમ હિંસાનું દશ્યફળ માંસ-પ્રાપ્તિ તેમ દાનાદિનું દશ્યફળ પ્રશંસા, કીર્તિ આદિ માની શકાય છે. પછી અદશ્ય ફળ કર્મ માનવાની શી જરૂર ? લોકમાં પણ દેખાય છે કે પ્રાયઃ જીવો અહીં પ્રત્યક્ષમાં ફળ મળે એવી ક્રિયાઓમાં પ્રવર્તમાન રહે છે. વળી તેમ ખેતીનું દૃષ્ટાન્ત આપ્યું તેના આધાર પર પણ દાનાદિનું દશ્યફળ માનવું જોઈએ. દશ્યફળ હોય ત્યાં અદશ્ય ફળની કલ્પનાથી શું ? ભોજનનું દશ્ય ફળ તૃપ્તિ છે, યા ખેતીનું દશ્યફળ પાક છે, તો અદશ્યફળ થોડું જ માનવામાં આવે છે ?

ઉ. : દરેક ક્રિયાનું દશ્યફળ તો કદાચ ન ય હોય, છતાં, અદશ્યફળ તો અવશ્ય હોય છે. ત્યારે દશ્યફળ ઉપરાંત અદશ્યફળ પણ હોય જ છે. હિંસાદિ ક્રિયાઓના માંસ-પ્રાપ્તિ આદિ દશ્યફળ ભલે હો, છતાં એનું પણ અદશ્યફળ પાપ માનવું જ જોઈએ. નહિતર આ સંસારમાં જીવો અનંતા કાળથી કેમ ભટક્યા કરે ? હિંસાદિ અશુભ-ક્રિયા કરનાર ઘણાં, માટે દુઃખી અને સંસારમાં ભમતાં ઘણાં; એથી ઊલટું દાનાદિ શુભ ક્રિયા કરનાર થોડા, અને સુખી તથા મોક્ષ પામનારા થોડા. આના ઉપરથી શુભાશુભ ક્રિયાનો સુખદુઃખ સાથે મેળ મળે છે કે શુભ ક્રિયાથી સુખ અને અશુભથી દુઃખ પણ તે વચલી કર્મની સાંકળથી જ બની શકે.

પ્ર. : દાનાદિ ક્રિયા તો પુણ્યની અભિલાષાથી થાય છે એટલે એનું ફળ પુણ્ય ભલે મળે, પરંતુ હિંસાદિ ક્રિયા કરનારને કાંઈ પાપ-અશુભકર્મના લાભની અભિલાષા નથી, તો એને શા માટે એ ફળ મળે ?

ઉ. : ફળજનનમાં અભિલાષાનો નિયમ નથી કે એ હોય તો જ ફળ મળે. ખેતીમાં વિના ઈરાદે અજાણપણે પણ ક્યાંક બીજ પડી ગયા હોય તોય તેમાંથી પાક થાય જ છે. એટલે નિયમ એટલો કે અભિલાષા હો યા ન હો પણ કારણસામગ્રી હોય ત્યાં કાર્ય અવશ્ય થાય. વ્યવહારમાં દેખાય છે કે આશંસા વિના કરેલી સેવા ઊંચું ફળ આપે છે. તો અશુભ કર્મની ઈચ્છા નહિ છતાં હિંસાદિ ક્રિયા એ આપે જ છે, એમ માનવું જોઈએ.

શુભ-અશુભ ક્રિયાનું અદશ્યફળ જ ન હોય તો બધાય જીવોને જીવનના

અંતે મોક્ષ જ થઈ જાય; કેમકે અદશ્યફળ કર્મ વિના આ જીવન પછી આગળ જીવોનો વિચિત્ર સંસાર કેવી રીતે ચાલે ? એમાં વળી જો દાનાદિ શુભ ક્રિયાનું તો અદશ્યફળ શુભ કર્મ હોય પણ હિંસાદિ ક્રિયાઓનું દશ્યફળ માંસ પ્રાપ્તિ આદિ જ માનીને પતાવો અને અદશ્ય ફળ જ ન માનો, તો તો એકલી હિંસાદિ અશુભ ક્રિયાવાળાનો તો મોક્ષ થવાનો ! અને દાનાદિ શુભક્રિયા કરનારને એનું અદષ્ટ ફળ શુભ કર્મ ભોગવવા સંસારમાં રહેવું પડશે ! અને પાછા ત્યાં ભવાન્તરે પણ વળી દાનાદિ કરશે અને તેથી નવાં શુભ કર્મ, નવો ભવ એમ સંસારમાં જ જકડાયા રહેશે. અલબત સુખી તરીકે પણ આવું બનતું નથી. દુનિયામાં દુઃખી બહુ દેખાય છે. એ સૂચવે છે કે હિંસાદિ દરેક ક્રિયાનું દશ્યફળ હોય તોય અદશ્યફળ કર્મ તો હોય જ છે; તેથી જ તે પાપક્રિયા કરનારા ઘણાના હિસાબે દુઃખી પણ ઘણા હોય છે.

પ્ર. : હિંસાદિ ક્રિયા કરનારને અદશ્ય ફળ અશુભકર્મની ઈચ્છા તો છે નહિ, છતાં તે મળે, અને દશ્ય ફળની ઈચ્છા છતાં કેટલીકવાર નથી મળતું, આવું કેમ ?

ઉ. : એ કર્મનો વધુ પુરાવો છે. કષાય અને યોગ (ક્રિયા)થી અદશ્ય ફળ કર્મ નીપજે છે. તેથી હિંસાદિ ક્રિયાથી અદશ્ય કર્મ તો જન્મે જ. ત્યારે દશ્યફળ તો પૂર્વનાં તેવાં તેવાં કર્મ ઉદયમાં આવે તો જ મળે, નહિતર નહિ. એટલે તો સમાન સામગ્રી લઈ વેપાર કરવા છતાં કેટલાયને ધાર્યું ધન નથી મળતું. અથવા ધનલાભમાં તરતમતા પડે છે. દષ્ટ સામગ્રી સમાન છતાં ફળ સુખદુઃખમાં ભેદ પડે છે તે અદશ્ય-તત્ત્વકર્મનાં કારણે કહેવું જ પડે. કાર્ય ઘડાની પાછળ પરમાણુ કામ કરે જ છે, ભલે તે અદશ્ય હોય.

પ્ર. : ઠીક છે, તો પણ એ અદશ્ય-તત્ત્વ કર્મ અમૂર્ત આત્માની વસ્તુ હોઈ અમૂર્ત ગુણરૂપ જ સિદ્ધ થાય ને ?

ઉ. : ના, એવો નિયમ નથી કે આત્માની વસ્તુ અમૂર્ત અરૂપી જ હોય, શરીર આત્માનું છતાં ક્યાં અમૂર્ત છે ?

કર્મ મૂર્ત છે, એ આ પાંચ હેતુએ સિદ્ધ છે,–

(૧) જે જે કાર્ય મૂર્ત હોય તેનું તેનું કારણ મૂર્ત હોય, જેમ ઘડાનું કારણ પરમાણુ મૂર્ત છે. કાર્ય અમૂર્ત હોય ત્યાં આ નિયમ નહિ. દા.ત. જ્ઞાન અમૂર્ત કાર્ય છે પણ તેનું કારણ આત્મા મૂર્ત નથી. બાકી કર્મનું કાર્ય શરીરાદિ મૂર્ત હોવાથી એ કારણભૂત કર્મ મૂર્ત સિદ્ધ થાય છે.

(૨) જેના સંબંધથી સુખ થાય તે મૂર્ત હોય. દા.ત. આહારના સંબંધથી સુખનો અનુભવ થાય છે. ત્યાં આહાર મૂર્ત છે. તેમ કર્મના સંબંધથી સુખ થાય છે માટે કર્મ મૂર્ત છે.

(૩) જેના સંબંધથી વેદના ઉઠે તે પણ મૂર્ત હોય. દા.ત. અગ્નિના સંબંધથી. એમ ઉદિત (ઉદય-પામેલ) કર્મના સંબંધથી વેદના અનુભવાય છે; માટે કર્મ મૂર્ત.

પ્ર. : સારા નરસા જ્ઞાનવાળા વિચારોની તંદુરસ્તી પર અસર પડે છે ત્યાં ક્યાં આ નિયમ રહ્યો ? જ્ઞાન તો અમૂર્ત છે.

ઉ. : ત્યાં પણ અસર કરનારા વિચારો કે જેના સંબંધથી સુખદુઃખ થાય છે, તે મૂર્ત છે, મૂર્ત માનસવર્ગણાથી બનેલ મનરૂપ છે.

(૪) જે વસ્તુ આત્મા અને આત્મગુણ જ્ઞાનાદિથી ભિન્ન હોય અને બાહ્ય કારણોથી પુષ્ટ થતી હોય એ મૂર્ત હોય; દા.ત. તેલથી ઘડો પુષ્ટ દૃઢ થાય છે. ત્યાં ઘડો મૂર્ત છે; એમ સુકૃતોથી પુણ્ય અને દુષ્કૃતોથી પાપ પુષ્ટ થાય છે. માટે એ પુણ્ય-પાપ મૂર્ત હોય. જ્ઞાનાદિથી ભિન્ન એટલા માટે કહ્યું કે એ બાહ્ય વસ્તુ ગુરુ, પુસ્તક, બ્રાહ્મી આદિથી પુષ્ટ થાય છે છતાં મૂર્ત નથી.

(૫) જેનું કાર્ય પરિણામી હોય એ સ્વયં પરિણામી હોય અને આત્માદિથી ભિન્ન તથા પરિણામી વસ્તુ મૂર્ત હોય. દા.ત. દૂધનું કાર્ય દહીં પરિણામી છે, છાશ વગેરેમાં પરિણમતી વસ્તુ છે, તો દૂધ ખુદ પરિણામી અને મૂર્ત ચીજ છે, એમ કર્મનું કાર્ય શરીરાદિ એ પરિણામી ચીજ છે માટે ખુદ કર્મ પણ પરિણામી હોવા જોઈએ, અને તેથી મૂર્ત જ હોય.

પ્ર. : સુખદુઃખાદિની વિચિત્રતા માટે કર્મો માનો છો પરંતુ આકાશના વાદળાં-ઈન્દ્રધનુષ, સંધ્યા વગેરે વિચિત્ર વિકારોની જેમ એ સુખદુઃખાદિ સ્વભાવિક કેમ ન હોય ? કર્મની શી જરૂર ?

ઉ. : આકાશના વિકારો નિયત છે. સંધ્યા સવાર સાંજ જ થાય છે. વાદળ વિશેષે વર્ષાઋતુમાં આવે છે. ઈન્દ્રધનુષ સવાર-સાંજ પાણીના વાદળામાંથી સૂર્યકિરણ પસાર થાય તો જ બને છે, ત્યારે સુખદુઃખ અનિયત પણે થતાં દેખાય છે, માટે સહજ ન કહેવાય. વળી આકાશ વિકારો પણ અમુક કાળે કે અમુક સંયોગે થાય છે. એ સૂચવે છે કે એ બધા પણ માત્ર સ્વભાવે નહિ, કિન્તુ કારણ મળતાં નીપજે છે. એમ સુખદુઃખ સ્વભાવે નહિ પણ કર્મરૂપી કારણ મળે તો જ થાય.

પ્ર. : ઠીક છે, તો પછી આત્મામાં કર્મના વિકાર સ્વાભાવિક માનો.

ઉ. : કારણ વિના કદી કાર્ય બને નહિ. અલબત સ્વભાવ પણ એક જરૂરી કારણ છે. કિન્તુ એની સાથે કાળ, પુરુષાર્થ નિમિત્ત સાધનો વગેરે પણ કારણ તરીકે જરૂરી છે.

પ્ર. : આકાશમાં સીધે સીધાં વિચિત્ર વિકારો થાય છે, તેમ શરીરમાં સીધે-સીધા સુખદુઃખાદિ વિકારો થાઓ. અર્થાત્ સુખદુઃખાદિનું કારણ સીધું શરીર જ

કહો, વચમાં કર્મને લાવવાની શી જરૂર છે ?

ઉ. : શરીર કારણ તરીકે મંજૂર છે. પણ નોંધી રાખો કે કર્મ જૂથ પણ શરીર (કાર્મણ) જ છે. જો એને એ માનવામાં આવે તો વર્તમાન શરીર છોડીને ગયેલા આત્માને પછીના ભવમાં કારણના અભાવે સ્થૂલ શરીર અને તે અમુક જાતનું જ ગ્રહણ કરવાનું કેમ બને ? અર્થાત્ ન જ બને. તેથી તો સંસારનો અંત અને મુક્તિ જ થઈ જાય. ત્યારે જો અશરીરીને પણ સંસાર હોય તો મોક્ષે ગયેલાને એ થાય તો મોક્ષની આસ્થા જ ઊઠી જાય.

પ્ર. : મૂર્ત કર્મનો અમૂર્ત આત્મા સાથે સંયોગ કેમ થઈ શકે ?

ઉ. : (૧) ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય અમૂર્ત હોવા છતાં તેનો મૂર્ત પુદ્ગલ સાથે સંબંધ થઈ શકે છે. તો જ તે ગતિસ્થિતિમાં ઉપકાર બને છે. સંબંધ વિના કયાંથી બની શકે.

(૨) સ્થૂલ શરીર પણ આત્મા સાથે સંબદ્ધ બન્યું છે એ અનુભવ છે. નહિતર જીવંત અને મૃત શરીર વચ્ચે ભેદ કેમ પડે ? એ જ રીતે મૂર્ત કર્મનો આત્મા સાથે સંબંધ થઈ શકે છે. અથવા સંસારી આત્મા સર્વથા અમૂર્ત નથી. કિન્તુ અનાદિ કર્મ પ્રવાહના પરિણામને પ્રાપ્ત થયેલ આત્મા પૂર્વકર્મના ખીરનીરવત્ સંબંધથી કથંચિત્ મૂર્ત પણ છે. તેથી એના પર નવા મૂર્ત કર્મનો સંબંધ થઈ શકે છે. માટે જ સર્વથા કર્મરહિત બનેલ મુક્તાત્મા હવે સર્વથા અરૂપી હોવાથી એના પર કર્મ સંબંધ થતો નથી.

પ્ર. : ચંદનના લેપ અને તલવારના ઘાથી અરૂપી આકાશ પર જેમ કોઈ અનુગ્રહ-ઉપઘાત નથી થતો, તેમ અરૂપી આત્મા પર શુભાશુભ મૂર્ત કર્મના અનુગ્રહ-ઉપઘાત કેમ થાય ?

ઉ. : (૧) દૃષ્ટાન્ત વિષમ છે. કેમકે, આકાશમાં તે વસ્તુઓનો આત્મામાં કર્મની જેમ સંબંધ નથી. (૨) સારા-નરસા આહારાદિના આત્મા ઉપર અનુગ્રહ-ઉપઘાત પ્રત્યક્ષ-સિદ્ધ છે. (૩) અમૂર્ત બુદ્ધિ પર બ્રાહ્મી-મદિરાના અનુગ્રહ-ઉપઘાત થાય જ છે. તેમ આત્મા પર કર્મના અનુગ્રહ ઉપઘાત થઈ શકે છે.

પ્ર. : શરીરાદિનો કર્તા કર્મ શા માટે ? શુદ્ધ આત્મા બ્રહ્મ કે ઈશ્વર કર્તા કેમ નહિ ?

ઉ. : (૧) કુંભાર-લુહારની જેમ ઉપકરણ વિના એ શું કરી શકે ? ગર્ભાવસ્થામાં કર્મ વિના બીજું કોઈ ઉપકરણ સંભવતું નથી. રજોવીર્યનું ગ્રહણ પણ કર્મ વિના થાય નહિ. નહિતર શુદ્ધ મુક્તને થવું જોઈએ. (૨) કર્મ વિના શુદ્ધાત્મા કે ઈશ્વર કર્તા ન બની શકે, કેમકે નિષ્ક્રિય છે, અમૂર્ત છે, અશરીરી છે, વ્યાપક

છે. દા.ત. આકાશ. અથવા એક છે, જેમ એક પરમાણું.

પ્ર. : ઈશ્વર પોતાના સર્વવ્યાપક શરીરથી કર્તા બની શકે ને ?

ઉ. : જો એ સિદ્ધાન્ત માની લો છો કે કાર્ય કરવા માટે ઈશ્વરને પણ શરીર જોઈએ, તો તો સવાલ એ છે કે પોતાનું શરીર પણ એક કાર્ય છે; એ બનાવવા ઈશ્વર પાસે ક્યું શરીર ? • જો કહો કે એ તો એમ જ બનાવે, તો તો જીવોનાં શરીરાદિ પણ શા માટે એમ જ ન બનાવે ? • જો કહો 'હા, બનાવે જ છે,' તો એનું પ્રયોજન શું ? એ જો નિષ્પ્રયોજન કર્યા કરે તો તો ઉન્મત્તસમ ઠરે ! કદાચ • જો એમે ય કરે, તો સમાન જ સર્જે, વિચિત્ર કેમ ? • જો દયાથી કરે તો બધું જ સારું સુખકારી કરે. નરસું દુઃખકારી શા માટે સર્જે ? • જો જીવોના કર્માનુસાર કરે તો કર્મવસ્તુ સિદ્ધ થઈ ગઈ ! ખેર, પણ પછી • અજ્ઞાન-મૂઢ માણસોનાં નિષ્ફળ કે ઊંધા કાર્યમાં તેમ જ ખૂની-બદમાશના ખૂન-બદમાશીનાં કાર્યમાં ઈશ્વરનો હાથ માનવો પડે, એમાં ઈશ્વરની પોતાની સજ્ઞાન દશા કે સજ્જનતા ક્યાં રહી ? • જો જીવના ગુના રોકવાની પોતાની શક્તિ ન હોય તો સર્વશક્તિમાન ક્યાંથી ? એ જો નહિ તો દંડવાની શક્તિ શી રીતે ? જો કહો દંડ તો જીવનાં પોતાનાં કર્મ જ કરે છે, તો કર્તા કર્મ જ, કર્મયુક્ત જીવ જ ઠરે છે, પણ ઈશ્વર નહિ. ત્યારે હવે મૂળ પ્રશ્ન આવીને ઊભો રહે છે,-

**'પુરુષેવેદં ગ્નિ...' એ વેદપંક્તિનું શું ?**

વેદપંક્તિ આ છે,- '**पुरुषेवेदं ग्निं सर्वं यद् भूतं यच्च भाव्यम् उतामृतत्वस्येशानः, यदन्नेनातिरोहति, यदेजति, यन्नैजति, यद् दूरे, यदु अन्तिके, यदन्तः सर्वस्यास्य बाह्यतः ।**' અર્થાત્ જે કાંઈ થયું, અને જે થશે, જે અમૃતપણાનો પણ પ્રભુ છે, જે અન્નથી અતિશય વધે છે, જે ચાલે છે (પશુ આદિ), જે નથી ચાલતા (પર્વતાદિ), જે દૂર છે (મેરુ વગેરે), જે સમીપમાં છે, જે મધ્યમાં છે, જે આ (ચેતનાચેતન) સર્વની બહાર છે, તે આ બધું પુરુષ જ છે.

આનાથી એકલા પુરુષની જ સત્તા ભાસે છે, કર્મની નહિ. તેમ 'વિજ્ઞાનઘન એવ...' પંક્તિથી વિજ્ઞાનસમૂહ જ, અર્થાત્ કર્મ નહિ, એમ ભાસે છે. પરંતુ એ બરાબર નથી. કેમકે આ વેદપંક્તિઓ પુરુષની માત્ર સ્તુતિ કરે છે, એમ કરવાનો ઉદ્દેશ 'હું બ્રાહ્મણ જાતિનો,' 'હું ક્ષત્રિય જાતિનો,' એવો જાતિમદ છોડાવવા માટે હલકી જાતિવાળા સાથે પણ અદ્વૈતની-એકરૂપતાની ભાવના કરાવવાનો છે, કે- 'એ અને હું આત્મસ્વરૂપે એક છીએ, પછી ઊંચા નીચા શાના ?' શાસ્ત્રોના વાક્યોને વિવેક કરવો જોઈએ કે એ કેવા પ્રકારનું વાક્ય છે ? વ્યવહારમાં પણ કોઈ પાણી ચઢાવનાર વાક્ય હોય છે, તો કોઈ મશ્કરીનું વચન હોય છે, ત્યારે કોઈ વસ્તુસ્થિતિ

સૂચક હોય છે; ભલે પછી શબ્દ એક સરખા હોય. નિરાશ થતા વિદ્યાર્થીને કહેવાય છે. 'તું તો હોશિયાર છે.' અર્થાત્ મહેનત કર, ફળ સારું આવશે. બુદ્ધિહીન પણ દોઢડાહ્યાને ય 'ભાઈ તું તો હોશિયાર છે' કહેવાય છે, કિન્તુ મશ્કરીમાં. સારા બુદ્ધિમાન મહેનતુને કહેવાય છે કે 'તું તો હોશિયાર છે, એટલે તને પરીક્ષા સહેલી લાગે.'

એમ વેદમાં ત્રણ પ્રકારનાં વાક્ય મળે છે,-૧. વિધિવાદ૰, ૨. અર્થવાદ૰ અને ૩. અનુવાદ વાક્ય. ● (૧) **વિધિવાદ** એટલે કંઈ કરવા ન કરવાનો નિર્દેશ કરનારાં વચન; દા.ત. કહ્યું, અગ્નિહોત્રં જુહુયાત્ સ્વર્ગકામઃ'-સ્વર્ગેચ્છુ અગ્નિહોત્ર યજ્ઞ કરે. 'મા હિંસ્યાત્'-હિંસા નહિ કરવી. ● (૨) **અર્થવાદ** એટલે સ્તુતિ યા નિન્દાના ભાવનાં વાક્ય. દા.ત. **'એકયા પૂર્ણયાહુત્યા સર્વાન્ કામાન્ અવાપ્નોતિ'** એક પૂર્ણ આહૂતિથી સર્વ ઈચ્છિત મળે છે.' આ પૂર્ણ આહૂતિની સ્તુતિ છે, પણ વિધિવાદ નહિ. કેમકે તો તો પછી અગ્નિ એ એક આહૂતિ જ આટલું જ કરીને બેસી રહે, તેથી અગ્નિહોત્રાદિ યજ્ઞ વ્યર્થ ઠરે ! છતાં સ્તુતિ કરીને સૂચવે છે કે એ સારી રીતે કરવું.

એમ **'એષ વઃ પ્રથમો યજ્ઞો યોડગ્નિષ્ટોમઃ...** અગ્નિષ્ટોમ તમારો પહેલો યજ્ઞ છે. એને પહેલો કર્યા વિના બીજા અશ્વમેધાદિ કરે તે નરકમાં પડે છે.' આ તેમ ન કરનારની નિંદાનું વચન છે, તેથી સંભાળ રાખવાનું સૂચન છે. **'દ્વાદશમાસાઃ સંવત્સરઃ'** બાર માસનું વર્ષ થાય,-એ અનુવાદ વચન છે; એ માત્ર વસ્તુ-સ્થિતિ રજૂ કરે છે. પ્રસ્તુતમાં 'પુરુષેવેદંગ્નિ સર્વં' એ ઉપર કહ્યું તેમ પુરુષ આત્માની સ્તુતિનું સૂચક છે, પણ કર્મની વસ્તુ-સ્થિતિનું નિષેધક નહિ. નહિતર કર્મ પ્રતિપાદક પુણ્ય, પુણ્યેન કર્મણા, પાપઃ પાપેન' વગેરે બીજાં વેદ-વચન ખોટાં ઠરે ! તેમ પૂર્વે કહ્યું તેમ એકલા પુરુષતત્ત્વથી પદાર્થ સંગતિ ન થાય.

મહાવીર પ્રભુની આ સમજાવટથી અગ્નિભૂતિ ગૌતમ પણ પ્રતિબોધ પામ્યા અને ૫૦૦ વિદ્યાર્થી સાથે પ્રભુનાં ચરણે દીક્ષા લીધી.

❈ ❈ ❈

## ૩ જા ગણધર-વાયુભૂતિ

### શરીર એ જ જીવ છે ?

બે મોટાભાઈ ઈન્દ્રભૂતિ અને અગ્નિભૂતિ ભગવાનના શિષ્ય બની ગયાનું સાંભળીને ત્રીજાભાઈ વાયુભૂતિ અને બીજાઓ તો હવે એમજ વિચારે છે કે 'મહાવીર ભગવાન ખરેખર સર્વજ્ઞ છે. તો અમારે વિદ્વત્તાનો ગર્વ શો રાખવો ? અમે પણ જઈએ મહાવીરપ્રભુ પાસે, પ્રભુને વંદના કરી એમની ઉપાસના કરીએ. ઈન્દ્રભૂતિ

અને અગ્નિભૂતિ જેવા મહા વિદ્વાન પણ જેમના ચરણ-સેવક બન્યા, એવા એ ત્રિભુવનજનથી નમસ્કાર કરાયેલા મહાપુરુષના વિનયવંદન-ઉપાસનાથી અમે પણ પાપરહિત બનીએ અને સંશય નિવારીએ.'

બસ, વાયુભૂતિ પોતાના ૫૦૦ વિદ્યાર્થીઓ સાથે પ્રભુ પાસે ખડા થયા. એ કાળે આત્મવિદ્યાનો, ધર્મશાસ્ત્રોની વિદ્યાનો કેટલો રસ હશે કે એકેકની પાસે સેંકડો વિદ્યાર્થીઓ વિદ્યાભ્યાસ કરી રહ્યા છે ! આ અગિયારેમાંના દરેક પાસે સેંકડો વિદ્યાર્થીઓ છે, ઘરબાર છોડીને એ વિદ્યાગુરુની સાથે ઘૂમે છે. તે પાછા એવા વિનીત અને વિવેકી કે ગુરુ જો કોઈ મહાનનાં ચરણે જીવન ઝુકાવી દે છે તો પોતે પણ એમને અનુસરે છે ! માનવ જીવનની સુવાસ કઈ ? એની પશુજીવનથી ઊંચી આચરણા કઈ ?

**સંશય કેમ પડ્યો ?** :- વાયુભૂતિ ભગવાન પાસે આવ્યા. પ્રભુએ એ જ પ્રમાણે નામ-ગોત્રના સંબોધનથી બોલાવ્યા અને સંશય કહ્યો,- 'હે ગૌતમ વાયુભૂતિ તમારા મનને સંશય છે કે' **આ શરીર એ જ જીવ ? કે જીવ જેવી કોઈ જુદી વસ્તુ છે ?'**

**'विज्ञानघन एव'** એ વેદપંક્તિથી તમને લાગ્યું કે ચેતના પૃથ્વી આદિ પાંચ ભૂતમાંથી જ ઊઠે છે અને એના નાશથી પાછળ નષ્ટ થઈ જાય છે એ સૂચવે છે કે ચૈતન્ય વસ્તુ તો છે, પરંતુ આ પાંચ ભૂતનો દેહ એ જ ચેતન આત્મા.

બીજી બાજુ **'न ह वै सशरीरस्य प्रियाऽप्रिययोरपहतिरस्ति; सशरीरं वा वसन्तं प्रियाप्रिये न स्पृशतः'** એ વેદપંક્તિ મળી. એથી તો એમ જાણવા મળ્યું કે શરીરધારીને પ્રિયાપ્રિય, સુખ-દુઃખનો અંત નથી, અને શરીરરહિત બનેલાને સુખ દુઃખ સ્પર્શતા નથી.' એ તો સ્પષ્ટ શરીરવાસી કોઈ જુદા આત્માનું વિધાન કરે છે એમ લાગ્યું. એટલે સામસામી વસ્તુ મળવાની શંકા ઊભી થઈ.

શરીર-ભૂતસમુદાય એ જ જીવ છે એ હકીકતના સમર્થનમાં બહાર જોવા મળ્યું કે ધાવડીના ફૂલ-ગોળ-પાણી વગેરે મદિરા બનાવવાની દરેક વસ્તુમાં મદશક્તિ દેખાતી નથી, ને એ બધાના સમુદાયમાં દેખાય છે, એ સૂચવે છે કે મદશક્તિ કોઈ જુદી વ્યક્તિનો નહિ પણ એ સમુદાયનો ધર્મમાત્ર છે, કોઈ જુદી ચીજ નહિ. એમ ચેતના પણ ભૂતસમુદાયનો ધર્મમાત્ર હોય, કિન્તુ અલગ વસ્તુ નહિ.

## 'દેહથી જીવ જુદો' એની દલીલો

(૧) પરંતુ અહીં સમજવા જેવું છે કે જે પ્રત્યેકનો ધર્મ નહિ એ સમુદાયનો ધર્મ કેમ બની શકે ? રેતીના એકેક કણમાં તેલ નથી તો રેતી લાખ મણ પીલવાથી એક તોલો પણ તેલ નીકળે ? ત્યારે દરેક તલમાં તે છે, તો તલ સમૂહમાંથી તેલ

નીકળે છે. એમ મદિરાપાનમાં લાગતી ભ્રમિ (ચિત્તભ્રમ કરવાની શક્તિ) મીઠાશ અને ઠંડકના અંશ અનુક્રમે ધાવડી-પુષ્પ, ગોળ અને પાણી દરેકમાં છે, તો જ એ એના ભેગા મળેલા સમુદાયમાં દેખાય છે. નહિતર તો ગમે તે ગમે તે વસ્તુઓ ભેગી કરવાથી દારૂ બનવો જોઈએ ને ? માટે કહો, પ્રત્યેકમાં હોય તે જ સમુદાયમાં આવે.

પ્ર. : તો પ્રત્યેક ભૂતમાં ચૈતન્યનો અંશ માનીશું.

ઉ. : એમ હોય તો પછી પ્રત્યેકમાં ચૈતન્ય દેખાતું કેમ નથી ?

પ્ર. : આવૃત-ઢંકાયેલું છે તેથી દેખાતું નથી. પંચ ભૂત ભેગા મળે ત્યારે એ વ્યક્ત થાય છે.

ઉ. : આનો અર્થ તો એ થયો કે ભૂત એકલું હોય ત્યારે ચૈતન્યનો બીજો કોઈ આવારક તો છે નહિ, એટલે પોતે જ આવારક-આવરણરૂપ છે, અને સમૂહમાં પાછું પોતે વ્યંજક યાને પ્રગટ કરનાર બને છે. ગુણનો જે આવારક, આવરણ, એ જ અભિવ્યંજક પ્રગટ કરનાર, એ કેમ બને ? વિરુદ્ધ છે.

પ્ર. : ના, એમ નથી, અભિવ્યંજક તરીકે ભૂતનો વિશિષ્ટ સંયોગ છે.

ઉ. : વિશિષ્ટ સંયોગ તો મડદામાં હયાત છે, તો એમાં કેમ ચૈતન્ય પ્રગટ નથી ? જો વાયુ કે ગરમીની કમીના લીધે કહો તો તે તો પૂરી શકાય.

પ્ર. : ના, પ્રાણ ઉદાન વગેરે વાયુ ક્યાંથી ઉમેરી શકાવાના ? મડદામાં એ નથી માટે ચૈતન્ય નથી.

ઉ. : એનો અર્થ તો એ, કે પ્રાણાદિ વાયુને ચૈતન્ય-જ્ઞાનાદિના નિયામક કહો છો ! જ્યારે હકીક્ત ઊલટી છે. ચૈતન્ય પોતે પ્રાણાદિનું નિયમન કરે છે. દેખાય છે, પ્રાણાયામ કરનાર ઈચ્છા મુજબ પ્રાણનું પૂરણ-રેચનાદિ કરે છે. સારાંશ મડદામાં ચૈતન્ય નથી એ સૂચવે છે કે ભૂતનો એ સહજ ગુણ નથી.

પ્ર. : તો ચૈતન્યને માતાના ચૈતન્યમાંથી ઉત્પન્ન થયેલું કહીશું, તે એવું કે મૃત્યુ સુધી જ પહોંચે.

ઉ. : આમાં મોટી આપત્તિ એ છે, કે માતૃચૈતન્યના સંસ્કારો-વાસનાઓ પુત્રમાં કેમ નથી આવતા ? માતા ક્રોધી અને પુત્ર શાંત, યા તેથી ઊલટું વગેરે કેમ બને છે ? કદાચ કહો, થોડો વારસો આવે છે, તો માતાના શરીર પર ઉત્પન્ન થનાર જૂ-લીખમાં કેમ નહિ ? અગર કહો, શુક્ર-રુધિરના સંયોગથી ઉત્પન્ન થાય તેમાં જ ચૈતન્ય ઉત્પન્ન થાય, તો પછી એનામાં અલ્પાંશ ચૈતન્ય ક્યાંથી આવ્યું ?

વળી કહો છો 'મૃત્યુ સુધી પહોંચે એવું ચૈતન્ય માતા પેદા કરે છે,' તો સવાલ એ છે કે મૃત્યુ જ શી વસ્તુ છે ? ચૈતન્યનો નાશ કહો તો એ જ કેમ થયો ?

વાત-પિત્તાદિની વિષમતાથી કહો તો તે ઠીક નથી; કેમકે મૃત્યુ પછી તો વિષમતાના વિકારભૂત તાવ-ખાંસી વગેરે કોઈ વિકારો દેખાતો નથી; એથી તો માનવું જોઈએ કે વાત-પિત્તાદિ વિષમમાંથી સમ બની ગયા, અને **'तेषां समत्वमारोग्ये'** આરોગ્યમાં તેનું સમપણું કહ્યું છે, તો હવે તો ઊલટું પુનર્જીવન થવું જોઈએ. તમે જ કહો છો વાતાદિ સમ હોય તો ચૈતન્ય હોય.

પ્ર. : સમ વાતાદિ ત્યાં છે જ નહિ, કેમકે વિકારોમાં લોહી વગેરેની વિકૃતતા મટી જ નથી, પછી પુનઃ ચૈતન્ય ક્યાંથી આવે ?

ઉ. : તો પછી એ કહો કે વિકારો કેમ ન મટ્યા ? એ સાધ્ય હતા કે અસાધ્ય ? સાધ્ય હોય તો ઉપચારથી મટવા જોઈએ. અસાધ્ય કહો તો તે શાથી ? શું (૧) વૈદ્યના અભાવે ? (૨) ઔષધના અભાવે ? કે (૩) આયુષ્યના ક્ષયને લીધે ?

(૧) વૈદ્યના અભાવે નહિ, કેમકે વૈદ્ય છતેય કેટલાય મરે છે. (૨) એમ ઔષધની ખામીએ પણ નહિ; કારણ એ જ ઔષધથી પહેલાં સારું થયેલું હોય છે. (૩) આયુષ્યના ક્ષયે કહો તો એ આયુષ્યકર્મ ક્યાંથી આવ્યું ? એક જ માતાના બે પુત્ર ચૈતન્યમાં મૃત્યુનો ફરક પડે છે એ સૂચવે છે કે આયુષ્ય એ ચૈતન્યનો ધર્મ નથી. તો કહેવું જોઈએ કે આત્મા જ પૂર્વભવેથી એવું કર્મ લઈ આવેલો, જે અહીં પૂર્ણ થતાં આત્માનો સંબંધ છૂટી ગયો, તેથી હવે મડદામાં ચૈતન્ય નથી દેખાતું. તાત્પર્ય, ચૈતન્ય એ ભૂતનો ધર્મ નથી. 'ઘડા વગેરે ભૂત-સમૂહમાં કે મડદાના ભૂતપંચકમાં વિશિષ્ટ સંયોગ નથી, અગર નીકળી ગયો છે, માટે ચૈતન્ય નહિ' એમ કહો એમાં પણ એ 'વિશિષ્ટ'નો અર્થ તો એજ કે આત્મા નીકળી ગયો છે.

પ્ર. : ચૈતન્ય શરીરનો ધર્મ દેખાય છે એને એનો ધર્મ નહિ ને બીજાનો કહેવો એ, 'ઘડાનો દેખાતો લાલ વર્ણ ઘડાનો નહિ પણ બીજાનો,'-એમ માનવા જેવું શું પ્રત્યક્ષ વિરુદ્ધ નથી લાગતું ?

ઉ. : માત્ર પ્રત્યક્ષને શું કરે છે ? જમીનમાંથી ઊઠતો અંકુર એ થોડો જ જમીનનો ધર્મ મનાય છે ? એ તો બીજનો ધર્મ છે. નહિતર એ બીજ વિના પણ કેમ ઊઠતો ન દેખાય ?

(૨) જ્યાં પ્રત્યક્ષનું બાધક અનુમાન પ્રમાણ મળે ત્યાં પ્રત્યક્ષવિરોધ નગણ્ય બને છે. આજે સવારથી ખાધું નથી ને બપોરે પેટ દુખ્યું છતાં એ દુખવાનું આજના પ્રત્યક્ષ ભૂખ્યા રહેવાથી થયું નથી, પણ આગલે દિવસે વધારે ઠાંસ્યું છે એનાથી બન્યું છે. એમ અહીં આત્માનું સાધક અનુમાન મળે છે તે પ્રત્યક્ષ-વિરોધને અકિંચિત્કર ઠેરવે છે.

**ઈન્દ્રિયભિન્ન આત્માનું સાધક અનુમાન આ, કે 'જે જેની પ્રવૃત્તિ** બંધ પડવા

પાછળ પણ સ્મરણપ્રવૃત્તિ કરે તે તેનાથી જુદી વસ્તુ હોય.' દા.ત. મકાનના પાંચ ઝરૂખામાંથી જોવા પાછળ, ઝરૂખા બંધ થવા છતાં, સ્મરણ કરનાર જુદી વ્યક્તિ છે; એમ પાંચ ઈન્દ્રિયોથી જોનાર કોઈ એક વ્યક્તિ છે. જેમ ઝરૂખો પોતે જ જોનાર વ્યક્તિ નથી, એમ ઈન્દ્રિય પોતે જ જોનાર વ્યક્તિ નથી. કેમકે,

(૩) ઈન્દ્રિયો પોતે બેઠી છતાં ક્યારેક મન બીજે કે શૂન્ય હોય તો નથી પણ જોતી;

(૪) ઈન્દ્રિયવ્યાપાર બંધ છતાં જોયેલાનું સ્મરણ થાય છે;

(૫) ઈન્દ્રિયોએ જોયેલા પાછળ ચિંતન, વિકાર, આતુરતા, કે ઈન્કાર વગેરે અસર કોઈ અંદરનો અનુભવે છે.

એ સૂચવે છે કે ગવાક્ષની જેમ ભૂતમય ઈન્દ્રિયો એ જ આત્મા નથી; આત્મા એ બધાં સાધનોનો ઉપયોગ કરનાર એક જુદી વ્યક્તિ છે.

(૬) વળી કોઈને કોઈ એક ગવાક્ષથી જોઈને બીજા ગવાક્ષે બોલાવે ત્યાં એ બે ગોખમાં એકીકરણનું સામર્થ્ય નથી માટે તે કરનાર જુદી વ્યક્તિ મનાય છે, તેમ આંખથી કોઈ ખાટી કેરી ખાતો જોઈ જીભ કે દાંત ખટાવાનો અનુભવ થાય તે કરનાર કોઈ જુદી જ વ્યક્તિ હોય.

(૭) જેમ કોઈ પાંચ પુરુષમાં એકેકને એકેક જ્ઞાન હોય, એકનું થતું જ્ઞાન બીજાને ન થતું હોય, છતાં કોઈ છઠ્ઠો એવો હોય કે જેને આ પાંચેનું જ્ઞાન થતું હોય, તો એ પેલા પાંચેયથી જુદો છે, બસ એવી જ રીતે પાંચેય ઈન્દ્રિયોથી જોવાયેલા પાંચેય વિષયોનું સ્મરણ કરી શકનાર આત્મા જુદી જ વ્યક્તિ હોવી જોઈએ. ધ્યાનમાં રહે કે અહીં ઈન્દ્રિયને એકેક જ્ઞાન પણ થવાની આપત્તિ નથી, કેમકે પોતે ઈચ્છાથી તે કરી શકતી નથી.

**(૮-૯-૧૦-૧૧)** જ્ઞાન જ્ઞાનપૂર્વક હોય છે, તો આ શરીરમાં થતું પહેલું જ્ઞાન જ્ઞાનપૂર્વક જોઈએ. એ પૂર્વજ્ઞાનનો ધણી આત્મા. એમ ઈચ્છામાં; એમજ દેહમાં; એમજ સુખદુ:ખ રાગ-દ્વેષ-ભય-શોકાદિમાં, કે એ પહેલી ઈચ્છા-દેહ-સુખ દુ:ખાદિ-ઈચ્છા-દેહ-સુખદુ:ખાદિપૂર્વક છે.

**(૧૨)** દેહ અને કર્મનો બીજ-અંકુરની જેમ અનાદિ પ્રવાહ ચાલ્યો આવે છે, તે કર્તા (જુદા જીવ) વિના ન બને.

**(૧૩)** દંડથી થતા ઘડા માટે દંડની જેમ શરીરથી થતી ક્રિયા માટે શરીર એ ખુદ કર્તા નથી પણ કરણ છે, સાધન છે. ત્યાં કર્તા કુંભારની જેમ અહીં કર્તા આત્મા છે.

(૧૪-૧૮) પ્રથમ ગણધરમાં કહેલ છે તેમ • ઘરની જેમ ચોક્કસ (અમુક

જ) આકારવાળા શરીરનો કર્તા જોઈએ. ● મેલા વસ્ત્રને ઉજળું કરવું રંગવું એના પર ખુશી અનુભવવી વગેરેની જેમ શરીરનો ભોક્તા અને મમત્વકર્તા કોઈ જોઈએ. ● થાંભલા-બારી-બારણાં વગેરેની જેમ હાથ પગ માથું વગેરેની સલામતી ઈચ્છનાર એક કોણ ? શરીર નહિ, કેમકે એ તો એ અંગોનો સમૂહમાત્ર છે. ● લોઢું અને સાણસાની જેમ વિષયો અને ઈન્દ્રિયો વચ્ચે ગ્રાહ્ય-ગ્રાહકભાવ થવા માટે સ્વતંત્રેચ્છાવાળો કુંભારની જેમ આત્મા જોઈએ. ● જે અન્ય દેશ-કાળનું અનુભવેલું યાદ કરે તે અવિનષ્ટ હોય, તેમ અન્યે અનુભવેલું અન્યને યાદ ન આવે. માટે પૂર્વ શરીર નષ્ટ થવા છતાં નવા શરીરે જે પૂર્વજન્મનું સ્મરણ કરી શકે છે તે શરીરથી જુદો આત્મા જ છે.

**ક્ષણિકવાદ કેમ બરાબર નહિ ? :-**

પ્ર. : ક્ષણ-પરંપરામાં સંસ્કાર ઉતરી આવવાથી સ્મરણ થાય ને ? એક આત્માની શી જરૂર ?

ઉ. : પરંપરામાં ય એક ઓતપ્રોત વ્યક્તિ જોઈએ, જે સંસ્કારને ટકી રહેવા આધાર હોય. નહિતર જ્ઞાન અને સંસ્કાર સર્વથા નષ્ટ થયે પછીથી બરાબર તેવું જ સ્મરણ ન થઈ શકે. વળી,

(૧૯) જગતના સર્વ પદાર્થને ક્ષણિકરૂપે જોયા વિના 'જે કોઈ સત્ છે તે ક્ષણિક છે' એ કોણ જાણી શકે ? એમ, પોતે જ ક્ષણ પછી નષ્ટ હોય તો પોતાને પોતાની સાથેના કે ભવિષ્યનાનું શું થયું કે થશે એની શી ખબર પડે ? તાત્પર્ય, જોનાર-જાણનાર એક અવિનાશી આત્મા જોઈએ.

પ્ર. : પોતાના જેવા બધા, એ રીતે બધાને ક્ષણિક તરીકે જાણી શકે ને ?

એ રીતે પણ જાણવા માટે પહેલાં બધામાં પોતાના જેવું સત્પણું જાણવું જોઈએ; (નહિતર અસત્ પણ ક્ષણિક સિદ્ધ થાય ! થાઓ. ના, ક્ષણિક=ક્ષણમાં નાશ, અસત્નો વળી નાશ શો ?) હવે આ સત્પણું જાણવા જાય એટલામાં તો પોતે નષ્ટ પછી હું નષ્ટ છું એવું પોતે પોતાનું ય કેવી રીતે જાણે, જો પોતે જ ક્ષણ પછી ઊભો રહેતો નથી ? સંસ્કારથી સંસ્કારિત જાણી શકે, પણ ત્યાંય સંસ્કાર અને સંસ્કારિત એક સાથે હયાત જોઈએ. તેમ સંસ્કાર ટકવાવાળા અર્થાત્ અક્ષણિક જોઈએ. તાત્પર્ય, એક અવિનાશી આત્મા માનો તો જ આ બધું ઘટે.

(૨૦) વેદમાં કહેલ દાનાદિના ફળ પણ દેહથી જુદો આત્મા હોય તો જ ઘટે. અલબત દેહમાં એ પેસતો-નીકળતો ન દેખાય તે તો પૂર્વે કહ્યું તેમ સૂક્ષ્મતાદિ કારણે.

(૨૧) એમ, પૂર્વે કહેલ યોગ-ઉપયોગ-લેશ્યા-ઈચ્છા-રાગાદિ-આંતરિક

સુખદુઃખ વગેરે એ કાંઈ દેહની હાનિ-વૃદ્ધિએ ઘટતા-વધતાનો નિયમ નથી. એ સૂચવે છે કે એ દેહના ધર્મ નથી; પણ અલગ આત્માના છે. પૂર્વજન્મસ્મરણ, દેહ કરતાં આત્માના જુદા પર્યાય, સૌથી પ્રિય આત્મા ખાતર દેહનો પણ ત્યાગ... ઈત્યાદિ આત્માને સાબિત કરે છે.

ભગવાનની સમજુતીથી આ રીતે વાયુભૂતિની શંકા નષ્ટ થતાં એમણે પણ પોતાના ૫૦૦ વિદ્યાર્થી સાથે પ્રભુની પાસે ચારિત્ર લીધું.

# ૪થા ગણધર-વ્યક્ત

## પંચભૂત સત્ છે ?

હવે ચોથા બ્રાહ્મણ વ્યક્ત નામે પ્રભુ પાસે આવ્યા. પ્રભુએ એમના મનનો સંદેહ કહ્યો કે **'स्वप्नोपमं वै जगत्'** ઈત્યાદિ વેદપંક્તિથી તમને થયું કે જગત્ દેખીતા પંચભૂત સ્વપ્નસમા મિથ્યા છે, અર્થાત્ સત્ નથી; ને બીજી બાજુ 'પૃથ્વી દેવતા, આપો દેવતા...' વગેરે વચથી દેવરૂપ ભૂત સત્ હોવાનું લાગ્યું; તેથી શંકા થઈ કે પંચભૂત સત્ હશે કે અસત્ ? દશ્ય ભૂતમાં જ સંદેહ થાય, પછી આત્માનું પૂછવું જ શું ? અર્થાત્ શું બધું શૂન્ય જ ?

બધું અસત્ હોવામાં આ વિચારણા મળી,–

**સર્વ શૂન્યની દલીલ :-**

(i) વસ્તુ પરસ્પર સાપેક્ષ હોવાથી, (ii) એમાં સત્ત્વનો સંબંધ, (iii) એની ઉત્પત્તિ, (iv) એની ઉત્પાદક સામગ્રી, અને (v) એનું પ્રત્યક્ષ ન ઘટી શકવાથી વસ્તુ અસત્ છે.

(૧) વસ્તુની સિદ્ધિ સાપેક્ષ છે; સ્વતઃ પરતઃ કે સ્વપર ઉભયતઃ સત્ સિદ્ધ થાય. હવે વસ્તુ કાં કારણરૂપ હોય, યા કાર્યરૂપ. એમાં કોઈ કાર્ય હોય તો આ કારણ કહેવાય; પણ પહેલાં આ કારણ તરીકે સિદ્ધ થાય તો પેલું કાર્ય કહેવાય ને ? અને કારણપણું સ્વતઃ સિદ્ધ થતું નથી. એના આધાર પર નભનારું કાર્યપણું પણ ક્યાંથી સિદ્ધ થાય ? તેમ કાર્યપણું પણ સ્વતઃ સિદ્ધ નથી એટલે એના આધાર પર નભનારું કારણપણું ય સિદ્ધ કેમ થાય ? એમ હ્રસ્વ-દીર્ઘ, દૂર-નજીક, પિતા-પુત્ર, વગેરે પણ પરસ્પર સિદ્ધ થવા પર સિદ્ધ થાય. વચલી આંગળી મોટી સિદ્ધ હોય તો પહેલી આંગળી નાની તરીકે સિદ્ધ થાય; અને જો પહેલી આંગળી નાની તરીકે સિદ્ધ હોય તો વચલી મોટી તરીકે સાબિત થાય. તાત્પર્ય, પદાર્થો પરસ્પર સાપેક્ષ

હોઈ સ્વતઃ સિદ્ધ નહિ, તો પરતઃ સિદ્ધ નહિ. તેથી જ સ્વતઃ પરતઃ ઉભયથી સિદ્ધ કેમ જ બને ?

(૨) ઘટાદિ વસ્તુમાં સત્‌પણું-સત્ત્વ-અસ્તિત્વ એ વસ્તુથી અભિન્ન કે ભિન્ન? (i) જો અભિન્ન, તો જે જે અસ્તિ તે તે ઘટ, એટલે બધા જ પદાર્થ ઘડારૂપ બનશે ! પણ પછી ઘડો ય સિદ્ધ નહિ ! કેમકે કોઈ અ-ઘડો હોય તો આને ઘડો કહેવાય ને? એટલે કે બધું અસત્‌ ! (ii) સત્ત્વ જો ભિન્ન, તો વસ્તુ પોતે સત્‌સ્વરૂપ ન રહી ! અસત્‌ જ બની ! એમ અ-ઘટ સિદ્ધ વિના 'ઘટ' શબ્દથી અભિલાપ્ય (અભિધેય) પણ કેમ બને ? એટલે સત્‌ની જેમ અભિલાપ્ય પણ કશું નહિ. તાત્પર્ય, વસ્તુ અને સત્ત્વનો સંબંધ ન ઘટવાથી સર્વ શૂન્યમ્‌.

(૩) વળી (i) ઉત્પન્ન વસ્તુ ઉત્પન્ન થાય ? કે (ii) અનુત્પન્ન ઉત્પન્ન થાય? યા (iii) ઉભય યાને ઉત્પન્ન-અનુત્પન્ન ઉત્પન્ન થાય ? (A) પહેલું નહિ, કેમકે ઉત્પન્નને ફરી ઉત્પન્ન કરવાની મહેનત નિષ્ફળ જાય. ઉત્પન્ન તો છે જ. છતાં ય ઉત્પન્ન થતું હોય તો અનવસ્થા, અર્થાત્‌ ઉત્પન્ન થયા જ કરે ! (B) ત્યારે અનુત્પન્ન તો અશ્વશૃંગ જેવું કહેવાય; એ ઉત્પન્ન થઈ શકે નહિ. (C) ત્રીજું નહિ, કેમકે પ્રત્યેક પક્ષનો દોષ ઉભય પક્ષમાં લાગે. વળી ઉભય કોઈ વસ્તુ છે કે નથી ? જો છે, તો ઉત્પન્ન જ હોય, ઉભય ક્યાં ? જો નથી તો અનુત્પન્ન જ હોય, ઉભય ક્યાં ? (D) 'ઉત્પદ્યમાન જન્મે' કહો, તો ઉત્પદ્યમાન પણ છે કે નથી ? એમાં ત્રીજા વિકલ્પ જેવા દોષ, **સારાંશ, ઉત્પત્તિ અસંભવિત, માટે વસ્તુ અસત્‌.**

(૪) વસ્તુ ઉપાદાન અને નિમિત્ત કારણોની સામગ્રીથી બનતી દેખાય છે, અર્થાત્‌ બધું સામગ્રીમય દેખાય છે. પરંતુ જ્યાં સર્વ જેવું કાંઈ છે જ નહિ, તો સામગ્રી શી ? જો એ એકેકમાં જનન સામર્થ્ય નથી, તો સમસ્ત સામગ્રીમાં કેમ હોય ? અર્થાત્‌ જનનસામર્થ્ય વિનાના સમૂહમાં કારણ સામગ્રીપણું કેમ ઘટી શકે ? સમૂહમાં એ દૃષ્ટાન્તે નહિ, કે રેતીના દરેક કણમાં તેલ નથી, તો સમૂહમાં ય નથી. ને જો એકેક કારણમાં સામર્થ્ય હોય તો એકેકથી ય કાર્ય થવું જોઈએ. આમ **ઉત્પાદક સકલ સામગ્રીના અસંભવથી વસ્તુ અસત્‌.**

(૫) વળી વસ્તુ અદશ્ય તો કોઈ છે જ નહિ; કેમકે દેખાતી નથી. ત્યારે દશ્ય પણ નથી; કારણ, દેખાય તે વસ્તુનો પાછળનો નહિ પણ ઉપરનો કે આગળનો જ ભાગ. એ ભાગ પણ સાવયવ હોવાથી એમાં ય ઉપરનો કે આગળનો જ ભાગ દેખાય. એમાં પણ એમજ... યાવત્‌ છેક ઉપરનું કે આગળું પરમાણું પડ આવે; અને પરમાણું તો અદશ્ય કહો છો. આમ સર્વ અદશ્ય, એટલે સર્વ શૂન્ય.

હવે આનો ઉત્તર કરવામાં આવે છે.

**'સર્વ શૂન્ય'નું ખંડન :-**

(૧) પહેલું તો બધી વસ્તુ અસત્ જ હોય તો 'પંચભૂત છે કે કેમ ?' એવો સંદેહ જ કેમ પડે ? અસત્ અશ્વશૃંગાદિમાં સંદેહ નથી પડતો કે 'એ અશ્વશૃંગ છે કે ગર્દભશૃંગ ?' ને સત્‌માં પડે છે, દા.ત. 'એ ઠુંઠુ છે કે માણસ ? આવો ભેદ કેમ ? માટે કહો, જેમાં સંદેહ પડે છે એ સત્ સિદ્ધ થાય છે. નહિતર ઊલટું કેમ નહિ ? અસત્‌માં જ સંદેહ અનુભવમાં આવે. સત્‌માં નહિ !'

(૨) બધું જ શૂન્ય હોય તો સંદેહ પોતે પણ અસત્ ઠરે.

(૩) સંદેહ ભ્રમ વગેરે એ જ્ઞાનના પર્યાય છે, તે જ્ઞેય સાથે જ સંબંધ હોય. સર્વ શૂન્યમાં તો જ્ઞેય શું ? અજ્ઞેય શું ?

પ્ર. : સ્વપ્નમાં વસ્તુ કશી નથી છતાં સંદેહ પડે છે ને ?

ઉ. : (૪) સ્વપ્નમાં પણ પૂર્વે દેખેલ, અનુભવેલ કે સાંભળેલ પર જ સંદેહ પડે છે. એટલે સ્વપ્નમાં ય સંદેહનું નિમિત્ત સત્ છે. સ્વપ્ન પોતે પણ જ્ઞાનરૂપ હોવાથી સનિમિત્તક જ હોય. સર્વ શૂન્યમાં તો સ્વપ્ને ય શાના પર ?

**(૫) સર્વ શૂન્યમાં આ ભેદો કેમ પડે ? કે—**

૧. એક સ્વપ્ન, બીજું અસ્વપ્ન.
૨. એક સત્ય, બીજું અસત્ય.
૩. એક સાચું નગર, બીજું માયા નગર.
૪. એક મુખ્ય, બીજું ઔપચારિક (છોકરો દેવતા).
૫. એક કાર્ય, બીજું કારણ, કર્તા.
૬. એક સાધ્ય, બીજું સાધન (નાડીથી રોગ).
૭. એક વક્તા, વાચ્ય, બીજું વચન.
૮. એક સ્વપક્ષ, બીજું પરપક્ષ.
૯. એક ગુરુ, બીજો શિષ્ય.
૧૦. એક ઈન્દ્રિયો ગ્રાહક, શબ્દાદિ ગ્રાહ્ય.
૧૧. એક ઉષ્ણ, બીજું શીત.
૧૨. એક મીઠું, બીજું કડવું.
૧૩. પૃથ્વી-સ્થિર, પાણી-પ્રવાહી, અગ્નિ-ઉષ્ણ, વાયુ-ચલ...વગેરે નિયત સ્વભાવ કેમ ?

બધાય સમાન,-સ્વપ્ન જ, સત્ય જ,... વગેરે અગર ઊલટાં કેમ નહિ ? યા જો બધું જ અસત્, તો ભિન્ન ભિન્ન રૂપે જ્ઞાન જ કેમ થાય ?

પ્ર. : ઝાંઝવાનાં નીરની જેમ એનું જ્ઞાન તો થાય; પણ 'એક સ્વપ્ન બીજું અસ્વપ્ન,' વગેરે જ્ઞાન થાય છે તે ભ્રમ છે.

ઉ. : ચોક્કસ પ્રકારના જ દેશ-કાળ-સ્વભાવાદિ સાથે સંબંધરૂપે વિષયનું જ્ઞાન થતું હોવાથી એને ભ્રમ ન કહેવાય.

(૬) ભ્રમ પણ પોતે સત્ છે કે અસત્ ? જો ભ્રમ સત્ હોય, તો બધું અસત્ ન રહ્યું ! જો અસત્ હોય તો ભ્રાન્તિને અસત્ તરીકે જાણનારું જ્ઞાન સત્ ઠરશે ! એમ શૂન્યતા સત્ કે અસત્ ?...

(૭) પ્રમાણથી શૂન્યતા સિદ્ધ થાય. હવે પ્રમાણ જો સત્ તો સર્વ શૂન્યતા નહિ; પ્રમાણ જો અસત્ તો શૂન્યતા સિદ્ધ નહિ.

**હવે પૂર્વપક્ષના પહેલાં પાંચ વિકલ્પની સમીક્ષા :-**

(૧) પહેલાં માનવું કે વસ્તુની સિદ્ધિ સાપેક્ષ છે, ને પછી કહેવું કે સિદ્ધિ કશાથી નથી એ પરસ્પર વિરુદ્ધ છે. કહો 'એ તો પરમતની અપેક્ષાએ સાપેક્ષ કહીએ છીએ,' તો પર અને પરમત સત્ ઠરશે ! શૂન્ય નહિ.

(૨) 'વચલી આંગળી મોટી, પહેલી નાની,' એમ એક સાથે પહેલાં હ્રસ્વ દીર્ઘની બુદ્ધિ કરવી, ને પછી કહેવું કે 'મોટી-નાની વસ્તુ અસિદ્ધ છે, અસત્ છે' એ અજુગતું છે.

(૩) બાકી વસ્તુમાં સત્ત્વ સાપેક્ષ જ નથી; સત્ત્વ અર્થક્રિયાકારિત્વરૂપ છે. (અર્થક્રિયા=કાર્યક્રિયા, કાર્યોત્પત્તિ.) જો, હ્રસ્વ દીર્ઘ વગેરે સ્વકીય જ્ઞાનરૂપ કાર્ય કરાવે છે તો તે અર્થક્રિયાકારી હોઈ સત્ છે. તદ્દન અસત્ હોય એ જ્ઞાન ન કરાવે.

(૪) વચલીની અપેક્ષાએ નાની પહેલી આંગળી કહેવાય છે. અસત્ આકાશકુસુમની અપેક્ષાએ નહિ, કે દીર્ઘની અપેક્ષાએ હ્રસ્વ આકાશકુસુમ નહિ. એ સૂચવે છે કે વચલી પહેલી આંગળી સત્ છે. એટલું જ નહિ પણ.—

(૫) વસ્તુ અનંતધર્માત્મક હોઈ એનામાં હ્રસ્વત્વાદિ પણ સત્ છે, જે માત્ર તે તે સહકારી મળવા પર અભિવ્યક્ત થાય. જો હ્રસ્વત્વ સત્ નહિ છતાં અપેક્ષામાંત્રથી તેવું જ્ઞાન થતું હોય તો વચલી દીર્ઘમાં જ સ્વાપેક્ષયા હ્રસ્વત્વનું જ્ઞાન કેમ થતું નથી ? ત્યાં એજ કહેવું પડે કે 'એનામાં હ્રસ્વત્વ સત્ છે.'

(૬) કહો છો 'હ્રસ્વ-દીર્ઘનું સાપેક્ષ જ્ઞાન થાય છે;' તો તે બેનાં જ્ઞાન એકસાથે થાય છે ? કે ક્રમિક ? એકસાથે કહો તો પરસ્પર અપેક્ષા ક્યાં રહી ? જો કહો ક્રમશઃ થાય, તો બેમાં પહેલું જ હ્રસ્વ કે દીર્ઘ વસ્તુનું જ્ઞાન થશે તે તો બીજા દીર્ઘ કે હ્રસ્વની અપેક્ષા વિના જ થયું ગણાશે ! એથી તો એ વસ્તુ સ્વતઃ સિદ્ધ (જ્ઞાત) ઠરી ! ચક્ષુસંયોગાદિ સામગ્રી છતે વસ્તુનું પરનિરપેક્ષ, વૈયક્તિકરૂપે સ્વતઃજ્ઞાન થવાનું અનુભવસિદ્ધ છે. બાળકને જન્મતાં જ પહેલું જ્ઞાન એવું જ થવાનું. માટે સિદ્ધિ યાને જ્ઞાન સાપેક્ષ જ હોવાનો નિયમ ખોટો. નહિતર પરસ્પર હ્રસ્વ દીર્ઘ નહિ પણ તુલ્ય જ હોય એનું બિચારાનું તો જ્ઞાન જ કેમ બને ? બે આંખની જેમ એ બેમાં પરસ્પર શી અપેક્ષા ?

(૭) એટલે કહો વસ્તુમાં સાપેક્ષ નિરપેક્ષ બે જાતનાં સ્વરૂપ છે; એમાં સત્વ, રૂપ, રસ આદિ નિરપેક્ષ છે. એ રૂપે વસ્તુ સ્વતઃ સિદ્ધ, સ્વતંત્ર જ્ઞેય છે, એનું પરનિરપેક્ષ સ્વતઃ જ્ઞાન થાય. પછી જિજ્ઞાસાવશ પ્રતિપક્ષનાં સ્મરણથી હ્રસ્વ-દીર્ઘાદિ સાપેક્ષરૂપે જણાય. આમ તેવાં નિરપેક્ષ જ્ઞાન અને વ્યવહારથી સત્તાદિ સ્વતઃ સિદ્ધ હોય ત્યાં સર્વ શૂન્ય ક્યાં રહ્યું ?

(૮) અગર સત્તા સ્વતઃ સિદ્ધ ન હોય તો હ્રસ્વ વસ્તુની સત્તા પણ પરસાપેક્ષ જ હોય ! તેથી તો જ્યારે પર દીર્ઘની અપેક્ષા ન મળી ત્યારે હ્રસ્વસત્તા નષ્ટ ! એ નષ્ટ તો દીર્ઘસત્તા પણ તત્સાપેક્ષ હોઈ નષ્ટ ! અર્થાત્ સર્વ નષ્ટ ! પણ આવું દેખાતું નથી. અપેક્ષારહિત કાળમાં હ્રસ્વ કે દીર્ઘ વસ્તુ તો યથાવત્ દેખાય છે. એ સ્વતઃ સિદ્ધ સત્તા સાબિત કરે છે.

(૯) બધું અસત્ હોય તો હ્રસ્વ-દીર્ઘની અપેક્ષા પણ અસત્ ! એથી વ્યવહાર કેમ થાય ?

પ્ર. : એવો સ્વભાવ છે કે 'અપેક્ષાથી હ્રસ્વદીર્ઘાદિ વ્યવહાર થાય.' સ્વભાવમાં પ્રશ્ન ન હોઈ શકે.

ઉ. : એમ ? તો તો સ્વભાવ એટલે સ્વનો ભાવ, પરનો નહિ. એથી સ્વભાવ, સ્વ, પર, એ સ્વીકાર્યે સર્વશૂન્યતાનો ભંગ !

(૧૦) અપેક્ષા રાખવાની ક્રિયા, અપેક્ષા કરનાર પુરુષ, અને અપેક્ષણીય કર્મ, વિષય, એ જો સત્ ન હોય તો નિયત અમુક જ ન રહે. સત્ હોય તો સર્વ-શૂન્યતાનો ભંગ.

સારાંશ, જગતમાં વસ્તુ ૪ પ્રકારની હોય છે, -**૧સ્વતઃસિદ્ધ,** કર્તા વિના બનનાર મેઘ આદિ વિશિષ્ટ પરિણામ. **૨. પરતઃસિદ્ધ,** કુંભારાદિથી બનનાર ઘડો વગેરે. **૩. ઉભયતઃસિદ્ધ** માતાપિતા અને સ્વકર્મથી થનાર પુત્રાદિ, તથા **૪. નિત્યસિદ્ધ,** આકાશાદિ. આ 'સિદ્ધ' એટલે ઉત્પત્તિની દૃષ્ટિએ, જ્ઞાનની દૃષ્ટિએ, હ્રસ્વત્વ દીર્ઘત્વાદિ એ પરતઃ સિદ્ધ, અર્થાત્ પરતઃજ્ઞાત. સર્વ શૂન્યમાં આ વ્યવસ્થા ન ઘટે.

**(૨) વસ્તુ અને અસ્તિત્વનો સંબંધ,-**

(૧) પહેલું તો 'ઘડો છે, અસ્તિ પણ નથી એમ નહિ' એ સ્વીકારીને પછી પૂછો 'ઘડાનો અને અસ્તિત્વનો સંબંધ શો ?' એથી બંનેની શૂન્યતા અસત્પણું સિદ્ધ નથી થતું. નહિતર અસત્ ખરશૃંગાદિમાં એ પ્રશ્ન કેમ નહિ ?

(૨) ઘટને શૂન્ય અસત્ કહો છો એમાં પણ એવો જ પ્રશ્ન થશે. ઘડો અને અસત્ત્વ (૧) એક હોય તો ઘડો જ આવ્યો, જુદી અસત્તા, શૂન્યતા, સિદ્ધ ન થઈ;

(૨) જુદા કહો તો જુદી અસત્તા જેવું કાંઈ દેખાતું નથી માટે અસિદ્ધ.

(૩) તમે શૂન્યવાદી, તમારું જ્ઞાન અને વચન તમારાથી અભિન્ન કે ભિન્ન ? અભિન્ન કહો તો અભિન્ન વૃક્ષત્વ-આમ્રત્વની જેમ તમારાથી અભિન્ન જ્ઞાન-વચનનું અસ્તિત્વ સિદ્ધ થયું. ભિન્ન કહો તો તમે અજ્ઞાની અને મૂંગા શૂન્યત્વ શું સાધવાના ?

(૪) ઘડો અને અસ્તિત્વમાં અસ્તિત્વ એ ઘડાનો ધર્મ છે, ઘડાથી અભિન્ન અને વસ્ત્રાદિથી ભિન્ન છે. ત્યાં સર્વના ઐક્યની ક્યાં આપત્તિ છે ? વસ્તુની સત્તા અલગ અલગ છે. માટે 'જે જે અસ્તિ તે તે ઘડો,' એ નિયમ ખોટો છે. પૂછો- 'શું છે ? ઘટ કે અઘટ ?' તો કે ઘટ 'ઘડો શું ?' તો કે અસ્તિ જેમકે, 'શું છે આંબો કે અન્ય ?' તો કે આંબો. 'આંબો શું વૃક્ષ કે બીજું ?' તો કે વૃક્ષ.

**(૩) ઉત્પન્ન આદિ ચાર વિકલ્પે ઉત્પન્નમાં ભજના :-**

(૧) પહેલું તો 'ઉત્પન્ન અનુત્પન્ન, કે ઉભય કે ઉત્પદ્યમાન જન્મે છે ?' એ જે ચાર વિકલ્પો તમે ઉઠાવો છો તે ઉત્પન્ન વસ્તુને લઈને કે અનુત્પન્ન ? આદ્યે, વિકલ્પ નિરર્થક છે. ઉત્પન્નને લઈને હવે શું પૂછવાનું કે જો ઉત્પન્ન હોય તો હવે કેમ બને ? ત્યારે જો કહો કે અનુત્પન્નને લઈને વિકલ્પ કરીએ છીએ તો ગગનપુષ્પમાં વિકલ્પ કેમ નથી ઉઠાવતા ?

(૨) વસ્તુ જો સર્વથા ઉત્પન્ન જ થતી હોય, તો એ કુંભારાદિ નિમિત્ત મળ્યા પહેલાં નહિ, ને પછી કેમ દેખાય છે ? પુનઃ કાલાન્તરે દંડપ્રહારાદિ પછી કેમ નથી દેખાતો ? ગગન-પુષ્પની જેમ અનુત્પન્ન જ હોય તો સદા અદર્શન અદર્શન જ રહે !

(૩) શૂન્યતાનું વિજ્ઞાન-વચન સર્વથા અનુત્પન્ન હોયતો શૂન્યતા કોણે પ્રકાશી ?

(૪) **વસ્તુ સ્થિતિ આ છે કે-** (i) નવો થનારો ઘડો વિવક્ષાએ કંઈક ઉત્પન્ન, કંઈક અનુત્પન્ન, ઉભય, ને કંઈક ઉત્પદ્યમાન જન્મે છે, માટીરૂપે પહેલાં ઉત્પન્ન રહી જન્મે છે. વિશિષ્ટ આકૃતિરૂપે પહેલાં અનુત્પન્ન રહી જન્મે છે.

કેમકે રૂપ-આકૃતિથી ઘડો અભિન્ન છે. માટીરૂપ પહેલાં છે એટલે ઘડો છે જ. આકૃતિ નથી તો એ રૂપે ઘડો નથી. રૂપ, આકૃતિ ઉભય અપેક્ષાએ ઉત્પન્ન-અનુત્પન્ન છે, અને વર્તમાન સમયની અપેક્ષાએ ઉત્પદ્યમાન ઉત્પન્ન છે; નહિતર ક્રિયા નિષ્ફળ જાય.

(ii) ત્યારે પૂર્વે ઉત્પન્ન થઈ ચુકેલો ઘડો હવે ઘટરૂપે ચારે વિકલ્પે અર્થાત્ ઉત્પન્ન, અનુત્પન્ન, ઉભય કે ઉત્પદ્યમાન બનતો નથી કેમકે સ્વપર્યાય ઘટરૂપથી યા બીજા સ્વપર્યાયથી તો થયેલો જ છે, તો બનવાનું શું ? અને પર પટાદિ સ્વરૂપથી યા પરપર્યાયથી કદી ય થઈ શકે નહિ. નહિતર પરરૂપે બની જાય ! ત્યારે અનુત્પન્ન

ઉભય કે વર્તમાન સમયે ઉત્પદ્યમાનજ નથી. વળી ઉત્પદ્યમાન પણ પરરૂપે ઉત્પન્ન નથી થતો. એવી રીતે સદા વિદ્યમાન આકાશ આકાશરૂપે ચારેમાંથી એકેય વિકલ્પે ઉત્પન્ન નથી થતું. એમ અનુત્પન્ન પણ ઘટ દ્રવ્યરૂપે સદા અવસ્થિત છે, તેથી એ દ્રવ્યરૂપે નવો ઉત્પન્ન થવાનો નહિ.

આ તો દ્રવ્યરૂપે ઘટ-આકાશની વાત થઈ. પર્યાયચિન્તામાં પરપર્યાયરૂપે ચારે વિકલ્પે કદી ઉત્પન્ન ન થઈ શકે. સ્વપર્યાયમાં ઉત્પન્ન થઈ ચુકેલ પર્યાયરૂપે પણ હવે નવો ઉત્પન્ન ન થાય; અને અનુત્પન્ન સ્વપર્યાયરૂપે ઉત્પન્ન થઈ શકે.

**(૪) ઉત્પાદક સામગ્રી ઘટી શકે છે :-**

(૧) 'સર્વ જ નહિ હોવાથી સામગ્રી જેવું કાંઈ છે નહિ. એ કથન બાધિત છે, કેમકે આ કથન જ કંઠ-ઓષ્ઠ-તાળવું વગેરે સામગ્રીથી થયું પ્રત્યક્ષ દેખાય છે.'

પ્ર. : એ તો અવિદ્યાવશાત્ દેખાય છે. કેમકે કહ્યું છે,–

**काम-स्वप्न-भयोन्मादैरविद्योपप्लवात् तथा ।**

**पश्यन्त्यसन्तमप्यर्थं जनः केशेन्दुकादिवत् ॥**

કામપ્રાબલ્ય, સ્વપ્ન, ભય, ઉન્માદ અને અવિદ્યા (મતિભ્રમ)થી લોક આંખ આગળ કેશતંતુની જેમ અસત્ પણ વસ્તુ જુએ છે.

ઉ. : જો બધી જ સામગ્રી અસત્ હોઈને દેખાતી હોય તો કાચબાના રોમની સામગ્રી કેમ દેખાતી નથી ?

(૨) છાતી-મસ્તક-કંઠ વગેરે સામગ્રીમય વક્તા, વચન અને પ્રતિપાદ્ય વિષય છે કે નહિ ? જો છે, તો સર્વ શૂન્ય ક્યાં રહ્યું ? જો નથી તો 'સર્વ શૂન્ય' કોણે સાંભળ્યું ? તેમ પ્રતિપાદ્ય વિષય વિનાનું કથન વંધ્યા માતા જેવું છે. માતા એટલે જ પુત્રવતી; કથન એટલે જે કશું કહેવાનું; એ કથનીય વિનાનું ?

(૩) પ્ર. : વક્તા, વચન, કશું છે જ નહિ, એટલે જ વાચ્ય વસ્તુ પણ નથી. એજ સર્વશૂન્યતા બને ને ?

ઉ. : કશું નથી એમ કહેનારું વચન સાચું કે જૂઠું ? જો સાચું તો એ જ સત્ ! જો જૂઠું, તો અપ્રમાણ હોઈ એની કહેલી સર્વશૂન્યતા અસિદ્ધ ઠરે છે.

(૪) અગર કહો 'ગમે તે રીતે અમે આ વચન સ્વીકારી લીધું છે,' તો એ સ્વીકાર સત્ય કે જૂઠો ? વળી સર્વશૂન્યમાં તો સ્વીકારનાર, સ્વીકાર, સ્વીકાર્યતત્ત્વ, વગેરે પણ શું ?

(૫) જો બધું જ અસત્ છે, તો નિયત વ્યવહારનો ઉચ્છેદ, અનુપપત્તિ, અઘટમાનતા થશે. તેલ તલ વગેરે સામગ્રીમાંથી જ કેમ, રેતીમાંથી કેમ નહિ ? ગગનારવિંદમાંથી કેમ બધાં કાર્ય ન થાય ? અમુક અમુકના જ કાર્ય-કારણભાવ

દેખાય છે, બીજાના નહિ, તે શૂન્ય સામગ્રીમાંથી નહિ કિન્તુ તેવા તેવા સ્વભાવવાળી સત્ સામગ્રીમાંથી જ બને.

(૬) વળી બધું જ સામગ્રીમય-સામગ્રીજન્ય છે એ પણ કહેવું અયુક્ત છે, કેમકે પરમાણુ કોઈથી ઉત્પાદ્ય નથી અને કાર્ય પરથી એ સિદ્ધ છે એ હકીકત છે. નહિતર બધું સામગ્રીજન્ય કહી 'અણુ છે જ નહિ' કહેવું એ સર્વ વચન અસત્ય છે' કહેવા જેવું સ્વવચનથી જ બાધ્ય છે; કેમકે સામગ્રીની અંતર્ગત પરંપરાએ અણુ આવવાના જ. મૂળમાં અણુ જ ન હોય તો દ્વયણુકાદિ બનવાના શી રીતે ? જો અણુને ય બનતો માનો, તો એ શેમાંથી ? શૂન્યમાંથી સૃષ્ટિ થાય નહિ; નહિતર નિયમ ન રહે.

**(૫) વસ્તુનો પાછળનો ભાગ નથી દેખાતો :-**

(૧) 'પરભાગ નથી દેખાતો માટે અગ્રભાગ નથી,'-આ કેવું અનુમાન ? ઊલટું અગ્રભાવ દેખાવથી પરભાગ સિદ્ધ થાય છે.

પાછળનો ભાગ છે માટે તો અમુક ને 'આગળનો' ભાગ કહેવાય છે. જો પાછળ નહિ, તો આગળ શું ? એટલે અનુમાનથી નિશ્ચિત સિદ્ધ પાછળના ભાગનો અપલાપ કરતાં આગળના ભાગનું પ્રતિપાદન સ્વવચનવિરુદ્ધ થશે !

(૨) કહ્યું- 'વસ્તુનો આગળનો જ ભાગ દેખાય છે, માટે વસ્તુ નથી,' આમાં 'દેખાય છે' અને 'નથી' એમ કહેવું વિરુદ્ધ છે. ભ્રાન્તિથી દેખાવાનું કહો, તો ગગનપુષ્પમાં અગ્રભાગ કેમ ન દેખાય ?

(૩) સર્વ શૂન્યમાં તો અર્વાગ્-પર, આગળનો-પાછળનો એમ ભેદ શો ? કહો 'પર મતની અપેક્ષાએ,' તો સર્વશૂન્યમાં સ્વમત-પરમતનો ય ભેદ શો ? તેમ જો એ ભેદ સ્વીકાર્ય, તો સર્વ-શૂન્યતાનો ભંગ ! જો અસ્વીકાર્ય હોય અને છતાં વ્યવહાર માનો, તો આકાશપુષ્પમાં કેમ વ્યવહાર નહિ ?

(૪) બધું અસત્ હોય તો આગળનો ભાગ પણ કેમ દેખાય છે ? બધું અદૃશ્ય યા ઊલટું કેમ નહિ કે પાછળનો દેખાય અને આગળનો નહિ ?

(૫) સ્ફટિકાદિમાં પાછલો ભાગ પણ દેખાય છે, તેથી એટલું તો સિદ્ધ થવાથી સર્વ અસત્ ન રહ્યું ! એ ય અસત્ કહો તો સર્વશૂન્યની સિદ્ધિ માટે 'પરભાગાદર્શન' હેતુ મૂક્યો તે ખોટો ઠરશે ! 'સર્વાદર્શન' હેતુ જ કહેવો જોઈએ. પણ તે તો વિરુદ્ધ છે; નહિતર 'બધું નથી દેખાતું માટે બધું અસત્ છે' એમ કરી ભીંત કે કૂવા તરફ આંખ મીંચીને ચાલવા માંડો ! કૂવામાં પડવાનું કે ભીંતે ભટકાવાનું થશે !

(૬) 'પાછળનો ભાગ અપ્રત્યક્ષ હોઈ નથી' એમ કહેવા જતાં આગળનું

પ્રત્યક્ષ છે એટલે ક્રમમાંક્રમ પ્રત્યક્ષનાં સાધન ઈન્દ્રિય અને વિષયની સત્તા પ્રાપ્ત થાય છે. એ ય અસત્ હોય તો પ્રત્યક્ષ-અપ્રત્યક્ષનો વિભાગ જ ઘટી શકે નહિ.

(૭) બાકી અપ્રત્યક્ષ પણ વસ્તુ હોય છે, જેમકે 'બધુ અસત્ છે કે ?' એવો સંશય એ કોઈ વસ્તુ છે. સંશય પણ અસત્ હોય તો એનો વિષય (સર્વશૂન્યતા) શો ? સંશય અસત્ એટલે ભૂતોનો સંશય જ નથી.

**અપ્રત્યક્ષ વસ્તુ અનુમાનથી સિદ્ધ હોવાનો દાખલા :-**

**વાયુ** સ્પર્શ-શબ્દ-સ્વાસ્થ્ય-કંપ વગેરે ગુણના આશ્રય ગુણી તરીકે ગમ્ય છે.

આકાશ પૃથ્વી-પાણી વગેરેના આધાર તરીકે સિદ્ધ છે. 'પૃથ્વી સાધાર છે, મૂર્ત હોવાથી, જેમ પાણી...'

**પંચભૂત** જીવ-શરીરના આધાર અને ઉપયોગથી સિદ્ધ છે.

**વનસ્પતિકાય જીવ** જન્મ-જરા-જીવન-મરણ-વૃદ્ધિ-સમાન છિન્નાંકુરોત્પત્તિ-આહાર-દોહદ (કોળું-બીજોરું વગેરેને)-રોગ-ચિકિત્સાદિથી જીવ તરીકે સિદ્ધ છે.

વિશેષ જીવો આ રીતે સિદ્ધ છે,-

| | | | |
|---|---|---|---|
| લજામણી | સ્પૃષ્ટ સંકોચથી | બકુલ અશોક | શબ્દાકર્ષણથી<br>રૂપાકર્ષણથી |
| વેલડી | સ્વરક્ષાર્થ વાડ-ભીંત આદિના આશ્રયણથી | કુરુબક વિરહક | ગંધાકર્ષણથી<br>રસાકર્ષણથી |
| શમી આદિ | નિદ્રા-જાગરણ સંકોચાદિથી | ચંપોતિલક | સ્પર્શાકર્ષણથી |

**પૃથ્વીકાય જીવ** માંસાંકુરની જેમ સમાનજાતિના અંકુરની વૃદ્ધિથી સિદ્ધ છે. ખોદેલ પર્વતો ખાણો વર્ષો જતાં તદ્રૂપ ભરાય છે. જીવ વિના આ કેમ બને ?

**અપ્કાય જીવ** ખોદેલી ભૂમિમાંથી દેડકાની જેમ સજાતીય સ્વાભાવિક પ્રગટવાથી, મત્સ્યની જેમ આકાશમાંથી મેઘ આદિના વિકારે પડવાથી સિદ્ધ છે.

**વાયુકાય જીવ** બળદની જેમ પરની પ્રેરણા વિના તિર્ચ્છી અનિયમિત ગતિથી સિદ્ધ છે.

**અગ્નિકાય જીવ** આહાર પર જીવવાથી, ને આહારવૃદ્ધિએ વિશેષ વિકારવાળો બનવાથી સિદ્ધ છે.

એમ પૃથ્વી આદિ એ આકાશ વિકારો સંધ્યા આદિથી ભિન્ન અને મૂર્ત છે. વળી જો એકેન્દ્રિય જીવો જ ન હોય તો સંસારનો ઉચ્છેદ જ થઈ જાય; કેમકે અનાદિ અનંતા કાળથી મોક્ષે જવાનું ચાલુ છે.

**હિંસા અહિંસા ક્યાં ? :-**

પ્ર. : તો પછી જીવવ્યાપ્ત સંસારમાં અહિંસા કેમ પળે ?

ઉ. : શાસ્ત્રોપહત બનેલ પૃથ્વી આદિ અચેતન છે. એના ઉપભોગમાં હિંસા નથી. બાકી નિશ્ચયનયથી નિયમ નથી કે 'જીવ મરે ત્યાં હિંસા જ હોય, ન મરે ત્યાં અહિંસા જ હોય, જીવ ઓછા હોય ત્યાં અહિંસક જ અને ઘણા હોય ત્યાં હિંસક જ બનાય.' કેમકે રાજાદિને મારવાના દુષ્ટ અધ્યવસાયવાળો ન મારવા છતાં હિંસક જ છે. વૈદ્ય રોગીને કષ્ટ દેવા છતાં અહિંસક જ છે. પાંચ સમિતિ-ત્રણ ગુપ્તિધર જ્ઞાની (જીવસ્વરૂપ, અને જીવરક્ષાની ક્રિયાનો જાણ) સર્વથા જીવરક્ષાના જાગ્રત પરિણામવાળો અને એમાં યતનાશીલ હોય, ને કદાચ હિંસા થઈ ગઈ તો પણ એ હિંસક નથી. એથી વિપરીતને જીવ ન પણ મરે તો ય હિંસા છે; કેમકે એના પરિણામ અશુભ છે.

**માટે અશુભ પરિણામ એ જ હિંસા,** જેમકે તંદુળિયા મચ્છાદિને.

પ્ર. : તો શું બાહ્ય જીવઘાત હિંસા નહિ ?

ઉ. : હિંસા અહિંસા બને;-જે બાહ્ય જીવઘાત અશુભ પરિણામનું કાર્ય યા કારણ હોય તેય હિંસા છે; ને એમ ન હોય તે હિંસા નથી. દા.ત. જેમ નિર્મોહીને ભાવશુદ્ધિના કારણે ઈષ્ટ શબ્દાદિ વિષયોનો સંપર્ક રતિ માટે નથી થતો, એમ વિશુદ્ધ મનવાળાને બાહ્ય જીવનાશ હિંસા માટે નથી.

આમ પાંચ ભૂત સત્ છે; એમાં પહેલા ચાર ચેતન છે. 'સ્વપ્નોપમં વૈ સકલમ્' કહ્યું તે તો ભવ્ય જીવોને ધન-વિષય-સ્ત્રીપુત્રાદિ જગતની અસારતા બતાવનારું કથન છે, જેથી એની આસ્થા મૂકી ભવભયથી ઉદ્વિગ્ન બનીને મોક્ષ માટે પ્રયત્ન કરે. પ્રભુએ આ રીતે સમજાવવાથી વ્યક્ત બ્રાહ્મણ પણ હવે નિઃસંદેહ બની પોતાના ૫૦૦ના પરિવાર સાથે પ્રભુ પાસે દીક્ષિત થયા.

❖ ❖ ❖

## પાંચમા ગણધર-સુધર્મા

### અહીં જેવો, તેવો જ પરભવે ?

પાંચમા બ્રાહ્મણ સુધર્માને શંકા હતી કે જીવ અહીં જેવો હોય તેવો જ પરભવે થાય ? મહાવીર પ્રભુએ એમને કહ્યું કે—

**'पुरुषो वै पुरुषत्वमश्नुते, पशवः पशुत्वम्'** આ વેદપંક્તિથી 'મનુષ્ય મનુષ્ય થાય, પશુ પશુ થાય.' એમ જાણવા મળ્યું, અને **'शृगालो वै एष जायते यः सपुरीषो दह्यते'** આ વેદપંક્તિથી 'જેને વિષ્ટા સહિત બાળવામાં આવે, તે શિયાળ થાય,' એમ મનુષ્ય શિયાળ પણ થઈ શકવાનું જાણવા મળ્યું, એથી શંકા પડી.

**અસમાન પરભવની દલીલો :-**

(૧) જીવ જેવો આ ભવે, તેવો પરભવે બને એના સમર્થનમાં યુક્તિ એ લાગી કે 'ઘઉંમાંથી ઘઉં, બાજરીમાંથી બાજરી, એમ કારણને અનુરૂપ (મળતું) કાર્ય થાય.' પરંતુ આ માનવું અયુક્ત છે, કેમકે શૃંગમાંથી બાણ, અને જો સરસવથી લેપી વાવે તો ઘાસ પણ થાય છે. યોનિપ્રાભૃતમાં અસમાન અનેક દ્રવ્યોના સંયોગમાંથી સર્પ-સિંહાદિ અને મણિ-સુવર્ણાદિ ઉત્પન્ન થવાનું બતાવ્યું છે. વીંછીમાંથી વીંછી અને છાણમાંથી પણ વીંછી થાય છે.

(૨) બીજને અનુરૂપ કાર્ય થાય એ નિયમ મુજબ પણ અસમાન ભવાંતર થઈ શકે છે, તે આ રીતે, કે ભવનું બીજ કર્મ છે, ને તે મિથ્યાત્વ-અવિરતિ આદિ હેતુઓની વિચિત્રતાથી વિચિત્ર વિચિત્ર જન્મે છે. તો તેમાંથી થતો ભવાંકુર પણ ગતિ-જાતિ-કુલ-બળ-ઐશ્વર્ય-રૂપાદિ વિચિત્ર પરિણામવાળો જ બને.

**અનુમાન :-** 'જીવની સંસારિતા નારકાદિરૂપે જુદી જુદી છે, વિચિત્ર કર્મનું કાર્ય હોવાથી; જેમકે ખેતી-વેપાર આદિ વિચિત્રકર્મથી નીપજતી લોકવિચિત્રતા.'

(૩) કર્મપરિણતિ વિચિત્ર છે, કેમકે એ પુદ્‌ગલપરિણતિરૂપ છે; દા.ત. મેઘ વગેરે. વિરુદ્ધ દૃષ્ટાન્ત આકાશ. કર્મમાં આવરણાદિ ભેદે વિશેષ વિચિત્રતા હેતુ-વિચિત્રતાને લઈને છે.

(૪) 'અહીંના જેવો ભવાંતર,' એમ કહો છો, પણ ભવાંતર પ્રત્યે આ ભવ એકલો બીજ નથી, પરંતુ શુભાશુભ ક્રિયાસહિત ભવ એ બીજ છે. મનુષ્યો વિચિત્રક્રિયાઓ કરે છે તે નિષ્ફળ ન જાય માટે તેનાં ફળરૂપે વિચિત્ર ભવાંતર માનવા જ પડે.

(૫) **પ્ર.** : ખેતી આદિ ક્રિયા તો પ્રત્યક્ષ ફળ આપે છે. પણ હિંસા-દાનાદિ ક્રિયા તો મનરુચિની હોવાથી નિષ્ફળ જ છે. પછી અસમાન ભવાંતર શી રીતે ?

ઉ. : જો હિંસા-દાનાદિ ક્રિયા નિષ્ફળ હોય તો (૧) કૃતનાશ-અકૃતઆગમની આપત્તિ, (૨) ભવાંતર જ નહિ થાય, કેમકે જગતમાં ભવનું કારણ કર્મ છે અને એ ક્રિયાથી કર્મ થવાનું તો તમારે માનવું નથી. પછી ભવ જ નહિ તો સમાન પણ ભવાંતરની વાત જ ક્યાં રહી ? છતાં થાય તો અકૃતનું આગમન થયું ! તેમ ભવથી ભવ, ભવથી ભવ... એમ ચાલ્યા જ કરે, કદી મોક્ષ જ ન થાય.

(૬) **પ્ર.** : માટીમાંથી સ્વસ્વભાવે અનુરૂપ કાર્ય ઘડો થાય છે તેમ આ ભવમાંથી સ્વસ્વભાવે અનુરૂપ ભવાંતર થાઓ.

ઉ. : ઘડો પણ કર્તા, કરણાદિની અપેક્ષા રાખે છે, એમ અહીં ભવાંતરે પણ જીવ, કર્મ વગેરેની અપેક્ષા રાખે છે, કર્મ વિના સ્વભાવથી હોય તો ભવાંતરીય શરીર

મેઘ વગેરેની માફક અનિયત આકારવાળા થાય, નિયત આકારવાળા શી રીતે ?

(૭) આ ભવ તેવા સ્વભાવથી સમાન ભવાંતર કરે છે એમ કહો, તો 'સ્વભાવ' શી ચીજ છે ? એ કાં (૧) વસ્તુ, (૨) નિષ્કારણતા, યા (૩) વસ્તુ ધર્મરૂપ હોય. એમાં (૧) **'વસ્તુ'** તરીકે આ ભવ લો, તો તે તો નષ્ટ થઈ ગયો. પછી ભવાંતરમાં કારણ શી રીતે ? વસ્તુ તરીકે જો ભવાંતર પકડો તો તે પોતાની પ્રત્યે કારણ કેમ બને ? (૨) **નિષ્કારણતા** કહો તો તેમાં તો ભવાંતર સદૃશ જ હોય અસદૃશ નહિ એ શી રીતે ? ભવોચ્છેદ જ કેમ નહિ ? નિયત આકાર કેમ ? વળી નિત્ય સત્ યા નિત્ય અસત્ હોય, પણ કદાચિત્ સત્ કેમ ? (૩) સ્વભાવ તરીકે **વસ્તુધર્મ** કહો તો આ ભવનો એવો કયો ધર્મ છે કે જે ભવાંતરમાં કારણભૂત હોય ? મૂર્ત કે અમૂર્ત ? અમૂર્ત નહિ કહેવાય કેમકે એવા અમૂર્તનું કાર્ય મૂર્ત શરીર-સુખદુઃખાદિ ન બની શકે. મૂર્ત ધર્મ કહો તો તે સદા સમાન જ હોય એ નિયમ શી રીતે કે જેથી એ સમાન જ ભવાંતર કરે એમ કહી શકાય ?

(૮) વસ્તુસ્થિતિ એ છે કે માત્ર આત્માનો પરભવ જ શું, ત્રિભુવનમાં વસ્તુમાત્ર કેટલાક પૂર્વપર્યાયથી તદવસ્થ રહે છે, તો કેટલાય પૂર્વપર્યાય છોડી ઉત્તરોત્તર પર્યાયથી તદવસ્થ રહે છે, તો કેટલાય પૂર્વપર્યાય છોડી ઉત્તરોત્તર પર્યાયથી ઉત્પન્ન થાય છે, એ ઉત્તરપર્યાય સમાન જ હોય છે એવું ક્યાં છે ? તો સમાન પરભવનો આગ્રહ કેમ ? એમ તો આજ ભવમાં પણ કેટલાય સત્ત્વ-આત્મત્વાદિ સમાન પર્યાયો હોય છે, તો બાળપણું યુવાનપણું આદિ અસમાન પર્યાયો બને છે; તો ત્યાં એકલા સમાનનો જ આગ્રહ કેમ નહિ ?

પ્ર. : અમે મનુષ્યત્વ, પશુત્વ આદિ જ સમાન પર્યાય પૂરતું કહીએ છીએ.

ઉ. : ધ્યાનમાં રહે કે પર્યાયનું બનવું કારણસાપેક્ષ છે, અને પ્રસ્તુતમાં કારણભૂત કર્મ વિચિત્ર છે, માટે તજ્જન્ય પર્યાય અસમાન પણ બને. નહિતર તો માત્ર મનુષ્ય જ શા માટે, અહીં જે દરિદ્ર તે પરભવે દરિદ્ર જ થવાનો, ને શ્રીમંત તે શ્રીમંત જ; રોગી તે રોગી જ, અને નીચ કુળનો તે નીચ જ કુળનો. 'હા, એમ જ છે' એમ ન કહેતા, નહિતર તપ-દાનાદિ ક્રિયા નિષ્ફળ જાય ! વળી પ્રત્યક્ષ ભવમાં પણ રોગી નીરોગી બને છે, દરિદ્ર શ્રીમંત પણ બને છે. અહીંયા જો અસમાન બને, તો પરભવે કેમ ન બને ?

(૯) પરભવ સમાન જ હોય તો 'શૃગાલો વૈ એષ...' 'અગ્નિહોત્રં... સ્વર્ગકામઃ' વગેરે વેદવચન નિરર્થક ઠરે ! માટે 'પુરુષો વૈ પુરુષત્વમ્'નો ભાવ એ છે કે જે માણસ સ્વભાવે ભદ્રક, વિનીત, દયાળુ હોય તે ફરી મનુષ્યાયુ બાંધી મનુષ્ય થઈ શકે છે.

ભગવાનની આ સમજૂતીથી સુધર્મા પણ નિશ્શંક બની પોતાના ૫૦૦ ના પરિવાર સાથે પ્રભુના શિષ્ય થયા.

❖ ❖ ❖

## ૬ ઠ્ઠા ગણધર - મંડિત

### બંધ-મોક્ષ છે ?

છઠ્ઠા મંડિત બ્રાહ્મણ આવ્યા. એમને પ્રભુ કહે છે, "તમને બે જાતની વેદપંક્તિ મળી, **'स एष विगुणो विभुर्न बध्यते, न संसरति वा, न मुच्यते मोचयति वा...' 'न ह वै सशरीरस्य प्रियाप्रिययोरपहतिरस्ति...'** આમાં એકમાં એમ મળ્યું કે 'આ વ્યાપક સત્ત્વ-રજો-તમોગુણથી રહિત આત્મા નથી બંધાતો કે નથી સંસારના પરિવર્તન પામતો, નથી મુકાતો (મોક્ષ પામતો), કે નથી મુકાવાતો.' ત્યારે બીજામાં એમ મળ્યું કે 'શરીરધારી આત્માને સુખ-દુઃખનો નાશ નથી. અર્થાત્ આત્મા શરીરમાં બંધાય છે સુખ-દુઃખનાં પરિવર્તન પણ પામે છે, અને શરીરથી મુક્ત થાય ત્યારે એ જંજાળ નથી.' એટલે તમને સંશય પડ્યો કે "જીવને બંધ-મોક્ષ હોતા હશે કે નહિ ?"

**પૂર્વપક્ષ : બંધ મોક્ષ નથી :-**

જીવને બંધ ન હોય એના સમર્થનમાં આ વિચારણા થઈ કે 'બંધ એટલે તો જીવનો કર્મ સાથે યોગ; પરંતુ તે બંને પહેલાં પછી હોય કે સાથે જ હોય ?'

(૧) 'પહેલાં જીવ પછી કર્મ' એ ઘટે નહિ, કેમકે તો તો જીવ કાં (i) કારણ વિના જન્મ્યો હોય ! યા (ii) અનાદિનો હોય. પણ (i) કારણ વિના કાર્ય જન્મે નહિ, જે જન્મે તે કારણપૂર્વક જ હોય, અને અકારણ જન્મતું હોય તો તો અકારણ જ નાશ પામી જાય ! જન્મ્યા પછી દેખાય શાનું ? (ii) અનાદિ હોય તો પછી કર્મ વિનાકારણ શી રીતે ઊભા થયાં ને ચોંટ્યા ? એમ ચોંટે તો મુક્તને પણ ચોંટે !

(૨) ત્યારે 'પહેલાં કર્મ, પછી જીવ,' એ પણ બને નહિ, કેમકે કર્તા વિના પહેલાં કર્મ જન્મે જ શી રીતે ? જો જન્મે તો અકારણ નાશ પણ પામી જાય ને ?

(૩) તો કર્મ અને જીવ બંને સાથે ઉત્પન્ન કહેવામાં બંને પક્ષના દોષ છે; ને બંને વચ્ચે કર્તૃ-કર્મભાવ પણ ઘટી શકે નહિ, દા.ત. સાથે ઉત્પન્ન ડાબા-જમણા શિંગડા વચ્ચે એ નથી.

આમ જીવને કર્મનો બંધ જ ઘટતો નથી, એટલે બદ્ધ જ નહિ તો મોક્ષ શો થવાનો ? ત્યારે જો કર્મ-જીવનો અનાદિ સંયોગ હોય તો અનાદિનો નાશ ન થાય,

એટલે પણ મોક્ષ ઘટે નહિ. જીવ-આકાશનો અનાદિ સંયોગ ક્યાં સર્વથા નષ્ટ થાય છે ? સારાંશ જીવને બંધ મોક્ષ છે નહિ.

**ઉત્તરપક્ષ : બંધ-મોક્ષ છે :-**

(૧) શરીર અને કર્મની પરંપરા અનાદિ છે, જેમ બીજ અને ફળની. કારણ વિના કાર્ય બને નહિ, માટે કર્મ કોઈ પૂર્વ શરીરથી બનેલા, એ શરીર એની પૂર્વના કર્મથી બનેલું... આમ અનાદિ પ્રવાહ ચાલ્યો આવે છે. પણ ધ્યાનમાં રહે કે કર્મ અને શરીર આ બંને ય કરણરૂપ-સાધનરૂપ છે, કર્તા જીવ છે. જીવને કર્મ કરવામાં શરીર સાધન, અને શરીર કરવામાં કર્મ સાધન, આમ કર્મ જીવ સાથે સંબંધ બને છે, માટે જીવને બંધ સિદ્ધ થાય છે.

પ્ર. : કર્મ હોય તો દેખાય ને ?

ઉ. : કર્મ ભલે અતીન્દ્રિય-અપ્રત્યક્ષ હો, પણ કાર્ય પરથી એનું અનુમાન થાય છે. એમ તો તમારી **બુદ્ધિ-અક્કલેય** દેખાતી નથી, તો શું તે નથી ? તમે બુદ્ધિહીન છો ?

(૨) અનાદિનો નાશ ન થવાનો એકાંત નથી. અનાદિ કર્મસંયોગ પરંપરાનો અંત થઈ શકે; જેમ, કાં બીજ ભુંજાઈ ગયું કે ફળ બળી ગયું તો એની અનાદિથી ચાલી આવતી પરંપરાનો અંત આવે છે. પુત્રે બ્રહ્મચર્ય પાળ્યું તો એની અનાદિથી ચાલી આવતી પરંપરાનો અંત આવે છે. કુકડી ઈંડું મૂકતાં પહેલાં મરી કે ઈંડું ફૂટી ગયું તો એની અનાદિ પરંપરા હવે આગળ ચાલતી નથી. એટલે, જેમ સુવર્ણ-માટીનો સંબંધ પ્રારંભથી છતાં અગ્નિતાપાદિ ઉપાયથી અંત પામે છે એમ તપ-સંયમાદિ ઉપાયથી જીવ-કર્મનો સંબંધ પણ નષ્ટ થઈ મોક્ષ થઈ શકે છે. અલબત તે ભવ્યને થાય, અભવ્યને નહિ.

**ભવ્યત્વ શું ? કેવું ? :-**

પ્ર. : કોઈ ભવ્ય, કોઈ અભવ્ય શા માટે ? નારક તિર્યગ્‌ની જેમ એ ભેદ કહો, તો કર્મકૃત ઠરશે !

ઉ. : ના, સ્વભાવકૃત ભેદ છે. સત્‌રૂપે સમાન છતાં સ્વભાવે કોઈ ચેતન, કોઈ અચેતન, એમ ભેદ પડે છે, એવી રીતે જીવ રૂપે સમાન છતાં કોઈ ભવ્ય, કોઈ અભવ્ય એવા ભેદ સહજ અનાદિ સિદ્ધ છે.

પ્ર. : ભવ્યત્વ જો જીવત્વની જેમ સહજ યાને અનાદિનું હોય તો નાશ કેમ પામે ? જીવત્વ ક્યાં નાશ પામે છે ?

ઉ. : ઘટપ્રાગભાવ અનાદિ છતાં એનું કાર્ય ઘટ પેદા થતાં નાશ પામે છે, તેમ ભવ્યત્વ એનું કાર્ય મોક્ષ થતાં નાશ પામે એ યુક્તિયુક્ત છે. 'પ્રાગભાવ તો

અભાવરૂપ છે,' ના, એ ઘટાનુત્પત્તિથી વિશિષ્ટ પુદ્ગલસમૂહરૂપ હોઈ કથંચિત્ ભાવાત્મક છે. એ તે રૂપે નાશ પામી શકે છે, ભલે અનાદિ હોય. ભવ્યત્વ પણ મોક્ષયોગ્યતારૂપ હોઈ મોક્ષ સિદ્ધ થતાં નષ્ટ થઈ જાય.

**સંસાર ખાલી કેમ ન થાય ?**

પ્ર. : ભવ્યોનો મોક્ષ થઈ જતો હોય તો સંસારમાંથી ક્યારેક સર્વથા ભવ્યોચ્છેદ થવો જોઈએ; જેમ કોઠારમાંથી દાણો દાણો કાઢતાં ખાલી થઈ જાય.

ઉ. : ના, કાળની જેમ ભવ્યરાશિ અનંત છે. સમય સમય વ્યતીત થવા છતાં કાળનો ઉચ્છેદ નથી, એમ ભવ્યોનો; ભલે દર છ માસે કમમાં કમ એક તો મોક્ષે જાય જ.

પ્ર. : કાળ સંગૃહીત નથી, ભવ્યો તો સંગૃહીત છે, જગતમાં જેટલા છે તેટલા છે, નવા વધવાના નથી; પછી અનંતાનંત કાળ પછી તો ખાલી થઈ જાય ને ?

ઉ. : ના, આજથી માંડીને ભાવી ગમે તેટલો અનંતાનંત કાળ લો, તે તો હીયમાન=વ્યય રાશિ છે, કેમકે સતત ઘટયા કરે છે, જ્યારે અતીત કાળની તો આદિ જ નહિ હોવાથી અપરિમિત છે અને આયરાશિ વર્ધમાન છે કેમકે સતત વધ્યા કરે છે. હવે જુઓ કે અપરિમિત વર્ધમાન કાળમાં જે ખાલી થવાનું ન થયું, એ હીયમાન કાળમાં શી રીતે બને ? એ તો ભવિષ્યમાં પણ જ્યારે પૂછાય ત્યારે એ જ જવાબ રહેવાનો કે એક નિગોદ (અનંતકાય જીવોનું શરીર)માં રહેલ જીવરાશિ કરતાં અનંતમા ભાગની સંખ્યામાં જ જીવો મોક્ષે ગયા છે. સર્વજ્ઞના બીજા કથનની જેમ આ કથન પણ સત્ય જ માનવું જોઈએ.

પ્ર. : મોક્ષ ન પામનાર બધાય અભવ્ય કેમ નહિ ?

ઉ. : ભવ્ય એટલે મોક્ષ પામનારા એમ નહિ કિન્તુ પામવાની યોગ્યતાવાળા, એટલે તપસંયમાદિ સામગ્રી મળે તો પામી શકે એવા; ન મળી એટલામાત્રથી અભવ્ય નહિ. દા.ત. પ્રતિમા યોગ્ય કાષ્ઠને સામગ્રી ન મળી તો પ્રતિમા ન બને, પણ એટલા માત્રથી એ અયોગ્ય ન ગણાય.

**પ્ર. : મોક્ષ 'ઉત્પન્ન' થયો તો પછી 'નાશ' કેમ ન પામે ?**

ઉ. : જેમ ધ્વંસ ઉત્પન્ન થયો પછી નાશ નથી પામતો, એમ મોક્ષ પણ. અથવા મોક્ષ ઉત્પન્ન થવા જેવું શું છે ? આત્માનું શુદ્ધ સ્વરૂપ થયું એ જ મોક્ષ છે. ઘડો ફુટી જવાથી ઘટાકાશ નષ્ટ થયું, પણ તેથી આકાશમાં કાંઈ નવું વધતું નથી. એમ કર્મક્ષયથી શરીરી આત્મા ન રહ્યો, બાકી આત્મામાં કાંઈ નવું વધતું નથી, કે જે પાછળથી નાશ પામે.

મોક્ષ થયા પછી એ જીવ અને કર્મપુદ્ગલ લોકમાં જ રહ્યા છતાં આત્મા પર

કર્મબંધ થવાનાં કારણભૂત મન-વચન-કાયયોગાદિ કદી ન મળવાથી કર્મબંધ થતો નથી. કર્મબીજ નહિ તો ભવાંકુર નહિ. આત્મા દ્રવ્યરૂપે નિત્ય સંસારપર્યાયરૂપે અનિત્ય; તે પર્યાય નષ્ટ થયે અવિનાશી મોક્ષપર્યાયરૂપે ઉત્પન્ન થાય.

આમ આત્મા નિત્યાનિત્ય હોવાથી 'નિત્ય અને અમૂર્ત હોઈ આકાશની જેમ આત્મા સર્વગત છે, એવું નહિ કહી શકાય. કેમકે એકાંત નિત્ય છે જ નહિ; તેમજ કર્તૃત્વ-ભોક્તૃત્વ-દૃષ્ટૃત્વાદિથી પણ સર્વગતતા બાધિત છે. માટે જ સર્વ કર્મક્ષય થયે અપૂર્વ સિદ્ધત્વપરિણામની જેમ ઉર્ધ્વગતિપરિણામ પ્રાપ્ત થવાથી ઊંચે લોકાન્તે જઈ શકે છે. સર્વગતમાં 'જવાનું' શું ? લોકાન્તે ગયા પછી પતનનાં કારણ કર્મ-પ્રયત્ન-આકર્ષણ-વિકર્ષણ-ગુરુત્વાદિ ત્યાં નથી, માટે કદી પતન નથી.'

**પ્ર. : અમૂર્ત આત્મા આકાશવત્ અક્રિય કેમ નહિ ?**

ઉ. : આકાશ કરતાં આત્મામાં જેમ ચેતનત્વ-કર્તૃત્વાદિ એક વિશેષ ધર્મ છે એમ સક્રિયત્વ પણ એક વિશેષ ધર્મ છે. અલબત દેહક્રિયામાં કર્મવિશિષ્ટ આત્મા કારણ છે, અને એ દેહક્રિયા સાથે આત્મા સક્રિય હોય છે. સર્વ કર્મક્ષય થતાં પૂર્વ પ્રયોગથી આત્મા પાણી નીચેના તુંબડાની માટી ધોવાઈ જતાં એ સક્રિય બને એમ જીવ કર્મભાર નષ્ટ થતાં ઉર્ધ્વગતિક બને છે. તે સિદ્ધશિલા સુધી જ. આગળ અલોકમાં ગતિ-સહાયક ધર્માસ્તિકાય ન હોવાથી ગતિ નથી. લોકાન્તે જ્યાં રહ્યો ત્યાં દેહક્રિયા નથી માટે આત્મામાં ગમનાદિ ક્રિયા નથી.

**પ્ર. : અલોક, ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય વગેરે હોવામાં પ્રમાણ શું ?**

ઉ. : 'લોક' એ વ્યુત્પત્તિવાળું શુદ્ધ પદ હોવાથી એનું પ્રતિપક્ષ હોય. એ જ અલોક.

પ્ર. : ઘડો, વસ્ત્ર વગેરેને જ અલોક માનો ને ?

ઉ. : ના, પ્રતિપક્ષ એને અનુરૂપ યાને મેળવાળો જોઈએ. દા.ત. 'અપંડિત' કોઈ માણસને કહેવાય, ઘડાને નહિ. આમ અલોક અલગ સિદ્ધ છે માટે જ લોક તરીકેના આકાશને અલોકથી જુદા પાડનાર ધર્માસ્તિકાય અધર્માસ્તિકાય દ્રવ્ય સિદ્ધ થાય છે. એ જો ન હોય તો જીવ પુદ્ગલ અનંતા આકાશમાં ખેર-વિખેર થઈ જાય ! પછી ઔદારિકાદિ પુદ્ગલવર્ગણાશવશ જીવમાં બંધ-મોક્ષ-સુખ-દુઃખ-ભવસંસરણ-વગેરે કેમ બને ? તથા જીવનો જીવ પર અનુગ્રહ શી રીતે ? માટે ધર્માસ્તિકાય, પાણી માછલાને જેમ, તેમ જીવ પુદ્ગલને લોકમાં જ ગતિમાં સહાયક બને છે. ગતિ કોઈથી અનુગૃહીત હોય, દા.ત. જલથી મત્સ્યગતિ; એથી ધર્માસ્તિકાય; ને સ્થિતિ કોઈથી અનુગૃહીત હોય, દા.ત. લાકડીથી વૃદ્ધ-સ્થિતિ; એથી અધર્માસ્તિકાય સિદ્ધ થાય.

**મોક્ષની આદિ નહિ; મોક્ષમાં અનંતા સમાય :-**

શરીરવત્તા, કાળ વગેરેની જેમ સિદ્ધતાની યાને સિદ્ધ થવાનું ક્યારથી શરૂ થયું તેની આદિ નથી. વળી પરિમિત દેશમાં હજારો મૂર્ત પણ દીપપ્રભા સમાય છે, તો એના એ સિદ્ધક્ષેત્રમાં અરૂપી અનંતા સિદ્ધો સમાવામાં કોઈ બાદ નથી.

**'સ એષ વિગુણો વિભુર્ન બધ્યતે...'** એ સિદ્ધને આશ્રીને કહ્યું છે.

આ સમજૂતીથી મંડિત વિપ્ર પણ બુઝયા અને ૩૫૦ વિદ્યાર્થી સાથે પ્રભુના શિષ્ય બન્યા.

❖ ❖ ❖

# ૭મા ગણધર - મૌર્યપુત્ર

## દેવતાઓ છે ?

સાતમા મૌર્યપુત્ર નામના બ્રાહ્મણને પ્રભુ કહે છે,- **'को जानाति मायोपमान् गीर्वाणान्...' 'स एष यज्ञायुधी यजमानोऽञ्जसा स्वर्गलोकं गच्छति'** એમ બે જાતની વેદપંક્તિ તમને મળવાથી 'દેવ માયા-ઈંદ્રજાળ જેવા કોણે જોયા ? અર્થાત્ દેવ નથી,' અને 'પાપવારણ માટે શસ્ત્ર સમાન યજ્ઞવાળો યજમાન સ્વર્ગલોકે જાય છે. અર્થાત્ દેવ છે,' એમ દેવ હોવા ન હોવા સંબંધી શંકા પડી.

દેવ ન હોવાનું એટલા માટે લાગ્યું કે નારકીના જીવો તો પરતંત્ર હોવાથી અહીં ન આવી શકે, પણ સ્વચ્છંદચારી અને દિવ્ય પ્રભાવવાળા ગણાતા દેવ જો હોય તો કેમ ન આવે ?

**પણ દેવસત્તાનાં આ પ્રમાણ છે,-**

(૧) સમવસરણમાં દેવો પ્રત્યક્ષ દેખાય છે,

(૨) જ્યોતિષ્ક વિમાનો સ્થાનરૂપ હોવાથી મહેલની જેમ કોઈથી વસેલા હોય, એ જ દેવની એક જાત, એ વિમાન તરીકે એટલા માટે કહીએ છીએ કે એ રત્નમય છે અને આકાશમાંથી નિયતપણે પસાર થાય છે. પવન, મેઘ, અગ્નિગોળો રત્નમય નથી.

પ્ર. : એ તો માયા-રચના કેમ ન હોય ?

ઉ. : તો એવી રચના કરનાર તરીકે દેવ સિદ્ધ થશે ! મનુષ્યનું એ ગજું નહિ.

(૩) જેમ ઉત્કૃષ્ટ પાપનું ફળ નારક થઈ ભોગવે, તેમ ઉત્કૃષ્ટ પુણ્યનું ફળ ભોગવનાર કોણ ? દેવ જ. દુર્ગંધી ધાતુયુક્ત શરીર, રોગ, જરા વગેરેની પીડાયુક્ત

મનુષ્ય ઉત્કૃષ્ટ સુખભોગી ન કહેવાય.

(૪) પૂર્વજન્મના સ્મરણવાળાના કથનથી પણ દેવ સાબિત થાય છે. જેમ, બહુ દેશ ફરી આવેલાના કથનથી તે તે દેશ અને એની વસ્તુનો પ્રત્યય થાય છે.

(૫) વિદ્યા-મંત્રની સાધનાથી ઈષ્ટસિદ્ધિ થાય છે તે દેવ પ્રસાદથી; જેમ રાજાની કૃપાથી ઈષ્ટસિદ્ધિ થાય છે.

(૬) કોક પુરુષમાં કયારેક વિચિત્ર ચેનવાળા દેખાય છે તે એનામાં અસંભવિત વિકાર કોઈ દેવના પ્રવેશથી જ હોય. દા.ત. સીધિ ગતિએ ચાલતું યાંત્રિક વાહન વિચિત્ર ગતિ બદલે તે અંદર બેઠેલા પુરુષથી જ પ્રેરિત હોય.

(૭) દેવમંદિરાદિમાં ચમત્કાર, માણસને વિશિષ્ટ સ્વપ્ન, વિશિષ્ટ દર્શન વગેરે પણ દેવસત્તા સિદ્ધ કરે છે.

(૮) દેવ એ વ્યુત્પત્તિમત્ શુદ્ધ પદ છે તે સાર્થક જ હોય.

પ્ર. : તે તો મોટા ઐશ્વર્યશાલી મનુષ્યને લાગુ થાય ને ય કહેવાય છે 'ભાઈ! આ તો દેવ જેવો છે.'

ઉ. : પહેલાં કોઈ મુખ્ય વાચ્ય-અર્થ હોય, પછી ઉપચરિત અર્થ બને. અસલની નકલ હોય; જો અસલ જ નહિ તો નકલ શી ? મુખ્ય સિંહ હોય છે તો પછી મનુષ્યને કહેવાય છે કે આ નરસિંહ છે.

(૯) દેવ-અમર-ગીર્વાણ-દિવૌકસ્ વગેરે સ્વતંત્ર પર્યાય મનુષ્ય કરતાં જુદી દેવવસ્તુને લાગુ પડે છે.

(૧૦) દેવસત્તા ન હોય તો ઉચ્ચ તપ-દાનાદિ ક્રિયા નિષ્ફળ જાય; તેમ સોમ-યમ-સૂર્ય-સુરગુરુ વગેરેનાં પ્રતિપાદક તથા ઈન્દ્રાદિનું આહ્વાન કરનાર વેદવચન નિરર્થક ઠરે !

**દેવોને અહીં ન આવવાનું કારણ,** ૧. દિવ્ય પ્રેમની સંક્રાન્તિ, ૨. દિવ્ય વિષયાસક્તતા, ૩. અસમાપ્ત-દિવ્યકર્તવ્યતા (બહુ કર્તવ્યસાધનમાં નિયુક્ત વિનીત પુરુષની જેમ), ૪. અનધીન મનુષ્યકાર્યતા (ગૃહત્યાગી નિઃસંગ યતિની જેમ), ૫. અશુભ મૃત્યુલોકગંધ.

**છતાં દેવને આવવાનાં કારણ.** ૧. જિનકલ્યાણક, ૨. સંશયવિચ્છેદ, ૩. તીવ્રરાગ, ૪. પ્રતિબોધાદિ સંકેતપાલન, ૫. વૈર, ૬. કૌતુક, ૭ મહાત્માના સાત્ત્વિકતપનું આકર્ષણ, ૮. મિત્રપુત્રાદિ અનુગ્રહ, ૯. સાધ્વાદિપરીક્ષા વગેરે છે. એ કારણે દેવ અહીં આવે છે.

દેવને માયા જેવા કહી સૂચવ્યું કે આવી દિવ્ય સમૃદ્ધિ પણ અનિત્ય છે તો માનવીય સંપત્તિનું પૂછવું જ શું ?

—આ સમજૂતીથી શંકારહિત બનેલ મૌર્યપુત્રે ૩૫૦ના પરિવાર સાથે પ્રભુ પાસે દીક્ષા લીધી.

❋ ❋ ❋

## ૮મા ગણધર - અકંપિત

### નારક છે ?

હવે આઠમા અકંપિત નામના બ્રાહ્મણને પ્રભુ કહે છે,—

**'न ह वै प्रेत्ये नारकाः सन्ति ।' 'नारको वै एष जायते यः शुद्रान्नमश्नाति ।'** એમ બે જાતનાં વિરુદ્ધ વેદવચન તમને મળવાથી 'પરલોકમાં **નારક** છે નહિ' તથા 'શુદ્રનું અન્ન ખાય તે **નારક** થાય' એમ પરસ્પર વિરુદ્ધ વસ્તુ પર નારકો હશે કે કેમ ? એ શંકા પડી.

નારકો ન હોવાનું એટલા માટે લાગ્યું કે ચંદ્રાદિ તથા બીજા પણ દેવ હજી પ્રત્યક્ષ થાય છે, પણ નારકો ક્યાં દેખાય છે ? દેવ-મનુષ્ય-તિર્યંચથી તદ્દન વિલક્ષણ કોઈ નારક જેવા હોય એવું અનુમાન પણ કેમ થાય ? પરંતુ,—

**નારકસત્તાનાં આ પ્રમાણ છે :-**

(૧) તમને એકલાને ન દેખાય માટે નારક નથી એમ કેમ કહેવાય ? એવી સિંહ વાઘ જેવી ય વસ્તુ હોય છે ને ?

**વળી એકલી બાહ્ય ઈન્દ્રિયથી દેખાય એ જ પ્રત્યક્ષ એવું નથી,** આત્મપ્રત્યક્ષથી સર્વજ્ઞને દેખાય છે.

**વળી ઈન્દ્રિય વ્યાપારથી થતું એ ખરેખર પ્રત્યક્ષ જ નથી.**

કેમકે ઈન્દ્રિયવ્યાપાર બંધ છતાં ય વસ્તુ હોય છે. તેમજ ઈન્દ્રિય પ્રત્યક્ષ તો અનંતધર્માત્મક વસ્તુમાંથી અતિ અલ્પ ધર્મને જ જુએ છે એમાં વસ્તુ-પ્રત્યક્ષ શાનું ? એ તો હેતુથી થતાં એક જાતના વસ્તુસાધક અનુમાન જેવું છે;- 'આ ઘડો છે, કેમકે પૂર્વસંકેતકાળે આવા જ પદાર્થમાં મને આપ્ત પુરુષે ઘટસંકેત કરાવ્યો હતો.' ભલે એ બહુ અભ્યાસમાં જણાય નહિ. વળી જીવ સિવાય બાહ્ય નિમિત્તથી થતું જ્ઞાન ખરેખર પરોક્ષ જ છે.

(૨) ઉત્કૃષ્ટ પાપની સજા ક્યાં ? એવા પાપનું ફળ ભોગવનાર કોણ ? પશુ આદિ નહિ, કેમકે પશુને પણ સારી હવા, પાણી, પ્રકાશ, વૃક્ષછાયા, આહાર વગેરે સુખ મળે છે, એમાનું કશું સુખ ન હોય તેવા અને સતત છેદન-ભેદન-દહન-પાચન-શિલાસ્ફાલનાદિ દુઃખ જ ભોગવતા હોય તેવા કોણ ? કહો નારક જ.

(૩) વ્યવહારમાં એક ખૂનની એક ફાંસી મળે છે, તો હજારો ખૂન કરેલાના બાકીના ગુનાનું ફળ ક્યાં ?

(૪) અસત્ય ભાષણના હેતુભૂત ભય-રાગ-દ્વેષ-મોહ-અજ્ઞાન જેમને નથી એ સર્વજ્ઞ પ્રભુ નારક હોવાનું કહે છે, એ કેમ અસત્ય હોય ?

'પરલોકમાં નારકો નથી' એ વેદ વચનનો અર્થ તો એટલો કે નારકો મરીને પછીના જ ભવે નારક થતા નથી.

આ સમજૂતીથી અકંપિત બૂઝી ૩૦૦ના પરિવાર સાથે પ્રભુના શિષ્ય બન્યા.

❖ ❖ ❖

## ૯મા ગણધર - અચલભ્રાતા

### પુણ્ય-પાપ છે ?

હવે નવમા અચલભ્રાતા ગણધરને પ્રભુ કહે છે,—

**'पुरुषेवेदं ग्निं सर्व्वं...'** વગેરે વેદવચનથી પુણ્ય-પાપ જેવી વસ્તુ હોવા સંબંધમાં શંકા પડી. એમાં—

**પુણ્ય-પાપ અંગે પાંચ વિકલ્પ, પાંચ મત ખડા થયા,**- (૧) પુણ્ય જ એકલું હોય. પાપ નહિ; (૨) પાપ જ એકલું હોય, પુણ્ય નહિ; (૩) પુણ્ય-પાપ વિવિધરંગી મણિની જેમ મિશ્રિત જ રહી સંમિશ્ર સુખ દુઃખ આપે; (૪) પુણ્ય-પાપ સ્વતંત્ર રહી અલગ અલગ ફળ સુખ અને દુઃખ દે; (૫) પુણ્ય કે પાપ કશું નહિ, સ્વભાવે સુખ કે દુઃખ મળે.

આમાં (૧) પહેલા વિકલ્પમાં પથ્ય આહારની જેમ પુણ્યની વૃદ્ધિમાં સુખ વધે અને હાનિમાં દુઃખ વધે. ત્યારે (૨) બીજા વિકલ્પમાં કુપથ્ય આહારની જેમ, જેમ પાપ વધે તેમ દુઃખ વધે, પાપ ઘટતાં દુઃખ ઘટતું આવી સુખ વધતું જાય. બંને વિકલ્પમાં અત્યંત ક્ષયે મોક્ષ થાય. (૩) ત્રીજા વિકલ્પમાં પુણ્યની માત્રા વધી જાય તો એકલી 'પુણ્ય'ની સંજ્ઞાથી ઓળખાય, એમ પાપમાત્રમાં એથી ઊલટું, (૪) ચોથો વિકલ્પ એટલા માટે કે સુખ-દુઃખનો એક સાથે અનુભવ નથી. તેથી સ્વતંત્ર અનુભવરૂપ કાર્ય માટે કારણભૂત અલગ અલગ પુણ્ય અને પાપ જોઈએ. (૫) પાંચમા વિકલ્પમાં વાયુ તિર્છો વહે, જ્વાલા ઊંચી જ જાય, અથવા કાંટા વાંકા ટેઢા તીક્ષ્ણ હોય, એ જેમ સ્વભાવે, તેમ પુણ્ય-પાપ વિના જ સુખ-દુઃખ-ભવવૈચિત્ર્ય સ્વભાવે જ થાય છે.

**૧-૨-૩-૫મો, આ ચાર વિકલ્પના મત ખોટા :-**

આમાં ચોથા વિકલ્પ જ સયુક્તિક છે, બાકીના યુક્તિ વિરુદ્ધ છે; તે આ રીતે,—

(૧) જો સ્વભાવે જ જગદ્વૈચિત્ર્ય હોવાનું કહો, તો સ્વભાવ એટલે શું ? વસ્તુ ? નિર્હેતુકતા ? કે વસ્તુધર્મ ? (આનો વિચાર પૂર્વે કર્યો છે તે મુજબ) સારાંશ, કારણભૂત મૂર્ત વસ્તુધર્મ પુણ્ય-પાપ માનવા જોઈએ.

**બે પ્રકારના અનુમાનથી.**

**કારણાનુમાન,**- 'દાનાદિ ક્રિયા અને હિંસાદિ ક્રિયારૂપ વિચિત્ર કારણોનાં કાર્ય વિચિત્ર જોઈએ જ; જેમ ઘઉં અને ડાંગરનાં બીજનાં કાર્ય;' તથા **કાર્યાનુમાન,**- 'જનક માતાપિતા સમાન છતાં બે પુત્રમાં સુરૂપતા-કુરૂપતાદિ વિચિત્ર કાર્ય પાછળ વિચિત્ર કારણ હોવાં જ જોઈએ;'-આ બે પ્રકારનાં અનુમાનથી પુણ્ય-પાપ સિદ્ધ થાય છે.

(૨) કારણ પણ કાર્યને અનુરૂપ હોય, સોનાના કળશનું કારણ સોનું અને તાંબાના કળશનું કારણ તાંબુ જ હોય છે. તેમ સુખનું કારણ પુણ્યકર્મ અને દુ:ખનું કારણ પાપકર્મ એમ બે વિલક્ષણ કાર્યનાં વિલક્ષણ માનવાં જ પડે.

**પુણ્ય-પાપ અરૂપી કેમ નહિ ? :-**

પ્ર. : એમ તો પછી સુખ-દુ:ખ આત્મપરિણામ હોઈ અરૂપી હોવાથી એનાં કારણભૂત પુણ્ય-પાપ અરૂપી ઠરશે ?

ઉ. : કારણ સર્વથા-સર્વધર્મોથી કાર્યાનુરૂપ કે સર્વથા કાર્યથી વિલક્ષણ નથી હોતાં; કેમકે તો તો પહેલામાં કારણ કાર્યરૂપ જ થયું, કે કાર્ય કારણરૂપ થયું. સર્વ ધર્મોથી અનુરૂપમાં કારણત્વ-કાર્યત્વ બે જુદા ધર્મ ન બને, પછી એક કારણ ને બીજું કાર્ય, એ શું ? ત્યારે સર્વથા-સર્વધર્મોથી વિલક્ષણ કહેવામાં, એકમાં જો વસ્તુત્વધર્મ, તો સર્વથા વિલક્ષણ બીજામાં તે નહિ, અર્થાત્ એ અવસ્તુ ઠરે ! પછી વસ્તુ-અવસ્તુનો કાર્યકારણભાવ શો ?

માત્ર કાર્ય-કારણ જ શું, **જગતની વસ્તુમાત્ર પરસ્પરમાં સમાન-અસમાન, અનુરૂપ-વિલક્ષણ છે.** છતાં વિશેષતઃ કારણ કાર્યને અનુરૂપ કહેવાય છે. તેનો અર્થ એ કે કાર્ય એ કારણનો સ્વપર્યાય છે, અને કાર્યેતર (કાર્યથી અન્ય) એ કારણનો પરપર્યાય છે. કારણના આ સ્વપર્યાય પરપર્યાય એ જ કારણનાં અનુરૂપ-અનનુરૂપ, સમાન-અસમાનરૂપ. પ્રસ્તુતમાં જીવ-પુણ્યનો સંયોગ એ કારણ છે, એનું કાર્ય સુખ એ એનો સ્વપર્યાય છે. સુખ જેમ શુભ, શિવ કહેવાય છે તેમ પુણ્ય પણ. એટલે એ રીતે અનુરૂપતા છે. બાકી સુખ અમૂર્ત છે તો એનું કારણ અમૂર્ત જ હોય એવો નિયમ નથી.

(i) અન્નાદિ એ સુખનું કારણ હોવા છતાં ક્યાં અમૂર્ત છે ? મૂર્ત જ છે. એમ કર્મ પણ મૂર્ત છે.

પ્ર. : તો એકલા અન્ન-ફૂલહાર-ચંદનાદિને જ સુખકારણ માનો, કર્મની શી જરૂર ?

ઉ. : બરાબર, તો અન્નાદિ બાહ્ય સાધન તુલ્ય છતાં સુખમાં ફરક પડે છે તેનું શું ? કહો વિલક્ષણ કર્મના લીધે જ.

(ii) વળી કર્મ મૂર્ત છે, કેમકે કર્મ મૂર્ત દેહનું અને દેહ બલાધાનનું કારણ છે; દા.ત. મૂર્ત તેલ મૂર્ત ઘડાને દઢ કરે છે.

(iii) કર્મ મૂર્ત પુષ્પ-ચંદન-વિષયોથી પુષ્ટ થાય છે.

**સુખ અરૂપી, દેહ રૂપી, એનું કારણ કર્મ કેવાં ? :-**

પ્ર. : કર્મનું કાર્ય દેહાદિ મૂર્ત છે, ને સુખ-દુઃખ-ક્રોધ-માનાદિ અમૂર્ત છે, તો કારણ મૂર્ત જ કે અમૂર્ત જ, એવો નિયમ શી રીતે ?

ઉ. : કાર્ય સુખાદિનું સમવાયી કારણ તો કર્મ નહિ પણ જીવ છે. એ તો અમૂર્ત છે જ. એટલે અમૂર્ત કાર્યનું અમૂર્ત કારણ મળી રહ્યું. હવે કર્મ અ-સમવાયી કારણ હોવાથી બ્રાહ્મી આદિની જેમ મૂર્ત હોવામાં બાધ નથી. આમ સ્વભાવવાદનું નિરાકરણ અને કર્મવાદ સિદ્ધ થયો.

**હવે એકલા પુણ્ય કે પાપની માન્યતાનું નિરાકરણ :-**

(૩) પુણ્યના ઉત્કર્ષ (વધારા)થી સુખનો ઉત્કર્ષ તો બરાબર; પણ પુણ્યના અપકર્ષ (ઘટાડા)થી સુખનો અપકર્ષ થાય, દુઃખ-બહુલતા શી રીતે ? એ તો પાપના જ ઉત્કર્ષથી બને. પથ્ય આહાર ઘટી જાય તો શરીરની પુષ્ટી ઘટી જાય, પણ તેથી કાંઈ રોગ-વેદના થોડી જ જન્મે કે વધી જાય ? એ તો કુપથ્ય આહાર વધે તો બને છે.

(૪) પુણ્ય ઘટવાથી નાનો અને ઓછો શુભ દેહ મળે, પણ મોટો અને અશુભ હાથી-મત્સ્ય વગેરે કે નરકનો દેહ કેમ મળે ? થોડા સુવર્ણથી નાનો પણ કળશ સોનાનો બને, માટીનો નહિ.

(૫) એમ એકલું પાપ માનનારને પણ આ આપત્તિ છે કે પાપના ઉત્કર્ષથી દુઃખવૃદ્ધિ, એમ પાપના અપકર્ષથી દુઃખમાં હ્રાસ થાય, પણ સુખવૃદ્ધિથી શી રીતે બને ? પાપ થોડું પણ દુઃખનું જ કારણ હોય, સુખનું નહિ. ઝેર થોડું પણ મહા આરોગ્ય ન બનાવી શકે.

**સંમિશ્ર પુણ્ય-પાપનો મત મિથ્યા :-**

(૬) સંમિશ્ર પુણ્યપાપ જેવું તો કોઈ કર્મ જ નથી, કેમકે એવા કર્મનું

ઉત્પાદક કોઈ કારણ નથી. કારણ તરીકે શુભાશુભ મન-વચન-કાયયોગ ગણાય, (મિથ્યાત્વાદિને તો અશુભ યોગમાં અંતર્ભૂત કહી શકાય,) પણ એક સમયમાં કાં શુભ, કાં અશુભ; એક જ પ્રકારનો યોગ પ્રવર્તે છે; ને એનાથી તો પુણ્ય કે પાપ જ બંધાય.

**દ્રવ્યયોગ-ભાવયોગ : ભાવયોગ અમિશ્ર જ :-**

પ્ર. : શુભાશુભ મિશ્રિત યોગ દેખાય છે ને ? દા.ત. અવિધિથી જિનપૂજા; આ અનુક્રમે શુભાશુભ મનોયોગ-વાગ્ય-કાયયોગ છે.

ઉ. : ના, યોગ દ્વિવિધ,-દ્રવ્ય અને ભાવ. એમાં યોગ પ્રવર્તક દ્રવ્ય અને મન-વચન-કાયક્રિયા એ દ્રવ્યયોગ, અને આ ઉભયનો હેતુભૂત અધ્યવસાય એ ભાવયોગ. વ્યવહારનયથી દ્રવ્યયોગમાં શુભાશુભ મિશ્રભાવ હોય, પણ નિશ્ચયનયથી નહિ, તેમ ભાવયોગમાં નહિ. એમાં તો એકલો શુભ યા અશુભ જ યોગ હોય. શુભાશુભ કોઈ અધ્યવસાય હોતો નથી. આગમમાં બે શુભ ધ્યાન, ત્રણ શુભ લેશ્યા, બે અશુભ ધ્યાન, ત્રણ અશુભ લેશ્યા કહેલ છે, પણ મિશ્ર કોઈ ધ્યાન-લેશ્યા નહિ. (ધ્યાનના અંતે લેશ્યા પ્રવર્તે.) ભાવયોગ લેશ્યાધ્યાનાત્મક હોય છે. એ શુભાશુભ નહિ, માટે પુણ્ય-પાપ મિશ્રિત કોઈ ન બંધાય.

**સંક્રમમાં મિશ્રિત કર્મ નહિ :-**

પ્ર. : શુભાશુભ કર્મમાં અશુભ-શુભ કર્મનો સંક્રમ (અંતઃ પ્રવેશ, અંતર્મિલન) થાય છે તે મિશ્રિત કર્મ ખરું ને ?

ઉ. : મિથ્યાત્વ બંધાયા પછી વિશુદ્ધ પરિણામે સમકિત મોહનીયનો શુદ્ધ પુંજ તૈયાર થાય, તે જીવ પાછો મિથ્યાત્વે જતાં મિથ્યાત્વમાં સંક્રમિત (પ્રવિષ્ટ) કરી નાખે છે. તેમજ મૂળ કર્મ-પ્રકૃતિમાં નહિ, પણ આયુષ્યકર્મ અને દર્શનમોહ-ચારિત્રમોહ સિવાય ઉત્તર પ્રકૃતિઓમાં જ સંક્રમ થાય છે. હવે જુઓ કે બંધાતી શાતાવેદનીયાદિ શુભમાં પૂર્વબદ્ધ અશાતા વેદનીયાદિ અશુભનો કે બંધાતી અશુભમાં પૂર્વબદ્ધ શુભનો સંક્રમ (પ્રવેશ) થાય, તે શુભાશુભ મિશ્રકર્મ જેવું થયું દેખાય; કિન્તુ ત્યાં તો સંક્રમ થયા પછી એક જ શુભ કે અશુભ સંક્રમાધારનું જ સ્વરૂપ રહે છે. સંક્રમિત થનારનું સ્વરૂપ તો નષ્ટ થઈ જાય છે. દા.ત. શાતામાં અશાતાકર્મનો સંક્રમ થાય, અંતર્મિલન થાય, ત્યાં એ અશાતાનું સ્વરૂપ મટી જઈ એ શાતા રૂપ જ થઈ જાય છે. માટે મિશ્રિત પુણ્ય-પાપ જેવું કોઈ કર્મ નથી.

સારાશં, પુણ્ય અને પાપ બંને સ્વતંત્ર કર્મ છે. મિશ્રિત હોત તો દેવતાને કેવળ સુખબહુલતા અને નારકીને કેવળ દુઃખાતિશય ન હોત માટે એ બંને બહુલતાના જુદાં નિમિત્ત પુણ્ય અને પાપ સિદ્ધ થાય છે.

(૭) વળી જગતમાં સારી, ખરાબ અને એના અભાવ એમ સ્વતંત્ર રાશિઓ દેખાય છે, પણ શુભનો અભાવ એ જ અશુભ, કે અશુભનો અભાવ એ જ શુભ એટલું જ નથી. રોગ મટ્યો તો આરોગ્ય તો આવ્યું, પણ ઉપરાંત શક્તિ લાવવા જુદી દવા લેવી પડે છે.

દુર્જનતાના અભાવે સજ્જનતા કહેવાય, પણ મહાસુકૃતકારિતા નહિ. અતિ ઘોર દુષ્કૃતકારી તો કેવળ પાપ ભાગી થાય પણ પુણ્યના લેશનો ભાગી નહિ. એમ મહાસુકૃતકારી પણ મહાપુણ્ય બાંધે પણ પાપનો લેશ બાંધે એવું નહિ. સુકૃત,-દુષ્કૃત્ય, શુભભાવ-અશુભભાવ, વગેરે એક બીજાના અભાવરૂપ નહિ કિન્તુ સ્વતંત્ર છે, તેથી એના કાર્ય પુણ્ય અને પાપ પણ સ્વતંત્ર જ હોય.

**પુણ્ય-પાપકર્મ અંગે કેટલીક સમજૂતી :-**

સારા વર્ણ-રસ વગેરે ફળ આપે તે પુણ્ય, અને ખરાબ આપે તે પાપ. આ કર્મ સૂક્ષ્મ કાર્મણ વર્ગણામાંથી બને છે, માટે એ સ્થૂલ નથી હોતા, તેમજ પરમાણુરૂપ પણ નહિ. એ, શરીરે તેલ ચોળેલાને રજ ચોંટે એની જેમ, રાગદ્વેષાદિથી ચીકણા બનેલ આત્માને, મધ્યના શુદ્ધ ૮ રુચકપ્રદેશ સિવાય, સર્વ આત્મપ્રદેશે એના જ અવગાહિત આકાશમાં રહેલા ચોંટે છે. આત્મા અને કર્મ બંનેની એવી પરસ્પર યોગ્યતા છે કે ચોંટતા કર્મને આશ્રયભૂત આત્મા પોતાના શુભ યા અશુભ પરિણામ મુજબ શુભ યા અશુભ કરી દે છે. (સાથે એની પ્રકૃતિ-સ્થિતિ રસ-પ્રદેશ પણ નિમિત કરી દે છે.) આશ્રયભેદે કાર્યભેદ, એનું એ પાણી ગાયમાં દૂધરૂપે અને સર્પમાં ઝેરરૂપે પરિણમે ત્યાં દેખાય છે અથવા એક જ પ્રકારનો આહાર પાચનશક્તિ અનુસાર રસ-રુધિર વગેરે ધાતુઓ અને મળમૂત્ર-કફ વગેરે ખળમાં પરિણમે છે.

પુણ્યકર્મ શાતાવેદનીય-સમકિત મોહનીય-હાસ્યરતિ-પુંવેદ તથા શુભ આયુષ્ય-નામ-ગોત્રની કુલ ૪૬ કર્મ પ્રકૃતિઓ છે. બાકીની બધી પાપકર્મરૂપ છે. કર્મગ્રન્થ મતે સમકિત મોહનીયાદિ ચાર પાપકર્મરૂપ છે. કેમકે એ જીવને વિપર્યાસ કરાવે છે. એમાં સમકિત મોહ શંકાદિ અતિચાર લગાડે છે અને મૂળ મિથ્યાત્વનાં દળિયાં છે તેથી અશુભ કર્મરૂપ છે.

આ સમજૂતીથી અચલભ્રાતા બૂઝ્યા, ૩૦૦ના પરિવાર સાથે દીક્ષા લીધી.

❋ ❋ ❋

# १०मा गणधर - मेतार्य

**परलोक छे ?**

हवे दशमा मेतार्य नामना ब्राह्मणने प्रभु कहे छे,–

**'विज्ञानघन एव... न प्रेत्यसंज्ञाऽस्ति,' अग्निहोत्रं...स्वर्गकामः'** वगेरे वचनथी तमने शंका पडी के परलोक जेवी वस्तु हशे के केम ?

**परलोक न होवानुं एटला माटे** लाग्युं के

(१) वस्त्रनी शुक्लतानी जेम भूतपिंडनुं चैतन्य छे, वस्त्रनाशे शुक्लताना नाशनी माफक भूतपिंडना नाशे चैतन्य सहेजे नष्ट थाय. (२) चैतन्य भूतथी अलग होय तो पण काष्ठमांथी प्रगटेली ज्वाळानी जेम विनश्वर होय, नित्य नहि. (३) नित्य पण सर्वव्यापी होय तो एने क्यांय जवानुं होय नहि. (४) परलोक तरीके नरक-स्वर्ग देखाता नथी.

**परंतु परलोक छे एनी युक्तिओ जुओ,-**

(१) पूर्व कहेल अनुमानोथी अलग आत्मानुं ज चैतन्य सिद्ध थाय छे. जातिस्मरणादि कारणे द्रव्यथी नित्य अने पर्यायथी अनित्य चेतन आत्मा जोईए ज.

(२) एक सर्वगत निष्क्रिय आत्मा होई शके नहि; केमके (i) राग-द्वेष-विषयकषायाध्यवसाय-शुभाशुभभावना-नारकत्वादि कार्यभेदथी भिन्न भिन्न आत्मा, (ii) शरीरमां ज ते गुणो देखाता होवाथी शरीरमात्रव्यापी (iii) अने भोक्ता-गतिसंचरणकर्ता होईने सक्रिय आत्मा सिद्ध थाय छे.

(३) प्र. : (i) आत्मा जो विज्ञानमय छे, विज्ञान उत्पत्तिशील होई अनित्य छे, तेथी आत्मा पण अनित्य ठर्यो, पछी परलोक कोनो ? (ii) जो विज्ञान आत्माथी जुदु होय तो आत्मा नित्य रही शके, पण एमां एनो शुद्ध गगनवत् के अज्ञानकाष्टवत् परलोक शो ? नित्यमां कर्मकर्तृत्व-भोकतृत्व होय तो सदा कर्तृत्वादि चाल्या करे ! पण तेम छे नहि, तेथी नित्य नहि तो अनित्य परलोक केम घटे ?

उ. : विज्ञानमां उत्पत्तिशीलताथी नित्यता पण केम सिद्ध न थाय ? आश्चर्य थशे उत्पत्तिमान अने नित्य ? हा, घडामां पण एकली अनित्यता नथी, नित्यता पण छे. केमके घडो शुं छे ? एकली आकृतिरूप नहि, पण रूप-रस-गंध-स्पर्श-एकत्व-तुबंडाकार आकृति-जलाहरणादिशक्ति वगेरेनो घन छे. पूर्वना माटीना पिंडामां पण ए ज रूपादि हतुं, मात्र आकृति अने शक्ति जुदी हती. एनो अर्थ ए के घडो रूपादिरूपे नवो बनेलो नहि पण ध्रुव छे. अने नवी आकृति शक्तिरूपे

નષ્ટ છે. એજ ઘડો કાળાદિ પૂર્વે પર્યાયરૂપે નષ્ટ પણ બને છે. આમ ઘડો ધ્રુવ અને ઉત્પન્ન-વિનષ્ટ અર્થાત્ અધ્રુવ, નિત્યાનિત્ય સિદ્ધ થાય છે. એમાં આત્મા ઘટ પછી પટ જુએ, ત્યાં ઘટવિજ્ઞાનરૂપ પર્યાયે નષ્ટ, પટવિજ્ઞાનરૂપ પર્યાયે ઉત્પન્ન અને જીવત્વરૂપે ધ્રુવ છે. એમ મનુષ્ય મરી દેવ થયો ત્યાં મનુષ્યત્વરૂપે નષ્ટ, દેવત્વરૂપે નવોત્પન્ન અને જીવત્વરૂપે તદવસ્થ છે. તેથી પરલોક ઘટી શકે છે.

સત્-વસ્તુમાત્ર ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય ત્રિસ્વભાવ છે. કેમકે સર્વથા અસત્ ઉત્પન્ન થાય નહિ, નહિતર અસત્ અશ્વશૃંગાદિની ઉત્પત્તિ થાય ! સત્ **સર્વથા** જ નાશ પામે નહિ, નહિતર ક્રમશઃ સર્વપ્રલય થાય ! માટે વસ્તુ અમુકરૂપે અવસ્થિત રહી અમુકરૂપે ઉત્પન્ન, ને અમુકરૂપે નષ્ટ થયા કરે છે. રાજપુત્રીને ગમતો સુવર્ણકળશ ભાંગી રાજપુત્રને ગમતો સુવર્ણઘુઘરો કરાવ્યો, ત્યાં વસ્તુ એક જ છે પણ એનાં રૂપક ત્રણ છે. કળશરૂપે નાશ થવાથી રાજપુત્રીને શોક, ઘુઘરારૂપે ઉત્પન્ન થવાથી રાજપુત્રને હર્ષ અને સુવર્ણરૂપે કાયમ રહ્યાથી રાજાને મધ્યસ્થ ભાવ રહે છે.

(૪) પરલોક ન હોય તો સ્વર્ગહેતુક અગ્નિહોત્રાદિના વેદવાક્ય નિરર્થક ઠરે.

પ્રભુએ આ રીતે સમજાવવાથી મેતાર્ય નિશ્શંક બન્યા, અને ૩૦૦ના પરિવાર સાથે પ્રભુ પાસે દીક્ષા લીધી.

❈ ❈ ❈

## ૧૧મા ગણધર - પ્રભાસ

### મોક્ષ છે ?

૧૧મા પ્રભાસ નામના બ્રાહ્મણને પ્રભુ કહે છે,–

હે આયુષ્યમન્ પ્રભાસ ! તમને '**जरामर्यं वैतत् सर्वं यदग्निहोत्रम्,**' '**द्वे ब्रह्मणी परमपरं च**' એમ બે જાતની વેદપંક્તિ મળી, એમાં યાવજ્જીવ અગ્નિહોત્ર કરવાનું વિધાન મળવાથી અને એનું ફળ તો સ્વર્ગ જ હોવાથી એમ લાગ્યું કે ત્યારે મોક્ષ જેવી વસ્તુ જ નહિ હોય, નહિતર વેદશાસ્ત્ર આવો ઉપદેશ કેમ કરે ? પરંતુ પાછું બ્રહ્મ-આત્મા પર, અપર એમ બે સ્વરૂપના કહ્યા, તેમાં તો 'પર' એટલે શુદ્ધ બુદ્ધ-મુક્ત, તેથી મોક્ષનું પ્રતિપાદન મળ્યું. એટલે શંકા થઈ કે મોક્ષ-વસ્તુ હશે કે કેમ ?

**મોક્ષ ન હોવાનું એટલા માટે** લાગ્યું કે (૧) દીવો અંતે બુઝાઈ જાય એમ આત્મા સર્વનાશ પામી જાય પછી મોક્ષ કોનો ? (૨) કર્મસંયોગ અનાદિ હોઈ નાશ ન પામે તેથી સંસારાભાવ શી રીતે ? (૩) જીવ શું છે ? નારક, તિર્યંચ, વગેરે

એ જ જીવ. એના નાશે જીવનો જ નાશ ગણાય, પછી મોક્ષ જેવું શું ?

**પરંતુ 'મોક્ષ છે' એની આ યુક્તિઓ છે :-**

(૧) દીવો બુઝાઈ ગયો છતાં એની મેશના સૂક્ષ્મ તામસ પુદ્ગલ વાતાવરણમાં કાયમ છે, ઘ્રાણેન્દ્રિયથી વર્તાય છે, તેથી સર્વ-નાશ નથી; તેમ જીવનો સંસાર સમાપ્ત થયા પછી સર્વનાશ નથી; પવનથી મેશ ઊડી કે વાદળ વિખરાઈ ગયા પછી એનાં પુદ્ગલ થોડા સર્વથા નષ્ટ થઈ જાય છે ? પુદ્ગલના પરિણામ વિચિત્ર બને છે. હમણાં એક ઈન્દ્રિયથી ગ્રાહ્ય હોય, પછી રૂપાંતર થતાં બીજી ઈન્દ્રિયથી ગ્રાહ્ય બને છે. લૂણ આંખથી દેખાતું છતાં પાણીમાં ભળ્યા પછી રસનાથી ગ્રાહ્ય બને છે. એમ મોક્ષ થતાં જીવનો પરિણામાન્તર થાય છે, સર્વનાશ નહિ.

(૨) સુવર્ણ-માટીનો પહેલેથી સંબંધ છતાં ક્ષાર-પાક આદિ ઉપાયથી વિયોગ થઈ શુદ્ધ સુવર્ણ બને છે તેમ સમ્યગ્દર્શનાદિ ઉપાયથી જીવ શુદ્ધ મુક્ત બની શકે છે.

(૩) નારક તિર્યંચ વગેરે તો જીવના પર્યાયમાત્ર છે, જેમ સુવર્ણના વીંટી, કડું આદિ; કેમકે જીવ તે તે અવસ્થા ધારણ કરે છે. વીંટી, કડું વગેરે નાશ પામતાં સુવર્ણ નષ્ટ નથી થતું, એમ નારકાદિ પર્યાય નષ્ટ થતાં જીવ નષ્ટ નથી થતો.

પ્ર. : કર્મથી તો સંસારી જીવ હતો, કર્મનાશે કેમ જીવનો નાશ નહિ ? કારણનાશે કાર્યનાશ થાય.

ઉ. : જીવ કર્મથી સર્જિત નથી કે જેથી કર્મનાશે એનો નાશ થાય. કર્મ તો આવરણરૂપ છે, ઉપાધિરૂપ છે. તેથી જેમ વાદળના નાશે સૂર્યનો નાશ નથી થતો, ઘટના નાશે આકાશનો નાશ નથી થતો, એમ કર્મના નાશે જીવનો નાશ નથી થતો. અલબત કર્મનાશે કર્મજન્ય નારકત્વ-તિર્યક્ત્વ વગેરે સંસાર પર્યાયનો નાશ થાય; પણ જીવ તો જીવત્વરૂપે કાયમ રહે, તે હવે મુક્તિપર્યાયવાળો બનીને.

(૪) મુક્ત જીવ વિનાશી નથી કેમકે વિકારરહિત છે, જેમ આકાશ.

પ્ર. : તત્કાલ નહિ પણ કાલાન્તરે નાશ પામે એવું બને ને ?

(૫) ઉ. : ના, આત્મા આકાશની જેમ અમૂર્ત દ્રવ્ય હોવાથી નિત્ય છે. છતાં આકાશની જેમ સર્વગત નથી, એ શરીરમાં જ ઉપલબ્ધ જ્ઞાન-સુખાદિ ગુણોથી સિદ્ધ કરેલ છે. તેમ સદા અબદ્ધ-અમુક્ત નથી, કેમકે પુણ્ય-પાપ કર્મથી બંધાય છે, દાન-હિંસાદિ ક્રિયા તો જ સફળ છે, તેમ કર્મવિયોગે મુક્ત પણ બને છે. બાકી મોક્ષમાં ય એકાન્ત નિત્ય પણ શા માટે ? કથંચિદ્ નિત્ય, કથંચિદ્ જ્ઞેય પરિવર્તનનાનુસારે પલ્ટાતા જ્ઞાનપરિણામ રૂપે અનિત્ય પણ છે.

(૬) પ્ર. : સંસારના કારણભૂત-રાગદ્વેષ અનાદિના છે, એનો સંપૂર્ણ નાશ કેવી રીતે થઈ શકે ? દા.ત. જ્ઞાન-ચૈતન્ય અનાદિનું છે તો એનો સંપૂર્ણ નાશ થઈ

શકતો નથી, એમ તો તમે પણ કહો છો.

ઉ. : જગતમાં ધર્મ બે જાતના હોય છે,- ૧. સહભૂ (સ્વભાવભૂત); ૨. ઉપાધિ (નિમિત્ત) પ્રયોજ્ય. (૧) સૂર્યમાં પ્રકાશ સહભૂ છે, તો એનો નાશ કદી થતો નથી. વાદળના વધવાથી એ આવરાય એટલું જ, બાકી અત્યંત ગાઢ વાદળ આવી જાય તોય થોડી પ્રભા તો ખુલ્લી રહે છે, જેથી રાત્રિ કરતાં વિશેષતા લાગવાથી દિવસ હોવાની ખબર પડે છે. આત્મામાં જ્ઞાન-ચૈતન્ય આવો સ્વભાવભૂત ધર્મ છે. (૨) સ્ફટિકમાં કદી લાલાશ-પીળાશ દેખાય છે તે એની પાછળ લાગેલ લાલ-પીળી વસ્તુ સ્વરૂપ ઉપાધિ (નિમિત્ત)ના લીધે છે. નિમિત્ત ખસી જતાં લેશ માત્ર લાલાશ-પીળાશ રહેતી નથી. આત્મામાં રાગ-દ્વેષ આવા પ્રકારના ધર્મ છે. કર્મરૂપી ઉપાધિના લીધે તે ઝળકે છે. હવે વિરાગ અને ઉપશમ ભાવના વધતાં વધતાં જો રાગ-દ્વેષ ઘટતાં આવે છે, તો વિરાગ-ઉપશમની પરાકાષ્ઠાએ રાગ-દ્વેષનો સંપૂર્ણ અભાવ કેમ ન થાય ?

(૭) પ્ર. : એક વાર રાગાદિનો અભાવ તો થઈ ગયો, પણ પછી ફરીથી રાગાદિ વિકાર નહિ થાય એની શી ખાતરી ?

ઉ. : વસ્તુમાં વિકાર બે જાતના હોય છે, ૧. નિવર્ત્ય (પાછળથી મટી જાય એવો) વિકાર, ૨. અનિવર્ત્ય વિકાર (થયા પછી ન જ ટળે.) (૧) સુવર્ણ અગ્નિ તાપથી પીગળે એ નિવર્ત્ય વિકાર છે, કેમકે તાપ ખસી જતાં ક્રમશઃ પીગળેલાપણું હટી સુવર્ણ કઠણ થઈ જાય છે. (૨) કાષ્ઠ અગ્નિથી બળી ભસ્મ થાય એ અનિવર્ત્ય વિકાર કહેવાય; કેમકે હવે એ હટીને પાછું કાષ્ઠ નહિ થાય. આત્મામાં રાગદ્વેષ એ નિવર્ત્ય વિકાર છે, કર્મસંયોગ હતો ત્યાંસુધી એ રહ્યો, કર્મસંયોગ હટતાં એ હટી ગયો. હવે કર્મસંયોગ, એના કારણભૂત મિથ્યાત્વાદિ નહિ હોવાથી, કદી થવાનો નહિ, તેથી રાગદ્વેષ કદી થવાના નહિ.

(૮) 'અશરીરં વા વસન્તં...' વેદપંક્તિ પણ કહી રહી છે કે શરીર વિના રહેલા અર્થાત્ મુક્ત આત્માને પ્રિય-અપ્રિય સાંયોગિક સુખ-દુઃખ સ્પર્શતા નથી. આથી પણ મોક્ષ સિદ્ધ છે. આમાં 'અશરીરં... એટલે શરીર-સર્વનાશથી આત્મા ય નષ્ટ, માટે હવે પ્રિયાપ્રિયનો સ્પર્શ નહિ,'-આવો અર્થ ન કરાય, કેમકે 'અશરીરં' પદ માત્ર અભાવબોધક નથી પણ અધન, અચક્ષુ વગેરે પદની જેમ કોઈ વિદ્યમાન ભાવપદાર્થને લાગુ પડે છે. નહિતર તો 'શરીરનાશ' જેવું કાંઈ કહેત. 'અબ્રાહ્મણ' જેવા નઞ તત્પુરુષ પદ પણ જો માત્ર અભાવાર્થક નહિ કિન્તુ ક્ષત્રિયાદિના બોધક હોય છે, તો અશરીર જેવા બહુવ્રીહિપદનું પૂછવું જ શું ? વળી 'વસન્ત' પદ તો ચોક્ખું કોઈના રહેવાનું કહી રહ્યું છે. માત્ર અભાવ જ લેવો હોત તો સાથે 'સન્ત'

પદ ચાલી રહેત. પણ વસંત કહ્યું એટલે લોકાગ્રે રહેનાર આત્મા લેવો જોઈએ. 'વા વસન્ત' માં 'વા' એટલે 'અથવા' કહીને સૂચવ્યું છે કે સશરીર પણ વીતરાગને પ્રિયાપ્રિય સ્પર્શતા નથી. અહીં કોઈ 'વાડવસન્ત' એમ 'વા' એટલે પછી 'અ' કાર માની 'ક્યાંય નહિ રહેનાર અર્થાત્ સર્વથા નષ્ટ' એવો ભાવ કાઢે તો તે ખોટો છે, કેમકે ઉપર કહ્યું તેમ અશરીર કોઈ ભાવપદાર્થ છે તેની સાથે એ ઘટે નહિ.

**મોક્ષમાં જ્ઞાનની સત્તા :-**

(૯) પ્ર. : તો ભલે મોક્ષ હો, પણ એમાં હવે ઈન્દ્રિયાદિ સાધન (કરણ) નહિ હોવાથી જ્ઞાન નહિ હોય, તેથી અજીવ સમાન થશે.

ઉ. : જ્ઞાન આત્માનો કરણસાધ્ય આગંતુક ધર્મ નથી, કિન્તુ સહજ સ્વભાવભૂત ધર્મ છે. એ આવરણોથી આવૃત્ત (ઢંકાયેલો) છે. ઈન્દ્રિયાદિ સાધન એ આવરણને અંશે હટાવી જ્ઞાન પ્રગટ કરે છે. તપ-સંયમાદિ દ્વારા સર્વ આવરણ દૂર થતાં સંપૂર્ણ જ્ઞાન હંમેશ માટે પ્રગટ થઈ જાય છે. તેથી મોક્ષમાં સર્વદા જ્ઞાન હોય છે.

જ્ઞાન જો આત્માનો સ્વભાવભૂત ધર્મ ન હોય તો પછી આત્માનું ચૈતન્યસ્વરૂપ જ શું ? કાંઈ નહિ, પહેલેથી જ અજીવ કાષ્ઠાદિ જેવો ! એમ હોય તો તો (i) જ્ઞાન આત્મામાં જ પ્રગટ થાય, પણ અજીવ શરીર, ઈન્દ્રિય આદિમાં નહિ' એમ કેમ ? વળી (ii) ઈન્દ્રિયાદિ ક્યારેક નિષ્ક્રિય છતાં સ્મરણાદિ જ્ઞાન કેમ થઈ શકે ? (iii) વ્યાખ્યાનાદિમાં અદષ્ટ-અશ્રુતાર્થનું સ્ફુરણ કેમ થાય ? (iv) ચક્ષુ જોનારી એની એ જ છતાં આવડત વધતાં ઝવેરાત પર સૂક્ષ્મ દર્શન-ચિંતન થાય છે તે શી રીતે ? માટે કહો, જ્ઞાન આત્માનું મૂળ સ્વરૂપ છે, સર્વ આવરણ હટતાં સ્વચ્છ આકાશમાનાં સૂર્યની જેમ આત્મા પૂર્ણ જ્ઞાનપ્રકાશથી પ્રકાશે છે. જો મોક્ષ થતાં બધા ધર્મ નાશ જ પામી જતા હોય, તો સત્ત્વ-દ્રવ્યત્વાદિ પણ નાશ પામી જવા જોઈએ. ને એ જો કાયમ, તો જ્ઞાન કેમ કાયમ ન રહે ?

**જ્ઞાન સર્વવિષયક કેમ ? :-**

**પ્ર. : જ્ઞાન હો, સર્વજ્ઞતા કેવી રીતે ?**

(૧૦) ઉ. : આ સંપૂર્ણ જ્ઞાન પણ ત્રણે કાળના સમસ્ત લોક-અલોકના સર્વ ભાવને જાણે છે. અતીત જો નષ્ટ છે, તો તેને નષ્ટ તરીકે જુએ, અને અનાગત ભાવી ભાવોને તે તરીકે જુએ છે. જ્ઞાનનો સ્વભાવ કે જ્ઞેયને જાણે; માત્ર આડે આવરણ જેટલા હટે તેટલાં પ્રમાણમાં જાણે. સર્વ આવરણો નષ્ટ થતાં સમસ્ત જ્ઞેયને જાણવામાં કોણ બાધક છે ? અતીત પણ અતીત તરીકે જ્ઞેય છે, નહિતર સ્મરણ પણ ન થાય. દર્પણ નાનો છતાં સામે જેટલું આવે તેનું પ્રતિબિંબ ઝીલે છે, એમ જ્ઞાન સામે જેટલા જ્ઞેય હોય તે સર્વને જાણી શકે. નહિતર મર્યાદા બાંધવા જતાં

'આટલું જ જાણે બીજું નહિ' એમાં 'આટલા' નો નિયામક કોણ ? આમ મુક્તાત્મા સર્વજ્ઞ હોય છે; તે પણ પ્રતિસમય પલટાતા જ્ઞેયોના હિસાબે પલટાતા કિન્તુ સંપૂર્ણ જ્ઞાનવાળા. નહિતર જો એક સ્થિર જ્ઞાન હોય તો તે જૂઠું થાય.

**મોક્ષમાં સુખ કેવી રીતે :-**

(૧૧) પ્ર. : ખેર, મોક્ષમાં દુઃખસાધન પાપાદિ નથી તો દુઃખ નહિ, તેમ સુખનાં સાધન પુણ્ય, અને આધાર દેહ-ઈન્દ્રિય-વિષયો નહિ હોવાથી સુખ નહિ ને ?

ઉ. : ના, ત્યાં સુખ અનંત અવ્યાબાધ છે. સંસારમાં પણ સુખનો અનુભવ દેહ-ઈન્દ્રિયોને નહિ કિન્તુ આત્માને છે. સુખ આત્માનો ધર્મ છે. દેહ વગેરે તો સુખનાં સાધનમાત્ર છે પણ સાંયોગિક સુખના. અસાંયોગિક સુખમાં સાધનની જરૂર નથી. મોક્ષમાં સર્વકર્મરહિત આત્મા હયાત છે, તો એને જ્ઞાનની જેમ સુખ કેમ ન હોય ? ખરેખર સુખ ત્યાં જ છે; કેમકે પુણ્યફળ શાતાનું સુખ તો વસ્તુતઃ દુઃખ જ છે, કારણ કર્મોદયજન્ય છે; દા.ત. પાપોદયજન્ય દુઃખ;

પ્ર. : એમ તો ઊલટું કેમ નહિ કે પાપોદયજન્ય દુઃખ એ સુખ જ છે કેમકે કર્મોદયજન્ય છે ?

ઉ. : એમ એટલા માટે નહિ કે કોઈ પણ અભ્રાન્ત પુરુષને દુઃખનો સુખ તરીકે અનુભવ નથી.

પ્ર. : તો તો પછી ઈષ્ટ વિષય સંયોગમાં સુખનો પણ અભ્રાન્ત અનુભવ છે.

ઉ. : ના, એ તો મોહમૂઢતાને લીધે દુઃખરૂપ છતાં સુખ તરીકે ભાસે છે. દુઃખરૂપ એટલા માટે કે (૧) ખસ-ખરજવાદિની ઊઠેલી ચળરૂપી દુઃખના પ્રતિકાર માત્ર રૂપે ખણવાના સુખની જેમ ઉત્સુકતાથી થયેલ અરતિરૂપ દુઃખના પ્રતિકારરૂપે સુખ લાગે છે. માટે તો ઉત્સુકતા મટી જતાં એનો એ વિષય સંયોગ સુખરૂપ નહિ, બલકે કેટલીક વાર દુઃખરૂપ લાગે છે. મિઠાઈ વધારે ખવાઈ ગયા પછી એને જોતાં ય ઉબકા આવે છે. એનો અર્થ એ, કે પેટ ભરાઈ ગયે ઉત્સુકતાની અરતિ મટી ગઈ કામચલાઉ દુઃખપ્રતિકાર થઈ ગયો, તેથી સુખ લુપ્ત !

પ્ર. : પછી ગમે તે હો, પણ પહેલાં અમુક સંયોગ-પરિસ્થિતિ રહે ત્યાં સુધી તો સુખનો અનુભવ સાચો ને ?

ઉ. : એવા સુખના ઉપાસકે તો ભૂંડ-મ્લેચ્છના મોં અને નરકના અવતાર માગી લેવા પડશે ! કેમકે ભૂંડને મુખના અમુક પ્રકારના રસની પરિસ્થિતિ છે માટે વિષ્ટામાં પરમ આનંદ લાગે છે. એમ જ મ્લેચ્છને પરમ આનંદ દારૂ-માંસમાં આવે છે. ત્યારે, નરકના જીવને ત્યાંથી છૂટવાની પરિસ્થિતિ વખતે મહાસુખ લાગે છે.

એ જો ગ્રાહ્ય હોય તો એવી પરિસ્થિતિમાં જવું જોઈએ. ત્યાં જો કહો કે એ તો ભૂંડનો મતિવિપર્યાસ છે, કે નારકનો મહાદુઃખ-મોક્ષમાત્ર છે, તો અહીં પણ વિષય સુખોમાં એ સિવાય બીજું શું છે ? ઉત્સુકતા અરતિનો પ્રતિકારમાત્ર છે. જમવા બેસતા જ મહા આપત્તિના સમાચાર આવતાં ઉત્સુકતા-અરતિ ઊડી જાય છે તો ત્યાં પકવાન્ન પણ સુખરૂપ નથી લાગતા.

વળી, (૨) દુઃખપ્રતિકાર પણ કામચલાઉ હોઈ, થોડા વખત પછી ફરી નવી ઉત્સુકતા-અરતિ જગાડે છે. એને મિટાવવા નવી વેઠ ! ચાલુ રહે છે.

ત્યારે (૩) સંસારસુખ સાંયોગિક છે, દેહ-ઈન્દ્રિય-વિષયાદિ પરને સાપેક્ષ છે, પરનો સંયોગ બન્યો રહે તો જ સુખ, અને સંયોગમાત્ર વિનશ્વર છે. તેથી એના સંયોગની ચિંતા બની રહે છે. આવી ચિંતા-મિશ્રિત સુખ એ દુઃખરૂપ જ કહેવાય.

બીજી રીતે પણ, (૪) સંસારસુખ એટલા માટે દુઃખરૂપ છે કે એનું પરિણામ અશુભ કર્મબંધ, દુર્ગતિ-ભ્રમણ અને મહાત્રાસ-વિટંબણામાં આવે છે, સુખના ભ્રમમાં જીવ વિષયસંગ કર્યે જાય છે તેમ તેમ ભૂખ વધે છે, અને એની પાછળ એ મહા ગૃદ્ધિ તથા પાપારંભો કરી ભાવી મહાદુઃખોને અને પાપભવોને નોંતરે છે. એવા સુખને સુખ કહેવું એ ઝેર-મિશ્રિત લાડુને સુખરૂપ માનવા જેવું છે.

(૧૨) આમ સંસારસુખ ઉપચરિત-ઔપચારિક હોઈ નિરુપચરિત સુખ હોવું જોઈએ, સાંયોગિક-પરાધીન હોઈ અસાંયોગિક-સ્વાધીન સુખ હોવું જોઈએ. અસલ વિના નકલ નહિ; મુખ્ય વસ્તુ વિના ગૌણ ઔપચારિક વસ્તુ નહિ. સાચો સિંહ છે તો કોક માણસને સિંહ કહેવાય છે.

પ્ર. : મોક્ષમાં કોઈ વિષયસંયોગ જ નહિ તો સુખ શું ?

ઉ. : મીઠાઈ-લાડુ બેની ભૂખ છતાં ચાર ખાઈ નાખ્યા તો સંયોગ વધ્યા છતાં સુખ વધતું નથી, ઊલટું દુઃખ અનુભવાય છે ! તેથી સંયોગ અને સુખની વ્યાપ્તિ ક્યાં રહી ? ઊલટું સંયોગોથી મુક્ત થયેલ મુનિ અહીં પણ મહાસુખ અનુભવે છે. તો સર્વ કર્મસંયોગ નષ્ટ થયે અનંત સુખનો યોગ કેમ ન બને ?

(૧૩) સુખ જ્ઞાનની જેમ આત્મસ્વભાવ છે માટે જ્ઞાનાવરણ ક્ષયે અનંત જ્ઞાન, એમ વેદનીય કર્મના ક્ષયે અનંતુ સુખ પ્રગટી શકે છે. તે નિત્ય છે, કેમકે શાતાદિની જેમ નવું ઉત્પન્ન નહિ, પણ પ્રગટીકૃત આત્મસ્વભાવરૂપ છે.

**'અશરીરં' 'વા વસન્તં...'** વેદપંક્તિમાં પ્રિયાપ્રિય ન સ્પર્શવાનું કહ્યું તે નિષેધ પુણ્ય-પાપાધીન સુખદુઃખ અંગે છે, નિત્ય સહજ સુખ અંગે નહિ, **'જરામર્યં વા અગ્નિહોત્રં'** કહ્યું તેમાં 'વા' શબ્દ સૂચવે છે કે સ્વર્ગાર્થી તે કરે અથવા મોક્ષાર્થી તે

ન કરે. બધા માટે જ વિધાન હોત તો 'વા' ન કહેત.

સારાંશ મોક્ષ છે, અનંત જ્ઞાનમય, અનંત સુખમય છે. મુક્તાત્મા સદાને માટે ઉપર લોકાન્તે સ્થિર થાય છે.

પ્રભુએ આ સમજાવવાથી પ્રભાસ બ્રાહ્મણ શંકારહિત બન્યા અને પોતાના ૩૦૦ વિદ્યાર્થીઓ સાથે દીક્ષા લઈ પ્રભુના શિષ્ય બન્યા.

અગિયારે ય દીક્ષિત બનેલ વિપ્રમુનિઓ પછી ત્યાં ભગવાનને વંદના કરી વિનયભાવે **'ભયવં ! કિં તત્તં'- ભગવન્ ! તત્ત્વ શું ?'** એ પ્રશ્ન ત્રણ વાર પૂછે છે, અને સુરારેન્દ્રપૂજિત જગદ્‌ગુરુ શ્રી મહાવીર પરમાત્માએ એકેક વારના પ્રશ્નના ઉત્તરમાં ક્રમશઃ **'ઉપન્ને ઈ વા' 'વિગમે ઈ વા' 'ધુવે ઈ વા'** જગત ઉત્પન્ન થાય છે, નાશ પામે છે, ધ્રુવ રહે છે, એમ ઉત્તર આપ્યા. એના પર ચિંતન કરતાં, (i) પ્રભુના શ્રીમુખે ઉચ્ચારાયેલ આ ઉત્તરો, (ii) પોતાની પૂર્વભવની ગણધર નામકર્મની પુણ્યાઈ, (iii) ઔત્પાતિકી આદિ બુદ્ધિ વગેરે કારણો આવી મળવાથી જ્ઞાનાવરણ કર્મનો જબરદસ્ત ક્ષયોપશમ થયો ! અને ત્યાં જ દ્વાદશાંગી આગમ તથા તદન્તર્ગત ચૌદ પૂર્વોની રચના કરી ! પ્રભુએ એના પર સત્યતાનો અને બીજાને ભણાવવાનો સિક્કો (અનુજ્ઞા) આપતાં વાસક્ષેપ કર્યો. આમ એ અગિયારે ય ગણધરમહર્ષિ બન્યા.

આત્મા-કર્મ-પંચભૂત-પરલોક-બંધ-મોક્ષ વગેરે તત્ત્વ સમજી એનું જ્ઞાન આત્મામાં પરિણમાવી નિજના અવિનાશી આત્માને બંધનમુક્ત કરવાનો જ મુખ્ય પુરુષાર્થ સૌ કોઈ કરે એ શુભેચ્છા સાથે, આ લખાણમાં મતિમંદતાદિ કારણે જિનાજ્ઞા-વિરુદ્ધ કાંઈ લખાયું હોય તેનો મિચ્છા મિ દુક્કડં.

**—પૂ. ગુરુદેવ સિદ્ધાન્તમહોદધિ**
**આચાર્યદેવ શ્રી વિજયપ્રેમસૂરીશ્વર શિષ્યાણુ ભાનુવિજય.**
**(આ.શ્રી ભુવનભાનુસૂરીશ્વર)**

**— સમાપ્ત —**

ભુવનભાનુસૂરિ જન્મ શતાબ્દી
૧૯૬૭ ૨૦૬૭
તસ્મૈ શ્રી ગુરવે નમઃ






પ્રિન્ટીંગ: જય જિનેન્દ્ર અમદાવાદ મો:૯૮૨૫૦ ૨૪૨૦૪